ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૪૬

સોમવાર, તા. ૨૭મી જુલાઈ, ૨૦૦૯
શ્રાવણ ૫, ૧૯૩૧ શાકે

થી

બુધવાર, તા.૨૯મી જુલાઇ, ૨૦૦૯
શ્રાવણ ૭, ૧૯૩૧ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**ચોથું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાન નંબર |
|---|---|
| **સોમવાર, તા. ૨૭મી જુલાઈ, ૨૦૦૯ / શ્રાવણ ૫, ૧૯૩૧ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫ - ૫૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૩ - ૫૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) | ૫૪ - ૬૭ |
| **મંગળવાર, તા. ૨૮મી જુલાઈ, ૨૦૦૯ / શ્રાવણ ૬, ૧૯૩૧ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૦૯ | ૬૮ - ૬૮ |
| ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક,૨૦૦૯ | ૬૯ - ૭૦ |
| ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક,૨૦૦૯ | ૭૧ - ૭૫ |
| મુંબઈ નશાબંધી ( ગુજરાત સુધારા) વિધેયક,૨૦૦૯ | ૭૬ - ૮૭ |
| ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા....(સુધારા) વિધેયક,૨૦૦૯ | ૮૮ - ૯૫ |
| ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક,૨૦૦૯ | ૯૬ - ૧૧૪ |
| ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક,૨૦૦૯ | ૧૧૫ - ૧૧૬ |
| રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯ | ૧૧૭ - ૧૨૨ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૩ - ૧૩૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૬ - ૨૦૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૦૯ - ૨૧૦ |
| રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯ | ૨૧૧ - ૨૧૩ |
| બાળ વિશ્વવિધાલય વિધેયક,૨૦૦૯ | ૨૧૪ - ૨૨૪ |

**બુધવાર, તા. ૨૯મી જુલાઈ, ૨૦૦૯ / શ્રાવણ ૭, ૧૯૩૧ શાકે**


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૨૫ - ૨૩૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૭ - ૩૧૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૧૫ - ૩૧૫ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) | ૩૧૬ - ૩૨૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૨૩ - ૩૭૭ |
| સભ્યશ્રીઓનું હાજરીપત્રક | ૩૭૮ - ૩૮૨ |


***

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૭મી જુલાઈ, ૨૦૦૯**
**શ્રાવણ ૫, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## આર.ટી.ઓ. કચેરી પાલનપુરની આવક

***૧૧૩૪૨ શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) પાલનપુર આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો કયાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧)

| નાણાકીય વર્ષ | આવક (રૂા. લાખમાં |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૮૮૪.૩૨ |
| ૨૦૦૭-૦૮ | ૧૮૯૦.૬૧ |
| ૨૦૦૮-૦૯ | ૧૯૨૫.૦૮ |

(૨) આવકમાં કોઈ ઘટાડો થયેલ નથી.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ** : માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં પાલનપુર આર.ટી.ઓ. કચેરીની આવક ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ દર્શાવેલ છે અને એમાં કોઈ ઘટાડો થયેલ નથી પરંતુ એમાં વધારો કરી શકાય કે કેમ એ હું પૂછવા માગું છું?

**શ્રી અમિત શાહ** : વધારો કરવાની જેટલી તકો છે એ બધી જ તકોનો મહત્તમ ઉપયોગ થાય એના માટેના પ્રયત્નો છે જ. મારે એટલું જ ધ્યાન ઉપર મૂકવું છે કે ગયું વર્ષ વૈશ્વિક મંદી વાળુ વર્ષ હતું અને એ વર્ષમાં પણ આવકને મેઈન્ટેન કરીને વધારો કર્યો છે છતાં પણ વધુ આવક કઈ રીતે થઈ શકે એ માટે બધા જ પગલાં અને વ્યૂહરચના વિચારીને એનો અમલ ચાલુ છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પાલનપુર આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં જુદા જુદા હેડ નીચે કેટલી આવક થયેલ છે અને પાલનપુર આર.ટી.ઓ. કચેરીનું ઈન્ફ્રાસ્ટ્રકચર શું છે?

**શ્રી અમિત શાહ** : પાલનપુર આર.ટી.ઓ. કચેરીમાં ૨૦૦૪-૦૫ માં બી.એમ.વી.ટેકસની આવક ૧૨૪૫ લાખ હતી, ૨૦૦૫-૦૬માં ૧૪૦૮ લાખ થઈ, ૨૦૦૬-૦૭માં ૧૪૪૨ લાખ થઈ, ૨૦૦૭-૦૮માં ૧૪૨૬ લાખ હતી જયારે ૨૦૦૮-૦૯માં ૧૪૨૨ લાખ થઈ હતી. આઈ.એમ.બી. ફી ૨૦૦૪-૦૫માં ૧૮૫ લાખ, ૨૦૦૫-૦૬માં ૨૦૦ લાખ, ૨૦૦૬-૦૭માં ૨૨૧ લાખ, ૨૦૦૭-૦૮માં ૨૧૯ લાખ અને ૨૦૦૮-૦૯માં ૨૬૭ લાખ થયેલ છે. વી.એ. કેસની અંદર ૨૩૦ લાખ, ૨૬૦ લાખ, ૨૧૧ લાખ, ૨૪૧ લાખ અને ૨૩૨ લાખ થઈ છે. ગુડસ અને પેસેન્જર ટેકસમાં ૨.૨૯ લાખ, ૨.૫૧ લાખ, ૨.૫૪ લાખ, ૨.૯૬ લાખ અને ૩.૨૦ લાખ. આ બધી જ આવક છે એનો વર્ષ વાઈઝ સરવાળો કરીએ તો ૨૦૦૪-૦૫માં ૧૬૬૩ લાખ, ૨૦૦૫-૬માં ૧૮૭૧ લાખ, ૨૦૦૬-૦૭માં ૧૮૮૪ લાખ, ૨૦૦૭-૦૮માં ૧૮૯૦ લાખ, ૨૦૦૮-૦૯માં ૧૯૨૫ લાખની આવક થયેલી છે.

ઈન્ફ્રાસ્ટ્રકચરનો સવાલ છે ત્યાં સુધી હાલમાં બે માળનું પાકું મકાન સ્ટાફ કવાર્ટર અને બે બ્લોક એમાં કચેરી બેસે છે. લર્નિંગ લાઈસન્સ માટે કોમ્પ્યુટર રૂમ, રેકોર્ડ રૂમ, કેસ રૂમ, ઈન્સ્પેકટર્સ રૂમ અલગ બનાવેલ છે. મોટર ઈન પબ્લિક માટે ૧૮ બારીઓ અને વિન્ડો સિસ્ટમ બનાવેલ છે. સ્માર્ટ કાર્ડ માટે કચેરીની અંદર જ એક સરવર ૧૧ કોમ્પ્યુટર પાંચ પ્રિન્ટર અને હાર્ડવેર સોફટવેર પૂરતા પ્રમાણમાં છે. આ કચેરી માટે ૧૭ હજાર ચોરસ મીટર જમીન સરકારે નવી નિયત કરી છે અને એનું બાંધકામ પણ ચાલુ થઈ ગયું છે. ૬.૪૧ કરોડના ખર્ચનો અંદાજ છે અને મને એવું લાગે છે કે આ થયા પછી સંપૂર્ણ ડ્રાઈવીંગ ટેસ્ટનું ગ્રાઉન્ડ કમ્પાઉન્ડ વોલ પાર્કિંગની સુવિધા અને કરદાતાઓ માટેની બાકીની બધી સુવિધાઓ આની અંદર સંપૂર્ણપણે જોગવાઈ કરી છે. એટલે નવું મકાન બનેથી સંપૂર્ણ સુવિધા યુકત આર.ટી.ઓ કચેરી અસ્તિત્વમાં આવશે.

**આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઔદ્યોગિક વસાહતો**

*** ૧૧૪૧૭ શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયના આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઔદ્યોગિક વસાહતો સ્થાપવાનો નિર્ણય કયારે કરવામાં આવ્યો,

(૨) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કયા કયા જિલ્લાના કયા કયા તાલુકાઓમાં ઉકત કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કેટલું ખર્ચ કરવામાં આવ્યું?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ):**

(૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રાજયમાં ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ દ્વારા આર્થિક પ્રગતિ થઈ શકે તે હેતુથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે. આમ, નિગમની સ્થાપનાના ઉદેશમાં સમગ્ર રાજયના આદિવાસી તેમજ પછાત વિસ્તાર સહિતના તાંત્રિક, આર્થિક અને સમતોલ વિકાસનો સમાવેશ થાય છે.

(૨) નિગમે નીચે દર્શાવેલી વિગતે ૧૧ જિલ્લાના ૨૧ તાલુકાઓમાં ૨૨ ઔદ્યોગિક વસાહતો વિકસાવી છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વસાહતનું નામ |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ભીલોડા | વાંકાનેર |
| ૨ | દાહોદ | ઝાલોદ | ઝાલોદ |
| ૩ | દાહોદ | દેવગઢબારિયા | દેવગઢબારિયા |
| ૪ | વડોદરા | જેતપુર પાવી | જેતપુર પાવી |
| ૫ | નર્મદા | ડેડીયાપાડા | ડેડીયાપાડૅ |
| ૬ | નર્મદા | સાગબારા | સાગબારા |
| ૭ | નર્મદા | તિલકવાડા | તિલકવાડા |
| ૮ | તાપી | સોનગઢ | ડોસવાડા |
| ૯ | તાપી | વાલોડ | વાલોડ |
| ૧૦ | તાપી | નિઝર | નિઝર |
| ૧૧ | સુરત | મહુવા | મહુવા |
| ૧૨ | સુરત | બારડોલી | બારડોલી |
| ૧૩ | વલસાડ | ધરમપુર | ધરમપુર |
| ૧૪ | વલસાડ | ઉંમરગામ | ઉંમરગામ |
| ૧૫ | વલસાડ | પારડી | પારડી |
| ૧૬ | વલસાડ | પારડી | વાપી |
| ૧૭ | ભરૂચ | વાલિયા | વાલિયા |
| ૧૮ | ભરૂચ | ઝઘડિયા | ઝઘડિયા |
| ૧૯ | બનાસકાંઠા | અમીરગઢ | અમીરગઢ જીજીડીસી |
| ૨૦ | બનાસકાંઠા | દાંતા | અંબાજી |
| ૨૧ | કચ્છ | રાપર | માખેલ |
| ૨૨ | પંચમહાલ | શહેરા | શહેરા |

આ ઉપરાંત અન્ય ૧૯ વસાહતો વિકસાવવા સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે.

(૩) ઉપરના વિસ્તારો વિકસાવવા માટે રૂા. ૬૮૫૬.૧૨ લાખ ખર્ચ કરેલ છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક ૪.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન છાપ્યા મુજબ પરંતુ તેમાં નાનો સુધારો કરવાનો છે. ૨૨ જી.આઈ.ડી.સી. લખેલ છે એના બદલે ૨૪ છે બીજી બે વધારે કરીએ છીએ. એમાં નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાની અંદર રાજપીપળા અને બીજી વલસાડ જિલ્લાના ઉંમરગામ તાલુકામાં સરીગામ ખાતે કરીએ છીએ.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જી.આઈ.ડી.સી.ના આયોજન અને પ્લૉટોની ફાળવણીમાં કયા તબક્કામાંથી પસાર થવાનું છે? આ જી.આઈ.ડી.સી.માં પ્લૉટ મેળવવા માટે અનુસૂચિત જનજાતિના અરજદારોને કયા પ્રકારના વિશેષ લાભ આપવામાં આવે છે અને આ નાના અને લઘુ ઉદ્યોગ સાહસિકો માટે જી.આઈ.ડી.સી.માં કોઈ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે બેકવર્ડ તાલુકાની યાદી બનાવી છે અને આ બેકવર્ડ તાલુકામાં રોજગારીની તકો ઉભી થઈ શકે અને ઉદ્યોગો સ્થાપિત થઈ શકે એ પ્રમાણે સીલેકશન કરવામાં

આવ્યું છે. જી.આઈ.ડી.સી. દ્વારા ઓલ્ટરનેટીવ લોકેશન્સ શોધવામાં આવે છે અને તેનું એકઝામીન કરવામાં આવે છે અને તેનું ડિટેઈલમાં, કે કયા વિસ્તારમાં વધારે સારો બીઝનેસ ગ્રો થાય એ પ્રમાણેનું એ લોકો નક્કી કરે છે. આ જે લોકેશન્સ કર્યા પછી જે સરકારી જમીનો હોય તેને પહેલું પ્રાધાન્ય આપવામાં આવે છે અને ડિસ્ટ્રિક્ટ કલેક્ટર દ્વારા સરકારી જમીનનું જી.આઈ.ડી.સી.માં રેવન્યુ ડિપાર્ટમૅન્ટ દ્વારા ટ્રાન્સફર કરવામાં આવે છે. આ સરકારી જમીન અને જો પ્રાઈવેટ જમીન હોય તો પણ આપણે એડમિનિસ્ટ્રેટીવ એપ્રુવલ રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. પછી તેનું લૅન્ડ એકવીઝીશન માટે ચાર નંબરનું નોટિફિકેશન જાહેર કરવામાં આવે છે, કોઈ ઓબ્જેકશન હોય તો ૫-એ દ્વારા કરવામાં આવે છે અને પછી ફાયનલ નોટિફિકેશન છ નંબરનું આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, બને ત્યાં સુધી કન્સેન્ટ દ્વારા જ જમીન પ્રાઈવેટની ખરીદવામાં આવે છે અને લૅન્ડ ઓનર્સને એડવાન્સ પઝેશન આપી, એડવાન્સ કોમ્પન્સેશન આપીને તેનું સંપૂર્ણપણે જમીનનું સરવે કરીને ડીટેઈલ ડૅવલપમૅન્ટ પ્લાન કરીને પ્લૉટો નક્કી કરવામાં આવે છે. આના ઉપર રોડ, રસ્તા, પાણી અને વીજળીના નૅટવર્કની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે અને એલોટમેન્ટ પ્રાઈસ ગોઠવીને આ પ્લૉટોનું ડૅવલપમૅન્ટ કરીને ઉદ્યોગકારોને આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ સવાલ પૂછયો કે એસ.ટી. એપ્લીકન્ટ માટે શું વ્યવસ્થા છે તો તેના માટે આપણે આઉટ ઑફ ટર્ન પણ પ્રાયોરિટી કરવામાં આવી છે અને ૨૦ ટકા એરિયા એમના માટે ખાસ રાખવામાં આવ્યો છે. બીજું, કે જે જમીનના ભાવ નક્કી કરવામાં આવ્યા છે એમાં ૧૫ ટકા જેટલું કન્સેશન પણ એસ.ટી. એપ્લીકન્ટને આપવામાં આવે છે. એવી જ રીતે કોમર્શીયલ પ્લૉટમાં પણ એસ.ટી. એપ્લીકન્ટને આપણે મદદ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, દરેક વિસ્તારની અંદર નાના મોટા ઉદ્યોગોને આપણે પ્રાધાન્ય આપીએ છીએ અને ટ્રાઈબલ હોય કે બેકવર્ડ એરિયા હોય એના નાના પ્લૉટોનું એ પ્રમાણે આયોજન કર્યું છે અને જરૂરિયાત પ્રમાણે અને સારામાં સારી રોજગારીની તકો મળે એ પ્રમાણે સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈસીસને આપણે એન્કરેજ કરીએ છીએ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે મારા મતવિસ્તારમાં લખપત તાલુકો ખૂબ પછાત તાલુકો હતો અને વર્ષોથી માગણી હતી પણ ગયા વર્ષે તેને પછાત તાલુકો ડીકલેર કર્યો તે બદલ રાજય સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે લખપત તાલુકો પછાત જાહેર કર્યા પછી ત્યાં ઔદ્યોગિક વસાહત કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીનું સૂચન છે. લખપત તાલુકો આવતા દિવસોમાં તેનો સરવે હું કરાવી લઈશ અને ધારાસભ્યશ્રી મને જ્યાં જમીનો સારી મળે તે પ્રમાણે સૂચન કરે તો વહેલામાં વહેલી તકે તેની કોશિશ કરીશું.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત સરકારનો કાયદો છે કે જ્યાં આદિવાસી વિસ્તાર કે કોઈ પણ વિસ્તારમાં ઔદ્યોગિક વસાહત સ્થપાય તો ગુજરાતના લોકોને ત્યાં નોકરી ઉપર વધારે લેવા. જે વ્યાખ્યા છે તેમાં ગુજરાતમાં ગમે ત્યાં ૧૦ વર્ષથી વધુ સમયથી રહેતા હોય તેને આપણે નોકરી આપવાની જોગવાઈ કરેલી છે. પરંતુ જે આદિવાસી વિસ્તાર છે, એ વિસ્તારમાં જે સ્થાનિક લોકો છે તેને વર્ગ-૩માં એ જિલ્લાના કે એ તાલુકાના લોકોની ભરતી કરવાની જોગવાઈ કરવા માગે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : શ્રી શિરિષભાઈ, આ તો આદિવાસી વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ કરવાની પ્રવૃત્તિ અંગેનો પ્રશ્ન છે. એની અંદર રોજગારીનો પ્રશ્ન કેવી રીતે આપણે અત્યારથી જોડી શકીએ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી એમાં હું તેમને થોડી માહિતી આપું. તમારું જે છે એ લેબર ડિપાર્ટમૅન્ટ સાથે વધારે છે. પણ આપની જે ચિંતા છે કે આ જગ્યાએ રોજગારીની તકો કેવી રીતે આપણે ઉભી કરવા માગીએ છીએ? એ વિષય જે છે તો જી.આઈ.ડી.સી.માં આપણે પહેલી વખત ૫૦ જી.આઈ.ડી.સી. એસ્ટેટમાં સ્કીલ અપગ્રેડેશનના આપણે સેન્ટર્સ ઉભા કરીએ છીએ. આની અંદર સંપૂર્ણપણે ૫૦ લાખ રૂપિયા જેવું કામકાજ એકેક એસ્ટેટમાં આપણે ઉભું કરીશું, તેની અંદર વર્કશૉપ આવશે, કલાસરૂમ આવશે, લૅબૉરૅટરી આવશે, લાયબ્રેરી આવશે અને આ આપણે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપમાં આવતા દિવસોમાં સંસ્થાઓને કામ આપવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે એની અંદર ટ્રાયબલની અંદર ઈમીજીયેટલી ૫૦માંથી ૫ લઈ લીધા છે. પાંચ સંસ્થાઓ નક્કી કરી છે. એમાં એકનું કામ હમણાં ગાંધીનગરની અંદર ચાલુ કર્યું અને આ કામની અંદર સૌથી અગત્યનું એ છે કે જુદા જુદા કોર્સિસ કરવાના છે. ગાંધીનગરમાં બે દિવસમાં પહેલાં ઉદ્ઘાટન કરીને રેક્રિએશન માટે નક્કી કર્યું. એમાં ૨૫ વ્યકિતઓને લીધી. આઠમું ધોરણ ભણેલા હોય એમને લીધા છે. આ વ્યકિતઓ માટે સૌથી અગત્યનું એ છે કે, આ લોકોને નોકરી મળે અને આ નોકરી માટે એમ્પ્લોયમેન્ટ જનરેશનર એ જ પરફોર્મર આધારે કરીશું. કરીએ છીએ. એટલે આટલા દિવસોમાં આવા અનેક સેન્ટરો ખાસ જી.આઈ.ડી.સી.માં ૫૦ ખોલ્યા છે. આમાં આવતા બે વર્ષમાં સો-દોઢસો ખોલવાના છીએ અને એટલે વધારે કોર્સિસ કરીને, બધાને રોજગારી મળે, એનો ક્રાઈટ એરીયા, ડ્રાય એરીયા હોય, આદિવાસી વિસ્તાર હોય, બેકવર્ડ તાલુકાઓની અંદર બેરોજગારીનું પ્રમાણ વધારે હોય ત્યાં ચોક્કસ પ્રયત્ન કરીશું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ મળ્યો છે એમાં આ ઉપરાંત અન્ય ૧૯ વસાહતો વિકસાવવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ વસાહતો કઈ કઈ છે અને એમાં હું છેલ્લા કેટલાય વખતથી ગઢડા મારા મત વિસ્તારમાં જી.આઈ.ડી.સી.ની સ્થાપના થાય એની મારી માગણી છે એનો સમાવેશ થયો છે કે કેમ? આ ઉદ્યોગોની સ્થાપનામાં ઉદ્યોગોને કે યુનિટને કોઈ લાભ આપવામાં આવે છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : કઈ કઈ પૂછયું છે તો યાદી મૂકી છે એનું પુનરાવર્તન ન કરતા. એમાં આપે બે ઉમેરી છે એના નામ પણ આપ્યા છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે હયાત છે એના નામ આપ્યા છે. પરંતુ ૧૯ નવી છે, એના તાલુકાના નામ આપું છું. એમાં વલસાડમાં કપરાડા સુરત- માંડવી, વલસાડ ઉમરગામ, બરોડા છોટા ઉદેપુર, વલસાડ ધરમપુર, સાબરકાંઠા ભીલોડા, દાહોદ લીમખેડા, વલસાડ ઉમરગામ, તાપી વ્યારા, બરોડા પાવી જેતપુર, નવસારી ચીખલી, વલસાડ પારડી, દાહોદ ઝાલોદ, વલસાડ વાંસદા, પંચમહાલ સંતરામપુર, પાટણ સાંતલપુર, પંચમહાલ મોરવા આ ૧૯ છે. ગઢડા બેકવર્ડ તાલુકામાં નથી. પરંતુ ગઢડામાં કોઈ જગ્યા હોય તો મારું ધ્યાન દોરજો. ૨૦ કારખાના તૈયાર થતા હોય અને એવી દરખાસ્ત આવશે તો પણ અમે વિચારીશું.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વલસાડ જિલ્લાની અંદર ઉમરગામમાં બે વસાહત છે એક કૅમીકલ ઝોન અને બીજો એન્જિનિયરીંગ ઝોન, ત્રીજો કણકા મરોલીની અંદર જી.આઈ.ડી.સી. ઝોનની જાહેરાત કરેલ છે. સરકારશ્રીએ સ્પેશિફિક આ પ્રશ્ને ચકાસણી કરીને ઝોન જાહેર કરવો જોઈએ. બાગાયત ખેતી મોટા પ્રમાણમાં છે. બાગાયત ખેતીને લઈને વિચારણા કરવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વ્યકિતગત મળીને પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. અધિકારીઓને ફરીથી સરવે કરવાનું કહું છું. આવતા દિવસોમાં સરવે થાય પછી નિર્ણય કરીશું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ઉદ્યોગોની વસાહત માટે જી.આઈ.ડી.સી. ઊભી કરવામાં આવે છે જે ઈંટ ઉત્પાદકનો ધંધો છે, એ મેન્યુઅલી ધંધો છે. નાનો ઉદ્યોગ પણ કહી શકાય. કુટિર ઉદ્યોગ જેવો નાનો ઉદ્યોગ હોઈ, ઈંટ ઉદ્યોગ માટે પણ જી.આઈ.ડી.સી.ની સ્થાપના કરવા માગો છો કે કેમ? એનાથી ઈંટ ઉત્પાદકોને પ્રોત્સાહન પણ મળે અને ઘણા લોકોને રોજીરોટી મળી શકશે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. માનનીય ધારાસભ્યશ્રી વ્યકિતગત મળ્યા હતા. અધિકારીઓને એનું સરવે કરવાની સૂચના આપી છે. ખૂબ મોટા પ્રમાણમાં રોજગારીની તકો ઊભી થશે તો સભ્યશ્રીના સૂચન પ્રમાણે આગળ વધીશું.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, નિગમ દ્વારા જે સ્કિલ્ડ અપગ્રેડેશન પ્રોગ્રામનો સમાવેશ કર્યો છે એમાં મહિલાઓનો સમાવેશ થયો છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે મહિલાઓને ટ્રેનિંગ માટે આવતા દિવસોની અંદર આ બધી સંસ્થાઓમાં મહિલાઓની જેટલી અરજીઓ આવશે એટલી ચોક્કસપણે સ્વીકારીશું. સભ્યશ્રીને ખાસ માહિતી આપવાની છે અમદાવાદની અંદર ગારમેન્ટ પાર્કની જાહેરાત કરી છે. એની અંદર માસ્ટર મોનોગ્રામ મીલમાં મહિલાઓને વધારેમાં વધારે રોજગારી મળે એના માટે એસોસિએશન સાથે ઑલ રેડી મીટિંગ કરી દીધી છે. આવતા દિવસોમાં અત્યારથી એડવાન્સ પ્લાનીંગ કરી આપણે અમદાવાદ શહેરમાં રહે.તા બહેનોને આ ગારમેન્ટ પાર્કની અંદર વધારે કેવી રીતની તકો ઉભી થાય એની પહેલેથી તાલીમ આપી અને જ્યારે પાર્ક ઉભો થાય ત્યારે એ લોકોને તાત્કાલિક રોજગારી મળે એવું પણ આપણે વિચારી રહ્યા છીએ.

## કોલસા આધારિત વીજ મથકો

*** ૧૧૩૧૧ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયમાં કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો માટે સને ૨૦૦૮-૦૯ દરમ્યાન આયાતી કોલસાનો કેટલો વપરાશ થયો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) રાજયમાં ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. હસ્તકના કોલસા આધારિત વીજ મથકોમાં સન ૨૦૦૮-૦૯ દરમિયાન કુલ ૧૦.૦૨ લાખ મૅટ્રિક ટન આયાતી કોલસાનો વપરાશ થયો.

(૨) આ માટે રૂા. ૪૫૧ કરોડનો ખર્ચ થયેલ છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જયોતિગ્રામ યોજનાથી ૧૮હજાર ગામડાને ૨૪ કલાક વીજળી આપીને ઝળહળતા કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે રાજયના વીજમથકોમાં આયાતી કોલોસો વાપરવાનો આદેશ કોણ આપે છે? દેશના અન્ય રાજયો આ આદેશનું પાલન કરે છે કે કેમ? ગુજરાતને કેટલા

મેટ્રીક ટન આયાતી કોલસો વાપરવાનો આદેશ છે. મારો પ્રશ્ન ક્રમાંક: ૨, આયાતી કોલસા અને સામાન્ય કોલસાના ભાવમાં શું તફાવત છે? એના કારણે રાજય ઉપર શું બોજ પડે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોલસાની જરૂરિયાત આપણા power demand increaseમાં ઘણી હોવાના કારણે અને કેન્દ્ર દ્વારા આપણને ડોમેસ્ટીક કોલ મળતો નથી એ ધ્યાનમાં રાખીને આપણે ઈમ્પોર્ટેડ કોલ કરવો પડે છે. કેન્દ્ર સરકારે આપણને દર વર્ષે ઈમ્પોર્ટેડ કોલ કરવા માટેનો આદેશ આપ્યો છે અને એના કારણે ૧૪ લાખ મૅટ્રિક ટન કોલ આપણે ઈમ્પોર્ટ કરીએ છીએ. બીજા રાજયોને પણ એ પ્રમાણે આદેશ આપ્યો છે પરંતુ ઘણા બધા રાજયો એ આદેશનું પાલન કરતા નથી. એમાં પંજાબ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને વેસ્ટ બેંગાલ છે. મુખ્યકારણ આ રાજયો એનો આદેશનું પાલન નથી કરતા એનું કારણ છે કે ઈમ્પોર્ટેડ કોલ ખૂબ મોંઘો પડે છે. ઈર્મ્પોટેડ કોલ અને ડોમેસ્ટીક કોલની અંદર ખાલી આપણે તફાવત કરીએ તો આપણને વાર્ષિક જે વાપરીએ છીએ એના ૩૧૩ કરોડ રૂપિયાનો વાર્ષિક બોજો છે. ડોમેસ્ટીક કોલ આપણે ગણીએ તો એની કિંમત અને ૮૦ ટકા પ્લાન્ટ લોડ ફેકટરમાં ગણીએ તો આપણા ચારેય પ્લાન્ટમાં ૩૮૬૭ કરોડનો આપણે વાપરવો પડે. પરંતુ ઈમ્પોર્ટેડ કોલનું એની જોડે આપણે બ્લેન્ડીંગ કરીએ છીએ અને બ્લેન્ડીંગને કારણે આપણો ઈમ્પોર્ટેડ કોલનો ખર્ચો વધી જાય છે. અને એના કારણે આ તફાવત ૩૧૩ કરોડનો આવે છે.

## બનાસકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગના નવીન ઉદ્યોગો

**<#M * ૧૦૪૨૦ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કયા તાલુકાના કયા ગામ/શહેરમાં નવા કુટિર ઉદ્યોગ શરૂ કરવામાં આવેલ છે,

(૨) તે અંગે સરકાર દ્વારા કેટલી સબસીડી આપવામાં આવેલ છે, અને

(૩) ઉકત સમયગાળા દરમિયાન નવીન કુટિર ઉદ્યોગો શરૂ કરવા માટે કેટલી અરજીઓ આવેલ છે?

**કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજયકક્ષા) :-**

(૧) બાજપાઈ બેન્કેબલ યોજના અંતર્ગત ૧૨૮૩ કુટિર ઉદ્યોગ શરૂ કરવામાં આવેલ છે. તાલુકાવાર/ગામવાર પત્રક સામેલ છે.

| પાલનપુર તાલુકો | | | | ડીસા તાલુકો | | | |
|---|---|---|---|---|---|---|---|
| ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા |
| પાલનપુર | ૧૪૭ | કરજોડા | ૩ | ડીસા | ૨૫ | ફાગુદરા | ૪ |
| ઢેલાણા | ૪ | ધાણધા | ૩ | ભીલડી | ૬ | આસેડા | ૧ |
| જગાણા | ૩ | વાસણા | ૨ | વાસણા જુના | ૬ | ટેટોડા | ૩ |
| ચિત્રાસણી | ૨ | ટોકરીયા | ૩ | જુના ડીસા | ૧૧ | ગામડી | ૨ |
| સુરજપુરા | ૨ | ખસા | ૧ | સદરપુર | ૩ | ખેતવા | ૧ |
| ખસા | ૧ | મલાણા | ૪ | લુણપુર | ૧ | પેપળુ | ૭ |
| ગઢ | ૩ | જશપુરીયા | ૨ | કરઝાપુર | ૧ | મુડેઠા | ૨ |
| સામઢી | ૧ | ફતેગઢ | ૨ | ઝેરડા | ૫ | નવા નેસડા | ૧ |
| કાણોદર | ૨૬ | માલણ | ૫ | નાગફણા | ૧ | પમરૂ | ૩ |
| પસવાદળ | ૧ | ઘનીયાણા | ૨ | પેછડાલ | ૧ | શેરગંજ | ૧ |
| રજોસણા | ૨ | મોટા | ૧ | ધોણા | ૧ | શમશેરપુરા | ૧ |
| હસનપુર | ૩ | પખાણવા | ૧ | દેલનકોટ | ૧ | અચાસણ | ૧ |
| સેમોદ્રા | ૨ | બાદરપુર | ૧ | લાખણી | ૧ | લાખણી | ૧ |
| કુંભાસણ | ૬ | દેલવાડા | ૧ | બાલપુર | ૩ | જશરા | ૧ |
| રણાવાસ | ૪ | લાલાવાડા | ૩ | જસરા | ૩ | ગોઢા | ૨ |
| રતનપુર | ૩ | ભાવીસણા | ૨ | નાના કાપરા | ૧ | કાપરા | ૨ |
| સુંઢા | ૩ | બાદરગઢ | ૨ | ચિત્રોડા | ૩ | રાણપુર | ૨ |
| ચંદીસર | ૧૦ | નળાસર | ૧ | ડોડાણા | ૨ | થેરવાડા | ૩ |
| મડાણા | ૨ | માનપુર | ૧ | તાલેગંજ | ૩ | માલગઢ | ૧ |
| લુણવા | ૧ | આંબેથા | ૧ | મટુ | ૨ | છત્રાલા | ૩ |
| ભટામલ મોટી | ૨ | ભાગળ | ૧ | બાઇવાડા | ૬ | ભાદરા | ૩ |
| ભટામલ નાની | ૨ | ગોપાલપુરા | ૧ | રામપુરા | ૧ | સમો મોટા | ૧ |
| મોરીયા | ૧ | ટાકરવાડા | ૧ | નાણી | ૬ | રોબસ નાની | ૧ |
| વેડંચા | ૨ | પટોસણ | ૧ | વાહરા | ૧ | સોડાપુર | ૩ |
| ખોડલા | ૩ | ગાદલવાડા | ૧ | લોરવાડા | ૨ | બુરાલ | ૨ |
| એગોલા | ૧ | પીંપળી | ૧ | માલવઢ | ૪ | વરનોડા | ૧ |
| ચડોતર | ૨ | કુશંકલ | ૧ | ગુગળ | ૩ | | |
| સલેમપુરા | ૧ | રૂપપુરા | ૧ | વેળાવાપુરા | ૨ | | |
| આક્સેણ | ૬ | તેનીવાડા | ૪ | ઝાબડીયા | ૨ | | |
| લક્ષ્મીપુરા | ૪ | | | વિઠોદર | ૨ | | |
| વાઘણા | ૨ | **કુલ :** | **૩૦૫** | વિરૂણા | ૨ | **કુલ :** | **૧૬૪** |

| વડગામ તાલુકો | | | | કાંકરેજ તાલુકો | | દિયોદર તાલુકો | | દાંતા તાલુકો | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા |
| વડગામ | ૧૫ | નાંદોત્રા | ૮ | શિહોરી | ૯ | દિયોદર | ૧૦ | દાંતા | ૪ |
| મગરવાડા | ૬ | વેસા | ૧ | ઢેબી | ૧ | ધનક્વાડા | ૨ | અંબાજી | ૧ |
| ભરોડ | ૨ | રૂપાલ | ૩ | તખતપુરા | ૧ | કોટડા | ૧ | કુડેલ | ૬ |
| પરખડી | ૨ | ગીડાસણ | ૩ | નવાખોડા | ૧ | લુદરા | ૧ | ભચડીયા | ૪ |
| તેનીવાડા | ૮ | સીસરાણા | ૧ | સમણવા | ૧૨ | નવા | ૨ | ખાણોદર | ૧ |
| બસુ | ૧૭ | ધનાલી | ૭ | રવિયાણા | ૨ | વખા | ૯ | રંગપુરા | ૧ |
| ચાંગા | ૫ | દેથલી | ૧ | નાણોટા | ૭ | ડુચક્વાડા | ૧ | બામણોજ | ૨ |
| ભલગામ | ૧ | વરસડા | ૧ | ખીમાણા | ૪ | વડાણા | ૧ | કુવારસી | ૩ |
| કોદરામ | ૮ | વરવાડીયા | ૧ | કંબોઇ | ૧ | ઘાવડ | ૩ | જામરૂ | ૧ |
| જલોત્રા | ૫ | મેમદપુર | ૩ | રાનેર | ૬ | રામપુરા | ૧ | સાંઢોસી | ૨ |
| કરનાળા | ૬ | મેતા | ૪ | રૂવેલ | ૧ | વાતમ | ૧ | તાંરગડા | ૨ |
| મુમનવાસ | ૬ | સક્લાણા | ૨ | ઉંબરી | ૧ | ચમનપુરા | ૧ | રાઘપુર | ૧ |
| વણસોલ | ૧ | લક્ષ્મણપુરા | ૨ | રતનપુરા | ૧ | પાલડી | ૨ | મોટાસડા | ૫ |
| નાવીસણા | ૭ | ફતેગઢ | ૧ | માંડલા | ૧૭ | વરાણા | ૧ | સનાલી | ૧ |
| પેપોળ | ૪ | ચંગવાડા | ૨ | ઇસરવા | ૧ | સોની | ૧ | વસી | ૧ |
| લીબોઇ | ૨ | પાંડવા | ૧ | થરા | ૧૧ | ડેરા | ૧ | પાંડવા | ૧ |
| બાવલચુડી | ૪ | સેઘણી | ૨ | વડા | ૧ | રૈયા | ૫ | વડવેરા | ૧ |
| નળાસર | ૧૦ | ઘોડીયાલ | ૧ | રૂની | ૨ | રવેલ | ૧ | નારગઢ | ૨ |
| માલોસણા | ૩ | જોઇતા | ૨ | ઓલુણવા | ૨ | ગોલવી | ૧ | ગંગવા | ૨ |
| છાપી | ૪ | વરણાવાડા | ૧ | વરસડા | ૧ | વડીયા | ૧ | ગોદલા | ૧ |
| મજાદર | ૩ | ટીંબાચુડી | ૨ | જમણાપાદર | ૧ | સરદારપુરા | ૧ | નવાવાસ | ૧ |
| એદરાણા | ૧ | ભરકાવાડા | ૨ | આંગણવાડા | ૨ | લક્ષ્મીપુરા | ૧ | કેશરપુરા | ૧ |
| પસવાદળ | ૩ | મેગાળ | ૨ | દુદાસણ | ૧ | સણાદર | ૧ | રાણીયા | ૧ |
| ડાલવાણા | ૨ | સલેમકોટ | ૨ | ચેખલા | ૧ | લીબાઉ | ૧ | હડાદ | ૧ |
| વિરપુર | ૨ | વાંસડા | ૧ | ખોડા | ૨ | લવાણા | ૧ | ભાણપુર | ૩ |
| પીલુચા | ૧૦ | નાનોસણા | ૩ | ઉચરપી | ૬ | મુલકપુર | ૧ | ગંનશેરા | ૧ |
| શેરપુરા | ૧૩ | ભાંગરોડીયા | ૨ | ઝાલમોર | ૪ | જાડી | ૧ | જપતાપુરા | ૧ |
| ચિત્રોડા | ૨૧ | | | | | નેસડા | ૪ | હરિવાવ | ૧ |
| બાદરપુરા | ૧ | | | | | | | | |
| સરદારપુરા | ૧ | | | | | | | | |
| પાંચડા | ૧૦ | **કુલ :** | **૨૪૪** | **કુલ :** | **૯૯** | **કુલ :** | **૫૭** | **કુલ :** | **૫૨** |

| ધાનેરા તાલુકો | | દાંતિવાડા તાલુકો | | વાવ તાલુકો | | અમીરગઢ તાલુકો | | ભાભર તાલુકો | | થરાદ તાલુકો | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા | ગામ | સંખ્યા |
| ધાનેરા | ૭ | પાંથવાડા | ૧૫ | ખમીરણાવાસ | ૩ | ચોહાણગઢ | ૨૧ | રોઇટા | ૧ | થરાદ | ૧૫ |
| અનાપુર | ૧ | વાછડાલ | ૧૨ | ઘરાઘરા | ૧ | ઇક્બાલગઢ | ૬ | ઉજનવાડા | ૧ | દોલતપુરા | ૩ |
| ભાટીબ | ૨ | ધનીયાવાડા | ૫ | વાવડી | ૨ | સોતવાડા | ૧૨ | ભાભર | ૪ | મોરથલ | ૧ |
| અનારપુરગઢ | ૩ | જાત | ૭ | બીયોક | ૧ | સરોત્રા | ૬ | રૂની | ૧ | લુવીયા | ૧ |
| માલોત્રા | ૩ | બાયણ | ૧ | લીંબુણી | ૨ | ઢોલીયા | ૧ | તનવાડા | ૧ | ભોરડુ | ૫ |
| નાનુડા | ૧ | વાઘોર | ૪ | સુઇગામ | ૫ | માનપુરીયા | ૨ | વડપગ | ૧ | વાડીયા | ૧ |
| બાપલા | ૩ | ધનપુરા | ૩ | કુભારખા | ૧ | ખારા | ૩ | બામ બોરડી | ૨ | ઇઢારા | ૨ |
| કુમર | ૧૧ | ભાડલી | ૩ | ભરડવા | ૧ | જુની સરોત્રી | ૧ | દેવ કાપડી | ૨ | ચારડા | ૨ |
| રામપુરા | ૭ | આકોલી | ૨ | જેલાણા | ૧ | બાલુન્દ્રા | ૧ | ધુણસોલ | ૧ | પીલુડા | ૩ |
| રવિ | ૧ | ભાટરામ | ૪ | ઢીમા | ૬ | ખુણીયા | ૧ | બરવાળા | ૧ | મીયાલ | ૪ |
| વાલેર | ૧ | વિરોલ | ૫ | કોરેટી | ૧૦ | પાદણી | ૧ | જાસલવાડા | ૨ | ખાનપુર | ૧ |
| વારણીયા | ૧ | પાંસવાલ | ૩ | દેથળી | ૧ | વિરમપુર | ૨ | કારેડા | ૧ | | |
| જડીયા | ૨ | નીલપુર | ૧ | હરિપુરા | ૨ | ધનપુરા | ૩ | | | | |
| મોટા ડુગડોલ | ૫ | કૃષિ દાંતિવાડા | ૮ | ભડવેલ | ૧ | કાનપુરા | ૩ | | | | |
| નેનાવા | ૧ | હરીયાવાડા | ૧ | ખિમાણાવાસ | ૨ | અમીરગઢ | ૧ | | | | |
| મગરાવા | ૧ | ઓઢવા | ૧ | બેણક | ૨ | છાપરીફળી | ૧ | | | | |
| રૂણી | ૫ | જેગોલ | ૧ | વરડવા | ૧૩ | ગઢડા | ૩ | | | | |
| સરાલ | ૧ | સિકરીયા | ૧ | ચાંદરવા | ૩ | આવલ | ૧ | | | | |
| યાવરપુરા | ૧૦ | ધનપુરામોટા | ૧ | સરપ્રેડા | ૧ | | | | | | |
| જડીયાલી | ૧ | | | વાવ | ૨ | | | | | | |
| અનાપુરછોટા | ૧ | | | ચુવા | ૧ | | | | | | |
| કુંડી | ૧ | | | સણવાવ | ૧ | | | | | | |
| શેરા | ૩ | | | ધનાણા | ૧ | | | | | | |
| રવિયા | ૭ | | | ખરડોલ | ૧ | | | | | | |
| રજોડા | ૧ | | | કટાવ | ૧ | | | | | | |
| ખીંમત | ૧ | | | નવાપુરા | ૧ | | | | | | |
| આલવાડા | ૨ | | | જોરડીયાલી | ૫ | | | | | | |
| ડુંગડોલ | ૫ | | | | | | | | | | |
| **કુલ :** | **૮૮** | **કુલ :** | **૭૮** | **કુલ :** | **૭૧** | **કુલ :** | **૬૯** | **કુલ :** | **૧૮** | **કુલ :** | **૩૮** |

(૨) રૂા. ૯૧.૪૫ લાખ

(૩) ૪૯૨૩

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ તાલુકાવાર જે કુટિર ઉદ્યોગ ચાલે છે એનો ખૂબ સારો એવો જે લેખિત જવાબ આપ્યો છે પરંતુ મારા જે પ્રશ્ન છે એની અંદર મારે એ જાણવું છે કે બાજપાઈ બેન્કેબલ યોજના શું છે અને તેમાં લોન કોના દ્વારા અને કેટલી ચૂકવવામાં આવે છે? રાજય સરકાર દ્વારા સબસીડી આપવામાં આવે છે તેના ધોરણો શું છે?

**શ્રી સૌરભ પટેલ** : બનાસકાંઠા જિલ્લાની અંદર કુલ ૪૯૨૩ અરજીઓ આવી હતી. આમાંથી ૧૭૨૮ અરજીઓ ડી.આઈ.સી.એ રીજેકટ કરી અને બાકીની અરજી બેન્કોને મોકલી આપી એ છે ૩૧૯૫. એમાંથી બેન્કે ૧૮૩૪ અરજી રીજેકટ કરી અને ૧૨૮૩ ઉપર એ લોકોએ લોન એમાઉન્ટ આપી. સભ્યશ્રીનો સવાલ છે કે બનાસકાંઠા જિલ્લાની અંદર જે બેન્કોએ ફાઈનાન્સ કર્યુ છે અને એમાં આપણે જે સબસીડી આપી છે એ કુલ ગણીએ તો પહેલા વર્ષે રૂા. ૧૦૬ લાખ, બીજા વર્ષે ૭૩ લાખ અને ત્રીજા વર્ષે ૯૮ લાખ એ પ્રમાણે ૩ વર્ષનું

આપણે સબસીડી આપી અને તે બેન્કે જે ફાઈનાન્સ કર્યુ એ ૩ વર્ષનું ૪.૩૮, ૪.૬૬ અને ૫.૨૩ કરોડનું બેન્કોએ લોનનું ફાઈનાન્સીંગ કર્યુ.

**આર.ટી.ઓ. કચેરી સુરેન્દ્રનગરની આવક**

*૧૧૩૩૭ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) આર.ટી.ઓ. કચેરી, સુરેન્દ્રનગરની તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) આ આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧)

| નાણાકીય વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૩૫૩.૧૯ |
| ૨૦૦૭-૦૮ | ૧૩૮૦.૨૭ |
| ૨૦૦૮-૦૯ | ૧૪૫૨.૮૧ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા વિસ્તારમાં ઘણા સમયથી લાંબા અંતરના રૂટની બસો બંધ હતી તે શરૂ કરી દીધી છે તે માટે હું એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લા પાંચ નાણાકીય વર્ષનું વાહન વ્યવહાર ખાતાનું બજેટ શું હતું અને વાસ્તવિક આવક કેટલી થઈ છે?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૪-૦૫માં બજેટેડ અંદાજ રૂા. ૯૦૦ કરોડનો હતો તેની સામે રૂા. ૧૦૬૪ કરોડની આવક થઈ છે. વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૧૩૦૦ કરોડની સામે ૧૧૬૯ કરોડની આવક થઈ છે. વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા. ૧૨૦૦ કરોડની સામે રૂા. ૧૨૦૦ કરોડ એચીવ કર્યા છે. વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૨૫૦ કરોડની સામે ૧૩૧૯ કરોડ, ૨૦૦૮-૦૯માં ૧૪૦૦ કરોડની સામે ૧૩૮૧ કરોડ રૂા.ની આવક થઈ છે.

**ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા વીજ મથકો**

*૧૧૩૧૩ **શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા કેટલા અને કયા કયા વીજ મથકો કાર્યરત છે,

(૨) તેમની સ્થાપિત ક્ષમતા કેટલી છે, અને

(૩) તે વીજ મથકોને કેન્દ્ર તરફથી રિલાયન્સ કે.જી. બેઝીનમાંથી ગેસનો કેટલો જથ્થો નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ફાળવવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) અને (૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા કુલ ૮ વીજ મથકો કાર્યરત છે. તેની સ્થાપિત ક્ષમતા નીચે જણાવ્યા મુજબ છે.

| અ.નં. | વીજ મથકનું નામ અને સ્થળ | સ્થાપિત ક્ષમતા (મે.વો.) ગુજરાત રાજ્યનો હિસ્સો |
|---|---|---|
| | **જીએસઈએલ** | |
| ૧ | ધુવારણ ટીપીએસ ધુવારણ, જિ. આણંદ | ૨૧૯ |
| ૨ | ઉતરાણ ટીપીએસ (નવું) ઉતરાણ, જિ.સુરત | ૧૩૫ |
| | **સ્વતંત્ર વીજ મથકો (ખાનગી સાહસો** | |
| ૩ | ઊઆઈપીસીએલ, વડોદરા | ૩૧૦ |
| ૪ | એસ્સાર પાવર (૫૧૫ મે.વો.) હજીરા, જિ. સુરત. | ૩૦૦ |
| ૫ | જીપેક-પગુથન, પગુથન, જિ. ભરૂચ | ૬૫૫ |
| ૬ | જીસેગ | ૧૫૬ |
| | **કેન્દ્રીય સાહસો (ગુજરાત હિસ્સો)** | |
| ૭ | એનટીપીસી-કવાસ (૬૪૪ મે.વો.) કવાસ, જિ. સુરત | ૧૮૭ |
| ૮ | એનટીપીસી-જાનોર, (૬૪૮ મે.વો.) જાનોર, જિ. ભરૂચ | ૨૩૭ |
| | **કુલ :** | **૨૧૯૯.૦૦** |

(૩) રિલાયન્સ કે.જી. બેઝિનમાંથી કાયમી ધોરણે ૪.૯૪ અને બિનકાયમી ધોરણે ૨.૦૭ એમ કુલ ૭.૦૧ એમએમએસસીએમડી ગેસનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેન્દ્રની રિલાયન્સનો ગેસ આપવાની નીતિ શું છે? બીજા રાજ્યો અને ગુજરાતને ગેસ ફાળવવાની નીતિમાં શું ફેર છે? ગુજરાત રાજ્યને રિલાયન્સનો ગેસ કેટલો મળે છે અને જરૂર કરતા કેટલો ઓછો મળે છે તથા તેની ખાદ્ય કેવી રીતે પૂરી કરવામાં આવે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કે.જી.બેઝિનનો ગેસ હમણાં શરૂ થયો છે. ગુજરાત એક પેટ્રો કેપિટલ ઓફ નેશન તરીકે ઓળખાય છે. સૌથી વધારે ગ્રીડ ગુજરાતમાં છે અને સૌથી વધુ વપરાશ પણ ગુજરાતમાં છે. એ પ્રમાણે અમે આયોજન કર્યું છે કે છેવાડાના માનવીને પણ ગેસનો લાભ મળે. કેન્દ્રની અંદર ગેસ યુટિલાઈઝેશનની પોલિસી બનાવવામાં આવી એની અંદર ફર્ટિલાઈઝર કંપનીઓ, પાવર પ્લાન્ટસ, પેટ્રોકેમિકલ પ્લાન્ટસ, રિફાઈનરીઝ અને સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશનને આ પ્રમાણે એલોકેટ કરવાનું નક્કી કર્યું. ગુજરાતને જે એલોકેશન કરવામાં આવ્યું અને બીજા રાજ્યોને જે એલોકેશન કરવામાં આવ્યું એની અંદર થોડો તફાવત છે. કેન્દ્ર સરકારે નક્કી કર્યું કે ૬૧ ટકા પી.એલ.એફ.ની રિક્વાયરમેન્ટ પ્રમાણે દરેકને ગેસ ફાળવવાનો અને ગુજરાતને ૬૧ ટકા પ્રમાણે ગેસ ફાળવ્યો. પરંતુ આંધ્રપ્રદેશની સરકારે દબાણ કરવાથી એકલા આંધ્રપ્રદેશને ૭૦ ટકા પી.એલ.એફ.....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બીજા રાજ્યોની વિગતોમાં આપણે ન ઉતરીએ તો વધારે સારું.આપણે આપણી જ વાત કરીએ.

**શ્રી સૌરભ પટેલ** : સભ્યશ્રીએ માગ્યું કે કેટલો તફાવત છે. આપણને ઓછો મળે છે.

**અધ્યક્ષશ્રી** : બીજા રાજ્યોની સરખામણી નહીં કરવાનો આપનો એક નિયમ છે. પછી આપણે એમાં વધારે કરતાં જઈશું. હું સમજી શકું છું.

**શ્રી સૌરભ પટેલ** :આપણને ૬૦.૫ ટકા પી.એલ.એફ. પર ફાળવે છે. એનો આધાર ૪.૯૪ એમએમએસસીએમડી છે. અને આજની તારીખમાં આપણને જે શોર્ટ ફોલ છે એ ૪.૨ એમએમએસસીએમડી છે. એના કારણે આપણે અત્યારે લઈએ છીએ એ ક્યાં તો પેટ્રોનેટ પાસેથી લઈએ છીએ કે શોર્ટ ટર્મ રિલાયન્સ પાસેથી લઈએ છીએ કે ઈમ્પોર્ટ કરીએ છીએ. એના કારણે આપણને કિંમતમાં પણ ઘણો મોંઘો પડે છે. રિલાયન્સનો ગેસ ૧૦.૩૪ રૂા. સ્ટાન્ડર્ડ ક્યુબિક પર મીટર છે ત્યારે જે આપણે આરએનએલજી પાસેથી લઈએ છીએ એ ૧૨.૫૩ રૂા. સ્ટાન્ડર્ડ ક્યુબિક પર મીટર છે એટલે આપણને વધારે મોંઘો પડે છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે વીજ માંગ સવિશેષ રહેતી હોય છે. ઉત્તર ગુજરાતના ભૂતળમાં પણ ઓ.એન.જી.સી. દ્વારા ઘણો બધો ગેસ ઉપલબ્ધ થયો છે અને કોલ બેડ મીથેનના કેટલાક બ્લોક્સ મહેસાણા જિલ્લાને ગેસના એક્સપ્લોરેશન માટે ફાળવવામાં આવ્યા છે. મહેસાણા જિલ્લામાં ગેસ આધારિત વીજ મથક સ્થાપવાનું આવતા ભવિષ્યમાં આયોજન કરવા માગેછે કે કેમ? બીજો મારો એક પ્રશ્ન છે કે ગેસ એ પેટ્રોલિયમ પેદાશ છે. રાજ્યના ખૂણે ખૂણે પેટ્રોલિયમ પેદાશ ડિઝલ, પેટ્રોલ, ક્રૂડ એક જ દરે જ્યારે મળતું ત્યારે લઘુ ઉધોગ, નાના ઉદ્યોગકારોને અને મોટા ઉદ્યોગકારોને એક સરખાભાવે ગેસની ઉપલબ્ધી થાય એ દિશામાં કેન્દ્ર સરકારની પાસે આપણે ન્યાયિક માગણી દ્વારા રાજ્ય સરકાર પ્રયત્ન કરવા માગો છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે હમણાં રિલાયન્સનો ગેસ આવ્યો તેમાં કમનસીબે પણ નાના ઉદ્યોગો માટે કશી જ ફાળવણી કરવામાં આવી નથી. વારંવાર આપણે માગણી કરીએ છીએ કે તમે પાવર સેકટરને આપો છે, ફર્ટિલાઈઝર સેકટરને આપો છે બરાબર છે. પરંતુ હવે નાના ઉદ્યોગોમાં અને બીજું ખાસ કરીને સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન એટલે ઘરે વાપરવાના ગેસનું પણ તમારે એલોકેશન કરવું જોઈએ. અમદાવાદ શહેરની અંદર આટલા વર્ષોથી આપણે ગેસના કનેકસનો આપ્યાં છે. આટલા બધા CNG સ્ટેશનો નાખ્યાં છે. પરંતુ અનેક વખત લખવા છતાં કેન્દ્ર સરકારે APF ગેસની ફાળવણી કરી નથી. દિલ્હીની અંદર અને બોમ્બેની અંદર APF ગેસ ફાળવવામાં આવે છે ત્યારે ગુજરાતમાં અમદાવાદ શહેરની અંદર આ ફાળવણી કરવામાં આવતી નથી અને આપણે જે અમદાવાદની અંદર આપીએ છીએ એ GSPC બહારથી ગેસ લાવીને અહીંયા અમદાવાદની અંદર ઓટો રીક્ષા હોય કે વાહનો હોય, ઘર વપરાશની જરૂરિયાત હોય એને આપણે CNG પૂરો પાડીએ છીએ, આની અંદર પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે રિલાયન્સનો KG Begins ના ગેસની પણ નાના ઉદ્યોગોને ફાળવણી કરવામાં આવી નથી. પરંતુ મોટા સ્ટીલ પ્લાન્ટોને ગુજરાતની અંદર એ લોકોનો પણ મોટો વપરાશ છે એ વપરાશને એ લોકોએ આપ્યો છે અને આપણે જે માગણી છે કે આપણને મળવો જોઈએ. એ માગમાંથી હજુ આપણને નાના ઉધોગો માટે કાંઈજ નથી મળ્યું પણ ખાનગી ઉદ્યોગોને, સ્ટીલ પ્લાન્ટો એ લોકોની ઘણી એમની જરૂરિયાત પ્રમાણે આપી દીધો છે.

બીજું જે માનનીય સભ્યશ્રીએ સવાલ પૂછ્યો કે ઉત્તર ગુજરાતમાં મહેસાણાની અંદર વીજ મથક નાંખવાનું એ વીજ મથક એમણે કોલબેઈઝ મિથાઈનની વાત કરી એનું exploration ચાલુ છે, એની Costing શું ભાવે પડશે, શું ભાવે નીકળશે, શું ભાવે વેચશે? એ આપણને ખ્યાલ નથી. કેટલો આવશે એ પણ ખ્યાલ નથી. એટલે

અત્યારે આપણે રાજ્યનું બેલેન્સ ડેવલપમેન્ટ થાય અને આખી ગેસ ગ્રીડ આખા રાજ્યમાં જાય એ માટે આપણે જેવી રીતે અમરેલીનું પીપાવાવ સીલેકટ કર્યુ એવી રીતથી ગેસ ગ્રીડ બનાસકાંઠાની અંદર પણ જાય. બનાસકાંઠાની અંદર આપણે ગેસ બેઈઝનો નવો પાવર પ્રોજેકટ નાંખી શકીએ એના માટે અત્યારે સરવેનું કામ ચાલી રહ્યું છે અને આવતા દિવસોની અંદર બનાસકાંઠા, પાટણ એ વિસ્તારની અંદર સારી જગ્યા શોધી આપણે ગેસબેઈઝ પાવર પ્રોજેકટ નાંખવાનું વિચારીએ છીએ.

બીજું, અત્યારે હજુ બીજા ૩ પાવર પ્રોજેકટના કામ ચાલુ છે. એ છે ઉતરાણનું expansion ૩૭૫ મેગાવોટ એની આપણે ૧૬૮ MMCMD રહેશે. જે ટૂંક સમયની અંદર ચાલુ થવાનો છે અને ૩૫૦ મેગાવોટ GSEG હજીરા ૧.૫૮ MMCMD અને ૭૦૦ મેગાવોટ પીપાવાવ પાવર પ્રોજેકટ એની ૩.૧૫ આ બંને કામો ચાલુ છે અને આવતા દોઢ - બે વર્ષની અંદર આ બધા જ પ્લાન્ટો સંપૂર્ણપણે ચાલુ થશે, જે પહેલો પ્લાન્ટ મેં કહ્યો ઉતરાણનો એ આ વર્ષમાં ચાલુ થશે અને બાકીના બે અમે કોશિશ કરીએ છીએ કે આવતા ૧૨ મહિનાથી ૨૪ મહિનામાં સંપૂર્ણપણે ચાલુ થાય.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ટૂંકો અને જવાબ ટૂંકો હશે તો જ હું પાંચ મિનિટનો અમલ કરી શકીશ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કેન્દ્ર પેટ્રોલિયમ વિભાગ દ્વારા જે આપણને PLSનો ગેસની ફાળવણી મૂળ પહેલા કરવામાં આવી હતી એમાં એણે કાપ મૂકયો છે. એટલે બીજા રાજ્યોની સરખામણીમાં જે ગુજરાતના હિસ્સાનો PLSનો ગેસ મળવો જોઈએ એ ગેસ મળતો નથી એ વાત સાચી? બીજા નંબરમાં મારે એ વાત કરવી છે કે એક રિલાયન્સ ગેસ જે ફાળવ્યો કે રસાયણ કંપની હોય કે GEB હોય, રેસીડન્ટ માટે આની ટકાવારી મુજબ જે ભાગ પાડયો છે એનો હિસ્સો આપણને પૂરો મળે છે કે કેમ? અને કેન્દ્રમાં નાના ઉદ્યોગોને રિલાયન્સનો ગેસ આપવા માટેના ઘણાં પ્રયત્નો કર્યા છતાંય કેન્દ્રે સ્ટીલની મોટી મોટી કંપનીઓને ગેસ આપ્યો એમાં કઈ કઈ કંપનીઓને આપેલો છે?

**અધ્યક્ષશ્રી** : જે અગાઉ જવાબ અપાઈ ગયો હોય એનું પુનરાવર્તન ના થાય.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સભ્યશ્રીએ જે પન્ના-મુક્તા તાપીની વાત કરી એ પન્ના-મુક્તા તાપીમાં આપણા જી.એસ.પી.સી.એ બીડમાં ભાગ લીધો હતો બે-ત્રણ વર્ષ પહેલાં અને કેન્દ્ર સરકારે બીડ કાઢ્યું હતું પરંતુ એ બીડમાં આપણને સારામાં સારો ભાવ આપ્યા પછી પણ આપણું એ બીડ કૅન્સલ કરવામાં આવ્યું અને સંપૂર્ણપણે કેન્દ્ર સરકારે એના માર્કેટીંગ રાઈટ્સ બીજાને આપી દીધા, આપણને એમાંથી થોડો ગેસ મળે છે અને સારો એવો ગેસ એમાંથી બીજા રાજયોને ગેઈલ દ્વારા આપવામાં આવે છે. બીજી એમણે રિલાયન્સની અને નાના ઉદ્યોગોની વાત કરી એ નાના ઉદ્યોગોની આપણે અનેક વખત વાત કરી છે, કેન્દ્રની નીતિમાં પણ છે કે પાંચ બિલીયન આપણે આપીશું અને કેન્દ્રની જે નીતિમાં છે એ છતાં આપણને એ ગેસ હજુ ગુજરાતને એમાં બહું મળ્યો નથી. ગુજરાતની પાંચ કંપનીઓ છે જે આની અંદર માગણી કરી છે એમાં જી.એસ.પી.સી. ગેસ કંપનીએ ૨.૫ મિલિયન મૅટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર્સની માગણી કરી છે, અદાણીએ ૦.૭ની કરી છે , સાબરમતી એ ૦.૫ની કરી છે, ગુજરાત ગેસ કંપનીએ ૨.૮ની કરી છે, એચ.પી.સી.એલ.જે આપણ ેત્યાં કામ કરે છે એણે ૦.૦૫ની કરી છે અને ચરોતર ગેસની મંડળીએ ૦.૦૫ની કરી છે પરંતુ માત્ર બે જ જણાને સાબરમતી ગેસને ૦.૦૭ આપ્યું છે અને એચ.પી.સી.એલ.ને ૦.૦૫ આપ્યું છે, એમ ૦.૧૨૭ જ હજુ આપ્યું છે. બાકીના અને નાના ઉદ્યોગોને કંઈ જ આપ્યું નથી અને જે સ્ટીલ પ્લાન્ટને આપ્યું છે, એ આપણા ગુજરાતમાં એક મોટા સ્ટીલ પ્લાન્ટને ૨.૮૬ મિલિયન મૅટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર્સ પર ડે એની જરૂરિયાત સામે ૩.૩૧ની સામે એને ૨.૮૬ આપવામાં આવ્યું છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા વિસ્તારના ધુવારણ ખાતે ઑઈલ આધારિત વિદ્યુત એકમ બંધ કરીને ગેસ આધારિત વિદ્યુત એકમ સ્થાપવાની વાત હતી, માહિતી હતી તો આ વિદ્યુત મથક ક્યારે સ્થપાશે અને એની ક્ષમતા કેટલી હશે ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ સરવે ચાલે છે, ઑઈલનું ખૂબ જ મોંઘુ પડે છે અને ઑઈલ આવતા દિવસોમાં ભાવો વધતો જાય અને આપણે જે કૉન્ટ્રેક્ટ કરવામાં આવ્યો એ કૉન્ટ્રેક્ટ પણ પૂરો કરવામાં આવ્યો છે એટલે આપણે અત્યારે એક સરવે કરીએ છીએ કે, અગર આને આપણે ઑઈલમાં કન્વર્ટ કરી આપણે ગેસ બેઈઝ કરી નાખીએ તો આપણને કાર્બન ક્રેડિટનો પણ લાભ થાય અને આવતા દિવસોમાં સસ્તી વીજળી ઉત્પન્ન થાય એટલે એ સરવે પૂરો થાય પછી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ગુજરાત રાજયમાં વાયબ્રન્ટના માધ્યમથી જે કરોડો રૂા.ના ઉદ્યોગો આવી રહ્યા છે ત્યારે વીજ ઉત્પાદન વધે એ માટે નવા વીજ મથકો સ્થાપવાનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, આયોજન તો મેં જે પહેલા વિધાનસભામાં કહ્યું હતું કે આવતા ત્રણ વર્ષમાં જ આપણે ડબલ કેપેસીટી કરવાનું વિચારીએ છીએ. અત્યારે રાજયમાં આશરે દસ હજાર મેગાવોટ છે, જે પ્રમાણે નવા પ્લાન્ટોની અત્યારે કામગીરી ચાલી રહી છે તો આવતા ત્રણ થી સાડા ત્રણ વર્ષમાં ગુજરાતમાં બીજા દસ હજાર મેગાવોટની કેપેસીટી ઊભી થાય એ પ્રમાણેની આપણે વ્યવસ્થા ગોઠવી છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.
પ્રશ્ન ક્રમાંક ૧૧૩૦૭ : માનનીય સભ્યશ્રી ગેરહાજર.
પ્રશ્ન ક્રમાંક ૧૧૪૩૪ : માનનીય સભ્યશ્રી ગેરહાજર.

## દિયોદર તાલુકાના પેટાપરાઓનું વીજળીકરણ

*** ૧૧૪૨૬ શ્રી અનિલકુમાર અ. માળી(દીઓદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ એક વર્ષ દરમિયાન બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના કેટલા પેટાપરાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાઓનું વીજળીકરણ કયાં સુધીમાં કરવામાં આવશે ?

**મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા) :**

(૧), (૨) અને (૩) : જિલ્લા પંચાયત દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના ૨૫ પેટાપરાઓ પૈકી ૨૨ પેટાપરાઓનું રૂા. ૧૮.૨૫ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ છે, જ્યારે બાકી રહેલ ૩ પેટાપરાઓનાં બી.પી.એલ. લાભાર્થીઓને વર્ષ ૨૦૦૯-૧૦માં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું લાખ લાખ અભિનંદન આપું કે, મારા દિયોદરના અતિ પછાત તાલુકામાં ૨૫ પેટાપરાઓ પૈકી ૨૨ પેટા પરાઓમાં વીજળીકરણ કર્યુ એ બદલ માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં તાલુકા વાઈઝ કેટલા પેટાપરાઓ છે અને તેમાંથી કેટલા પેટાપરાઓનું વીજળીકરણ થયેલ છે એ માનનીય મંત્રીશ્રી જણાવે?.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં નૉન ટ્રાયબલ એરિયામાં કુલ ૪૯૪ પેટાપરાઓ છે એમાંથી ૪૭૭ પેટાપરાઓનું કામ સંપૂર્ણપણે પૂર્ણ થયું છે અને જે ટ્રાયબલ એરિયા છે એમાં ૬૮ પેટાપરાઓ છે એમાં ૬૨ પેટાપરાઓનું કામ પૂર્ણ થયું છે અને જે ૬ પેટાપરાઓ બાકી છે એમાં દાંતા તાલુકામાં ૩ પેટાપરામાં વસ્તી નથી અને ૩ પેટાપરાઓ ફૉરેસ્ટ વિસ્તારમાં આવે છે એટલે થઈ શક્યાં નથી. તેવી જ રીતે જે નૉન ટ્રાયબલ એરિયા છે એમાં ૧૭ પેટાપરાઓ બાકી છે એમાંથી ૪ ફૉરેસ્ટમાં આવે છે અને બાકીના ૧૩ પેટાપરાઓ છે એમાં કોઈ માગણી આવી નથી પણ આવતા દિવસોમાં એ પેટાપરાઓનો પણ અભ્યાસ કરીશું અને જે સરકારની નીતિ છેકે રાજયની અંદર જેટલા પેટા પરા હોય અને ત્યાં જે કોઈ નાની વસ્તી હોય એને સંપૂર્ણપણે આપણે ઈલેકટ્રીફાઈ કરવા માગીએ છીએ એ પ્રમાણે આપણે આગળ વધીશું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી જાણવા માગું છું કે પેટા પરામાં વીજળીકરણ અંગેના નિયમો શું છે? બીન આદિજાતિ વિસ્તારોમાં પેટાપરાના વીજળીકરણ માટે કઈ કઈ યોજનાઓ છે? અને આદિજાતિ વિસ્તારમાં પેટા પરાના વીજળીકરણ માટેની કઈ કઈ યોજનાઓ છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આજની તારીખમાં જયાં નોન ટ્રાયબલ એરિયા હોય એની અંદર ૧૫ અરજી આવી હોય અને ટ્રાયબલ એરિયાની અંદર ૧૦ અરજી આવી હોય એ જગ્યાએ પેટા પરાની અંદર વીજળીકરણ કરી આપે છે. સરકારની જે નીતિ છે એની અંદર આ કુટુંબ માટે માત્ર જે બી.પી.એલ. કન્ઝયુમર્સ હોય એમાં દોઢ રૂા. ૫૨ યુનિટ આપણે લઈએ છીએ અને પહેલા ૩૦ યુનિટ માટે એમને આ લાભ આપવામાં આવે છે. સરકારની જે યોજનાઓ છે એમાં ટ્રાયબલની અંદર રેગ્યુલર યોજના છે સરકારની સ્ટેટ ગવર્મેન્ટ સ્કીમ છે, ગુજરાત પેટર્ન છે અને નોન ટ્રાયબલની અંદર ઝુંપડપટ્ટી છે. બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્લાન છે. SC ST છે અને આયોજન મંડળ દ્વારા પણ આ કામગીરી કરવામાં આવે છે એટલે રાજય સરકારની જુદીજુદી યોજનાઓ દ્વારા આ કામ હાથમાં લીધેલું છે.

## રાજયના ગેસ આધારિત વીજ મથકોને ગેસ પૂરવઠો

*** ૧૧૩૦૫ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયનાં ગેસ આધારિત વીજ મથકો માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટે ગેસનો કેટલો જથ્થો જરૂરી હતો, અને

(૨) તે પૈકી કેટલો જથ્થો પ્રાપ્ત થયો?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) અને (૨) : રાજયના ગેસ આધારિત વીજ મથકોની વર્ષ ૨૦૦૮-૦૯ માટેની જરૂરિયાત અને પ્રાપ્ય થયેલ ગેસના પુરવઠાની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | વીજ મથક | જરૂરિયાત (MMSCM) | પ્રાપ્ત થયેલ ગેસ (MMSCM) |
|---|---|---|---|
| ૧ | એસ્સાર પાવર લી. હજીરા | ૫૧૧.૦૦ | ૩૭૯.૬૦ |
| ૨ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હજીરા | ૨૭૩.૭૫ | ૨૩૩.૬૦ |
| ૩ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી. ઉતરાન | ૨૩૨.૬૮ | ૧૭૩.૫૭ |
| ૪ | ગુજરાત પગુથન એનર્જી કોર્પોરેશન પ્રા.લી.ભરૂચ | ૧૧૪૬.૧ | ૪૧૬.૧૦ |
| ૫ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કં.લી.વડોદરા | ૫૬૬.૭૫ | ૩૫૬.૨૫ |
| ૬ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પો. લી. ધુવારણ-૧ | ૧૪૭.૩૬ | ૧૧૦.૭૫ |
| ૭ | ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પો. ધુવારણ-૨ | ૧૫૫.૧૨ | ૧૩૧.૧૭ |
| ૮ | એનટીપીસીલી. જાનોર ગેસ પાવર સ્ટેશન | ૧૧૩૫.૧૫ | ૬૫૩.૩૫ |
| ૯ | એનટીપીસીલી. કવાસ ગેસ પાવર સ્ટેશન | ૧૧૨૭.૮૫ | ૧૧૬.૮૦ |

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રાપ્ત થયેલ ગેસ કયાંથી મેળવવામાં આવ્યો અને ખૂટતો ગેસ કયાંથી મેળવીએ છીએ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં જે ગેસ પ્રાપ્ત થયેલો છે એ જુદાજુદા સોર્સીસથી આપણે લઈએ છીએ. એક, દરેક મથક માટે જુદાજુદા સોર્સીસથી જી.એસ.પી.સી. કે કંપની ડાયરેકટલી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. એક છે પેટ્રોનેટ એલએનજીનું આપણું ટર્મીનલ છે એમાંથી મળે છે. બીજું છે પન્ના, મુકતા, તાપી જે સભ્યશ્રીએ પહેલા સવાલ પૂછયો એમાંથી આપણને માત્ર .૩૬ MMSCMD મળે છે. જે માનનીય સભ્યશ્રીએ પૂછયો હતો પેટ્રોનેટ એલએનજી પાસે ૨.૨૩ છે. એપીએમગેસ છે. જી.એસ.પી.સી. નીકો છે. CAIRN ગેસ છે એટલે ટોટલ ગેસ અવેલેબલ જે છે એ ૬.૩૧ છે. હમણાં આર.આઈ.એલ.નો જે ગેસ ચાલુ થયો એ ૫.૨૬ છે. આમ કરીને કુલ અત્યારે આપણને ૧૧.૫૭ MMSCMD ગેસ મળે છે. જે deficit છે એ ૪.૨ છે. એ short term purchase અથવા આપણે imported gas spot માં બહારથી લઈએ છીએ અને આપણા પ્લાન્ટ સંપૂર્ણપણે ચાલે એ પ્રમાણે આપણે વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીઓને એ જાણ કરવી છે કે આપણા પ્લાન્ટોને તો ગેસ કેન્દ્ર સરકાર પૂરેપૂરો આપતા નથી પરંતુ કેન્દ્ર સરકારના ગુજરાતમાં સ્થપાયેલા પ્લાન્ટોને પણ એ પૂરો ગેસ આપતા નથી. એન.ટી.પી.સી.નો જનોર હોય અને કવાંસ હોય આ કવાંસને પણ એ લોકો પૂરો ગેસ અત્યારે પહોંચાડતા નથી અને આજની તારીખમાં રીલાયન્સ અને પછી પણ એ લોકો સંપૂર્ણપણે પ્લાન્ટ લોડ ફેકટર પર ચાલતા નથી અને એ લોકો પણ અત્યારે ઓછા પ્લાન્ટ લોડ ફેકટર પર ચલાવે છે અને એના કારણે ગુજરાતને ઓછી વીજળી મળે છે એટલે જે કેન્દ્ર સરકારની નીતિ છે એ નીતિની અંદર ઘર વપરાશની વીજળીના ભાવ ઘટાડવા કરતા મોટા ઉદ્યોગકારોને ઘણો ગેસ આપવાનો પણ નીતિમાં સમાવેશ છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેન્દ્ર સરકારને ગેસ માટેની કોઈ માગણી કરી છે કેકેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ઘણા વર્ષોથી આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા, મારા દ્વારા, અધિકારીઓ દ્વારા અનેક પત્રો લખાયા છે. અનેક વખત વિગતવાર વાતો કરી છે. અનેક વખત ખાતરી પણ અપાઈ છે કે ગુજરાતનો ગેસ છે, ગુજરાતમાં આવેલો છે એમાં સારો એવો ગુજરાતને મળશે. જે આપણે કરાર કર્યા હતા અને એ લાંબાગાળાના કરાર હતા એ લોકોએ કરારમાં નીતિ બદલી અને પુલીંગ ઓપરાઈઝ કર્યા અને પુલીંગ ઓપરાઈઝ કર્યા અને એમાં પણ આપણને ખૂબ મોટો ફટકો પડયો અને એ ફટકાની પણ ખૂબ મોટી રજૂઆતો આપણે કેન્દ્ર સરકારને કરી છે પરંતુ હજુ સુધી કેન્દ્ર સરકારે કોઈ નિર્ણય લીધો નથી.

**ડૉ. કનુભાઈ વા. કળસરીયા** : મારે આપના માધ્યમથી જાણવું છે કે આ જે ગેસ ફાળવવામાં આવે છે. ગુજરાત રાજયને આપણે લેવો પડે છે. એના ભાવ ગુજરાતના અને બીજા રાજ્યોના એક સરખા હોય છે? જે જે મથકોને ફાળવવામાં આવે છે એ બધા મથકો માટે એક જ ભાવ કે જુદા જુદા હોય છે?

**શ્રી સૌરભ પટેલ** : જે સૌથી સસ્તા ગેસનો ભાવ છે એ એપીએમ છે. એ ગેસ આપણને ફાળવણી જેમ બૉમ્બેનું મેં કહ્યું કે બૉમ્બેને વ્હીકલ પાઈપ્ડ નેચરલ ગેસમાં અને દિલ્હીને એ રીતે ફાળવણી કરવામાં આવે છે. એવી ફાળવણી અમદાવાદ શહેરને કરવામાં આવતી નથી. એ માગણી કરી છે, એપીએમ માટે અને બાકીના ગેસમાં ભાવ જુદા જુદા હોય છે. બીજું ઘણા રૂ.ની અંદર ભાવ આપ્યા હોય છે. ઘણા ડોલરની જોડે આપતા હોય છે. ડોલરની જોડે આપતા હોય ત્યારે દર મહિને કે દર ૩ મહિને એ લોકોનો જે પ્રમાણે કોન્ટ્રાક્ટ હોય એ પ્રમાણે ડોલર એ ઉપર જાય કે નીચે જાય એ પ્રમાણે ગેસના ભાવમાં ફેરફાર થાય છે. બીજું ટ્રાન્સમીશનમાં જે કેન્દ્ર સરકારની નીતિ છે. એની અંદર આપણી પાસે જે ભાવ લેવામાં આવે છે. નજીકના વિસ્તારોમાં લેવામાં આવે છે એ ભાવ ઘણા ઊંચા છે. દિલ્હી ગેસ લઈ જાય છે અને દિલ્હીમાં જે લેવામાં આવે છે અને જે તફાવત જોઈએ તે

તફાવત રાખ્યો નથી, પરંતુ આપણે રજૂઆત કરી છે. આવતા દિવસોમાં રેગ્યુલેટરી બોડી આખા જ ડિસ્ટ્રિબ્યુશનની ગેસની નીતિ બનાવવા જઈ રહી છે. આપણે ઇચ્છીએ કે એ નીતિમાં ગુજરાતને ટ્રાન્સમિશન ઑફ ગેસની અંદર સંપૂર્ણપણે ન્યાય મળે.

**રાજકોટ શહેરમાં સી.એન.જી. વાહનોની નોંધણી**

***૧૧૩૫૪ શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી**(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજકોટ શહેરમાં રિક્ષા અને અન્ય વાહનોમાં સી.એન.જી.નો ઉપયોગ કરવાની મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા સી.એન.જી. વાહનોનું રજિસ્ટ્રેશન થયેલ છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી :**

(૧) રિક્ષાઓ અને અન્ય વાહનોની સી.એન.જી. માં ઉપયોગ કરવા માટે નવાં વાહનો માટે(Company Fitted ) મંજૂરી લેવાની રહેતી નથી. જ્યારે રૂપાંતરિત થયેલ વાહનોના કિસ્સામાં વાહનોમાં સી.એન.જી.નો ઉપયોગ કરવામાટે વ્હીકલ કાયદા-૧૯૮૮ ની કલમ-૫૨ માં કરવામાં આવેલ જોગવાઈને આધીન મંજૂરી આપવામાં આવે છે.

(૨) કુલ ૭,૨૪૮ વાહનોનું સી.એન.જી. માં રજિસ્ટ્રેશન થયેલ છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : સૌથી પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રી અને પેટ્રોલિયમ મંત્રીશ્રીને અભિનંદન આપીશ. કહ્યા પ્રમાણે મોરબી અને રાજકોટ જિલ્લામાં સી.એન.જી. ગેસનું ફિલિંગ સ્ટેશન અને ગેસનું કાયાન્વિત શરૂ થયું. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રિક્ષા અને અન્ય વાહનોમાં સી.એન.જી. વપરાશથી શું શું ફાયદા થાય છે? તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ રાજકોટમાં કયા કયા પ્રકારના કેટલા વાહનોમાં સી.એન.જી.માં રજિસ્ટ્રેશન થયું. વધારાના ગેસની ડિમાન્ડ છે, તે પ્રમાણે વધારાના ફિલિંગ સ્ટેશનો ઊભાં કરવા માટે રાજ્ય સરકારે નક્કી કર્યુ છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : હું આ ગૃહના સૌ સભ્યોને જણાવતા આનંદ અનુભવું છું કે સમગ્ર દેશની અંદર ગુજરાત એક માત્ર રાજ્ય છે કે કોર્ટના કોઈ આદેશ વગર કમ્પલસરી સી.એન.જી. રિક્ષાઓ ચલાવવાની આ રાજયમાં શરૂઆત થઈ છે. બધા જ રાજયની અંદર શરૂઆત થઈ એ કોર્ટના કોઈને કોઈ ઑર્ડરના આધાર ઉપર નક્કી કરેલ સમય મર્યાદાની આધાર ઉપર અને એની અંદર Contempt ની અરજીઓ થયા પછી શરૂ થઈ છે. ગુજરાત એકમાત્ર રાજય છે કે પોતે ઈનિશિયેટિવ લઈને આ કામગીરી હાથ ઉપર લીધી છે. એના પરિણામે ખૂબ સુંદર પરિણામો મળ્યાં છે અને ટેકનિકલ ભાષામાં આર.એસ.પી.એમ. જે માપવાની પદ્ધતિ છે એ માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મિટર વપરાય છે અને છેલ્લા ૫ વર્ષથી કાર્યક્રમ ચાલ્યો. એના લીધે આ આર.એસ.પી.એમ. એ માઈક્રો ગ્રામ પ્રતિ ક્યુબિક મિટરની માત્રા જે હતી તે ૨૦૦૫ માં ૧૩૪ હતી, ૨૦૦૬ માં ૯૬ થઈ, ૨૦૦૭ માં ૮૩ થઈ અને ૨૦૦૮ માં ૮૦ થઈ, એટલે ૧૩૪ થી ૮૦ જેટલો ઘટાડો આ અમદાવાદ શહેરમાં સી.એન.જી. વાહનોના ઉપયોગના લીધે થઈ છે. ૨૦૦૧ માં સમગ્ર દેશની અંદર અમદાવાદ એ ચોથા ક્રમનું ઉપરથી ચોથા ક્રમનું પ્રદૂષિત શહેર હતું. ૨૦૦૮ માં સરવે આવ્યો. ૬૬ માં ક્રમમાં પ્રદૂષણની માત્રામાં આપણે નીચે ઊતર્યા છીએ અને આના ઉપરથી ખબર પડે છે કે સી.એન.જી. વાહનોના નિર્ણયથી અમદાવાદના અને ગુજરાતના નાગરિકોના સ્વાસ્થ્યની અંદર ઝેર જતું હતું તે ઝેર અટકાવવામાં સરકારે કેટલો મોટો રોલ અદા કર્યો છે. ભૂરેલાલ કમિટીના નામે ઓળખાતી એન્વાયરમેન્ટ પોલ્યુશન પ્રિકોશન કમિટી છે, અમદાવાદની અંદર હવા પ્રદૂષણમાં નિયંત્રણની કાર્યવાહી થઈ છે. તેણે ૨૦૦૮ ના રિપૉર્ટમાં બહુ સારી રીતે સંતોષ વ્યક્ત કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અને જે એકમાત્ર શહેર એવું છે કે તેના માટે સંતોષ વ્યકત કરવામાં આવ્યો છે. સી.એન.જી.વાહનોનો ઉપયોગ શરૂ કરવાના લીધે ગરમીનું પ્રમાણ જે વધતું હતું પેટ્રોલ અને ડીઝલ વાહનોના લીધે તેની અંદર ખાસ્સો ઘટાડો આવ્યો છે અને ગ્લોબલ વોર્મિંગની જે સંભાવનાઓ હતી તે ઘટાડવામાં આપણે એક દેશની નવી દિશા બતાવી છે. બીજો પ્રશ્ન સભ્યશ્રીએ પૂછયો કે ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટની અંદર કેટલા સી.એન.જી.વાહનો નવા રજીસ્ટ્રેશન થયા અને કેટલા રૂપાંતરિત થયા? તેમાં ઓટો રિક્ષાનો જયાં સુધી પ્રશ્ન છે તેમાં ૩૮૮૪ ઓટો રિક્ષાઓ નવી રજીસ્ટર થઈ છે અને ૧૩૫૨ ઓટો રિક્ષાઓને કીટ બેસાડીને રૂપાંતરિત કરવામાં આવી છે એમ કુલ ૫૨૩૬ વાહનો ઓટો રિક્ષા રજીસ્ટર થઈ છે. પેસેન્જર બસ નવી રજીસ્ટર થયેલી બધી જ ૪૫ બસો સી.એન.જી. રજીસ્ટર થઈ છે અને મોટરકાર તે રૂપાંતરિત કરવી પડતી હોય છે. કારણકે હજી સી.એન.જી.મોટરકારના મોડલો બજારની અંદર આવ્યા નથી એટલે કીટ બેસાડવી પડતી હોય છે. તેમાં ૧૯૬૭ મોટરકાર વાહન ચાલકોએ સી.એન.જી.કીટ બેસાડવાનું પસંદ કર્યુ છે. આમ કુલ ૭૨૪૮ વાહનોની અંદર સી.એન.જી.નો વપરાશ ચાલુ થયો છે. ત્રીજો પ્રશ્ન પૂછયો કે ગેસની ઉપલબ્ધતા તો ૨૦૧૦ સુધીમાં રાજયના દરેક મોટા સેન્ટર પર સી.એન.જી. ગેસ ઉપલબ્ધ થાય તે પ્રકારનું આયોજન રાજય સરકારનું છે. તેને સમાંતરે અમે

એસ.ટી.ને પણ ધીરે ધીરે નવી બસો જે ખરીદાય તેની અંદર સી.એન.જી. બસોની માત્રા વધારતા જઈએ છીએ અને જયાં આગળ ગેસ અવેલેબલ થાય તે બસ ડેપોની એસ.ટી.ઓને સી.એન.જી.માં રૂપાંતરિત કરવાની કાર્યવાહી સમાંતરે ચલાવી વધુને વધુ પ્રદૂષણ આખા ગુજરાતમાં ઘટે તે દિશામાં અમારા પ્રયત્નો છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સી.એન.જી. ગેસ હોય કે એલ.એન.જી. ગેસ હોય આખા ગુજરાતમાં વધારેમાં વધારે નેટવર્ક હોય તો મારા મત વિસ્તારમાં છે. તે બદલ રાજય સરકારને અભિનંદન આપું છું. જે સી.એન.જી. પંપો મોરબી અને રાજકોટ જિલ્લામાં ઘણા બન્યા છે. પણ એસ.ટી. સી.એન.જી.ની છે પણ લોકલ પંપ હોવાના કારણે અને ટ્રાફીક હોવાના કારણે એસ.ટી.ને સી.એન.જી. ગેસ પુરાવવા લાંબો ટાઈમ લાઈનમાં ઉભું રહેવું પડે છે એટલા માટે રાજય સરકાર આ ગેસ કંપની સાથે ટાઈઅપ કરીને દરેક ડેપોમાં સી.એન.જી. પંપ બનાવવા જોઈએ, અને તેમાં જગ્યા પણ વધારે જોઈતી નથી તો આવી કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા ડેપોમાં આ કાર્યવાહી પૂરી થઈ છે અને બાકીના ડેપામાં અમે તાત્કાલિક કરવા માગીએ છીએ અને તેની પ્રક્રિયા પણ ચાલુ છે.

### ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો

***૧૧૩૨૫ શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે..,

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજયમાં ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા કેટલા અને કયા કયા વીજમથકો કાર્યરત છે, અને

(૨) તેમની સ્થાપિત ક્ષમતા કેટલી છે?

(૩) તે વીજ મથકોને કેન્દ્ર તરફથી રિલાયન્સ કે.જી.બેઝિનમાંથી ગેસનો કેટલો જથ્થો નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ફાળવવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)**

(૧) અને (૨)

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજયમાં ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા કુલ ૮ વીજ મથકો કાર્યરત છે. તેની સ્થાપિત ક્ષમતા નીચે જણાવ્યા મુજબ છે.

| અ.નં. | વીજ મથકનું નામ અને સ્થળ | સ્થાપિત ક્ષમતા(મે.વો.) ગુજરાતરાજયનો હિસ્સો |
|---|---|---|
| | **ઊએસઈએલ** | |
| ૧ | ધુવારણ ટીપીએસ, ધુવારણ, જિ.આણંદ | ૨૧૯ |
| ૨ | ઉતરાણ ટીપીએસ(નવું) ઉતરાણ જિ.સુરત | ૧૩૫ |
| | સ્વતંત્ર વીજ મથકો (ખાનગી સાહસો) | |
| ૩ | ઊઆઈપીસીએલ, વડોદરા | ૩૧૦ |
| ૪ | એસ્સાર પાવર(૫૧૫ મે.વો) હજીરા, જિ.સુરત | ૩૦૦ |
| ૫ | જીપેક-પગુથન, જિ.ભરૂચ | ૬૫૫ |
| ૬ | જીસેગ | ૧૫૬ |
| | કેન્દ્રીય સાહસો( ગુજરાતનો હિસ્સો | |
| ૭ | એનટીપીસી-કવાસ(૬૪૪ મે.વો) કવાસ, જિ.સુરત | ૧૮૭ |
| ૮ | એનટીપીસી-જનોર, (૬૪૮ મે.વો) જનોર જિ.ભરૂચ | ૨૩૭ |
| | કુલ | ૨૧૯૯.૦૦ |

(૩) રીલાયન્સ કે.જી.બેઝિનમાંથી કાયમી ધોરણે ૪.૯૪ અને બિનકાયમી ધોરણે ૨.૦૭ એમ કુલ૭.૦૧ એમએમએસસીએમડી ગેસનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગેસ ડીસ્ટ્રીબ્યુશન કરતી મોટી કંપનીઓ કઈ છે? બીજો પ્રશ્ન છે કે વડોદરા શહેરમાં ૫૦ મીટરે ગેસ મળે છે. ભૂતકાળમાં એક ફેમીલીએ પાણી માટે ખોદાણ કર્યુ, પાણી મેળવવા માટે બોરીંગ કરાવ્યું તો બોરીંગ કરતાં તેમાંથી ગેસ નીકળ્યો. એટલે વડોદરા શહેરમાં ગેસ પુષ્કળ પ્રમાણમાં છે તો તે માટે કઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે એકસ્પ્લોરેશન વિસ્તાર છે તેમણે સભ્યશ્રીએ બીજા પ્રશ્નમાં પૂછયું તે કયા બ્લોકસને એકસ્પ્લોર કરવું તેનો કેન્દ્ર સરકાર નિર્ણય લે છે અને તેની નીતિ પ્રમાણે તે બ્લોકસનું તે લોકો બીડીંગ કરે છે. તે બીડીંગ કરતા પહેલાં બ્લોકસનો સરવે કરવામાં આવે છે અને સરવે કર્યા પછી કેટલો ગેસ છે અને કેટલું ઓઈલ છે તે બધું જ સરવેમાં તે લોકો સંશોધન કરે છે અને પછી બ્લોકસ બીડીંગ ઉપર મૂકે છે. તે બીડીંગ કેન્દ્ર સરકાર કરે છે ત્યારે ચોકકસ જે સભ્યશ્રીએ બરોડાની વાત કરી તેની અંદર તે લોકોએ લીધું છે કે નહીં મને ખ્યાલ નથી. પણ હું તેનું ધ્યાન રાખીશ. બીજો પ્રશ્ન પૂછયો કે કયા કયા રાજયની અંદર કંપનીઓ ડીસ્ટ્રીબ્યુશન કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બે ટાઈપના ગ્રિડ હોય છે, એક મોટીવ ટ્રાન્સમીટ કરે ગેસને, એક ગ્રિડ હોય છે એમાં સૌથી મોટા ગુજરાતમાં સૌથી વધારે કરતું હોય કામ તો એ આપણી જીએસપીએલ કંપની કરી રહી છે. અને ખાનગીની અંદર એ ડિસ્ટ્રીબ્યુશન અંદર ગેઈલ પણ કરતી હોય છે, અને હમણાં રિલાયન્સે પણ થોડીક પાઈપલાઈન નાખી છે, અને ગુજરાત ગેસે પણ થોડુક ટ્રાન્સમીશનનું કામ હાથમાં લીધું છે ત્યારે જે ડિસ્ટ્રીબ્યુશનનું કામ કરીએ છીએ એની અંદર સૌથી મોટી જો કરતું હોય તો એ જીએસપીસીની સબસીડયરી કંપની જીએસપીસી ગેસ કંપની લિમિટેડ કરે છે, અદાણી એનર્જી કરે છે, સાબરમતી ગેસ કંપની કરે છે, ગુજરાત ગેસ કંપની કરે છે. હિન્દુસ્તાન પૅટ્રોલિયમ કોરપોરેશન કરે છે, અને ચરોતર ગેસ સહકારી મંડળી કરે છે, દરેક જણ પોતપોતાના વિસ્તારની અંદર આ પ્રમાણેનું ગેસનું ડિસ્ટ્રીબ્યુશન કરીએ છીએ પણ સૌથી મોટું કામ અને નાનામાં નાની વ્યકિતને ગેસ પહોંચે એની જો વ્યવસ્થા કરવાનું આયોજન કર્યુ હોય તો એ જીએસપીસી ગેસ કંપનીએ કરી છે, જીએસપીએલ કંપની જે ટ્રાન્સમીશન કંપની નૅટવર્ક નાખી રહી છે, એ ટ્રાન્સમીશન કંપની એકેએક જિલ્લામાં બે વર્ષની અંદર કામ પૂરું કરવાની છે, અને એ ટ્રાન્સમીશન કંપનીનો લાભ આ ડિસ્ટ્રીબ્યુશન કંપની લે છે અને દરેક નગરપાલિકા હોય, એ નજીકમાં વિસ્તાર હોય, એ નજીકના વિસ્તારોની અંદર આ ગેસ ડિસ્ટ્રીબ્યુશનનું કામ હાથમાં લીધેલું છે. આપણે ઇચ્છીએ છીએ કે દરેક નગરપાલિકાને વહેલામાં વહેલી તકે મળે એટલે સરકારની અંદર આ કંપનીને એ પ્રમાણેનું આયોજન કરવાનું કહ્યું છે કે, ટ્રંક લાઈન પહોંચે એ વખતે ડિસ્ટ્રીબ્યુશન નૅટવર્કનું કામ જોડે જોડે ચાલતું હોય એટલે જેવી ટ્રંક લાઈન પહોંચે એવો ગેસ ચાલુ થાય, એ પ્રમાણેનું આયોજન કરવાનું સરકારશ્રીમાંથી આ કંપનીને સૂચના આપી છે અને આવતા બે વર્ષની અંદર બહુ મોટા પાયે નવા ગેસ કનેકશનો આપવામાં આવશે, સીએનજીના સ્ટેશનો નાખવામાં આવશે, અને સંપૂર્ણ લાભ છેવાડાના માનવીને મળશે.

માનનાય અધ્યક્ષશ્રી, આમાં સીએનજીના સ્ટેશન બાબતે અગાઉના માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી તો આપણે બે જાતના સીએનજી સ્ટેશનો નાખવાનો વિચાર કરીએ છીએ. એક મધર્સ સ્ટેશન અને એક ડોટર્સ સ્ટેશન, એ મધર્સ સ્ટેશન છે એની અંદર પાઈપલાઈનની કનેકટીવીટી ડાયરૅક્ટ હોય છે, પરંતુ દરેક જગ્યાએ કનેકટીવીટી ના હોય તો એ વિસ્તારને સીએનજીનો લાભમાંથી રહી ન જાય એના માટે આપણે ડોટર્સ સ્ટેશન પણ આપણે બીજા વિસ્તારમાં નાખીશું, અને એની જે સીએનજીની જરૂરિયાત છે, એ આપણે ટૅન્કર દ્વારા આપણે એમને ટ્રાન્સફર કરીશું અને એ વિસ્તારોની અંદર પણ સીએનજીનો ખૂબ મોટા પ્રમાણની અંદર ઉપયોગ થયા એવા આપણે નવા સીએનજી સ્ટેશનો નાખવાનું કામનું આયોજન પણ હાથમાં લીધું છે.

**આર.ટી.ઓ કચેરી, મહેસાણાની આવક**

*** ૧૧૩૪૧ શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) મહેસાણા આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલી છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો કયાં છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી ( રાજ્યકક્ષા ) :**

(૧)

| **નાણાકીય વર્ષ** | **આવક (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૮૧૭.૨૪ |
| ૨૦૦૭-૦૮ | ૨૯૧૩.૦૯ |
| ૨૦૦૮-૦૯ | ૨૯૮૨.૫૭ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપ દ્વારા જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં જે આરટીઓ કચેરી છે, એનું ઈન્ફાસ્ટ્રકચર શું છે અને એમાં કેટલી જગ્યાઓ ખાલી છે, અને એને ભરવાનું આયોજન શું છે? મારે વિશેષ ચિંતા એ કરવાની છે કે, તાજેતરમાં વિસનગરથી ગોજારીયા રોડ એક ભાડાની જીપમાં આઠથી દશ વિદ્યાર્થીઓ અકસ્માતનો ભોગ બન્યા..

**અધ્યક્ષશ્રી** : માનનીય અનિલભાઈ, આ આરટીઓ કચેરી, મહેસાણાની આવકનો પ્રશ્ન છે એની અંદર આપ આના માટે બીજી નોટિસ આપજો.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, એના ઇન્ફાસ્ટ્રકચર દ્વારા આ ટ્રાફિકના અકસ્માતો કેમ ઘટે એના માટે આરટીઓ કચેરી કોઈ શૈક્ષણિક કાર્યક્રમો કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે એની અંદર મહેસાણા, આરટીઓ ખાતે નીચે મુજબનું ઈન્ફાસ્ટ્રકચર છે, એક તો કચેરીનું પાકું મકાન, જેમાં કેશ રૂમ, ઈન્સ્પેકટર રૂમ, રેકોર્ડ રુમ, સ્માર્ટકાર્ડ માટેની જુદી જુદી શાખાઓના રૂમ, અને બીજી બધી કરદાતાઓની સુવિધા માટેની વ્યવસ્થા પણ એની અંદર છે, મોટરરીંગ પબ્લીક માટે બેસવા માટેની વ્યવસ્થા છે, પીવાના પાણીની વ્યવસ્થા છે, શૌચાલયની પણ પૂરતી વ્યવસ્થા છે, વિશાળ પાર્કિંગ અને ડ્રાઈવિંગ ટેસ્ટ માટે પૂરતી જગ્યાનું કંપાઉન્ડ પણ છે અને પાકી કંપાઉન્ડ વોલ કરવાનું કામ પણ પૂરૂં કરી લેવામાં આવ્યું છે અને વન વિભાગ દ્વાર લોક સહયોગથી ત્યાં ગાર્ડન પણ બનાવવામાં આવ્યો છે, અને વૃક્ષારોપણનું કામ પણ આ વખતે હાથ ધરવામાં આવ્યું છે. જયાં સુધી મહેકમનો સવાલ છે ત્યાં સુધી વર્ગ એકની એક જગ્યા મંજૂર થયેલી છે, જે ભરાયેલી છે. જે ભરાયેલી છે, વર્ગ-૨ની ૬ છે જે ભરાયેલી છે, વર્ગ-૩ની ૪૭ છે એમાંથી ૪૩ ભરાયેલી છે અને વર્ગ-૪ની ૭ જગ્યાઓ છે અને એ ૭ જગ્યાઓ ભરાયેલી છે. આમ કુલ ૬૧નું મહેકમ મંજૂર થયેલું છે એમાંથી ૫૪ જગ્યાઓ ભરાયેલી છે અને ૭ જગ્યાઓ ખાલી છે. ખાલી જગ્યાઓ ભરવા માટે એમાં મહેસાણા જિલ્લામાં ભરતી ના શક્ય બને પરંતુ સમગ્ર રાજ્યની ભરતીને ધ્યાનમાં રાખી સીધી ભરતીથી ભરવા માટે જાહેર સેવા આયોગ અને ગૌણ સેવા પસંદગી મંડળ બંનેને માગણી પત્રકો મોકલેલા છે અને નિયત સમયમાં એ લોકો ભરતી કામ પૂરું કરવાની ખાતરી પણ આપી છે અને બઢતીથી ભરવાની વાત છે એમાં વહિવટી પ્રક્રિયા ચાલુ કરી દીધી છે અને સરકારના અન્ય વિભાગોમાંથી પ્રતિનિયુકિતથી આ વિભાગમાં જે વિભાગમાં ફાજલ પડયા હોય તેમાંથી ભરવાની જ્યા શક્યતાઓ હોય એ પણ તપાસી એ રીતે ભરવાનું પણ રાજ્ય સરકારે આયોજન કરેલ છે. બીજો પ્રશ્ન અનિલભાઈએ ઉપસ્થિત કર્યો અકસ્માતનો, લોકો સલામત મુસાફરી કરે એના માટે રાજ્ય સરકારે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી મેં એ એલાઉ નથી કર્યો, આપને જવાબ આપવો હોય તો બરાબર છે. હું એટલા માટે આ કહું છું કે જો આપણે પૂરક પ્રશ્નની મર્યાદા નહીં રાખીએ તો પછી પૂરક પ્રશ્નો અનેક પ્રકારના આવશે અને તે વખતે આપણને મુશ્કેલી પડશે. નેકસ્ટ.

## ધારી તાલુકાના પેટા પરાઓનું વીજળીકરણ

***૧૧૩૨૧ શ્રી મનસુખભાઈ પાં. ભુવા(ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે,

(૧) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન અમરેલી જિલ્લાના ધારી તાલુકાના કેટલા પેટાપરાંઓમાં વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) બાકી રહેલ પેટાપરાંનું વીજળીકરણ કયાં સુધીમાં કરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)** :

(૧) (૨) અને (૩) :

જિલ્લા પંચાયત દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં ૨૧ પેટાપરાં પૈકી ૧૮ પેટાપરાંઓનું રૂા.૨૭ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ છે. જ્યારે બાકી રહેતા ૩ પેટાપરાં વસતિ વિહોણા હોવાથી વીજળીકરણ કરવાનું રહેતું નથી.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા** : માનનીય અધ્યક્ષશ્રી, ધારી તાલુકામાં જે પેટાપરાંઓનું ૨૧પૈકી ૧૮નું વીજળીકરણ પૂર્ણ કરેલ છે એ બદલ ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અમરેલી જિલ્લાના તાલુકાવાઈસ કેટલા પેટાપરાંઓ છે એમાંથી કેટલાં પેટાપરાંઓનું વીજળીકરણ થયેલ છે? બીજું ગરીબી રેખા નીચે જીવતા જે કુટુંબો છે એને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવી છે કે કેમ? એ સિવાય સિંગલ ફેસનો વીજળીકરણનો પ્રશ્ન છે ત્યારે ખેતીવાડીમાં પણ સિંગલ ફેસ વીજળીકરણ આપણે કરીએ છીએ એમાં ખેતીવાડીમાં તાજેતરમાં જે એક ફિડરમાં ૨૦ કનેકશનો ગ્રાહકો લે તો એમને એ ફિડર ચાલુ રાખવામાં આવે છે પરંતુ અમારા ગીર વિસ્તારમાં આવી માગણી માટે ગ્રાહકો પૂરા થતા ન હોય તો થોડા પણ આવા ગ્રાહકો થાય તો એના માટે આ રીતે વીજળીકરણ ચાલુ રાખવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો જે પહેલો સવાલ હતો કે જિલ્લાની અંદર કુલ તાલુકાવાઈસ પેટા પરા કેટલા? તો અમરેલીમાં ૧૦૨ છે એમાંથી ૧૦૧નું કામ પૂર્ણ થયેલ છે, બાબરામાં ૨ એમાં બંને થયેલા છે, બગસરામાં એક પણ પેટાપરાં નથી, ધારીમાં ૨૧માંથી ૧૮ થયેલા છે, ઝાફરાબાદમાં એક પણ નથી, ખાંભામાં બેમાંથી બે થયેલા છે, કુંકાવાવમાં ૨૫માંથી ૨૫ થયેલા છે, લાઠીમાં ૩૦માંથી ૩૦, લિલિયામાં ૨૦માંથી ૨૦, રાજુલામાં ૪૦માંથી ૪૦ અને સાવરકુંડલામાં ૨૭માંથી ૨૫ થયેલા છે. આમ, ૨૬૯માંથી ૨૬૩ પેટાપરાંઓનું કામ પૂરું થયેલ છે. ૬ પેટાપરાંનું કામ જે બાકી બતાવવામાં આવ્યું છે એમાં જે ધારી તાલુકાના ૩ પેટાપરાં છે એમાં કોઈ વસતિ આજની તારીખમાં રહેતી નથી એટલે એ થયેલ નથી અને અમરેલી તાલુકાનું એક પેટાપરાં અને ૨ સાવરકુંડલાના છે એની કોઈ અત્યારે માગણી આવેલ નથી અને આવતા દિવસોમાં માગણી આવશે તો આપણે ચોક્કસ કરીશું. આ ઉપરાંત આપણે તપાસ કરીને જોવડાવી લઈશું કે, એની અંદર ધોરણ પ્રમાણે હોય તો આપણે સામેથી એકિટવલી થઈને કનૅક્શન આપી દઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, જે એમણે ખેતરમાં રહેતા ખેડૂતો માટે વીજળીના સિંગલ ફેસની વાત કરી, દરેક ફિડર ઉપર ઘણાં બધા ખેડૂતોને વીજળીના કનૅક્શન સિંચાઇ માટે આપતા હોઈએ છીએ આમાંથી ઘણાં ખેડૂતો

ખેતરમાં રહેતા હોય છે એના માટે આપણે સિંગલ ફેસનું કનૅક્શન આપતા હોઈએ છીએ, પરંતુ જ્યારે ફિડર ઉપરથી ચાલુ કરવામાં આવે છે ત્યારે દરેકને ત્યાં આ વીજળી પહોંચતી હોય છે અને કોઈ માગણી ન આવી હોય એટલે આપણે આપતા નથી એનું કારણ છે કે, ખેડૂતો માગણી કરે છે એટલે એ લોકોને ફરજિયાત મીટર લેવું પડે છે અને મીટર લે તો એમણે બિલ ભરવું પડે છે. આમ એ લોકોને બિલ ભરવું ન હોવાના કારણે એ લોકો માગણી કરતા નથી. એટલે રાજ્ય સરકારે નિર્ણય લીધો કે ઘણાં બધા ખેડૂતોમાંથી માત્ર દસ ખેડૂતો આપણને અરજી કરે અને એ લોકો માગણી કરે તો આપણે એમની માગણીના આધારે સિંગલ ફેસ કરી આપીશું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### નાયબ નિયામકની ખાલી જગ્યાઓ

૧૧૪૪૮**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ માહિતી નિયામકશ્રીની કચેરીમાં નાયબ માહિતી નિયામકની કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી ખાલી છે, | (૧) (૧) ૧૯ જગ્યાઓ ભરેલી છે.<br>(૨) ૭ જગ્યાઓ ખાલી છે. |
| (૨) તે પૈકી સાબરકાંઠા જિલ્લાની નાયબ માહિતી નિયામકની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૨) બે વર્ષ અને છ માસથી (તા.૧૭-૧-૦૭ થી). |
| (૩) એક જગ્યાએ પાંચ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા હોય તેવા કેટલા અધિકારીઓ છે ? | (૩) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ - ૫ (પાંચ). |

------------

૨

*** સભ્યશ્રીએ પ્રશ્ન પાછો ખેંચેલ છે**

### ખાણ અને ખનીજ ખાતામાં નકલી રોયલ્ટીનું ચલણ

૧૧૨૭૩**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાણ અને ખનીજ ખાતામાં નકલી રોયલ્ટી ચલણ બનાવી બોક્સાઈટ ખનીજની ગેરકાયદેસર નિકાસ કરી કૌભાંડ આચરવાના કેટલા કિસ્સા સરકારના ધ્યાને આવ્યા, અને | (૧) ૧ (એક). |
| (૨) આ બાબતે સરકારે શાં પગલાં લીધાં અથવા લેવા માંગે છે ? | (૨) આ બાબતમાં તા.૨૪-૧-૦૯ના રોજ પોલીસ સ્ટેશન, પોરબંદર ખાતે ફરીયાદ નોંધાવવામાં આવેલ છે. |

------------

### વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે લોન મેળવવાની અરજીઓ

૧૦૫૪૩ **શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગારોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે લોન / સહાય માટેની માગણીઓ કરી છે, | (૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટિર ઉદ્યોગ અંતર્ગત તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી. |

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | વડોદરા | ૫૩૮૦ |
| ૨. | છોટાઉદેપુર | ૭૭૪ |
| ૩. | પાવી-જેતપુર | ૧૦૦૮ |
| ૪. | સંખેડા | ૬૦૦ |
| ૫. | ક્વાંટ | ૮૦૧ |
| ૬. | નસવાડી | ૨૧૨ |

| | | |
|---|---|---|
| ૭. | શિનોર | ૧૬૨ |
| ૮. | ડભોઇ | ૫૩૨ |
| ૯. | કરજણ | ૪૮૧ |
| ૧૦. | પાદરા | ૫૪૮ |
| ૧૧. | સાવલી | ૩૨૪ |
| ૧૨. | વાઘોડીયા | ૨૨૧ |
| | **કુલ :** | **૧૧૦૪૩** |

(૨) તે પેકી તાલુકાવાર કેટલી માગણીઓ મંજૂર કરી, અને

(૨) તે પેકી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા નીચે મુજબ અરજીઓ બેંકને ભલામણ કરવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | ભલામણ કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | વડોદરા | ૩૨૮૨ |
| ૨. | છોટાઉદેપુર | ૫૯૬ |
| ૩. | પાવી-જેતપુર | ૮૧૪ |
| ૪. | સંખેડા | ૪૫૯ |
| ૫. | ક્વાંટ | ૬૧૮ |
| ૬. | નસવાડી | ૧૫૮ |
| ૭. | શિનોર | ૧૨૫ |
| ૮. | ડભોઇ | ૪૧૮ |
| ૯. | કરજણ | ૩૮૯ |
| ૧૦. | પાદરા | ૪૩૧ |
| ૧૧. | સાવલી | ૨૫૪ |
| ૧૨. | વાઘોડીયા | ૧૭૧ |
| | **કુલ :** | **૭૭૧૫** |

(૩) તે પેકી બેન્કોએ કેટલા અરજદારોને લોન ચૂકવી ?

(૩) તે પેકી બેંકોએ નીચે મુજબ અરજદારોની અરજીઓ મંજુર કરી ચુકવણી કરી.

| અ.નં. | તાલુકાનું નામ | બેંકોએ મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | વડોદરા | ૧૭૮૩ |
| ૨. | છોટાઉદેપુર | ૩૮૧ |
| ૩. | પાવી-જેતપુર | ૫૩૪ |
| ૪. | સંખેડા | ૩૨૧ |
| ૫. | ક્વાંટ | ૩૫૮ |
| ૬. | નસવાડી | ૧૨૦ |
| ૭. | શિનોર | ૮૫ |
| ૮. | ડભોઇ | ૨૬૩ |
| ૯. | કરજણ | ૩૦૭ |
| ૧૦. | પાદરા | ૩૧૫ |
| ૧૧. | સાવલી | ૧૬૩ |
| ૧૨. | વાઘોડીયા | ૯૬ |
| | **કુલ :** | **૪૭૨૬** |

------------

**દરિયાકાંઠાના વિસ્તારોમાં નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૧૧૪૩૦ **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ(ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦માં રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં નવા ૬૬ કે.વી.ના વિદ્યુત સબ સ્ટેશનો સરકાર સ્થાપવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા અને ક્યાં ક્યાં સ્થાપવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ૬૬ કે.વી.ના નીચે મુજબના કુલ ૯ (નવ) નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સબસ્ટેશનનું નામ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ધંધુકા | ધોલેરા |
| ૨ | કચ્છ | માંડવી | તલવાણા |
| ૩ | કચ્છ | માંડવી | નાનીમઉ (દેવપુરગઢ) |
| ૪ | સુરત | ચોર્યાસી | મોરા |
| ૫ | જામનગર | ખંભાલીયા | કંચનપુર |
| ૬ | જૂનાગઢ | વેરાવળ | પાલડી |
| ૭ | જામનગર | જામનગર | બેડ |
| ૮ | ભાવનગર | ઘોઘા | નથુગઢ |
| ૯ | અમરેલી | રાજુલા | કડિયાલી |

**કેન્દ્રના વીજ મથકોમાંથી રાજ્યને વીજ પુરવઠો**

૧૧૩૦૬**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેન્દ્રના વીજ મથકોમાંથી રાજ્યને જે વીજ પુરવઠો ફાળવવામાં આવે છે તે વીજ પુરવઠો ફાળવણીના હિસ્સા પ્રમાણે મળેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના, જી. છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રીય વીજ મથકોમાંથી રાજ્યને ફાળવવામાં આવેલ વીજ પૂરવઠો તેમજ રાજ્યને ખરેખર પ્રાપ્ત થયેલ સરેરાશ વીજ પૂરવઠાની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**(૧) વર્ષ ૨૦૦૬-૦૭**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૧૯૪૫ મેગાવોટ ફાળવણી થયેલ છે તદઅનુસાર રાજ્યને ૧૩૬૩૧ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઈતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૧૮૭૪ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૫૮૩ કરોડનું નુક્સાન થયેલ છે.

**(૨) વર્ષ ૨૦૦૭-૦૮**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૨૦૭૮ મેગાવોટ ફાળવણી થયેલ છે તદઅનુસાર રાજ્યને ૧૪૫૬૩ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઈતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૩૭૬૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૩૨૦ કરોડનું નુક્સાન થયેલ છે.

**(૩) વર્ષ ૨૦૦૮-૦૯**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૨૪૪૫ મેગાવોટ ફાળવણી થયેલ છે, તદઅનુસાર રાજ્યને ૧૭૧૩૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઈતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૫૨૨૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૮૨૨ કરોડનું નુક્સાન થયેલ છે.

| વર્ષ | ફાળવેલ જથ્થો ન મળવાથી થયેલ નુક્સાનની રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૮૩ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૦ |
| ૨૦૦૮-૦૯ | ૮૨૨ |
| કુલ : | ૧૭૨૫ |

આ ઉપરાંત કેન્દ્રીય વીજ ઉત્પાદન એક્મોનો બિન ફાળવેલ હિસ્સો જે ગુજરાતને ફાળવેલ તે મહારાષ્ટ્ર અને દાદરા નગર હવેલીને ફાળવાતા રાજ્યને ૧૪૭૭ કરોડનું નુક્સાન થયેલ છે.

| વર્ષ | રૂ.કરોડમાં |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૫૧૫ |
| ૨૦૦૮-૦૯ | ૪૯૩ |
| કુલ : | ૧૪૭૭ |

આમ ફાળવાયેલ તેમજ બિન ફાળવાયેલ વીજળીનો હિસ્સો રાજ્યને ઓછો મળવાથી નીચે દર્શાવ્યા મુજબ કુલ નુક્સાન થયેલ છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | ફાળવાયેલ હિસ્સો ન મળતા નુક્સાન | બિન ફાળવાયેલ હિસ્સો અન્ય રાજ્યોને ફાળવાતા થયેલ | કુલ |
|---|---|---|---|

| | | નુક્સાન | |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૮૩ | ૪૬૯ | ૧૦૫૨ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૦ | ૫૧૫ | ૮૩૫ |
| ૨૦૦૮-૦૯ | ૮૨૨ | ૪૯૩ | ૧૩૧૫ |
| કુલ : | ૧૭૨૫ | ૧૪૭૭ | ૩૨૦૨ |

(૨) જો ફાળવણીના હિસ્સા પ્રમાણે વીજ પુરવઠો મળેલ ના હોય તો તેના કારણો શાં છે ?

(૨) કેન્દ્રીય ક્ષેત્રના વીજ ઉત્પાદન એકમોને તેમની સ્થાપિત ક્ષમતા પ્રમાણેની વીજળી ઉત્પન્ન કરવા માટે જરૂરી એવું બળતણ નથી મળતું તે કારણે વીજળી ફાળવાયેલ જથ્થા પ્રમાણે મળી શકાતી નથી. ઉપરાંત કેન્દ્રીય વીજ ઉત્પાદક એકમોના બીન ફાળવાયેલ હિસ્સામાંથી ગુજરાતનો હીસ્સો અન્ય રાજ્યોને ફાળવી દીધેલો તે હજુ પણ પૂરે પૂરો પ્રાપ્ત થયેલ નથી.

------------

## બેડી બંદરને ચાર માર્ગીય ધોરી માર્ગથી જોડવા બાબત

૧૦૬૦૭ **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી(જામનગર (રુરલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બેડી બંદરને ચાર માર્ગીય ધોરી માર્ગથી જોડવા અંગે કોઈ કાર્યવાહી સરકાર ધ્વારા કરવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શી કામગીરી થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (અ) ૧.૮૫ કી.મી. લંબાઇના લીંક રોડને ચાર માર્ગીય કરવાનું કામ પૂર્ણતાને આરે છે.
(બ) લીંક રોડથી સમર્પણ સર્કલ સુધીના ૧૨-મીટર પહોળા અને ૫.૨૫ કી.મી. લંબાઇના રસ્તાના કામ પ્રગતિમાં છે.
(ક) વાલસુરાથી લીંક રોડ સુધીના ૪.૪૪ કી.મી. લંબાઇના રસ્તાનું નવિનીકરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

------------

## ભિલોડા તાલુકામાં ખેતી માટે વીજળી

૧૧૪૦૪ **ડૉ અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં ૧. વાંસળી અને મઉ ફીડરમાં ખેતી માટે શિડયુલ પ્રમાણે દિવસે કેટલા ક્લાક વીજળી આપવામાં આવી અને રાત્રે કેટલા ક્લાક વીજળી આપવામાં આવી,

(૨) ખેતી માટે ખેડૂતોને આઠ ક્લાક વીજળી ન આપવાનાં કારણો શાં છે, અને

(૩) સરકાર ઓછામાં ઓછા આઠ ક્લાક વીજળી આપવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) : સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં વાંસળી અને મઉ ફીડરમાં ખેતી માટે શીડ્યુલ પ્રમાણે દૈનિક સરેરાશ ૮ (આઠ) ક્લાક વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. જે પૈકી ગૃપ મુજબ દિવસ અને રાત્રિના સમય દરમિયાન સરેરાશ સરખા ક્લાક વીજપુરવઠો પૂરો પાડવામાં આવે છે.

(૩) કૃષિક્ષેત્રે સામાન્ય સંજોગોમાં આઠ ક્લાક વીજળી અપાતી હોય છે. રાજ્યમાં ઉપલબ્ધ વીજપુરવઠો અને વીજમાંગ વચ્ચે સંક્લન જળવાય તે માટે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડિયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ આઠ ક્લાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તદ્દુપરાંત જ્યારે આઠ ક્લાક કરતાં ઓછી વિજળી આપવામાં આવે ત્યારે તેને પછીના દિવસોમાં સરભર કરી આપવામાં આવે છે. સમયાંતરે પાકની જરૂરિયાતને ધ્યાને લઇને ઉભા પાકને બચાવી લેવા અન્યક્ષેત્રોમાં વીજકાપ મૂકીને પણ ખેડૂતોને જરૂરિયાત મુજબ પૂરતા સમય માટે વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

------------

**કેન્દ્રના વીજ મથકોમાંથી રાજ્યને વીજ પુરવઠો**

૧૧૩૦૭**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેન્દ્રના વીજ મથકોમાંથી રાજ્યને જે વીજ પુરવઠો ફાળવવામાં આવે છે તે વીજ પુરવઠો ફાળવણીના હિસ્સા પ્રમાણે મળેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના, જી. છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રીય વીજ મથકોમાંથી રાજ્યને ફાળવવામાં આવેલ વીજ પૂરવઠો તેમજ રાજ્યને ખરેખર પ્રાપ્ત થયેલ સરેરાશ વીજ પુરવઠાની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**(૧) વર્ષ ૨૦૦૬-૦૭**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૧૯૪૫ મેગાવોટ ફાળવણી થયેલ છે. તદઅનુસાર રાજ્યને ૧૩૬૩૧ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઇતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૧૮૭૪ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૫૮૩ ક્રોડનું નુક્શાન થયેલ છે.

**(૨) વર્ષ ૨૦૦૭-૦૮**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૨૦૭૮ મેગાવોટ ફાળવણી થયેલ છે. તદઅનુસાર રાજ્યને ૧૪૫૬૩ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઇતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૩૭૬૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૩૨૦ ક્રોડનું નુક્શાન થયેલ છે.

**(૩) વર્ષ ૨૦૦૮-૦૯**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૨૪૪૫ મેગાવોટ ફાળવણી થયેલ છે. તદઅનુસાર રાજ્યને ૧૭૧૩૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઇતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૫૨૨૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૮૨૨ ક્રોડનું નુક્શાન થયેલ છે.

| વર્ષ | ફાળવેલ જથ્થો ન મળવાથી થયેલ નુક્શાનની રકમ (રૂ. ક્રોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૮૩ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૦ |
| ૨૦૦૮-૦૯ | ૮૨૨ |
| **કુલ :** | **૧૭૨૫** |

આ ઉપરાંત કેન્દ્રીય વીજ ઉત્પાદન એકમોનો બિન ફાળવેલ હિસ્સો જે ગુજરાતને ફાળવેલ તે મહારાષ્ટ્ર અને દાદરા નગર હવેલીને ફાળવતા રાજ્યને ૧૪૭૭ ક્રોડનું નુક્સાન થયેલ છે.

| વર્ષ | (રૂ. ક્રોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૫૧૫ |
| ૨૦૦૮-૦૯ | ૪૯૩ |

| કુલ : | ૧૪૭૭ |
|---|---|

આમ ફાળવાયેલ તેમજ બિન ફાળવાયેલ વીજળીનો હિસ્સો રાજ્યને ઓછો મળવાથી નીચે દર્શાવ્યા મુજબ કુલ નુકસાન થયેલ છે.

**(રૂ. કરોડમાં)**

| વર્ષ | ફાળવાયેલ હિસ્સો ન મળતા નુકસાન | બિન ફાળવાયેલ હિસ્સો અન્ય રાજ્યોને ફાળવતા થયેલ નુકસાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૮૩ | ૪૬૯ | ૧૦૫૨ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૦ | ૫૧૫ | ૮૩૫ |
| ૨૦૦૮-૦૯ | ૮૨૨ | ૪૯૩ | ૧૩૧૫ |
| કુલ : | ૧૭૨૫ | ૧૪૭૭ | ૩૨૦૨ |

(૨) જો ફાળવણીના હિસ્સા પ્રમાણે વીજ પુરવઠો મળેલ ના હોય તો તેના કારણો શાં છે ?

(૨) કેન્દ્રીય ક્ષેત્રના વીજ ઉત્પાદન એકમોને તેમની સ્થાપિત ક્ષમતા પ્રમાણેની વીજળી ઉત્પન્ન કરવા માટે જરૂરી એવું બળતણ નથી મળતું તે કારણે વીજળી ફાળવાયેલ જથ્થા પ્રમાણે મળી શક્તી નથી. ઉપરાંત કેન્દ્રીય વીજ ઉત્પાદક એકમોના બીન ફાળવાયેલ હિસ્સામાંથી ગુજરાતનો હિસ્સો અન્ય રાજ્યોને ફાળવી દીધેલો તે હજુ પણ પૂરેપૂરો પ્રાપ્ત થયેલ નથી.

------------

## વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરતમાં લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને ખૂનના બનાવો

૧૧૪૩૪**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં મહિનાવાર વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરતમાં લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને ખૂનની કોશીશના કુલ કેટલા બનાવો બન્યા,

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં મહિનાવાર વડોદરા, અમદાવાદ, રાજકોટ, અને સુરતમાં લૂંટ, ધાડ, બળાત્કાર, ચોરી અને ખૂનની કોશીશના નીચે જણાવ્યા મુજબના બનાવો બન્યા.

**વડોદરા**

| ગુનો | એપ્રિલ/૦૯ | મે/૦૯ | જુન/૦૯ |
|---|---|---|---|
| લૂંટ | ૩ | ૩ | ૧ |
| ધાડ | ૦ | ૧ | ૧ |
| બળાત્કાર | ૦ | ૧ | ૧ |
| ચોરી | ૧૩૩ | ૧૩૦ | ૧૩૫ |
| ખૂનની કોશીશ | ૧ | ૨ | ૮ |

**અમદાવાદ**

| ગુનો | એપ્રિલ/૦૯ | મે/૦૯ | જુન/૦૯ |
|---|---|---|---|
| લૂંટ | ૪૨ | ૬૨ | ૭૦ |
| ધાડ | ૦ | ૨ | ૨ |
| બળાત્કાર | ૭ | ૭ | ૫ |
| ચોરી | ૪૦૮ | ૪૮૪ | ૫૦૮ |
| ખૂનની કોશીશ | ૫ | ૯ | ૩ |

**રાજકોટ**

| ગુનો | એપ્રિલ/૦૯ | મે/૦૯ | જુન/૦૯ |
|---|---|---|---|
| લૂંટ | ૦ | ૩ | ૪ |
| ધાડ | ૧ | ૧ | ૦ |
| બળાત્કાર | ૦ | ૧ | ૩ |
| ચોરી | ૮૫ | ૮૮ | ૮૮ |
| ખૂનની કોશીશ | ૨ | ૧ | ૨ |

**સુરત**

| ગુનો | એપ્રિલ/૦૯ | મે/૦૯ | જુન/૦૯ |
|---|---|---|---|
| લૂંટ | ૯ | ૬ | ૩ |
| ધાડ | ૧ | ૪ | ૦ |
| બળાત્કાર | ૧ | ૦ | ૩ |
| ચોરી | ૧૫૬ | ૧૮૨ | ૧૮૬ |
| ખૂનની કોશીશ | ૨ | ૨ | ૧ |

(૨) તેમાંથી કેટલા ગુન્હાઓ ઉકેલી શકાયા,

(૨) ખૂનની કોશિશ અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓના તમામ ભેદ ઉકેલવા સહિત ૬૭૩ ગુનાઓનો ભેદ ઉકેલી શકાયેલ છે. મોટાભાગના ગુનાઓ તાજેતરમાં બનેલા હોઇ, બાકીના ગુનાઓનો ભેદ ઉકેલવા માટે સઘન તપાસ ચાલુ છે.

(૩) તે અંગે કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી, અને

(૪) કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

(૩) અને (૪) : આ અંગે કુલ ૧૧૨૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને ૫૬ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.

------------

**જામનગર જિલ્લામાં તાલુકાવાર વીજ સબ સ્ટેશનો**

૧૧૪૩૭ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯ ના વર્ષમાં કેટલા ૬૬ કે.વી. સબ સ્ટેશન તાલુકાવાર મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી મે-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કાર્યરત થયા છે, અને

(૩) બાકી રહેલાને ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : જામનગર જિલ્લામાં ૬૬ કે.વી. ના સને ૨૦૦૭-૦૮ દરમ્યાન ૩ (ત્રણ) અને વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ૩ (ત્રણ), એમ નીચે દર્શાવેલ ૬ (છ) સબ સ્ટેશનો મંજુર કરવામાં આવ્યા હતા અને મે-૨૦૦૯ની સ્થિતિએ આ તમામ સ્ટેશનો કાર્યરત થયા છે.

| અ.નં. | તાલુકો | સબ સ્ટેશન |
|---|---|---|
| વર્ષ : ૨૦૦૭-૦૮ | | |
| ૧ | જામનગર | મોરકંડા |
| ૨ | લાલપર | બાબરાઝર |
| ૩ | કાલાવડ | મોરવાડી |
| વર્ષ ૨૦૦૮-૦૯ | | |
| ૧ | કાલાવડ | મોટીનાગાઝર |
| ૨ | જામકલ્યાણપુર | ગોરાણા (ડાંગરવડ) |
| ૩ | લાલપર | મોડપર |

------------

**વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૦૯ સમિટની જાહેરાતો પાછળનો ખર્ચ**

૧૦૨૨૧**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં સરકારી જાહેરાત તથા યોજનાકીય જાહેરાત પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં સરકારી જાહેરાત પાછળ ઈન્ડેક્ષ-બી દ્વારા કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. જ્યારે વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૦૯ માટે યોજનાકીય જાહેરાત પાછળ ઉદ્યોગ વિભાગ હસ્તકના ઈન્ડેક્ષ-બી દ્વારા રૂ. ૩,૭૦,૯૫,૦૫૫-૦૦ (ટેક્ષસહિત) કરેલ છે.

------------

**શહેરા તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૧૩૨૦**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ૬ (છ) પેટાપરાંનું રૂ. ૪.૩૨ લાખના ખર્ચે વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૩) જિલ્લા પંચાયત પંચમહાલ તરફથી પ્રસિધ્ધ થયેલ યાદીમાં દર્શાવેલા શહેરા તાલુકાના તમામ ૨૪૯ પેટાપરાંનું વીજળીકરણ થઈ ગયેલ છે.

------------

## સરદાર સરોવર યોજનાની મહેમદાવાદ શાખા નહેરનું કામ

૧૧૩૫૨**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર યોજનાની મહેમદાવાદ શાખા નહેરની મંજૂરી ક્યારે આપવામાં આવી,

(૨) તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ આ નહેરમાં બાંધકામ માટે શી પ્રગતિ થઈ, અને

(૩) કેનાલ પૂર્ણ થયે કેટલું ખર્ચ થશે અને તેનાથી કેટલા ગામોને લાભ થશે ?

**જવાબ**

(૧) સરદાર સરોવર યોજનાની મહેમદાવાદ શાખા નહેરની મંજૂરી, વર્ષ ૧૯૯૦ માં આપવામાં આવી.

(૨) તા. ૩૧-૩-૨૦૦૭ની સ્થિતિએ મહેમદાવાદ શાખા નહેરનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

(૩) મહેમદાવાદ શાખા નહેરનું બાંધકામ પૂર્ણ કરવામાં રૂ. ૪૨૨.૪૮ લાખનો ખર્ચ થયેલ છે. આ નહેરથી કુલ ૩૮ ગામોને લાભ મળશે.

------------

## ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો

૧૧૩૨૬ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા કેટલા અને ક્યા ક્યા વીજમથકો કાર્યરત છે,

(૨) તેમની સ્થાપિત ક્ષમતા કેટલી છે, અને

(૩) તે વીજ મથકોને કેન્દ્ર તરફથી રિલાયન્સ કે. જી. બેઝિનમાંથી ગેસનો કેટલો જથ્થો નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) :

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારિત વીજ ઉત્પાદન કરતા કુલ ૮ વીજ મથકો કાર્યરત છે. તેની સ્થાપિત ક્ષમતા નીચે જણાવ્યા મુજબ છે.

| અ.નં. | વીજ મથકનું નામ અને સ્થળ | સ્થાપિત ક્ષમતા (મે.વો.) ગુજરાત રાજ્યનો હિસ્સો |
|---|---|---|
| | **જીએસઈએલ** | |
| ૧. | ધુવારણ ટીપીએસ ધુવારણ, જિ.આણંદ | ૨૧૯ |
| ૨. | ઉતરાણ ટીપીએસ(નવું) ઉતરાણ, જિ.સુરત | ૧૩૫ |
| | **સ્વતંત્ર વીજ મથકો (ખાનગી સાહસો)** | |
| ૩. | જીઆઈપીસીએલ, વડોદરા | ૩૧૦ |
| ૪. | એસ્સાર પાવર (૫૧૫ મે.વો.) હજીરા, જિ. સુરત | ૩૦૦ |
| ૫. | જીપેક - પગુથન પગુથન, જિ.ભરૂચ | ૬૫૫ |
| ૬. | જીસેગ | ૧૫૬ |
| | **કેન્દ્રીય સાહસો (ગુજરાતનો હિસ્સો)** | |
| ૭. | એનટીપીસી-ક્વાસ (૬૪૪ મે.વો.) ક્વાસ, જિ.સુરત | ૧૮૭ |
| ૮. | એનટી.પી.સી. જનોર (૬૪૮મે.વો.) જનોર, જિ.ભરૂચ | ૨૩૭ |
| | **કુલ :** | **૨૧૯૯.૦૦** |

(૩) રીલાયન્સ કે.જી બેઝિનમાંથી કાયમી ધોરણે ૪.૯૪ અને બિનકાયમી ધોરણે ૨.૦૭ એમ કુલ ૭.0૧ એમએમએસસીએમડી ગેસનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

------------

## સાબરકાંઠા જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણે વીજ જોડાણ

૧૧૩૨૯**શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી લોકોના રહેઠાણોમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) અને (૨) :

સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની રાજ્ય સરકારની વિવિધ

(૨) કેટલી અરજીઓ હાલમાં પડતર છે, અને

યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન આપવામાં આવેલ વીજ જોડાણો અને પડતર અરજીઓની વિગતો નીચે પ્રમાણે છે.

| યોજનાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| કુટિર જ્યોતિ યોજના | ૬૪૦૮ | ૮૦૬ |
| ઝૂંપડા વીજળીકરણ યોજના | ૫૬૩૦ | ૩૮૫૨ |
| ટીએએસપી પેટાપરા વીજળીકરણ યોજના | ૩૯૪ | ૦૦ |
| આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઈબ્સ)નાં લાભાર્થીઓને વીજ જોડાણ યોજના | ૧૮ | ૦૦ |

(૩) બાકી વીજ જોડાણો ક્યારે આપવામાં આવશે ?

(૩) તમામ યોજનાઓ અંતર્ગત બાકી તમામ અરજદારોને ચાલુ નાણાંકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

**૨૯**

*** સભ્યશ્રીએ પ્રશ્ન પાછો ખેંચેલ છે.**

------------

**વડોદરા જિલ્લામાં લાંચ રૂશ્વતના બનાવો**

૧૦૨૧૮ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં વડોદરા જિલ્લાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીમાં લાંચરૂશ્વત અંગે ટ્રેપ કરવાના કેટલા કિસ્સા બન્યા, અને

(૨) તે પૈકી કેટલાની ધરપકડ કરી તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) સન ૨૦૦૭-૦૮ ના વર્ષમાં મામલતદાર કચેરીમાં ટ્રેપના બે કિસ્સા અને તાલુકા પંચાયત કચેરીમાં બે કિસ્સા બન્યા છે. જ્યારે સન ૨૦૦૮-૦૯ ના વર્ષમાં તાલુકા પંચાયત કચેરીમાં ૪ કિસ્સા બન્યા છે.

(૨) આઠ કેસોમાં ૯ આરોપીની ધરપકડ કરવામાં આવેલ છે. ૮ કેસોમાંથી ૭ કેસોમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે, અને એક કેસની તપાસ ચાલુ છે.

------------

**કોલસા આધારિત વીજ મથકો**

૧૧૩૧૨**શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન કોલસા આધારિત વીજ મથકો માટે ક્યા ક્યા રાજ્યોમાંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) રાજ્યમાં કોલસા આધારિત વીજ મથકો માટે છત્તીસગઢ/મધ્યપ્રદેશમાં આવેલી સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડસ લી. તથા મહારાષ્ટ્રમાં આવેલી વેસ્ટર્ન કોલફીલ્ડસ લી. માંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવે છે. ફ્યુઅલ વિભાગ, જીએસઇસીએલ દ્વારા અને ટોરેન્ટ પાવર લી., અમદાવાદ દ્વારા જુદા જુદા રાજ્યોમાંથી નીચે પ્રમાણે કુલ ૧૬૬.૧૪ લાખ મેટ્રીક ટન કોલસાનો જથ્થો વર્ષ ૨૦૦૮-૦૯માં

મેળવવામાં આવેલ છે.

(૨)

| વીજ મથક | વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન વપરાયેલ કોલસાનો જથ્થો (લાખ મેટ્રીક ટનમાં) | |
|---|---|---|
| | સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડસ લી. (છત્તીસગઢ/ મધ્યપ્રદેશ) | વેસ્ટર્ન ઇસ્ટર્ન કોલફીલ્ડસ લી. (મહારાષ્ટ્ર) |
| જીએસઇસીએલ | | |
| ઉકાઇ | ૨૫.૫૭ | ૮.૨૯ |
| ગાંધીનગર | ૩૩.૬૫ | |
| વણાકબોરી | ૭૬.૩૬ | |
| સિક્કા | ૯.૪૩ | |
| કુલ : | ૧૪૫.૦૧ | ૮.૨૯ |
| ન્ટ પાવર લી., અમદાવાદ | મધ્યપ્રદેશ | છત્તીસગઢ |
| | ૪.૭૫ | ૮.૦૯ |

(૨) તેનો પડતર ખર્ચ કેટલો થયેલ છે ?

(૨) ગુજરાત સ્ટેટ ઇલે. કોર્પો. લી. નાં વિદ્યુત મથકો માટે વપરાશ પેટે પડતર ખર્ચ રૂા. ૩૬૯૮/- કરોડ થયેલ છે અને ટોરેન્ટ પાવર લી., અમદાવાદના વિદ્યુત મથક માટે વપરાશ પેટે પડતર ખર્ચ રૂા. ૩૯૮.૪૮ કરોડ થયેલ છે.

------------

૩૨

*** સભ્યશ્રીએ પ્રશ્ન પાછો ખેંચેલ છે.**

**માણસા અને લોદરાની પેટા વિભાગીય કચેરી ગાંધીનગર ડિવીઝનમાં ટ્રાન્સફર કરવા બાબત**

૧૧૩૮૪**પ્રો. મંગળભાઈ પટેલ(માણસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ માણસા તેમજ લોદરા પેટા વિભાગીય કચેરીઓ, વિભાગીય કચેરી વિજાપુર હેઠળ કાર્યરત છે તે સાચું છે,

(૨) માણસા તેમજ લોદરા માણસા તાલુકામાં આવેલા છે અને માણસા તાલુકો ગાંધીનગર જિલ્લામાં આવેલો છે તે સાચું છે, અને

(૩) જો હા, તો માણસા તેમજ લોદરા ગામ ગાંધીનગર જિલ્લામાં આવેલ હોઈ તેમની માંગણી મુજબ માણસા અને લોદરા પેટા વિભાગીય કચેરીઓને ગાંધીનગર ડીવીઝનમાં ટ્રાન્સફર ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) તાલુકાનું વિભાજન મહેસુલી નિયમોને આધીન કરવામાં આવે છે, જ્યારે વીજવિતરણ કંપની દ્વારા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ મુકવામાં આવતી પેટા વિભાગીય કચેરીઓ ભોગોલિક વિસ્તાર, ગ્રાહકોની સંખ્યા, આવક અને એચ.ટી. અને એલ.ટી. લાઇન જેવી ટેક્નીકલ તેમજ નાણાકીય બાબતોને લક્ષમાં રાખી નક્કી કરવામાં આવે છે. માણસા અને લોદરા પેટા વિભાગીય કચેરી વિજાપુર વિભાગીય કચેરીમાં છે, તે ઉપર્યુક્ત કારણોસર યોગ્ય હોઇ જિલ્લાને ધ્યાનમાં રાખી પેટાવિભાગીય કચેરીઓને ગાંધીનગર ડીવીઝનમાં તબદીલ કરવાની જરૂરિયાત જણાતી નથી.

## રાજ્યના ગેસ આધારિત વીજ મથકો

૧૧૩૦૩ **શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યનાં ગેસ આધારિત વીજ મથકો માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટે ગેસનો કેટલો જથ્થો જરૂરી હતો, અને

(૨) તે પૈકી કેટલો જથ્થો પ્રાપ્ત થયો ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યના ગેસ આધારિત વીજ મથકોની વર્ષ ૨૦૦૮-૦૯ માટેની જરૂરીયાત અને પ્રાપ્ય થયેલ ગેસના પુરવઠાની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | વીજ મથક | જરૂરિયાત (MMSCM) | પ્રાપ્ત થયેલ ગેસ (MMSCM) |
|---|---|---|---|
| ૧ | એસ્સાર પાવર લી. હજીરા | ૫૧૧.૦૦ | ૩૭૯.૬૦ |
| ૨ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી., હજીરા | ૨૭૩.૭૫ | ૨૩૩.૬૦ |
| ૩ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન પ્રા.લી. ઉતરાન | ૨૩૨.૬૮ | ૧૭૩.૫૭ |
| ૪ | ગુજરાત પગુથન એનર્જી કોર્પોરેશન પ્રા. લી. ભરૂચ | ૧૧૪૬.૧ | ૪૧૬.૧૦ |
| ૫ | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કં.લી. વડોદરા | ૫૬૬.૭૫ | ૩૫૬.૨૫ |
| ૬ | ટોરેન્ટ પાવર લી. વટવા | ૧૭૫.૨૦ | - |
| ૭ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. લી. ધુવારણ-૧ | ૧૪૭.૩૬ | ૧૧૦.૭૫ |
| ૮ | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. લી. ધુવારણ-૨ | ૧૫૫.૧૨ | ૧૩૧.૧૭ |
| ૯ | એનટીપીસી લી., જાનોર ગેસ પાવર સ્ટેશન | ૧૧૩૫.૧૫ | ૬૫૩.૩૫ |
| ૧૦ | એનટીપીસી લી., ક્વાસ ગેસ પાવર સ્ટેશન | ૧૧૨૭.૮૫ | ૧૧૬.૮૦ |

------------

## માલપુર, મેઘરજ અને ધનસુરામાં નવીન કોર્ટની સ્થાપના

૧૧૧૬૯**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા(મેઘરજ) : માનનીય કાયદા અને ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના માલપુર, મેઘરજ અને ધનસુરા તાલુકાઓમાં તાલુકા મથકે નવીન કોર્ટ ફાળવવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી થયેલ છે, અને

(૩) જો ના, તો આવા અંતરિયાળ અને રાજ્યના છેવાડે આવેલા તાલુકાઓમાં નવીન કોર્ટ ન ફાળવવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) મેઘરજ તાલુકા મથકે નવીન કોર્ટ ફાળવવાનું આયોજન છે જ્યારે માલપુર અને ધનસુરા તાલુકા મથકે નવીન કોર્ટ ફાળવવાનું કોઇ આયોજન નથી.

(૨) મેઘરજ કોર્ટ માટે સને ૨૦૦૯-૧૦ વર્ષના સુધારેલ અંદાજપત્રમાં નવી સેવા તરીકે નાણાકીય જોગવાઇ કરેલ છે.

(૩) માલપુર તાલુકા મથકે નવીન કોર્ટ ફાળવવા માટેની વડીઅદાલતને મળેલ રજૂઆત અંગે કોઇ વ્યાજબીપણું જણાતું નથી.

જ્યારે ધનસુરા તાલુકા મથકે નવીન કોર્ટ ફાળવવા માટે કોઇ રજૂઆત મળવામાં નથી.

-----------

**કોલસા આધારિત વીજ મથકો**

**૧૧૩૧૦શ્રી અરવિંદસિંહ રાઠોડ(કાલોલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કોલસા આધારિત વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો માટે સન ૨૦૦૮-૦૯ દરમ્યાન આયાતી કોલસાનો કેટલો વપરાશ થયો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજ્યમાં ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. હસ્તકના કોલસા આધારીત વીજ મથકોમાં સન ૨૦૦૮-૦૯ દરમિયાન કુલ ૧૦.૦૨ લાખ મેટ્રીક ટન આયાતી કોલસાનો વપરાશ થયો.

(૨) આ માટે રૂા. ૪૫૧ કરોડનો ખર્ચ થયેલ છે.

------------

**માંગરોળ તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

**૧૧૩૦૦શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકામાં તમામ ૪ પેટાપરાંનું રૂા. ૬.૯૪ લાખનાં ખર્ચે અગાઉ વીજળીકરણ થઇ ગયેલ હોવાથી કોઇ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

**અમરેલી જિલ્લામાં ઉડ્ડયનની સેવાઓ**

**૧૦૪૨૭ શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ઉડ્ડયનની સેવા બીલકુલ બંધ હાલતમાં છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો અમરેલી જિલ્લામાં પીપાવાવ બંદર અને સીમેન્ટની અનેક ફેક્ટરીના કારણે ઉદ્યોગની ઘ ણી સારી કામગીરી થઈ રહેલ છે, તો અન્ય રાજ્યો સાથે કે રાજ્યના પાટનગર સાથે ઉડ્ડયનની કોઈ સુવિધા નથી જેના કારણે ઉદ્યોગપતિઓ અમરેલી જિલ્લામાં નવા ઉદ્યોગો સ્થપાતા નથી તો સરકાર અમરેલી જિલ્લામાં ઉડ્ડયનની વ્યવસ્થા કરવા માંગો છો કે કેમ,

**જવાબ**

(૧) અને (૨) : રાજ્ય સરકાર દ્વારા ઉડ્ડયન પ્રવૃત્તિના વિકાસ માટે એરસ્ટ્રીપ સહિતની આંતરમાળખાકિય વ્યવસ્થા ઉભી કરવાની કામગીરી કરવામાં આવે છે. એરલાઇન્સો પોતાના આયોજન મુજબ ઉડ્ડયન સેવાઓ ચાલુ કરતી હોય છે. અને ખાનગી વિમાનો/હેલીકોપ્ટરના ઉતરાણ માટે સરકાર દ્વારા ઉતરાણની મંજુરી આપવામાં આવે છે.

તાજેતરમાં અમરેલી એરસ્ટ્રીપની પહોળાઇ ૨૨.૫૦ મીટરથી ૩૦ મીટર વધારવાનું કામ પુર્ણ થયેલ છે. એરસ્ટ્રીપનું રીસરફેસીંગનું કામ પૂર્ણ થયેલ છે. અને ટર્મીનલ બિલ્ડીંગ તથા કંપાઉન્ડ વોલની કામગીરી પ્રગતિમાં છે.

------------

**ભરૂચ જિલ્લામાં જંબુસર અને આમોદ તાલુકામાં માઈનોર કેનાલ બનાવી ટેસ્ટીંગ કરવા બાબત**

**૧૦૯૭૬ શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં બનાવેલ માઈનોર કેનાલો પૈકી કેટલી કેનાલોનું ટેસ્ટીંગ કરવામાં આવેલ છે,

(૨) ટેસ્ટીંગ વગર કઈ કઈ એજન્સીઓને કેટ કેટલું પેમેન્ટ ચૂકવવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જંબુસર તાલુકામાં ચાર માઇનોરમાં (૪.૧૦ કી.મી. લંબાઇમાં) અને આમોદ તાલુકામાં ચાર માઇનોરમાં (૧૦.૬૯ કી.મી. લંબાઇમાં) માઇનોર કેનાલોનું ટેસ્ટીંગ કરવામાં આવેલ છે.

(૨) ટેન્ડરમાં કેનાલોમાં પાણી વહેવડાવી ટેસ્ટીંગ બાબતે કોઇ જોગવાઇ હતી નહીં. જેથી ટેસ્ટીંગ વગર છેલ્લા બે વર્ષમાં મે. કાસીરામ એ. પટેલ ને રૂા. ૧૧.૮૭ લાખનું તેમજ મે. સાંઇકૃપા કન્સ્ટ્રક્શનને રૂા. ૬૮.૫૭ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે.

(૩) કેનાલોનું ટેસ્ટીંગ ક્યા કારણોસર કરવામાં આવેલ નથી ?

(૩) ખેડૂતો દ્વારા વધારાના નાળાના બાંધકામની માગણીના કારણે જે તે જગ્યાએ કામ કરવા દીધેલ ન હોઇ તથા વધારાના નાળાના બાકી રહેતા કામોને કારણે તેમજ માઇનોર કેનાલોની જરૂરી મરામતની કામગીરી અને પ્રીઝમ સફાઇની કામગીરી અપૂર્ણ હોઇ કેનાલોનું ટેસ્ટીંગ થઇ શકેલ નથી. પુરી થયેલ કેનાલોનું ટેસ્ટીંગ જંબુસર તથા આમોદ તાલુકામાં કરવામાં આવી રહ્યું છે તેથી ટેસ્ટીંગ નહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતના બનાવો

૧૧૨૯૬ **શ્રી લીલાધરભાઈ ખો.વાઘેલા(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને પંચાયતના રોડ પર અકસ્માતના કેટલા બનાવ બનવા પામ્યા છે,

(૨) આ અકસ્માતોમાં કેટલી વ્યક્તિઓએ જાન ગુમાવ્યા છે અને કેટલા ઘાયલ થયા છે,

(૩) આ અકસ્માતો થવાના કારણો શાં, અને

(૪)અકસ્માતો નિવારવા સરકારે શાં પગલાં લીધાં છે?

**જવાબ**

(૧) નેશનલ હાઇવે ૪૦૩
સ્ટેટ હાઇવે ૩૭૮
પંચાયત રોડ ૭૮૪

(૨) મરણ- ૪૧૨
ઇજા- ૧૪૧૫

(૩) -વાહન ચાલક પોતાના વાહનો પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હોવાના કારણે,
-વાહન ચાલક રીત્રીના સમયે ફુલ લાઇટથી વાહન હંકારતા હોવાથી સામેના વહાનને આગળનું વાહન ન દેખાવાના કારણે,
- વાહન ચાલક સાઇડ સિગ્નલ આપ્યા સિવાય વાહન વાળી દેવાને કારણે અકસ્માતો થાય છે.

(૪) અકસ્માત નિવારવા મોટર વ્હીકલ એક્ટની કલમ ૩, ૫, ૧૧૯, ૧૨૩, ૧૨૬, ૧૨૮(૧), ૧૨૯, ૧૩૦(૧), ૧૩૦(૩), ૧૫૯, ૧૭૭, હેઠળ ૪૨૬૯૦ કેસો નોંધેલ છે. મોટર વ્હીકલ એક્ટ કલમ ૨૦૭ મુજબ ૧૦૧૦૨ વાહન ડીટેઇન કરાએલ છે. ઇન્ડીયન પીનલ કોડ ૨૭૯ મુજબ ૩૪૨ કેસો અને મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ મુજબ ૧૧૦ કેસો કરીને રૂપિયા ૪૦,૭૧,૬૪૫/- દંડ કરવામાં આવેલ છે, આર.ટી.ઓ. દંડ પેટે રૂપિયા ૩૧,૧૪,૬૭૯/- અને કોર્ટ દંડ પેટે રૂપિયા ૧,૬૧,૩૫૦/- વસુલ કરવામાં આવેલ છે.

અકસ્માતો અટકાવવા માટે શાળા/મહાશાળા/અન્ય સ્થળોના રોડ ઉપર બમ્પ અને રમ્બલ સ્ટ્રીપ્સ રાખવામાં આવે છે. રોડ ડિવાઇડરો તથા સાઇડ સિગ્નલો મુકવામાં આવે છે. અકસ્માત ઝોન, વાહન ધીમી ગતિએ હંકારવું જેવાં સુચનાત્મક બોર્ડ મુકવામાં આવે છે, વાહનો સબંધી નિયમો, દંડ વગેરેને લગતા નોટીસ બોર્ડ મુકવામાં આવે છે. ટ્રાફીક નિયમોની જાણકારી માટે ટ્રાફીક સપ્તાહની ઉજવણી, ટ્રાફીક નિયમોની પુસ્તિકાઓ આપવા-જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. શાળાના બાળકોને ટ્રાફીક નિયમોની જાણકારી માટે શાળામાં કાર્યક્રમ યોજવામાં આવે છે.

------------

**નસવાડી તાલુકામાં નર્મદા વિસ્થાપિતોની વસાહતો માટે પાણીની વ્યવસ્થા**

૧૧૦૮૯**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાના નર્મદા કેનાલથી પૂર્વ કાંઠા વિભાગમાં નર્મદાના વિસ્થાપિતોની કેટલી વસાહતો આવેલી છે,

(૨) આ વસાહતોને પીવાના પાણી અને ખેતી માટે સિંચાઈની કઈ કઈ વ્યવસ્થા સરકારે ક્યારે કરી, અને

(૩) આ વસાહતોને પીવાનું પાણી અને ખેતી સિંચાઈ પાણી મળતું નથી તે પાણી આપવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લાના નસવાડી તાલુકાના નર્મદા કેનાલથી પૂર્વ કાંઠા વિભાગમાં નર્મદાના વિસ્થાપિતોની ૧૩ વસાહતો આવેલી છે.

(૨) (અ) આ વસાહતોના ૩૨૩ વિસ્થાપિત કુટુંબો માટે ૨૮ હેન્ડ પંપ, ૩ કુવા અને ૧૧ ટ્યુબ વેલ આધારિત પાણી પુરવઠા યોજના મળી કુલ ૪૨ પીવાના પાણીના સ્ત્રોત કાર્યરત છે, જે ધારા ધોરણ કરતાં ત્રણ ગણી સુવિધાઓ છે. આ વ્યવસ્થા ૧૯૯૦ થી ૨૦૦૯ દરમિયાન કરવામાં આવી છે.

(બ) આ વસાહતોની કુલ ૬૨૪.૯૨.૫૨ હેક્ટર ખેતીની જમીન પૈકી ૫૬૬.૬૮.૫૯ (૯૦.૬૮ %) હેક્ટર જમીનને ૧૪૬ ટ્યુબવેલથી સિંચાઇ હેઠળ આવરી લેવાયેલ છે. આ વ્યવસ્થા ૧૯૯૯ થી ૨૦૦૮ દરમિયાન કરવામાં આવી છે.

(૩) (અ) આ વસાહતોમાં પીવાના પાણીની ધારા ધોરણ કરતાં ત્રણ ગણી વ્યવસ્થા હોઇ તે માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(બ) આ વસાહતોની કુલ ૬૨૪.૯૨.૫૨ હેક્ટર જમીન પૈકી ૫૮.૨૩.૯૩ (૯.૩૨ %) હેક્ટર ખેતીની જમીનમાં ભુગર્ભ પાણી મળવાની શક્યતા નથી. આ અસરગ્રસ્તોને સિંચાઇ સુવિધાવાળી વસાહતોમાં ખેતીની જમીન બદલી આપવા વિકલ્પ આપવામાં આવેલ, તેમ છતાં, ૫૪.૯૮.૯૩ (૮.૮૦ % ) હેક્ટર જમીન ધરાવતાં અસરગ્રસ્તો ત્યાં જ વસવાટ કરવા માંગે છે. જ્યારે ૩.૨૫.૦૦ (૦.૫૨%) હેક્ટર જમીન ધરાવતાં અસરગ્રસ્તો સિંચાઇ સુવિધાવાળી જમીન આપી શકાય તેવી અન્ય વસાહતમાં જવા માંગતા હોઇ જમીન બદલી આપવાની પ્રક્રિયા ચાલુ છે.

**કોલસા આધારિત વીજ મથકો માટે મેળવેલ કોલસાનો જથ્થો**

૧૧૩૧૬**શ્રી લક્ષ્મણભાઈ પટેલ(ગણદેવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન રાજ્યના કોલસા આધારિત વીજ મથકો માટે ક્યા ક્યા રાજ્યમાંથી કોલસાનો કેટલો જથ્થો મેળવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) રાજ્યના કોલસા આધારિત વીજ મથકો માટે છત્તીસગઢ/મધ્યપ્રદેશમાં આવેલી સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડસ લી. તથા મહારાષ્ટ્રમાં આવેલી વેસ્ટર્ન કોલફીલ્ડસ લી. માંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવે છે. જીએસઇસીએલ દ્વારા અને ટોરેન્ટ પાવર લી., અમદાવાદ દ્વારા જુદા જુદા રાજ્યોમાંથી નીચે પ્રમાણે કુલ ૧૬૬.૧૪ લાખ મેટ્રીક ટન કોલસાનો જથ્થો વર્ષ ૨૦૦૮-૦૯માં મેળવવામાં આવેલ છે.

| વીજ મથક | વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન વપરાયેલ કોલસાનો જથ્થો (લાખ મેટ્રીક ટનમાં) | |
|---|---|---|
| | સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડસ લી. (છત્તીસગઢ/ મધ્યપ્રદેશ) | વેસ્ટર્ન કોલફીલ્ડસ લી. (મહારાષ્ટ્ર) |
| જીએસઇસીએલ | | |
| ઉકાઇ | ૨૫.૫૭ | ૮.૨૯ |
| ગાંધીનગર | ૩૩.૬૫ | |
| વણાકબોરી | ૭૬.૩૬ | |
| સિક્કા | ૯.૪૩ | |

| | | |
|---|---|---|
| કુલ : | ૧૪૫.૦૧ | ૮.૨૯ |
| ટોરેન્ટ પાવર લી., અમદાવાદ | મધ્યપ્રદેશ | છતીસગઢ |
| | ૪.૭૫ | ૮.૦૯ |

(૨) તે અંગે કેટલું પડતર ખર્ચ થયું ?

(૨) ગુજરાત સ્ટેટ ઇલે. કોર્પો. લી. નાં વિદ્યુત મથકો માટે વપરાશ પેટે પડતર ખર્ચ રૂા. ૩૬૯૮/- ક્રોડ થયેલ છે અને ટોરેન્ટ પાવર લી., અમદાવાદના વિદ્યુત મથક માટે વપરાશ પેટે પડતર ખર્ચ રૂા. ૩૯૮.૪૮ ક્રોડ થયેલ છે.

**સાયન્સ સીટી ધ્વારા રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો**

૧૧૪૪૬**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાયન્સ સીટી ધ્વારા રાષ્ટ્રીય સ્તરના કોઈ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાયન્સ સીટી દ્વારા રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમ આયોજીત થઇ શકેલ નહિ પરંતુ નીચેના બે કાર્યક્રમનું આયોજન તેની સામે દર્શાવેલ તારીખો માટે કરેલુ છે.

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | **""ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન હેન્ડ્સ ઓન સાયન્સ""** જેમાં વિદેશના પ્રખ્યાત ૧૦૦ વૈજ્ઞાનિકો અને ભારતમાંથી ૨૦૦ વૈજ્ઞાનિકો જુદા જુદા વિજ્ઞાનિક સંસ્થામાંથી ભાગ લેશે અને આ પ્રોગ્રામ ભારત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ અને ગુજરાત સાયન્સ સીટીના સહયોગથી યોજવામાં આવશે. | તા. ૨૭ થી ૩૧ ઓકટોબર, ૨૦૦૯ |
| ૨ | ""૧૭ મો રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ"" જેમાં ભારતના જુદા જુદા રાજ્યોના જિલ્લામાંથી ૭૦૦ બાળ વિજ્ઞાનિકો ભાગ લેશે અને ૧૦૦ વિદ્યાર્થીઓ સાર્ક દેશમાંથી ભાગ લેશે અને આ પ્રોગામ ભારત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ અને ગુજરાત સાયન્સ સીટી ના સહયોગથી યોજવામાં આવશે. | તા. ૨૭ થી ૩૧ ડીસેમ્બર, ૨૦૦૯ |

**સુરત જિલ્લામાં વાહનોની નોંધણીથી થયેલ આવક**

૧૦૪૧૫ **શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૭ થી માર્ચ-૨૦૦૯ સુધીમાં કુલ કેટલાં વાહનો આર.ટી.ઓ. કચેરીમાં નોંધાયા, અને

(૨) વાહનોનાં રજીસ્ટ્રેશન મારફતે કેટલી રકમની આવક થઈ ?

**જવાબ**

(૧) કુલ ૨,૪૦,૭૦૯ વાહનો નોંધાયા.

(૨) રૂપિયા ૧૫૩.૯૧ કરોડની આવક થયેલ છે.

------------

**ખંભાત તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૧૪૨૫**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન આણંદ જિલ્લાનાં ખંભાત તાલુકાનાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧), (૨) અને (૩) : જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં ૨૫ પેટાપરાં પૈકી ૨૩ પેટાપરાંનું અગાઉ

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલા પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

વીજળીકરણ થઇ ગયેલ છે. તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાકીના ૨ પેટાપરાંનું રૂા. ૧૨.૭૫ લાખના ખર્ચે વીજળીકરણ કરવામાં આવેલ છે.

------------

## જામનગર જિલ્લામાં બોક્સાઈટ અને લાઈમસ્ટોનની લીઝ

૧૦૭૯૭**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં બોક્સાઈટ અને લાઈમસ્ટોનની કેટલી લીઝ મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલ લીઝ પેકી કેટલી લીઝ કાર્યરત છે,

(૩) બંધ થયેલ લીઝ સરકાર પરત લેવા માગે છે કે કેમ, અને

(૪) લીઝ બંધ રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં બોક્સાઇટ ખનિજની -૨ માઇનીંગ લીઝ અને લાઇમસ્ટોન ખનિજની -૪ માઇનીંગ લીઝ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) બોક્સાઇટ - ૧

લાઇમસ્ટોન- ૩

(૩) નિયત સમયમાં લીઝ કાર્યરત ન થવાના સંજોગોમાં નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહે છે.

(૪) બોક્સાઇટ લીઝના પટ્ટેદાર દ્વારા મંજુર થયેલા વિસ્તારની બીનખેતી કરાવવાનું તથા પર્યાવરણ ક્લીયરન્સ મેળવવાનું બાકી હોઇ કરારખત થયેલ નથી.

લાઇમસ્ટોન લીઝના પટ્ટેદાર દ્વારા તા. ૫-૨-૦૯ થી કરારખત કરાવેલ છે. હજી ખાણકામ શરૂ કરેલ નથી.

------------

## કોલસા આધારિત વીજ મથકો માટે મેળવેલ કોલસાનો જથ્થો

૧૧૩૧૫**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજ્યના કોલસા આધારિત વીજ મથકો માટે ક્યા ક્યા રાજ્યમાંથી કોલસાનો કેટલો જથ્થો મેળવવામાં આવ્યો, અને

(૨) તે અંગે કેટલું પડતર ખર્ચ થયું ?

**જવાબ**

(૧) રાજ્યના કોલસા આધારિત વીજ મથકો માટે છત્તીસગઢ/મધ્યપ્રદેશમાં આવેલી સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડસ લી. તથા મહારાષ્ટ્રમાં આવેલી વેસ્ટર્ન કોલફીલ્ડસ લી. માંથી કોલસાનો જથ્થો મેળવવામાં આવે છે. જીએસઇસીએલ દ્વારા અને ટોરેન્ટ પાવર લી., અમદાવાદ દ્વારા જુદા જુદા રાજ્યોમાંથી નીચે પ્રમાણે કુલ ૧૬૬.૧૪ લાખ મેટ્રીક ટન કોલસાનો જથ્થો વર્ષ ૨૦૦૮-૦૯માં મેળવવામાં આવેલ છે.

| વીજ મથક | વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન વપરાયેલ કોલસાનો જથ્થો (લાખ મેટ્રીક ટનમાં) | |
|---|---|---|
| | સાઉથ ઇસ્ટર્ન કોલફીલ્ડસ લી. (છતીસગઢ/ મધ્યપ્રદેશ) | વેસ્ટર્ન કોલફીલ્ડસ લી. (મહારાષ્ટ્ર) |
| જીએસઇસીએલ | | |
| ઉકાઇ | ૨૫.૫૭ | ૮.૨૯ |
| ગાંધીનગર | ૩૩.૬૫ | |
| વણાકબોરી | ૭૬.૩૬ | |
| સિક્કા | ૯.૪૩ | |
| કુલ : | ૧૪૫.૦૧ | ૮.૨૯ |
| ટોરેન્ટ પાવર લી., અમદાવાદ | મધ્યપ્રદેશ | છતીસગઢ |
| | ૪.૭૫ | ૮.૦૯ |

(૨) ગુજરાત સ્ટેટ ઇલે. કોર્પો. લી. નાં વિદ્યુત મથકો માટે વપરાશ પેટે પડતર ખર્ચ રૂા. ૩૬૯૮/- કરોડ થયેલ છે અને ટોરેન્ટ પાવર લી., અમદાવાદના વિદ્યુત મથક માટે વપરાશ પેટે પડતર ખર્ચ રૂા. ૩૯૮.૪૮ કરોડ થયેલ છે.

## ગાંધીનગર તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ

૧૧૪૨૮ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ગાંધીનગર જિલ્લાનાં ગાંધીનગર તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વિજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી યાદી અનુસાર ગાંધીનગર તાલુકાના તમામ ૪૪ પેટાપરાંઓનું વીજળીકરણ રૂા. ૬૬ લાખના ખર્ચે અગાઉના વર્ષોમાં થઇ ગયેલ હોવાથી કોઇ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

## આર.ટી.ઓ. કચેરી, કચ્છની આવક

૧૧૩૩૮ **શ્રી જયંતીભાઈ ભાનુશાલી** (અબડાસા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આર.ટી.ઓ. કચેરી, કચ્છની તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૭૨૨૬.૭૨ |
| ૨૦૦૭-૦૮ | ૭૬૧૮.૮૨ |
| ૨૦૦૮-૦૯ | ૮૯૦૬.૭૦ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

## કોલસા આધારિત વીજ મથકો

૧૧૩૦૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કોલસા આધારીત વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો માટે સન ૨૦૦૮-૦૯ દરમિયાન આયાતી કોલસાનો કેટલો વપરાશ થયો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજ્યમાં ગુજરાત સ્ટેટ ઇલેકટ્રીસીટી કોર્પોરેશન લી. હસ્તકના કોલસા આધારિત વીજ મથકો માં સન ૨૦૦૮-૦૯ દરમિયાન કુલ ૧૦.૦૨ લાખ મેટ્રીક ટન આયાતી કોલસાનો વપરાશ થયો.

(૨) આ માટે રૂા. ૪૫૧ કરોડનો ખર્ચ થયેલ છે.

## બાબરા અને કુકાવાવ તાલુકામાંથી પોષડોડા અને દારૂના પરવાના માટેની અરજીઓ

૧૦૮૭૫ **શ્રી બાવકુભાઈ ઉંઘાડ** (બાબરા) : **માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં અમરેલી જિલ્લાના બાબરા અને કુંકાવાવ તાલુકામાંથી પોષડોડા અને દારૂના પરવાના માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧) તા. ૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં પોષડોડા અંગે પોપી-૨ પરવાનાની ૨ અને પોપી-૧ પરવાનાની ૧૭૩ રીન્યુઅલ અરજીઓ તેમજ દારૂના પરવાનાની ૩ રીન્યુઅલ અરજીઓ મળેલ છે. કુકાવાવ તાલુકામાં પોષડોડા અંગે પોપી-૧ પરવાનાની ૫૪ રીન્યુઅલ અરજીઓ તેમજ દારૂના પરવાનાની ત્રણ નવી અને ચાર રીન્યુઅલ મળી કુલ ૭ અરજીઓ મળેલ છે.

(૨) અને (૩)

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

બાબરા તાલુકામાં પોષડોડા અંગે પોપી-૨ પરવાનાની ૨ અને પોપી-૧ પરવાનાની ૧૭૩ રીન્યુઅલ અરજીઓ તેમજ દારૂના પરવાનાની ૩ રીન્યુઅલ અરજીઓ મંજુર કરવામાં આવી છે. કુકાવાવ તાલુકામાં પોષડોડા અંગે પોપી-૧ પરવાનાની ૫૪ રીન્યુઅલ અરજીઓ તેમજ દારૂના પરવાનાની બે નવી અરજીઓ અને ચાર રીન્યુઅલ અરજીઓ મળી કુલ ૬ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જ્યારે એક અરજી એરીયા મેડીકલ બોર્ડના અભિપ્રાય અનુસાર નામંજુર કરવામાં આવેલ છે. કોઈ અરજી પડતર નથી.

------------

**કામરેજ તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૧૩૧૯ **શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન સુરત જિલ્લાના કામરેજ તાલુકાના કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર સુરત જિલ્લાના કામરેજ તાલુકાના તમામ ૧૩૧ પેટાપરાઓનું રૂ. ૧૨૬.૮૦ લાખના ખર્ચે વીજળીકરણ અગાઉના વર્ષોમાં થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાનું વીજળીકરણ બાકી નથી.

------------

**ઉપલેટા તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૧૩૧૭**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર રાજકોટ જિલ્લાનાં ઉપલેટા તાલુકાના ૨૦ પેટાપરાંઓ પૈકી ૧૯ પેટાપરાંનું રૂ. ૧૧.૪૦ લાખનાં ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ છે જ્યારે બાકી રહેલ એક પેટાપરાંમાં વીજળીકરણની માગણી મળ્યેથી વીજળીકરણ કરવામાં આવશે.

------------

**બોક્સાઈટની નિકાસ પર નિયંત્રણ**

૧૧૩૯૩**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં બોક્સાઈટનાં લીઝ ધારકો કે કેપ્ટીવ માઈન ધરાવનારને બોક્સાઈટ ખોદવા અને તેની રાજ્ય બહાર નિકાસ કરવા પર નિયંત્રણ મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) અને (૨) : ના, જી.

રાજ્યની ખનીજ નીતિ ૨૦૦૩ના મુખ્ય ઉદ્દેશોમાંનો ખનીજ આધારિત ઉદ્યોગો સ્થાપીને મુલ્યવૃધ્ધી કરવાનો એક ધ્યેય છે. આ સંદર્ભમાં જામનગર જીલ્લામાં બોક્સાઈટ ખનિજ ધરાવતા વિસ્તારોની માઈનીંગ લીઝ

(૨) જો હા, તો રાજ્યની ખનીજ નીતિ અનુસાર આ પ્રકારનાં નિયંત્રણો મુક્વાની કોઈ જોગવાઈ છે કે કેમ, અને

નીજી ઉપયોગ માટે મંજુર કરવામાં આવે છે. નોન પ્લાન્ટ ગ્રેડ બોક્સાઈટના વૈકલ્પિક ઉપયોગીતા ઉપલબ્ધ થાય અથવા એલ્યુમીના પ્લાન્ટ સ્થાપવામાં આવે ત્યાં સુધી પ્લાન્ટ માટે બિનઉપયોગી હોય તેવા નોન પ્લાન્ટ ગ્રેડ બોક્સાઈટના વેચાણ/નિકાસની પરવાનગી કેટલીક શરતોને આધીન રહીને રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૪-૨-૦૫ના ઠરાવ અન્વયે આપવામાં આવે છે.

(૩) જો ના, તો તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લામાં બોક્સાઈટનું કેટ કેટલું ખોદકામ થયું અને કેટલા બોક્સાઈટનું વેચાણ રાજ્યમાં રાજ્ય બહાર કરવામાં આવ્યું ?

(૩) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં બોક્સાઈટના લીઝ ધારકો દ્વારા બોક્સાઈટનું ખોદકામ તેમજ રાજ્યમાં/ રાજ્ય બહાર કરેલ વેચાણ/નિકાસની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ઉત્પાદન (મે.ટન) | વેચાણ/નિકાસ (મે.ટન) | |
|---|---|---|---|
| | | રાજ્યમાં | રાજ્ય બહાર |
| ૨૦૦૬-૦૭ | ૬૧૮૪૪૫૮.૪૯૨ | ૨૪૭૦૮૬.૮૪૪ | ૫૩૬૧૨૩૯.૦૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૧૮૯૬૭૯૦.૮૭૧ | ૨૫૩૫૩૫.૪૬૪ | ૮૨૭૯૧૪૫.૭૮૦ |
| ૨૦૦૮-૦૯ | ૨૮૯૬૩૮૧.૭૪૦ | ૩૨૫૫૯૪.૬૪૦ | ૨૨૩૯૧૫૮.૦૦૦ |

------------

**જામનગર ચેકપોસ્ટની આવક**

૧૧૩૬૧**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર ચેકપોસ્ટની નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલી આવક થઈ,

(૨) અગાઉના વર્ષ કરતાં આ આવકમાં શું તફાવત થયેલ છે, અને

(૩) જો ઘટાડો નોંધાયેલ હોય તો તેનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) રૂપિયા ૪૪૫.૨૨ લાખની આવક થયેલ છે.

(૨) રૂપિયા ૧૧૩.૯૯ લાખનો વધારો થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખોટા રોયલ્ટી પાસના આધારે બોક્સાઈટ ખનીજ રવાના થવા બાબત**

૧૧૨૭૪**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ખોટા રોયલ્ટી પાસના આધારે પોરબંદરથી બે જહાજો ભરી બોક્સાઈટ ખનીજ રવાના થયાની જાણ અધિક નિયામકશ્રી, ફ્લાઈંગ સ્કવોર્ડ, ગાંધીનગરને આ જહાજો બંદરેથી નિકળી જાય તે પહેલાં કોઈ ખાનગી ઈસમે ફોન દ્વારા બાતમી આપેલ હોવાનું ખાતાના રેકર્ડ પર છે કે કેમ,

(૨) આ અધિક નિયામકશ્રીએ જે તે સમયે તાત્કાલિક ખનીજ ચોરી અંગે કાયદેસરનાં પગલાં ભરેલ છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) અધિક નિયામકશ્રીને ફોન પર મળેલ ફરિયાદ અન્વયે જરૂરી કાર્યવાહી કરવા જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીને ફોનથી સૂચના આપી હતી તેમજ પોરબંદર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરેલ છે.

(૩) જો ના, તો કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ દ્વારા આ અધિક નિયામકશ્રી સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને

(૪) સરકારને થયેલ ક્રોડો રૂપિયાના નુક્સાન સામે આ અધિક નિયામકશ્રી સામે સરકારશ્રીએ શાં પગલાં લીધાં ?

(૩) અને (૪)

જરૂરી પગલાં લેવામાં જણાયેલ વિલંબની બાબતે કાર્યવાહી ચાલુ છે.

------------

**આર.ટી.ઓ. કચેરી, જૂનાગઢની આવક**

૧૧૩૩૯**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા(માંગરોળ) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીની તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી આવક થયેલ છે, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો ક્યા છે ?

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **આવક (રૂપિયા લાખમાં)** |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૨૫૩૩.૮૧ |
| ૨૦૦૭-૦૮ | ૨૭૨૩.૧૨ |
| ૨૦૦૮-૦૯ | ૩૦૬૯.૬૭ |

(૨) આવકમાં ઘટાડો થયેલ નથી.

------------

**કેન્દ્રના વીજ મથકોમાંથી રાજ્યને વીજ પુરવઠો**

૧૧૩૦૮ **શ્રીમતી ગીતાબેન પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રના વીજ મથકોમાંથી રાજ્યને જે વીજ પુરવઠો ફાળવવામાં આવે છે તે વીજ પુરવઠો ફાળવણીના હિસ્સા પ્રમાણે મળેલ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ના, જી. છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રીય વીજ મથકોમાંથી રાજ્યને ફાળવવામાં આવેલ વીજ પૂરવઠો તેમજ રાજ્યને ખરેખર પ્રાપ્ત થયેલ સરેરાશ વીજ પૂરવઠાની વિગતો નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

**(૧) વર્ષ ૨૦૦૬-૦૭**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૧૯૪૫ મેગાવોટ ફાળવણી થયેલ છે. તદ્અનુસાર રાજ્યને ૧૩૬૩૧ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઈતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૧૮૭૪ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૫૮૩ ક્રોડનું નુક્સાન થયેલ છે.

**(૨) વર્ષ ૨૦૦૭-૦૮**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૨૦૭૮ મેગાવોટ ફાળવણી થયેલ છે. તદ્અનુસાર રાજ્યને ૧૪૫૬૩ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઈતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૩૭૬૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૩૨૦ ક્રોડનું નુક્સાન થયેલ છે.

**(૩) વર્ષ ૨૦૦૮-૦૯**

રાજ્યને કેન્દ્રીય વીજ મથકોમાંથી ૨૪૪૫ મેગાવોટ ફાળવણી થયેલ છે. તદ્અનુસાર રાજ્યને ૧૭૧૩૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થવી જોઈતી હતી જેની સામે રાજ્યને ખરેખર ૧૫૨૨૫ મીલીયન યુનીટ વીજળી પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યને ૮૨૨ ક્રોડનું નુક્સાન થયેલ છે.

| વર્ષ | ફાળવેલ જથ્થો ન મળવાથી થયેલ નુકશાનની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૮૩ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૦ |
| ૨૦૦૮-૦૯ | ૮૨૨ |
| કુલ | ૧૭૨૫ |

આ ઉપરાંત કેન્દ્રીય વીજ ઉત્પાદન એકમોનો બિન ફાળવેલ હિસ્સો જે ગુજરાતને ફાળવેલ તે મહારાષ્ટ્ર અને દાદરાનગર હવેલીને ફાળવાતા રાજ્યને ૧૪૭૭ કરોડનું નુકશાન થયેલ છે.

| વર્ષ | (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૬૯ |
| ૨૦૦૭-૦૮ | ૫૧૫ |
| ૨૦૦૮-૦૯ | ૪૯૩ |
| કુલ | ૧૪૭૭ |

આમ ફાળવાયેલ તેમજ બિન ફાળવાયેલ વીજળીનો હિસ્સો રાજ્યને ઓછો મળવાથી નીચે દર્શાવ્યા મુજબ કુલ નુક્સાન થયેલ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | ફાળવાયેલ હિસ્સો ન મળતા નુક્સાન | બિન ફાળવાયેલ હિસ્સો અન્ય રાજ્યોને ફાળવાતા થયેલ નુક્સાન | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૫૮૩ | ૪૬૯ | ૧૦૫૨ |
| ૨૦૦૭-૦૮ | ૩૨૦ | ૫૧૫ | ૮૩૫ |
| ૨૦૦૮-૦૯ | ૮૨૨ | ૪૯૩ | ૧૩૧૫ |
| **કુલ** | **૧૭૨૫** | **૧૪૭૭** | **૩૨૦૨** |

(૨) જો ફાળવણીના હિસ્સા પ્રમાણે વીજ પુરવઠો મળેલ ના હોય તો તેના કારણો શાં છે ?

(૨) કેન્દ્રીય ક્ષેત્રના વીજ ઉત્પાદન એકમોને તેમની સ્થાપિત ક્ષમતા પ્રમાણેની વીજળી ઉત્પન્ન કરવા માટે જરૂરી એવું બળતણ નથી મળતું તે કારણે વીજળી ફાળવાયેલ જથ્થા પ્રમાણે મળી શકતી નથી. ઉપરાંત કેન્દ્રીય વીજ ઉત્પાદક એકમોના બીન ફાળવાયેલ હિસ્સામાંથી ગુજરાતનો હીસ્સો અન્ય રાજ્યોને ફાળવી દીધેલો તે હજુ પણ પૂરેપૂરો પ્રાપ્ત થયેલ નથી.

------------

## વિજાપુર તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ

૧૧૩૧૮**શ્રી કાંતિલાલ રા.પટેલ(વિજાપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) :

જિલ્લા પંચાયત દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં તમામ ૫૧ પેટાપરાંનું રૂ. ૪૬.૦૫ લાખના ખર્ચે અગાઉ વીજળીકરણ થઈ ગયેલ હોવાથી કોઈ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

## રાજ્યના ગેસ આધારિત વીજ મથકો માટે ગેસ પૂરવઠો

૧૧૩૦૪**શ્રી દિલીપસિંહ પરમાર (મોડાસા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યનાં ગેસ આધારિત વીજ મથકો માટે વર્ષ ૨૦૦૮-૦૯ માટે ગેસનો કેટલો જથ્થો જરૂરી હતો, અને

**જવાબ**

(૧) અને (૨) :

રાજ્યના ગેસ આધારિત વીજ મથકોની વર્ષ ૨૦૦૮-૦૯ માટેની જરૂરિયાત અને પ્રાપ્ય થયેલ ગેસના

(૨) તે પૈકી કેટલો જથ્થો પ્રાપ્ત થયો ?

પુરવઠાની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | વીજ મથક | જરૂરિયાત (MMSCM) | પ્રાપ્ત થયેલ ગેસ (MMSCM) |
|---|---|---|---|
| ૧ | એસ્સાર પાવર લી. હજીરા | ૫૧૧.૦૦ | ૩૭૯.૬૦ |
| ૨ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી.,હજીરા | ૨૭૩.૭૫ | ૨૩૩.૬૦ |
| ૩ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રસીટી કોર્પોરેશન લી., ઉતરાન | ૨૩૨.૬૮ | ૧૭૩.૫૭ |
| ૪ | ગુજરાત પગુથન એનર્જી કોર્પોરેશન પ્રા. લી., ભરૂચ | ૧૧૪૬.૧ | ૪૧૬.૧૦ |
| ૫ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કં.લી., વડોદરા | ૫૬૬.૭૫ | ૩૫૬.૨૫ |
| ૬ | ટોરેન્ટ પાવર લી. વટવા | ૧૭૫.૨૦ | - |
| ૭ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી., ધુવારણ-૧ | ૧૪૭.૩૬ | ૧૧૦.૭૫ |
| ૮ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી., ધુવારણ-૨ | ૧૫૫.૧૨ | ૧૩૧.૧૭ |
| ૯ | એનટીપીસી લી., જાનોર ગેસ પાવર સ્ટેશન | ૧૧૩૫.૧૫ | ૬૫૩.૩૫ |
| ૧૦ | એનટીપીસી લી., ક્વાસ ગેસ પાવર સ્ટેશન | ૧૧૨૭.૮૫ | ૧૧૬.૮૦ |

------------

## કચ્છ જિલ્લામાં પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો

૧૧૩૪૩**શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી(માંડવી) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક્ના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) કેટલા કર્મચારીઓ હજુ મકાન વિહોણાં છે, અને

(૩) આ કર્મચારીઓ માટે નવા મકાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ કર્મચારીઓ માટે કુલ ૨૪૮ રહેણાંક્ના નવા મકાનો બનાવવામાં આવેલ છે. કચ્છ જીલ્લાના હાજર મહેકમ ૧૮૩૫ની સામે કુલ ૧૭૧૭ રહેણાંક્ના મકાનો ઉપલબ્ધ છે. ખૂટતાં ૧૧૮ મકાનો માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખેતી માટેના વીજ ક્નેક્શન

૧૦૨૨૬ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ ક્નેક્શન મેળવવા કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખેતી માટેના વીજ ક્નેક્શન માટે મળેલ અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકો | વીજ ક્નેક્શન માટે મળેલ અરજીઓ |
|---|---|---|
| ભરૂચ | ભરૂચ | ૧૯૪ |
| | ઝઘડીયા | ૮૫૫ |
| | હાંસોટ | ૭૫ |
| | વાલીયા | ૪૩૭ |
| નર્મદા | નાંદોદ | ૧૨૧૨ |
| | ડેડીયાપાડા | ૧૬૭ |
| | સાગબારા | ૧૦૮ |
| | તીલક્વાડા | ૧૬૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરી વીજ ક્નેક્શનો આપવામાં આવ્યા ?

(૨)

| જિલ્લો | તાલુકો | ખંડ-૧માં દર્શાવેલ અરજીઓ પૈકી આપવામાં આવેલ વીજ જોડાણ | આ ઉપરાંત અગાઉની અરજીઓ પૈકી છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|
| ભરૂચ | ભરૂચ | ૫ | ૧૦૮ |
| | ઝઘડીયા | ૩૦૫ | ૨૧૯ |
| | હાંસોટ | ૧ | ૪૮ |
| | વાલીયા | ૪૧ | ૪૨૮ |
| નર્મદા | નાંદોદ | ૫૩૫ | ૧૫૯ |
| | ડેડીયાપાડા | ૨૪ | ૪૪ |
| | સાગબારા | ૧૫ | ૧૯ |
| | તીલકવાડા | ૭૦ | ૧૧ |

------------

**નવસારી જિલ્લાના આદિવાસી લોકોના રહેઠાણે વીજ જોડાણ**

૧૧૩૩૦ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આદિજાતિ વિસ્તારોમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળીકરણનો લાભ આપવાની યોજના અંતર્ગત નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા,

(૧) નવસારી જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં વસતા આદિવાસી લોકોના રહેઠાણોમાં વીજળી કરણનો લાભ આપવાની રાજ્ય સરકારની ""કુટિર જ્યોતિ યોજના"" અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન ૬૬૭૬ અને ""આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઈબ્સ)નાં લાભાર્થીઓને વીજ જોડાણ યોજના"" અંતર્ગત ૧૩૫૫ વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ""કુટિર જ્યોતિ યોજના"" અંતર્ગત ૨૫૦૦ અરજીઓ પડતર છે જ્યારે ""આદિમજૂથ (પ્રિમિટીવ ટ્રાઈબ્સ)નાં લાભાર્થીઓને વીજ જોડાણ યોજના"" અંતર્ગત કોઈ અરજી પડતર નથી.

(૩) ઉક્ત અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

(૩) ""કુટિર જ્યોતિ યોજના""ની પડતર અરજીઓ પૈકી ૧૫૨ વીજ જોડાણો જૂન-૨૦૦૯ અંતિત આપી દેવામાં આવેલ છે. જ્યારે હવે બાકી તમામ અરજદારોને ચાલુ નાણાંકીય વર્ષમાં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

------------

**ખેડા જિલ્લાની આર.ટી.ઓ. ક્ચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

૧૧૪૦૦**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આર.ટી.ઓ. ક્ચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧)

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૦ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી | ૦૧ |
| ૫ | મોટર વાહન નિરીક્ષક | ૦૨ |
| ૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૦૧ |
| ૭ | જનસંપર્ક અધિકારી | ૦૦ |

| | | |
|---|---|---|
| ૮ | હેડ ક્લાર્ક | ૦૩ |
| ૯ | સીનીયર ક્લાર્ક/ સબ એકાઉન્ટન્ટ | ૦૭ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક | ૨૧ |
| ૧૧ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૦૧ |
| ૧૨ | સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩ | ૦૧ |
| ૧૩ | હિસાબનીશ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર | ૦૧ |
| ૧૫ | સર્કલ ઓફીસર | ૦૧ |
| ૧૬ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૧૭ | ડ્રાઈવર | ૦૧ |
| ૧૮ | પટાવાળા | ૦૩ |
| | કુલ | ૪૭ |

(૨) કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨)

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યા પડયા તારીખ |
|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૩૧-૮-૦૧ |
| ૨ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૦૧ | ૫-૨-૦૩ |
| ૩ | હેડ ક્લાર્ક | ૦૧ | ૩૦-૪-૦૯ |
| ૪ | સીનીયર ક્લાર્ક | ૦૨ | ૨૮-૨-૦૯<br>૩૦-૪-૦૯ |
| ૫ | આંકડા મદદનીશ | ૦૧ | ૧૯-૫-૦૬ |
| ૬ | ડ્રાઈવર | ૦૧ | ૧-૪-૦૭ |
| | કુલ | ૦૭ | |

(૩) શાં કારણોસર, અને

(૩)

| અ.નં. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા પડવાનું કારણ |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | વયનિવૃત્ત થતાં |
| ૨ | મોટર વાહન પ્રોસીક્યુટર | બદલી થતાં |
| ૩ | હેડ ક્લાર્ક | વયનિવૃત્ત થતાં |
| ૪ | સીનીયર ક્લાર્ક | વયનિવૃત્ત થતાં |
| ૫ | આંકડા મદદનીશ | બદલી થતાં |
| ૬ | ડ્રાઈવર | બદલી થતાં |

(૪) કેટલા સમયમાં ભરવા માંગો છો ?

(૪) જેમ બને તેમ જલ્દીથી

------------

**છોટા ઉદેપુર તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૧૨૯૯**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકાના કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકાના ૫ (પાંચ) પેટાપરાંઓનું વીજળીકરણ રૂા. ૪૩.૧૦ લાખના ખર્ચે કરવામાં આવ્યું.

(૩) આદિજાતિ વિકાસ કમિશ્નરની પ્રસિધ્ધ કરેલ યાદી મુજબ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં ૧૫૪ પેટાપરાંઓ દર્શાવેલા છે. તે પૈકી, ૧૫૨ પેટાંપરાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે. બાકી રહેલ ૨ પેટાપરાં આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલ છે. જેનું ૨૦૦૯-૧૦ના વર્ષમાં સોર ઉર્જાથી વીજળીકરણ કરવાનું આયોજન છે.

## વહીવટી સંપાદક વર્ગ-૩ની જગ્યાઓ

૧૧૪૪૯**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ માહિતી નિયામકશ્રીની કચેરીમાં વહીવટી સંપાદક વર્ગ-૩ની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) માહિતી નિયામકશ્રીની કચેરીમાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વહીવટી સંવર્ગોની વર્ગ-૩ની ૩૮ જગ્યાઓ અને સંપાદન સંવર્ગોની વર્ગ-૩ની ૫૧ જગ્યાઓ એમ મળી કુલ ૮૯ જગ્યાઓ ખાલી છે. |
| (૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૨) જુદા જુદા સમયથી ખાલી છે. |
| એચબી-૩૦૩-૧૧ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા [illegible] | (૩) આ જગાઓ ભરવા માટેની આ સંવર્ગોની દરખાસ્તો અત્યારે જુદી-જુદી વહીવટી પ્રક્રિયા હેઠળ છે. આ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ જેમ બને તેમ જલ્દીથી આ જગ્યાઓ ભરવામાં આવશે. |
| (૪) આ જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે ? | (૪) આ જગ્યાઓ ખાલી રહેવાના મુખ્ય કારણોમાં બઢતીથી ખાલી જગ્યાઓ ભરવા માટેની નિયત ખાતાકીય પરીક્ષાની તથા પસંદગીની બાબત કાર્યવાહી હેઠળ હોવાથી, માહિતી મદદનીશ/સબ એડીટર સંવર્ગમાં ભરતી નિયમો સુધારવાની બાબત કાર્યવાહીમાં હોવાથી, ઉપલા સંવર્ગોમાં બઢતી આપવાથી, નિવૃત્તિના કારણોસર, ઉપલા સંવર્ગોમાં બઢતી ન સ્વીકારવાના કારણોસર તેમજ રહેમરાહે નોકરી આપવાની દરખાસ્તો વિચારણા હેઠળ હોવાથી, આ જગ્યાઓ ખાલી છે. |

------------

## થરાદ ચેક પોસ્ટની આવક

૧૧૩૬૪ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) થરાદ ચેક પોસ્ટની નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૮૮૬.૪૪ લાખ આવક થયેલ છે. |
| (૨) અગાઉના વર્ષ કરતાં આ આવકમાં શું ફેરફાર થવા પામેલ છે, અને | (૨) રૂા. ૨૮૬.૩૮ લાખનો વધારો થયેલ છે. |
| (૩) જો ઘટાડો થયો હોય તો તેનાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## અમીરગઢ ચેકપોસ્ટની આવક

૧૧૩૬૩ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમીરગઢ ચેકપોસ્ટની નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૨૧૩૫.૩૮ લાખ આવક થયેલ છે. |
| (૨) અગાઉના વર્ષ કરતાં આ આવકમાં શું તફાવત થયેલ છે, અને | (૨) રૂા. ૯૩.૫૦ લાખનો વધારો થયેલ છે. |
| (૩) જો આવકમાં ઘટાડો નોંધાયેલ હોય તો તેનાં શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ખોટા રોયલ્ટી પાસના આધારે બોક્સાઈટ રવાના થવા બાબત**

૧૧૨૭૨ **શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં ખોટા રોયલ્ટી પાસના આધારે પોરબંદરથી બે જહાજો ભરી બોક્સાઈટ ખનીજ રવાના થયાની જાણ અધિક નિયામકશ્રી, ફ્લાઈંગ સ્ક્વોર્ડ ગાંધીનગરને આ જહાજો બંદરેથી નીકળી જાય તે પહેલાં કોઈ ખાનગી ઈસમે ફોન દ્વારા બાતમી આપેલ હોવાનું ખાતાના રેકર્ડ પર છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ અધિક નિયામકશ્રીએ જે તે સમયે તાત્કાલિક ખનીજ ચોરી અંગે કાયદેસરનાં પગલાં ભરેલ છે કે કેમ, | (૨) અધિક નિયામકશ્રીને ફોન પર મળેલ ફરિયાદ અન્વયે જરૂરી કાર્યવાહી કરવા જિલ્લા ભુસ્તરશાસ્ત્રીશ્રીને ફોનથી સૂચના આપી હતી. તેમજ પોરબંદર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરેલ છે. |
| (૩) જો ના, તો કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ દ્વારા આ અધિક નિયામકશ્રી સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને | (૩) અને (૪) જરૂરી પગલાં લેવામાં જણાયેલ વિલંબની બાબતે કાર્યવાહી ચાલુ છે. |
| (૪) સરકારને થયેલ કરોડો રૂપિયાના નુક્સાન સામે આ અધિક નિયામકશ્રી સામે સરકારશ્રીએ શાં પગલાં લીધાં ? | |

----------

**વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડીના વીજ જોડાણોની અરજીઓ**

૧૧૪૬૮**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તાલુક્વાર ખેતીવાડીના મીટર વગર વીજ જોડાણ માંગનાર કેટલા ખેડૂતોની તા. ૩૧-૩-૨૦૦૮ થી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં અરજીઓ પેન્ડીંગ છે, અને | (૧) અને (૨) વડોદરા જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડીના મીટર વગર વીજ જોડાણ આપવાની કોઈ અરજીઓ પડતર નથી. |
| (૨) તે પૈકી કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા ? | |

------------

**જામનગર જિલ્લામાં ૨૨૦ કે.વી.નું સબ સ્ટેશન સ્થાપવા અંગે**

૧૧૪૨૦**શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કાલાવાડ, ભાલપુર અને જામજોધપુર તાલુકાઓમાં ખાનગી ક્ષેત્ર ધ્વારા વિન્ડ ફાર્મ આધારિત ઉર્જા ઉત્પન્ન કરવામાં આવે છે તેની આનુષાંગિક જરૂરીયાત માટે કાલાવાડ ખાતે નવું ૨૨૦ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા અંગેની કામગીરી તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને | (૧) અને (૨) જામનગર જિલ્લાના કાલાવડ, ભાલપુર અને જામજોધપુર તાલુકાઓમાં ખાનગી ક્ષેત્ર દ્વારા વિન્ડ ફાર્મ આધારિત ઉર્જા ઉત્પન્ન કરવામાં આવે છે તેને પ્રસારિત કરવા માટે હાલની હયાત ગ્રીડ સક્ષમ છે. ઉપરાંત, તે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી. ની હયાત ગ્રીડ સાથે જોડાયેલ છે. આથી, કાલાવાડ ખાતે |

(૨) ઉક્ત સ્થિતિએ શું શું કામગીરી હાથ ધરવામાં આવી ?

હાલના તબક્કે ૨૨૦ કે.વી. નું સબ સ્ટેશન સ્થાપવાનું આયોજન નથી. પરંતુ, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં ૬૬ કે.વી. ના બે નવા વીજ સબ સ્ટેશનો મંડાસણ અને શેઠ વડાલા (ધ્રાફા) ખાતે સ્થાપવાનું આયોજન છે.

------------

**સચિવાલયમાં ઉપસચિવોની જગ્યાઓ**

૧૧૪૭૫ **ડૉ.અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ સચિવાલયમાં ઉપ સચિવના સંવર્ગમાં કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને તે પૈકી કેટલી ભરાયેલ છે,

(૨) મંજૂર થયેલ જગ્યાઓ પૈકી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ખાલી જગ્યાઓ ન ભરવાથી સંભરવાલ કોર્ટ કેસોનો અને નામદાર કોર્ટનો તીરસ્કાર થાય છે કે કેમ, અને

(૪) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ખાલી જગ્યાઓ કેટલી સમય-મર્યાદામાં ભરવા માંગો છો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ ઉપસચિવ સંવર્ગમાં કુલ ૧૭૧ જગ્યાઓ મંજૂર થયેલ છે અને તે પૈકી ૧૫૫ જગ્યાઓ ભરાયેલ છે.

(૨) ઉપસચિવ સંવર્ગની મંજૂર થયેલ ૧૭૧ જગ્યાઓ પૈકી હાલ ૧૫૫ જગ્યાઓ ભરાયેલ છે, જે પૈકી અનુ. જાતિની ભરવાપાત્ર ૧૦ જગ્યાઓ સામે ૯ જગ્યાઓ ભરાયેલ છે અને ૧ જગ્યા તા. ૨૮-૨-૦૯થી દ ટમાં છે, જ્યારે અનુ. જનજાતિની ભરવાપાત્ર ૨૩ જગ્યાઓ સામે ૩૫ જગ્યાઓ ભરાયેલ છે, આમ અનુ. જનજાતિના નિયત ક્વોટા કરતાં પણ વધુ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) ના, જી.

(૪) વહેલામાં વહેલી તકે.

------------

**રાધનપુર તાલુકાના પેટાપરાંઓનું વીજળીકરણ**

૧૧૪૨૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન પાટણ જિલ્લાનાં રાધનપુર તાલુકામાં કેટલા પેટાપરાંઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) બાકી રહેલ પેટાપરાંઓનું વીજળીકરણ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) જિલ્લા પંચાયત દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદી અનુસાર પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના ૨૮ પેટાપરાંઓનું વીજળીકરણ રૂા. ૨૧ લાખના ખર્ચે અગાઉ થઇ ગયેલ હોવાથી કોઇ પેટાપરાંનું વીજળીકરણ બાકી નથી.

------------

**રાજ્યના વર્ગ-૩ના કર્મચારીઓ માટે કોમ્પ્યુટરની સી.સી.સી. પરીક્ષા**

૧૧૪૩૯ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વર્ગ-૩ના કર્મચારીઓ માટે સી.સી.સી. કોમ્પ્યુટર પરીક્ષા ફરજિયાત બનાવાઈ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો અંધ સરકારી કર્મચારીઓને આ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવી નથી તેને કારણે આવા કર્મચારીઓ મુશ્કેલીઓનો સામનો કરી ર?ા છે તે હકીક્ત સરકાર જાણે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) અંધ સરકારી કર્મચારીઓને સી.સી.સી. તથા સી.સી.સી. પ્લસની તાલીમ આપવા માટે અને તાલીમાન્ત પરીક્ષા લેવા માટેનાં કેન્દ્રો/ સંસ્થાઓ નક્કી કરવાની બાબત સામાજિક ન્યાય અને

(૩) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

અધિકારીતા વિભાગ તથા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના પરામર્શમાં વિચારણા હેઠળ છે.

------------

**અમદાવાદ શહેરમાં નોંધાયેલા નશાબંધીના કેસો**

૧૦૨૨૨**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના દરેક પોલીસ સ્ટેશન દીઠ નશાબંધી અંગેના કેટલા કેસો નોંધાયા,

**જવાબ**

(૧) **પત્રક-અ** સામેલ છે.

**પત્રક-અ**

| અ.નં. | પો. સ્ટે. નું નામ | તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ |
|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૭૩ | ૫૮ |
| ૨ | એલીસબ્રીજ | ૧૫૨ | ૧૬૮ |
| ૩ | સેટેલાઇટ | ૧૩૧ | ૭૯ |
| ૪ | વસ્ત્રાપુર | ૧ | ૩૪ |
| ૫ | ગુજ. યુનિ. | ૪૨ | ૩૪ |
| ૬ | નવરંગપુરા | ૩૦૬ | ૩૪૭ |
| ૭ | નારણપુરા | ૩૧ | ૫૭ |
| ૮ | ઘાટલોડીયા | ૧૬૨ | ૬૬ |
| ૯ | સોલા | ૮૭ | ૧૪૫ |
| ૧૦ | કારંજ | ૪૦ | ૬૩ |
| ૧૧ | શાહપુર | ૯૪ | ૧૭૪ |
| ૧૨ | માધવપુરા | ૩૧૫ | ૩૪૮ |
| ૧૩ | સાબરમતી | ૨૯૯ | ૩૧૨ |
| ૧૪ | ચાંદખેડા | ૦ | ૬૧ |
| ૧૫ | ગા. હવેલી | ૧૨૫ | ૧૭૨ |
| ૧૬ | ખાડીયા | ૧૦૩ | ૧૦૦ |
| ૧૭ | કાલુપુર | ૨૭ | ૨૪ |
| ૧૮ | શહેરકોટડા | ૪૬૭ | ૩૪૭ |
| ૧૯ | શાહીબાગ | ૪૮૦ | ૩૧૧ |
| ૨૦ | દરીયાપુર | ૪૬ | ૭૮ |
| ૨૧ | મેઘાણીનગર | ૫૪૦ | ૪૪૬ |
| ૨૨ | સરદારનગર | ૭૫૧ | ૭૧૧ |
| ૨૩ | નરોડા | ૪૪૧ | ૪૨૮ |
| ૨૪ | ગોમતીપુર | ૪૦૧ | ૩૫૧ |
| ૨૫ | રખીયાલ | ૮૩ | ૬૦ |
| ૨૬ | બાપુનગર | ૨૦૩ | ૧૪૬ |
| ૨૭ | ઓઢવ | ૫૦૭ | ૩૭૫ |
| ૨૮ | અમરાઇવાડી | ૬૩૧ | ૫૭૦ |
| ૨૯ | રામોલ | ૨૪૨ | ૩૫૧ |
| ૩૦ | કાગડાપીઠ | ૫૯૦ | ૫૫૪ |
| ૩૧ | દાણીલીમડા | ૨૯૧ | ૨૯૮ |
| ૩૨ | મણીનગર | ૧૮૧ | ૧૪૮ |
| ૩૩ | વટવા | ૨૦૧ | ૨૫૦ |
| ૩૪ | જી.આઇ.ડી.સી. | ૧૮૦ | ૧૭૦ |
| ૩૫ | ઇસનપુર | ૧૫૬ | ૨૦૧ |
| ૩૬ | ક્રાઇમ | ૧૪ | ૧૮ |
| | કુલ : | ૮૩૯૩ | ૮૦૫૫ |

(૨) તે અન્વયે કેટ કેટલી રેડો પાડવામાં આવી, અને

(૨) **પત્રક-બ** સામેલ છે.

| અ.નં. | પો. સ્ટે. નું નામ | તા. ૧-૬-૦૭ થી | તા. ૧-૬-૦૮ થી |
|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૮૭ | ૬૬ |
| ૨ | એલીસબ્રીજ | ૧૬૨ | ૧૭૦ |
| ૩ | સેટેલાઇટ | ૧૪૮ | ૯૩ |
| ૪ | વસ્ત્રાપુર | ૫ | ૫૮ |
| ૫ | ગુજ. યુનિ. | ૧૨૫ | ૨૦૬ |
| ૬ | નવરંગપુરા | ૪૬૮ | ૪૯૦ |
| ૭ | નારણપુરા | ૫૨ | ૧૬૭ |
| ૮ | ઘાટલોડીયા | ૧૯૪ | ૯૩ |
| ૯ | સોલા | ૧૮૧ | ૨૧૬ |
| ૧૦ | કારંજ | ૨૭૪ | ૧૯૧ |
| ૧૧ | શાહપુર | ૨૪૨ | ૩૪૩ |
| ૧૨ | માધવપુરા | ૧૦૫૦ | ૧૨૫૮ |
| ૧૩ | સાબરમતી | ૬૩૩ | ૬૭૭ |
| ૧૪ | ચાંદખેડા | ૦ | ૧૧૩ |
| ૧૫ | ગા. હવેલી | ૧૯૮ | ૨૫૮ |
| ૧૬ | ખાડીયા | ૧૭૮ | ૧૯૫ |
| ૧૭ | કાલુપુર | ૧૫૬ | ૧૬૭ |
| ૧૮ | શહેરકોટડા | ૫૬૦ | ૪૨૭ |
| ૧૯ | શાહીબાગ | ૫૦૧ | ૩૩૧ |
| ૨૦ | દરીયાપુર | ૬૧ | ૯૦ |
| ૨૧ | મેઘાણીનગર | ૬૯૬ | ૫૮૬ |
| ૨૨ | સરદારનગર | ૭૮૧ | ૭૩૬ |
| ૨૩ | નરોડા | ૭૮૧ | ૯૪૩ |
| ૨૪ | ગોમતીપુર | ૭૮૮ | ૬૩૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૪ | ગોમતીપુર | ૭૮૮ | ૬૩૪ |
| ૨૫ | રખીયાલ | ૧૦૬૦ | ૫૪૩ |
| ૨૬ | બાપુનગર | ૩૦૬ | ૨૫૬ |
| ૨૭ | ઓઢવ | ૫૭૩ | ૫૪૮ |
| ૨૮ | અમરાઇવાડી | ૧૦૯૦ | ૧૦૬૬ |
| ૨૯ | રામોલ | ૩૩૧ | ૪૮૧ |
| ૩૦ | કાગડાપીઠ | ૧૧૫૮ | ૯૦૧ |
| ૩૧ | દાણીલીમડા | ૪૮૯ | ૪૯૫ |
| ૩૨ | મણીનગર | ૩૩૨ | ૩૬૮ |
| ૩૩ | વટવા | ૩૮૮ | ૪૪૧ |
| ૩૪ | જી.આઇ.ડી.સી. | ૫૦૦ | ૩૧૫ |
| ૩૫ | ઇસનપુર | ૩૪૮ | ૬૩૮ |
| ૩૬ | ક્રાઇમ | ૧૪ | ૧૮ |
| | કુલ : | ૧૪૯૧૦ | ૧૪૫૭૮ |

(૩) આ રેડ દરમ્યાન કેટલી કિંમતનો કેટલા લીટર દારૂ પકડાયો ?

(૩) **પત્રક-ક** સામેલ છે.

## પત્રક-ક (દેશી દારૂ)

| અ.નં. | પો. સ્ટે. નું નામ | તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | | તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ | |
|---|---|---|---|---|---|
| | | દેશી (લીટર) | કિંમત | દેશી (લીટર) | કિંમત |
| ૧ | વેજલપુર | ૯૯૮ | ૧૯૯૬૦ | ૧૮૬૭ | ૩૭૩૪૦ |
| ૨ | એલીસબ્રીજ | ૧૭૪૨ | ૩૪૮૪૦ | ૧૯૭૦ | ૧૯૪૦૦ |
| ૩ | સેટેલાઇટ | ૪૬૫ | ૯૩૦૦ | ૬૮૭ | ૧૩૭૪૦ |
| ૪ | વસ્ત્રાપુર | ૨ | ૪૦ | ૧૯૯ | ૩૯૮૦ |
| ૫ | ગુજ. યુનિ. | ૧૮૩ | ૩૬૬૦ | ૪૫૧ | ૯૦૨૦ |
| ૬ | નવરંગપુરા | ૨૯૮૯ | ૫૯૭૮૦ | ૧૫૯૩ | ૩૧૮૬૦ |
| ૭ | નારણપુરા | ૨૬૫ | ૫૩૦૦ | ૨૧૪ | ૪૨૮૦ |
| ૮ | ઘાટલોડીયા | ૮૦૫ | ૧૬૧૦૦ | ૫૫૬ | ૧૧૧૨૦ |
| ૯ | સોલા | ૪૯ | ૯૮૦ | ૨૫૧ | ૫૦૨૦ |
| ૧૦ | કારંજ | ૩૨૦ | ૬૪૦૦ | ૨૫૭ | ૫૧૪૦ |
| ૧૧ | શાહપુર | ૮૪૮ | ૧૬૯૬૦ | ૬૬૧.૫૦૦ | ૧૩૨૩૦ |
| ૧૨ | માધવપુરા | ૪૧૨૯ | ૮૨૫૮૦ | ૩૫૦૨ | ૭૦૦૪૦ |
| ૧૩ | સાબરમતી | ૩૬૩૯.૫૦૦ | ૭૨૭૯૦ | ૪૬૦૬ | ૯૨૧૨૦ |
| ૧૪ | ચાંદખેડા | ૦ | ૦ | ૮૫૭ | ૧૭૧૪૦ |
| ૧૫ | ગા. હવેલી | ૫૩૪ | ૧૦૬૮૦ | ૩૧૧ | ૬૨૨૦૦ |
| ૧૬ | ખાડીયા | ૨૪ | ૪૮૦ | ૨૫ | ૫૦૦ |
| ૧૭ | કાલુપુર | ૪૩ | ૮૬૦ | ૧૩૫ | ૨૭૦૦ |
| ૧૮ | શહેરકોટડા | ૫૪૩૬ | ૧૦૮૭૨૦ | ૨૫૮૦ | ૫૧૬૦૦ |
| ૧૯ | શાહીબાગ | ૨૩૭ | ૪૭૪૦ | ૨૦૦ | ૪૦૦૦ |
| ૨૦ | દરીયાપુર | ૮૭ | ૧૭૪૦ | ૧૪૮ | ૨૯૬૦ |
| ૨૧ | મેઘાણીનગર | ૪૩૨૩ | ૮૬૪૬૦ | ૪૮૪૦ | ૯૬૮૦૦ |
| ૨૨ | સરદારનગર | ૫૯૩૦ | ૧૧૮૬૦૦ | ૯૧૧૫ | ૧૪૬૩૨૦ |
| ૨૩ | નરોડા | ૪૮૯૬ | ૯૭૯૨૦ | ૪૪૨૫ | ૮૮૫૦૦ |
| ૨૪ | ગોમતીપુર | ૨૫૦૦ | ૫૦૦૦૦ | ૩૬૭૩ | ૭૩૪૬૦ |
| ૨૫ | રખીયાલ | ૨૨૫ | ૪૫૦૦ | ૧૩૫ | ૨૭૦૦ |
| ૨૬ | બાપુનગર | ૧૨૯૩ | ૨૫૮૬૦ | ૮૬૧ | ૧૭૨૨૦ |
| ૨૭ | ઓઢવ | ૨૪૧૮ | ૪૮૩૬૦ | ૨૨૭૨ | ૪૫૪૪૦ |
| ૨૮ | અમરાઇવાડી | ૬૩૩૬ | ૧૨૬૭૨૦ | ૩૯૮૧ | ૭૯૬૨૦ |
| ૨૯ | રામોલ | ૨૩૨૩ | ૪૬૪૬૦ | ૩૪૦૦ | ૬૮૦૦૦ |
| ૩૦ | કાગડાપીઠ | ૨૯૭૩ | ૫૯૪૬૦ | ૨૬૧૦ | ૫૨૨૦૦ |
| ૩૧ | દાણીલીમડા | ૨૧૧૮ | ૪૨૩૬૦ | ૩૦૬૩ | ૬૧૨૬૦ |
| ૩૨ | મણીનગર | ૧૮૭૫ | ૩૭૫૦૦ | ૮૫૦ | ૧૭૦૦૦ |
| ૩૩ | વટવા | ૨૦૫૫ | ૪૧૧૦૦ | ૩૧૯૧ | ૬૩૮૨૦ |
| ૩૪ | જી.આઇ.ડી.સી. | ૨૨૮૧ | ૪૫૬૨૦ | ૨૦૦૫ | ૪૦૧૦૦ |
| ૩૫ | ઇસનપુર | ૧૦૫૦ | ૨૧૦૦૦ | ૮૫૧ | ૧૭૦૨૦ |
| ૩૬ | ક્રાઇમ | ૭૯૨ | ૧૫૮૪૦ | ૧૧૭૯ | ૨૩૫૮૦ |
| | કુલ : | ૬૬૧૮૩.૫૦૦ | ૧૩૨૩૬૭૦ | ૬૭૫૨૧.૫૦૦ | ૧૩૫૦૪૩૦ |

## પત્રક-ક (વિદેશી દારૂ)

| અ.નં. | પો. સ્ટે. નું નામ | તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | | તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ | |
|---|---|---|---|---|---|
| | | વિદેશી (બોટલ) | કિંમત | વિદેશી (બોટલ) | કિંમત |
| ૧ | વેજલપુર | ૧૦૪૧ | ૧૨૫૪૦૦ | ૧૦૩૯ | ૩૩૬૨૬૫ |
| ૨ | એલીસબ્રીજ | ૯૨ | ૨૨૨૦૦ | ૧૬૯ | ૬૯૨૦૦ |
| ૩ | સેટેલાઇટ | ૫૪ | ૧૩૨૦૦ | ૧૭૭ | ૯૪૯૫૦ |
| ૪ | વસ્ત્રાપુર | ૦ | ૦ | ૨૬૫ | ૭૫૮૫૦ |
| ૫ | ગુજ. યુનિ. | ૩૯૬ | ૪૨૩૮૫ | ૪૪૧ | ૧૪૭૪૦૫ |
| ૬ | નવરંગપુરા | ૩૩૩ | ૭૫૦૦૦ | ૩૨ | ૪૬૦૦ |
| ૭ | નારણપુરા | ૪૬ | ૧૦૨૦૦ | ૩ | ૬૦૦ |
| ૮ | ઘાટલોડીયા | ૧૨૯ | ૧૯૨૦૦ | ૨૩ | ૪૯૦૦ |
| ૯ | સોલા | ૨૦૪ | ૩૩૨૭૫ | ૨૭ | ૫૦૨૦ |
| ૧૦ | કારંજ | ૨૧૪ | ૬૬૫૦૦ | ૭૫૦ | ૧૯૪૧૦૦ |
| ૧૧ | શાહપુર | ૬૩૨ | ૧૫૯૦૦ | ૫૩ | ૧૨૭૫૦ |
| ૧૨ | માધવપુરા | ૯૦ | ૩૧૮૧૫ | ૨૧૮ | ૧૧૮૧૨૮ |
| ૧૩ | સાબરમતી | ૭૪ | ૫૪૮૦૦ | ૧૦૫૨ | ૨૨૩૯૦૦ |
| ૧૪ | ચાંદખેડા | ૦ | ૦ | ૫૬૨ | ૧૬૮૭૦૦ |
| ૧૫ | ગા. હવેલી | ૪૦ | ૫૬૦૦ | ૫૧ | ૧૯૦૫૦ |
| ૧૬ | ખાડીયા | ૪૫ | ૭૫૮૦ | ૧૮૨ | ૪૫૦૦૦ |
| ૧૭ | કાલુપુર | ૮ | ૭૨૦ | ૧૦૪ | ૨૧૬૭૦ |
| ૧૮ | શહેરકોટડા | ૧૫૭ | ૫૯૭૫૦ | ૧૦૦૨ | ૨૭૧૯૫૦ |
| ૧૯ | શાહીબાગ | ૧૫ | ૪૫૦૦ | ૧૯ | ૫૭૦૦ |
| ૨૦ | દરીયાપુર | ૪૯ | ૧૨૭૫૦ | ૧૫ | ૩૮૫૦ |
| ૨૧ | મેઘાણીનગર | ૨૪૮ | ૩૮૧૦૦ | ૧૭૭ | ૨૮૮૦૦ |
| ૨૨ | સરદારનગર | ૨૫૫૬ | ૬૪૩૦૦૦ | ૨૯૬૩ | ૭૯૦૪૮૫ |
| ૨૩ | નરોડા | ૧૫૫૯ | ૪૪૮૬૫૦ | ૧૧૫૨૮ | ૧૫૪૩૩૬૫ |
| ૨૪ | ગોમતીપુર | ૧૧૯ | ૧૮૮૨૦૦ | ૨૫ | ૭૯૦૦ |
| ૨૫ | રખીયાલ | ૯૦ | ૨૬૪૦૦ | ૧૦ | ૫૧૦૦ |
| ૨૬ | બાપુનગર | ૪૯૮ | ૭૪૩૦૦ | ૩૦૫ | ૭૬૪૫૦ |
| ૨૭ | ઓઢવ | ૭૦૮ | ૧૭૭૦૦૦ | ૫૧૭ | ૧૨૬૧૯૦ |
| ૨૮ | અમરાઇવાડી | ૧૩૦૯ | ૧૮૩૦૦૦ | ૧૬૦૫ | ૬૮૧૫૦૦ |
| ૨૯ | રામોલ | ૧૧૧૭૫ | ૨૪૩૦૩૩૬ | ૮૬૦ | ૨૫૮૦૦ |
| ૩૦ | કાગડાપીઠ | ૧૫૪ | ૩૬૩૪૦ | ૪૧૭ | ૯૩૩૦૦ |
| ૩૧ | દાણીલીમડા | ૬૮૭૫ | ૧૬૪૪૫૫ | ૩૧૦ | ૯૭૬૦ |
| ૩૨ | મણીનગર | ૫૧૬ | ૧૫૪૮૦૦ | ૧૨૪ | ૩૭૨૦૦ |
| ૩૩ | વટવા | ૩૮૫ | ૫૩૯૧૦ | ૧૫૮૭ | ૩૨૧૬૭૦ |
| ૩૪ | જી.આઇ.ડી.સી. | ૫૩ | ૮૫૭૫ | ૨૩૬ | ૮૫૦૦૦ |
| ૩૫ | ઇસનપુર | ૧૦૫૬ | ૫૮૪૦૦ | ૧૧૨૭ | ૪૮૩૭૫ |
| ૩૬ | ક્રાઇમ | ૯૭૫૪ | ૨૧૧૨૪૦૦ | ૮૬૧૧ | ૧૯૦૧૧૪૦ |
| | કુલ : | ૪૦૬૭૪ | ૭૩૯૮૬૪૧ | ૩૬૫૮૬ | ૭૬૦૫૬૨૩ |

## પત્રક-ક (વોશ)

| અ.નં. | પો. સ્ટે. નું નામ | તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | | તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ | |
|---|---|---|---|---|---|
| | | વોશ (લીટર) | કિંમત | વોશ (લીટર) | કિંમત |
| ૧ | વેજલપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | એલીસબ્રીજ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | સેટેલાઇટ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | વસ્ત્રાપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ગુજ. યુનિ. | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | નવરંગપુરા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | નારણપુરા | ૩૩૦ | ૩૩૦૦ | ૨૭૦ (તાડી) | ૨૭૦૦ |
| ૮ | ઘાટલોડીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સોલા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | કારંજ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | શાહપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | માધવપુરા | ૧૪૫૦ | ૧૪૫૦૦ | ૭૦૦ | ૭૦૦૦ |
| ૧૩ | સાબરમતી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ચાંદખેડા | ૦ | ૦ | ૩૦૦ | ૩૦૦૦ |
| ૧૫ | ગા. હવેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | ખાડીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | કાલુપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | શહેરકોટડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | શાહીબાગ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | દરીયાપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મેઘાણીનગર | ૦ | ૦ | ૦ | ૦ |

| અ.નં. | પો. સ્ટે. નું નામ | તા. ૧-૬-૦૭ થી તા. ૩૧-૫-૦૮ | | તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ | |
|---|---|---|---|---|---|
| | | વોશ (લીટર) | કિંમત | વોશ (લીટર) | કિંમત |
| ૨૨ | સરદારનગર | ૯૧૫૦ | ૯૧૫૦૦ | ૪૮૫૦ | ૪૮૫૦૦ |
| ૨૩ | નરોડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | ગોમતીપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | રખીયાલ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | બાપુનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | ઓઢવ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | અમરાઇવાડી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૯ | રામોલ | ૧૦૦ | ૧૦૦૦ | ૦ | ૦ |
| ૩૦ | કાગડાપીઠ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | દાણીલીમડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨ | મણીનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | વટવા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪ | જી.આઇ.ડી.સી. | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૫ | ઇસનપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૬ | ક્રાઇમ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૧૧૦૩૦ | ૧૧૦૩૦૦ | ૫૮૫૦<br>૨૭૦-તાડી | ૫૮૫૦૦<br>૨૭૦૦ |

------------

**વેરાવળ તથા સૂત્રાપાડા તાલુકામાં રેતી, કાંકરી તથા પથ્થરની રોયલ્ટીની આવક**

૧૧૨૮૭**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં જૂનાગઢ જિલ્લાના વેરાવળ તથા સૂત્રાપાડા તાલુકામાં તાલુકાવાર રેતી, કાંકરી તથા પથ્થરની રોયલ્ટીની કેટલી આવક થઈ છે,

(૨) સને ૨૦૦૮-૦૯માં બિન અધિકૃત રીતે રેતી, કાંકરી તથા પથ્થરની ખનીજ ચોરીના કેટલા કિસ્સામાં કેટલો દંડ ઉપરોક્ત તાલુકાઓમાંથી ઉક્ત સ્થિતિએ વસૂલ કરેલ છે, અને

(૩) આ અંગે જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં રેતી, કાંકરી તથા પથ્થરની રોયલ્ટીની આવક રુપીયા ૧૮૪૫.૯૭ લાખ અને સુત્રાપાડા તાલુકામાં રુપીયા ૩૨૦૬.૨૧ લાખ થયેલ છે.

(૨) સને ૨૦૦૮-૦૯માં જૂનાગઢ જિલ્લાના વેરાવળ તાલુકામાં રેતી, કાંકરી તથા પથ્થરની ખનિજ ચોરીના કુલ ૫૧ કેસો અંતર્ગત રુપીયા ૯૩૭૩૫૪/- અને સૂત્રાપાડા તાલુકામાં કુલ ૧૫ કેસો અંતર્ગત રુપીયા ૪૮૬૨૬૧/- ની વસુલાત કરવામાં આવેલ છે.

(૩) માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૫૭ની કલમ-૨૩ (એ) હેઠળ દંડકીય કાર્યવાહી કરી ખનીજ કિંમતની વસુલાત કરેલ છે.

------------

**કરજણ અને શિનોર તાલુકામાં ચોરી, લૂંટ, મારામારી, અપહરણ અને ખૂનના બનાવો**

૧૦૨૧૯**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના કરજણ અને શિનોર તાલુકામાં સન ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં ચોરી, લૂંટ, મારામારી, અપહરણ અને ખૂનના કેટલા કિસ્સા બન્યા, અને

**જવાબ**

(૧) (અ) કરજણ તાલુકામાં સન ૨૦૦૭-૦૮ અને સન ૨૦૦૮-૦૯માં નોંધાયેલ કિસ્સાઓની વિગત નીચે પ્રમાણે છે.

**કરજણ તાલુકો**

| વર્ષ | ચોરી | લૂંટ | મારામારી | અપહરણ | ખૂન |
|---|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૯ | -- | ૧૩ | ૩ | ૬ |
| ૨૦૦૮-૦૯ | ૨૩ | ૧ | ૧૯ | ૭ | ૩ |

(બ) શિનોર તાલુકામાં સન ૨૦૦૭-૦૮ અને સન ૨૦૦૮-૦૯માં નોંધાયેલ કિસ્સાની વિગત નીચે પ્રમાણે છે.

**શિનોર તાલુકો**

| વર્ષ | ચોરી | લૂંટ | મારામારી | અપહરણ | ખૂન |
|---|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૪ | -- | ૮ | ૧ | ૧ |
| ૨૦૦૮-૦૯ | ૮ | -- | ૨ | ૪ | ૨ |

(૨) તે પેકી કેટલા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી ?

(૨) **(અ) કરજણ તાલુકામાં નોંધાયેલ ગુનાઓ પેકી :-**

(૧) ચોરીના ૪૨ ગુનાઓમાં ૪૩ આરોપીઓ સંડોવાયેલ છે જે તમામની ધરપકડ થયેલ છે.
(૨) લૂંટનો એક ગુનો શોધી શકાયેલ નથી.
(૩) મારામારીના ૩૨ ગુનામાં ૭૮ આરોપીઓ સંડોવાયેલ છે તે પેકી ૭૭ આરોપીઓની ધરપકડ થઇ છે.
(૪) અપહરણના ૧૦ ગુનાઓમાં ૨૧ આરોપીઓ સંડોવાયેલ છે. તે પેકી ૧૭ આરોપીઓની ધરપકડ થયેલ છે.
(૫) ખૂનના કુલ ૯ ગુનાઓમાં ૩૦ આરોપીઓ સંડોવાયેલ છે જે તમામની ધરપકડ થયેલ છે.

**(બ) શિનોર તાલુકામાં નોંધાયેલ ગુનાઓ પેકી :-**

(૧) ચોરીના ૧૨ ગુનાઓમાં ૮ આરોપીઓ સંડોવાયેલ છે. જે તમામની ધરપકડ થયેલ છે.
(૨) લૂંટનો કોઇ બનાવ બનેલ નથી.
(૩) મારામારીના કુલ-૧૦ ગુનાઓમાં ૧૮ આરોપીઓ સંડોવાયેલ છે, જે તમામની ધરપકડ થયેલ છે.
(૪) અપહરણના કુલ-૫ ગુનાઓમાં ૧૬ આરોપીઓ સંડોવાયેલા છે, તે પેકી ૧૩ આરોપીઓની ધરપકડ થયેલ છે.
(૫) ખૂનના કુલ ૩ ગુનાઓમાં ૫ આરોપી સંડોવાયેલ છે જે તમામની ધરપકડ થયેલ છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા માટે અસરકારક વિલેજ વીઝીટેશન કરી, સામાન્ય તકરારો મોટું સ્વરુપ ધારણ ન કરે, તે માટે તાત્કાલિક અટકાયતી પગલાં લેવામાં આવે છે.

અસરકારક નાકાબંધી કરવામાં આવે છે તથા વાહનોનું કડક ચેકીંગ કરવામાં આવે છે.

અજાણ્યા વ્યક્તિઓને મકાન ભાડે આપવા બાબતે ભાડુઆતોની નોંધણી કરાવવાનું ફરજીયાત બનાવવામાં આવેલ છે.

અસરકારક નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગ કરવામાં આવે છે. ગંભીર પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા ત્વરીત કાર્યવાહી કરી, આરોપીઓની તત્કાલ અટકાયત કરવામાં આવે છે. આમ ઉપર જણાવેલા અવિરત પ્રયાસોને પરિણામે ગુનામાં અગાઉના સમયગાળાની સરખામણીએ વધારો થયેલ નથી.

------------

**રાજકોટ જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો**

૧૧૪૨૪**શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૬૬ કે.વી. ના કુલ ૬ (છ) નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા.

(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો ક્યા ક્યા છે ?

(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો નીચે મુજબ છે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧. | લજાઇ |
| ૨. | લાલપર (લિમ્બાડા) |
| ૩. | રામોદ |
| ૪. | મેટોડા (જી.આઇ.ડી.સી.-૨) |
| ૫. | પીપલી (ભરતનગર) |
| ૬. | વેરાવળ (શાપુર-રાજકોટ) |

------------

**અમરેલી જિલ્લામાં નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૧૧૪૩૧**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન અમરેલી જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી. ના વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવા સરકાર માંગે છે, અને

(૨) ક્યાં ક્યાં સ્થાપવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન અમરેલી જિલ્લામાં ૬૬ કે.વી. ના નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન નથી. પરંતુ, વર્ષ ૨૦૦૮-૦૯ દરમ્યાન નીચેના સબ સ્ટેશનોનું આયોજન કરવામાં આવેલ જેનો ટેસ્ટ ચાર્જ કરી દેવામાં આવેલ છે અને તેને સંલગ્ન ૬૬ કે.વી. લાઇનનું કામ ચાલુ નાણાંકીય વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | કડીયાલી |
| ૨ | દેવલા |
| ૩ | રબારીકા |
| ૪ | ખંભાલા |

------------

**ભરૂચ જિલ્લામાં ખાણ અને ખનીજની રોયલ્ટી**

૧૦૯૭૭**શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાંથી સને ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ખાણ અને ખનીજની વર્ષવાર કેટ કેટલી રોયલ્ટી મેળવવામાં આવી, અને

(૨) કેટલા ઈસમો પાસેથી રોયલ્ટી વસૂલ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાંથી સને ૨૦૦૬-૦૭માં રૂા. ૯,૧૯,૯૨,૭૧૬/- સને ૨૦૦૭-૦૮માં રૂા. ૧૦,૯૨,૭૭,૧૬૧/- અને સને ૨૦૦૮-૦૯માં રૂા. ૧૪,૩૬,૭૩,૫૦૩/- ડેડરેન્ટ સહિતની રોયલ્ટીની આવક મેળવવામાં આવેલ છે.

(૨) રોયલ્ટી એડવાન્સમાં વસુલ થતી હોવાથી કોઇ ઇસમો પાસેથી રોયલ્ટીની વસૂલાત બાકીમાં નથી.

------------

**વડોદરા જિલ્લાના મહેસૂલી ગામોનું વીજળીકરણ**

૧૧૦૯૦**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા રેવન્યુ વીલેજ વીજળીકરણથી વંચિત છે, અને

(૨) આ ગામોનું વીજળીકરણ કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : વડોદરા જિલ્લાના મહેસૂલી ગામો પૈકી ૯ ગામો ડૂબાણમાં ગયેલ હોવાથી, વીજળીકરણ કરવાનું રહેતું નથી. જ્યારે ક્વાંટ તાલુકાનું તુરખેડાગામ આરક્ષિત જંગલમાં આવેલ છે જેનું ૨૦૦૯-૧૦ના વર્ષમાં સોર ઉર્જાથી વીજળીકરણ કરવાનું આયોજન છે.

**૮૨**

*** સભ્યશ્રીએ પ્રશ્ન પાછો ખેંચેલ છે.**

------------

**આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઔદ્યોગિક વસાહતો**

૧૧૪૧૬**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આદિવાસી અને પછાત તાલુકાઓમાં ઓદ્યોગિક વસાહતો સ્થાપવાનો નિર્ણય ક્યારે કરવામાં આવ્યો,

(૨) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં ઉક્ત કામગીરી હાથ ધરવામાં આવેલ છે; અને

(૩) તેની પાછળ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ગુજરાત ઓદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રાજ્યમાં ઉદ્યોગોના સમતોલ અને ઝડપી વિકાસ દ્વારા આર્થિક પ્રગતિ થઈ શકે તે હેતુથી ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે. આમ, નિગમની સ્થાપનાના ઉદ્દેશમાં સમગ્ર રાજ્યના આદિવાસી તેમજ પછાત વિસ્તાર સહિતના તાંત્રિક, આર્થિક અને સમતોલ વિકાસનો સમાવેશ થાય છે.

(૨) નિગમે નીચે દર્શાવેલી વિગતે ૧૧ જિલ્લાના ૨૧ તાલુકાઓમાં ૨૨ ઓદ્યોગિક વસાહતો વિકસાવી છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વસાહતનું નામ |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ભીલોડા | વાંકાનેર |
| ૨ | દાહોદ | દાહોદ | દાહોદ |
| ૩ | દાહોદ | દેવગઢબારીયા | દેવગઢબારીયા |
| ૪ | વડોદરા | જેતપુર પાવી | જેતપુર પાવી |
| ૫ | નર્મદા | ડેડીયાપાડા | ડેડીયાપાડા |
| ૬ | નર્મદા | સાગબારા | સાગબારા |
| ૭ | નર્મદા | તિલકવાડા | તિલકવાડા |
| ૮ | તાપી | સોનગઢ | ડોસવાડા |
| ૯ | તાપી | વાલોડ | વાલોડ |
| ૧૦ | તાપી | નિઝર | નિઝર |
| ૧૧ | સુરત | મહુવા | મહુવા |
| ૧૨ | સુરત | બારડોલી | બારડોલી |
| ૧૩ | વલસાડ | ધરમપુર | ધરમપુર |
| ૧૪ | વલસાડ | ઉમરગામ | ઉમરગામ |
| ૧૫ | વલસાડ | પારડી | પારડી |
| ૧૬ | વલસાડ | પારડી | વાપી |
| ૧૭ | ભરૂચ | વાલીયા | વાલીયા |
| ૧૮ | ભરૂચ | ઝઘડીયા | ઝઘડીયા |
| ૧૯ | બનાસકાંઠા | અમીરગઢ | અમીરગઢ જીજીડીસી |
| ૨૦ | બનાસકાંઠા | દાંતા | અંબાજી |
| ૨૧ | કચ્છ | રાપર | માખેલ |
| ૨૨ | પંચમહાલ | શહેરા | શહેરા |

આ ઉપરાંત અન્ય ૧૯ વસાહતો વિકસાવવા સૈધ્ધાંતિક નિર્ણય ર્ક્યા છે.

(૩) ઉપરના વિસ્તારો વિકસાવવા માટે રૂા. ૬૮૫૬.૧૨ લાખ ખર્ચ કરેલ છે.

------------

**આદિજાતિ વિસ્તારોમાં નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૧૧૪૨૯**શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં ૬૬ કે.વી.ના વિદ્યુત સબ સ્ટેશનો સરકાર સ્થાપવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં અને ક્યાં ક્યાં સ્થાપવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. નીચે દર્શાવેલ સબ સ્ટેશનો વર્ષ ૨૦૦૯-૧૦ ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

| અનુ. નં. | સબ સ્ટેશનનું નામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|
| ૧ | મોવાસા | સંતરામપુર | પંચમહાલ |
| ૨ | રજાયતા | મોર્વા (હડપ) | પંચમહાલ |
| ૩ | પાનવડ | ક્વાંટ | વડોદરા |
| ૪ | પિપેરો | ધાનપુર | દાહોદ |
| ૫ | રણધિકપુર | લિમખેડા | દાહોદ |
| ૬ | સાગતાલા | દેવગઢબારીયા | દાહોદ |

------------

**બંદરો પર આવતા-જતાં સામાન પર વારફેજ અને વોટર ફ્રન્ટ રોયલ્ટીના દરો**

૧૧૩૯૪ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સરકાર હસ્તકના બંદરો પર આવતા જતા સામાન પર વારફેજ અને વોટર ફ્રન્ટ રોયલ્ટીના નવા દરો ૨૦૦૩ પછી નક્કી નથી કરાયા તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) સરકાર હસ્તક કે ભાગીદારી કે વપરાશ માટે અપાયેલ બંદરો પરના દરો દર પાંચ વર્ષે નક્કી કરવાના ધોરણોનો અમલ રાજ્ય સરકાર કરવા માગે છે કે કેમ, અને | (૨) કોઈ ચોક્કસ ધોરણો નથી, પરંતુ સમયાંતરે સુધારો કરવામાં આવે છે. |
| (૩) જો હા, તો ક્યારે અને કઈ પધ્ધતિથી કરશે ? | (૩) ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમની કલમ-૩૭ અને કલમ-૪૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. |

**જામનગર જિલ્લામાં નવા ૬૬ કે.વી. વીજ સબ સ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૧૧૪૩૨**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જામનગર જિલ્લામાં કેટલા નવા ૬૬ કે.વી.ના વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવા સરકાર માંગે છે, અને

(૨) ક્યાં ક્યાં સ્થાપવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન જામનગર જિલ્લામાં ૬૬ કે.વી. ના નવા ૬ (છ) વિદ્યુત સબ સ્ટેશનો નીચે મુજબ સ્થાપવાનું આયોજન છે.

| અ.નં. | સબ સ્ટેશનનું નામ |
|---|---|
| ૧ | બેડ |
| ૨ | મંડાસણ |
| ૩ | શેઠ વડાલા (ધ્રાફા) |
| ૪ | ખેંગરકા |
| ૫ | મોટા ભાંડુકીયા |
| ૬ | કંચનપુર |

------------

**ખાણ અને ખનીજ ખાતામાં બોક્સાઈટ ખનીજની ગેરકાયદેસર નિકાસ**

૧૧૨૭૬**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાણ અને ખનીજ ખાતામાં નકલી રોયલ્ટી ચલણ બનાવી બોક્સાઈટ ખનીજની ગેરકાયદેસર નિકાસ કરી કૌભાંડ આચરવાનાં કેટલા કિસ્સા સરકારના ધ્યાને આવ્યા, અને | (૧) ૧ (એક) |
| (૨) આ બાબતે સરકારે શાં પગલાં લીધાં અથવા લેવા માંગે છે ? | (૨) આ બાબતમાં તા. ૨૪-૧-૦૯ના રોજ પોલીસ સ્ટેશન, પોરબંદર ખાતે ફરિયાદ નોંધાવવામાં આવેલ છે. |

------------

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં ખાણ અને ખનીજની રોયલ્ટી

૧૦૨૨૭ **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં ખાણ અને ખનીજની રોયલ્ટી પેટે સરકારને કેટ કેટલી આવક થઈ, અને | (૧) ભરૂચ જિલ્લો - રૂા. ૨૭,૩૭,૧૮,૪૮૧.૦૦<br>નર્મદા જિલ્લો - રૂા. ૧,૧૭,૦૧,૧૧૮.૦૦ |
| (૨) ગેરકાયદેસર ખનીજ ચોરી અને રોયલ્ટીની ચોરી કરનારાઓ સામે ઉક્ત સમયગાળામાં કેટલા કેસો થયા ? | (૨) ભરૂચ જિલ્લામાં - ૨૮૬-કેસો<br>નર્મદા જિલ્લામાં - ૧૯૦ કેસો |

------------

## નવસારી જિલ્લામાં નવા વીજ સબ સ્ટેશનો

૧૧૪૧૩**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન નવસારી જિલ્લામાં કેટલા નવા વિદ્યુત સબ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, અને<br>(૨) નવા સ્થપાયેલા સબ સ્ટેશનો ક્યાં ક્યાં છે ? | (૧) અને (૨) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન નવસારી જિલ્લામાં ૬૬ કે.વી.નું ૧ (એક) નવું વિદ્યુત સબ સ્ટેશન સિંગોડ (પરથાણ) ખાતે સ્થાપવામાં આવેલ છે. |

------------

## ક્રુડ ઓઈલની ચોરીના ગુનાઓ

૧૧૪૦૧**શ્રી અમીતભાઈ ચાવડા(બોરસદ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાઈપ લાઈનમાંથી ક્રુડ ઓઈલના ચોરીના કેટલા ગુના નોંધાયા છે, | (૧), (૨) અને (૩) : રાજ્યમાં તા.૩૦-૬-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાઈપ લાઈનમાંથી ક્રુડ ઓઈલના ચોરીના ૬૨ ગુના નોંધાયા છે. તે પૈકી ૩૮ |

(૨) તે પેકી કેટલા ગુનાઓમાં ગુનેગારો પકડાયા છે, અને

ગુનાઓ શોધાયેલ છે. જેમાં કુલ-૨૧૫ આરોપીઓ સંડોવાયેલા છે. તે પેકી ૧૬૪ આરોપીઓને પકડવામાં આવેલ છે. જ્યારે ૪૨ આરોપીઓ નાસતા ફરે છે. ૮ આરોપીઓના નામ-સરનામા પુરતાં મળેલ ન હોવાથી પકડી શકાયેલ નથી. જ્યારે એક આરોપી વિરુધ્ધ પુરાવા મેળવવાના બાકી છે. નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે તેમના સરનામા મેળવી આરોપીઓને ત્યાં તપાસ કરાવેલ છે. બાતમીદારોથી પણ હકીકત મેળવવાના પ્રયત્નો ચાલુ છે. આરોપીઓ મળી આવવાના સંભવિત સ્થળે તેમજ મિત્ર મંડળ તથા તેના મળવાના સ્થળે તપાસ કરવામાં આવે છે અને સતત વોચ રાખવામાં આવે છે. આરોપીઓને પકડવા માટે જે તે પોલીસ સ્ટેશન દ્વારા જાણ કરવામાં આવેલ છે. તેમજ તેઓની તપાસ પણ કરવામાં આવેલ છે. સી.આર.પી.સી ૭૦, મુજબ વોરંટ કાઢી ધરપકડ કરવાની કાર્યવાહી ચાલુ છે.

આવા ગુનાઓ બનતા અટકાવવા માટે ક્રુડ ઓઈલની પાઈપ લાઈનો જે ગામડા કે વિસ્તારમાંથી પસાર થાય છે તે તમામ ગામડા કે વિસ્તારોમાં અંગત અને વિશ્વાસુ બાતમીદારોને રોકી ઓઈલ ચોરીની પ્રવૃત્તિ બાબતે સજાગતા રાખી અને કોઈપણ ભાંગફોડ થાય તો તે અંગેની જાણ કરવા તથા જે જગ્યાએથી પાઈપ લાઈન પસાર થાય છે તે જગ્યાઓ અવાર-નવાર ચેક કરવા તથા વોચ રાખવા જણાવવામાં આવે છે. આની નોંધ વિલેજ ક્રાઈમ નોટબુકમાં કરવા અને તેનું રેકર્ડ રાખવા જણાવવામાં આવે છે. ઓઈલ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ વિરુધ્ધ પાસા હેઠળ અટકાયતી પગલાં પણ લેવામાં આવે છે. તેથી આવો ગુનો આચરતા ઈસમો ઉપર ધાક બેસાડી શકાય તથા આવા ઈસમો ઉપર ખાસ વોચ રાખવામાં આવે છે અને આવા ગુનામાં પકડાયેલ આરોપીઓને અવાર-નવાર ચેક કરવામાં આવે છે. આમ, આવા ગુનાઓને ડામી દેવા માટે સભાનતાપૂર્વકના પ્રયાસો કરવામાં આવે છે.

## વેરાવળ અને સૂત્રાપાડા તાલુકામાં પોલીસોનું મંજૂર થયેલ મહેકમ

૧૧૨૮૮**શ્રી રાજસીભાઈ જોટવા(સોમનાથ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ અને સૂત્રાપાડા તાલુકાઓમાં મે-૨૦૦૯ની સ્થિતિએ કેટલા પોલીસનું સેટઅપ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કઈ કઈ કેડરની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ અને સૂત્રાપાડા તાલુકાઓમાં મે-૨૦૦૯ની સ્થિતિએ નીચે મુજબનું પોલીસનું સેટઅપ મંજૂર થયેલ છે.

| તાલુકો | મંજૂર મહેકમ | | | |
|---|---|---|---|---|
| | એ.એસ.આઈ. | હે.કો. | પો.કો. | લોકરક્ષક |
| વેરાવળ | ૪૩ | ૩૦ | ૧૭૫ | ૧૬ |
| સૂત્રાપાડા | ૯ | ૬ | ૩૦ | ૪ |

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ નીચે મુજબની જગ્યાઓ ખાલી છે

| તાલુકો | મંજૂર મહેકમ | | | |
|---|---|---|---|---|
| | એ.એસ.આઈ. | હે.કો. | પો.કો. | લોકરક્ષક |
| | ૧૧ | ૯ | ૭૫ | ૨ |
| સૂત્રાપાડા | ૫ | - | ૪ | ૧ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) રાજ્યના પોલીસ દળની ખાલી જગ્યાઓ ભરવા સરકારે પરસ્પેકટીવ પ્લાન તેયાર કરેલ છે. તેના ભાગરૂપે વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૧૮૪ પોલીસ સબ ઈન્સ્પેકટરોની તથા ૧૬૫ ખાસ સ્પર્ધાત્મક બઢતીના પોલીસ સબ ઈન્સ્પેકટરોની નિમણૂકો કરવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં સીધી ભરતીના ૬૮૦ પોલીસ સબ ઈન્સ્પેકટરો અને ખાસ સ્પર્ધાત્મક બઢતીના ૫૪૪ પોલીસ સબ ઈન્સ્પેકટરોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે. વર્ષ-૨૦૦૮માં સીધી ભરતીના ૫૩૯૦ લોકરક્ષકોને નિમણૂક આપવામાં આવી છે. વર્ષ-૨૦૦૯માં ૮૭૩૪ સીધી ભરતીના લોકરક્ષકોને નિમવાની કામગીરી પોલીસ ભરતી બોર્ડ કરી રહેલ છે.

------------

**વડોદરા જિલ્લામાં ગેરકાયદેસર પેસેન્જર વાહનો**

૧૦૨૨૦**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ગેરકાયદેસર પેસેન્જર વાહનો કેટલા પકડાયા, અને

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પકડેલ વાહનો |
|---|---|---|
| ૧ | કરજણ | ૧૬૫ |
| ૨ | વડોદરા તાલુકા | ૫૯૩ |
| ૩ | શિનોર | ૨૯ |
| ૪ | સાવલી | ૯૬ |
| ૫ | પાદરા | ૨૩૧ |
| ૬ | વાઘોડીયા | ૨૩૪ |
| ૭ | સંખેડા | ૧૬૦ |
| ૮ | નસવાડી | ૩૩ |
| ૯ | ડભોઈ | ૭૪ |
| ૧૦ | છોટાઉદેપુર | ૫૫ |
| ૧૧ | કવાંટ | ૫૧ |
| ૧૨ | જેતપુર પાવી | ૫૮ |
| | કુલ | ૧૭૭૯ |

(૨) તે અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) ૪૦૭ કોર્ટ કેસોમાં રૂપિયા ૬,૫૯,૮૧૦/- તથા ૧૦૧૦ આર.ટી.ઓ. કેસોમાં રૂપિયા ૧૬,૯૨,૧૫૮/- નો દંડ વસુલ કરવામાં આવેલ છે.

**કચ્છ જિલ્લાના ખાનગી કેપટીવ વીજ મથકો પાસેથી વીજ ખરીદવા બાબત**

૧૧૩૯૫**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ખાનગી ઉદ્યોગો દ્વારા સ્થાપિત કેપટીવ વીજ મથકો પાસેથી સરકાર વીજ ખરીદે છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો સરકાર દ્વાર ગત ત્રણ વર્ષમાં કચ્છનાં ક્યા ક્યા ખાનગી કેપટીવ વીજ ઉત્પાદક પાસેથી વર્ષવાર કેટ કેટલા યુનીટ વીજળી ક્યા ક્યા ભાવે ખરીદવામાં આવી ?

(૨) કચ્છ જિલ્લાના કેપ્ટીવ પાવર પ્રોડયુસર્સ પાસેથી છેલ્લા ત્રણ વર્ષમાં ખરીદવામાં આવેલ વીજળીની વિગતો નીચે મુજબ છે.

**વર્ષ : ૨૦૦૬-૦૭**

| અનું.નં. | સીપીપીના નામ | ૨૦૦૬-૦૭ | |
|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | રૂા. પ્રતિ યુનિટ |
| ૧ | ગેલન્ટ મેટલ લી., સામખ્યાળી | શૂન્ય | -- |
| ૨ | મે. વેલ્સ્પન ગુજરાત સથલ રોહરેન લી., અંજાર | શૂન્ય | -- |

**વર્ષ : ૨૦૦૭-૦૮**

| અનું.નં. | સીપીપીના નામ | ૨૦૦૭-૦૮ | |
|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | રૂા. પ્રતિ યુનિટ |
| ૧ | ગેલન્ટ મેટલ લી., સામખ્યાળી | ૧૯ | ૨.૫૦ |
| ૨ | મે. વેલ્સ્પન ગુજરાત સથલ રોહરેન લી., અંજાર | ૪૫ | ૨.૫૧ |

**વર્ષ : ૨૦૦૮-૦૯**

| અનું.નં. | સીપીપીના નામ | ૨૦૦૮-૦૯ | |
|---|---|---|---|
| | | મીલીયન યુનિટ | રૂા. પ્રતિ યુનિટ |
| ૧ | ગેલન્ટ મેટલ લી., સામખ્યાળી | ૨૧ | ૩ |
| ૨ | મે. વેલ્સ્પન ગુજરાત સથલ રોહરેન લી., | ૭૯ | ૩.૮૬ |

------------

# અધ્યક્ષશ્રીનું અવલોકન
## કેન્દ્ર અને અન્ય રાજયોની સરકારો સાથે ગુજરાત સરકારની સરખામણી અંગે

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન અન્ય રાજયોની વિગતો આપી શકાય કે ન આપી શકાય તે માટેનું મેં એક અવલોકન કર્યુ હતું, આપણે આપણા રાજયની શ્રેષ્ઠત્તમ પરિસ્થિતિ બતાવવા માટે આપણે આપણા રાજયની વિગતો આપીએ એમાં કોઈને વાંધો હોઈ શકે નહિ, ક્યારેક સરખામણીની દ્રષ્ટિએ આપણે અન્ય રાજ્યો તરફ જઈએ ત્યારે આપણે જે આંકડાઓનો ઉપયોગ કરીએ છીએ તે આંકડાઓ કયા સત્તાવાર સંદર્ભમાંથી લીધા છે એની વિગતો વિના આપણે આપતા હોઈએ છીએ, જો કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર પાસેથી કોઈ સત્તાવાર અહેવાલો મળ્યા હોય અને એના આધારે એ માહિતી અહીંયા અપાતી હોય તો પણ એનો વાંધો ના હોઈ શકે, પરંતુ આપણી પાસે જે આંકડાઓ હોય છે એ આપણા રાજયના જ હોય છે, અથવા તો આપણે જે આંકડા અન્ય રાજયોના મેળવેલા છે એ ક્યાંથી મેળવેલા છે એનો સંદર્ભ આપ્યા વિના આપણે અન્ય રાજયોની સરખામણી કરીશું તો અન્ય રાજયોને અન્યાય થવાનો સંભવ છે અને એવું એ રાજય પણ કરશે તો રાજય રાજય વચ્ચે બિન તંદુરસ્ત હરિફાઈ થશે, એટલે જ્યારે આપણા રાજયની વાત કરો ત્યારે મને કોઈ વાંધો નથી. આપણા રાજયની શ્રેષ્ઠત્તમ પરિસ્થિતિ આપ દર્શાવી શકો આપણા રાજયની મુશ્કેલીઓનો પણ પ્રતિભાવ આપણે આપી શકીએ એની સામે પણ વાંધો નથી મેં મારા એક બીજા રૂલીંગ દ્વારા પણ કહ્યું છે કે, કેન્દ્રની ટીકા ન થાય પણ આપણા રાજયની પરિસ્થિતિનું ઉલ્લેખન આપણે કરી શકીએ છીએ એનો પ્રતિભાવ પણ આપી શકીએ છીએ. પરંતુ અન્ય રાજયોની સરખામણીની જ્યારે આપણા રાજયની વિધાનસભામાં કરવી હોય ત્યારે એના સત્તાવાર અહેવાલો અને એ રિપૉર્ટના ઉલ્લેખો સાથે જ આપણે કરીશું એ મારો આદેશ રહેશે. નેકસ્ટ

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો
### તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૦૬૦ (અગ્રતાક્રમ-૩ ) અન્વયે વધારાની માહિતી

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૨૯-૬-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી કાનજીભાઈ તળપદાના 'અમદાવાદ જિલ્લામાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના બનાવો' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૦૬૦ (અગ્રતાક્રમ-૩) આ અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**અધ્યક્ષશ્રી**: કદાચ સૌથી લાંબી અને વિસ્તૃત માહિતી આજે મુકાતી લાગે છે.

**શ્રી અમિત શાહ** : એટલા માટે જ મેજ ઉપર મૂકી છે.

**અધ્યક્ષશ્રી**: એટલા માટે જ મેજ ઉપર મૂકવાનું કહ્યું હતું. નેકસ્ટ.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

### બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો અહેવાલ

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના અહેવાલો

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

### બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ(હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**નાણા વિભાગ**

**માગણી ક્રમાંક: ૧૫**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૭,૦૦,૬૪,૦૦૦ /-ની માગણી ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૫ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૧૬**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ, નાણા વિભાગની સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૮૫,૯૬,૪૯,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૬ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૧૭**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ સેવાને લગતી, નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪૧,૪૦,૩૩,૦૦૦/- ની માગણી ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક: ૧૭ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**માગણી ક્રમાંક: ૧૮**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ, સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૭,૯૧,૧૩,૩૩,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રી :** માગણી ક્રમાંક૧૮ ઉપરની કાપદરખાસ્ત આપનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવાથી આ કાપદરખાસ્તો રજૂ થઈ શકી નહીં.

**સન ૨૦૦૯-૨૦૧૦ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી સોમવાર,તા.૨૭-૭-૨૦૦૯ (બારમો અને છેલ્લો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **નાણા વિભાગ**<br>**માગણી નં.૧૫** | |
| ૧ * | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-નાણા વિભાગ<br>રૂા.૧૦,૩૯,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૫૩-૫૪ | ૧૦૦ | સ્થાપિત હિતો ધરાવતા ઉદ્યોગોને વેરામાં લાભ આપવાના બદલે આમ જનતાને વેરાઓમાં લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨ * | --"-- | ૧૦૦ | વાર્ષિક બજેટ તૈયાર કરતી વખતે મધ્યમવર્ગના પ્રતિનિધિઓની સાથે બેઠકો યોજવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩ * | --"-- | ૧૦૦ | બીજા રાજયોની સરખામણીએ વેટના દરો નીચા રાખવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪* | --"-- | ૧૦૦ | નિવૃત પેન્શનરો અને તદ્દન હંગામી કર્મચારીઓને છઠ્ઠા પગારપંચના એરીયર્સની રકમ એક સાથે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫ * | --"-- | ૧૦૦ | મોંઘવારી ભથ્થા અને અન્ય પરિપત્રો સમયસર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬ * | --"-- | ૧૦૦ | વિભાગની વેબસાઈટને સમયસર અદ્યતન રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | | **માગણી નં.૧૬** | |
| ૭ * | ૨૦૪૦-વેચાણ...કરવેરા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-ગુજરાત...પંચ<br>રૂા.,૫૭,૫૫,૦૦૦ | ૧૦૦ | વેચાણવેરા પંચ સમક્ષના લાંબા સમય સુધી પડતર કેસોનો સમયસર નિકાલ ન થવાથી વેરાની વસૂલાતમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૬<br>પા.નં.૯-૧૦ | | | |
| ૮ * | --"-- | ૧૦૦ | વેચાણવેરા પંચની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯ * | ૨૦૪૦-વેચાણ...કરવેરા<br>૧૦૧-વસૂલાત ખર્ચ<br>૦૧ ટીડીપી ૧૦-વાણિજિયક ....કચેરીઓ<br>રા.૧,૧૫,૯૭,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૧૧-૧૨ | ૧૦૦ | વેચાણવેરાની અબજો રૂપિયાની બાકી રકમ સમયસર વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦ * | ૨૦૪૦-વેચાણ...કરવેરા<br>૧૦૧-વસૂલાત ખર્ચ<br>૦૧ ટીડીપી ૧૦-વાણિજિયક ....કચેરીઓ<br>રા.૧,૧૫,૯૭,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૧૧-૧૨ | ૧૦૦ | વેચાણવેરા અધિકારીઓ ધ્વારા નાના વેપારીઓને થતી ખોટી કનડગત દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૧૭** | | |
| ૧૧ * | ૨૦૫૪-તિજોરી...વહીવટ<br>૦૯૫-હિસાબ..કચેરી<br>૦૧ જીઈએસ-૧ નિયામકની ....કચેરી<br>રા.૩,૦૭,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૫૭-૫૮ | ૧૦૦ | તિજોરી કચેરીઓમાં સરકારી બીલો સમયસર મંજૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૨ * | --"-- | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ * | ૨૦૫૪-તિજોરી...વહીવટ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-પેન્શન...કચેરી<br>રા.૪,૬૩,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૬૩ | ૧૦૦ | પેન્શન કેસો મંજૂર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૪ * | --"-- | ૧૦૦ | પેન્શન કેસોની પૂર્તતા ઝડપથી વિભાગ પાસેથી મેળવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૧૮** | | |
| ૧૫ * | ૨૦૭૧-પેન્શન...લાભ<br>૦૧-મુલ્કી.....<br>૧૦૧-વયનિવૃતિ...ભથ્થા<br>રા.૧૬,૫૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૬<br>પા.નં.૬૫ | ૧૦૦ | પેન્શનના લાભો સમયસર મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬ * | --"-- | ૧૦૦ | નિવૃત કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થા અને અન્ય લાભોના એરીયર્સની રકમ સમયસર મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી** : અનુદાન માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠક આ બેઠકનો સમય બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૫-૧૫ વાગ્યા સુધીનો ઠરાવેલ છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવા ઠરાવેલ સમયના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઈ અનુસાર આજે સાંજે ૪-૧૫ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે. જે માગણીઓ પરની ચર્ચા ચાલતી હશે તે તથા તે સિવાયની બાકી રહેલ તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. જે સભ્યશ્રીઓના નામો દંડક તરફથી આપ્યાં છે. આપણે બન્ને મંત્રીશ્રીઓને સૌરભ ભાઈ અને માનનીય વજુભાઈ, અચ્છા સૌરભ ભાઈ જવાબ નથી આપવાના? આમાંથી ઘણાં નામો નીકળી જાય છે કેટલાક હાજર નથી એટલે સમય તો છે સમયના સિવાયના અન્ય કારણે સૌરભ ભાઈ આપ ના કરવાના હો તો જુદી વાત છે.

**શ્રી સૌરભ પટેલ** : નાણા વિભાગની ચર્ચામાં ઘણી બધી વાત બજેટ ઉપર થઈ ગઈ હતી

**અધ્યક્ષશ્રી** : અચ્છા, તો માનનીય વજુભાઈ જ જવાબ આપશે. અનિલભાઈ પટેલ, આપણે નાણાં વિભાગની ચર્ચા પૂરતી જ મર્યાદિત રાખીને ચર્ચાને આગળ લઈ જઈએ તો વધારે સારું રહેશે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, હા હું તેની ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરીશ. કોઈ પણ રાજયની આર્થિક તંદુરસ્તીનો આધાર તેના નાણાં વિભાગના સૂચારું સંચાલન ઉપર આધારિત રહેલો છે. આજે ગુજરાતના નાણા મંત્રી જે નાણા વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેના વિશે અને તેના સમર્થનમાં હું મારા વિચારો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ વર્ષ સુધી પહોંચવા, ગુજરાત રાજયની જે સ્થાપના થઈ ત્યારથી ગુજરાતના આર્થિક વિકાસ માટે જે આયોજનાનાં કામો થયા તે આયોજનનાં કામોમાં આજે આપણે અગિયારમી પંચવર્ષીય યોજનાના કામો કરી રહ્યાં છીએ. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે  દશમી પંચવર્ષીય યોજનાના કામો પણ પૂર્ણ કર્યા છે. ત્રીજીથી નવમી પંચવર્ષીય યોજના દરમિયાન ૪૦ થી ૪૧ વર્ષના સમયગાળા દરમિયાન ૫૫ હજાર કરોડ રૂપિયાના જે આયોજનના કામો થયા તેની સામે દશમી પંચવર્ષીય યોજનામાં માત્ર પાંચ જ વર્ષના ગાળામાં ૫૦ હજાર કરોડ રૂા. સુધીના કામો આ નાણા વિભાગ અને રાજય સરકારે કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એનાથી જ પ્રેરાઈની દેશના આયોજન પંચે ૧૧મી પંચવર્ષીય યોજના માટે ગુજરાતને ૧ લાખ ૧૧ હજાર કરોડ રૂા.નો લક્ષ્યાંક પણ આપવામાં આવ્યો છે. વિશેષમાં દેશના આયોજન પંચે ૧૧મી પંચ વર્ષીય યોજનામાં જે દેશનો આર્થિક વિકાસ દર હાંસલ કરવા માટેનો ટારગેટ નકકી કર્યો ૯ ટકાના ટારગેટની સામે દેશે જો આ ટારગેટ હાંસલ કરવો હોય તો ગુજરાતે ૧૧.૨ ટકાના દરે વિકાસ કરવો પડે. એટલા માટે ગુજરાતનો આર્થિક વિકાસ દર છે તેનો ટારગેટ ૧૧.૨ ટકાનો આપવામાં આવ્યો છે. ૧૧મી પંચવર્ષીય યોજનાના શરૂઆતના વર્ષોમાં ગુજરાત રાજયે ૧૨ ટકા કરતાં પણ વધારે આર્થિક વિકાસ દર હાંસલ કરી અને નાણા વિભાગના સૂચારુ વહીવટની ઝાંખી માત્ર ગુજરાતને જ નહીં પણ સમગ્ર દેશને કરાવી છે અને એક વાત એ પણ છે કે નાણાકીય વહીવટમાં કે નાણાકીય બાબતોના સંચાલનની અંદર આર્થિક રીતે ઓવરડ્રાફટ લેવો પડે તેવી સ્થિતિ નિર્માણ થાય ત્યારે કંઈક અંશે નાણા વિભાગની નબળાઈ જણાય, પણ મને એ વાતની ખુશી છે કે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના નાણા વિભાગે એક પણ ઓવરડ્રાફટ લેવો ન પડે તે પ્રકારનો સૂચારું વહીવટ રાજયના નાણા વિભાગે કર્યો છે. આ રીતે રાજયનું ઘરેલું ઉત્પાદન, સ્ટેટનું ડોમેસ્ટીક પ્રોડકશન છે તેમાં સતત વધારો કરતા રહેવાની દિશામાં અને રોજગારીનું સર્જન કરવા માટે નાણા વિભાગે જે બજેટ પ્રસ્તુત કર્યુ છે છેલ્લા પાંચ કે સાત વર્ષમાં સતત વેરામાં ઘટાડો, કોઈ પણ જાતના નવા વેરા નાખ્યા સિવાય ઈલેકટ્રીસીટી ડયુટીમાં પણ ઘટાડો, સ્ટેમ્પ ડયુટીના દરોમાં પણ ઘટાડો અને આ બધા ઘ ટાડા સહિત અને સૌથી વિશેષ તો ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની જનતાને શહેરી વિસ્તારમાંથી ઓકટ્રોય નાબૂદી, શરૂઆતમાં નગરપાલિકા વિસ્તારમાં અને બે વર્ષ અગાઉ મહાનગરપાલિકા વિસ્તારમાંથી પણ ઓકટ્રોય નાબૂદી કરી અને ગુજરાતની શહેરી જનતાને ઓકટ્રોયના ત્રાસમાંથી મુકતી અપાવી છે. અને એ આ નાણા વિભાગની સુચારુ કાર્યરીતિનું પરિણામ છે. ખૂબ જ સંકલિત રીતે સેલ્સટેકસના કાયદામાંથી વેલ્યુએડેડ ટેકસના કાયદામાં પણ પ્રસ્થાન કરીને ગુજરાતના નાણા વિભાગે આ વેલ્યુએડેડ ટેકસ દ્વારા રાજયની આવકમાં વધારો, તેમ છતાં નાણા વેપારીઓની કનડગતમાં ઘટાડો, અને એના દ્વારા રાજયની આવકમાં સતત વધારો કરવાનું કામ પણ શ્રેષ્ઠ રીતે આ નાણા વિભાગે કરી બતાવ્યું છે અને એમાં પણ જયારે જયારે એમ કહેવામાં આવે છે કે સરકાર દ્વારા ઉદ્યોગોને વેરાની રાહતો આપવામાં આવે છે. મારે એની અંગે પણ એક સ્પષ્ટતા કરવી છે, જે આ વેરાની રાહતો છે એ વેરાની રાહતો બે પ્રકારની હોય છે, એક જેમાં વેરા માફીની યોજના હોય છે, અને વેરા માફીની યોજનાનો લાભ એ ઉદ્યોગકારોને ન મળતા એ સીધો વપરાશકારોને મળતો હોય છે. કારણ કે એના દરેક વેચાણ ઉપર કોઈ પણ પ્રકારનો વેરો લગાડવામાં આવતો નથી. એના કારણે જે વાપરનાર છે, એટલે કે સામાન્ય પ્રજાજનો જે ખરીદી કરી છે તેને આ વેરાનો સીધો લાભ મળતો હોય છે. અને જયારે પણ વેરાની વિલંબીત યોજનાનો લાભ આપવામાં આવે છે, ત્યારે એ વિલંબીત યોજનામાં પણ એ ઉદ્યોગકાર મારફતે એ ડીફર પેમેન્ટ મારફતે સરકારને એ વેરો જે ઉઘરાવેલો હોય તે પછીથી તેને ભરવાનો થતો હોય છે અને એટલે એ વેરાનો ઉપયોગ એ ટેમ્પરરી પોતાની બેંકની લોનને ભરપાઈ કરવા માટે કરી શકતા હોય છે. મારે આ સન્માનનીય સભાગૃહને એ પણ જણાવવું છે કે રાજયના ઔદ્યોગિક વિકાસ માટે રાજયના યુવાનોને રોજગારી આપવા માટે છેલ્લા ૩૦ વર્ષથી આ રાજયમાં જે જે સરકારો આવી એણે આ ઔદ્યોગિક વિકાસની પ્રોત્સાહન યોજના ૧૯૮૦-૮૫ અને ૧૯૮૫-૯૦ ની યોજના હોય એ બધી જ યોજનાઓ માફરતે આ કામગીરી કરી છે, પરંતુ મારે એ પણ કહેવું જોઈએ કે છેલ્લા ૭ વર્ષથી આવી કોઈ યોજનાઓ રાજય સરકારે લઘુ ઉદ્યોગકારો અને કોટેજ કે ગ્રામ્ય ઉદ્યોગો સિવાય બીજા કોઈ ઉદ્યોગોને વિશેષ લાભ આમાં આપવામાં આવ્યો નથી, પરંતુ જે કોઈ કેટલીકવાર પ્રશ્નોત્તરીમાં ઉદ્યોગકારોને વેરામાં કેટલો લાભ આપવામાં આવ્યો એવી જયારે રજૂઆત આવે છે ત્યારે એ જે અગાઉની સરકારોએ જે ઉદ્યોગકારોને લાભ આપ્યો છે, ૧૦-૧૦ વર્ષ કે ૨૦-૨૦ વર્ષ સુધી વેરા મુકિતના જે લાભો આપ્યા છે એના ભાગરૂપે આ  સરકારની એ કન્ટીન્યુઅસ વ્યવસ્થા છે અને એમાં અગાઉની સરકારોએ કરેલ કમિટમેન્ટનું પાલન કરવાની જવાબદારી હાલની સરકારની હોય છે એટલે એના ભાગરૂપે આ કરવમાં આવે છે. એટલે આજે જે નાણા વિભાગની કામગીરીમાં જે લઘુ ઉદ્યોગોને માત્ર સબસિડી અને એ પણ વ્યાજની સબસિડીના કારણે ૩ લાખ કરતાં પણ વધારે લઘુ ઉદ્યોગો ગુજરાતમાં પાંગરી શકયા છે એની પાછળનું કારણ પણ નાણા વિભાગની સુચારૂ નીતિ છે અને જુદી જુદી યોજનાઓ હેઠળ છેલ્લા ૩૦ વર્ષમાં ૧૯ હજાર એકમોને લગભગ ૩૯

હજાર કરોડ રૂા.નાં પ્રોત્સાહનોનો લાભ આપવામાં આવ્યો છે. એ છેલ્લા ૩૦ વર્ષમાં દરેક સરકારોએ લાભ આપ્યો છે એના કારણે આજે ગુજરાત સમગ્ર દેશની અંદર ઔદ્યોગિક ક્ષેત્રે પ્રથમ નંબરનું રાજય બની ગયું છે. રાજયનું જયારે બજેટ તૈયાર થાય છે ત્યારે પણ આ નાણા વિભાગ દરેક એસોસિએશન સાથે જેમ કે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ હોય કે જુદા જુદા સેકટરના સ્પેસિફિક એસોસિએશન હોય એની મારફત તેમની રજૂઆત હોય એ રજૂઆતોને ધ્યાનમાં લઈને આ બજેટનું આયોજન થાય છે અને એ આયોજનમાં પણ જયારે આજે ૨૩ હજાર કરોડ રૂા. કરતાં વધારે રકમનું બજેટના વિકાસ માટે માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કર્યુ છે ત્યારે એનો મહત્તમ અંશ ૧૦ હજાર કરોડ કરતાં પણ વધારે રકમ આ સામાજીક સુરક્ષા માટે ગરીબમાં ગરીબ પ્રજાને એનો લાભ મળે એમાં શિક્ષણ, આરોગ્ય અને અનેક પ્રકારના લાભ માટેની કામગીરી અને એની ફાળવણી આ માનનીય નાણામંત્રીશ્રીએ એના માટે કરેલ છે. એક એવો પણ ઘણીવાર આરોપ નાણા વિભાગ ઉપર મૂકવામાં આવે છે કે રાજયના જે વેટના દર છે એ વધારે છે અથવા નીચા રાખવા જોઈએ ત્યારે એ પણ મારે કહેવું છે કે એમ્પાવર કમિટી ભારત સરકારની છે એમાં બધા રાજયના નાણામંત્રીશ્રીઓનું એસોસિએશન છે એમાં આ નકકી થાય છે અને એ મુજબ ૧ ટકો, ૪ ટકા અને ૧૨ાા ટકાના દરે આ વેટનું આયોજન કરાય છે અને ગુજરાત સરકારમાં બીજા રાજયો કરતાં વેરાના દરો ઓછા છે એવી રજૂઆત બીજા રાજયોના નાણામંત્રીશ્રીઓ કરતા હોય અને એવી ચીજોની યાદી સાથે એમ્પાવર કમિટીનું ધ્યાન દોરતા હોય ત્યારે એમ જરૂર કહી શકાય કે રાજયમાં વેરાના દર વધારે છે એ વાત કરવી એ સંપૂર્ણ અસ્થાને છે. મેં અગાઉ જેમ કહ્યું તેમ છેલ્લા ૭ વર્ષમાં નાણામંત્રીશ્રીએ ઈલેકટ્રીસીટી ડયુટી સહિત સ્ટેમ્પ ડયુટી વગેરેમાં દરો ઘટાડયા છે અને કોઈ નવા દરો રાજયમાં નાંખવામાં આવ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં છઠ્ઠા પગારપંચના અમલના કારણે જે નિવૃત્ત કર્મચારીઓ અને ચાલુ કર્મચારીઓને જે એમના હક્કનાં નાણાં આપવા માટે પણ પૂરતી જોગવાઈ આ નાણા વિભાગે આ બજેટમાં કરી છે અને જે જે કર્મચારીઓને પણ એમના પાછલા એરિઅર્સનાં નાણાં આપવા માટેની જે જવાબદારી છે એ પણ તેમણે બતાવી છે. કર્મચારીઓના પી.એફ.ના ખાતામાં પણ જે રકમ જમા થાય એનું પણ એમને વ્યાજ મળતું હોય છે એટલે દર વર્ષે ૨૦ ટકા નાણાં એરિઅર્સનાં ચૂકવવાના કારણે અને એરિઅર્સનાં નાણાં અને નવા પગારપંચનો લાભ સહિતની જવાબદારી છે એ જવાબદારીને પણ નાણા વિભાગે સુચારૂ રીતે આનો અમલ કરવા માટેનું સંપર્ણ વ્યવસ્થિત આયોજન કર્યુ છે. આ રાજયના ૩,૨૫,૦૦૦ જેટલા નિવૃત્ત કર્મચારીઓ છે, કે જેમણે પોતાના જીવનકાળ દરમિયાન ૨૫ થી ૩૫ વર્ષની સેવાઓ આ રાજયને, પ્રજાને માટે પોતે આપી છે, અને એ જયારે પેન્સનના હકકદાર છે ત્યારે એ પેન્સન માટેની જે ફાળવણી છે, આજે પણ જે માગણી છે એમાં આપણે જોઈ શકીએ છીએ કે પેન્સન અને નિવૃત્તિ લાભ માટે ૧૭ અબજ ૯૧ કરોડ અને ૧૩ લાખ ૩૩ હજાર રૂા.ની મગણી લઈને માનનીય નાણા મંત્રીશ્રી જયારે આવે છે ત્યારે એમને મન પણ આ સરકારનું જે એક મહત્વનું અંગ છે જે સરકારના કર્મચારીઓ એ ૩ લાખ કરતા પણ વધારે કર્મચારીઓના નિવૃત્તિના પેન્સન અને અન્ય લાભો માટેની જોગવાઈ પણ માનનીય નાણા મંત્રીશ્રીએ પોતાના બજેટની અંદર, પોતાના નાણાના એલોકેશનની અંદર કરી છે. એમ પણ ફરિયાદ કરવામાં આવે છે કે વેચાણવેરાના ટ્રીબ્યુનલ સમક્ષ, કે પંચ સમક્ષ ઘણા બધા વિવાદી કેસો નિકાલ થયા વગરના પડયા રહેતા હોય છે, આ અંગે પણ મારે આ સન્માનનીય સભાગૃહને માહિતી આપવી છે કે વર્ષને અંતે જે બાકી કેસોની સંખ્યા હતી ૨૦૦૫માં, એ ૫૪૫૮ કેસો બાકી નિકાલ થયા વગરના હતા, ૨૦૦૬ના અંતે ૪૭૯૫ કેસો બાકી રહયા, ૨૦૦૭ના અંતે ૩૮૬૬ અને ૨૦૦૮ના અંતે ૨૫૧૩ કેસો બાકી હતા અને ૩૦-૬-૨૦૦૯ સુધી બાકી જે કેસો છે તે ૧૫૦૪ છે, એટલે ૫૪૫૮ જે પાંચ વર્ષ પહેલા બાકી કેસો હતા તેમાંથી ઘટીને ૧૫૦૪ એટલે કે ૩૦ ટકા કેસો આજે બાકી છે, આજે જે ઉમેરાયા તેને સાથે ગણતા ૭૦ ટકા કેસોનો નિકાલ એ ટ્રીબ્યુનલ મારફતે કરી અને રાજયના જે પ્રમાણિક ટેકસ ભરવા વાળા જે વેપારીઓ છે, જે ઉદ્યોગકારો છે એમને એનો ન્યાય યોગ્ય સમયે મળી જાય તેના માટેની જોગવાઈ એ નાણા વિભાગ દ્વારા કરવામાં આવી છે. એટલે વેચાણવેરાના, જે વેલ્યુએડેડ ટેકસ, જેને હવે કોમર્સીયલ ટેકસ કહીએ છીએ એ કોમર્શીયલ ટેકસ વિભાગ દ્વારા વિવાદગ્રસ્ત જે કેસો છે તેના નિકાલ માટેનું પણ સુચારું આયોજન નાણા વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે અને જે નાના વેપારીઓ છે તેમને ૫૦ લાખ રૂા. સુધીનું જેનું ટર્ન ઓવર હોય તેને માત્ર એક ટકા કે એના વેલ્યુએડેડ ટેકસની જોગવાઈ કરીને તેને પત્રકો ભરવા વગેરેમાંથી ઘણી બધી રાહત આમાંથી આપવામાં આવેલી છે. જે અપ્રમાણિક વેપારીઓ છે, અને જે વેપારીઓ રાજયની તિજોરીને પોતે પ્રમાણીક પણે ટેકસ ભરવા માગતા નથી અથવા ભરતા નથી તેના ઉપર પણ નાણા વિભાગ દ્વારા જરૂર પડે તેના બેંક ખાતાઓ ઉપર ટાંચ મુકીને, એમની પાસેથી થર્ડ પાર્ટીની રીકવરી કરીને, એમની પાસેથી એમના ઉપર પ્રોસીકયુશન કરીને અને એવા કેટલાક કેસો એ નાણા વિભાગ દ્વારા આવા અપ્રમાણિક વેપારીઓને દંડવા માટેની જોગવાઈ કરીને એ દરેક વેપારી એ રાજયની આવકની તિજોરીમાં કાયદા અનુસારનો ટેકસ ભરવા માટેની જવાબદારી અદા કરે એ દિશામાં પણ જાગૃત રહીને સ્થાવર મિલકતની જપ્તી અને જંગમ મિલકતની જપ્તી સહિતના કાર્યો એ નાણા વિભાગ દ્વારા કરવામાં આવે છે અને તેના કારણે જે શિસ્ત છે તે શિસ્ત નાણા વિભાગની અંદર એ બહુ જ મહત્વની બાબત છે. વેપારીઓને ખોટી કનડગત ન થાય તેના માટે પણ રાજયનું નાણા વિભાગ એ સતત તેના અંગેની જે રજુઆતો હોય, ચેમ્બર ઓફ

કોમર્સ કે અન્ય એસોસિએશનો મારફતે, અને જેને ટેકસ ક્રેડીટ મળવા પાત્ર હોય તેને રીફંડ આપવાની બાબતમાં અને એમને રાહતો આપવાની બાબતમાં પણ નાણા વિભાગ દ્વારા પુરતી કાળજી લેવામાં આવી છે. જે એક મહત્વનું કામ નાણા વિભાગનું છે તે ટ્રેઝરીને લગતું છે. દરેક જિલ્લામાં એટલે કે ૨૫ જિલ્લાની અંદર ટ્રેઝરી ઑફિસો આવેલી છે. ૧૭૪ જેટલી સબ ટ્રેઝરી ઑફિસો આવેલી છે. જેના દ્વારા નાણાંની આવક અને નાણાંની જાવકનો હિસાબ રાખવામાં આવતો હોય છે, અને દર મહિને આ તિજોરી ઑફિસો દ્વારા આ હિસાબો એ.જી. કચેરીને મોકલવામાં આવે છે. જે કંઈ બિલો ટ્રેઝરી ઑફિસની અંદર રજૂ થયા હોય એનો વધુમાં વધુ ચાર જ દિવસમાં નિકાલ કરવામાં આવે છે. રાજયની ૨૫ મુખ્ય ટ્રેઝરી ઑફિસો આવેલી છે એનું કોમ્પ્યુટરાઈઝેશન કરી દેવામાં આવેલ છે. જ્યારે સબ ટ્રેઝરી ઑફિસો આવેલી છે એ પણ કોમ્પ્યુટરાઈઝેશની પ્રક્રિયામાં છે. ત્રણ લાખ કરતાં પણ વધારે પેન્શનરોને દર મહિને ટાઈમસર, સમયસર પેન્શન આપવાની કામગીરી અને ચૂકવણું કરવાની કામગીરી રાજયના નાણા વિભાગ અને તિજોરી વિભાગ દ્વારા કરવામાં આવે છે. ત્યારે હું માનું છું કે જે ફંક્શન નાણા વિભાગ હસ્તક છે અને એના માટે જે કંઈ કામગીરી નાણા વિભાગ કરે છે અને કરી રહ્યું છે એ બધું જ આપણે લક્ષમાં લઈએ તો જે રીતે ગુજરાતનો આર્થિક વિકાસ, માત્ર આર્થિક વિકાસ જ નહિ પરંતુ સામાજિક સૂચકઆંકની દ્રષ્ટિએ જે નાણાની ફાળવણી શિક્ષણમાં કન્યા કેળવણી માટે હોય કે દીકરીઓને મફત પાસ દ્વારા શિક્ષણને પ્રોત્સાહન કરવાની વાત હોય કે ૧૦૮ સેવા મારફત આરોગ્યની હોય કે ચિરંજીવ કે માતૃવંદના મારફત માતાઓના સશકિતકરણની યોજના હોય, એ બધાને નાણાંની ફાળવણીનું કામ નાણા વિભાગ સુચારુ રીતે કરી છે. વનબંધુના વિકાસ માટે ૧૫ હજાર કરોડની યોજના, એ જ રીતે સાગરખેડૂના વિકાસ માટે સાગર ખેડુ યુવાનોને રોજગારીના સર્જન માટેની અગિયાર હજાર કરોડની યોજના હોય કે પછી શહેરી વિકાસની અંદર શહેરી ગરીબો માટેની તેર હજાર કરોડ રૂા.ની યોજના હોય, આ બધી યોજનાઓ માટે નાણાંની ફાળવણી અને બજૅટ દ્વારા ગુજરાતના આર્થિક વિકાસની ગતિ ઓર તેજ બનાવવાની દ્રષ્ટિએ નાણા વિભાગ કામ કરી રહ્યું છે ત્યારે આવતા વરસોમાં રાજયનો આર્થિક વિકાસ થવાનો છે એના પાયામાં સુચારુ વહીવટ નાણા વિભાગનો છે એના માટે એ ખૂબ જરૂરી છે અને એટલે નાણા વિભાગની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નાણા વિભાગની માગણી ક્રમાંક ૧૫ થી ૧૮ એટલે કુલ ચાર માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

**સભાપતિશ્રી દોલતરાય દેસાઈ અધ્યક્ષસ્થાને**

ગયા વર્ષમાં પણ ૨૦૦૮-૦૯ના અંદાજપત્રમાં નાણા વિભાગની માગણી ક્રમાંક ૧૫ થી ૧૮ જ હતી એ ચાર માગણીઓમાં ૨૦૦૮-૦૯ ના મૂળ અંદાજપત્રમાં ૨૮૪૬ કરોડ ૯૨ લાખ ૮૩ હજારની મંજૂરી આપવામાં આવી હતી અને તેને પાછળથી સુધારીને સુધારેલા અંદાજમાં ૨૬૦૨ કરોડ ૭૬ લાખ ૩૬ હજારની માગણી આ ગૃહમાં મંજૂર કરવામાં આવી હતી. આપણને સૌને ખબર છે કે આ વર્ષ માટે લેખાનુદાન મંજૂર કર્યુ છે. લેખાનુદાન સમયે આ જ ચાર માગણીઓ ૨૦૦૯-૧૦ માટે સમગ્ર વર્ષની આ ચાર માગણીઓ માટે કુલ અંદાજ હતો ૨૯૧૯ કરોડ ૪૭ લાખ ૧૨ હજાર તેની સામે લેખાનુદાન વખતે આપણે કેટલીક માગણીઓ મંજૂર કરી હતી તેની રકમ ૯૯૩ કરોડ ૯૬ લાખ ૩૩ હજાર હતી. એટલે લેખાનુદાન સિવાયની બાકીના આઠ મહિના માટે નાણા વિભાગની કુલ ૧૯૨૫ કરોડ ૫૦ લાખ અને ૭૯ હજારની માગણીઓ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની આ ચાર માગણીઓમાં ૨૦૦૮-૦૯માં જે સુધારો કરવામાં આવ્યો હતો તેમાં ૨૪૪ કરોડ, ૧૬ લાખ, ૪૭ હજારનો ઘટાડો કરીને સુધારેલો અંદાજ ૨,૬૦૨ કરોડ, ૭૬ લાખ, ૩૬ હજારનું મંજૂર કરવામાં આવ્યું હતું. તેની સામે ૨૦૦૯-૧૦નો એકંદરે આ ચાર માગણીઓ અંદાજ છે ૨,૯૧૯ કરોડ, ૪૭ લાખ, ૧૨ હજાર રૂા.. એટલે કે ગયા વર્ષના સુધારેલા અંદાજની સામે આ વર્ષનો એકંદરે જે અંદાજ છે તે ૧૨.૧૭ ટકા જેટલો વધારે છે. નાણા વિભાગ દ્વારા ગયા વર્ષની સરખામણીને ૨૦૦૯-૧૦માં કુલ ૩૧૬ કરોડ, ૭૦ લાખ, ૭૬ હજાર રૂા.નો વધારો માગવામાં આવ્યો છે તે પ્રથમ દ્રષ્ટિએ આપણે જોઈએ તો ખૂબ વધારે લાગે. પરંતુ આ બાબતે માગણી ક્રમાંક-૧૮ કે જેમાં પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને માટે ખર્ચની માગણી છે તેના ઉપર પણ એક નજર નાખવા માગું છું. આ માગણી ક્રમાંક-૧૮માં જે ૨૦૦૮-૦૯નો સુધારેલો અંદાજ હતો ૨,૪૪૭ કરોડ, ૮૨ લાખ, ૫૦ હજાર તેની સામે ૨૦૦૯-૧૦ની માગણી છે ૨,૭૨૦ કરોડ અને ૨૦ લાખ રૂા.. એટલે કે આ એક માત્ર માગણીમાં પેન્શન અને અન્ય નિવૃત્તિના લાભની માગણીમાં ૨૭૨ કરોડ, ૩૭ લાખ અને ૫૦ હજાર રૂા.નો વધારો નાણા વિભાગ તરફથી માગવામાં આવ્યો છે. આ માગણીઓમાં મુખ્યત્વે કર્મચારીઓના પેન્શન અને નિવૃત્તિના લાભોની ચૂકવણી, તેની ગ્રૅચ્યુઈટી, પ્રૉવિડન્ટ ફંડમાં ફાળો, જૂથ વીમા યોજના હોય તો તેનું પ્રિમિયમ, પેન્શનર અને તેના કુટુંબીજનો માટે તબીબી ખર્ચ ભરપાઈ કરવું આવા ખર્ચ આપણે કરવાના હોય છે. સરકારની આ કમીટેડ રિસ્પોન્સીબીલીટી છે. આ એવા પ્રકારના ખર્ચા છે જે સરકાર પોતે ધારે તો તેને કાપી નથી

શકતી કે સરકાર ધારે તો પણ આમાં કરકસર કરી શકતી નથી. કારણ કે આ કમીટેડ રિસ્પોન્સીબીલીટી છે. એટલે આ ખર્ચા થવાના છે અને મંત્રીશ્રી આમાં જે વધારો લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાકીની તેમની માગણી ક્રમાંક-૧૫, ૧૬ અને ૧૭માં ૨૦૦૮-૦૯ના સુધારેલા અંદાજમાં ૧૫૪ કરોડ, ૯૩ લાખ, ૮૬ હજાર રૂા.નો મંજૂર થયો હતો. તેની સામે ૨૦૦૯-૧૦ની એકંદરે જરૂરી માગણી ૧૯૯ કરોડ, ૨૭ લાખ અને ૧૨ હજાર છે. અર્થાત્ આ ત્રણ માગણીઓમાં ૪૪ કરોડ,૩૩ લાખ અને ૨૬ હજારનો વધારો માગવામાં આવ્યો છે. આ ત્રણ માગણીઓ પૈકી ક્રમાંક-૧૬, કર વસૂલાત ખર્ચ, નાણા વિભાગમાં ૧૨૬ કરોડ, ૭૫ લાખ અને ૭ હજારની માગણી કરવામાં આવી છે. કર વસૂલાત માટેના ખર્ચની માગણી જ્યારે મૂકવામાં આવે ત્યારે તેની સામે કેટલી કરની વસૂલાત આવે છે, આ વિભાગ કર વસૂલ કરવા માટે જે ખર્ચ કરે છે તેની સામે કેટલો કર વસૂલ કરે છે એને પણ એની સાથે કમ્પેરીઝન કરવામાં આવે તો મને જણાવતાં આનંદ થાય છે કે ૨૦૦૯-૧૦ની ટેક્સની અંદાજીત આવક માનનીય નાણામંત્રીશ્રીએ ૩૧ હજાર, ૬૦૦ કરોડ રૂા.ની મૂકી છે. તેની સામે નાણાની વસૂલાતનું ખર્ચ છે ૧૨૭ કરોડ રૂા..અર્થાત્ જે કર આવવાનો છે, જે આવક ઉભી કરવા માટે આ ખર્ચ થાય છે તે કુલ આવકના ફક્તને ફક્ત .૪૦ ટકા જ ખર્ચ વસૂલાત માટે કરવામાં આવતો હોય છે. સાહેબ, આ બહુ નોમીનલ ખર્ચ છે. આટલી મોટી રકમ ૩૧ હજાર, ૬૦૦ કરોડ જેટલી રકમ નાણા વિભાગ ફક્તને ફક્ત ૧૨૭ કરોડના ખર્ચે મેળવી શકતું હોય તો મારે કહેવું જોઈએ કે નાણા ખાતાની કાર્યક્ષમ કામગીરીના કારણે આટલી મોટી કરની આવક ઓછામાં ઓછા વસૂલાત ખર્ચે મેળવી શકાશે, એ માટે નાણા ખાતુ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગ રાજયની અર્થવ્યવસ્થાના કરોડરજજુ સમાન છે. અંદાજપત્ર એ કોઈ આંકડાની માયાજાળ નથી. પરંતુ ગુજરાતની સાડાપાંચ કરોડની જનતાના સ્વપ્નોને સાકાર કરવા માટેની આ પગદંડી છે. ઉત્તમ નાણાકીય વ્યવસ્થા, બૅસ્ટ ફાયનાન્સીયલ મેનેજમેન્ટ દ્વારા ધીમા પણ મક્કમ પગલે ગુજરાત સરકાર સફળતાના તમામ શિખરોને ચડતી આવી છે. તે માટે આ સરકારને હું ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના નાણા વિભાગે ડેબ્ટ મેનેજમેન્ટનો એક આદર્શ દાખલો પૂરો પાડ્યો છે. દેવાને કેવી રીતે એનું વ્યવસ્થાપન કરવું, દેવાને એની મર્યાદામાં કેવી રીતે રાખવું, દેવું કેટલું સસ્તામાં સસ્તુ મેળવી શકાય તે માટે ડેબ્ટ મેનેજમેન્ટ કરવામાં આવે છે. જનરલી જે મલ્ટીનેશનલ મોટી કંપનીઓ હોય છે એમાં આ પ્રમાણેના મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ રાખવામાં આવતા હોય છે. એમાં ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ રાખવામાં આવતા હોય છે. એમાં એમ.બી.એ. રાખવામાં આવતા હોય છે. મોટી કંપનીઓમાં ડેબ્ટ મેનેજમેન્ટનું એક ડિપાર્ટમૅન્ટ ચલાવવામાં આવતું હોય છે. એટલું સારી રીતે ગુજરાત સરકારે આ ડેબ્ટ મેનેજમેન્ટ કરેલું છે અને early payment of the debt દ્વારા માનનીય નાણાંમંત્રીશ્રીએ ગુજરાત સરકારનું દેવું ખૂબ મર્યાદિત રાખ્યું છે. ન ફક્ત મર્યાદિત રાખ્યું છે પરંતુ એ કરકસરયુકત રાખ્યું છે. It is minimized to a great extent અને કરકસરયુકત પણ છે. એટલા માટે હું એ પણ જણાવવા માગું છું કે, તા.૩૧-૩-૨૦૦૪ના રોજ વ્યાજનો સરેરાશ દર હતો ૧૨.૬૨ ટકા, ૩૧-૩-૨૦૦૮ના રોજ સરેરાશ દર ઘટાડીને નાણા વિભાગ અને નાણામંત્રીશ્રીએ આ ઘ ટાડીને There debt management comes into picture. ૧૨.૬૨ ટકા પરથી ત્રણ વર્ષ પછી ૯.૧૯ ટકા વ્યાજનો દર લાવી દીધો છે અને ૨૦૦૮-૦૯માં ૮.૯૧ ટકા થયો છે. આને ડેબ્ટ મેનેજમેન્ટ કહેવામાં આવતું હોય છે. વ્યાજનો આ દર ૯.૧૯ ટકાથી ૮.૯૧ ટકા પણ વ્યાજનો દર આ ઘટાડાનો દર ખૂબ ઓછો છે. મારે કહેવું છે કે, it is only .28 per cent. આ બે વ્યાજના સરેરાશ દરને સરખાવવામાં આવે તો ૦.૨૮ ટકા થાય. પરંતુ સરકારે જ્યારે ૮૦૦૦૦ કરોડ રૂા.નું દેવું કર્યું હોય અને ફક્ત ૦.૨૮ ટકા વ્યાજના દરની રાહત થાય એનાથી વ્યાજની અંદર વર્ષે રૂ.૨૨૪ કરોડ બચાવી શકાય. આપણે આ રૂ.૨૨૪ કરોડ બચાવવા માગીએ છીએ. આ રીતે બચે છે, This is debt management. હું ખરેખર નાણામંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે, આ પ્રમાણે તમામ નાણાકીય દેવાની વ્યવસ્થા ગોઠવીને એક વર્ષમાં આટલી રકમ બચાવી શકીએ. મેનેજમેન્ટ કેવું હોય, એનો નાણા ખાતું ઉત્તમ દાખલો છે. અગિયારમી પંચવર્ષીય યોજના માટે રાષ્ટ્રીય સરેરાશ વૃદ્ધિનો દર ૯.૧૦ ટકા, ગુજરાતને ફાળવી આપવામાં આવી છે ૧૧.૨ ટકા અને ગુજરાતે પ્રાપ્ત કરેલ પ્રથમ વર્ષની આવૃત્તિ દર છે ૧૨.૭૯ ટકા અને વિકાસનો આ દર મેળવવા માટે અને તેની જાળવણી કરવા માટે આ વિકાસના દરે વધારો કરવા માટે વિપુલ પ્રમાણમાં નાણાકીય સાધનો લગાવવા પડશે. રાજયના ઝડપી વિકાસ માટે મહેસૂલી આવક પૂરતી નથી. ફક્તને ફક્ત મહેસૂલી આવક પર રાજય સરકાર વિકાસ કરવા માગતી હોય તો હું એવું માનું છું કે, રાજય સરકાર ખૂબ પાછળ પડી જશે. મહેસૂલી આવક પૂરતી નથી ત્યારે સરકારે જાહેર દેવા મારફતે નાણા ઊભા કરવા પડતા હોય છે. ત્યારે કેટલાક લોકો સરકારનું દેવું ખૂબ વધી ગયું છે. ગુજરાતના નાગરિકોના માથે માથા દીઠ આટલું દેવું વધી ગયું છે એવી બૂમો પાડતા હોય છે. આ ગુજરાતના નાણા મંત્રી દેવું કરવાથી જરાય ગભરાતા નથી. નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું છું. He is never afraid of it. એમને ડર નથી. શું કામ ડર નથી એ પણ હું કહેવા માગું છું. ૧૪ વખત નાણામંત્રીશ્રીએ અંદાજપત્ર રજૂ કરવાનો અનુભવ છે. એટલા માટે છાતી જોઈએ, કલેજી જોઈએ, એમની પાસે દેવું કરવા માટે understanding જોઈએ, વિષયની સમજ હોવી જોઈએ, એમની પાસે છે દેવું કરવા repayment capacity હોવી જોઈએ.આ ગુજરાત સરકાર એની પાસે

repayment capacity છે. નાણા જે દેવું કરીએ છીએ એને ચૂકવવા માટેની આપણા પાસે તાકાત હોવી જોઈએ એ રાજય સરકારમાં છે. દેવું કરવા માટે ફાઈનાન્સીયલ ડીસીપ્લીન હોવી જોઈએ. રાજયના નાણા અને વહીવટની અંદર શિસ્ત હોવી જોઈએ. એની ફીસ્કલ ડીસીપ્લીન પણ હોવી જોઈએ. રાજય સરકારની જે ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી એકટ નીચે જે ડીસીપ્લીન છે એ ડીસીપ્લીનનો પણ એને અનુભવ કરવો પડતો હોય છે. એને પાળવી પડતી હોય છે અને એ ગુજરાત સરકાર કરી રહી છે. દેવું કરવા માટે ફાઈનાન્સીયલ એબીલીટી હોવી જોઈએ. દેવું કરવા માટે ફાઈનાન્સીયલ સ્ટેટસ હોવું જોઈએ. તમારું બેલેન્સશીટ એટલું ગ્રીન હોય તો જ લોકો તમને પૈસા આપે છે. મારે કહેવું છે કે આ બધા જ પેરામીટરના કારણે રાજય સરકારે મની માર્કેટમાં પોતાની ગુડવીલ બનાવી છે. Gujarat State has a goodwill in money market. લોકો પૈસા આપવા માટે તમને તત્પર છે. પ્રોવાઈડેડ છે. આપણે એ કેટલી મર્યાદામાં લઈ શકતા હોઈએ છીએ. આપણે કેટલી જરૂરિયાત છે એના આધારે લોકો પૈસા આપવા તૈયાર છે. આપણે લેવા તૈયાર છીએ. કેમ કે ગુજરાત સરકારે મની માર્કેટમાં પોતાની ઈમેજ એક ગુડવીલ બનાવેલી છે. અને ગુડવીલ જયારે હોય છે માર્કેટમાં કોઈપણ પેઢીની, કોઈપણ કંપનીની ત્યારે પૈસાની લોન આપવાવાળા આપણને લોન આપવાવાળા આપણા દરવાજા ઉપર લાઈન લગાડતા હોય છે. ગુજરાતની અંદર આ પરિસ્થિતિ છે. ગુજરાત રાજયની આ પરિસ્થિતિ છે. સાહેબ, મેં કહ્યું એ પ્રમાણે, દેવું, દેવું, દેવું એમ કરીને બુમ પાડવા વાળા છે. રાજય સરકારની આર્થિક સ્થિતિનું સાચું મૂલ્યાંકન કરતી વખતે ફકત લાયેબીલીટીઝ ન જોવી જોઈએ. દેવાની સામે જોઈને હંમેશા વાત કરવામાં આવતી હોય છે. સાથેસાથે એની એસેટસ, એની મિલકતો જે છે એની ઉપર પણ ધ્યાન આપવું જોઈએ. એસેટસ અને લાયેબીલીટીઝની બાબતમાં Comptroller and Auditor General of India CAG ના હિસાબી વર્ષ ૨૦૦૭-૦૮ ના ઓડીટ રીપોર્ટના પાના નંબર ૨૦ ઉપર જણાવેલ છે જે હું આપના ધ્યાન પર લાવવા માગુ છું. In the Government Accounting System, comprehensive accounting of fixed assets like land ana building owned by Government is not undertaken. However, the Government accounts do capture the financial liabilities of Government and assets created out of the expenditure incurred. સાહેબ સી.એ.જી.નો અહેવાલ બહુ સ્પષ્ટ જણાવે છે કે રાજય સરકાર વર્ષોવર્ષ જે મિલકતોનું સર્જન કરે છે એ મિલકતોનું સર્જન એનું એકાઉન્ટીંગ આ રાજય સરકારના એકાઉન્ટીંગ સિસ્ટમની અંદર આવતું નથી. એવું કૉમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ પણ કહે છે. It is written in the report.. મેં કહ્યું એમ ઑડિટ અહેવાલની અંદર છે. એટલે જે પ્રમાણે મિલકતોનું સર્જન થાય છે Right from the first and till today. એ જે મિલકતો ગુજરાત સરકારે બનાવી હોય એનું કોમ્પ્રીહેન્સીવ એકાઉન્ટીંગ થવું જોઈએ. ગુજરાત રાજયની સ્થાપના થયે ૫૦ વર્ષ થયા છે. ખાસ કરીને છેલ્લા ૧૦ વર્ષની અંદર સરકારે કરોડો રૂપિયાની મિલકતોનું સર્જન કર્યુ છે. સરકારે આજ સુધીમાં દેવાની ચૂકવણી કરીને એ દેવામાંથી જે જે મિલકતો ઉભી કરી હોય એનું કોમ્પ્રીહેન્સીવ એકાઉન્ટીંગ થવું જોઈએ. એ તમામે તમામ મિલકતોનું લીસ્ટીંગ થવું જોઈએ. તેનું વેલ્યુએશન પણ થવું જોઈએ. તેના કારણે ગુજરાત સરકારની કુલ નેટ મિલકતની માહિતી મળશે. તેનું બજાર ભાવે જો મૂલ્યાંકન કરવામાં આવે તો આ જમીન, મકાનોની મિલકતોની અંદર ગુજરાત સરકારનું આજ રોજનું till today કેટલા રૂપિયાનું ઈન્વેસ્ટમેંન્ટ છે એ ખબર પડે. મને ચોકકસ ખબર છે કે કોઈપણ મલ્ટીનેશનલ કંપની લો તમે, આ દેશની મોટામાં મોટી કંપની લો તમે, સાહેબ દેવું કર્યા વગર તો કયારેય કોઈપણ ધંધાનો વિકાસ નથી થઈ શકતો. એ નાનામાં નાનો માણસ હોય એનું બેલેન્સશીટ તમે જોશો, સરકાર નાનામાં નાના માણસ માટે પણ નાની નાની લોન આપવા માટેની નીતિ લઈને ચાલે છે. જો ખરેખર દેવું લેવું ગુનો હોય, દેવું લેવું ખોટું હોય તો આ દેવાને પ્રોત્સાહન આપવા માટેની કેન્દ્ર સરકારની હોય કે ગુજરાત સરકારની હોય બેન્કો એમ કહે છે કે પૈસા લઈ જાવ,દેવું કરવું ખોટું નથી. દેવાનો એફીસીયન્ટલી ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે. દેવું કરો અને એમાંથી આવક ઉભી કરો અને એમાંથી દેવાનું રીપેમેન્ટ કરો. એ માટે દેવાની ખૂબ જરૂરિયાત છે. માનનીય અધ્યક્ષશ્રી, મને ચોકકસ ખાતરી છે કે આ ગુજરાત સરકારની તમામ મિલકતોનું લીસ્ટીંગ થાય તો એનું મૂલ્યાંકન કરવામાં આવશે. તેને આ સરકારશ્રીના આજના ૮૦ હજાર કરોડ રૂા.ના દેવાની અને મિલકતોને સામસામે સરખાવવામાં આવે તો મને ચોક્કસ ખાતરી છે કે આ પ્રજાના માથે એક પણ રૂા.નું દેવું નથી. આ ગુજરાતની પ્રજાના માથે એક પણ રૂા.નું દેવું નથી. ખરેખર એનું મૂલ્યાંકન કરી એસેટ સાઈટ જોવામાં આવતી નથી. લાએબિલિટી જોવામાં આવે છે. કોઈપણ બેલેન્સ શીટની અંદર એસેટસ અને લાએબિલિટી બન્ને સાથે જોવી જોઈએ. ફકત એક છેડો, One the side of the balancesheet, you cannot assess the financial status, the financial capacity of a company, of a unit, of an individual proprietor, of a partner. એટલે માનનીય નાણામંત્રીશ્રીને આ બાબતમાં હું ચોક્કસ સૂચન કરું છું અને આગ્રહ પણ રાખું છું કે આવું લિસ્ટીંગ થાય તો ખબર પડશે કે પ્રજાના માથે દેવું છે કે પ્રજાની પાસે મિલકત છે. એનો સાચો ચિતાર આપણે ગુજરાતની જનતા સામે મૂકીને સરકારની આ જે કરજ લેવાની નીતિ છે તેને આપણે વાજબી રીતે પૂરવાર કરી શકીશું. આટલા શબ્દો સાથે આપે મને બોલવાની તક આપી તે બદલ હું આપનો આભાર માનું છું.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની માંગણી મં. ૧૫,૧૬,૧૭ અને ૧૮માં જે પેન્શન, કર વસુલાત, ટ્રેઝરી અને તે અંગેની વિવિધ બાબતો છે તે સર્વે માગણીઓ મંજૂર કરવાની તરફેણમાં હું મારી સર્વગ્રાહી વાત ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે દેશમાં વિકાસનું મોડલ ઊભું કર્યું અને દેશના અનેક રાજ્યો તેને અનુસરવાની કોશિશ કરી રહ્યા છે ત્યારે ગુજરાતે જે કુનેહપૂર્વક નાણાકીય વ્યવસ્થાપન અમલમાં મૂક્યું છે તેણે ભલભલા અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાંતોને પણ વિચારતા કરી મૂક્યા છે. ગુજરાતનું નાણાકીય મોડલ નક્કર છે, પારદર્શક છે, વિકાસલક્ષી અને કરકસરયુક્ત છે. ગુજરાત રાજ્યનું એક જ લક્ષ છે કે આ સ્ટેટજી દ્વારા સમૃદ્ધ ગુજરાતનું નિર્માણ કરવું. વર્ષ ૨૦૧૦માં રાજ્યની સ્થાપનાની સુવર્ણ જયંતીની ઉજવણી કરવાના છીએ ત્યારે આપણા સ્વર્ણિમ ગુજરાત જયંતીનું સ્વર્ણિમ લક્ષ્યાંક પણ છે. પાયાની આ વાતને અનુરૂપ આપણા બાહોશ નાણામંત્રીશ્રીએ વિવિધ બજેટો આપણને આપ્યા છે અને તે સંબંધિત માગણીઓ લઈને આવ્યા છે અને એ દ્વારા રાજ્યના વંચિતોનો વિકાસ, ગ્રામ્ય અને ખેત વિકાસ તથા શહેરી સુખાકારીના ધ્યેયને હાંસલ કરવા તે આપણી નેમ છે. આપણા માનવંતા પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલ બિહારી બાજપાઈજીએ કહ્યું હતું તેમ હર હાથ કો કામ, હર ખેતમેં પાની. આ આપણી નાણા સ્ટેટજીનું કેન્દ્રબિંદુ છે. માનનીય નાણામંત્રીશ્રીએ છેલ્લા પાંચ વર્ષમાં જે બજેટો આપ્યાં તેમાં તેઓશ્રીએ નાણાકીય કામકાજને સંલગ્ન તમામ પાસાંઓને સ્પર્શ કર્યો છે. આ બાબતને હું ટૂંકમાં મુકવા માગું છું. વર્ષ ૨૦૦૨ થી શરૂ થયેલ આ નવા અધ્યાયમાં ગુજરાતે વિવિધ કર માળખાનું તદ્દન સરળ અમલીકરણ કરી નાખ્યું છે. રાજ્યમાં કોઈ પણ પ્રકારના ટેક્સમાં એક પૈસાનો પણ વધારો કરવામાં આવ્યો નથી. એ ઉપરાંત સ્ટેમ્પ ડયૂટી, ઈલેક્ટ્રિસિટી ડયૂટી, સેલ્સ ટેક્સ, હોટલો પરનો વેરો તથા વાહન વેરા જેવા કરોમાં ધરખમ ઘટાડો કરી કુલ રૂા. ૧૨૦૦ કરોડની રાહતો આપી છે. દા.ત. સ્ટેમ્પ ડ્યૂટી જે ૧૫ ટકા હતી તે ઘટાડીને આજે લગભગ ૫ ટકા કરવામાં આવી છે. ખેડૂતોને ખેતીના વીજળી વેરા પરનો ૨૫ વર્ષ જૂનો સેલ્સ ટેક્સ પૂરેપૂરો કાઢી નાખ્યો છે. રાજ્યના ૮૦ લાખ કરતાં વધારે કુટુંબો, ૬ લાખ જેટલા કોમર્શિયલ તથા સંસ્થાકીય વીજ જોડાણોની વીજ ડયૂટીમાં કરોડો રૂા.ની રાહતો આપવામાં આવી છે. જુના વેરાના પડતર કેસોના સમાધાન માટે જેવો કે વેચાણવેરો, વ્યવસાય વેરો, સ્ટેમ્પ ડોક્યુમેન્ટ વગેરેમાં રાહત આપી સરસ સમાધાન ફોર્મ્યુલા આપી છે. વર્ષ ૨૦૦૬થી દેશના અન્ય રાજ્યોની સાથે વેટનો અમલ કર્યો છે. આના કારણે ટેક્સની આવકમાં ૨૫ થી ૩૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. ૨૦૦૭ થી રાજ્યના ૭ મહાનગરોની ઓક્ટ્રોય નાબુદ કરવામાં આવી છે. અને કોઈપણ જાતનો નવો એન્ટ્રી ટેક્સ નાંખ્યા વગર. તેનો રૂા.૧૮૦૦ કરોડનો બોજો રાજ્ય સરકારે ઉપાડી લઈ આ સ્થાનિક સંસ્થાઓને ગ્રાન્ટ પૂરી પાડે છે. વળી, રાજ્ય જે પ્રોફેશનલ ટેક્સ ઉધરાવતું હતું તેનું વિકેન્દ્રીકરણ કરી આ તમામ પ્રોફેશનલ ટેક્સ ઉધરાવવાની અને પોતાની પાસે રાખવાની નગરપાલિકાઓને સત્તા આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવાય છે કે રાજ્યની પ્રગતિ જોવી હોય તો તેના નાણા વિભાગને તપાસવો જોઈએ. ગુજરાત સરકારે લીધેલા ઉપરોક્ત તમામ પગલાઓ દર્શાવે છે કે રાજ્યના નાણા વિભાગની સ્ટ્રેટેજી, લોકોની સુખાકારી અને રાજ્યની પ્રગતિ માટે શિસ્તબદ્ધ રીતે આકાર લઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૌટિલ્ય એટલે ચાણક્યના અર્થશાસ્ત્રમાં રાજ્યે પ્રજા સાથે ટેક્સ વિગેરેની કેવી નાણાકીય નીતિ ઘડવી જોઈએ તેનું આલેખન કર્યુ છે જેમાં નાના માણસ ઉપર ઓછું કર ભારણ પડે અને ભમરો જાણે ફૂલમાંથી જે રીતે રસ ચૂસે છતાં ફૂલ પ્રફુલ્લિત રહે તેવી નાણાકીય નીતિઓ અમલમાં મૂકવાની વાત કરી છે. એવું લાગે છે કે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ ચાણક્યની આ નીતિને અનુસરીને દેશના નાણાકીય વહીવટમાં સાચો ચીલો પાડ્યો છે અને આ બધાને સરવાળે રાજ્યની મહેસૂલી આવક છેલ્લા પાંચ વર્ષમાં ડબલથી પણ વધુ થઈને વર્ષ ૨૦૦૯-૧૦ ના બજેટમાં રૂા.૪૧,૮૧૫ કરોડે પહોંચી છે. પાંચ વર્ષ પહેલા રાજ્યની મહેસૂલી ખાદ્ય રૂા.૪,૦૦૦ કરોડને વટાવી ગઈ હતી. જે છેલ્લા ત્રણ વર્ષથી પુરાંતમાં છે. રાજ્યની કરવેરાની આવક પણ છેલ્લા પાંચ વર્ષમાં બમણી થઈને ૨૫,૪૫૦ કરોડે ૨૦૦૯-૧૦ ના વર્ષમાં પહોંચશે જેમાં વેટનો પણ સિંહફાળો છે. રાજ્યની ટેક્સની આવકમાં જે સતત વધારો વર્ષો વર્ષ થઈ રહ્યો છે તેના કારણે રાજ્ય વિકાસની હરણફાળ ભરવામાં સક્ષમ બની ગયેલ છે અને વર્ષ ૨૦૦૪-૦૫માં પાંચ વર્ષ પહેલાં પ્લાન એક્ષપેન્ડીચર એટલે કે વિકાસલક્ષી ખર્ચ જે રૂા.૧૮,૦૦૦ કરોડ હતું તે વર્ષ ૨૦૦૯-૧૦માં ડબલ થઈને રૂા.૩૭,૦૦૦ કરોડે પહોંચશે. ખૂબી તો એ છે કે આપણો વિકાસ ખર્ચ કુલ ખર્ચમાં ૭૦ ટકા જેટલો માતબર છે અને વહીવટીય ખર્ચ માત્ર ૩૦ ટકા છે. જ્યારે ભારત સરકારના છેલ્લા પાંચ વર્ષના બજેટ જુઓ તો આનાથી બરોબર ઊંધું એટલે કે વિકાસ ખર્ચ ૩૦ ટકા અને વહીવટીય ખર્ચ ૭૦ ટકા છે એટલે જ ગુજરાતમાં આવક પર કેપીટા ઈન્કમ બજાર ભાવે રૂા.૪૫,૦૦૦ને વટાવી ગઈ છે. આજ નાણાકીય વહીવટને કારણે પાંચ વર્ષ પહેલા ગુજરાતનો GDP એટલે કે, Gross Domestic Products જે દોઢ લાખ કરોડ હતી એ બજાર ભાવે આજે ત્રણ લાખ કરોડને વટાવી ગઈ છે તથા ગુજરાતનો વિકાસ દર વર્ષ ૨૦૦૮-૦૯ માં જે ૧૨.૮ ટકા જેટલો દેશમાં સર્વશ્રેષ્ઠ થયો છે, જે કેન્દ્રના વિકાસ દર કરતાં બમણો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણા ક્ષેત્રે ગુજરાતે ડેટ ટ્રેપ યોજના અંર્તગત રૂા.૮૦૦ કરોડથી પણ વધુ દેવું કેન્દ્ર સરકારે માફ કર્યુ છે, આના લીધે રાજ્યની નાણાકીય ખાદ્ય GDP ના ૩ ટકાથી ઓછી છે અને દેવું GDP ના

૩૦ ટકાથીય ઓછું છે. જે નાણાકીય જવાબદારીના કાયદા મુજબના લક્ષ્યાંકો છે એ ગુજરાતે હાંસલ કર્યા છે. આમાંનું એક પણ લક્ષ્યાંક ભારત સરકાર હજુ સુધી હાંસલ કરી શકી નથી. રાજ્યના નાણાકીય વ્યવસ્થાપનમાં ગુજરાત નંબર વન છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની મક્કમ નિર્ણય શકિત અને માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાનું સમજદારીપૂર્વકનું નાણાકીય વ્યવસ્થાપન આ બંને મહાનુભવોની સહયોગી સાજેદારીને સલામ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં રાજ્યના ૩,૨૫,૦૦૦ પેન્શનરોને એરિયર્સ ચૂકવવાનો મુદ્દો છે ત્યારે મારે કહેવું છે કે રાજ્ય સરકારે પેન્શનરો માટે ગયા વર્ષે અનેક સારા પગલાં લીધાં છે અને પેન્શન દર મહિને પેન્શનરના બેંક ખાતામાં જમા થાય છે અને તેમની એરિયર્સની રકમની ચૂકવણી પણ પાંચ વાર્ષિક હપતામાં કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, વેચાણવેરાના પડતર કેસોની અને વિભાગની કામગીરી અંગેની જે વાત છે તે માટે મારે એટલું જ કહેવું છે કે, ચાલુ વર્ષે ૨૦૦૯-૧૦માં માત્ર ૩૧૩૪ કેસો પડતર હતા. જેમાંથી ૧૬૩૦ કેસોનો નિકાલ થઈ ગયો છે અને હાલમાં માત્ર ૧૫૦૪ કેસો પડતર છે. જેમાં અનેક કેસો કોર્ટો કે ટ્રિબ્યુનલોમાં પેન્ડીંગ છે. આમ રાજયના વેટ, વેચાણવેરામાં નોંધાયેલા ત્રણ લાખથી પણ વધુ વેપારી સંસ્થાઓ સામે પડતર કેસો અડધા ટકાથી પણ ઓછા છે અને તેનો પણ ઝડપથી નિકાલ થાય તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે તેમ દેખાઈ રહ્યું છે. રાજયની જિલ્લા અને પેટા તિજોરીઓની ઑફિસોનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝેશન કર્યુ છે અને તેથી તેની કામગીરી પણ ખૂબ ઝડપથી અને વ્યવસ્થિત ચાલે છે અને પેન્શનરોને સમયસર પેન્શન મળે છે માટે ખરેખર તો આપણે આપણી ટ્રેઝરી ઑફિસના કર્મચારીઓને પણ બિરદાવવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આમ એકંદરે ગુજરાતે નાણાકીય ક્ષેત્રે, અહીં મેં જે કહ્યા તે અને તે ઉપરાંત બીજા અનેક પગલાઓ જે હું સમયના અભાવે અહીં રજૂ કરી શકતો નથી તે સર્વે પગલાઓ દ્વારા ગુજરાત એક મોડેલ રાજય બન્યું છે તે માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ તથા રાજયના મુખ્ય સચિવશ્રી અને નાણા વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળા સરસ મઝાનું અંદાજપત્ર લઈને આવ્યા છે, જેને વાંચવાનું પણ ગમે અને જેને માટે ચર્ચા કરવાની પણ ગમે છે અને જેના પરિણામે સરસ મઝાના વિકાસના પરિણામો રાજયને પ્રાપ્ત થવાના છે અને તેથી જ રાજયની જે માગણીઓ છે તેને મારું અનુમોદન છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણી નંબર : ૧૫,૧૬,૧૭ અને ૧૮ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગના અસરકારક નાણાકીય સંચાલનને કારણે ૨૦૦૬-૦૭થી રાજયના કુલ દેવા તથા રાજકોષીય ખાદ્યની સ્થિતિ, ગુજરાત રાજય વિત્તીય અધિનિયમ-૨૦૦૫માં નિર્ધારિત કરેલ લક્ષ્યાંક મુજબની નિયંત્રણમાં રહેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગના ચીવટભર્યા સંચાલનને કારણે ઘરગથ્થું ઉત્પાદન સામે રાજયનું કુલ દેવું અને રાજકોષીય ખાદ્ય સતત ઘટતા રહેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૬ થી સતત મહેસૂલી ખાદ્ય રહી છે પણ સને ૨૦૦૬-૦૭થી નાણા વિભાગે મહેસૂલી પુરાંત હાંસલ કરેલ છે. માનનીય અધ્યક્ષ્રશ્રી, છેલ્લા ચાર વર્ષોથી દેવા નાબૂદી યોજનાઓનો લાભ રાજય સરકારને મળવાપાત્ર થયો છે અને જેથી દેવામાં આશરે ૧૭૯૦ કરોડનો ઘટાડો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ દ્વારા બજારની પરિસ્થિતિનો સતત અભ્યાસ અને મૂલ્યાંકન અને એને કારણે બજારમાં લોન ઉચિત સમયે મેળવવાની તૈયારી નાણા વિભાગે કરી અને એને કારણે ૨૦૦૮-૦૯માં લોનનો સરેરાશ વ્યાજ દર, એમાં લોનની સરેરાશ વ્યાજ દરની સરખામણીએ નીચો રહેવા પામ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પાંચ વર્ષોમાં રાજય સરકારે ઓવર ડ્રાફટ રિઝર્વ બૅન્ક પાસેથી લીધો નથી જે રાજયની સારી નાણાકીય સ્થિતિ દર્શાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા પાકતી મુદતે લોનની ચૂકવણી પણ સમયસર કરવામાં આવે છે. ૨૦૦૬-૦૭થી રાજય સરકાર દ્વારા બિન-વિકાસશીલ ખર્ચ પર નિયંત્રણ રાખવામાં આવેલ છે અને સુનિયોજીત નાણાકીય આયોજનના ભાગરૂપે રિઝર્વ બૅન્કની માર્ગદર્શિકા પ્રમાણે કોન્સોલિડેટેડ સીન્કીંગ ફંડ જે ઊભું કર્યુ છે જેમાં દર વર્ષે રાજય સરકાર રકમ જમા કરે છે આ નિધિમાં રાજય સરકારનો ફાળો તથા વ્યાજ મળીને કુલ રૂા. ૪૦૯૨ કરોડ ભંડોળમાં જમા છે.માનનીય અધ્યક્ષશ્રી, છઠઠા પગાર પંચનો લાભ કર્મચારીઓને મળ્યો છે પણ તેમછતાંય રાજયની જે વિકાસ યાત્રા છે એ રોકાય નહીં અને જે રીતે વર્ષોવર્ષ વધતું આયોજનનું કદ જોતાં લાગે છે કે આ ભારણ એની અસરો નાણા વિભાગ પર છે નહીં. નાણા વિભાગના નિયંત્રણ હેઠળની વાણિજય કમિશ્નરની કચેરી વેરાની વસુલાત ઝડપથી થાય તે માટે સતર્ક છે. વેટની આવક જે દર વર્ષે વધતી જાય છે તે પુરવાર કરે છે. તિજોરી સુધારણા માટે પણ કાર્યવાહી હાથ ધરેલ છે. જેમાં સરકારી ભરણા સ્વીકારવાની કામગીરી તેમજ સરકારી ચુકવણા કરવાની કામગીરી ખૂબ ઝડપથી બને તે માટે ઓન લાઈન રીસીપ્ટ તેમજ ઈસીએસ. પદ્ધતિનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે તેમજ પેન્શનરોને નિયમિત પેન્શનનું ચુકવણું થાય તે માટે જાહેર ક્ષેત્રોની બેંકો મારફત પેન્શન ચુકવણી બંધ કરી આ પેન્શનરોને તિજોરી મારફતે આઈ.આર.એલ. પ્રથા હેઠળ સમાવવા આયોજન હાથ ધરેલ છે. નાણા વિભાગ દ્વારા સંકલિત વ્યવસ્થાપન પદ્ધતિ સલામત અને સંરક્ષિત આઈ.ટી. પર્યાવરણ હેઠળ નાણાકીય વ્યવહારો થાય છે. સાથોસાથ નાણાકીય વ્યવસ્થાપન અને રીયલ ટાઈમ ડેટા ઉપલબ્ધ થઈ શકે એ આશયથી વિકસાવવામાં આવી રહેલ છે. આ પદ્ધતિના અમલને કારણે ૨૦૧૦ સુધીમાં જો

સંપૂર્ણ અમલ થાય તો નાણા હસ્તક સમગ્ર રાજયની નાણાકીય કામગીરી સલામત, સુરક્ષિત, સચોટ અને સંપૂર્ણ પારદર્શી બનશે. પેન્શનના કેસોના નિકાલમાં ઝડપ અને કચેરીની વેબસાઈટ ઉપર પેન્શન કેસોના સ્ટેટસની માહિતી ઉપલબ્ધ થવાને કારણે પેન્શનરોએ ગાંધીનગર સુધી આવવું પડતું નથી. આ બધી હકીકત જોતાં માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી નાણા વિભાગની માગણી નં. ૧૫, ૧૬, ૧૭, ૧૮ દ્વારા સન્માનનીય ગૃહ સમક્ષ કુલ રૂ.૧૯૨૫, ૫૦,૭૯,૦૦૦ માગણી લઈને આવ્યા છે તેના સમર્થન માટે ઉભો થયો છું. આ તબકકે હું સરકારને મનુષ્યના શરીર સાથે સરખામણી કરવાની માગું છું. માનવ શરીરના જુદાજુદા અંગ-ઉપાંગો છે એ નિશ્ચિત કામ તો કરે જ છે જેવા કે પગ ચાલવાનું, દાંત ચાવવાનું, આંખ જોવાનું, કાન સાંભળવાનું જેવા સુનિશ્ચિત કાર્યો તો કરે જ છે પરંતુ કામને કરવા માટે જે ઉર્જા પહોંચાડે છે એ ઉર્જા હૃદય પહોંચાડે છે. ગુજરાત સરકારના નાણા વિભાગને હું માનવ શરીરના હૃદય સાથે સરખાવવા માગું છું તેનું કારણ એ છે કે અન્ય વિભાગો પોતાનું કામ તો કરે જ છે. પાણી પૂરવઠા વિભાગ પાણી પૂરું પાડવાનું, મહેસૂલ વિભાગ મહેસૂલનું કામ કરે છે. દરેક વિભાગ પોતપોતાનું કામ કરે છે પરંતુ એને ઉર્જા આપવાનું કામ જો કોઈ કરતું હોય તો એ નાણા  વિભાગ કરે છે અને એટલા માટે નાણા વિભાગ રાજય સરકારની કરોડરજજૂ છે અને એ રાજય સરકારને સ્થિર રાખવાનું કામ કરે છે. શરીરની અંદર અશુદ્ધ લોહી શુદ્ધ કરીને પહોંચાડે છે ઉર્જા પહોંચાડે છે એ જ પ્રકારે કરવેરા, મહેસૂલી આવક હોય કે કરવેરાની આવક હોય એ લઈને દરેક વિભાગોને આ કામ નાણા વિભાગ સોંપે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

રાજય સરકારની ઉદ્યોગક્ષેત્રે હરણફાળ હોય કે શિક્ષણક્ષેત્રે સાક્ષરતામાં વધારો થયો હોય, કૃષિ ક્ષેત્રે ઉત્પાદનમાં નજર અંદાજ ન થઈ શકે તેટલું ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં જે વૃદ્ધિ થઈ છે. આ તમામ સિદ્ધિઓનો યશ જે તે વિભાગને તો છે જ.પરંતુ આ સિદ્ધિઓ માટે સીધી યા આડકતરી રીતે નાણા વિભાગ સંકળાયેલ હતું, તે હંમેશા યાદ રાખવું જરૂરી છે.  રાજ્ય સરકારે પોતાનું જે દેવું છે તે ઓછું કરવા માટે લોનને સ્વેપ કરીને તથા સંસ્થાકીય લોનનું વહેલું ચુકવણુ કરીને તથા દેવાને રિસ્ટ્રકચર કરીને નાણા વિભાગે રાજયના દેવાની સામે ભારિત વ્યાજદરમાં જે તા. ૩૧-૩-૨૦૦૪ માં ૧૨.૬૨ ટકા હતું તે ૨૦૦૯-૧૦ માં અંદાજ પ્રમાણે ૮.૮૫ ટકા કરી વ્યાજ દરમાં નોંધપાત્ર ૩.૭૭ ટકાનો ઘટાડો કરીને વ્યાજની ચૂકવણીમાં પ્રશંસાપાત્ર બચત કરીને રાજયના અર્થતંત્રને મજબૂત કર્યો છે એમ ચોક્કસ કહી શકાય.  રાજય સરકારના નાણા મત્રીશ્રીએ કરવેરાના માળખામાં નજીવા સુધારા કરી છેલ્લા ચાર વર્ષથી મહેસૂલી પુરાંતવાળુ અંદાજપત્ર કાઢીને અને ૨૦૦૯-૧૦ માં પણ યથાવત રાખવામાં સફળતા મેળવી બેનમૂન કામ કરેલ છે.  રાજય સરકારની નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ ની કુલ મહેસૂલી આવક રૂા. ૩૧,૦૦૨.૨૧ કરોડના હિસાબે અંદાજપત્ર ૨૦૦૯-૧૦ ની મહેસૂલી આવક રૂા. ૪૨૦૭૩.૬૮ કરોડના અંદાજિત અંદાજ પ્રમાણે ૩૫.૭૧ ટકા નો વધારો અને કરવેરાની આવકમાં વર્ષ ૨૦૦૬-૦૭ માં રૂા. ૨૨,૮૯૦.૫૮ કરોડની સરખામણીએ સને ૨૦૦૯-૧૦ ના રૂા. ૩૨,૧૩૩.૯૩ કરોડનો અંદાજ ૪૦.૩૩ ટકા નો વધારો કરીને સુદ્રઢ વહીવટનું ઉમદા ઉદાહરણ પૂરું પાડેલ છે.  નાણામંત્રીશ્રી તથા તેઓશ્રીનો નાણા વિભાગ જી.એસ.ડી.પી. સામે રાજકોષીય ખાદ્ય છેલ્લા ત્રણ નાણાકીય વર્ષથી ૩ ટકા થી નીચો રાખવામાં તથા જાહેર દેવાની સામે ૩૦ ટકાથી નીચો રાખવામાં સફળ રહ્યું છે.  આમ નાણાકીય શિસ્તના અનુશાસનમાં વિભાગે પ્રશંસનીય કામગીરી કરી છે, આથી ધન્યવાદને પાત્ર છે.  નાણા મંત્રીશ્રી અને નાણા વિભાગે સને ૨૦૦૯-૧૦ ના અંદાજપત્રમાં રાજકોષીય ખાદ્યની જી.એસ.ડી.પી. સામે ૧.૯૯ ટકા અને જાહેર દેવાની જી.એસ.ડી.પી. સામે ૨૫.૨૯ ટકા નાણાકીય સૂચકાંકો અંદાજને ઉમદા કાર્ય કર્યુ છે. એમ કહેવું યથાયોગ્ય છે. નાણા વિભાગ તરફથી પચવર્ષીય યોજનામાં ભૂતકાળમાં ધ્યાનાકર્ષક યોજનાઓ જેવી કે ૧૫૦૦૦ કરોડની વનબંધુ યોજના, ૧૧૦૦૦ કરોડની સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના અને ૧૩,૦૦૦ કરોડની શહેરી ગરીબો સમૃદ્ધિ યોજનાઓને મંજૂર કરીને ગુજરાતની પ્રજાનો સમતુલિત વિકાસ માટેના દ્વારા ખોલ્યા છે. તેવી જ રીતે સન ૨૦૦૯-૧૦ ના અંદાજપત્ર રૂા. ૭,૦૦૦ કરોડની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અને ધાર્મિક તથા સાંસ્કૃતિક અમૂલ્ય વારસો સચવાઈ રહે તથા પ્રવાસનને વેગ મળે એ શુભાશયથી રૂા. ૬૦૦ કરોડની સ્વર્ણિમ જયંતી સોરઠ વિકાસ યોજનાની જાહેરાતને ભૂતકાળની સફળતમાંથી પ્રેરણા મેળવી વિકાસ કાર્યમાં વેગ મેળવવાના દૂરંદેશી ભરી આ યોજનાઓને અંદાજપત્રમાં સમાવવા માટે મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને નાણા વિભાગને ધન્યવાદ આપું છું.  રાજય સરકારના નાણાકીય સદ્ધરતા તેના એકત્રિત ડૂબત નિધિ (કોન્સોલીડેટેડ સિકિંગ ફંડ) ના આધારને અર્થશાસ્ત્રીઓ મજબૂતાઈની નિશાની ગણે છે. બજારમાંથી ઊભા કરવામાં આવેલ દેવાની ચૂકવણી માટે નાણાકીય તરલતા જાળવવા માટે રાજય સરકારે તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં કુલ ૪૦૯૨ કરોડની માતબર ડૂબત નિધિનું ભંડોળ જમા કરેલ છે.  બાંયધરી ૧૯૬૩ અન્વયે સમયાંતરે નક્કી કરવામાં આવતી મર્યાદા સંદર્ભમાં રાજય સરકારે ગેરંટરની રૂએ થતી જવાબદારીઓમાં નોંધપાત્ર ઘટાડો કરેલ છે. વર્ષ ૨૦૦૩ ના અંતે રૂા. ૧૯૦૦૧ કરોડની બાંયધરી અમલમાં હતી. રાજય સરકારે નવી બાંયધરીઓ પર અંકુશ રાખી રૂા. ૨૦,૦૦૦ કરોડની મર્યાદા સામે તા. ૩૧-૩-૨૦૦૯ ની પરિસ્થિતિએ રૂા. ૧૦,૩૪૦ કરોડની બાંયધરીઓ અમલમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ રાજય સરકારે આપેલ બાંયધરીઓ અન્વયે

ઉભી થનાર આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા તથા રાજય સરકારની નાણાંકીય તરલતાને માઠી અસર ન પહોંચે તે આશયથી "રીડમ્પ્શન ફંડ" રૂા.૧૪૫૬ કરોડના નાણાંકીય ભંડોળનું ભારત સરકારની જામીનગીરીઓમાં રોકાણ કરી નાણાં વિભાગે રાજય સરકાર પાસેથી ગેરંટરની રૂએ ભવિષ્યમાં ઉભી થનાર જવાબદારીઓ અદા કરવા માટે સારી એવી તરલતા રાખીને અદનું કાર્ય કરીને રાજયની પ્રજાને તથા રાજય સરકારને સુખદ નિન્દ્રા માટે સરળતા કરવા બદલ અભિનંદનને પાત્ર છે. કારણકે ગેરંટીઓ મંજૂર કરવાની સત્તા નાણા વિભાગને સોંપવામાં આવી છે એટલે ગેરંટીઓ આપવા પર સારો એવો અંકુશ લાવી શક્યા છીએ.

આથી નાણામંત્રીશ્રી ૧૯૨૫ કરોડ ૫૦ લાખ ૭૯ હજારની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણી ક્રમાંક: ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગ તે કરકસર અને ચીકણો વિભાગ એમ કહેવાય. મારે એટલા માટે કહેવું છે કે આપણી સરકારની અંદર કોઈપણ વિભાગના સચિવશ્રી હોય તેનો એક દાખલો આપું અને વિષયની વાત કરું તો દા.ત. આર એન્ડ બી વિભાગના અગ્ર સચિવશ્રી હોય અને કોઈપણ કામ માટેની ફાઈલ નાણા વિભાગને મોકલી હોય અને તે ફાઈલ ડિલે થાય ત્યારે સચિવશ્રી એમ કહે કે નાણાં વિભાગ ફાઈલ કાઢતું નથી. સરકારમાં તો આ અધિકારી અહીંથી અહીં બીજીવાર જાય છે. એ અધિકારી જો નાણાં વિભાગના સચિવશ્રી હોય અને તે ફાઈલ જો તેમની પાસે આવે તો એ ફાઈલમાં એ જ પરિસ્થિતિ નિર્માણ કહે. નાણાં વિભાગે ગમે ત્યાં તાત્કાલિક પૈસા આપવા માટે કરકસર અને વિચાર કરી પછી મંજૂરી આપતા હોય છે. જ્યાં ત્યાં પૈસો વેડફાઈ ન જાય એટલા માટે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટની અંદર જે જોગવાઈઓ કરી છે તે એક નાણાં વિભાગ એવો વિભાગ છે કે નાણાંને વાવ્યા પછી નાણાં પરત કયાંથી લાવવા? તો નાણાંને વાવવા કયાં તો કહે કે ઔદ્યોગિક વિસ્તારોમાં વધારેમાં વધારે ઉદ્યોગો થાય, ઉદ્યોગોને વધારેમાં વધારે સવલતો અપાય અને તેના આધારે આ ઉદ્યોગ વધારેમાં વધારે ઉત્પાદન કરે અને તેનું સેલીંગ થાય અને તેના ઉપર ટેક્સની આવક થાય. બીજા નંબરની અંદર ખેતીવાડીની અંદર ગામડું કેમ સદ્ધર બને, ગામડાના ખેડૂતો વધારેમાં વધારે ઉત્પાદન કેવી રીતે લઈ શકે તેના માટેની યોજનાઓ હોય, તળાવ ઉંડા કરવાના, ચેકડેમ બાંધવાના હોય. વીજળીના કનેકશનો વધારે આપવાના હોય, કૃષિ માટે ટપક પદ્ધતિ કે ફૂઆરા પદ્ધતિમાં સબસીડી આપવાની હોય અને તેના કારણે વધારે ઉત્પાદન થાય અને તે થાય તો ગામડાની અંદર પૈસા આવે. આ પૈસાનું રોટેશન કયાં ફરે, જો ગામડાનો ખેડૂત સદ્ધર હોય, તેની પાસે પૈસાનો ફલો હોય અને જો વધારેમાં વધારે ઉત્પાદન આવે તો તે પૈસા લઈ શહેરની અંદર જાય. આ પૈસા શહેરની અંદર કોઈપણ દુકાનમાં ખરીદી કરવા જાય તો તે દુકાનની અંદરથી કાપડ લે તો તે કાપડ લે એટલે સરકારને ટેક્સની આવક થાય. તે કાપડ જે મિલમાં બન્યું હોય તે મિલની અંદર કામ કરનાર શ્રમિકને રોજીરોટી મળે અને તે કાપડ બનાવનાર મિલનું કાપડ બનાવીને વેચે તેમાંથી પણ રાજય સરકારને ટેક્સ મળે. તો ખરા અર્થમાં આપણા જે નાણામંત્રી છે ૧૯૯૬ પછી જેટલા બજેટો લાવ્યા ખરેખર બધા બજૅટ પુરાંતવાળા બજૅટ હોય છે અને વધારેમાં વધારે વિકાસ કેમ થાય અને વધારેમાં વધારે પૈસા કયા વિભાગમાં ફાળવવાથી રાજય સરકાર અને આમ જનતાને ફાયદો કયાં થાય તેવા પ્રયત્નો કરતા હોય છે. ખરા અર્થમાં અમારા સૌરાષ્ટ્રના અને અમારા જિલ્લાના માનનીય નાણામંત્રી હોય અને બીજાનો રેકર્ડ તોડવાને બદલે તેમનો રેકર્ડ તોડી નાંખ્યો. તો ખરા અર્થમાં આવા નાણા વિભાગના મંત્રી હોય અને ગુજરાતની અંદર સમદ્રષ્ટિએ વધારેમાં વધારે પૈસા વાપરી અને વધારેમાં વધારે ગુજરાતનો વિકાસ થાય તેના માટે કાયમ પ્રયત્નો કરતા રહ્યા છે. ખરા અર્થમાં આ પૈસાની આવકમાં તેમનું મૉનીટરીંગ હોય, રેગ્યુલર મૉનીટરીંગના કારણે આવકમાં પણ વધારો થયો અને રાજય સરકારના આ વેટ અને ટેકસના રૂા. ઘણી બંધ પડેલી ઈન્ડસ્ટ્રીઝોમાં ફસાઈ ગયેલા. એમાં ચતુરાઈ વાપરી યોજના બહાર પાડી અને એમાં એનો લાભ આપ્યો અને વધારેમાં વધારે આવક કેમ થાય અને પૈસાની વસુલાત કેમ થાય એના માટેના પ્રયત્નો કાયમ કર્યા. ખરા અર્થમાં આ ટેકસમાંથી વેટ આવ્યા પછી આટલો પરિશ્રમ અને નાણાં વિભાગ અને વેટ વિભાગના પોતાના વધારે કામ કરવાના કારણે ૧૭૦૦ કરોડ રૂા. જેવી વધારેમા વધારે આવક રાજય સરકારને આવી છે. તો આજે નાણા વિભાગ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારો સુર પુરાવીને વિરમું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અનિલભાઈ પટેલ, શ્રી રણજીતભાઈ, શ્રી જીતેન્દ્રભાઈ, શ્રી ભૂપેન્દ્રભાઈ, શ્રી કિશોરભાઈ, શ્રી મોહનભાઈ વગેરેએ મારી માગણીઓને સમર્થન આપ્યું છે. આમાં વિશેષ કંઈ કહેવાનું નથી કારણ કે આમાં ડાયરેકટલી પબ્લિક સાથે ડીલીંગ હોય એવો કોઈ વિષય નથી પણ મેં જે ૩૦-૬-૨૦૦૯ના રોજ મેં મારું ફેરફાર કરેલું અંદાજપત્ર ૫૮૧૩૦ કરોડ રૂા.નું રજૂ કર્યુ હતું અને એમાં નાણા વિભાગની મારી છ માગણીઓ હતી. આજે જે ચાર રજૂ કરી છે, કુલ છ માગણીઓ છે. એ ૧૬૩૨૩ કરોડ રૂા.ની માગણીઓ છે. મેં છેલ્લા પાંચ વખતથી જે બજૅટ રજૂ કર્યા છે, એ બધા પુરાંતવાળા બજેટો હોય છે મેં ૨૦૦૫-૦૬માં ૮૭ કરોડ રૂા.ના પૂરાંતવાળું બજૅટ, ૨૦૦૬-૦૭માં ૨૭ કરોડ રૂા., ૨૦૦૭-૦૮માં ૩૨૯ કરોડ રૂા.નું અને ૨૦૦૯-૧૦માં ૪૭.૭૬ કરોડ રૂા.નું, આ જે પુરાંતવાળા બજૅટ રજૂ કરેલ છે. આ

જે પૂરાંતવાળું બજેટ રજૂ કરવાની વાત હોય ત્યારે રાજયની મહેસૂલી આવક અને રાજયની આર્થિક સ્થિતિ જો સદ્ધર હોય તો જ પૂરાંતવાળા બજેટ રજૂ કરી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમસ્ત વિશ્વની અંદર જ્યારે વૈશ્વિક મંદીનું વાતાવરણ છે ત્યારે કેન્દ્ર સરકારે પણ કહ્યું છે કે, જે આપણો ફીસ્કલ રિસ્પોન્સીબિલીટી એકટ હતો એ એકટની અંદર તમે સુધારો કરો, અને તમારા જે કંઈ રાજવિતિય ખાદ્યના લક્ષ્યાંકો છે, એની અંદર ૦.૫ સુધીની છૂટછાટ મૂકવાની પણ એમણે વાત કરી છે અને તમારી મહેસૂલી ડૅફિસિટ છે એની અંદર પણ તમે વધારો કરી શકો એ પ્રકારની વાત એમણે વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની પરિસ્થિતિ બધી રીતે પોજીટીવ છે આપણે એમ કહી શકીએ છીએ કે છેલ્લા પાંચ વર્ષથી કદી ઓ.ડી. નથી લીધો, ઓવરડ્રાફ્ટ તો નહીં, પણ જે કંઈ વેજ એન્ડ મીન્સ એનો પણ અમે છેલ્લા ચાર વર્ષથી કયારેય એક રૂપિયો રિઝર્વ બેંક પાસેથી લીધો નથી અને એ ઉપરાંત જે રાજય સરકાર પાસે જે રાષ્ટ્રિય સરકારનો કોન્સોલિડેટેડ સીંકીંગ ફંડ છે એ ફંડ આજે અંદાજે ૪૦૯૨ કરોડ રૂા. જમા છે એ જ પ્રમાણે આપણે જે ગૅરન્ટી આપીએ છીએ એ ગૅરન્ટી ફંડ પણ આપણી પાસે એ રીતે જમા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે જોઈએ તો રાજય સરકાર જે ફાઈનાન્સીયલી ડિસિપ્લીનની અંદર એનું કોન્સોલિડેટેડ સીંકીંગ ફંડ હોય, એનું ગૅરન્ટી ફંડ હોય તે તમામ રીતે વ્યવસ્થિત રીતે બરાબર રીતે જાળવે છે, જો કોઈપણ પ્રકારનો હપતો આપણે ચૂકીએ તો એ આપણા સીકીંગ ફંડમાંથી એ હપતા એની અંદરથી ભરાય છે, એટલે રાજયને કોઈ દિવસ કયારેય કોઈ વ્યાજ ચૂકવામાં ક્ષતિ હજી સુધી થઈ નથી. એક હપ્તો પણ આપણે કયારેય ચૂક્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત કેન્દ્ર સરકારે પોતે એક યોજના કરી, કે ફિસ્કલ રિસ્પોન્સીબિલિટી એકટ મુજબ તમારી જો આર્થિક પરિસ્થિતિમાં તમારી રેવન્યુ ડૅફિસિટ ઝીરો હોય અને ફિસ્કલ ડૅફિસિટ તમારું ત્રણ ટકાથી ઓછી હોય કે ત્રણ ટકા સુધી હોય તો આપણને જે દેણું છે, એ દેણાની અંદર કેન્દ્ર સરકાર આપણને પૈસા આપે છે. આ નિયમના આધારે આપણે આ દેવા નાબૂદી યોજના છે એ છેલ્લા ચાર વર્ષ થયા આપણે બરાબર આપણે ફિસ્કલ રિન્સોસિબિલિટી એકટ મુજબ આપણી મહેસૂલી ખાદ્ય એ ઝીરો રહે છે અને આપણો ડૅફિસિટ છે એ પણ વધતો થતો નથી અને આ દેવા નાબૂદી યોજના નીચે કેન્દ્ર સરકાર તરફથી આપણને છેલ્લા ચાર વર્ષ થી અંદર ૧૭૯૦ કરોડ રૂા. એ પ્રાઈઝ તરીકે આપણને મળ્યા છે. આ પણ ગુજરાત રાજ્યની આર્થિક સ્થિતિ કેટલી સદ્ધર છે એ કેન્દ્ર સરકારે આ સર્ટિફિકેટ આપ્યું છે અને એના આધારે આપણે પૈસા આપ્યા છે. આજે આપણે જોઈએ તો માનનીય રણજીતભાઈએ અને બીજા સભ્યશ્રીએ જે વાત કરી હતી કે આ ગુજરાત રાજ્યની પરિસ્થિતિ અને ગુજરાત રાજ્યની આબરૂ એવી છે કે, આપણે ગમે ત્યારે બૉન્ડ મૂકીએ એ કલાક બે કલાકમાં આપણા બૉન્ડ ભરાય જાય છે અને બીજા રાજ્યો જે બૉન્ડ મૂકે છે એ બે બે મહિના સુધી બૉન્ડ ભરાતા નથી, આના કારણે આપણો જે રેન્કીંગ છે એ પણ ઘણો ઉચ્ચો છે A++ ની અંદર લગભગ આપણે આ રૅન્ક ધરાવીએ છીએ. કોઈ કેન્દ્ર સરકારની ટીકાના આધારે નહીં પણ આપણે કહીએ કે કેન્દ્ર સરકારનો સરેરાશ દર આ છે અને રાજ્ય સરકારનો દર આ છે એ કમ્પેરીઝન કરવા માટે એક સ્ટાન્ડર્ડ લઈને જો વાત કરીએ તો બધાને એમ લાગે છે કે ગુજરાત રાજ્ય ઉપર ૮૬,૫૧૧ કરોડનું કરજ છે એ બહું વધારે કરજ છે. આ કરજ આપણે જોઈએ તો કેન્દ્ર સરકાર પાસે એની જે જવાબદારી છે એ કેન્દ્ર સરકારની જવાબદારી ૩૧,૩૬,૦૭૫ કરોડ રૂા.ની છે એટલે કેન્દ્ર સરકારનું જે આ કરજ છે એ એના જી.ડી.પી.ના પ્રમાણમાં ૫૯ ટકા રહે છે અને ગુજરાત સરકારનું ૩૧-૩-૦૯ના રોજ આપણું દેવું એ ૮૬,૫૧૧ કરોડ છે તો આપણે જી.એસ.ડી.પી.ના પ્રમાણમાં એ ૨૪ ટકા છે. કેન્દ્રનું ૫૯ ટકા આપણું ૨૪ ટકા, આને કારણે આપણને કેન્દ્ર તરફથી ક્યારેય ઠપકો મળતો નથી કે કોઈ સૂચન પણ મળતું નથી. એજ રીતે આપણે જોઈએ તો વસતિના પ્રમાણમાં જોઈએ તો ગુજરાતની વસતિ ૫ ટકા છે. ૫ ટકા એટલે એનો ૨૦મો ભાગ છે તો કેન્દ્ર સરકારના કરજના ૨૦માં ભાગ તરીકે ૫ ટકા તરીકે કહીએ તો કેન્દ્ર સરકારની સરખામણીમાં આપણું કરજ છે એ ૧ લાખ ૫૭ હજાર કરોડ હોવું જોઈએ એને બદલે આપણું કરજ છે એ ૮૬,૫૧૧ કરોડ છે. અને ગુજરાત છે એ ઔદ્યોગિક દ્રષ્ટિએ અને એગ્રિક્લ્ચર પ્રોડકિટવિટીની અંદર એક ખૂબ જ આગળ પડતું રાજ્ય હોવાથી અમે એમ સ્પષ્ટ રીતે માનીએ છીએ કે રાષ્ટ્રના વિકાસમાં ગુજરાત મેકસીમમ યોગદાન આપે છે. આપણે કેટલા રૂા. કેન્દ્રને આપીએ છીએ અને કેન્દ્ર કેટલા રૂા. આપણને આપે છે એ અત્યારે બહુ કમ્પેરીઝન નથી કરતા, ટીકાત્મક સ્વરૂપે નહીં પણ આપણે ચોક્કસ એટલું તો કહી શકીએ કે, રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાત રાજ્ય કેન્દ્રને ૪૫ હજાર કરોડ રૂા. દર વર્ષે આપે છે અને એની સામે કેન્દ્ર આપણે ૯ હજાર કરોડ રૂા. આપે છે. આ રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાત રાજ્ય આટલું યોગદાન એ રીતે આપે છે. આ છઠ્ઠા પગાર પંચની દ્રષ્ટિએ જોઈએ તો છઠ્ઠા પગાર પંચમાં કોઈને પણ અસંતોષ થયા વગર તમામ કર્મચારી અને પેન્શનરોને, હજુ બીજા રાજ્યોએ પૂરેપૂરું છઠ્ઠું પગાર પંચ સ્વીકાર્યું નથી અને જે બીજા રાજ્યોએ સ્વીકાયું છે એ આપણા કરતાં ઓછા પણ સ્વીકાર્યા છે છતાં પણ કર્મચારી સાથે બેસી સંઘર્ષ નહીં પરંતુ સમન્વયના ભાવથી છઠ્ઠા પગાર પંચની આપણે સારી રીતે અમલવારી કરી છે અને એનાથી જે આપણી માથે બોજો આવ્યો છે એ બોજો પણ આપણે સ્વીકારતા હોવા છતાં પણ આપણા ઉપર કોઈ પણ કામના ભોગે આ બોજો આપણે સ્વીકારીએ છીએ એવું નથી. આપણા તમામ પ્રગતિના કામ આ રીતે ચાલુ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વેચાણવેરાની દ્રષ્ટિએ કહું તો આપણી જે મહેસૂલી આવક છે એ મહેસૂલી આવકના પ્રમાણમાં ૪૦ ટકાથી ૪૫ ટકા સુધી સેલ્સટેક્સની આપણી આવક છે. અને આ રાજ્ય સરકારે ઔદ્યોગિક પ્રોત્સાહનની યોજનાઓનો લાભ આપી અને ઉદ્યોગોનો વિકાસ થાય, રાજ્ય સરકારને આવક ન થાય, રાજ્ય સરકારને ટેક્સ ન મળે પણ અહીંયા ઉદ્યોગો આવે અને ઉદ્યોગો આવે એટલે મની ક્રિએટ થાય, મની રોટેશનમાં આવે અને કારીગર વર્ગના અને કર્મચારી વર્ગના લોકોને રોજી-રોટી મળે, એને કામગીરી મળે એ માટે ઔદ્યોગિક વિકાસમાં  નાણા વિભાગે ખૂબ જ મદદગીરી અને કામગીરી કરી છે. બીજી વાત કરું તો હિસાબ અને તિજોરી કચેરીની જે વાત છે,  એ હિસાબ અને તિજોરી કચેરીનું પણ..

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી એમનો જવાબ પૂરો કરે અને માગણીઓ પર મતદાન પૂરું થાય ત્યાંસુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી :** સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહનું કામકાજ માનનીય નાણામંત્રીશ્રીનો જવાબ અને માગણીઓ પર મતદાન પૂરું થાય ત્યાંસુધી લંબાવવામાં આવે છે. :

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે જો જોઈએ તો આર્થિક પરિસ્થિતિમાં આપણે સમગ્ર હિંદુસ્તાનમાં ગુજરાત રાજ્ય ઊંચું માથું કરીને ચાલી શકે એવી આપણી આર્થિક પરિસ્થિતિ છે એના કારણે અહીં બેઠેલા ભારતીય જનતા પક્ષના તમામ સભ્યોએ પ્રજાને જે વિશ્વાસ આપ્યો છે એ વિશ્વાસ પ્રમાણેના તમામ કામો એ કરી બતાવે છે અને હજી પણ વધુ વિશ્વાસ આપીશું એવું કામ પણ આપણે ચોક્કસ કરી બતાવીશું, આર્થિક પરિસ્થિતિના અભાવના કારણે એક પણ કામ કોઈ અટકવાનું નથી એ નિર્વિવાદ વાત છે, માનનીય રણજીતભાઈએ વાત કરી કે વજુભાઈ છાતીવાળા છે અને કરજ કરવાની વાત છે, પરંતુ મારે કહેવાનું કે કરજ કરવું હોય તો આપણે રાજય સરકારની ઇચ્છા મુજબ કરજ નથી કરી શકતા કેટલું કરજ કરવું એની આયોજન પંચ આપણને પરવાનગી આપે છે, આયોજન પંચ પરવાનગી આપ્યા પછી આપણે જ્યારે કરજ જોઈતું હોય ત્યારે આપણે કેન્દ્ર સરકારની મંજૂરી માગીએ છીએ. કેન્દ્ર સરકાર મંજૂરી આપે ત્યારપછી રિઝર્વ બેન્ક આપણા વતી પૈસા ઉઘરાવી આપે ત્યારે જ આ પરિસ્થિતિ થઈ શકે. આપણને કોઈક એમ કહે કે ૨,૦૦૦ કરોડ રૂા. આ લો તમારે જોઈતા હોય તો લઈ જાઓ એવી રીતે આપણે લઈ નથી શકતા. આપણે હિંદુસ્તાન બહારની કોઈપણ બેન્ક કે કોઈ સંસ્થા પાસેથી કયારેય આપણે પૈસા લીધા નથી અને લેવા નથી માગતા એ લેવાની વાત હોય તો કેન્દ્ર સરકાર મારફતે આપણને પૈસા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રીઓએ નાણાં ખાતાની તમામ પૉઝિટીવ વાત કરી છે એક પણ વાતની અંદર કોઈને કોઈ પ્રશ્ન ઉદ્‌ભવ્યો નથી અને ખૂબજ સુચારુ રીતે આ વ્યવસ્થા તંત્ર ચાલે છે એમાં બધી વાત કરી છે, હવે જે હિસાબ અને તિજોરી કચેરીની વાત છે એમાં પણ પહેલાં બિલો પાસ કરવામાં વાર લાગતી હતી હવે કોઈપણ બિલ ચાર દિવસથી વધુ સમય પેન્ડીંગ રહેતું નથી, ચાર દિવસની અંદર આપણે એ બિલ મંજૂર કરી દઈએ છીએ, પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડની કચેરીની કામગીરી જોઈએ તો પહેલાં પેન્શન માટે થઈને બે બે ત્રણ વરસ સુધી સમય લાગતો હતો, હવે પેન્શનમાં જે કર્મચારી નિવૃત્ત થવાનો હોય એ રિટાયર થવાના એક વર્ષ અગાઉ પોતાના પેપર્સ એ મોકલી આપે છે અને પેપર્સ મોકલી આપ્યા પછી એમાં જેટલી ક્વેરી કરવાની હોય એટલી ક્વેરી થાય છે, ક્વેરી પતી ગયા પછી જે તે કર્મચારી નિવૃત્ત થવાનો હોય એના રિટાયર્ડ થવાના પિરિયડ પહેલાં છ મહિના અગાઉ એનું પેન્શન નક્કી થઈ જાય છે, પેન્શનનો જે ઑર્ડર હોય છે એ પણ એને મળી જાય છે કે તમારું આટલું પેન્શન નક્કી કરવામાં આવેલ છે અને આ પેન્શનમાં પણ કેન્દ્ર સરકારની જે યોજના છે એ યોજનાની અંદર જો કોઈપણ પેન્શનર્સને એડવાન્સમાં પૈસા જોઈતા હોય તો એનો સ્લેબ હોય એ પ્રમાણે એડવાન્સમાં પણ પૈસા આપીએ છીએ, કોઈ અકસ્માતમાં મૃત્યુ પામે અને એવો જે પેન્શનનો કેસ હોય તો એવા કેસનો પણ ૩૦ દિવસની અંદર એનો નિકાલ થાય છે, પેન્શન ઑફિસ પાસે ૩૦ દિવસથી વધારે સમય માટે થઈને કોઈપણ કાગળ રહેતો નથી એટલે આમ જોઈએ તો હિસાબ અને તિજોરી કચેરીની વાત હોય કે પેન્શન અને પ્રૉવિડન્ટ ફંડની કચેરીની વાત હોય કે અમારું જે સેલ્સ ટેક્સ ડિપાર્ટમૅન્ટ હોય કે નાણાં ખાતાનું તંત્ર હોય આ તમામ તંત્રની અંદર આ રાજય સરકાર પોતાની ફાઈનાન્સીયલ પોઝીશન દિવસેને દિવસે વધુ સાઉન્ડ કરતી જાય છે અને આનું એપ્રીશિએશન કેન્દ્ર સરકાર પણ આપે છે. આ દ્રષ્ટિએ માનનીય સભ્યશ્રીઓને હું કહીશ કે હું જે માગણીઓ - દરખાસ્ત લઈને આવ્યો છું એ મારી તમામ દરખાસ્તો મંજૂર કરે એવી વિનંતી.

**અધ્યક્ષશ્રી :** હવે હું માગણી ક્રમાંક-૧૫, ૧૬, ૧૭ અને ૧૮..

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો બજૅટમાં ઘણી સુંદર વાતો છે અને બજેટમાં કોઈ સવાલ નથી સારું જ છે. પણ એક મૂંઝવતો સવાલ છે કે ૨૦૦૮ અને ૨૦૦૯માં આપણું જે સુધારેલું અંદાજપત્ર છે અને એની જે રાજકોષીય અને નાણાકીય કહીએ કે રાજવીત્તીય કહીએ. તે જે ખાધ છે તે ખાધ લગભગ ૧૦,૩૬૦ કરોડ છે. જે આપણે અહીંયા આ બુક છે તે બુકમાં બતાવેલી છે. અને બીજું ૨૦૦૯ અને ૨૦૧૦માં તે ખાધ વધીને લગભગ ૧૨૧૪૮ કરોડ છે અને વત્તા આપણું જે આ છઠ્ઠું પગાર પંચ છે તે છઠ્ઠું પગાર પંચનું બર્ડન છે તે બર્ડન પણ ઘણું બધુ આવે એવું છે અને લગભગ ૨૦૦૬થી ૨૦૧૫ સુધીમાં જો બર્ડન ગણીએ

તો ૪૨૮૨૬ કરોડ તે બર્ડન થાય એવું છે. આ બધા જોખમો જોતાં આપણને એમ થાય કે આપણાં ગુજરાતનો જે વિકાસ છે તે ઝડપી વિકાસ છે અને તે વિકાસ જાળવવો હોય તો આપણે આવકના સાધનો ઉભાં કરવા પડે. તો આ માટે સરકારે આવકના સાધનો ઉભાં કરવા શું વિચાર કર્યો છે તે હું જાણવા માંગુ છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આવકના સાધનો આપણે જે કહી શકીએ કે આટલા વર્ષની અંદર આપણે પ્લાનની અંદર જે આપણી સાઈઝ હતી તે ૪૭-૪૮ કરોડની ગયા વખતે હતી આ વખતે આપણે ૧,૧૧,૧૧૧ કરોડ રૂા.ની આપણે પ્લાન સાઈઝ મૂકી છે અને આ પ્લાન સાઈઝની અંદર કામ કરવા માટે આપણે જ્યારે પૈસાની જરૂરત પડે ત્યારે આપણે તે પૈસાનું આયોજન કરીએ છીએ. દા.ત. ગયા વર્ષે આપણે જે સેલ્સટેક્ષ હતો તેના ૪ ટકાના ૫ ટકા કર્યા, સાડા બાર ટકાના પંદર ટકા કર્યા એટલે આવી રીતે જ્યારે જરૂર પડે છે ત્યારે જ નછૂટકે આપણે કરની અંદર વધારો કરીએ છીએ નહીંતર દર વખતે આપણે જે પ્રમાણે કહ્યું સ્ટેમ્પ ડ્યૂટીની અંદર રાહત, ઈલૅક્ટ્રીસીટીની અંદર રાહત પબ્લિક ફીલી પોતે કામ કરી શકે તેને બર્ડનરૂપ ન થાય એ દ્રષ્ટિએ કરીએ છીએ અને રાજકોષિય ખાધ માટે થઈને આ વખતે કેન્દ્ર સરકારે પણ આપણને કહ્યું છે કે તમારે ફિશ્કલ રિસ્પોન્સીબીલીટી એકટ છે તેની અંદર તમે સુધારો કરો. તે ત્રણ ટકા સુધી હોય તો ૩.૫ સુધી તમે તેમાં તે રીતે આગળ વધો અને તમારું રેવન્યુ ડૅફિસિટ છે તે રેવન્યુ ડૅફિસિટની અંદર પણ તમે વધારો કરી શકો તે સમસ્ત વિશ્વની મંદીના કારણે કેન્દ્ર સરકારે આપણને કાગળ લખ્યો છે. આપણે હજુ કાલ પરમ દિવસે આના માટે થઈને એકટ લાવવાનું પણ આ હાઉસની અંદર નક્કી કર્યુ છે. એટલી વાત સ્પષ્ટ છે કે હિદુસ્તાનમાં ગુજરાત રાજય ઉંચુ માથું કરીને ચાલી શકે એટલી તેની ફાયનાન્સિયલ પોઝીશન છે.

**માગણી ક્રમાંકઃ ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૯-૧૦ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૬ માગણીઓ સમાવિષ્ટ છે. આમાંથી ૫૫ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઈ છે. આથી બાકીના ૫૧ માગણીઓ પૈકી બે માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૪૯ માગણીઓ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું. જેના માગણી ક્રમાંક નીચે મુજબ છે.

**ગિલોટીન થયેલી માગણીઓ**

માગણી ક્રમાંકઃ ૧, ૩, ૭, ૧૦, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૮, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૯, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ આ માગણીઓ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી હું આપના મારફત વિનંતી કરું છું.

**માગણી ક્રમાંકઃ ૧, ૩, ૭, ૧૦, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૮, ૪૧, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨,૫૩, ૫૫, ૫૮, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૯, ૭૨, ૭૩, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી** : હવે હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ મત માટે મૂકું છું.

**માગણીઓ મત પર મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૨-૩૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૨૮જૂલાઈ-૨૦૦૯
શ્રાવણ ૬, ૧૯૩૧ શાકે
પહેલી બેઠક
સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# સરકારી વિધેયકો

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૨**

## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૦૯

**સન ૨૦૧૦ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, • રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૨, સન ૨૦૦૯ના ગુજરાત વિનિયોગ વિધેયક્ને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૨, સન ૨૦૦૯ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : હવે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. આ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૨૧ સભ્યશ્રીઓના મુદ્દા આવેલા છે. વિધાનસભાના નિયમો-૨૩૮(૩) મુજબ આ વિધેયક ઉપરની સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મુલતવી રાખવા નક્કી કરેલા સમયના એક કલાક અગાઉ પૂરી કરવાની થાય છે. પરંતુ આજે અન્ય સરકારી વિધેયકો પણ હાથ ધરવાના હોઈ, નિયમ ૨૩૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નિયમ-૨૩૮(૩)માં છૂટછાટ મૂકી આ વિનિયોગ વિધેયકની ચર્ચા અને મતદાન માટેનો સમય સવારના ૯-૧૫ વાગ્યા સુધીનો હું ઠેરવું છું. તદ્અનુસાર તેના મુદ્દાઓ ઉપરની ચર્ચાઓ સમાપ્ત થયા બાદ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિનિયોગ વિધેયક છે તેની આ હાઉસમાં ૧૨ દિવસ સુધી દરેક ડિપાર્ટમૅન્ટમાં જુદી જુદી ચર્ચાઓ થઈ છે અને ચર્ચાના અંતે જે માગણીઓ મંજૂર થઈ છે એ જ માગણીઓનું આ એપ્રોપ્રિએશન બિલ છે. એટલે આમાં વિશેષ કંઈ કહેવાનું નથી. હાઉસે મંજૂર કરેલી માગણી અને તેનું સંયુક્ત રીતે કલેકશન કરી અને આ ખર્ચ કરવા માટેની હું આ વિધાનસભાના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે મારું આ બિલ છે તે મંજૂર રાખે.

• વિધેયક તા. ૨૭મી જૂલાઈ, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**સચિવશ્રી :** વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં જે સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા છે તે વિરોધપક્ષના છે. કુલ ૨૧ સભ્યોમાંથી કોઈ પણ સભ્ય હાજર નથી. એટલે મુદ્દાઓ રજૂ થઈ શકશે નહીં, એટલે વિધેયક સીધું જ મત ઉપર મૂકવામાં આવશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૨નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘાસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૨નું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૨૨નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭**

# ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૦૯

## ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી જયનારાયણ વ્યાસ ( પ્રસારણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં *અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭ સન ૨૦૦૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૧૭ સન ૨૦૦૯નું ગુજરાત મનોરંજન કર અધિનિયમ,૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધેયક જે હેતુથી લાવવામાં આવ્યું છે એની વિગતો અને ઉદ્દેશ તથા સ્પષ્ટતા માનનીય નાણા મંત્રીશ્રીએ આ રાજયનું ચાલુ વર્ષ માટેનું બજૅટ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરતી વખતે કરી છે. કોઈપણ રાજયની વ્યવસ્થાપન વ્યવસ્થા એ હંમેશાં સમયની સાથે ચાલતી વ્યવસ્થા હોવી જોઈએ અને જે પ્રમાણે એમાં ફેરફારો આવે તે પ્રમાણે રાજયની વ્યવસ્થા પણ ગતિશીલ રહે અને એ ફેરફારોને અનુકૂળ થવાની અને એ ફેરફારોને આત્મસાત કરીને ચાલવાની વૃત્તિ ધરાવતી હોવી જોઈએ. ટૅક્નૉલૉજી એ આ જમાનનું એક મુખ્ય પરિબળ છે, ચાલક બળ છે. એક જમાનો હતો કે, જ્યારે મનોરંજન માટેના સાધનો મર્યાદિત હતા. એ જમાનામાં મહદઅંશે મનોરંજન માટે ચલચિત્રો હતા એ ચલચિત્રો પ્રદર્શિત થતા હતા એ થિયેટરો ઉપર

* વિધેયક તા.૧૬મી જુલાઈ ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મનોરંજન કર નાખી અને રાજય સરકાર મનોરંજન કરમાંથી પોતાની તિજોરી માટે નાણા મેળવતી હતી. એના વખતના મલ્ટી ચેનલ સાથે ટી.વી. આવ્યા અને ટી.વી.માં પ્રસારણ એ ઉપગ્રહ થકી થવા માંડ્યું ત્યારે શરૂઆતમાં આ ટૅક્નૉલૉજીએ મલ્ટી યુઝર ટૅક્નૉલૉજી નહોતી અને એક ટી.વી. સેટ હોય તો જે તે વ્યકિત જ જોઈ શકતી હતી. ત્યાર પછી એક તબક્કો એવો આવ્યો કે ડીશ એન્ટેના નાખીને જે તે ચેનલ ડીશ એન્ટેના થકી ચેનલ પકડી પોતાના ગ્રાહકો માટે કેબલ થકી ડીશ એન્ટેનાના માધ્યમથી જુદી જુદી ચેનલો ગ્રાહકોને બતાવી. ટી.વી. કેબલ નૅટવર્કનો આરંભ થયો. આજે આપણા રાજયમાં લગભગ ૧૦.૩૦ લાખ કેબલ કનૅક્શન છે. જિલ્લાવાર કહું તો જામનગરમાં ૬૨૨૫૦, રાજકોટમાં ૧,૦૦,૪૫૦, સુરેન્દ્રનગરમાં..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી યાદી ઘણી લાંબી હશે, ટોટલ આપી દીધા છે. બીજી હોય તો ટેબલ ઉપર મૂકજો. ૨૫ જિલ્લાની વાંચશો તો સમય જશે. જેટલી લાવ્યા છો એટલી આપજો. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ લાખ જેટલા ચાલે છે. કેબલ કનૅક્શન છે એની સામે નવી ટૅક્નૉલૉજી આવી ડીઝીટલ ટૅક્નૉલૉજીથી ડીશ ટી.વી.ના માધ્યમથી જે ડાયરૅક્ટ ટુ હોમ ડી.ટી.એચ. કહીએ છીએ એ સીધું સેટેલાઈટથી પોતાના ઘેર ટી.વી. જોઈ શકાય છે. કેબલ વગર સ્પષ્ટ રીતે અને ગુણવત્તાની દૃષ્ટિએ સારું પ્રસારણ પ્રાપ્ત થઈ શકે એ પ્રકારની વ્યવસ્થા અસ્તિત્વમાં આવી છે. હવે પરિસ્થિતિ એ થાય છે માનનીય અધ્યક્ષશ્રી કે કેબલ ઉપર આપણે મનોરંજન કર નાખ્યો છે અને માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું હતું એ મુજબ મહદ્ અંશે કેબલ ટી.વી.નો ઉપયોગ કરનાર સમાજનો સામાન્ય વર્ગ ઓછી આવક ધરાવતો વર્ગ જે પોતે સામાન્ય રીતે આ રીતે પોતાના વ્યકિતગત સાધનોનો ના ઉપયોગ કરી શકે તે પ્રકારનો વર્ગ છે જ્યારે ડીશ ટી.વી.ના માધ્યમથી આ સવલત મેળવનાર વર્ગ પ્રમાણમાં સંપન્ન અને કેબલ ટી.વી.ના માધ્યમથી જે માણસ મનોરંજન મેળવે છે તેમના કરતાં વધુ સારી નાણાકીય સ્થિતિ ધરાવતો વર્ગ છે. આ પરિસ્થિતિમાં અને આવનાર સમયમાં ડીશ ટી.વી. અને ડીશ એન્ટેનાની સામે જે ડી.ટી.એચ. કહે છે એની સંખ્યા વધતી જવાની છે. અત્યારે અંદાજે લગભગ ત્રણ લાખ જેટલા ડી.ટી.એચ. ધારકો છે એ જોતાં એક મનોરંજનનો એક જ વસ્તુ કેબલના માધ્યમથી મેળવાય. એ જ વસ્તુ વધારે સારી રીતે ડી.ટી.એચ.ના માધ્યમથી મેળવાય તો રાજય સરકારને એવું લાગે છે કે જે પ્રમાણમાં સંપન્ન વર્ગ છે એના ઉપર પણ કંઈક ભારણ પડવું જોઈએ. માનનીય નાણામંત્રીશ્રીએ એ રીતે ૩૦ જૂન ૨૦૦૯ના રોજ સને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષના અંદાજપત્ર પ્રવચનમાં ડાયરેકટ ટુ હોમ ઉપર પ્રત્યેક કનેકશન દીઠ વાર્ષિક રૂા. ૨૦૦ મનોરંજન કર લેવા માટે દરખાસ્ત કરેલી છે. અને એના સંદર્ભમાં કેટલીક જોગવાઈઓ કરવા માટેનું ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭માં અધિનિયમની કલમની વ્યાખ્યા- ૨ અંગે ડાયરેકટ ટુ હોમ બ્રોડ કાસ્ટીંગ સર્વિસની વ્યાખ્યા અંગેની જોગવાઈ, મનોરંજનમાં ડાયરેકટ ટુ હોમ બ્રોડ કાસ્ટીંગ સર્વિસનો ઉમેરો કરવો, દાખલ કરવા માટે આપવાની રકમમાં ડાયરેકટ ટુ હોમ ડી.ટી.એચ. બ્રોડકાસ્ટીંગ સર્વિસમાં આપવાનો રકમ માટેનો સમાવેશ કરવો. મનોરંજન સ્થળમાં મનોરંજન પૂરું પાડતી ડી.ટી.એચ. સહિતની સેવાઓમાં જોગવાઈ, મનોરંજન સંબંધમાં માલિકમાં ભારત સરકારનું ડાયરેકટ ટુ હોમ બ્રોડકાસ્ટીંગ સર્વિસ માટેનું લાયસન્સ ધરાવતી રજીસ્ટર્ડ કંપની અને સેટ ટોપ બોકસની વ્યાખ્યા ઉમેરવી. અધિનિયમમાં નવી કલમ-૬ ઈ દાખલ કરીને ડાયરેકટ ટુ હોમ ડી.ટી.એચ. સર્વિસ ઉપર ટેલીવીઝન સેટ દીઠ વાર્ષિક રૂા. ૨૦૦ મનોરંજન કર લેવાની જોગવાઈ અંગેનું વિધેયક લઈને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. ડાયરૅક્ટ ટુ હોમ સર્વિસ પૂરી પાડી હોય તેવા માલિક પાસેથી પ્રત્યેક ટૅલિવિઝન સીટ ઉપર વાર્ષિક રૂા. ૨૦૦ના મનોરંજન કર વસૂલ

કરવા માટે ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭માં ઉપર મુજબની સૂચિત જોગવાઈઓ કરવાના ઉદ્દેશથી ગુજરાત મનોરંજન કર સુધારા વિધેયક લાવવામાં આવેલ છે. આ વિધેયકની પ્રથમ વાંચન ઉપરની ચર્ચા પૂરી કરતા પહેલા હું આ સન્માનનીય ગૃહના ધ્યાન પર મૂકવા માગીશ કે રાજયમાં હાલ અંદાજીત ૩ લાખ ડી.ટી.એચ. કનેકશનો છે. મહારાષ્ટ્ર રાજયમાં ડી.ટી.એચ. પર મનોરંજન કર લેવામાં આવે છે જેના દર નીચે મુજબ છે. મહાનગર પાલિકા અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં પ્રત્યેક ટૅલિવિઝન સેટ દીઠ માસિક મનોરંજન કર ૪૫ લેવામાં આવે છે. નગરપાલિકામાં ૩૦ લેવામાં આવે છે. અન્ય ૧૫ લેવામાં આવે છે. આસામ રાજયમાં ડી.ટી.એચ. જોડાણ દીઠ માસિક રૂા. ૨૫ મનોરંજન કર લેવામાં આવે છે તેમજ હોટલોમાં ડી.ટી.એચ. જોડાણો ઉપર જોડાણ દીઠ માસિક રૂા. ૫૦ મનોરંજન કર લેવામાં આવે છે. આની સરખામણીમાં આપણે ટૅલિવિઝન દીઠ જે ૨૦૦ રૂપિયાની વાર્ષિક કરની જોગવાઈની જે વાત કરીએ છીએ એ પ્રત્યેક ડી.ટી.એચ. જોડાણ ઉપર મનોરંજન કર લાદીએ તો માસિક અંદાજે રૂા. ૧૭નું કરવેરાનું ભારણ થાય. જે ઘણું જ ઓછું અને વ્યાજબી છે એ જોતા આ બિલ મંજૂર કરવા માટેની હું સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧૭-સન ૨૦૦૯નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૮, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકિંટગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૯ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૯ના ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮.

## ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૦૯

### ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૯ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૯ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

---

* વિધેયક તા.૧૬મી જૂલાઈ, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વેટના કાયદાની અંદર જે થોડા સુધારા લઈને આવી રહ્યા છીએ અને એની અંદર થોડી એડમિનિસ્ટ્રેટીવ પ્રક્રિયામાં સરળતા થાય અને વેપારીઓને લાભ થાય એવા સુધારા થાય તે અંગેનું બિલ હું આ સભાગૃહ સમક્ષ લાવ્યો છું. વેટના કાયદામાં રિટર્ન ફાઈલ કરવાનું હોય છે. વેપારીઓ ઘણી વખત આ રિટર્ન લેટ ફાઈલ કરતા હોય છે. હવે અત્યારે વેટમાં જે જોગવાઈ છે એની અંદર પેનલ્ટી માત્ર રૂપિયા ૧૦૦ પ્રતિ માસ છે. રૂપિયા ૧૦૦ ની રકમ નાની હોવાના કારણે ઘણી વખત વેપારીઓ મહિનાઓ સુધી રિટર્ન ફાઈલ કરતા નથી અને ૧૦૦-૧૦૦ રૂપિયાની પેનલ્ટી દર મહિને ચૂકવી દે છે. આના કારણે એવું બને છે કે વેટમાં જ્યારે બે ડીલરો માલ વેચતા હોય અને ક્રોસ વેરીફિકેશન કરવાનું હોય, આઈ.ટી.સી. કલેઈમ આપવાના હોય ત્યારે વિભાગને ખૂબ મોટી તકલીફ પડતી હોય છે. દરેક વ્યક્તિ સમયસર રિટર્ન ફાઈલ કરે એ જોવાની જવાબદારી પણ વિભાગની હોય છે. એટલે સુધારો એ કરવામાં આવ્યો છે કે પેનલ્ટીના દર જે રૂપિયા ૧૦૦ પ્રતિ માસ હતા એની અંદર એક ક્લોઝમાં સુધારો કરી Maximum not exceeding rupees ten thousand કરવામાં આવ્યા છે. એટલે આ ૧૦,૦૦૦ ની સત્તા લીધી છે. આવતા દિવસોમાં રૂલ્સમાં જોગવાઈ કરી વેપારીઓનું સેલ્સનું પ્રમાણ હોય, એનું ડીલે કરવાનું કારણ હોય એ પ્રમાણે જુદા જુદા સ્થળે જુદી જુદી પેનલ્ટી લાગે એ પ્રમાણે રૂલ્સમાં સુધારા કરીશું. બીજા રાજ્યોમાં પેનલ્ટીનું પ્રમાણ ગુજરાત કરતાં વધારે છે. બીજાના કાયદાઓમાંથી આપણે માર્ગદર્શન લીધું છે. મહારાષ્ટ્રની અંદર પણ પાંચથી દસ હજાર છે. રાજસ્થાનમાં બે હજાર છે પરંતુ ટેક્સ કેટલો ભરે છે એની સાથે જોડાણ પણ કર્યું છે. એટલે ૧૦ ટકા ટેક્સ પેએબલ જુદા રાખેલ છે. દિલ્હીમાં એક હજાર રૂપિયા પ્રતિ દિવસ છે અને ૧૦ હજારથી વધારે નહીં. એ જ પ્રમાણે આંધ્રપ્રદેશ વગેરે વિસ્તારોમાં એમની ટેક્સની પેનલ્ટી કેટલી છે એ જોઈને આપણે ટેક્સમાં સુધારાનું સૂચન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેકશન ૩૪ ની અંદર આપણે પેનલ્ટી લઈએ છીએ. કાયદાની અંદર પેનલ્ટી એવી કરી છે one and a half times of audit assessment એટલે એનો અર્થ એ થાય કે ૧૫૦ ટકા પેનલ્ટી લેવામાં આવે છે. હવે આ ૧૫૦ ટકા પેનલ્ટી કોઈ પણ ગુનો કર્યો હોય એમાં લેવામાં આવે છે. એટલે નાનો ગુનો કર્યો હોય incomplete return ભર્યું હોય, પૂરું ના ભર્યું હોય, calculation mistakes પણ કરી હોય કે જાણી જોઈને tax evation કર્યુ હોય એટલે નાનો ગુનો હોય કે મોટો ગુનો હોય આ દરેકની અંદર ૧૫૦ ટકા પેનલ્ટી લેવામાં આવે છે એટલે એ પ્રમાણે થોડો અન્યાય લાગ્યો છે એટલે હવે આપણે આની અંદર જે પહેલા ખાતરી આપી હતી કે નાના offence જેને intentionally tax evasion નહિ કર્યુ હોય એ લોકોને ઓછો ટેક્સ લગાવવામાં આવશે. એ પ્રમાણે હવે બહુ clear guidelines રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે કે કયા ગુનામાં કેટલા ટકા પેનલ્ટી. એટલે નાનો ગુનો હોય તો નાની પેનલ્ટી, મોટો ગુનો હોય તો મોટી પેનલ્ટી એ પ્રમાણે આપણે સુધારો આની અંદર લાવવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સેકસન ૫૯(બી) ની અંદર આપણે TDS માં થોડી વધારાની જોગવાઈ કરી છે. આજની તારીખમાં આ કોન્ટ્રાકટરની જવાબદારી છે. TDS deduct કરવાની. જ્યારે વકર્સ કોન્ટ્રાકટ આપે ત્યારે અને પેમેન્ટ કોન્ટ્રાકટરને આપતા હોય છે ત્યારે અને આ જે કપાયેલો TDS Government Treasury માં સમયસર ભરવો પડતો હોય છે. આજની તારીખમાં TDS જ્યારે કપાય છે ત્યારે કોન્ટ્રાકટર કે કોઈ પાસેથી રાજ્ય

સરકારને માહિતી મળતી નથી. એટલે આના માટે હવે આપણે આ લોકોને રજિસ્ટ્રેશન લેવું અને periodic declaration TDS બાબતમાં વિભાગને કરે એ પ્રમાણેની વ્યવસ્થા આ સેકસન દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્કમ ટેક્સથી માંડીને દરેક કાયદાની અંદર આ હાલની અંદર જોગવાઈ છે એ પ્રમાણે જ આપણે એમના કાયદા પ્રમાણે અને એમનું સરળતાથી TDS કપાય અને માહિતી મળે છે એ પ્રમાણે આપણે જોગવાઈ કરી છે. વેપારીઓની ઘણી બધી રજૂઆતો આવતી હતી કે ભાઈ ઓડિટ રિપોર્ટમાં સમય વધારે કરી આપો. ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ ની વચ્ચે આપણે administrative નિર્ણય લઈ અને લોકોને સમય વધારી આપ્યો હતો. હવે એ લોકોને આ ઓડિટ રિપોર્ટ ડિલર્સને ભરવાના હોય છે જ્યારે એમનું ટર્ન ઓવર એક કરોડથી વધારે હોય અને ટેક્સેબલ ટર્ન ઓવર ૨૦ લાખથી વધારે હોય આવા સંજોગોની અંદર આપણે આજની તારીખમાં જે ૬ મહિનાનો સમય છે એ વધારીને ૯ મહિના કરી આપીએ છીએ, જેથી એમને સમય ૩ મહિના વધારે મળે અને એમની જે અત્યારે તકલીફો છે એ તકલીફો પણ દૂર થાય.

માનનીય અધ્યક્ષશ્રી, શેડ્યુલ-૨ ની અંદર આપણે items માં deletion કરીએ છીએ. બ્રાશ પાર્ટસની અંદર અત્યારે આપણે બ્રાશ પાર્ટસમાં જ્યારે આપણે ૪ ટકા હાર્ડવેર માટે આપ્યું હતું ત્યારે machines and electrical goods and appliances ધ્યાનમાં રાખીને આપ્યું હતું. પરંતુ ઘણાં બધા કન્ઝયુમર્સ ગુડસ અને ઘણાં બધા હાર્ડવેર એ કન્ઝયુમર્સ ગુડસને ફીનીશ પ્રોડકટસ તરીકે આપણે એ લોકો ટેબ્સ હોય, બાથરૂમ ફિટીંગ્સ હોય આ બધાનો આપણે ૧૨.૫ ટકા ટેક્સ લઈએ છીએ. હાર્ડવેરની અંદર પણ સ્ટોપર હોય, hinges હોય, ડોર કલોઝર્સ હોય અને આર્યન એન્ડ સ્ટીલના હોય તો આપણે ૧૨.૫ ટકા લઈએ છીએ. પરંતુ બ્રાશ પાટર્સના નામે પણ આ બધાને એ લોકો ૪ ટકામાં મૂકતા હતા અને એના કારણે ઘણો બધો રેવન્યુમાં ફરક પડતો હતો. એટલે આપણે આ આઈટમ આપણે ડિલિટ કરી છે અને બ્રાશ પાટર્સ used in machines, electrical equipments and appliances will be continued to be taxed અને એનું નોટિફિકેશન આપણે separately આપીશું. એટલે આ પ્રમાણે ટેક્સની જે બ્રાશ પાર્ટસમાં જે ટેક્સનું evasion ચાલતું હતું એ રોકાવા માટે આપણે એન્ટ્રી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતથી એન્ટ્રી of chemicals એમાં એન્ટ્રી સીમ્પલ હતી કે all chemicals will be taxed @ ૪ per cent હવે મોટાભાગના કેમિકલ્સ industrial inputs ની અંદર covered છે અને industrial inputs ની અંદર જેટલા કેમિકલ્સ છે એ બધા ૪ ટકા લેવાય છે. હવે ઘણી વખતે કેમિકલ્સના નામે products like wall પટ્ટી છે, bonding cement છે, tiles fixtures આ બધા જ મટિરિયલ્સ એ લોકો ૪ ટકા ટેક્સની અંદર એ લોકોને દરવાજો મળતો હતો. કે ભાઈ આની અંદર આપણે ૪ ટકા લઈએ. એટલે ઘણી વખત ડિર્ટજન્ટ પાવડર પણ આપણે ડિર્ટજન્ટ પાવડરને ૧૨.૫ ટકા ગણીને કરતા હોઈએ પરંતુ કેમિકલ્સ તરીકે ગણીને એને પણ ૪ ટકા તરીકે ગણવામાં આવે તો રાજ્ય સરકારને ઘણું બધું નુકસાન થાય. એટલે આપણે કેમિકલ્સની એન્ટ્રી ડિલિટ કરી છે. મોટાભાગના કેમિકલ્સ industrial rawmaterials માં ૪ ટકામાં આવે છે અને આવતા દિવસોની અંદર જે કેમિકલ્સ કદાચ રહી ગયા હોય અને ઇન્ડસ્ટ્રીયલ રો-મટિરિયલ તરીકે એને ગણવામાં આવશે તો એનું અલગથી નોટિફિકેશન કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે એન્ટ્રી ૨૮(એ)માં ડ્રગ્સ એન્ડ મેડિસિન્સ, ડ્રગ્સ એન્ડ મેડિસિન્સ, અત્યારે ૪ ટકામાં આપણે એમને ગણતા હતા, આની અંદર ઘણી વખતે ટોયલેટ પ્રિપેરેસન્સ, ટૂથપેસ્ટ, ટૂથ પાવડર, હેર ઑઈલ અને શોપ્સ આ ડ્રગ્સ એન્ડ મેડિસિન્સમાં ગણાતા નથી પરંતુ એ લોકોના માર્કેટીંગની અંદર નાના ફેરફારો કરી અને એની અંદર જે એની

બૉટલ ઉપર કે કોઈક જાતનું એ લોકો માર્કેટીંગ ટૅક્નીક વાપરી અને એને ડ્રગ્સમાં, ઘણી વખતે એ લોકો કન્વર્ટ કરતા હોય છે કે, મૅડિસિન્સમાં કન્વર્ટ કરતા હોય છે અને એવી જ રીતે food and dietaries ની અંદર પણ વિટામિન્સ હોય પ્રોટિન હોય આ બધાને એવી રીતે માર્કેટીંગ ટૅક્નીક વાપરીને ૪ ટકાની અંદર એ લોકો કન્વર્ટ કરવાની કોશિશ કરતા હોય છે એટલે આપણે આવી બધી પ્રોડક્ટોને ડ્રગ્સ એન્ડ મેડિસિન્સમાં જે નવું પ્રોવિઝન કરીએ છીએ એની અંદર આપણે આ Cosmetics and toilet preparations are excluded specifically. એ ટાઈપનું આપણે આ પ્રોવિઝન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે એમેન્ટડમેન્ટ  ઈન એન્ટ્રી ૪૫ જે આઈ.ટી. પ્રોડકટસની એન્ટ્રી છે અને એમાં બધી જ આઈ.ટી. પ્રોડક્ટસને આપણે ૪ ટકામાં લેતા હતા. હવે આપણે નક્કી કર્યુ છે કે, ઘણી વખતે wrong classificatio of IT માં શક્યતા ઊભી થાય છે એટલે list of IT products will be published by notification અને એમાં goods will be very clearly defined which are the IT products. અને એને ૪ ટકામાં આપણે લઈએ એટલે કન્ઝયુમર પ્રોડકટસ, મોટા ટી.વી. હોય, ઈલૅક્ટ્રિકલ અને ઇલૅક્ટ્રોનિક્સ ઈકવીપમેન્ટસ હોય એ ફિનિશ પ્રોડકટસ તરીકે કન્ઝયુમર પ્રોડકટસના આઈ.ટી. તરીકે ગણીને ૪ ટકામાં એનો સમાવેશ કરવામાં ન આવે એના કારણે આપણે આનું સ્પેસિફિકેશન જુદું પાડશું અને બહુ જ ખુલાસો કરીને આઈ.ટી. પ્રોડકટસ અમે જાહેર કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે એન્ટ્રી ૬૧માં રિન્યુએબલ ડિવાઈસને આપણે ૪ ટકા આપીએ છીએ, બૅટરી ઑપરેટેડ વેહીકલ એ ડિવાઈસ નથી અને એ વીચ કેન નોટ રિન્યુ ધ એનર્જી માનનીય અધ્યક્ષશ્રી, એટલે બૅટરી ઑપરેટેડ વેહીકલ એ બીજા વાહનો જેવું જ વાહન છે અને વાહનોની અંદર આપણે ૧૨.૫ ટકા ટેક્સ રાખીએ છીએ એટલે આપણે નવું પ્રોવિઝન કર્યુ છે કે, Battery operated vehicles cannot be included in this entry. અને એ આપણે થોડું સ્પેસિફાય કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શેડયુલ-૩ની અંદર મોટર સ્પિરિટની અંદર આપણે અત્યારે નેચરલ ગેસ અને એલ.પી.જી.નો સમાવેશ થાય છે. આ માયનર ટૅક્નીકલ ચેઈન્જ કરવા માગીએ છીએ. મીસ-કલાસીફીકેશન ન થાય અને નેચરલ ગેસની આપણી એન્ટ્રી ૧૨.૫ ટકામાં સેપરેટ છે  એટલે સુધારો કરી નેચરલ ગેસ અને એલ.પી.જી. જે અત્યારે ૧૨.૫ ટકા અને એલ.પી.જી. ફૉર ડોમેસ્ટીક યુઝ જે અત્યારે ફ્રી છે એનો આપણે આની અંદરથી બાકાત કરીએ છીએ આટલો સુધારો લાવ્યો છું માનનીય અધ્યક્ષશ્રી,.

**અધ્યક્ષશ્રી** : કોઈ ચર્ચામાં ભાગ લેવા તૈયાર નથી ? હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ પ્રસ્તાવ એ છે કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૮, સન ૨૦૦૯ના....

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : (બેઠા બેઠા ) એક સભ્ય બોલશે

**અધ્યક્ષશ્રી** : હા, તો મેં કયાં ના પાડી છે, હાથ ઊંચો કરે એટલે, અનિલભાઈ. ભરતભાઈ નથી, પ્રાગજીભાઈ, જે સભ્યોએ ચર્ચામાં ભાગ લેવાનો હોય તેમને માટે મેં સમય આપ્યો છે.  કોઈ ના ઉભા થાય તો હું શું કરું? રણજીતભાઈ.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી આમ તો માનનીય મંત્રીશ્રીએ આ વેટમાં જે સુધારા લાવવામાં આવી રહ્યા છે તે અંગે ખૂબ સરળતાથી, ખૂબ સાચી માહિતીઓ આ સભાગૃહમાં મૂકી છે.

**અધ્યક્ષશ્રી** : આપણે એક પ્રણાલિકા રાખીશું કે, જે સભ્યશ્રી બીલ ઉપર ચર્ચામાં બોલે એ બીલની જોગવાઈઓ અને એના ઉપર જ બોલે, બીલ સિવાયની જાહેર વાતો જે છે અથવા બહુ વિસ્તૃત વાતો છે એ ન બોલે અને બીલને અનુરૂપ સંબંધિત જેટલી વિગતો છે એ બધી જ ચર્ચાઓમાં ભાગ લે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા(સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બીલ ઉપર જ વાત કરીશ.

**અધ્યક્ષશ્રી** : હું ના નથી પાડતો મેં તો જાહેર વાત કરી છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, વાત પૂરી કરવા માટેનો મને સમય આપવામાં આવે એટલી મારી વિનંતી છે. રાજયની કુલ જે ટેકસની આવક છે તેનો મોટો હિસ્સો ટેકસમાંથી આપણે મેળવતા આવ્યા છીએ. ૨૦૦૯-૧૦નો જે અંદાજ છે તે રૂપિયા ૧૮૨૧૫કરોડનો અંદાજ છે. તેની સામે વેટ લગભગ ૫૭.૭૦ જેટલો થવા જાય છે એટલે આ કાયદા હેઠળ આવરી લેવાયેલા વેપારીઓ, ધંધાર્થીઓને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે સરકાર હંમેશા સહાનુભૂતિપૂર્વકનું વર્તન દાખવતી આવી છે. આમછતાં વખત જતાં પ્રેકટીકલી વેપારીઓ અને ધંધાર્થીઓ તરફથી સરકારને કેટલાક નવા પ્રશ્નો કે વહિવટી મુશ્કેલીઓ જણાય છે ત્યારે સરકાર સમક્ષ તે લોકો અવારનવાર રજૂઆત કરવા આવતા હોય છે ત્યારે રાજય સરકારે મહેસૂલી હિતોના રક્ષણ માટે કેટલીક સ્પષ્ટતાઓ કરવાની રહે છે એટલે જ આ વેટમાં જે સુધારો લાવવામાં આવ્યો છે એ આના સંદર્ભમાં લાવવામાં આવ્યો છે. કાયદાની કલમ-૨૯ ની પેટા કલમ- ૧ થી ૪માં નિર્ધારિત તારીખની અંદર ડિલરે એના રિટર્ન ભરવા પડતા હોય છે અથવા તો એને જો કોઈ નોટિસ પાઠવવામાં આવી હોય તો એ નોટિસનો જવાબ એણે નિર્ધારિત સમયની અંદર આપવાનો હોય છે પરંતુ કેટલાક ડીલરો આ નિર્ધારિત તારીખમાં એના ભરવાના થતા પત્રો કે એના જવાબો આપવામાં એક યા બીજા કારણે કસુર કરતા હોય છે. નોંધાયેલા ડીલરો સમયસર તેના પત્રકો રજૂ કરતા રહે એવી સરકારની લાગણી રહી છે એટલે દંડની રકમમાં વધારો કરી પત્રકો રજૂ કરવામાં કસુરને ઘટાડવાના ઉદ્દેશ સાથે કલમ-૨૯(૫)માં દંડની રકમમાં સુધારો કરી પત્રકો કે જવાબોમાં સમયમર્યાદાનું પાલન થાય એ હેતુ માટે આ સુધારો લાવવામાં આવ્યો છે એ ખૂબ જ આવકારદાયક છે પણ સાથેસાથે માનનીય મંત્રીશ્રીને હું એટલું સૂચન કરવા માગું છું કે સાહેબ, આમાં જે દંડની રકમ રૂપિયા દસ હજારથી વધુ નહીં એ જોગવાઈ છે તો આ દસ હજારની રકમમાં ઘટાડો કરવામાં આવે એવી મારી લાગણી છે. કાયદાની કલમ -૩૪ (૭)માં ઈકવલ ટુ શબ્દ છે તેની જગ્યાએ એકસીડીંગ શબ્દ મૂકવા માટેનો પણ સુધારો લાવાવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીએ કહયું તે પ્રમાણે કાયદાની કલમ- ૩૪(૭)માં કેટલીક જોગવાઈ છે તે પ્રમાણે કમિશ્નરને એવું લાગે કે વેપારીએ વેરા ચુકવણી ટાળવા કે છટકવા to evade or to avoid હોય એક તો એના પત્રકો સમયસર ભર્યા ન હોય અથવા સેલ્ફ એસેસમેન્ટ જે કરવાનું હોય તે કર્યું ન હોય, કોઈ મુદત માટે અધુરા રિટર્ન ભર્યા હોય કે ખોટા રિટર્ન ભર્યા હોય, ખોટી ટેકસ સ્ટડીડ લીધી હોય એવી હિસાબી પદ્ધતિ રાખી હોય કે જેને કારણે એના વેરા આકારવામાં તકલીફ પડતી હોય, આકારી શકાય તેમ ન હોય અને ખોટી અથવા સાચી ન હોય એવી આકારણી પાડેલ હોય તો તેવા વેપારીને સુનાવણીની વ્યાજબી તક આપીને એવું ફરમાવી શકાશે કે આકારાયેલ વેરાના દોઢ ગણા જેટલી વધે નહીં તેટલી રકમ દંડની રૂએ ભરવાની રહેશે. આ સુધારાને કારણે જે પાંચ સેકશન છે તે પાંચેપાંચ સેકશન માટે એકસરખો જે વેરો લાગતો હતો એના બદલે આ પાંચેપાંચ કસુર માટે કસુરની ગંભીરતા જોતાં એને જુદો જુદો ગંભીરતા પ્રમાણેનો વેરો લાગે એ પ્રમાણે આમાં સુધારો મૂકવામાં આવ્યો છે આ જોગવાઈને હું અનુમોદન આપું છું. ડિડકશન એકાઉન્ટ નંબર માટેની જોગવાઈ છે જે ટી.ડી.એસ. કેટલાક કેસમાં

ટી.ડી.એસ. કાપવામાં આવતો હોય છે એ ટી.ડી.એસ. કાપવાવાળા ડીલરોએ પણ પોતાનો ટી.ડી.એસ. નંબર લેવો જોઈએ એ પ્રમાણેની જોગવાઈ છે તેને પણ હું આવકારું છું. એક કરોડ કરતાં વધુ રકમનું ટર્નઓવર હોય તેમાં ઓડિટ માટેની જોગવાઈ હતી. નજીકના ભૂતકાળમાં સરકારશ્રીએ એક કરોડ રૂપિયાથી વધુ ટર્ન ઓવર પરંતુ આ ટર્નઓવરની અંદર જે વેરા પત્રક જો ૨૦ લાખથી વધે તો તેવા કિસ્સામાં ટેકસ ઓડિટ રિપોર્ટ મૂકવા માટેની જવાબદારી હતી. છ મહિનામાંથી એ સુધારીને નવ મહિના માટે કરવાનો જે સુધારો આવ્યો છે તેને પણ હું અનુમોદન આપું છું. શિડયુલ-૨ની આઈટમો કે એન્ટ્રી સિરિયલ નંબર -૯ અને ૧૮ને ડ્રોપ કરવામાં આવે છે. એન્ટ્રી સિરિયલ નંબર-૨૮માં સબ એન્ટ્રી ૧ને બદલવાની જોગવાઈ છે જેમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ઔષધ સહિતની દવા અને રસીમાંથી ખોરાક અને પુરક આહાર અને સૌંદર્ય અને પ્રસાધનની બનાવટો બાકાત કરવામાં આવનાર છે.તેની ચોખવટ કરવામાં આવી છે. સિરિયલ નં. ૪૫ માં જે આઈ.ટી.ની આઈટમ મૂકવામાં આવી છે. તે આઈ.ટી.ની આઈટમો હવેથી સરકાર સ્પેશ્યલ નોટિફિકેશન દ્વારા તેની આઈટમો નિર્દેશ કરવામાં આવશે, તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સિરિયલ-૬૧ માં બેટરી સંચાલિત વાહનો અને સાધન સામગ્રીને આ લો હેઠળ આવરી લેવામાં આવેલ નથી. એવી જોગવાઈ છે અને છેલ્લે શિડ્યુલ-૩ એન્ટ્રી-૬ માં જે મોટર સ્પિરિટનો પ્રકાર છે એની આગળ " કુદરતી ગેસ અને લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ સિવાયનો" એ શબ્દ મૂકીને ચોખવટ કરવામાં આવી છે. શિડ્યુલ-૨ ની એન્ટ્રી ૮૭ માં "આ આઈટમ કવર થઈ હોય" આ પ્રમાણેનો સુધારો આવકાર દાયક છે. હું મંત્રીશ્રી જે સુધારા બિલ લઈને આવ્યા છે, તેને હું મારું અનુમોદન આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૯નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૭, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૯નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૦૯નું ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪

## મુંબઈ નશાબંધી(ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૦૯

### મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૯નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક હું આપની અનુમતિથી દાખલ કરું છું.

* વિધેયક તા.૧૫મી જુલાઈ ૨૦૦૯ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૯નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સુધારા વિધેયક દ્વારા આ ગૃહ સમક્ષ હું રાજ્યના નશાબંધી ધારાની અંદર કેટલાક સુધારા કરવાની દરખાસ્ત લઈને ઉપસ્થિત થયો છું અને જે નજીકના ભૂતકાળની અંદર અમદાવાદ શહેરની અંદર લઠ્ઠાકાંડ થયો અને એની અંદર ઘણા લોકોએ પોતાના જાન ગુમાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, તેનો બીજી બધી રીતે નશાબંધીનો અમલ કડક કરાવવો, નશાબંધી વધુ સખ્તાઈથી લાગુ થાય, આ બધુ તો પોલીસ વિભાગે કરવું જોઈએ અને તેની અંદર થોડું સુધારવાની  જરૂર છે અને સુધારવું પણ જોઈએ. પરંતુ સાથે સાથે કોઈપણ કાયદાના કડક અમલ માટે તેના જે છિદ્રો હોય, કાયદાના અમલની સાથે સાથે સમય જતાં જતાં ધ્યાનમાં આવ્યા હોય તે છિદ્રો પૂરવા જરૂરી લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, વધુ વિગતે વાત કરું તો આ નશાબંધી ધારો જ્યારથી અમલમાં આવ્યો ત્યારથી એટલે કે ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારથી આજસુધી ૨૫ (પચ્ચીસ) વાર આના પહેલાં આ પ્રકારે ઝેરીલી શરાબ પીવાને લીધે સેંકડો લોકોના મૃત્યુ થયા છે. જ્યારે આપણે એટલે આવનારી ઘટના અટકાવવા માગતા હોઈએ તો બહુ સ્વાભાવિક છે કે જૂની થયેલી ઘટનાઓ અને તેના પછી જે કાર્યવાહી થઈ હોય તેનો અભ્યાસ કરવો પડે. આ અભ્યાસ પહેલાં પણ હાથમાં ધરાયો હતો અને કેટલાક સુધારાઓ વહિવટી રીતે રૂલ્સની અંદર લાગુ સમયે સમયે થયા હતા. પરંતુ વારંવાર જે ઘટનાઓ બની, ૨૬મી વાર રાજયની સ્થાપના પછી આ ઘટના બની છે એટલે કેટલાક સુધારાઓ જો કાયદામાં ન કરીએ તો આવનારા સમયની અંદર આવી ઘટનાઓ રોકવી બહુ અઘરી છે, લગભગ અશક્ય લાગે છે. તેનું કારણ પાછળ વળીને જોઈએ તો આ ૨૫વાર જે ઝેરીલી શરાબ વેચવાના પ્રસંગો બન્યા અને તેના લીધે મૃત્યુ થયા તેમાંથી એક ઘટના છોડી આજસુધી એકપણ કેસની અંદર સજા થઈ નથી. સજા કરાવી શક્યા નથી. એકવાર જે સજા થઈ છે તે પણ સાત વર્ષની સજા થઈ છે અને વચેટીયા જેમના માટે શબ્દ પ્રયોગ કરવો પડે તેવા લોકોને સજા થઈ છે. મૂળ ગુનેગારોને સજા નથી કરાવી શક્યા. જો આની અંદર પરિવર્તન લાવવું હોય, આવા પ્રકારના કામો કરવાવાળા પર કાયદાનો ખોફ ઉભો કરવો હોય, ડર ઉભો કરવો હોય, તંત્રથી તેમના હ્દયની અંદર ભય ઉભો કરવો હોય તો કાયદાની અંદર સુધારો કરવો અત્યંત જરૂરી હતો અને  તે સુધારાથી એમને કાયદાનો ડર અને બીજાની જીંદગી જોડે રમત કરીએ તો પોતાની જીંદગી ગુમાવવાની શક્યતા પણ તેની નજર સામે આવે તો તો અને તો જ આવનારા દિવસોની અંદર આ બધુ થતું અટકી શકે. એટલા માટે આ કાયદાની અંદર સુધારા લઈને હું અહીંયાં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે નશાબંધી ધારા માટે અનેક પ્રકારની ચર્ચાઓ આ ઘટના પછી ઉપસ્થિત થઈ છે. મને એવું લાગે છે કે આ વિધેયક ગૃહની સમક્ષ મૂકતાં પહેલાં મારે સરકારની નીતિઓ બાબતમાં સ્પષ્ટતા કરવી ખૂબ જરૂરી બને છે. જેઓ આ લઠ્ઠાકાંડ થયો કે તરત જ કેટલાક લોકોએ ચર્ચા ઉપાડી કે નશાબંધી ધારો છે છતાંય લઠ્ઠાકાંડ થાય છે તો નશાબંધી ઉઠાવી લેવી જોઈએ. નશાબંધીને હળવી કરવી જોઈએ. એનો અમલ બરાબર નથી થતો તો તેને રાખવાનો શું મતલબ છે? માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે નશાબંધી એ ઉઠાવી લેવા જેવો કાયદો નથી. નશાબંધીના કાયદાનો ઈતિહાસ ૧૯૧૫માં ગાંધીજી જ્યારે આફ્રિકાથી

આવ્યા ત્યારથી થયો. ગાંધીજીએ આ દેશની સમસ્યાઓ અને આ દેશનો નાગરિક ગુલામીથી પણ કેમ કંટાળ્યો નથી તે સમજવા માટે સમગ્ર દેશનો પ્રવાસ કરવાનું શરૂ કર્યુ અને લોકોની વચ્ચે રહીને પ્રવાસ કર્યો. તેમણે જે ચાર તારણો કાઢયા હતા દારૂણ ગરીબીના તેમાંનું એક કારણ આ નશાની આદત હતું. તે વખતે કૉન્ગ્રેસ પક્ષની અંદર મહાત્મા ગાંધીએ ઠરાવ કરાવ્યો હતો કે જ્યારે કૉન્ગ્રેસની સત્તા આવશે, જ્યારે કૉન્ગ્રેસ શાસનમાં આવશે તો શાસન દ્વારા નશાબંધી લાગુ કરવામાં આવશે. અને માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પ્રાંતિય સરકારોની રચના થઈ ત્યારે ૧૯૩૭ની અંદર મુંબઇ રાજયની અંદર કોંગ્રેસ સત્તા પર આવી, મુંબઈ રાજયની અંદર જ્યારે કોંગ્રેસની સરકાર સત્તા પર આવી ત્યારે એ વખતે આ નશાબંધી ધારાની અમલની શરૂઆત થઈ અને એનો કાયદાથી અમલ ચાલુ કર્યો. બીજા વર્ષે કોંગ્રેસની બહુમતી ગઈ, એની સત્તાય ગઈ અને અમલે ગયો, પરંતુ ૧૯૪૯થી ફરીવાર મુંબઈ રાજયે આ કાયદો દાખલ કર્યો. ૧૯૬૦ની અંદર વિભાજન થયું અને બે રાજયો અલગ પડ્યા. ગુજરાત રાજયની સ્થાપનાથી ગુજરાતે આ કાયદાને સ્વીકાર્યો છે, જાળવ્યો છે, અને એનો અમલ કરવાની શરૂઆત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે હું બહુ સ્પષ્ટ કરવા માગું છું કે, પૂજ્ય બાપુએ જે વાતની શરૂઆત કરી હતી, જે વિચાર એક સારા સમાજની રચના માટે મૂક્યો હતો જે વિચાર વેલ્ફેર સ્ટેટ, કલ્યાણ રાજયની સ્થાપનાનો પાયો હોઈ શકે એ રીતે મૂક્યો હતો એ વિચારને આ સરકાર સન્માન કરે છે, હૃદયથી સ્વીકારે છે અને નશાબંધીના ધારાને વધુ કડકાઈથી અમે એનો અમલ કરવા માટે કટિબદ્ધ છીએ. આપણી બંધારણ સભાએ પણ આમુખની અંદર સ્ટેટ એટલે કે રાજયના જે માર્ગદર્શક સિધ્ધાંતો બનાવ્યા છે એની અંદર માર્ગદર્શક સિદ્ધાંતો એવી રીતે બનાવ્યા છે કે કદાચ બંધારણની અંદર બધુ સમાવું શકય નથી પણ જ્યારે ત્યારે પણ દેશ આઝાદ થયા પછી નવા વિધાન મંડળો અને નવા સંસદ મંડળો બને અને અનુકૂળતા ઉભી થાય, સામાજિક અને રાજકીય અનુકૂળતા ઉભી થાય ત્યારે આમુખમાં બતાવેલા માર્ગે આ દેશે ચાલવું પડે અને આમુખની અંદર પણ નશાબંધીનો કાયદો સમગ્ર દેશમાં દાખલ કરવો જોઈએ એવો બંધારણના ઘડવૈયાઓએ ઉલ્લેખ કરેલો છે અને ગુજરાતની અંદર આ કાયદો ૧૯૬૦થી આવેલો છે અને ૧૯૬૦થી આવેલા કાયદાને સમયે સમયે અનેક લોકોએ સુધારવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાય સુધારા આ કાયદાની અંદર થયા છે. દરેક સુધારાનો આશય કાયદાનો સારો અમલ કરવાનો જ રહ્યો છે. ૧૯૬૪, ૧૯૭૮ પછી ૨૦૦૩, ૨૦૦૫ આ બધામાં સુધારા થયા છે. સમય સમય પ્રમાણે બધાએ સુધારા લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગૃહમાં જે સુધારો લઈને આવું છું ત્યારે હું એવું ચોક્કસ માનું છું કે, આ સુધારો ખાલી ગુજરાત માટે નહીં પણ સમગ્ર દેશ માટે માર્ગદર્શક બની રહેશે. હું સમગ્ર દેશ માટે એટલા માટે કહું છું કે, જે રાજયોમાં નશાબંધી નથી, જે રાજયોએ નશાબંધીને કાયદા તરીકે અમલમાં નથી મૂક્યો એ રાજયોની અંદર પણ જહેરીલી શરાબ પીવાને લીધે હજારો લોકોના મૃત્યુ છેલ્લા દશ વર્ષમાં થયા છે, છેલ્લા દશ વર્ષની અંદર એકેય વર્ષ એવું નથી કે જેમાં ૫૦૦થી એવા લોકો દેશની અંદર જહેરીલી શરાબ પીવાને લીધે મૃત્યુ પામ્યા હોય અને આ દૂષણને જો રોકવું હોય તો લોભના લીધે જહેરીલી શરાબનો વેપાર કરવા ઉપર દેહાંત દંડની જોગવાઈ જ્યાં સુધી ના કરીએ ત્યાં સુધી આ દૂષણ રોકાવાનું નથી. અત્યારે આપણા નશાબંધીના કાયદાની અંદર જહેરીલી શરાબ અને શરાબ બંનેને એકજ સ્ટેટસ આપેલું છે. જહેરીલી શરાબ માટેની કોઈ વિશેષ જોગવાઈ નથી એટલે આ જે અત્યારનો હયાત કાયદો છે એની અંદર એમાં જે હું સુધારો લઈને આવ્યો છું એમાં કલમ- બે ની અંદર લઠ્ઠો એટલે કે બનાવટી દારૂ અને જેરી દારૂ એવી વ્યાખ્યા ઉમેરવાનું મને જરૂરી લાગે છે એટલે એ વ્યાખ્યાનો ઉમેરો કરવામાં આવે છે. કલમ ૬૫(ક) જે સજાઓની જોગવાઈ છે એની અંદર પણ લઠ્ઠાની વ્યાખ્યા કરી, પછી

એ લઠ્ઠો બનાવાવાળા  લઠ્ઠો બનાવવાનું મટિરિયલ્સ રાખવાવાળા અને લઠ્ઠાનો વેપાર કરવાથી જો કોઈનું મૃત્યુ થાય તો આ ત્રણે માટની સજાઓની  જોગવાઈ કરી છે. આ લઠ્ઠાના ઉપયોગથી કોઈ વ્યકિતનું મૃત્યુ થાય તો  જે એના માટે જવાબદાર હોય એને દોષિત ઠરેથી મૃત્યુદંડ અને આજીવન કેદની  સજાની જોગવાઈ આ બિલની અંદર આ સરકાર લઈને આવી છે. આપણા બંધારણની અંદર જે મહત્તમ સજા બતાવી છે  જે મહત્તમ સજાની જોગવાઈ બતાવી છે એ મહત્તમ સજાની જોગવાઈ આપણે લઠ્ઠાકાંડના આરોપીઓ માટે કરી છે. હું એવું ચોક્કસ માનું છું કે પોતાના આર્થિક ફાયદા માટે લોકોની જીંદગી સાથે ખેલવા વાળા લોકોમાં ભય ઉભો થશે અને આ દૂષણને નાથવામાં ચોક્કસ મદદ કરશે. લઠ્ઠો બનાવવા વાળા લઠ્ઠો બનાવે છે પણ લઠ્ઠાની સામગ્રી જે લોકો સપ્લાઈ કરે છે અને એવું નક્કી હોય કે મિથાઈલ આલ્કોહોલ પીવાથી વ્યકિતનું મૃત્યુ થાય તેમ છે છતાં મિથાઈલ આલ્કોહોલ જે લોકો સપ્લાઈ કરે છે એને માટે આજીવન કેદની સજાની જોગવાઈ ઉમેરવામાં આવી છે. અનેક જગ્યાએ પોલીસ કર્મચારીઓ આનો અમલ કરતી વખતે રેડ કરતા હોય છે. દારૂ જપ્ત થતો હોય છે પરંતુ એ દારૂનો એફ.એસ.એલ.નો ટેસ્ટ કરવાની અત્યાર સુધી કાયદામાં જોગવાઈ ન હતી, આપણે હવે દરેક જિલ્લામાં એફ.એસ.એલ.ની લૅબોરૅટરી સ્થાપી છે, મોબાઈલ વાહન પણ છે એટલે એફ.એસ.એલ.નો ટેસ્ટ સરળતાપૂર્વક થઈ શકે છે એટલે જેટલી રેડમાં દારૂની નાનામાં નાની માત્રા પકડાય તો પણ એ દારૂની અંદર કોઈ ઝહેરી તત્ત્વ છે કે નહીં તો એનો ટેસ્ટ એફ.એસ.એલ.ની અંદર કરાવવો આપણે પોલીસ અધિકારીઓ માટે ફરજિયાત કાયદાથી કરીએ છીએ. એ એટલા માટે કરીએ છીએ કે કોઈ પણ જગ્યાએ કૅમીકલથી બનતો દારૂ બનાવવાનું કામ ચાલુ થયું હોય તો એ લઠ્ઠાકાંડ સર્જાય એ પહેલા એફ.એસ.એલ.ની અંદરથી એનું એલર્ટ મળે અને ત્યાં આગળ કાર્યવાહી થઈ શકે અને આજીવન કેદની સજા થઈ શકે. એટલા માટે પોલીસ અધિકારીઓ માટે આ જોગવાઈ આપણે કરી છે. અને આ જોગવાઈનું કોઈ પાલન પોલીસ અધિકારી ન કરે તો એની સજાની જોગવાઈ કરી છે. પહેલી જ વાર પોલીસ અધિકારી માટે પણ જવાબદારી નક્કી કરી કેદની જોગવાઈ કરવાનું આ સુધારમાં હું લઈને આવ્યો છું.. ઝહેરીલી શરાબ સિવાયની શરાબ પણ માનવી માટે અત્યંત ઘાતક છે. આર્થિક પાઈમાલી, સામાજિક એમનો દરજ્જો અત્યંત નીચો જતો હોય છે અને ગરીબ કુટુંબો માટે માણસનું શરીર અને પૈસા બંને મૂડી હોય છે. એની પરસેવાની કમાણી આ દારૂના વ્યસનમાં જતી રહે છે. એટલે ઝહેરી દારૂ ન હોય, ગમે તે પ્રકારનો દારૂ હોય પરંતુ એનું ટ્રાન્સપોર્ટેશન અટકાવીએ તો જ આ બદીને ખૂબ સારી રીતે કન્ટ્રોલ કરી શકાય. એટલે અત્યાર સુધી જે વેચે એને તો સજા થતી હતી, જે પીવે એને તો સજા થતી હતી પણ ટ્રાન્સપોર્ટેશન માટે જે વાહન વપરાતું હતું એ વાહન છૂટી જતું હતું એટલે વારંવાર એજ વાહનથી ટ્રાન્સપોર્ટેશન થયે રાખતું હતું કોઈ પણ સંજોગોમાં એક વાહન હોય એની અંદર ભરાયેલો દારૂ હોય એ દારૂ કરતા વાહનની કિંમત વધારે હોવાની છે એટલે જો એ વાહન આપણે રાજ્યસાત કરી લઈએ રાજ્યની સંપત્તિ તરીકે જપ્ત કરી લઈએ તો એને દારૂનું ટ્રાન્સપોર્ટેશન પરવડી શકે જ નહીં. એટલા માટે આ કાયદામાં એક એવો સુધારો લઈને હું ઉપસ્થિત થયો છું કે, દારૂનું ટ્રાન્સપોર્ટેશન કરતી વખતે જે વાહન પકડાશે એ વાહનને રાજ્યસાત કરવાનું રહેશે, રાજ્યની સંપત્તિ તરીકે જપ્ત કરવાનું રહેશે અને એની હરાજી કરી એના રૂપિયા રાજ્યની તિજોરીમાં ભરવાના થશે. આનાથી ટ્રાન્સપોર્ટેશન દારૂનું અટકાવવાનું છે. આ બધા જ સુધારાઓ એટલા માટે લઈને રાજ્ય સરકાર આવી છે આ ગૃહ સમક્ષ કારણ કે આપણે માનીએ છીએ કે નશાબંધીનો કાયદો એ કલ્યાણ રાજ્યની સ્થાપના કરવા માટે, વેલફેર સ્ટેટની સ્થાપના કરવા માટે અને છેવાડાના માનવીને સમાજમાં સારી જગ્યાએ પહોંચાડવા માટે અને એ આર્થિક રીતે પગભર થાય, પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે એના માટે અત્યંત જરૂરી છે અને એનો કડકાઈથી અમલ પણ જરૂરી છે

અને વધુ કડકાઈથી અમલ થાય અને ઝહેરીલી શરાબ વેચવાથી કોઈ બીજી આવી ઘટના ના બને એટલા માટે હું આ કાયદો લઈને આવ્યો છું. હું બધા સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે એમના અમૂલ્ય સૂચનો હોય એ આમાં આપે અને આ કાયદો સર્વાનુમત મંજૂર કરે.

**અધ્યક્ષશ્રી** : દંડકશ્રી તરફથી મારી પાસે ભાગ લેનારાઓની ઘણી મોટી યાદી આવેલી છે એટલે આપ જરા સમયની મર્યાદા રાખશો તો હું વધારે સભ્યશ્રીઓને લાભ આપી શકીશ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહ સને ૨૦૦૯નું મુંબઇ નશાબંધી (ગુજરાત) સુધારા વિધેયક જે લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. આપણે જાણીએ છીએ કે પ્રાચીન સમયમાં પણ સમાજના કેટલાક વર્ગોમાં કેફી પદાર્થો જેવો સોમરસ લેવાતો હતો અને એ સોમરસની માફક આજે પણ સમાજના કેટલાક નબળા વર્ગોની અંદર આ સોમરસ જેવું માદક પીણું લેવાતું આવ્યું છે અને આજે જ્યારે આ બિલ લઈને મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, ભારતમાં જ્યારે બ્રિટિશોની હકૂમત હતી ત્યારે પણ સૌ પ્રથમ મુંબઇ આબકારી અધિનિયમનો અમલ થયેલો અને એ વખતથી આબકારી ખાતાનો જન્મ થયેલો, અંગ્રેજો ફક્ત નાણાંકીય લાભ માટે કાયદો લાવેલા, પૂ. મહાત્મા ગાંધી જ્યારે ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે ભારતમાં તેમણે લોકોની દુઃખદ સ્થિતિ જોઈ, વસતિનો મોટો ભાગ એમણે ગરીબીની રેખા નીચે જીવતો જોયો, એનું કારણ પૂ. મહાત્મા ગાંધીએ જાણ્યું ત્યારે એમને પણ ખબર પડી કે આ ગરીબીનું કારણ કેફી પદાર્થો અને પીણાં છે, જ્યારે પૂ. મહાત્મા ગાંધીએ વિદેશીઓની ચળવળ શરૂ કરી ત્યારે એમણે પણ નશાબંધીની નીતિનો સમાવેશ એ ચાર મુદ્દામાં કર્યો હતો. આજે જ્યારે આ બિલ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે આપણા દેશના બંધારણનો અમલ થયો અને બંધારણમાં પણ એના જે માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કર્યા હતા, એમાં રાજ્યો જાહેર જનતાનું આરોગ્ય અને જીવન ધોરણ સુધરે તે માટે નશાબંધીનો અમલ કરશે તેવી જોગવાઈ કરવામાં આવેલી. એ આર્ટિકલ ૪૭ની વાત કરું

**Quote:**

૪૭. Duty of the State to raise the level of nutrition and the standard of living and to improve public health. - The State shall regard the raising of the level of nutrition and the standard of living of its people and the improvement of public health as among its primary duties and, in particular, the State shall endeavour to bring about prohibition of the consumption except for medicinal purposes of intoxicating drinks and of drugs which are injurious to health.

**Unquote:**

આર્ટિકલ ૪૭માં એવી સ્પષ્ટ જોગવાઈ કરી હતી જ્યારથી આ રાજયની જ્યારે પહેલી મે, ૧૯૬૦માં સ્થાપના થઈ ત્યારથી આ રાજયે નશાબંધીનો અમલ કર્યો છે. આ નશાબંધી ધારામાં તબક્કાવાર સુધારા વધારા પણ કર્યા છે, દારૂની કેટલીય જાતો છે અને દેશી દારૂ અને લઠ્ઠો એ બન્નેમાં ઘણો તફાવત છે દેશી દારૂ નુકસાન કરે છે પણ

ફાસ્ટફુડની જેમ નુકસાન કરે છે જ્યારે લઠ્ઠામાં મિથાઈલ આલ્કોહોલના કારણે એ વધુ ઝડપથી નુકસાન કરે છે અને માણસના મૃત્યુ સુધી એ લઈ જાય છે **(સમયસૂચક ઘંટડી)** માનનીય અધ્યક્ષશ્રી, હજી તો બિલ ઉપર જ નથી આવ્યો,

**અધ્યક્ષશ્રી** : એટલા માટે મેં પહેલાં જ આપને કહ્યું કે આપે સોમરસ છોડીને બિલ પર આવવાની જરૂર છે,

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવવાનું કારણ તો જણાવવું પડેને,

**અધ્યક્ષશ્રી** : હું ક્યાં ના પાડું છું, મેં પહેલાં જ કહ્યું કે ચર્ચાની અંદર બિલની જોગવાઈઓ ઉપર બોલશે તો હું જરાય અટકાવીશ નહિ પરંતુ સમગ્ર પરિસ્થિતિના વિસ્તૃત વર્ણન પર જશે તો પછી મારે સમય જોવો પડશે મારી પાસે બોલનારાઓ પણ ઘણા છે અને મારે બીજા બિલો પણ લેવાના છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય નશાબંધીને વરેલું રાજય છે. રાજયમાં કોંગ્રેસનું શાસન હોય કે ભા.જ.પ.નું શાસન હોય. સવાલ શાસનનો નથી, સવાલ છે સમાજનો, સવાલ છે લોક કલ્યાણનો, આમાં મારે કહેવું છે કે તાજેતરના લઠ્ઠાકાંડમાં જે લોકોના મૃત્યુ થયાં એના કારણે રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે સંવેદના વ્યક્ત કરી જે એમણે પીડા વ્યક્ત કરી અને સરકારની જે કટિબદ્ધતા વ્યક્ત કરી કે આ રાજય નશાબંધીને વરેલું રાજય છે અને ગુનેગારોને અકલ્પનીય સજા કરાવશે એના માટે આ કાયદો લાવવાની એમની કટિબદ્ધતાના કારણે આ બિલ રજૂ થયું છે. એમના શબ્દોમાં વાત કરું તો.તેમના શબ્દોમાં વાત કરું તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિવેદન કર્યુ છે કે, હું ગુજરાતના નાગરિકોને થોડો વિશ્વાસ આપું છું કે આ રોગના મૂળમાં જઈને તેના કસૂરવાર ગુન્હેગારોને ન કલ્પી શકાય એવી સજા અપાવવા આ સરકાર કટિબદ્ધ છે અને તેના માટે કોઈ કચાશ રખાશે નહીં. અને આ બધી ગરીબોના જીવનને તબાહ કરનારી એવી છે. કોના સમયમાં શું થયું અને કેમ થયું તે વાદ વિવાદમાં સમય બરબાર કરવાનો નથી આ બાબત રાજયના મુખ્યમંત્રીએ કે જે સામાન્ય માણસ છે, સામાન્ય માણસની પહોંચ નથી સરકારમાં ખરેખર રાજયના મુખ્યમંત્રી કોમન મેને આ કોમન મેનની વાત સાંભળી અને આ કડક કાયદો લાવવા માટે જે કર્યુ તેને હું આવકારું છું. આ કાયદાની અંદર મારે કહેવું છે કે દેશ અને દુનિયાની અંદર આ પ્રોહિબિશન એકટની કોઈ કાયદાની અંદર મૃત્યુ દંડથી વધારે સજા નથી કોઈ કાયદામાં. મૃત્યુ દંડથી કોઈ સજા વધારે નથી વધારેમાં વધારે સજા અકલ્પનિય સજા જો આ નશાબંધી નીતિની અંદર કડક અમલ કરવા માટે રાજય સરકારે કરી હોય તો ખરેખર આ બિલ છે તે આવકારદાયક છે. આની અંદર નબળા વર્ગના જે લોકો છે જે આનો ભોગ બને છે તે ભોગ બનતાં અટકશે. તો હું આ રાજયના મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યાં છે તેને હું આવકારું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મુંબઈ નશાબંધી ગુજરાત સુધારા વિધેયક ૨૦૦૯ લઈને ગૃહ મંત્રીશ્રી અમીતભાઈ શાહ આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભી થઈ છું.

પ્રથમ તો આ વિધેયક લાવવા માટે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને ગૃહ મંત્રીશ્રી અમીતભાઈ શાહને હું અભિનંદન આપું છું. લઠ્ઠાકાંડના આરોપીઓને કલ્પી ન શકાય તેવી સજાના સંકલ્પ સાથે આ બિલ આવ્યું છે. તાજેતરમાં અમદાવાદના વિસ્તારોની અંદર જે લઠ્ઠાકાંડ થયો, આખા ગુજરાતમાં તેનાથી હાહાકાર મચ્યો કોઈના મા જણ્યાં ભાઈને તો કોઈના પિતાને તો કોઈના સેંથાના સિંદૂરને ક્રૂરતાપૂર્વક આ લઠ્ઠાકાંડ

ભરખી ગયો. કોના જીવન આ લઠ્ઠાકાંડના કારણે બરબાદ થયા. માત્ર વિસ્તાર કે શહેરોમાં નહીં આખા ગુજરાતમાં ખાસ કરીને બહેનોના હ્દય એકદમ ઉકળી ઉઠયાં. એક તરફ સ્વર્ણિમ ગુજરાત-૨૦૧૦ આ ગુજરાત નિર્મળ બને, નીરોગી બને, આ ગુજરાત હરિયાળું બને સાથે સાથે આ ગુજરાત સંસ્કારી ગુજરાત પણ બને આના માટેનો સંકલ્પ રાજય સરકારે કર્યો છે ત્યારે હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન એટલા માટે આપું છું કે આવા લઠ્ઠાકાંડો ગુજરાતમાં ઘણાં બધા થયા છે. ક્યારે પણ કોઈને વિચાર નથી આવ્યો કે આ પ્રકારનું વિધેયક લાવી અને ગુજરાતને સંસ્કારી ગુજરાત બનાવવાનો વિચાર કરીએ અથવા સંકલ્પ કરીએ.

પ્રખ્યાત સમાજ સુધારક એડમન્ડ બર્ગેએ કહેલું કે, લૌકિક કાયદાઓ એટલે કે રાજય સત્તા માનવીને પૂર્ણ બનાવી શકે એ કલ્પના ખોટી છે. પરમેશ્વરી કાયદાઓ એટલે કે ધર્મના સંસ્કારના કાયદાઓ એ સૌના મન ઉપર વધારે અસર કરે છે. આ પરમેશ્વરી કાયદાને કારણે લોકોના મન પણ બદલી શકાતા હોય છે. મને એમ લાગે છે કે આ એક સર્જન શકિત સાથેનો પણ પડકાર છે અને સૌ સમાજે આ પડકારને સાથે રહીને સ્વીકારવો જોઈએ એ પણ જરૂરી છે. સમગ્ર આ કાંડ સર્જાયા બાદ આક્ષેપો પ્રતિઆક્ષેપોનો દોર ચાલુ રહ્યો. વિપક્ષે આ માટે સીધે સીધા રાજયના પ્રશાસનને જવાબદાર ઠેરવી સન્માનનીય ગૃહની અંદર અશોભનીય વર્તન કર્યુ. આ ગૃહમાં તે વખતે હું હાજર હતી. આ એટલા માટે કહું છું કે જ્યારે વિપક્ષના સભ્યોને ગૃહમાંથી ગાર્ડ દ્વારા બહાર કાઢવામાં આવતા હતા..

**અધ્યક્ષશ્રી** : સમય ખૂબ મર્યાદિત છે આપ બિલની જોગવાઈ ઉપર બોલશો તો વધારે સારું છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ટૂંકમાં એટલું જ કહું કે આટલા બધા મોતનો જવાબ સરકાર પાસે વિપક્ષો માગે ત્યારે તે દેખાવ હતો, • (xxxxx) હતો

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ તે હું કાઢી નાંખુ છું અને ફરીથી આપને કહું છું કે બિલની જોગવાઈ ઉપર આપ બોલો.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, તે શબ્દો હું પાછાં ખેંચી લઉં છું. રચનાત્મક કોઈ વાત ના થઈ શકે માનનીય અધ્યક્ષશ્રી? મને મનમાં જે પ્રશ્નો ઉઠતાં હતા એટલા માટે કહું છું કે ગૃહ મંત્રી અને રાજયના મુખ્યમંત્રીના રાજીનામા માગવાની વાત કરનાર આ વિપક્ષના સભ્યો જ્યારે કોંગ્રેસનું રાજય હતું ત્યારે શું કર્યુ હતું? ૧૯૭૭માં અમદાવાદ, ૮૯માં વડોદરા, ૯૦માં સૂત્રાપાડા એવા તો અનેક દાખલા છે. હમણાં જ માનનીય ગૃહમંત્રીએ કીધું કે પચ્ચીસેક પ્રકારના લઠ્ઠાકાંડ થયા હતા. ત્યારે શું પગલાં લીધાં? દરોડા પાડયા, જે કંઈ દારૂ મળ્યો તે રોડ ઉપર કે શેરીઓમાં ઢોળી દીધો અને ગણ્યા ગાંઠયા લોકોને પકડયા.કયાંક કેસો ચલાવીને વાત પૂરી કરી દીધી. હું આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને એક સંવેદના સાથે આ વિષય જોડીને આ બિલ લાવવા માટે અભિનંદન આપું છું. આજસુધી કોઈ સરકારે આવો ઐતિહાસિક નિર્ણય કરવાનો પ્રયત્ન કર્યો નથી. જયારે આ નિર્ણય થયો ત્યારે ગુજરાતભરના અનેક સામાજિક સંગઠનો, બહેનોના અનેક સંગઠનોએ અને સમાજ સુધારકોએ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. આવું ઐતિહાસિક પગલું જેને કહી શકાય, કારણ કે મતનું રાજકારણ નહીં, પરંતુ લોકોની સંવેદના સાથે જોડાયેલું આ બિલ છે. ગત વિધાનસભામાં આપ ત્યારે અધ્યક્ષશ્રી તરીકે નહીં, પરંતુ કાયદા મંત્રીશ્રી તરીકે હતા..

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : મારા ઉલ્લેખ, અધ્યક્ષના ઉલ્લેખો પ્રવચનમાં ન કરી શકાય. આપ સીધા કલમો વાંચીને એના ઉપર વાત કરવી હોય તો કરો. મારે બાકીના સભ્યોને પણ તક આપવાની છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના સમયમાં સુધારા આવ્યા હતા, એની વાત કરવા માગતી હતી. કોઈપણ સમાજમાં વ્યવસ્થા માટે સુધારણાના ઐતિહાસિક પગલાં ભરવા હોય તો દુરંદેશી વિચારો ધરાવનાર મકકમ અને લોખંડી મનોબળ અને નિર્ણયશકિત ધરાવનાર પરદુ:ખભંજન અને લોકહિત નેતાની જરૂરિયાત હોય છે. (સમય સૂચક ઘંટડી)

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મુંબઈ નશાબંધી ધારામાં સુધારા અંગેનું વિધેયક લઈને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આ વિધેયક લાવવાની જરૂર શું પડી? એક એવો બનાવ ગુજરાતમાં બને છે કે જેમાં સેંકડો શ્રમિક વર્ગના, શ્રમજીવી વર્ગના, શોષિત વર્ગના લોકો આ લઠ્ઠાકાંડનો ભોગ બને છે. હોસ્પિટલનું વાતાવરણ અને એ દિવસોનો સીનારીયો જો આજે આપણા સ્મૃતિપટ પર આવે તો હૃદયદ્રાવક ઘટના કહી શકાય એવી ઘટનાઓનો સીલસીલો બને છે. એમાંથી આ ગુજરાતને કઈ રીતે બચાવી શકાય, આવા બનાવોનું પુનરાવર્તન ન થાય એવી મકકમ માનસિકતામાંથી આ સુધારાનો જન્મ થયો છે. આ બનાવ બન્યા પછી કેટલાક લોકોએ એનો • (xxxxx) લેવાનો પ્રયત્ન કર્યો. (અંતરાય) હું બિલ પર જ આવું છું. હું તો ત્યાં સુધી કહીશ કે આ સમગ્ર બનાવ બન્યા પછી જો આ મૃતાત્માઓને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપવાનું કૃત્ય થયું હોય તો તે આ વિધેયક લાવીને થયું છે, એમ કહીએ તો ખોટું નથી. આ જ સાચી શ્રદ્ધાંજલિ છે.

**અધ્યક્ષશ્રી** : (xxxxx) શબ્દ અસંસદીય જાહેર કરેલો છે. ફરીથી હું એને અસંસદીય જાહેર કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : ઓ. કે. સર. માનનીય અધ્યક્ષશ્રી, હું તો ત્યાં સુધી કહીશ કે ગુજરાતના નશાબંધી એકટના ઈતિહાસમાં કદાચ કોઈ ક્રાંતિકારી કે ઐતિહાસિક સુધારો કહી શકાય તો એ ક્રાંતિકારી અને ઐતિહાસિક સુધારો આ છે, જેનાથી આગામી દિવસોમાં જબરજસ્ત પડઘા, ગુજરાતમાં જે લોકો ગેરકાયદેસર દારૂની અને લઠ્ઠાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા લોકો છે તેવા લોકોને આ કાયદા દ્વારા 'રૂક જાઓ' કહેવાનો પ્રયત્ન પણ થયો છે. એટલે હું એને આવકારું છું. માનનીય મંત્રીશ્રીના પ્રવચનમાંથી પણ આપણને ખ્યાલ આવે છે કે અગાઉ પણ ૨૫ વખત આવા દુ:ખદ બનાવો ગુજરાતમાં બન્યા છે. શ્રી આત્મારામભાઈ પરમાર:માનનીય અધ્યક્ષશ્રી, મને ખ્યાલ છે ત્યાં સુધી આવા દુ:ખદ બનાવના ભોગ બનનારા પ્રત્યે આપણી સહાનુભૂતિ હોઈ શકે, પરંતુ એકાદ બનાવમાં સુત્રાપાડાનો બનાવ યાદ કરું તો એ દિવસોમાં તેમને જે આર્થિક રીતે વળતર આપવાની પણ વાત થઈ હતી અને એ દિવસોમાં એ ટીકાનો પ્રશ્ન પણ બન્યો હતો ત્યારે સાચા અર્થમાં જેને કહી શકાય કે આ જે મૃતાત્માઓને શ્રધ્ધાંજલિ આ અધિનિયમના સુધારા દ્વારા જે આપવાનો પ્રયત્ન થઈ રહયો છે ત્યારે આ સરકારના મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીને હું મારા અંતરના અભિનંદન આપું છું કે ગુજરાતની આવનાર પેઢીઓને આવા કારમા બનાવોમાંથી કે આવા દુ:ખદ બનાવોમાંથી બચાવી શકાવવાના એક પૂણ્યશાળી કામની શરૂઆત તેમના હાથે થઈ છે તેમને હું આવકારું છું.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અસંસદીય ઠરાવી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ પણ કરવી છે કે એક રીતે જયારે ગુજરાતમાં કલ્યાણકારી પગલાં લેવાઈ રહ્યાં છે ત્યારે અહીં ઉલ્લેખ થયો કે There are so many directive principles દરેક વસ્તુના કાયદા બનાવી શકાતા નથી, પરંતુ કેટલાક માર્ગદર્શક સિધ્ધાંતોની જોગવાઈઓ છે. કદાચ આ ગુજરાત રાજય દેશમાં એક એવું રાજય હશે કે જયાં સંપૂર્ણ દારૂબંધીનો અમલ થઈ રહ્યો છે ત્યારે આપને યાદ અપાવીએ છીએ કે મને ખ્યાલ છે કે તે દિવસોમાં મહાત્મા ગાંધીજીના નામ સાથે ઘણીવાર કોઈક જગ્યાએ જઈએ છીએ તો વિવાદ થાય છે, ગુજરાતમાં દારૂબંધી છે અને અમે એમ કહીએ છીએ કે આ ગાંધીનું ગુજરાત છે અને ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અમલમાં રહેવાની છે અને એમાં કોઈ ફેરફાર થવાનો નથી અને ગાંધીના ગુજરાતમાં વલ્લભભાઈ પટેલ અને ત્યારબાદ આપણા વડાપ્રધાન બન્યા હતા એ મોરારજીભાઈ દેસાઈની પણ મકકમ લાગણી હતી કે દારૂબંધીનો સખતાઈથી અમલ થવો જોઈએ એવું હું માનું છું અને ત્યારબાદ આ ચોથી વ્યકિત માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના શાસનમાં આપણે. જોઈ રહ્યા છીએ કે દારૂબંધીનો સખતાઈથી અમલ થાય અને એવા ઝેરી લઠ્ઠા કે ઝેરી કેમિકલ્સનો ઉપયોગ જે લોકો દારૂ બનાવવા માટે કરે છે એના ઉપયોગથી કોઈકનું મૃત્યુ થાય એવા પ્રસંગોને સાંકળી લઈને, એ ગુનામાં સંકળાયેલા ઈસમોને, ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા, એની સાથે એના વેપારમાં સંકળાયેલા ઈસમોને દેહાંતદંડની સજાની જોગવાઈ કરીને ગુજરાતે સમગ્ર દેશને માર્ગદર્શન ચીંધીને કહયું છે કે ગુજરાતમાં ગેરકાયદેસર ધંધો કરનારને રૂક જાઓ નો આદેશ આપ્યો છે અને એવા ઈસમોને ફાંસીના માંચડે લટકાવતાં પણ ગુજરાતની સરકાર અચકાશે નહીં એવો પ્રયાસ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આમાં જોગવાઈ કરીને આગામી દિવસોમાં બનનારા આવા બનાવોને રોકવા માટેનો એક સંનિષ્ટ પ્રયાસ થયો છે ત્યારે આ સરકારને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું અને આ બિલને હું મારું સમર્થન આપું છું.

**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહ જે મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક અધિનિયમ ૨૦૦૯ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે જ દેશનું બજેટ મંજૂર થયું. ગુજરાત રાજય ૧૯૬૦ માં અસ્તિત્વમાં આવ્યું, દેશ ૧૯૪૭ માં આઝાદ થયો અને એનું બંધારણ ૧૯૫૦ માં અમલમાં આવ્યું છે. માનનીય અમીતભાઈએ કહયું કે આ દેશની આઝાદી વખતે પણ મહાત્મા ગાંધીજીએ આ દેશનાં કલ્યાણ રાજયો આઝાદ થયા પછી કેમ બનાવાય અને લોકોને આઝાદીની ચળવળમાં જોડવા માટે વિવિધ લોક જાગરણના કાર્યક્રમો કર્યા હતા. એમને જે પોતે સમજયા હતા કે આ દેશમાંથી નિરક્ષરતા અને ગરીબી નાબુદ કરવી હશે તો સૌ પ્રથમ શિક્ષણની સાથે સાથે વ્યસન મુકિત માટે પણ પ્રયત્ન કરવા પડશે. અંગ્રેજોના સમયના ગુલામી કાળમાં વ્યસનોની બદી એટલી હદે વકરી હતી કે આ દેશમાં તેમનું શોષણ કરવાનું અંગ્રેજો માટે સરળ થયું હતું. આ અંગ્રેજોના શોષણમાંથી જો ગરીબોને બચાવવા હોય અને લોકોને આઝાદીની ચળવળમાં જોડવા હોય તો લોક જાગરણનો કાર્યક્રમ લીધો અને એમાં આ નશાબંધી પણ એક હતી. આપણને બધાને ખબર છે કે મહાત્મા ગાંધીજીને આઝાદી પછી કોંગ્રેસ ભૂલી ગઈ..આજે દેશના બધા જ રાજયોમાંથી માત્ર બે રાજયોમાં નશાબંધી છે, ગુજરાત અને મિઝોરમ સિવાય કયાંય નશાબંધી નથી. ગઈ કાલે બજેટનો ઉલ્લેખ એટલા માટે કર્યો કે દેશના અનેક બજેટો ગયા, બજેટ જયારે ઘડાય છે ત્યારે દિલ્હીમાં આશ્વાસનો અપાય છે કે જે રાજયો નશાબંધી કલ્યાણ રાજય તરફ જશે તેને કેન્દ્ર સરકાર તરફથી પ્રોત્સાહન રૂપે પૈસા આપવામાં આવશે, મદદ કરવામાં આવશે. રાજય ૧૯૬૦ થી બન્યું છે, ગુજરાતમાં નશાબંધી ચાલુ છે, દિલ્હીમાં કેન્દ્ર પણ પોતે એમ કહે છે કે અમે આને પ્રોત્સાહન આપીએ છીએ, નશાબંધી રહેવી જોઈએ, પણ અમલ

માત્ર બે રાજય કરે છે એ રાજયને એ એક પૈસો પ્રોત્સાહનનો આપતા નથી. વિરોધપક્ષ તરીકે જે ગુજરાતમાં બેઠા છે ત્યાં સત્તાધારી છે, આ લોકશાહી પ્રક્રિયા છે. આજે એ લોકો નથી, એમની પાસે સીધો સરળ જવાબ માગવાની મને ઈચ્છા થાય છે. કે આપ સક્ષમ છો આપના નેતાઓ સક્ષમ છે એમનો પ્રભાવ દિલ્હીમાં છે. આપ વર્ષો સુધી સત્તા ઉપર દિલ્હીમાં રહ્યા તો આ પ્રોત્સાહન નીતિના પૈસા તમે જો આ રાજયને અપાવો તો આજે આ ગુજરાતના બી.પી.એલ.ના ફેમિલી, ગુજરાત બી.પી.એલ.ની બહાર આવી શકે એટલા પૈસા હોય, આ ગુજરાત જો નશાબંધી દૂર કરે તો ૫૦૦૦ કરોડ રૂપિયાની આવક ફકત નશાબંધી દૂર કરવાના લીધે થાય એમ છે. અનેક રાજયોમાં આવું છે. આપણે તો આપણી આર્થિક આવક ગુમાવીને પેલા ગરીબને મદદ કરવા માટે આ આખા નશાબંધી બિલને વધારે કડક કરીએ છીએ. કારણ કે પૈસા કરતા પણ કલ્યાણ રાજય કરવું હશે તો મહાત્મા ગાંધીએ જે રસ્તો કલ્યાણ રાજયનો બતાવ્યો છે તે સાચો છે, સત્વ વાળો છે અને એનાથી જ કલ્યાણ રાજય થાય. સમગ્ર દેશની અંદર ગરીબીની પ્રાથમિકતા, જે ગરીબ છે એની પાછળનું મૂળ કારણ આ વ્યસન છે. શિક્ષણ પણ છે, કુરિવાજો પણ છે, આ બધા જ છે પણ એમાં વ્યસનનું કારણ સૌથી વધારે છે. આજે રાજયે ગુજરાતની અંદર પહેલી વાર આ દસ વર્ષમાં લઠ્ઠાકાંડ બન્યો, આ લઠ્ઠાકાંડ બનવાની પાછળ મીથેનોલ, મીથાઈલ આલ્કોહોલ, ઝેરી દારૂ, લઠ્ઠો જેને આપણે કહીએ છીએ તે સૌથી વધારે લોકોને મારે છે. દુનિયાભરની અંદર જયાં દારૂબંધી નથી ત્યાં પણ લઠ્ઠો બને છે, કારણ કે એ સસ્તો છે. આ સસ્તો જ પેલા ગરીબને પરવડે છે. ગરીબ એટલા માટે દારૂ પીવે છે કે એને આ વ્યસન મુકિત માટેની ચળવળ નથી. ગાંધીના નામે સત્તા લીધા પછી એ આજે દારૂબંધી તરફ કયાંય કોઈ જન જાગરણ નથી. એ બધા જે મિત્રો બેઠા છે ગાંધી ટોપી પહેરીને માત્ર સ્વતંત્રતાના દિવસે રાષ્ટ્રધ્વજને સલામ કરે છે તે નેતાઓને મારે પૂછવું છે કે તમે આ સત્તા લીધા પછી મહાત્મા ગાંધીને યાદ કરીને ગાંધીના સિધ્ધાંતો ઉપર કેટલી વાત કરો છો, કેટલું જન જાગરણ કરો છો, વ્યસન મુકિત માટે કેટલું તમે લડો છો? માત્ર આજે આ બધા જ જે લોકો ગાંધીના નામે દિલ્હીમાં કે ગુજરાતમાં સત્તાનું રાજકારણ કરે છે તેમને દુઃખે છે પેટ અને કુટે છે માથું, એમને ફરી વાર સત્તા જોઈએ છે, ન મળે સાહેબ. આ સત્તા એમને ન મળે, પ્રજાની પાસે જવું પડે, પ્રજાના મન જીતવા પડે, ફરી વાર મહાત્મા ગાંધીના રસ્તે જવું પડે.

**અધ્યક્ષશ્રી** : આપ સત્તાના સમીકરણના બદલે નશાબંધીના બિલ ઉપર આવો તો સારું. એમના કલાસ પછી લેજો.

**શ્રી ભરત બારોટ** : એક જ મિનિટ, માનનીય મંત્રીશ્રી અમિતભાઈ અને માનનીય મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ જે આ બિલ લઈને આવ્યા છે તે બિલની અંદર, ભઠ્ઠીઓ બનાવનાર, લઠ્ઠાના સંદર્ભમાં વાહન જપ્ત કરનાર પોલીસ અધિકારીઓ ઉપર, એફ.એસ.એલ.ની અંદર, એ જે માલ મોકલવાની પ્રક્રિયા અને મૃત્યુ દંડની સજા, આજે પણ આ ચેલેન્જ છે ગુજરાત રાજયની કે દિલ્હીની બેઠેલી એ કેન્દ્રની સરકાર એ આખા દેશની અંદર આમાંથી કોઈ એક વસ્તુનો અમલ કરીને આપે. આ ગુજરાત છે મહાત્મા ગાંધીનું ગુજરાત છે, નરેન્દ્રભાઈના નેતૃત્વ વાળું આ ગુજરાત છે કે જે આના માટે આટલો કડક અમલ કરે છે. આ ઉગતી પેઢીની જેને ચિંતા છે, આવતા ૨૧મી સદીના આધુનિક ગુજરાતની જેને ચિંતા છે, જેને સંસ્કારી ગુજરાતની ચિંતા છે, સલામત ગુજરાતની ચિંતા છે એ બધા જ આ બિલને સમર્થન કરે છે. આજે સત્તામાં ન હોય, અમે હોય કે ન હોઈએ, પણ જયારે નશાબંધીની વસ્તુ આવે છે, હું તો અહીંયા બધા જ ધારાસભ્ય બેઠા છે, મારો પોતાનો જાત અનુભવ છે, હું ૨૦ વર્ષથી મારા મત ક્ષેત્રમાં, મને તો ખબર છે સાહેબ કડવામાં કડવો સ્વભાવ હોવા છતાં પણ આ ગરીબો માટે લડું છું, વ્યસન મુકિત

માટે લડું છું, દારૂબંધીની સામે લડું છે અને જન સમર્થન મળે છે, એટલે બધા જ જન પ્રતિનિધિઓ નીચેથી ઉપર સુધીના આ જન જાગરણમાં લાગે, આ અધિનિયમને મજબૂત કરવામાં લાગે એ જ અભ્યર્થના.

**શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૦૯નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયક લઈને આવ્યા છે તેને સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

અમદાવાદમાં લઠ્ઠાકાંડ થયો એમાં આ લઠ્ઠો પીવાવાળા દેશી દારૂ પીવાવાળા ગરીબ માણસો જ હોય છે ત્યારે નશાબંધી ખાતું જે આના માટે દંડની જોગવાઈ તથા સજાની જોગવાઈ લઈને આવ્યું છે એમાં મારો સૂર પુરાવું છું. હું આ સભાગૃહમાં આજે પહેલી વખત બોલવા માટે ઊભો થયો છું. હું મારા મત વિસ્તારમાં ઘણીવાર પોલીસ સ્ટેશનોમાં પણ અને માનનીય મંત્રીશ્રીને ઘણીવાર લૅટરો પણ લખેલા છે અને એ વિચારો આજે હું અહીંયા રજૂ કરુ છું. દેશી દારૂ કે ઈંગ્લિશ દારૂ કોઈનું પણ વેચાણ આ ગુજરાત રાજયની અંદર ન થાય તો આપણે રાજયની સારી છાપ ઊભી કરી શકીએ તેમ છીએ.

આ લઠ્ઠાકાંડની સાથેસાથે મારા વિસ્તારની વાત કરું તો વરલી મટકા અને જુગાર પણ મોટે પાયે રમાતો હોય છે. એના માટે પણ આ ગૃહમાં વિચાર કરવામાં આવે તેવી મારી લાગણી અને માગણી છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવચન કરવા માટે ઊભો નથી થયો પરંતુ મારા બે ત્રણ સૂચનો રજૂ કરવા માટે ઊભો થયો છું. લઠ્ઠો ગાળનાર અને લઈ જઈને સપ્લાય કરનાર વાહન દ્વારા સપ્લાય કરનાર સામે માનનીય મંત્રીશ્રી કડકમાં કડક કાયદો બનાવવાનું વિધેયક લઈને આવ્યા છે પરંતુ હું જોવુ છું કે ત્યારપછી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. એનો નિકાલ આવતા વરસો નીકળી જાય છે અને એનો કોઈ અર્થ શરતો નથી. કડકમાં કડક કાયદો કરવામાં ન આવે તો આ વિધેયકનો પણ કોઈ અર્થ સરશે નહિ. ઘણા કિસ્સામાં વાહનો જપ્ત થયા પછી દસ વર્ષ સુધી એનો કોઈ ઉકેલ આવતો નથી. એ વાહન ડૅડ સ્થિતિમાં પડ્યું રહે છે. તેથી એનો સમય નક્કી કરો કે આટલા સમયમાં એનો નિકાલ આવશે. માનનીય મંત્રીશ્રી પાછા કાયદા મંત્રીશ્રી પણ છે તેથી એનો સમય નક્કી કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

બીજું કે જે વિસ્તારમાં દારૂ ગાળનાર, પીનાર મોટા પ્રમાણમાં પકડાય તેવા અધિકારીઓ ઉપર શું પગલાં લેવા માગો છો એમને સસ્પૅન્ડ કરવા માગો છો કે ડિસમીસ કરવા માગો છો એ હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક પર આ ગૃહના સભ્યશ્રીઓએ પોતપોતાના સૂચનો અને લાગણીઓ વ્યક્ત કરી છે. બાકી બધા સભ્યશ્રીઓએ એમના સમર્થનને સ્પિરિટ સાથે વાત કરી.

માનનીય નારાયણભાઈએ કેટલાક મુદ્દા ઉપસ્થિત કર્યા છે. માનનીય નારાયણભાઈએ મુદ્દા ઉપસ્થિત કર્યા છે એને હું આપના માધ્યમથી જણાવવા માગું છું કે વાહન દસ વર્ષ પડી રહે કે ૨૦ વર્ષ સુધી પડી રહે એના વાહનનો પ્રશ્ન નથી. વાહન એના હાથમાં ન જાય એવો આપણો આશય છે. વાહન ન જાય એટલે ટ્રાન્સપોર્ટેશન કરવાનું પરવડે નહિ. એટલે જલદી વાહન આપવાનો પ્રશ્ન નથી. વાહન પાછું આપવાનું જ નથી. તેની હરાજી કરીને રાજયની તિજોરીમાં પૈસા જમા કરવાના છે. બીજી વાત, સજા જલ્દી થાય. અત્યારે ગુજરાતમાં જે ક્રિમીનલ કાયદાની કલમો છે, તેની અમલવારી વધુમાં વધુ દોઢ વર્ષમાં કેસ બોર્ડ ઉપર આવી જાય છે અને દોઢ

વર્ષમાં ન્યાયની પ્રક્રિયા પૂરી થાય છે. આગામી સમયનું જે આયોજન છે એમાં કદાચ આ સમય દોઢ વર્ષથી પણ ઘ ટે એ પ્રકારનું આયોજન છે અને હું માનું છું કે દેશભરની અંદર ખૂન, લૂંટ, બળાત્કાર જે આઈ.પી.સી.ની ગંભીર ગુનાઓની કલમો છે એની અંદર ઓછામાં ઓછા સમયમાં સજા જો કોઈ એક રાજયમાં થતી હશે તો એ ગુજરાતની અંદર થાય અને છતાંય એમની લાગણીનું સન્માન કરીને આ દિશામાં વધુમાં વધુ ઝડપથી સજા થાય એ દિશામાં અમે ચોક્કસ પ્રયત્ન કરીશું. પોલીસ અધિકારીઓને પણ જે ટેસ્ટ ન કરે તેના માટે સજાની, કેદની જોગવાઈ કરી છે એવો આ પહેલો કાયદો છે અને બીજી જે વાત તેમણે કરી, સસ્પૅન્શન કે ટ્રાન્સફર એ પણ આ કાયદાની અંદર જોગવાઈ ન થઈ શકે.  બીજો કાયદો છે તેને પણ રૂલ્સ બનાવીને આ રાજય સરકાર વધુ કડકાઈથી અમલમાં આવે એ દિશામાં કાર્યવાહી કરી રહી છે. આજે હું જે બિલ લઈને આવ્યો છું, આપની સમક્ષ ઉપસ્થિત થયો છું. એ બિલ એ કાયદાની કોરી કલમો નથી. અમદાવાદમાં જે કરુણાંતિકા થઈ, એના પછી આ રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈએ રાજયની પ્રજાને સંદેશો આપ્યો કે અમે આ ઘટનાથી કોઈ પણ રાજકીય આટાપાટામાં પડ્યા વગર ભવિષ્યમાં આવી ઘટનાઓ ન થાય એ દિશામાં અમે મક્કમ પગલાં ભરીશું. એમણે વેદના વ્યક્ત કરી હતી કે આનો ભોગ ગરીબો બન્યા છે અને કોઈ પોતે રૂપિયા રળવા માટે ગરીબોની જીંદગી સાથે ખીલવાડ ન કરી શકે એ પ્રકારની અમે વ્યવસ્થા કરીશું. એમણે નિર્ધાર વ્યક્ત કર્યો હતો કે જે આમાં દોષિત છે એને કઠોરમાં કઠોર સજા થાય એ પ્રકારની અમે વ્યવસ્થા કરીશું. એ વેદનામાંથી જે ભાવના જન્મી હતી એને અમે કલમોમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે અને એમાંથી આ સુધારાઓ ઉભા થયા છે અને આ સુધારાઓને સ્પિરિટથી, નીચેના સ્તર સુધી લાગુ કરવા માટે આ સરકાર અને આ સરકારનો છેલ્લામાં છેલ્લો કર્મચારી કટિબદ્ધ રહે અને તેનો સાચી રીતે અમલ થાય તેના માટે રાજય સરકા કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને દુઃખ છે એક વાતનું કે જ્યારે આ ઐતિહાસિક બિલ આવ્યું છે એ વખતે આ પ્રજાના અને ખાસ કરીને ગરીબ પ્રજાના, છેવાડાના માનવીના કલ્યાણની વાત હતી. એ વખતે મને આ ગૃહના સૌ સભ્યોનું સમર્થન મળ્યું હોત, બધાના વિચારો જાણવા મળ્યા હોત, બધાના સૂચનો જાણવા મળ્યા હોત અને બધાએ સામુહિક રીતે આ નશાના દૈત્યની સામે લડવાનો સંયુક્ત સંકલ્પ આ ગૃહમાં કર્યો હોત તો આની તાકાત અનેકગણી વધવાની હતી, પરંતુ કમનસીબે એ નથી થઈ શક્યું, પરંતુ અમે " એકલો જાને રે "માં માનીએ છીએ. ભલે કોઈ સાથ આપે ન આપે, અમે નશાબંધીને કડક રીતે લાગુ કરવા માટે કૃતનિશ્ચયી છીએ અને તેનો અમલ ગુજરાતમાં થવાનો, થવાનો ને થવાનો છે. આ નશાના દૈત્યની સામેની લડાઈ છે. તેમાં અનેક તબક્કાઓ આવે. કોઈક તબક્કામાં એ નશાનો દૈત્ય આગળ આવે, કોઈક તબક્કામાં તંત્ર આગળ જાય, પરંતુ તેનાથી લડાઈ હરાતી નથી. આ લડાઈમાં અંતે વિજય ભારતના બંધારણનો થવાનો છે. આપણા કાયદાનો થવાનો છે અને નશાબંધીના કાયદાના અમલનો થવાનો છે. લડાઈમાં જુદા જુદા પડાવો આવે પણ સેનાપતિએ તેનાથી હતાશ ન થવાય. નવી વ્યૂહરચના બનાવવી પડે. નવી ગોઠવણ કરવી પડે અને વધુ મક્કમતાથી જેની સામે લડાઈ છે એ દૈત્ય પર તૂટી પડવું પડે અને એ સ્પિરિટથી આ નશાબંધીના કાયદામાં સુધારા લઈને અમે આવ્યા છીએ. રાજયના મુખ્યમંત્રીશ્રીએ ત્રણે પ્રકારના જે છિદ્રો હતા એ પૂરવાનો પ્રયત્ન કર્યો છે.

જે લઠ્ઠો વેચવા માટે જવાબદાર છે, જે લઠ્ઠો બનાવવા માટે જવાબદાર છે એમને દેહાંત દંડની સજા કરવાની જોગવાઈ છે. મટિરિયલ સપ્લાયર છે એમને કડક સજા કરવી, ટ્રાન્સપોર્ટેશન કરે એને મોટું આર્થિક નુકસાન થાય એવી જોગવાઈ આ વિધેયકમાં છે. જે છિદ્રો છે એ પૂરવાનો પ્રયત્ન થયો છે. આ ગૃહને હું કહેવા માગું છું કે, મિથાઈલ આલ્કોહોલનો વારંવાર ઉપયોગ થાય છે. એના માટે અનેક પ્રકારના ઉપાયો વિચારી રહ્યા છીએ. ઘણા સૂચનો મળ્યા છે અને એ સૂચનોનો પ્રયોગ ચાલુ છે. મિથાઈલ આલ્કોહોલમાં કૅમીકલ ઉમેરવાથી એનો સ્વાદ

બદલાય, એનો કલર બદલાય અને એની અંદર કડવાશ ઉમેરવાનું સૂચન વિચારાધીન છે. મીથાઈલ આલ્કોહોલનો પીવાના પીણાંમાં ઉપયોગ ન થાય તે પ્રકારનો સુધારો કરીને વ્યવસ્થા કરવા માગીએ છીએ. આ વાત ગૃહના સર્વે સભ્યશ્રીઓને કહેવા માગું છું. મિથાઈલ આલ્કોહોલ વાપરવો જ તેના માટે અશક્ય બની જાય, એ તરત જ ધ્યાનમાં આવે, એના કલરથી ખબર પડી જાય, એની કડવાશથી તરત જ એ થૂંકી દે એ પ્રકારનો સુધારો વિચારીએ છીએ. આ વાત ગૃહના સભ્યશ્રીઓને એટલા માટે કરું છું કે, કાયદાથી રોકવાના પ્રયત્નની સાથે મલ્ટીડાયમેન્શન પ્રયત્ન કરવાનો છે. આ બિલનું એક મહત્ત્વનું પાસું આ છે. એ મંજૂર કરવું જરૂરી છે. આજે ગૃહમાં ઉપસ્થિત બધા સભ્યો આ બિલ સાથે સહમતિ વ્યક્ત કરશે એનો આનંદ છે. બધા સભ્યશ્રીઓને એક વાત કહેવા માગું છું કે, મહાત્મા ગાંધીજીએ દાંડી તરફ કૂચ કરી એની સાથે ચાલતા યાત્રીઓને ખબર નહીં હોય કે તેઓ ઈતિહાસનું સર્જન કરવા જઈ રહ્યા છે, એમને એમ કે તેઓ તો ચાલવા નીકળ્યા છે ગાંધી સાથે. પણ આઝાદીના ઈતિહાસનું જાણે અજાણ્યે એક પ્રકરણ લખી દીધું હતું. આ બિલમાં સહમતિથી આપણે એક ઇતિહાસનું સર્જન કરવા જઈ રહ્યા છીએ. ગુજરાતની પ્રજા આ બિલને સહયોગ આપવા વાળા, નશાબંધી પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યકત કરવા વાળા, નશાબંધીને સમર્થન કરવા વાળા, નશાબંધીને પરાસ્ત કરવાવાળા બધા સભ્યો ઇતિહાસમાં સુવર્ણ અક્ષરથી સ્થાન પામવાના છે. જ્યારે આ બિલ મત માટે મુકાય ત્યારે બધા સભ્યો હા, જી, બોલો તો લાગણીથી હા, જી બોલજો. સભ્યશ્રીઓની લાગણીથી નીકળેલું હા, જી, ઈશ્વરને આવો નવો લઠ્ઠાકાંડ કરવા માટે ના,જી, કહેશે અને નવો લઠ્ઠાકાંડ આ રાજયમાં આવતો રોકી શકાશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪ સન ૨૦૦૯નું મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ - ૨ થી ૯, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪ સન ૨૦૦૯નું મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ના ગુજરાત વિધેયક ક્રમાંક-૧૪, સન ૨૦૦૯નું મુંબઇ નશાબંધી (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૫**

# ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૦૯

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્રમાં •અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧૫ સન ૨૦૦૯ના ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતોની તબદીલી

• વિધેયક ૧૫મી જુલાઈ, ૨૦૦૯ના ગુજરાત ગર્વનમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક્ને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક: ૧૫ સન ૨૦૦૯ના ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અશાંત વિસ્તાર મિલકત તબદીલી પ્રતિબંધ અધિનિયમ ૧૯૯૧માં સુધારા કરવા બાબતનું વિધેયક હું સન્માનનીય સભાગૃહમાં લઈને આવી છું. ૧૯૮૫-૮૬ દરમિયાન સરકારી નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની અનામત બેઠકો અંગે આંદોલનો થયેલા અને આ આંદોલનો ધીરેધીરે એટલા બધા વધ્યા કે કોમી આંદોલનનું સ્વરૂપ એને મળ્યું. મોટા પાયે કોમી આંદોલનો થયા આને કારણે રાજયની અંદર લઘુમતી કોમની અને અન્ય વિવિધ કોમોની સ્થાવર, જંગમ મિલકતોને નુકસાન થયું એટલે લોકો ભય કે અન્ય કારણોસર તેમની સ્થાવર મિલકતો નજીવી કિંમતે વેચી અન્ય સ્થળે સ્થળાંતર કરતા હતા. આવી પ્રવૃત્તિ અટકાવવા માટે તા:૨૯-૧૦-૧૯૮૬થી અશાંત વિસ્તાર ધારો અમલમાં મૂકવામાં આવેલો અને તેની અસર ૧૮-૩-૧૯૮૫થી આપવામાં આવેલી. આ સમયે અમદાવાદ અને વડોદરાના અશાંત વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા. સને ૧૯૮૬નો અશાંત વિસ્તાર ધારો રદ કરી સને ૧૯૯૧માં ગુજરાત એકટ નં. ૧૨ અશાંત વિસ્તાર ધારા ૧૯૯૧ બહાર પાડવામાં આવેલો હતો. આ કાયદાની કલમ-૩ની જોગવાઈ મુજબ રાજયમાં કોમી હિંસા હુલ્લડ કે તેવી અન્ય કોઈ પ્રવૃત્તિ રાજયના કોઈ વિસ્તારોમાં પ્રવર્તતી જણાતી હોય જેને લીધે કાયદો અને વ્યવસ્થા જોખમાઈ ગઈ હોય ત્યારે આ કાયદો અમલમાં મૂકી તે હેઠળ અશાંત વિસ્તારો જાહેર કરી તેના અમલની મુદત નકકી કરી શકાઈ છે. ગુજરાત અશાંત વિસ્તાર ધારો દાખલ થયા બાદ અમદાવાદ વિસ્તારમાં જયાં આ ધારો લાગુ પાડવાનું યોગ્ય જણાયેલ છે તેવા વિસ્તારોમાં અશાંત વિસ્તાર ધારો લાગુ પાડવામાં આવેલ છે અને આ ધારાની મુદત વખતોવખત લંબાવવામાં આવેલ છે. છેલ્લે આ કાયદો તા:૩૧-૧૦-૨૦૦૦ સુધી લંબાવવામાં આવ્યો છે. અશાંત વિસ્તાર મિલકત તબદીલી પ્રતિબંધ અધિનિયમ ૧૯૯૧ અન્વયે અશાંત વિસ્તાર જાહેર કરેલ હોય તેવા વિસ્તારોના મિલકત ધારકોની મિલકતો વ્યાજબી કિંમતે અને મુકત સંમતિથી તબદીલી થઈ શકે તે માટે કાયદાની કલમ- ૪ અને કલમ -૫ માં જણાવ્યા પ્રમાણે કલેકટરશ્રીની પૂર્વમંજૂરી લેવાનું આવશ્યક બનાવવામાં આવેલ છે. આ કાયદાની કલમ-૪ અને ૫ ના હેતુઓ માટે કલમ-૪ હેઠળના સ્પષ્ટીકરણમાં સ્થાવર મિલકતની તબદીલીની જે વ્યાખ્યા આપવામાં આવી છે તેમાં વેચાણ બક્ષીસ અદલાબદલી લીઝથી અથવા અન્ય રીતે તેમજ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ ૧૯૮૨ની કલમ-૫૩ (એ) માં જે કરારનો ઉલ્લેખ છે તેના આંશિક અમલના ભાગરૂપે લેવાયુ હોય અથવા રાખવામાં આવ્યો હોય તેવો કબજો લેવા કે રાખવાના હેતુથી થતી તબદીલીનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપર મુજબની જોગવાઈ છતાં અમદાવાદ શહેરમાં અશાંત વિસ્તાર ધારા હેઠળ અશાંત વિસ્તાર જાહેર થયેલ વિસ્તારોમાં ઉક્ત તબદીલીની વ્યાખ્યામાં બાનાખત અને પાવર ઑફ એટર્નીથી

મિલકતોની તબદીલીનો સમાવેશ થયેલ ન હોવાથી તેનો ગેરલાભ લઈને અનઅધિકૃત રીતે મિલકતોના કબજાની તબદીલીઓ થાય છે. જેમાં મિલકતોના માલિકોને વાજબી કિંમત મળતી નથી અને માલિકની મુક્ત સંમતિ હોતી નથી. જેથી તેને વાજબી કિંમત મળી રહે અને માલિકની ઈચ્છા વગર બળજબરીથી મિલકતોના વેચાણ માટેના પ્રયત્નો અટકાવવા માટે કાયદામાં યોગ્ય સુધારાઓ કરવા જરૂરી છે. કાયદામાં સુધારા અંગેના સૂચિત સુધારા બિલમાં જે જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે એ આ પ્રમાણે છે. કાયદાની કલમ-૪માં મિલકત તબદીલી અંગેની જે જોગવાઈ મુજબ વેચાણથી, ભેટથી, અદલા-બદલીથી, ભાડા પટ્ટેથી અથવા અન્ય રીતે કબજો લેવા અથવા રાખવાના હેતુ માટે થતી તબદીલીનો કલમ-૪ હેઠળના સ્પષ્ટીકરણમાં આપવામાં આવેલ વ્યાખ્યામાં સમાવેશ થયેલ છે. જેમાં હાલમાં બાનાખત અને પાવર ઑફ એટર્નીથી થતી તબદીલીનો સમાવેશ નહીં હોવાથી ઉપર જણાવ્યા મુજબ આ કાયદાની કલમ ૪ અને ૫ હેઠળની જોગવાઈઓની કાર્યવાહીના હેતુસર સૂચિત સુધારાથી સ્થાવર મિલકતોની તબદીલીની વ્યાખ્યામાં પાવર ઑફ એટર્ની અને બાનાખતથી થતી તબદીલીઓને પણ આવરી લેવાયેલ હોવાથી કલેકટરશ્રીએ કાયદાની કલમ-૪ ની જોગવાઈ મુજબ અશાંત વિસ્તારમાં થતી સ્થાવાર મિલકતોની થતી તબદીલીઓને મંજૂરી આપવાની સત્તાનો ઉપયોગ કરતી વખતે પાવર ઑફ એટર્ની અને બાનાખત તથા મિલકતના કબજાની તબદીલીઓને પણ ધ્યાનમાં લાવવાની રહેશે. ઉપર મુજબ સૂચિત સુધારા અગાઉ પાવર ઑફ એટર્ની અને બાનાખતથી થતી મિલકતના કબજાની તબદીલીઓનો સમાવેશ આ કાયદામાં થયેલ નહીં હોવાથી સ્થાવર મિલકતના કબજાની તબદીલી જો અનઅધિકૃત રીતે થયેલ હોય તો તેને અશાંત ધારાની વ્યાખ્યા જોગવાઈના પરિઘમાં લાવીને આવી અનધિકૃત પ્રવૃત્તિ કે પ્રયત્નોને અટકાવવાના હેતુસર કાયદામાં સુધારો સુચવાયેલ છે. તે મુજબ આવી તબદીલીઓ માટે હવે કલેકટરશ્રી પાસે સંબંધિત પક્ષકારોએ મંજૂરી મેળવવા જવું ફરજિયાત બનશે. કલેકટરશ્રીએ કાયદા અંતર્ગત હાલની જોગવાઈ અને કાયદાની કલમ-૫ પછી નવી ઉમેરવાની થતી સૂચિત જોગવાઈ અનુસાર પ્રાપ્ત થતી સત્તાની રૂએ વિગતવાર અને ઊંડાણપૂર્વકની તપાસ બાદ યોગ્ય પુરાવા અને હકીકતોના આધારે અગાઉ પાવર ઑફ એટર્ની અને બાનાખતથી થયેલ તબદીલીઓને નામંજૂર કરી શકશે અથવા આવી તબદીલી યોગ્ય અને મુક્ત સંમતિથી તેમજ વાજબી કિંમત સાથે થઈ હોવાનું પ્રસ્થાપિત થાય તો કલેકટરશ્રી આવી તબદીલીઓને મંજૂરી આપી શકશે. કાયદાની કલમ-૫ પછી નવી કલમ-૫ (એ) દાખલ કરવા માટેની જોગવાઈ સુચવવામાં આવેલ છે. જેનાથી કાયદાની કલમ ૪ અને ૫ની જોગવાઈઓનો ભંગ કરી સ્થાવર મિલકતોની પાવર ઑફ એટર્ની અને બાનાખત દ્વારા થતી કબજા તબદીલીના કિસ્સામાં આપમેળે અથવા અરજીના આધારે તપાસ કરવાની તથા સ્થાવર મિલકતના તબદીલી વ્યવહારમાં ચૂકવાયેલ અવેજની રકમ મિલકત લેનારને અને અપાયેલ કબજો મૂળ માલિકને પરત આપવાની સત્તા કલેકટરને મળે છે તેમજ કલમ-૪ અને ૫ અને નવી ઉમેરાતી કલમ- ૫ (એ) ના ભંગ બદલ દંડની જોગવાઈ સૂચવીને આવા ગુનાને ફોજદારી ગુનો ગણવામાં આવેલ છે. સૂચિત સુધારા બિલના બાબતના વિષયનો સમાવેશ ભારતના સંવિધાનની ૭મી અનુસૂચિની બીજી યાદીની એન્ટ્રી નંબર-૧ અને ૪૫ અને ત્રીજી યાદીની એન્ટ્રી નંબર ૬ અને ૭માં થતો હોઈ, સૂચિત બિલની જોગવાઈઓ ભારતીય કરાર અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈ તથા મિલકત તબદીલી અધિનિયમ ૧૮૮૨ની જોગવાઈ સાથે વિરોધાભાસી થતી હોઈ આ સૂચિત બિલ વિધાનસભા ગૃહ સમક્ષ મંજૂરી માટે મૂકતાં પહેલા ભારત સરકારની વહીવટી મંજૂરી મેળવવાની આવશ્યકતા હતી. ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા. ૧૬-૧-૨૦૦૯ના પત્રથી સૂચિત કાયદામાં સુધારો કરવાનું બિલ ગુજરાત વિધાનસભામાં દાખલ કરવા માટે ભારત સરકારને વાંધો નથી તે મુજબની જાણ કરવામાં આવેલ છે. કાયદા વિભાગના અભિપ્રાય મુજબ આ બિલ વિધાનસભામાં પસાર થયા બાદ

ભારતના સંવિધાનની કલમ ૨૫૪(૨) ની જોગવાઈ મુજબ માનનીય રાષ્ટ્રપતિશ્રીની વિચારણા માટે રાખવાનું રહે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૯ વિધેયક ક્રમાંક-૧૫ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરમાંથી આવું છું અને અમદાવાદ શહેરમાં ૧૯૬૯, ૧૯૮૫ અને ૧૯૯૦ માં જે તે વખતની કોંગ્રેસના શાસનમાં ગમખાવાર કોમી દાવાનળ થતા અને આના કારણે અમદાવાદ શહેર જે ઐતિહાસિક શહેર અને કોટની રાંગની અંદર આપણો જે પૌરાણિક સાંસ્કૃત્તિક વારસાવાળો વિસ્તાર ક્રમાનુસાર જે સ્થિતિ ઊભી થઈ એ સ્થિતિના કારણે આખો ભૌગોલિક બદલાવ શરૂ થયો. તે વખતના ખાડિયાના ધારાસભ્ય અશોકભાઈ ભટ્ટ એમણે ૧૩મી ઓગષ્ટ ૧૯૮૬ એ આ સન્માનનીય સભાગૃહમાં તે ખવતના માનનીય મહેસૂલ મંત્રી સમક્ષ આ અશાંત ધારો લાવીને આ સ્થળાંતર રોકીને, મિલકતોનું રક્ષણ કરવું જોઈએ અને આવા અસામાજિક તત્વોના હાથમાં સત્તા ના જાય તેની ચિંતા કરવી જોઈએ. ખાડિયાના ધારાસભ્ય અશોકભાઈ ભટ્ટ ત્યાંથી ના અટક્યા ત્યારબાદ ૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૧ નાં રોજ સન્માનનીય સભાગૃહમાં આ અશાંત ધારાની જે ક્ષતિઓ હતી એના સંદર્ભમાં સભાગૃહનું ધ્યાન દોરી અને આ અશાંત ધારાના માધ્યમથી લોકોની મિલકતોને, આ શહેરની શાંતિ અને સલામતિનું રક્ષણ કરવા માટે પ્રયત્ન કર્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયકની અંદર જે જૂની અનેકવિધ અસરો હતી એમાં જ્યાં જ્યાં ક્ષતિઓ હતી એ ક્ષતિઓ સુધારવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ બિલ લઈને આવ્યાં છે. એમાં એક ૫(ક) કલમ ઉમેરી છે. એ ૫(ક) કલમ પ્રમાણે કલેકટર સમક્ષ આના સંદર્ભમાં કોકઈપણ અરજી કરી શકે અને કલેકટર પોતે પણ તપાસ કરી શકે છે અને થયેલામાં સ્થાવર મિલકતનો કબજો પરત મેળવવાની સત્તા પણ કલેકટર પાસે છે. કલમ-૪, કલમ-૫, કલમ-૫(ક) ના નિયમનું જો ઉલ્લંઘન થાય તો એમાં શિક્ષાની પણ જોગવાઈ કરવામાં આવી છે. ગુના કરાવાવાળાની સામે ૬ મહિનાની કેદ અને ૧૦,૦૦૦ રૂપિયા દંડ જેવી અસરકારકતા પણ આ કાયદાની અંદર રાખવામાં આવી છે. અશાંત ધારો એ એટલા માટે અગત્યનો છે કે કયાંક અસામાજિક તત્વો મિલકતો પડાવી લેવા માટેના ષડયંત્ર રચે અને આ ષડયંત્રના કારણે તોફાનો કરાવે. કોઈ એક પોળની અંદર પહેલા ચાર મકાનો ઉંચી કિંમતે લે અને ઉંચી કિંમતે લઈ અને પોતે જે બીજો સમાજ રહેતો હોય એને અગવડ પડે એ પ્રમાણેના વાતાવરણનું સર્જન કરે, એને ધાક-ધમકી કરે. એટલે ક્રમાનુસાર એવું થાય કે પાછળના મકાનો બહુ ઓછી કિંમતમાં ખરીદી અને આખે આખી પોળ કોઈ એક સમાજના હાથમાં આવે અને ત્યાં અનેક પ્રકારની અસામાજિક પ્રવૃત્તિનું સર્જન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, અશાંત ધારો એટલે સહજીવન તોડતા ઊભી થતી, સહજીવન તોડતા જે વ્યવસ્થા ઊભી થાય છે એના કારણે કટ્ટરતા વધે છે અને આ કટ્ટરતા અટકાવવા માટે આ કાયદો અગત્યનો છે. ભેગા રાખવાની પ્રથાથી કોમી સંતુલન આવે અને આ કાયદાની અંદર સમાજનું વિભાજન અટકાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે. આપણો દેશ એ બિનસાંપ્રદાયિક દેશ છે. બિનસાંપ્રદાયિક દેશમાં આ બિનસાંપ્રદાયિકતાની જડ મજબુત કરવી હોય તો એવી વ્યવસ્થાનું નિર્માણ કરીએ કે બધા સમાજો સાથે રહે. જ્યારે જયારે આવી સ્થિતિનું નિર્માણ થાય ત્યારે બીજા સમાજો દ્વારા અન્ય સમાજ ઉપર જ્યારે અલગ અલગ જૂથોમાં હોય ત્યારે હુમલા થાય, ત્યાંથી સ્કુટર પસાર થાય, એક જૂથ એક બાજુ રહેતું હોય, બીજું જૂથ બીજી બાજુ રહેતું હોય, બે સ્કુટર અથડાતાં અકસ્માત્ થાય. આ અકસ્માત ઉપર અસામાજિક તત્વો કબજો જોઈને કોમી તોફાનોની અંદર પરિવર્તન થવાના

અનેક કિસ્સાઓ આપણે જોયા છે. નાગરિકોની મિલકતોને રક્ષણ અને અસામાજિક તત્વોની મેલી મુરાદ બર ના આવે એના માટે આ અશાંત ધારો અગત્યનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં ૧૯૮૫ અને ૧૯૯૦ ના તોફાનો જોયાં છે. : દરિયાપુરમાં  પાંચ પટ્ટી, લાલ ટિંબા એ વાળા ભાગમાંથી જો કોઈને કામે જવું હોય તો એને આખું પ્રેમ દરવાજા થઈ, દિલ્હી દરવાજા થઈ ખાનપુર થઈને જવું પડે. લોકોને પોતાના રસ્તાઓ બદલી નાખવા પડતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ અશાંત પરિસ્થિતિનું જે સર્જન થાય અને એક જુથો ભેગો થાય, માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં આવી વસ્તુના કારણે પ્રજા પારેવડાની જેમ ફફડતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ કોમી તોફાનો પાછળ જે મનોવૈજ્ઞાનિક કારણ છે, આ રાજય સરકારે એ મનોવૈજ્ઞાનિક કારણનો અભ્યાસ કરીને એનું સોલ્યુશન લાવવા માટે એના નિચોડ સ્વરૂપે આ અશાંત ધારામાં અગાઉની ક્ષતિઓનો સુધારો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, બે પોળ સામ સામે હોય, એક પોળમાંથી પોતાની દીકરીને મૂકવા માટે જ્યારે બીજી પોળનો રસ્તો પસાર કરીને જવાનું હોય તો ચિંતા થાય, મા-દીકરીઓ શાકભાજી લેવા માટે જતા હોય અને જો આ પ્રમાણેની સ્થિતિ હોય તો એની ચિંતા થાય અને આમાં રાજયના ગૃહ વિભાગે કેટલાક પોલીસ સ્ટેશનોને આવરીને એ પોલીસ સ્ટેશનોનો જ્યાં આ સંભવિત છે એનો આમાં સમાવેશ કર્યો છે. આના કારણે પોળોમાં રહેતા લોકોના રહીશોની તો ચિંતા થાય પરંતુ ૧૪૦૦ વર્ષ જુના પૈરાણિક મંદિરો આજે પણ અમદાવાદ શહેરમાં કોટની રાંગમાં આવેલા છે. હજીરાની પોળમાં મહાદેવનું મંદિર હોય, વેરાઈ માતાનું મંદિર હોય કે ટોકરશાની પોળમાં પદ્માવતી માતાજીનું મંદિર હોય, માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ તો એ ઊભી થઈ છે કે, ભક્ત તો સલામત નહતો પરંતુ આ અશાંત પરિસ્થિતિના ધારા વગર ભગવાન પણ સલામત નહતો. એવા સંજોગોમાં ભક્ત અને ભગવાન બંનેની સલામતી માટે. માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરની કેટલીક પોળોની વાતો કરવા માગું છું, એ આખે આખી પોળો કે જ્યાં હિન્દુ સમાજ રહેતો હતો, આજે એ આખે આખી પોળો ખાલી થઈ ગઈ છે. હજીરાની પોળ, કુંભાર ગલી, ભોઈવાડાની પોળ, ધોબીનો ખાંચો, છવારાની પોળ, સાગરીયાની પોળ, માળીની ખડકી, પીપળાવાળી પોળમાં તો હવે ત્રણ ઘરો બાકી છે. વાણિયા શેરીમાં જે દેરાસર હતું એ દેરાસરને શીફટ કરવું પડ્યું. મોટી સાલેમપરીમાં છ- સાત મકાનો એ લોકોએ ખરીદી લીધા છે. જો આ ધારાનો અમલ કરીશું તો આપણે મોટી સાલેમપરીને બચાવી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, લાલબાવાનો ટિંબો, આપણને સૌને ખબર છે કે, આ લતીફનું સામ્રાજ્ય ઊભું થવામાં આ પાંચ પટ્ટીનો આખો ભાગ જ્યાં એક જુથ અને એક સમૂહને કારણે પોલીસને પણ જે તે દિવસોમાં ત્યાં દાખલ થતા તકલીફ પડી હતી જેના કારણે અસામાજિક તત્ત્વો બેફામ બન્યા હતા અને આ શહેરની શાંતિ, સલામતી, સુરક્ષાને લતીફની ગૅન્ગોએ બાનમાં લીધી હતી. માનનીય અધ્યક્ષશ્રી, હજી એક આ કાયદાના કારણે જે મોટો ફાયદો થવાનો છે, આખે આખી ભંડેરી પોળ આ લોકોના ટાર્ગેટમાં છે. અમદાવાદ શહેરનું હાર્દ એવું તેલ બજાર, કાપડ બજાર અને અનાજ બજાર આજે પણ કાલુપુરમાં આવેલું છે. આ કાયદાના કારણે આપણે આ ત્રણેય બજારો બચાવી શકીશું. આજે ગુજરાતમાં અમદાવાદ શહેરમાં આજુબાજુના જિલ્લા અને તાલુકાઓમાંથી ખરીદી કરાવાવાળો આવતો માણસ જ્યારે અહીંયા જતો હોય અને જો ક્રમશઃ કોઈ એક જુથનું પ્રમાણ વધે અને પછી એ જુથના દબાણ હેઠળ જો ધંધો કરવો હોય તો સામાન્ય માણસ ધંધો ન કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અસામાજિક તત્ત્વો અને કેટલીક વખત તો મેં જોયું છે કે, * (xxxxx) (xxxxx)

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ વાકયો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યાં છે.

(xxxxx)(xxxxx) (xxxxx) (xxxxx)(xxxxx)

**અધ્યક્ષશ્રી** : એ વાતને હું કાઢી નાખું છું. એ ઉલ્લેખો હું કાઢી નાખું છું અને આપ બીલની જોગવાઈઓ ઉપર આવો. એનું વિસ્તૃતિકરણ ઘણું થઈ ગયું છે, બીલની જોગવાઈઓ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો આશય છે કે, શાહપુર મિલ કમ્પાઉન્ડ

**અધ્યક્ષશ્રી** : અન્ય રાષ્ટ્રની વાતો હું કાઢી નાખું છું અને આપ બીલની જોગવાઈ ઉપર હવે બોલો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** :શાહપુર મિલ કમ્પાઉન્ડ મને ખ્યાલ છે કે, આખા દેશના તમામ પ્રાંતોના લોકો શાહપુર મિલ કમ્પાઉન્ડમાં એક સાથે રહેતા હતા.આજે આખે આખું શાહપુર મિલ કમ્પાઉન્ડ ખાલી થઈ ગયું છે. એક જમાનામાં ભારત દેશની એકતાના પ્રતીક સમાન શાહપુર મિલ કમ્પાઉન્ડ હતું. રાજય સરકાર આટલેથી અટકી નથી. વસ્તીનું ધ્રુવીકરણ એ નાગરિકોમાં દુઃખ અને વૈમનસ્યની ભાવનામાં વૃદ્ધિ થાય, કોમી તોફાનો થાય આનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવા માટે વસ્તીનો માત્ર વિકાસ નહીં, કાયદો, વ્યવસ્થા તેમજ સામાજિક, આર્થિક વિકાસ ઉપર આધારિત હોવો જોઈએ એના માટે ડેમોગ્રેટ ડેમોગ્રાફીકલ ચેન્જ માટે પણ રાજય સરકારે પ્રતિબદ્ધતા દર્શાવી છે એમ રાજય સરકારે આ કાયદો અશાંત ધારો લાવીને આ શહેરના નાગરિકોની મિલકતની સલામતી માટેનો પ્રયાસ કર્યો છે. આ બીલને હું મારું સમર્થન આપું છું.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ):**માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ અશાંત વિસ્તાર મિલકત તબદીલી પ્રતિબંધ ધારો ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૫ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું. અશાંત વિસ્તાર મિલકત તબદીલી ધારો બીલ સામાન્ય માણસ માટે ખૂબ જ મહત્વનું બીલ પુરવાર થશે. તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અગાઉના અશાંત વિસ્તાર મિલકત તબદીલી ધારા ૧૯૯૧ના સુધારામાં પાવર ઓફ એટર્ની અને બાનાખતથી મકાન ટ્રાન્સફર થતા પરંતુ આ બીલમાં સુધારો કરીને કલમ -૪, ૫માં જે સ્પષ્ટીકરણમાં જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તેનાથી હવે પાવર ઓફ એટર્ની અને બાનાખતથી વેચાણ કે ટ્રાન્સફર થઈ શકશે નહીં. અશાંત ધારા બીલ ૧૯૮૫-૮૬માં અમદાવાદ પૂરતું આવેલ અને ૧૯૯૧માં આ અશાંત ધારા બીલ આવેલ ત્યારે તત્કાલીન ખાડીયાના ધારાસભ્યશ્રીએ તા. ૧૪ ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ આ સન્માનનીય ગૃહની અંદર રજૂઆત કરેલ કે બાપુનગર વિસ્તારમાં જયાં જયાં હાઉસીંગ બોર્ડના મકાનો છે ત્યાં હાઉસીંગ બોર્ડના મકાનોની વેચાણની જોગવાઈ ન હોવા છતાં પણ પાવર ઓફ એટર્ની કે બાનાખતથી મકાનો ટ્રાન્સફર થાય છે તો આ બીલમાં પાવર ઓફ એટર્ની કે બાનાખતથી ટ્રાન્સફર ન થાય એ માટે જોગવાઈ કરો પરંતુ એ વખતની સરકાર માની નહીં અને બીલમાં સુધારો કરેલ નહીં. જે ખૂબ જ દુઃખદ બાબત કહી શકાય જેથી હજારો મકાનો ગરીબ માણસોના પાવર ઓફ એટર્નીથી અને બાનાખતથી ટ્રાન્સફર થઈ ગયેલ. મારો વિસ્તાર જે બાપુનગર કહેવાય છે અને તેમાં હાઉસીંગની મોટી કોલોનીઓ આવેલ છે. આ વિસ્તાર એક વખત ચારોડીયા ચોક અને મોરારજી ચોકના નામથી ઓળખાતો અને આ વિસ્તારમાં બહુમતી કોમના લોકો રહેતા અને પોતાના ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવતા. એ વખતે બાપુનગર વિસ્તારમાં કોમી તોફાનો અને હુલ્લડો અવારનવાર થતા તેનો લોકો ભોગ બનતા. હું પણ મોરારજી ચોકમાં રહેતો. ૧૯૬૯ તથા ૧૯૮૫માં તોફાનો અને કોમી હુલ્લડો થયેલ જેથી કરફયુ લાદવામાં આવતો (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટમાં પૂરું કરીશ. મારા વિસ્તારની વાત છે. ઘરમાં લોકોને રહેવું પડતું, બાળકો સ્કૂલે પણ જઈ શકતા ન હતા અને બહાર નીકળતા સ્ટેબીંગ થતા અને સરેઆમ લૂંટ

અને ખૂનના બનાવો બનતા. મૃત્યુ પામેલા અને ઘાયલ થયેલા લોકોને હાથલારીઓમાં પહોંચાડવામાં આવતા. એ વખતની સરકારની જે સ્થિતિ હતી કે માણસ મૃત્યુ પામેલ હોય, ઘાયલ થયેલ હોય તો એને હાથલારીમાં લઈ જતા એ વખતે કોંગ્રેસના શાસનમાં સમયસર સારવાર નહીં મળતા લોકો મૃત્યુ પામતા. આજની ગુજરાતની સરકારે જે ૧૦૮ની સગવડ કરેલ છે એવી સગવડ પહેલા કોઈ દિવસ નહોતી. એ વખતે કાયદાનું પુરતુ રક્ષણ ન મળવાથી આ બાપુનગરમાં વસતા બહુમતી કોમના લોકોના મકાનો લઘુમતી કોમના ગુંડા ટોળકી દ્વારા ડરાવીને એકસંપ થઈને આ મકાનોની આખીને આખી કોલોનીઓ લધુમતી કોમના લોકોએ પાણીના ભાવે પડાવી લીધી.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. સભાગૃહ વિરામ બાદ ૧૧-૦૦ વાગે ફરી મળશે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (વડોદરા શહેર)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ ગુજરાત અશાંત વિસ્તારોમાં સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત સુધારા વિધેયક લઈને આવ્યા છે અને એને મારું સમર્થન આપું છું.

અમદાવાદ હોય, વડોદરા હોય, ભાવનગર હોય કે પછી સુરત હોય એવાં મોટાં શહેરોમાં ઠેરઠેર વર્ષોથી કોમ્યુનલ રાયોટ્સ થતાં રહ્યાં છે. મને યાદ છે ૧૯૮૧ થી ૧૯૯૦ નો સમયગાળો. એ સમયગાળામાં વડોદરા શહેરમાં કન્ટીન્યૂન કોમ્યુનલ તોફાનો થતાં રહ્યાં. એક દિવસ એવો હતો કે બે કલાકમાં ૮૦ સ્ટેબિંગો થયાં અને

**અધ્યક્ષશ્રી** : આપ બિલ ઉપર આવશો તો સારું રહેશે. આ બધા વર્ણનો થઈ ગયેલ છે. બિલની જોગવાઈ ઉપર બોલશો એ સારું રહેશે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : ખાસ આ બિલ ઉપર એ જ કહેવું છે કે આ જે તબદીલી ઉપર પ્રતિબંધ મૂકવા માટેનું વિધેયક છે, એને ખરેખર હું આવકારું છું અને હ્દયપૂર્વક અભિનંદન આપું છું. શહેરના જે વિસ્તારો છે, એ વિસ્તારોની પરિસ્થિતિ, લોક લાગણી છે એ લોક લાગણી આજે અશાંત ધારો ઝડપથી રાજ્યમાં એનો અમલ થાય અને એના કારણે રાજ્યના નાગરિકોને રાહત મળે, એવા સમયે પણ આ શહેરની અંદર જે વખતે બૉમ્બ બ્લાસ્ટ થયા હોય, ઘરો સળગાવી દીધા હોય, બે વર્ષની બાળકીને એસીડના ટબમાં નાખી દીધી હોય આવા દિવસો જોયા છે અને એના કારણે શહેરના છીપાડ વિસ્તાર હોય, નાગરવાડા વિસ્તાર હોય, ખત્રી પોળ, પટેલ ફળિયું એવા ઘણા વિસ્તારો ખાલી થઈ ગયા છે. મને વિશ્વાસ છે કે આ અશાંત ધારાનું વિધેયક પાસ થયા પછી જે લોકો અન્ય સલામત સ્થળે પહોંચ્યા છે એ પાછા આ વિસ્તારોમાં આવશે, એવી મને ખાતરી અને વિશ્વાસ છે. હું એ કહેવા માગું છું કે અશાંત ધારાના કારણે પરિસ્થિતિ એ ઊભી થઈ અશાંત ધારો નહોતો, ત્યારે જમીનના દલાલો કે જેમણે તોફાનો કરાવીને આ જગ્યા હડપ કરવા માંડી. હમણા જેમ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે પહેલા મકાન ઊંચા ભાવે લઈ લેવામાં આવે, પછી આખી પોળ સસ્તા ભાવે લઈ લેવામાં આવે. તોફાન થાય એટલે જમીન દલાલો, સીમી સાથે જોડાયેલા આ દલાલો આ સ્થળે પહોંચીને તેમના દ્વારા સસ્તા ભાવે મકાન લેવાની કાર્યવાહી થાય. આવા અનેક બનાવો વડોદરા શહેરમાં અને રાજ્યમાં બની રહ્યા છે. આ વિધેયકથી આ જમીન દલાલોનું મોટું કૌભાંડ છે એ હું માનું છું કે ખુલ્લું પડશે અને એના કારણે શહેરના નાગરિકોને રાહત થશે. શહેરમાં એવા

વિસ્તારો છે કે જ્યાં આગળ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ છે. આ દલાલો દ્વારા એ હાઉસિંગ સોસાયટીનાં મકાનો ખાલી થયાં હોય એમાં ગેરકાયદેસર તાળાં તોડીને ઘૂંસી જઈને અને પછી પોતાનો કબજો છે, તેવું પ્રસ્થાપિત કરવા કોર્ટમાં પ્રયત્ન કરે અને કો-ઓપરેટિવ સોસાયટીના નાગરિકો કલેક્ટર પાસે દાદ માગે અને કલેક્ટર એમને સાંભળે છે. તો આ વિધેયકથી જે અશાંત વિસ્તારોમાં રહેતા નાગરિકોને લાભ થવાનો છે, એ ખરેખર આનંદની વાત છે. માનનીય મંત્રીશ્રી આ વિધેયક લઈને આવ્યા છે એને હું હાર્દિક સમર્થન આપું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫-૮૬માં અનામત આંદોલનો થયા અને કોમી સ્વરૂપ પકડાયું તે વખતના દૃશ્યો મેં પણ જોયા છે અને અનુભવ પણ કર્યો છે. કેવો ખોફ એ સમયે હતો, કેવો ડર એ સમયે હતો, રસ્તામાં જનાર વ્યકિત પણ સહીસલામત ઘરે પહોંચશે કે કેમ? એ પ્રશ્ન હતો. સ્ટેબીંગ પણ થતા હતા. પાછળથી છરીઓ વગેરે હુલાવી દેવામાં આવે અને કોઈનો જીવ પણ થતો હતો તો કોઈ ઘાયલ થઈને, લોહી લુહાણ થઈને હોસ્પિટલમાં પહોંચવાનું હોય અને ઘરે પહોંચવાનું હોય. આની ચર્ચાઓ થતી હતી ત્યારે ભય કેવો હોય છે, ભય કેવો સતાવે છે તેનું એક નાનું ઉદાહરણ આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે શાળામાં અભ્યાસ કરાવતી હતી તે શાળાની અંદર પ્રાથનાસભા ચાલતી હતી અને એક છોકરીને વાઈ આવી અને તેણે સહેજ બૂમ પાડી, આ બૂમ પાડતાંની સાથે જ શાળાની ૫૦૦-૭૦૦ વિદ્યાર્થીનીઓ ચાર ફૂટ ઉંચી દિવાલ કૂદી ગઈ હતી. સામાન્યરીતે ચાર ફૂટ ઉંચી દિવાલ કોઈ ન કૂદી શકે, પણ નાના બાળકો ચાર ફૂટ ઉંચી દિવાલો કૂદી ગયા અને ત્યારપછી તેમને પાછા લાવવા માટે તેમને સહારો આપવા પડયો, ઉપર ચઢીને બાળકોને અંદર લાવવા પડયા તે બતાવે છે કે તે સમયે કેટલો ભય બાળકોમાં પણ હતો, મહિલાઓમાં પણ હતો. મને ખબર છે કે અમદાવાદ શહેરની બહેનો શાકભાજી ખરીદવા અને કપડાં સસ્તા મળે તેના માટે રતનપોળમાં જાય, માણેકચોક જાય, ઢાલગરવાડમાં જતી પરંતુ આ ઘટનાઓને પરિણામે આ બહેનોએ એ વિસ્તારોની અંદર સસ્તુ મળતું અનાજ, શાકભાજી, કપડાં ખરીદવાનું ઘણા લાંબા સમય સુધી બંધ કર્યુ હતું. એટલા માટે એ સમયે જયારે આ કાયદો લાવવામાં આવ્યો ત્યારે તેના કારણે આવા જે સ્થળાંતર અને સ્ટેબીંગ થતા જે વિસ્તારો હતા તેને આપણે અટકાવી શકયા છીએ. આજ સભાગૃહના આપણા ધારાસભ્યશ્રી શૈલેષભાઈ પરમાર એમના સ્વ.પિતાશ્રી મંત્રી હતા અને મંત્રી હોવા છતાં પણ તેમણે પોતાને રાયખડની અંદરથી સ્થળાંતર કરવું પડયું હતું અને બીજે સ્થાને રહેવા જવું પડયું હતું તે આ કેવો ખોફ હતો અને કેવું વાતાવરણ હતું તેનું ઉત્તમ ઉદાહરણ છે. શહેરનો કોટ વિસ્તાર ધીમે ધીમે ખાલી થવા માંડયો. મારા અગાઉના ધારાસભ્યશ્રીઓએ કહયું તેમ એક મકાનને ઉંચી કિંમતે ખરીદી લેવામાં આવે અને ત્યારપછી માંસ, મચ્છી વગેરેનો પ્રબંધ કરવામાં આવે, લગ્ન રોડ ઉપર શેરીઓની અંદર જ કરવામાં આવે અને તેવા પ્રકારનું માનસિક વાતાવરણ, માનસિક ત્રાસ ઉભો કરવામાં આવે કે જેથી પડોશીઓને મકાન ખાલી કરીને સસ્તામાં વેચીને જતું રહેવું પડે. પછી ધીરે ધીરે કરીને આખી શેરીઓની શેરીઓ સસ્તાની અંદર ખરીદી લેવામાં આવે, કયાંક ગેરકાયદેસર દબાણ પણ કરી દેવામાં આવે અને આમ કરીને જયારે આખું શહેર ખાલી કરવા માટેનું વાતાવરણ ઉભું થયું તેવા સમયની અંદર આ અશાંત ધારો આવ્યો. આ અશાંત ધારા ઉપર અનેક ધારસભ્યશ્રીઓએ પોતાના વકતવ્યો રજૂ કર્યા છે અને એટલા માટે વધારે ન કહેતાં સન્માનનીય ધારાસભાગૃહને વિનંતી કરું છું કે આ અશાંત વિસ્તાર ધારો પાસ કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંકઃ ૧૫-સન ૨૦૦૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈઓ કરવા બાબત(સુધારા) વિધેયકનું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ-૨ થી ૭, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંકઃ ૧૫-સન ૨૦૦૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈઓ કરવા બાબત(સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંકઃ ૧૫-સન ૨૦૦૯નું ગુજરાત અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈઓ કરવા બાબત(સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૩નું ગુજરાત વિધેયક ક્રમાંક- ૩૦**

## ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક,૨૦૦૩

**સંગઠિત ગુના સિન્ડીકેટ અથવા ટોળીની ગુનાહિત પ્રવૃત્તિઓના નિવારણ અને અંકુશ માટે અને તેને પહોંચી વળવા માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈઓ કરવા બાબત વિધેયક**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૩ના વિધેયક ક્રમાંકઃ ૩૦-સન ૨૦૦૩નું ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના અને દેશના વૈધાનિક ઈતિહાસની અંદર કદાચ સૌથી વધુ કોઈ બિલે કાયદામાં પરિવર્તિત થવામાં પ્રતિક્ષા કરવી પડી હશે તો આજે હું જે વિધેયક લઈને ઉપસ્થિત થયો છું એ બિલે કરવી પડે છે. આની શરૂઆત તા. ૧૨-૧૧-૨૦૦૨ના રોજ ભારત સરકારે સંગઠિત ગુનાખોરીને નાથવા માટે એક કાયદાનું મોડેલ બનાવીને દેશની બધી રાજય સરકારોને મોકલ્યું હતું ત્યારથી થયું. આની જરૂર એટલા માટે પડી હતી કે રાજય સરકાર પોટાના કાયદા હેઠળ આતંકવાદને કાબુમાં લેવા માગતી હતી અને પોટો પહેલાં ઑર્ડિનન્સના સ્વરૂપમાં લાવવાનો નિર્ણય કર્યો, પોટો આવી જાય, પરંતુ પોટાનો કાયદો આતંકવાદને લગતો હતો અને આતંકવાદ નાબૂદ કરવાની બધી જોગવાઈઓ એ પોટાના કાયદામાં કરેલી હતી પરંતુ આતંકવાદને જ્યાંથી બળ મળે છે જયાંથી લોજીસ્ટીક સપોર્ટ મળે છે જયાંથી આતંકવાદ માટેનું કાચું મટિરિયલ્સ એ ભલે એ

ભૌતિક સાધનોનું હોય કે માનવ સંશાધનનું હોય એ મળે છે, એવા ઓર્ગેનાઈઝડ ક્રાઇમને નાથવા માટે પોટાની અંદર જોગવાઈઓ ન હતી એટલે આપણા બંધારણની અંદર જે જોગવાઈ છે એ મુજબ લો એન્ડ ઑર્ડર એ સ્ટેટનો સબજેકટ છે એટલે જે તે કેન્દ્ર સરકારે એક મોડેલ કાયદો બનાવ્યો અને દેશની બધી રાજય સરકારોને મોકલ્યો કે દેશની બધી રાજય સરકારો આ કાયદાને સ્વીકારે એમના વિધાનમંડળોની અંદર પસાર કરે અને કાયદાને અમલમાં લાવે તો એ કાયદો અને પોટા આ બે ભેગા થઈ સંપૂણપર્ણે આતંકવાદને નશ્યત કરવા માટેની કાયદાકીય વ્યવસ્થા ઉભી થાય અને સુરક્ષાબળોને કાયદાકીય પીઠબળ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા આશયથી આ કાયદો લાવવામાં આવ્યો. તા.૧૭-૩-૨૦૦૩ના રોજ આ કાયદાને પહેલીવાર આ વિધાનસભાએ મંજૂર કર્યો પરંતુ વિધાનસભાએ મંજૂર કર્યો, રાષ્ટ્રપતિ મહોદયની સંમતિ માટે જાય એ પહેલાં મહારાષ્ટ્રની અંદર મકોકાના ક્રાયદાની કેટલીક કલમો મહારાષ્ટ્ર હાઈકોર્ટની અંદર ચેલેન્જ થઈ અને મહારાષ્ટ્ર હાઈકોર્ટે મકોકાની કેટલીક કલમોને રદ કરી એટલે રાષ્ટ્રપતિ મહોદયે મંજૂરી આપતાં પહેલાં જે કલમો મહારાષ્ટ્ર હાઈકોર્ટે રદ કરી હતી એ કલમો આપણા કાયદાની અંદરથી કાઢી નાખવા માટે પુનઃવિચારણા કરવા માટે આ કાયદો વિધાનસભાને પરત કર્યો. તા.૨-૬-૦૪ના રોજ જે કાયદો પરત મોકલવામાં આવ્યો હતો એ કાયદાને પણ રાષ્ટ્રપતિ મહોદયે સૂચવેલા સુધારાઓ કરીને આ વિધાનસભાએ ફરીવાર રાજયપાલશ્રી મારફત ભારત સરકારને મોકલી આપ્યો. એ તા.૨-૬-૨૦૦૪થી ચોથું વર્ષ ગયું, પાંચમું વર્ષ ગયું, છઠ્ઠું વર્ષ ગયું, સાતમું વર્ષ ગયું, આઠમું વર્ષ ગયું અને તા. ૨૫-૬-૨૦૦૯ના દિવસે ભારતની કૅબિનૅટે કાયદાની અંદર ફરીવાર કેટલાક સુધારાઓ કરીને કાયદો પાછો મોકલ્યો. ૨૦૦૨માં શરૂ કરેલી આ કાયદાની યાત્રા આજે પણ પૂરી નથી થઈ. હું આશા રાખું છું કે આ વિધાનસભા સુધારાઓ પર વિચારણા કરીને જે મંજૂરી આપે એને છેલ્લા મંજૂરી મળે અને કાયદો અસ્તિત્વમાં આવે. કારણ કે આ કાયદો સામાન્ય માણસના હિતનો છે, આ કાયદો રાજ્યની સુરક્ષાને લગતો છે, આ કાયદો દેશની સુરક્ષાને લગતો છે અને રાજ્યનું હિત હોય કે દેશની સુરક્ષા, સામાન્ય માણસની સુરક્ષા હોય કે ઉદ્યોગોની સુરક્ષા આની બાબતમાં વિતંડાવાદ ન હોઈ શકે. આની બાબતમાં એકમતી હોવી જોઈએ. કોઈ પણ લોકશાહી દેશ હોય એની અંદર આ મુદ્દા ઉપર કે આવા કાયદા માટે એકમતી જોવા મળતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આ કાયદાને મૂળ સ્વરૂપે લઈને આ વિધાનસભા ગૃહ સમક્ષ હું આવ્યો છું એ વખતે મારે થોડીક વાત કહેવી છે કે, જેથી આ કાયદાની ગંભીરતા આ ગૃહના સભ્યશ્રીઓ અને આ ગૃહના માધ્યમથી ગુજરાતની જનતા સમજી શકે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત ગુજરાત વિધાનસભાના માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, આતંકવાદે છેલ્લા અનેક વર્ષોમાં એના સ્વરૂપો બદલ્યા છે. સૌ પ્રથમ આતંકવાદ એક જીયો પોલિટીકલ સમસ્યાઓ માટે સરફેઈસ પર આવ્યો. જ્યાં રાજકીય ઝગડાઓ હતા, સીમાઓના ઝગડાઓ હતા, પ્રાંતના ઝગડાઓ હતા ત્યાં આગળ આતંકવાદ નજરમાં આવ્યો અને પછી લેફ્ટિસ્ટ આંદોલન ચાલ્યું પછી નક્સલવાદ, માઓવાદને લીધે ભૂખના લીધે આતંકવાદ ચાલ્યો. જેમને અધિકારો ન મળ્યા એમણે હથિયારો પકડ્યા અને એના લીધે દુનિયામાં એક અલગ વિચાર ચાલુ થયો અને લગભગ દુનિયામાં આજે એવું કહી શકાય કે ભૂખના લીધે હથિયાર ઉપાડવા પડે એવી સ્થિતિ સદ્‌નસીબે કોઈ જગ્યાએ રહી નથી. પરંતુ એના પછી ધર્માંધતાના કારણે આતંકવાદ અસ્તિત્વમાં આવ્યો. ૧૯૯૦થી મારા ધર્મના મત સિવાય બીજા કોઈ ધર્મના મતાવલંબીઓ આ દુનિયામાં રહી જ ન શકે એવી દુનિયાનું સર્જન કરવાની આકાંક્ષા સાથે કેટલાક લોકોએ એક વિચારનું બીજ રોપ્યું અને ધીરે ધીરે એની શરૂઆતની અવગણનાના કારણે આજે એક મોટી વિકરાળ સમસ્યા તરીકે દેશભરની સામે અને દુનિયાભરની સામે એક આતંકવાદ તરીકે ઊભું છે. આને નાબૂદ કરવું હોય તો

આઈ.પી.સી. ન ચાલે. એનું કારણ આઈ.પી.સી.ની જ્યારે રચના કરવામાં આવી ત્યારે આ પ્રકારની સમસ્યાઓ અસ્તિત્વમાં જ ન હતી અને સમસ્યાઓ અસ્તિત્વમાં ન હોય, એવી સમસ્યાઓ હોય જ નહીં સમાજ સામે તો એના નિવારણની જોગવાઈઓ એ કાયદાની અંદર ના હોય એ બહુ સ્વાભાવિક છે. એટલે આઈ.પી.સી.ની અંદર એવી કોઈ જોગવાઈઓ નથી કે આજના સાંપ્રત સમયના આ ધાર્મિક આતંકવાદની સામે લડી શકે. ધાર્મિક આતંકવાદની સામે લડતા સુરક્ષા બળોને કાયદાકીય પીઠબળ પૂરું પાડી શકે. ધાર્મિક આતંકવાદ સામે લડવા વાળા સંગઠનોને એક મોરલ સપોટ આપી શકે, ધાર્મિક આતંકવાદની સામે લડતા અને શહીદ થતા જવાનોની શહીદી એળે ન જાય એવી વ્યવસ્થા કરી શકે એવી કોઈ જોગવાઈ આજના આઈ.પી.સી.માં નથી. અને એના કારણે જ્યારે કેંદ્રમાં એન.ડી.એ.ની સરકાર હતી શ્રી અટલજી અને અડવાણીજીના નેતૃત્વમાં, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એન.ડી.એ.ની સરકાર ચાલતી હતી એ સરકારે પોટાનો કાયદો ઘડ્યો છે. એ પોટાના કાયદામાં આ બધી જોગવાઈઓ કરી હતી કે જેથી આ દેશની અંદર આતંકવાદ ફેલાવવાની કોઈની ઇચ્છા પણ ઉભી ન થાય અને કોઈ ઘેલછાને વરેલો આતંકવાદી એ ઘેલછા અમલમાં મૂકે એને મૃત્યુ દંડ થાય અને વર્ષો સુધી એક સંદેશો જાય કે અહીંયા કોઈ એવા પ્રકારનું શાસન નથી કે એ આતંકવાદને સહન કરી શકે કે ચલાવી શકે કે માફ કરી શકે. આ પોટાનો કાયદો બહુ સુંદર રીતે અમલમાં આવ્યો હતો, એના સંદેશાઓ સરહદ પાર ગયા હતા. સરહદ પાર પણ જ્યાં ધાર્મિક ઉશ્કેરણીઓ થતી હતી એ વખતે પોટાના નામનો થથરાટ એ વખતે એમના આતંકવાદીઓના કૅમ્પની અંદર પણ દેખાવા માંડ્યો હતો અને ઘટનાઓ ધીરે ધીરે ઘટતી જતી હતી અને જે ઘટનાઓ થતી હતી એની અંદર પોટાનો ઉપયોગ કરી સજાઓ પણ થતી હતી. ગુજરાતની અંદર પણ ૧૪ કેસોમાં પોટા લગાવ્યો અને ૧૪માંથી ૧૧ કેસોમાં આપણે એને દેહાંતદંડની સજા કરાવવામાં સફળ થયા છીએ. હું ચોક્કસ માનું છું કે, પોટાનો કાયદો ન હોય તો પ્રોસિક્યુશન એજન્સીઓ આમાં સફળતા ના મેળવી શકે. આપણા દેશની વિશિષ્ટ પ્રકારની પરિસ્થિતિ છે, પાડોશી દેશ સાથેના સંબંધો વિભાજન વખતથી વિખવાદવાળા રહ્યા અને ભૂમિ સીમા અને જળ સીમા બન્ને એટલી ગૂંચવાડાવાળી છે કે ક્યાં દેશ પતે અને ક્યાં શરૂ થાય એના સીમાંકન કરવા પણ અઘરા છે, દેશની બન્ને બાજુએ પાડોશી દેશો સાથે સારા સંબંધો કમનસીબે નથી રહ્યા, સમગ્ર વિશ્વએ સ્વીકાર્યુ છે કે આપણો પાડોશી દેશ એ આતંકવાદનું એપીક સૅન્ટર છે, આ સમગ્ર વિશ્વએ સ્વીકારેલી વાત છે, એ વખતે ભારત ગાફેલ ના રહી શકે, ભારત સુરક્ષા તરફ બેદરકાર ના રહી શકે, ભારતની સંસદ, ભારતના રાજયના વિધાનમંડળોએ રાજયની પ્રજાની રક્ષા માટે, દેશની પ્રજાની રક્ષા માટે કટિબદ્ધતા કેળવવી પડે, કઠોરમાં કઠોર કાયદાઓ લાવવા પડે એનો અમલ કરાવવો પડે અને જે નાપાક ઇરાદાઓ સાથે આવે છે એમને નશ્યત કરવી પડે, દંડ કરવો પડે, અને એટલા માટે આપણે આ પોટાનો કાયદો લાવ્યા હતા, પરંતુ કમનસીબે પોટાનો કાયદો ગયો, મતોની લાલચમાં પોટાના કાયદાને રિપિલ કર્યો, મારે એની મીમાંસામાં નથી પડવું કે કેમ રિપિલ કર્યો, કારણો શું હતા, રિપિલ થવાથી શું પ્રાપ્ત થવાનું હતું, કોનું ઉપરાણું લેવાનું, કોને બચાવવા માગીએ છીએ, આ બધી બાબતમાં મારે નથી પડવું, મારો તો આજનો વિષય છે કે જ્યારે ષડ્યંત્ર દેશની બહાર રચાતું હોય, ષડ્યંત્ર પાડોશી દેશની ભૂમિ ઉપર રચાતું હોય અને એ ષડ્યંત્રની અમલવારી વિદેશી અને દેશી લોકો અહીંયા કરતા હોય એ વખતે ષડ્યંત્રના આકાઓને કાયદાની ગ્રીપમાં લાવવા માટે પોટા જેવા કડક કાયદાની જરૂર છે અને એ જોગવાઈઓ ગુજકોકની અંદર પણ વિદ્યમાન છે અને પોટાનો કાયદો જ્યારે રદ કર્યો છે ત્યારે ગુજકોકની પ્રાસંગિકતા અનેકગણી વધી જાય છે, આ ગુજકોકના કાયદાની અંદર અનેક એવી કલમો છે જેનાથી આતંકવાદને ડામી શકાય, નાથી શકાય, આપણે ત્યાં એક ચર્ચા ચાલી છે કે આ કાયદો માનવીય નથી, જે લોકો એવું કહે છે આ કાયદો માનવી નથી મારે એમને

એટલું જ કહેવું છે કે, બૉમ્બ ફોડવાવાળા માટે તો આ કાયદો માનવીય નથી એવી તમારી દલીલ હું કદાચ માની લઉં, પરંતુ બૉમ્બનો ભોગ બનવાવાળા જે છે એમના હ્યુમન રાઈટ્સની ચિંતા કયા કાયદા નીચે કરી છે, એ બૉમ્બનો ભોગ ના બને એની વ્યવસ્થા કયા કાયદામાં કરી છે?, મશીનગનો લઈને છડેચોક નાગરિકોની લાશો ઢાળવાવાળા લોકોને રોકવાની વ્યવસ્થા આપણે કયા કાયદા નીચે કરી છે?, જે મશીનગનો લઈને આવે છે એ.કે. ૪૭, એ.કે. ૫૬ લઈને આવે છે, જે બૉમ્બ ધડાકાઓ કરે છે, જે વિસ્ફોટકો લઈને આવે છે અને દેશના બંધારણના લીરાં ઉડાડે છે એના માનવ અધિકારની ચિંતા કરીએ અને કાયદાની રીતે જીવતા નાગરિક્ના માનવ અધિકારની ચિંતા ના કરીએ તો મને લાગે છે કે જે આશય માટે બંધારણના ઘડવૈયાઓએ આ વિધાનમંડળોની સ્થાપના કરી છે એ આશય આપણે પૂરો નહિ કરી શકીએ આ વિધાનમંડળોની જવાબદારી છે કે બંધારણ પ્રમાણે જીવતા નાગરિકોને રક્ષણ આપવું, એમને સુરક્ષા આપવી, એમને સધિયારો આપવો અને કાયદાને તોડવાવાળાને દંડ આપવો આ બંધારણની મુળ ભાવના છે અને આ કાયદો એ બંધારણના મુળ ભાવનાની પરિપૂર્તિ કરે છે એના સિવાય કંઈ નથી કરતો અને જે લોકો દૂહાઈઓ દે છે, માનવ અધિકાર,હ્યુમન રાઈટ્સ,આ કાયદો અમાનવીય છે, માનવ અધિકારોનું હનન કરે છે એવી, એમને મારે કહેવું છે કે જ્યારે ટ્વીન ટાવર ઉપર હુમલો થયો, ત્યારે દુનિયાના માનવ અધિકારના ચૅમ્પિયન હોવાના દાવો કરતા દેશોએ જે કાયદા ઘડ્યા છે એના કરતાં તો આ કાયદો અનેકગણો હળવો કાયદો છે, આની જોગવાઈઓ હળવી છે, જે પોતાની જાતને માનવ અધિકારના ચૅમ્પિયન ગણીને દુનિયાભરની અંદર છાતી કાઢીને ફરે છે એવા દેશો,ઑસ્ટ્રેલિયા એમણે એન્ટી ટેરરિસ્ટ એક્ટ બનાવ્યો ટ્વીન ટાવરના હુમલા પછી, યુ.કે. એણે પણ એન્ટી ટેરરિસ્ટ એક્ટ બનાવ્યો, યુ.એસ.એ. એ પેટ્રીએટ એક્ટ બનાવ્યો, કેનડીયન સરકારે  એન્ટી ટેરરિઝમ એક્ટ બનાવ્યો અને ઈઝરાયલે અન લો ફુલ એક્ટીવીટી એક્ટ બનાવ્યો અને આ બધા કાયદાઓની જોગવાઈઓનો અભ્યાસ કરીએ તો કોઈપણ વ્યકિતને બે બે વર્ષ સુધી ધરપકડ કર્યા વગર અટકાયતમાં રાખવાની જોગવાઈઓ આની અંદર છે.  આજીવન કેદની સજા આપણે ત્યાં વધુમાં વધુ ૨૦ વર્ષ છે અમુક કાયદાઓની અંદર ૮૦-૮૦ વર્ષની જોગવાઈઓ આ કાયદાઓની અંદર કરી છે. પણ આ જ દેશોના ભંડોળથી ચાલતાં કેટલાક સંગઠનો માનવ અધિકારીની દુહાઈ દઈ ભારતની અને ગુજરાતની આંખમાં ધૂળ ઝોંકવા માંગતા હોય તો આ સરકાર તેમની વાતોથી છેતરાય એવી નથી. આ સરકાર એવું ચોક્કસ માને છે કે આ સરકારની જવાબદારી, પ્રાથમિક જવાબદારી છે કે ગુજરાતના સાડા પાંચ કરોડ નાગરિકોની સુરક્ષા કરવાની જવાબદારી આ વિધાનસભા મંડળની છે, આ રાજયના મુખ્યમંત્રી અને મંત્રી મંડળની છે. એટલા માટે અમે ગુજકોકને વળગી રહીએ છીએ. લો એન્ફોર્સમેન્ટ એજન્સીઝ છે તેમના હાથ જો કાયદાથી મજબૂત નહીં કરીએ તો કોના ભરોસે લડશે ? એમનો ભરોસો એક માત્ર આ રાજયની વિધાનસભા ઉપર છે કે અમને પીઠબળ આપે એવા કાયદાઓ ઘડી આ વિધાનસભા અમને આતંકવાદીઓ સામે લડવા માટે એક મોટી તાકાત આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે સુધારાઓ આવ્યા છે તેને અમે સ્વીકારી શકીએ એમ નથી. જે સુધારાઓ કર્યા છે એ સુધારાઓ જો સ્વીકારી લઈએ તો આઈ.પી.સી. અને ગુજકોક તેની અંદર કોઈ જ અંતર રહે એવું નથી. ત્રણ જ સુધારા સૂચવ્યા છે પણ ત્રણે સુધારા આ ગુજકોકને સીધે સીધું આઈ.પી.સી. બનાવીને તેનાથી વધુ કશું રહેતું નથી. મારે જુદું કહેવું છે આપણા બંધારણના ઘડવૈયાઓએ દેશની અંદર ફેડરલ સ્ટ્રકચરની વ્યવસ્થા કરી છે. એક સંગીય ઢાંચો બનાવ્યો છે. તેમાં દરેકે દરેક રાજયોને સમાન અધિકારો આપ્યાં છે. દરેક રાજયના વિધાન મંડળોને, દરેક દેશના નાગરિકને સમાન અધિકારો આપ્યાં છે. અને આ જ પ્રકારનો કાયદો કોઈ પરિવર્તન વગર દેશના અનેક રાજયોની અંદર હોય અને ગુજરાત જ્યારે આ કાયદો મંજૂર કરીને મોકલે ત્યારે દેશની કેબિનેટ તેની અંદર

સુધારાઓ સૂચવે. આ ગુજરાતની પ્રજા સાથે અન્યાય છે, ગુજરાત રાજય સાથે અન્યાય છે. ગુજરાતની સુરક્ષાઓ સાથે ચેડા છે. જે કાયદો મહારાષ્ટ્રમાં હોય તે કાયદો કેમ ગુજરાતમાં ના હોઈ શકે? મહારાષ્ટ્રની જમીનની સરહદ પણ પડોશી દેશને નથી લાગતી આ રાજયની જમીનની સરહદ પણ પડોશી  દેશને લાગે છે. કોણ કહે છે કે જે કાયદો મહારાષ્ટ્રની અંદર અમલમાં હોય તે અહીં ગુજરાતમાં ન રાખવો. કસાબ પકડ્યા ત્યાં આગળ તો મો.કા. લાગે અને અહીંયા ભગવાન ના કરે અને કંઈ થાય તો આપણી જોડે કાયદો ના હોય આવો અન્યાય ગુજરાતની ઉપર કરવાનો કોઈને અધિકાર નથી. હું આપના માધ્યમથી આ સભાગૃહના સર્વે સભ્યોને વિનંતી કરવા માંગુ છું કે સંગીય ઢાંચાની અંદર આપણને જે અધિકાર મળે છે તેનું રક્ષણ કરવાની જવાબદારી આપણાં સૌની છે. આપણે પ્રજાના પ્રતિનિધિઓ છીએ. સાડા પાંચ કરોડની જનતાએ આપણને ચૂંટીને મોકલ્યા છે. આપણી જવાબદારી છે કે ગુજરાતની જનતાની સુરક્ષા સાથે, ગુજરાતની સીમાઓ સાથે, ગુજરાતના લોકોની જાન માલ સાથે કોઈ ચેડાં ના કરી શકે તેની વ્યવસ્થા આપણે કરવી. એક રાજય તેની વ્યવસ્થા કરી શકે અને બીજું રાજય ના કરી શકે આવી અસહાય પરિસ્થિતિ કોઈ વિધાનસભાએ નહીં અનુભવી હોય. હું માનું છું કે આ સુધારાઓ આ વિધાનસભા ગૃહની અંદર નામંજૂર કરવા જોઈએ. કારણ કે મંજૂર કરવાથી કાયદાનો આત્મા ઓપરેશન કરીને કોઈ કાઢીને ફેંકી દે અને મડદું પડી રહે એ પ્રકારની સ્થિતિ થવાની છે. અમારે તો આત્માવાળો કાયદો જોઈએ છીએ. જીવતો જાગતો કાયદો જોઈએ છીએ. એટલા માટે આ સુધારાઓ કોઈ પણ હિસાબે સ્વીકારી શકાય તેમ નથી. સરકાર બીજા સુધારાઓ પણ લઈને આવવાની છે. એ સુધારાઓ બીજા કોઈ સુધારાઓ નથી પરંતુ જ્યારે ગુજકોક પહેલાં મંજૂર કર્યો તે વખતે પોટાનો કાયદો અસ્તિત્વમાં હતો એટલા માટે ગુજકોક કાયદો સંગઠિત ગુન્હાખોરી ડામવા માટેનો કાયદો હતો. આજે પોટાનો કાયદો ભારત સરકારે રિફિલ કર્યો છે એટલે આતંકવાદીની વ્યાખ્યા અને આતંકવાદનો શબ્દ પણ  આજે અમે આ ગૃહની અંદર સર્વે સભ્યો જો મંજૂરી આપે તો આ કાયદાની અંદર ઉમેરવા માગીએ છીએ અને આ સરકાર આતંકવાદ અને સંગઠિત ગુન્હાઓ બન્નેને નાબૂદ કરવા માટે કાયદો લાગુ કરવા માટે કટિબદ્ધ છે. કદાચ મેં અગાઉ કહ્યું તેમ ભારતના વૈધાનિક ઇતિહાસમાં સૌથી વધારે તકલીફ અને સૌથી વધારે અફડાતફડી જો કોઈ એક બિલ માટે થઈ હશે તો આ ગુજકોક માટે થઈ છે. ત્રીજીવાર આ બિલ વિધાનસભામાં વિચારણા માટે આવે છે.  આ વિધાનસભાએ બે વાર પ્રસ્તાવ પારિત કરી ભારત સરકારને અનુરોધ કર્યો છે. આ રાજય સરકારે ૨૮, ૨૮ વાર કેન્દ્ર સરકારને પત્રો લખીને રીમાઈન્ડર કર્યા છે. છતાં આ કાયદો મંજૂર થતો નથી અને એવા સુધારાઓ કરીને મોકલ્યો છે, જેનાથી કાયદો અસ્તિત્વમાં જ ન રહે. માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી મારી સભાગૃહના સભ્યના સભ્યશ્રીઓને વિનંતી છે કે આ સુધારા ન કરવાની વાત રાજય સરકાર લઈને આવી છે અને આતંકવાદની વ્યાખ્યા અને આતંકવાદ શબ્દ બધી જગ્યાએ ઉમેરવાની વાત લઈને રાજય સરકાર આવી છે, એને સર્વે સભ્યો સ્વીકારે, એને અનુમોદન આપે અને સર્વાનુમતે આ બિલને મંજૂરી આપે. આપણા વિપક્ષના સભ્યો ભલે ગેરહાજર હોય, હું આ બિલના પાયલોટીંગ કરનાર મંત્રી તરીકે આપના માધ્યમથી એમને વિનંતી કરવા માગું છું કે કેન્દ્રમાં એમની સરકાર છે. રાજનીતિથી ઉપર ઉઠીને ગુજરાતની સુરક્ષા, ગુજરાતના લોકોના જાનમાલ અને દેશના સીમાડાની સુરક્ષાને માટે ગુજરાતના પોલીસ તંત્રને આ મજબૂત કાયદો આપીએ અને તમારી વગનો ઉપયોગ કરો. ભારત સરકાર પાસેથી બને તેટલી ઝડપથી આ કાયદો મંજૂર કરી ગુજરાતના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં વિપક્ષ પણ મદદરૂપ થાય એવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી. મારી એક વિનંતી છે કે જે સભ્યો ચર્ચામાં ભાગ લે તેઓ કલમો ઉપર વિસ્તૃત પરિસ્થિતિ કરતાં કલમોની ચર્ચા કરીને જે પરિસ્થિતિ માનનીય મંત્રીશ્રીએ કહી છે એ પરિસ્થિતિ ઉપર પોતાના મંતવ્યો રજૂ કરે તો વધારે સારું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક:૩૦, સન ૨૦૦૩નું ગુજરાત સંગઠિત ગુનાખોરી નિયંત્રણ વિધેયક પુનઃ વિચારણા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક સરહદી રાજય છે. ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયાકાંઠો અને ૫૦૦ કિલોમીટર જેટલી પાકિસ્તાન સાથે જોડાયેલી જમીની સરહદ છે. એટલે ગુજરાત આવી દરિયાઈ અને જમીની સરહદથી જોડાયેલું હોવાને કારણે અને આ દેશની અંદર અનેક નાનીમોટી આતંકવાદી ઘટનાઓ બને છે, એના માટે ગુજરાતની શાંતિ, ગુજરાતની સલામતિ અને ગુજરાતની સાડાપાંચ કરોડની જનતાની સુરક્ષા માટે આ સુધારો એ અતિ આવશ્યક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં રદ કે ફેરફાર કરવા માટે એમણે ત્રણેક કલમો પરત કરેલી છે. એના સંદર્ભમાં મારે કહેવું છે કે કલમ ૧૬ (૧), કલમ ૨૦ (૨) (બી) અને કલમ ૨૦ (૪) (બી). એમાં પોલીસ અધિક્ષક અથવા તેનાથી ઉપરી અધિકારી સમક્ષ કરેલ નિવેદનને પુરાવામાં ગ્રાહ્ય રાખવાની જોગવાઈ છે અને જે ગુજકોકમાં કરી છે. આ એટલા માટે જરૂરી છે કે સંગઠિત ગુના કે આતંકવાદી પ્રવૃત્તિમાં સંડોવાયેલા ગુનેગારોને જો સજા અપાવવી હોય તો આ જરૂરી છે. આ બાબતનો આ કાયદામાં સમાવેશ ન થાય તો આંતકવાદીને સજા આપવાનું અશકય બને છે. ગુનાહિત કાવતરામાં કે આતંકવાદમાં પકડવામાં અને તેને સજા અપાવવા માટે જો આ કલમો ન હોય તો આ કાયદો બુઠ્ઠો બને છે.

બીજો જે સુધારો છે. કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવાની મુદત ૯૦ થી ૧૮૦ દિવસ કરેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સમજી વિચારીને કરેલું છે. ઘણીવાર આવા ગંભીર પ્રકારના ગુનામાં સમયસર કોર્ટમાં ચાર્જશીટ રજૂ ન થવાને કારણે ગુનેગારો સહેલાઈથી છૂટી જાય છે. અને ઉપરોકત સમયમર્યાદામાં નામદાર કોર્ટની મંજૂરીથી જ વધારો કરી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે જયારે ગુનેગારોની જામીન અરજી કોર્ટમાં રજૂ થાય ત્યારે સરકારી વકીલને સાંભળ્યા બાદ જો આરોપીને છોડવો હોય તો શામાટે છોડે છે એનાં વિગતવાર કારણો આપ્યા સિવાય ગુનેગારને જામીન ઉપર છોડી શકાય નહીં. તો આ જોગવાઈ પણ જો હળવી કરવામાં આવે તો ગુનેગારો કોર્ટમાંથી સહેલાઈથી જામીન મેળવીને છૂટી શકે. એટલે આ ત્રણેય કલમો એના એ જ સ્વરૂપે મહારાષ્ટ્ર સરકારમાં જે મકોકાનો કાયદો છે એ મકોકાના કાયદામાં આ કલમો છે તો ગુજરાતની વિધાનસભામાં આ સન્માનનીય સભાગૃહે પસાર કરીને મોકલેલા કાયદામાં કેન્દ્ર સરકાર દ્વારા કેમ હજુસુધી એના મૂળ સ્વરૂપમાં આ કાયદો મંજૂર કરવામાં આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ એક પ્રગતિશીલ રાજય છે અને આપણે સૌ જાણીએ છીએ કે આતંકવાદ એ એક વૈશ્વિક સમસ્યા છે. ઈસ્લામિક ફડામેન્ટલીસ્ટોએ સમગ્ર વિશ્વમાં પોતાની વિચારધારા લોકોમાં જબરજસ્તીથી સ્વીકૃત કરવા માટે આ દેશની અંદર અનેક આતંકવાદી ઘટનાઓ કરે છે. અમેરિકાના ટ્રેડ સેન્ટર હોય કે અસારવાની સિવિલનું ટ્રોમા સેન્ટર હોય, કયાંય પણ આ આતંકવાદીઓએ આતંકવાદી હુમલામાં કોઈ

કચાશ રાખી નથી. ૨૬ મી જૂલાઈ, ૨૦૦૮ ના રોજ અમદાવાદ શહેરમાં સિરિયલ બોંબ બ્લાસ્ટ થયા હતા એના પ્રથમ વર્ષની વાર્ષિક પૂણ્યતિથી આ ૨૬ મી જૂલાઈ, ૨૦૦૯ ના રોજ થઈ ત્યારે મારા વિસ્તારમાં ત્યાંના લોકો એમાં અસરગ્રસ્તો, ઈજાગ્રસ્તો અને મૃતકોના પરિવારોએ રેલી કાઢી હતી એ લોકોના મનમાં એક જ સવાલ હતો કે હવે પોટાના કાયદો રહયો નથી અને ગુજરાત સરકારે મોકલેલ ગુજકોકનો કાયદો જેને આજ દિવસ સુધી મંજૂરી આપી નથી તો આ ગુનેગારોને ફાંસીની સજા થશે કે નહીં, આ ગુનેગારોને એના ગુના પ્રમાણેની સજા થશે કે નહીં? તો કાયદો એવો હોવો. જોઈએ કે એ કાયદાનો આતંકવાદીઓ ઉપર ખોફ હોય. જયાં તલવાર મારવાની જરૂર હોય ત્યાં ટાંકણી મારવાથી ના ચાલે. એટલા માટે આ કાયદાની અગત્યતા છે. •(xxxxx) અને બિનસાંપ્રદાતિકતાના ઓથા હેઠળ ફકત..

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી, આ (xxxxx) શબ્દ આપ નહીં વાપરી શકો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વોટબેંકની રાજનીતિ માટે...

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે આ (xxxxx) શબ્દ એ કોઈ વ્યકિત માટે નહીં, પરંતુ વિચારધારા માટે વાપર્યો છે.

**અધ્યક્ષશ્રી** : પરંતુ આ (xxxxx) શબ્દ એ અસંસદીય છે.

**શ્રી અમિત શાહ** : બરાબર છે, પરંતુ એ વ્યકિતગત રેફરન્સમાં વાપર્યો હોય તો. અહીં એનો રેફરન્સ એ રીતે નથી.

**અધ્યક્ષશ્રી** : એ હું જોઈ લઈશ.

**શ્રી અમિત શાહ** : એમણે આ (xxxxx) શબ્દ એ વ્યકિતગત રેફરન્સમાં વાપર્યો નથી, પણ વિચારધારા માટે વાપર્યો છે.

**અધ્યક્ષશ્રી** : એ હું ફરીથી જોઈ લઈશ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે માત્રને માત્ર વોટ બેંકની રાજનીતિ અને લઘ ુમતિઓનું તૃષ્ટિકરણ કરવા માટે આ દેશમાં યુપીએ ની સરકાર આવી અને એણે સૌથી પ્રથમ પોટોનો કાયદો રદ કર્યો અને ગુજરાત સરકારે નકકી કર્યુ કે ગુજરાતની સલામતી માટે, ગુજરાતની પાા કરોડની જનતાની સુરક્ષા માટે ગુજકોકનો કાયદો અમને આપો. તો આજ દિવસ સુધી ગુજરાતને આ ગુજકોકનો કાયદો એના મૂળ સ્વરૂપમાં મળ્યો નથી. તો શું થયું આ દેશમાં કે આતંકવાદીઓ નિર્ભય બન્યા છે. તો શામાટે આતંકવાદીઓની પગચંપી કરવી પડે છે, શામાટે આતંકવાદીઓ સામે મુજરો કરવો પડે? અફઝલ ગુરુને હજુસુધી ફાંસી મળી નથી અને નિદોર્ષ નાગરિકોના રકતથી આ ગુજરાતની વસુંધરાને. ભીંજવવાનું કામ કરવા આવતા આ આતંકવાદીઓની સામે આ કાયદાનો કડકમાં કડક અમલ કરીને ગુજરાતની શાંતિ અને સલામતીને અકબંધ રાખવા માટેનો આ કાર્યક્રમ છે. મોઈલી સમિતિનો અહેવાલ અને એ ૧૮૫ પાનાના અહેવાલમાં કહયું છે કે " આ દેશમાં આતંકવાદ સામે લડવા માટે કડકમાં કડક કાયદો હોવો જોઈએ." હમણાં દરિયાકાંઠાથી મહારાષ્ટ્રના મુંબઈમાં આતંકવાદી હુમલો થયો. આ હુમલા દ્વારા આખા દેશને બાનમાં લેવાનો પ્રયાસ હતો. ૨૦૦ જેટલા નિદોર્ષ નાગરિકોને મોતને ઘાટ ઉતાર્યા. તો શા માટે મહારાષ્ટ્રમાં આની સામે મકોકાનો કાયદો વાપર્યો? તો ગુજરાતમાં ગુજરાતની પ્રજા માટે આના માટે ગુજકોકના કાયદાને તમે શામાટે મંજૂર કરતા નથી? માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો એ ગુજરાતની પ્રજાની

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અસંસદીય ઠરાવી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સલામતી માટે પ્રબળ રાજકીય ઈચ્છા શકિતને કારણે ગુજરાતની સરકાર ઈચ્છે છે. આ કાયદાના માધ્યમથી અમારે દેશભકતોની રક્ષા કરવી છે અને દેશ દ્રોહીઓને સજા કરાવવા માટેનો આ કાયદો છે, આ દેશને મહાત્મા ગાંધીએ આઝાદી અપાવી, આ દેશના નાના નાના રજવાડાઓ એકત્રિત કરીને સરદાર વલ્લભભાઈ પટેલે આ દેશને એક કર્યો, જો આ પ્રમાણેના કાયદા નહીં હોય તો આ દેશની ભૌગોલિક સીમાઓ બદલાઈ જશે, આ દેશનો નકશો બદલાઈ જશે, અને સરદાર વલ્લભભાઈ પટેલે કરેલા આ દેશની અખંડતા માટેના કાર્યને આપણે સાચવી નહીં શકીએ. આ કાયદો એવો છે રાવણને મારવો હોય તો રાવણના ધડ ઉપર નહીં પરંતુ રાવણની નાભી ઉપર તીર મારવાનો સવાલ છે, કાયદાનો વિરોધ કરે છે, આખા શહેરીની અંદર ગત દિવસોમાં જોયું, બોમ્બ ડીફયુઝ કરવા પડયા, અને બોમ્બ ડીફયુઝ કરવા વાળા પોલીસ કર્મચારીઓની હિંમતને બિરદાવવા માટે હું મળ્યો, એમની સાથેની આખી વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, આ જે કાયદાનો વિરોધ કરે છે ને એને બોમ્બ ડીફયુઝ કરવાની કામગીરી સોંપવી જોઈએ, એમને ખબર પડે, આ નરાધમોનું લક્ષ્ય ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાની સાથે ચેડા કરવાનું છે. ગુજરાતની પ્રજાને લોહીના આંષુએ રોવડાવવા માટે આતંકવાદીઓના મનસુબા છે. આ કાયદો એ આતંકવાદીના સ્વરૂપના કોફીન ઉપર ખીલો ઠોકવા માટેનો ગુજરાત સરકારનો સંકલ્પ છે. ગુજરાત માટે આ કાયદો અતિ આવશ્યક છે, અને જે આના સુધારા લઈને આવ્યા છે એ સુધારા પણ આ કાયદાની સાથે સાંકળી તેની વ્યાખ્યાની અંદર તેનો સમાવેશ કરવા માટે આ સુધારાને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી વિધાનસભાની અંદર માનનીય મંત્રીશ્રી ગુજકોકના કાયદાની પુન: વિચારણા માટે આ વિધાનસભા ગૃહની અંદર લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, કાયદો એક વખત પસાર કર્યો, ફરી પરત આવ્યો, આપણે ફરી મોકલ્યો, આપણા દેશના સંવિધાનની અંદર વિધાન મંડળોને કાયદા બનાવવા માટેનો અધિકાર આપ્યો છે. સંઘ ીય ઢાંચા પ્રમાણે એની પાસ કરવા માટેની પ્રક્રિયા પણ રાખવામાં આવેલી છે. ગુજકોકનો કાયદો એમાં જે પુન: વિચારણા કરવી, આવી કેટલીક કલમો જે આપણને અહીંયા વિચારણા માટે મૂકી છે એમાંની એક કલમ-૧૬ ને કમી કરવામાં આવે. આ રીતની વાત છે. જો આ કલમ ૧૬ કમી કરવામાં આવે તો આ કાયદો કેવો થાય? માનનીય અધ્યક્ષશ્રી, તલવાર તો આતંકવાદી સામે કે ગુનેગાર સામે લડવા માટે આપે, પરંતુ સાથે સાથે એવું પણ કહેવામાં આવે કે તલવારની ધાર છે તેને બુઠી કરી નાખો અને પછી તમે લડો. ત્રાસવાદી સામે, આતંકવાદી સામે લડવા માટે રાયફલ તો પોલીસના જવાનને આપવામાં આવે પરંતુ સાથે સાથે એવું કહેવામાં આવે કે તમારે કારતુસનો ઉપયોગ કરવાનો નહીં. આ કલમ ૧૬ જો કાઢી નાખવામાં આવે તો આ ગુજકોકના કાયદાની આ સ્થિતિ થાય અને આ પ્રમાણેનો ગુજકોકનો કાયદો થાય. સાથે સાથે, એમાં ખોટું શું છે? જિલ્લા પોલીસ વડા કક્ષાના અધિકારી, એમની સમક્ષ લીધેલું નિવેદન એ માન્ય રાખવાનો વિષય છે. અને એ પણ સમય મર્યાદાની અંદર તેની સ્પેશિયલ કોર્ટ જે હોય તેની સમક્ષ રજૂ કરવાનું છે. એટલે એક સોગંદ લીધેલા અધિકારી છે અને એના ઉપર પણ પાછી જયુડીશીયલી આખી સિસ્ટમ છે. તો બધી સિસ્ટમ ઉપર પણ જાણે અવિશ્વાસ કરવનો હોય તેવી વાત થાય છે. દુનિયાભરની અંદર ખાસ કરીને અમૅરિકાના વર્લ્ડ ટ્રેડ સૅન્ટર ઉપર હુમલો થયો એ પછી શકિતશાળી દેશોએ પોતાને ત્યાં આપણા ગુજકોક કરતાં વધારે મજબૂત કાયદો બનાવ્યો. અમૅરિકા જેવો દેશ કે જે માનવ અધિકારની વાત કરતો હોય એમણે પણ આપણા ગુજકોકના કાયદા કરતાં વધારે મજબૂત પેટ્રીએકટ દેશ ભક્ત નામનો કાયદો બનાવ્યો. આપણી જોગવાઈ છે એના કરતાં પણ વધુ સમય સુધી ગુનેગારોને રાખી શકાય, જામીન પણ તાત્કાલિક ન મળી શકે તેવી જોગવાઈઓ આ કાયદામાં કરેલી છે. આવો કાયદો ફક્ત અમૅરિકામાં જ બન્યો

છે એવું નથી પરંતુ દુનિયાના સાતથી વધુ દેશો છે એમણે એ સમય દરમિયાન બનાવ્યા છે. આપણા દેશે પોટા કાયદો બનાવ્યો. એ પછીથી બાકીના દેશોએ જે કાયદો બનાવ્યો હતો એમાં રહેલી તૃટીઓ દૂર કરીને વધુ મજબૂત કાયદો બનાવ્યો. પણ આપણા દેશમાં એ પછી યુ.પી.એ.ની સરકાર આવી એણે પોટાનો કાયદો રદ કર્યો. આખી દુનિયા  આતંકવાદ સામે લડવા મજબૂત કાયદો બનાવી રહી હોય ત્યારે હિન્દુસ્તાનની સરકાર આ કાયદાને બિલકુલ રદ કરવા માટેની વાત કરે ત્યારે પ્રજાની સુરક્ષા માટેનો સૌથી મોટો સવાલ થાય. ગુનો કરવાવાળા ગુનેગારો આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ  કરતાં થાય ત્યારે આપણે આધુનિક રાઇફલો આપણા પોલીસ તથા સુરક્ષા કર્મીના હાથમાં આપીએ પરંતુ એના હાથની અંદર કલમની તાકાત આપવામાં ન આવે તો એની  લડવા માટેની શકિત ૫૦ ટકા થઈ જાય, લડી શકે નહિ.

બીજો વિષય એ ઊભો થાય  છે કે બાજુના રાજયની અંદર મહારાષ્ટ્રમાં કોઈ આતંકવાદી ઘટના ઘટે અને કોઈ બહેન એના પતિ સાથે જતી હોય એના પતિનું બૉમ્બ ધડાકામાં કે દુશ્મનની રાઇફલની  ગોળી વાગવાથી મૃત્યુ પામે એવી જ ઘટના ગુજરાતમાં ઘટે તો મહારાષ્ટ્રની એ વિધવા બનેલ બહેન  એવી આશા રાખશે કે મકોકાના કાયદાના માધ્યમથી મારા પતિના હત્યારા અને દેશના દુશ્મનોએ મારા પતિને નિદર્ય રીતે મારી નાખ્યો પણ મને ચોક્કસ ન્યાય મળશે. પરંતુ ગુજરાતમાં ગુજકોકનો કાયદો ન હોવાને કારણે ન્યાય  સમય મર્યાદાની અંદર જે પદ્ધતિથી મહારાષ્ટ્રમાં મળી શકે એ ન્યાય  એ રીતે ગુજરાતની વિધવાને ન મળી શકે એ પ્રમાણેનો અન્યાય એક રાજય અને બીજા રાજય વચ્ચે  શા માટે હોય?  મકોકાની  જોગવાઈઓ ત્યાં થઈ અને ગુજરાતની અંદર ગુજકોકનો કાયદો ન હોવાને કારણે ત્યાં સંગઠિત ગેંગો હતી ત્યાં આગળ ડ્રગ્સનો ધંધો કરતી હોય, ચલણી નોટોની હેરાફેરી કરતી હોય આવા તત્ત્વોને લાગ્યું કે અહીંયાં સંગઠિત એકટીવિટી કરીશું  તો મકોકાના કાયદા અંતર્ગત આપણે જેલમાં જઈશું, પરંતુ ગુજરાતની અંદર હજી ગુજકોકનો કાયદો મંજૂર થયો નથી. આપણુ સમૃદ્ધ ગુજરાત એની ઉપર આવી ટોળકીઓ જેનો ઇરાદો સારો નથી એવી ટોળકીઓ એનો ડોળો ગુજરાત ઉપર છે. ગુજરાતની પ્રજાની સુરક્ષા માટે પડી છે. કેવી વાત કરવામાં આવે છે એકબાજુ એવું કહેવામાં આવે કે ગુજરાતની પ્રજાની સુરક્ષાએ ગુજરાતની સરકારનો અધિકાર અને ફરજ છે. ફરજ છે એ ગુજરાત સરકારે સ્વીકારી છે. પરંતુ ફરજની સાથે સાથે કેન્દ્ર સરકારની પણ ફરજ થાય છે. કે ગુજરાતની વિધાનસભા ૫.૫ કરોડની પ્રજાજનોનું પ્રતિનિધિત્વ અહીંયા બેઠું હોય સાડા પાંચ કરોડની પ્રજા ઇચ્છતી હોય કે એમની સુરક્ષા માટે અહીંયા કાયદો બને. ગુજરાતની પ્રજાની જે લાગણી છે આ લાગણીને કેન્દ્ર સરકાર સમજતી નથી  આવા સંજોગોની અંદર મારી આ સભાગૃહને પણ વિનંતી છે કે જો આપણા ભાગની અંદર આ કામ આવ્યું છે ગુજરાતની પ્રજા પોતે ડાયરેક કાયદો બનાવી શકતી નથી. સંવિધાનની અંદર એવી જોગવાઈ કરવામાં આવી હોત કે પ્રજા પોતે કાયદો બનાવી શકે તો પ્રજાએ પોતે કાયદો બનાવી લીધો હોત. પરંતુ રાજયની સુરક્ષાની જવાબદારી પ્રજાની સુરક્ષાની જવાબદારી રાજયની છે  તો રાજય સરકારને આ વિધાન મંડળના માધ્યમથી આપણે મજબૂત કાયદો બનાવીને આપવો જોઈએ.  તો પોલીસનું મનોબળ વધશે અને પ્રજાની સલામતી માટે જે ગુજરાતની સરકાર કામ કરી રહી છે અને ગુજરાત જે પ્રમાણે પ્રગતિ કરી રહ્યું છે એ પ્રમાણે હજી વધુ શકિતશાળી વધારે સુરક્ષિત ગુજરાત આપણે બનાવી શકીશું.  માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઈને આવ્યા છે એને સમર્થન કરુ છું. અને આ સ્વરૂપે બાકીની પણ કલમોનો જે અંદર એઈડ કરવામાં આવે એ પણ અક્ષરસઃ: જે સુધારો લઈને આવ્યા છે એ પ્રમાણે આપણે પસાર કરીએ તેવી અપેક્ષા સાથે વિરમું છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મહામહિમ્ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલજીએ જે સુધારાઓ ગુજરાત સરકાર પાસે મૂકી અને ગુજકોક કાયદાની અંદર કલમો રદ કરવા અને ફેરફાર કરવાની જે વાત મૂકી છે તેનો વિરોધ કરીને માનનીય ગૃહમંત્રીશ્રીએ આતંકવાદનો શબ્દ ઉમેરવાની જે વાત કરી છે એ તમામ સુધારા સાથેનું જે વિધેયક મૂક્યું છે તેના સમર્થનમાં હું મારી વાત મૂકીને મારી વાત કરું છું.

આદરણીય અધ્યક્ષ મહોદય, ભારત સરકારે આ બિલમાં સુધારાઓ રજૂ કર્યા છે, જે બિલની અંદર સુધારાઓ મૂક્યા છે એ જો બિલની અંદર સુધારાઓ કરવામાં આવે તો નહોર અને દાંત વિનાનો સિંહ હોય તો એ બિન અસરકારક અને બિન ઉપયોગી બને છે એવી જ રીતે આ કાયદો પણ આ જો સુધારાઓ કરવામાં આવે તો આ બિન અસરકારક અને બિન ઉપયોગી બની જાય એટલા માટે આ કાયદાઓના જે સુધારા કર્યા છે એનો હું વિરોધ કરું છું. આપશ્રીને એ વાત પણ જણાવું છું કે એમણે જે કાયદાઓની અંદર સુધારાઓ કર્યા છે તેનો મતલબ એવો છે કે એમને નામદાર કોર્ટ અને પોલીસ તંત્ર ઉપરનો વિશ્વાસ નથી. કારણ કે આ ત્રણે કલમોની અંદર જે પણ આયોજન કરવામાં આવ્યું છે, જે પણ જોગવાઈ કરવામાં આવી છે એમાં નામદાર કોર્ટ ઉપર અને પોલીસ તંત્ર ઉપર વિશ્વાસ મૂકવામાં આવ્યો છે. આ રીતે નામદાર કોર્ટ અને પોલીસ ઉપર અવિશ્વાસ મૂકીને જે સુધારાઓ મૂક્યા છે એનો એટલા માટે હું વિરોધ કરું છું, કારણ કે આતંકવાદનો ભોગ બનનાર સમાજના તમામ લોકોને સૌથી વધુ જો સહન કરવાનું હોય, સૌથી વધુ શોષાવાનું હોય તો એ સમાજની મહિલાઓને શોષાવાનું હોય છે. કારણ કે આતંકવાદનો ભોગ બનનાર પતિથી દૂર થવાથી પત્નીને જીંદગીભરનું દુઃખ સહન કરવાનું હોય છે. અનાથ બનતી દીકરીને પણ બાપ વગરની જીંદગી જીવવાની હોય છે અને જે માં કે પોતાનો વ્હાલસોયો દીકરો ગુમાવતી હોય છે તેને પણ જીંદગીભર સહન કરવાનું હોય છે. આ તમામ બાબતે મહિલાઓને સૌથી વધુ શોષણ, સૌથી વધુ દુઃખ સહન કરવાનું હોય છે. એટલે ગુજરાતની તમામ મહિલાઓ વતી કહું કે આ સુધારાઓ ન થવા જોઈએ અને ગુજકોક કાયદો જે રીતે મંત્રીશ્રી લઈને આવ્યા છે, જે સુધારાઓ લઈને આવ્યા છે એ રીતે જ મંજૂર થવો જોઈએ એવી મારી વાત આ સાથે કરું છું.

આદરણીય અધ્યક્ષ મહોદય, મહારાષ્ટ્રનો મકોકા, કર્ણાટકનો કકોકા એના જેવો જ આ કાયદો હોવા છતાં મહારાષ્ટ્રની મહિલાઓને જે ન્યાય મળે, કર્ણાટકની મહિલાઓને જે ન્યાય મળે એ ગુજરાતની મહિલાઓને કેમ નહીં? • (xxxxx)

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો કાઢી નાખો, આપણે કેન્દ્ર સરકારની ટીકા ન કરી શકીએ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : આદરણીય અધ્યક્ષ મહોદય, ગુજરાત એ દરિયા કિનારાનું રાજય છે. આખા દેશના દરિયા કિનારાનો ત્રીજા ભાગનો દરિયા કિનારો ગુજરાતમાં છે. ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો, ૪૨ બંદરો અને ૨૫ ટકાથી વધુ કાર્ગો પરિવહન કરતું આ રાજય છે અને આઈ.બી.ના રિપૉર્ટ જૂઓ કે અન્ય કોઈ પણ રિપૉર્ટ જૂઓ, એ તમામ રિપૉર્ટમાં છેલ્લે જે ચેતવણી આપવામાં આવે છે એ ચેતવણી માત્ર એકને એક ચેતવણી હોય છે કે અત્યારે છેલ્લા સંજોગોમાં જો ક્યાંયથી પણ આતંકવાદી હુમલો થવાની શક્યતાઓ હોય તો એ દરિયા કિનારા ઉપરથી થવાની શક્યતાઓ છે. દરિયા કાંઠાના રાજયોએ સાવચેત રહેવાની જરૂર છે. ગુજરાત રાજય દરિયાકાંઠાનું રાજય છે. એની સાવચેતી માટે અને ગુજરાતના પ્રજાજનોના રક્ષણ માટે આ

કાયદાની અતિ આવશ્યકતા છે ત્યારે આ કાયદો ગુજરાત સરકાર જે ઇચ્છે છે એ જ રીતે મંજૂર થવો જોઈએ એવી મારી વાત કરું છું.

આદરણીય અધ્યક્ષ મહોદય, મારે આ સભાગૃહને યાદ કરાવવું છે. એન.ડી.એ.નું શાસન હતું, ૧૯૯૮થી ૨૦૦૪ દરમ્યાન કારગીલનું યુદ્ધ થયું હતું, આજે ૧૦ વર્ષ થયાં છે. કારગીલના યુદ્ધના જવાનોને હું મારી સલામી આપીને એ લોકોને મારી શ્રદ્ધાંજલિ આપીને, શહીદને વીર અંજલિ આપીને હું મારી એ વાત મૂકું છું કે કારગીલના સમયે દેશની અંદરનો આતંકવાદ, સરહદપારનો આતંકવાદ હોવા છતાં પણ દેશની અંદરનો આતંકવાદ કંટ્રોલમાં હતો. કારણ કે ત્યારે પોટાનો કાયદો હતો અને અત્યારે યુ.પી.એ.ની સરકારની અંદર આ પોટાનો કાયદો દૂર કર્યો છે. એટલે કે આ ત્રાસવાદ એટલે કે સરહદ પારનો આતંકવાદ નહીં હોવા છતાં • (xxxxx)

**અધ્યક્ષશ્રી** : મેં ફરીથી કહ્યું કે કેન્દ્રની સરકારની ટીકાઓમાં ન પડો. તમે વાસ્તવિક વાત કરો. એ શબ્દો કાઢી નાખવામાં આવે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : મારા વિરોધપક્ષના મિત્રો એવું કહે છે કે કાયદો હોવા છતાં પણ હુમલાઓ થાય છે. આ કાયદો હોવા છતાં પણ હુમલાઓ થાય છે, એવા તો ઘણા બધા કાયદાઓ છે. બળાત્કારનો કાયદો છે, ખૂનનો કાયદો છે, લૂંટનો કાયદો છે આવા ઘણા બધા કાયદાઓ છે. આ કાયદાઓ હોવા છતાં ખૂન, લૂંટ અને બળાત્કાર થાય છે. તો શું આવા કાયદાઓ આપણે રદ કરી દેવા? આ બાબત હું બિલકૂલ વિરોધ કરીને કહું છું કે આવા કાયદાઓ દૂર ન કરી શકાય. અને આ બધાની સાથે મારી એક વાત કરી મારા તાત્પર્યને રજૂ કરવા માગું છું.

**" લોહીની નદીઓ વહે છે રોકો,**
**રોજેરોજ નિર્દોષ મરે છે રોકો,**
**આતંકવાદની આગને કોણ સળગતી રાખે છે?**
**બહેનોના સુહાગ ઊજડે છે રોકો,**
**આતંકવાદને હટાવવાના કાયદાઓ કરી નથી શકતા,**
**આતંકવાદીઓને ફાંસીથી બચાવી પોષે છે રોકો,**
**લઘુમતિઓના મતથી મતની પેટીઓ ભરવા,**
**નિર્દોષનાં શબની પેટીઓ ભરે છે રોકો."**

માનનીય મંત્રીશ્રી જે સુધારા સાથે જે બિલ લઈને આવ્યા છે એને સમર્થન કરી, મારી વાત પૂરી કરું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વિધેયક લઈને આવ્યા છે એ વિધેયકને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે કાયદો બનાવવા માટે ગુજરાતે બે-બે વખત બિલ મોકલ્યું હોય અને છતાંય કેન્દ્રની સરકાર એને પરત કરીને કલમોમાં સુધારા-વધારા કર્યા છે એ વાત ખૂબ જ દુ:ખદ છે. એટલા માટે ગુજરાતની અંદર શાંતિ રાખવી હશે તો જે રીતે પોટાનો કાયદો હતો, આખા દેશની અખંડિતતા રાખવી હોય તો પોટા જેવા કાયદા લાવવાની જરૂરિયાત જણાય છે. પોટા કાયદો રદ કર્યો, એન.ડી.એ.ની સરકારે દેશની સલામતી અને દેશના લોકોની સલામતી માટે બનાવેલ કાયદો હતો. એ કાયદો રદ કરીને લોકોની સલામતી જોખમાય, તેવું

---

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

કૃત્ય કર્યું હોય તો કેન્દ્રની સરકારે કર્યું છે. આવા કાયદાઓને અનુમોદન આપવું જોઈએ, એને બહોળી સત્તા આપવી જોઈએ. પોલીસ ખાતાને એની સત્તાઓ આપવામાં આવે તો ગુના ડામવાનું કામ, ગુનાખોરી ડામવાનું કામ સ્વતંત્ર રીતે અને સારી રીતે પોલીસ ખાતું કરી શકે. એના માટે કાયદાઓ લાવવાની જરૂરિયાત હોય છે. પોલીસને સત્તા નહીં આપીને ગુનેગારોને સત્તા આપવાનું કામ થઈ રહ્યું છે. ગુનેગારોને છૂટથી, ન ફાવે ત્યાં પોતે આતંક ફેલાવે, પોતાની તાકાત અજમાવી નિર્દોષ લોકોને હેરાન કરે, હત્યા કરે, સામે પોલીસની હત્યા થાય, જવાનો મૃત્યુ પામે, આવા નબળા કાયદા બનાવી અને ગુજરાતને જે અન્યાય કરવામાં આવે છે તે અન્યાયને ગુજરાતની પ્રજાએ સહન કરવો ન જોઈએ અને મારી તો વિનંતી છે કે, ગુજરાતની પ્રજાએ ગુજરાતના ગુજકોક માટે ગામે ગામ આંદોલનો શરૂ કરવા જોઈએ અને ગુજરાતના તમામ ધારાસભ્યશ્રીઓએ ગુજરાતમાંથી કેન્દ્રમાં જઈ ભૂખ હડતાળ ઉપર બેસવું જોઈએ અને કહેવું જોઈએ કે ગુજકોક લીધા સિવાય અમે જઈશું નહીં એવી વાત કરવી જોઈએ. તો જ કેન્દ્રની આંખો ખૂલશે, કેન્દ્રમાં સત્તા પર બેઠેલા લોકોની આંખો ખૂલશે, આ આંખો ખોલવા માટે આંદોલનો કરવાની જરૂર છે. કડકમાં કડક કાયદા નહીં બને, કડકમાં કડક કાયદાનો અમલ નહીં થાય તો ગુજરાતની પ્રજાની સલામતી ખૂબ જોખમાઈ જશે. આ ગુજરાતની પ્રજાએ સાંભળવાની જરૂર છે. બે બે વખત ગુજકોક પાછુ મોકલ્યું..

**અધ્યક્ષશ્રી** : વિપરીત પરિસ્થિતિની વાત કરી દીધી છે હવે કલમો ઉપર આવો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કલમોમાં ફાંસીની સજા થાય એવી કલમો કાઢી નાખવાનું સરકારનું સૂચન મળતા બે બે વખત બિલ પાસ કર્યું હોય અને એવી કલમો કાઢી નાખી ફરીથી કાયદો મોકલી એને પાસ કરવાનું કહે. એમાં કોઈને સજા નથી. ૯૦ દિવસમાં ચાર્જ શીટ ન થાય તો ગુનેગાર છૂટી જાય. તો એના માટે કડકમાં કડક કાયદો બનવો જોઈએ. સરકારે વિધાનસભામાં બે બે વખત મંજૂર કરી કેન્દ્રની મંજૂરી માટે મોકલ્યો અને આવા કાયદાને અનુમોદન આપવાની જગ્યાએ મંજૂરી ન આપતા હોય તો મારી માગણી છે કે ગુજરાતની પ્રજા વતી ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીએ આ બાબતે બહુ સિરિયસ થવાની જરૂર છે અને કેન્દ્રની સરકારને ઝુકાવવાની જરૂર છે અને કેન્દ્રની સરકાર ન ઝૂકે ત્યાં સુધી આ કાયદો પાસ નહીં કરે એવું મને લાગી રહ્યું છે. ગુજરાતની પ્રજાની સલામતી જોખમાય નહીં...

**અધ્યક્ષશ્રી** : આપણે કાયદાની ભાષામાં વાત કરીએ. ઝુકાવવાવાળી વાતને કાઢી નાખું છું. આપનું વક્તવ્ય પૂરું થાય છે.. શ્રી ફતેસિંહ ચૌહાણ.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહમંત્રીશ્રી જે સુધારા અને ગુજકોક બિલ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. આ આતંકવાદને કોઈ સમાજ, કોઈ ધર્મ કોઈ નિયત હોતી નથી. અને એને નેસ્ત નાબૂદ કરવા માટે રાજય સરકારે ૨૦૦૨માં જે ગુજકોકનું બિલ લાવ્યા અને બિલ જે પસાર થયું એમાં કેન્દ્રમાં બેઠેલા લોકોને આ બિલના કોઈ મુદ્દા સાથે નિસ્બત નથી. આપણે હમણાં જ જોયું કે કસાબનું નિવેદન એ કસાબનું નિવેદન.. .. ..

**અધ્યક્ષશ્રી** : ભાઈશ્રી ફતેસિંહભાઈ, આપ બીજા બધા રાજયોની વાત કર્યા વિના આપ આપના બિલ ઉપર બોલો, કસાબના નિવેદનની ઓફીસીયલ કોઈ હકીકત તમારી પાસે નથી એટલે એમાં ના પડતા.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદના મુદ્દાના મૂળ સ્વરૂપનો કાયદો છે., જેમ શરીરમાં કરોડરજ્જુ જેની નબળી હોય તો એ કોઈપણ શારીરિક કસરત કરી શકતા નથી એમ રાજય સરકાર ગમે તેટલી સમૃદ્ધ હોય પણ આતંકવાદને નાથવા માટે એવો સબળ કોઈ કાનૂન ના હોય તો આ રાજયની પોલીસ, આ

રાજયનો ગૃહ વિભાગ કંઈ કરી શકતા નથી એના કારણે આ રાજયમાં અને હિન્દુસ્તાનમાં સેંકડો બનાવ જે બન્યા છે એના પછી આ રાજય સરકારે ગુજકોકનો કાયદો લાવવાની વાત કરી, કેન્દ્રની સરકાર એમાં સંમત ન થઈ, અને તે સંમત ન થવાનું કારણ માત્ર વોટબેંક અને વોટબેંક એટલા માટે ૨૦૦૨થી આજે ૨૦૦૯ એનો સમય થયો ત્યાં સુધી કેન્દ્રની સરકારે ગુજરાતને માત્ર માનસિક રીતે તોડવા માટે કે ગુજરાત વિકાસશીલ રાજય છે અને ગુજરાત પોતાનો યશ આ રાજયના મુખ્યમંત્રીશ્રી પોતે યશ ના ખાટે આ એક જ માત્ર એની પોતાની • (xxxxx) છે એ પાર કરવા માટે કેન્દ્રમાં બેઠેલા લોકોએ ..

**અધ્યક્ષશ્રી** : • (xxxxx) એ શબ્દ હું કાઢી નાખું છું. એ નથી વપરાતો

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ :** કેન્દ્રમાં બેઠેલા લોકોએ માત્ર આ બિલ ઉપર • (xxxxx) સુધારણાના નામે આમ કર્યુ હોય એવું મને લાગે છે.

**અધ્યક્ષશ્રી** : આ કાઢી નાખું છું. આપનું પ્રવચન પૂરું થાય છે. (xxxxx) છે એ વાત પણ હું કાઢી નાખું છું. .. .. માનનીય મંત્રીશ્રી...

**શ્રીઅમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોક ૨૦૦૩ એ વિધેયક એના ઉપર રાષ્ટ્રપતિ મહોદયાએ સૂચવેલા સુધારાઓ અને સરકાર લાવવા માગતી સુધારાઓની વિચારણા માટે આ બિલ લઈ હું આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. શ્રી પ્રદિપસિંહભાઈ, શ્રી શંકરભાઈ, શ્રી જેઠાભાઈ, શ્રી ફતેસિંહભાઈ આ બધા સભ્યો અને માનનીય વિભાવરીબહેને એમની લાગણી આ બિલના સુધારાઓ ઉપર આ બિલની પ્રાસંગિકતા ઉપર આ બિલની જૂદીજૂદી કલમો ઉપર ખૂબ સારી રીતે વ્યકત કરી છે. એમણે જે વિચારો મૂકયા છે એ વિચારો, અત્યારની પરિસ્થિતિનું બરાબર નિરૂપણ આ ગૃહ સમક્ષ કરી શકે એ રીતે મૂકાયા છે. અગાઉ આ બિલ મૂકતી વખતે માનનીય અધ્યક્ષશ્રી, મેં વિગતે વાત કરી છે. પરંતુ આ બિલ બે વખત ભારતના રાષ્ટ્રપતિ જોડેથી પરત આવ્યું છે એટલે મારે એક નાનકડી વાત તરફ આ ગૃહના સભ્યોનું ધ્યાન દોરવું છે. બહુપક્ષીય લોકશાહી વ્યવસ્થાઓની અંદર કોઈપણ સરકાર કોઈપણ પક્ષની એ કાયમી નથી હોતી. પક્ષો પણ બદલાતા રહે, વ્યકિતઓ પણ બદલાતા રહે છે. શાસન વ્યવસ્થા પણ બદલાતી રહે છે. એની સાથેસાથે સરકારની નીતિઓ પણ પોતાના પક્ષને અનુરૂપ રીતે બદલાતી હોય છે પણ સામાન્યતઃ જે નીતિઓથી દેશના હિતો ઉપર અસર પડતી હોય છે એ નીતિઓ દેશના હિતની જ નીતિઓ હોય, ભલે આ પક્ષની સરકાર હોય કે એ પક્ષની સરકાર એટલે મલ્ટી પાર્ટી ડેમોક્રેટીંક સિસ્ટમ દુનિયામાં જો કોઈ દેશોએ અપનાવી છે એ બધા જ દેશની અંદર રક્ષા નીતિ અને વિદેશ નીતિ અચલ હોય છે. એની અંદર સરકારો કે પક્ષો બદલાવાથી પરિવર્તન થતું નથી હોતું. કારણ કે તો જ એ નીતિઓ અમલી બની શકે તો જ એ પરિણામ આપી શકે. લાંબાગાળાની નીતિઓ હોય અને દેશના હિતની નીતિ હોય એમાં ડિસ્પુટ કે રાજકીય થિયરીઓ કોઈ દિવસ લાગુ કરવામાં આવતી નથી. ભારત સરકારે આ ગુજકોક જે કાયદો છે એને મોડેલ કાયદા તરીકે દેશના બધી રાજ્ય સરકારોને મોકલી આપ્યો હતો. એ વખતે ભારત સરકાર એન.ડી.એ.ની હતી. પરંતુ અત્યારે યુ.પી.એ.ની સરકાર આવી. એનો અર્થ એવો થયો કે એન.ડી.એ.ની સરકારે મોકલેલ કાયદો હતો એટલે એને મંજૂર ન કરીએ. કોઈ નાનકડા નાગરિકે સૂચવેલ દેશના હિતની વાત હોય તો એને સ્વીકારવાની ખુલ્લી માનસિકતા એ લોકશાહીનો પાયાનો ગુણધર્મ છે, પરંતુ દેશની સુરક્ષા જે કાયદા સાથે જોડાયેલી હોય, જે કાયદા

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ઉપર અવલંબિત હોય, દેશના સીમાડાની સુરક્ષા જે કાયદા ઉપર અવલંબિત હોય, દેશના નાગરિકની જાન-માલની સુરક્ષા જે કાયદા ઉપર અવલંબિત હોય એ કાયદામાં જો રાજનીતિ કરવા માંડીશું તો લાંબા ગાળા સુધી આપણે દેશનું રક્ષણ નહીં કરી શકીએ. હું માનું છું કે આ ગુજરાતના વિધાન મંડળની જવાબદારી છે કે આવા પ્રયત્નો જે કરતા હોય એને વિફળ કરવા જોઈએ. એટલા માટે હું સર્વે સભ્યશ્રીઓને વિનંતી કરવા માગું છું કે આ કાયદાને એના સુધારાઓ સહિતના, રાજ્ય સરકાર જે સુધારાઓ લઈને આવી છે એ સુધારાઓ સહિતના મૂળ સ્વરૂપે સ્વીકાર કરે. આ રાજ્યના મુખ્યમંત્રીએ સમગ્ર દેશની અંદર ઘણા લાંબા સમય પછી કોઈક નેતાએ ખોંખારીને આતંકવાદનો દિલોજાનથી સામનો થવો જોઈએ એવો એક માર્ગ પ્રશસ્થ કર્યો છે એ માર્ગ ઉપર સમગ્ર દેશની તમામ સરકારોએ ચાલવું જોઈએ એવું મારું વિનમ્ર મંતવ્ય છે. હું ચોક્કસ માનું છું કે જીરો ટોલરન્સની નીતિ આતંકવાદીઓ પ્રત્યેની રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જે અપનાવી છે એ નીતિ જો બધા રાજ્યો અને કેન્દ્ર અપનાવે તો આતંકવાદને એના મૂળિયા સહિત ઉખેડી નાખવામાં આપણે સફળ થવાના છીએ. અનેક નીતિઓની રચના કરવાવાળા લોકોએ આ બાબતમાં અનેક વાક્યો કહ્યા છે. મારે લાંબી મીમાંસા નથી કરવી. હું કૌટિલ્યનું એક નીતિ સૂત્ર ચોક્કસ કહેવા માગું છું. ભગવાન કૌટિલ્યે ખૂબ સુંદર રીતે એ વખતે આ પ્રકારના કોઈ પ્રશ્નો ન હોવા છતાં પોતાના નીતિ શાસ્ત્રમાં એક સૂત્રનો ઉલ્લેખ કર્યો છે કે જે રાજા અતતાઈ સાથે મંત્રણા કરે છે, અતતાઈ એટલે અત્યારની ભાષામાં ટેરરિસ્ટ, અને જે રાજા અતતાઈને દંડ નથી કરતો એ પોતાનો અને પ્રજાનો વિનાશ કરે છે. આ બિલ અતતાઈઓને દંડ કરવા માટેની કાયદાકીય જોગવાઈઓ કરતું બિલ છે. એ મહામાનવે આટલા વર્ષો પહેલાં જે વાત કરી હતી એ આજે એટલી જ સાંપ્રત સમસ્યાઓના ઉકેલ માટે પ્રાસંગિક છે. એટલે આ ગૃહ એ વાતનો સ્વીકાર કરે અને આ બિલને સમર્થન આપે અને સર્વાનુમતે એને મંજૂર કરે એવી વિનંતી કરવા માટે હું આવ્યો છું. ગુનેગારોને જો આપણે ધર્મના ચશ્માથી જોવા માંડીશું તો કાયદાની પરિસ્થિતિ દિવસે દિવસે કથળવાની છે. આતંકવાદને ધર્મના ચશ્માથી જોવા માંડીશું તો દેશની સુરક્ષા નહીં કરી શકીએ. આતંકવાદને ધર્મના ચશ્માથી જોવા માંડીશું તો સીમાડાની સુરક્ષા નહીં થાય, પ્રજાના જાન-માલની સુરક્ષા નહીં થાય. એટલે આ બિલ ગુનેગારો માટે છે. આ બિલ આતંકવાદને કચડી નાખવા માટેનું છે. આ બિલ સંગઠિત ગુનાખોરીને કડક હાથે ડામવા માટેનું છે. કોઈએ મન ગમતી પાઘડી પહેરવાના બદલે એને સમર્થન કરવું જોઈએ એવું હું ચોક્કસ માનું છું. કદાચ કોઈ માનવાધિકારના નામે આતંકવાદને લિબર્ટી આપવાના મૂડનું હોઈ શકે. કોઈકની એવી નીતિ હોઈ શકે પણ આ સરકાર, નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકાર આતંકવાદીઓને એક ઈંચ પણ જમીન પર હલવાની મંજૂરી આપી શકે તેમ નથી. કડકમાં કડક કાયદાકીય પ્રોવિજન કરવામાં માનવાવાળી સરકાર છે. એ કટિબદ્ધતા સાથે અને લાગુ કરવાવાળી સરકાર છે એટલે રાષ્ટ્રપતિ મહોદયે જે સુધારાઓ મૂક્યા છે એ સુધારાઓ આ સરકાર સ્વીકારી શકે એમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી એકવાર ગુજરાતના સૌ પ્રજાજનોનો જે મૂડ છે. મહારાષ્ટ્ર, કર્ણાટકની અંદર આ કાયદો હોય અને ગુજરાતની અંદર આ કાયદો ના હોય એ ગુજરાતની પ્રજા સાથે અન્યાય છે અને આપણે અહીંયા બેઠેલા સૌ ગુજરાતના પ્રતિનિધિઓ છીએ અને ગુજરાતની પ્રજાને અન્યાય થાય અને આપણે જો મૌન રહીએ તો આપણો પ્રજા પ્રત્યેનો ધર્મ ચૂકીએ બીજી કોઈ વસ્તુ કરવાની જગ્યાએ આ વિધાન મંડળના માધ્યમથી આ બિલ મંજૂર કરે. મક્કમતાથી એક સંદેશો દેશભરની અંદર મોકલવાની જરૂર છે કે ગુજરાતની સુરક્ષા કરવાનો આ સરકારનો અધિકાર છે અને અધિકાર એ કાયદો બનાવતા કોઈ રોકી નહિ શકે અને નરેન્દ્રભાઈએ જે Zero

tolerance ની નીતિ અપનાવી છે એ સૌથી યોગ્ય નીતિ છે. એટલા માટે સૌ સભ્યો આ બિલને સમર્થન કરે એવી વાત કરી મારી વાત પૂરી કરું છું.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવા આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૩ ના વિધેયક ક્રમાંક-૩૦નું બીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત ઉપર મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૨ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણેનો સુધારો રજૂ કરું છું કે,-

In clause 2, in sub-clause (1)

(i) in paragraph (d), after the words "continuing unlawful activity" insert the words "and terrorist act",

(ii) after paragraph (f) add the following paragraph, namely:-

"(g) "Terrorist act" means an act committed with the intention to disturb law and order or public order or threaten the unity, integrity and security of the State or to strike terror in the minds of the people or any section of the people by doing any act using bombs, dynamite or any other explosive substance or inflammable material or firearms or other lethal weapons or poison or noxious gases or other chemicals or any other substance (whether biological or otherwise) hazardous in nature in such a manner so as to cause or likely to cause death or injury to any public functionary or any person or loss due to damage or destruction to property or disruption of any supplies or services essential to the life of the community or detains any person and threatens to kill or injure such person in order to compel the State Government to do or abstain from doing any act."

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને સુધારો મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૩ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૩ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**In clause 3,-**

**(i) in subclause (1) after the words "an offence of" insert the words "terrorist act**

**or"**

**(ii) In sub-clause (2),-**

**(a) after the words "commission of" insert the words " any terrorist act or";**

**(b) after the words "preparatory to" insert the words "any terrorist act or";**

**(iii) in sub-clause (3) after the words " to harbour or conceal" insert the words "any person who has committed an offence of any terrorist act or"**

**(iv) in sub-clause (5) after the words "commission of" insert the words "terrorist act or"**

**(v) in the marginal note, after the words "punishment for" insert the words "terrorist act or"**

**સુધારો ક્રમાંક : ૨ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે, આપને કાંઈ કહેવું છે સુધારા ઉપર ?

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : ના.

**સુધારા ક્રમાંક : ૨ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ - ૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ : ૪ થી ૧૪.**

**કલમ - ૪ થી ૧૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ - ૪ થી ૧૪ વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૧૫ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧૫ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**In clause 15, in sub-clause (2) after the words " involved in " insert the words " any terrorist act or".**

**સુધારો ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારા ક્રમાંક : ૩ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ -૧૫ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૬:**

**અધ્યક્ષશ્રી** : મહામહિમ રાષ્ટ્રપતિશ્રીએ તેમના સંદેશામાં આ કલમ અંગે પુન:વિચારણા કરવા અને તેને રદ કરવા **to delete clause 16** ની ભલામણ કરી છે.

મહામહીમ રાષ્ટ્રપતિએ સૂચવેલ સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

કલમ -૧૬ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, આ બહુ જ ગંભીર બાબત છે.આત્મારામભાઈ અને મોહનભાઈ,

કલમ-૧૭ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.

**કલમ-૧૮ ઉપરનો સુધારો.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૧૮ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલમ-૧૮ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારા ક્રમાંક-૪ રજૂ કરું છું.

In clause 18,-

(i) in sub-clause (1), after the words "proceeds of", insert the words "any terrorist act or";

(ii) in sub-clause(2), after the words "proceeds of" insert the words "any terrorist act or";

(iii) In the explanation,-

(a) after the words "proceeds of", insert the words "any terrorist act or",

(b) after the words "commission of any", insert the words "terorist act or",

(c) after the words "traceable to any", insert the words "terrorist act or".

**અધ્યક્ષશ્રી** : સુધારો રજૂ થાય છે.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૧૮ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧૯ મત માટે મૂકવામાં આવી અને વિધેયકનો ભાગ બની.**

**અધ્યક્ષશ્રી** : કલમ-૨૦ ગૃહ સમક્ષ છે. મહામહીમ રાષ્ટ્રપતિશ્રીએ તેમના સંદેશામાં આ કલમ અંગે પુન:વિચારણા કરી નીચે મુજબનો સુધારો કરવા ભલામણ કરી છે.

(ii) to substitute 'may for 'shall 'after the words Special Court occurring in Clause 20(2) (b) and to bring the proviso in line with the proviso to Section 43(d)(2) of the Unlawful Activities (Prevention) Amendment Act 2008,

(iii) to amend clause 20 (4) to bring it in conformity with section 43 D (5) of the unlawful Activities (prevention) Amendmant Act,2008.

**સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ-૨૦ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૧**

**અધ્યક્ષશ્રી** : કલમ-૨૧ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૨૧ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારો ક્રમાંક-૫ રજૂ કરું છું.

In clause 21,-

(i) in sub-clause(1), after the words"an offence of", insert the words "terrorist act or",

(ii) in sub-clause (2), after the words "an offence of" insert the words "terrorist act or"

**સુધારા ક્રમાંક-૫ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારા ક્રમાંક-૫ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૨૧ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ-૨૨ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૩**

**અધ્યક્ષશ્રી** : કલમ-૨૩ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૨૩ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારો ક્રમાંક-૬ રજૂ કરું છું.

In clause 23 , after the words "in the commission of ", insert the words, "terrorist act or"

**સુધારા ક્રમાંક-૬ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારા ક્રમાંક-૬ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૨૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૨૩ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૨૪ થી ૨૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**કલમ-૨૪ થી ૨૭ વિધેયકનો ભાગ બની.**

**કલમ-૧**

**અધ્યક્ષશ્રી** : કલમ-૧ સભાગૃહ સમક્ષ છે, હવે માનનીય મુખ્ય દંડકશ્રી તેમનો સુધારો રજૂ કરે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૧ ઉપરનો નીચે પ્રમાણેનો મારો સુધારો ક્રમાંક-૭ રજૂ કરું છું.

In clause 1, in sub-clause (1) after the words "Control of" insert the words **"Terrorism and"**

**સુધારો ક્રમાંક-૭ રજૂ કરવામાં આવ્યો.**

**સુધારા ક્રમાંક-૭ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી કલમ-૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી કલમ-૧ વિધેયકનો ભાગ બની**

**દીર્ઘ સંજ્ઞા ઉપરનો સુધારો**

**અધ્યક્ષશ્રી** : દીર્ઘ સંજ્ઞા સભાગૃહ સમક્ષ છે. હવે માનનીય મુખ્ય દંડકશ્રી પોતાનો સુધારો રજૂ કરશે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે પ્રમાણે સુધારો રજૂ કરું છું.

In the long title, after the **words** " control of", insert the word "terrisom"

**સુધારો રજૂ કરવામાં આવ્યો.**

**દીર્ઘ સંજ્ઞા ઉપરનો સુધારો મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સુધારેલી દીર્ઘસંજ્ઞા મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સુધારેલી દીર્ઘ સંજ્ઞા વિધેયકનો ભાગ બની.**

**ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૩ના સુધારેલ વિધેયક ક્રમાંક:૩૦ સન ૨૦૦૩ના ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનું સુધારેલા સ્વરૂપમાં ત્રીજું વાંચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૩ના સુધારેલ વિધેયક ક્રમાંક:૩૦ સન ૨૦૦૩ ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને સુધારેલા સ્વરૂપમાં વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૩**

# ગુજરાત રાજવિત્તીય જવાબદારી(સુધારા) વિધેયક, ૨૦૦૯

**ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમન, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક:૧૩-સન ૨૦૦૯નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયક હું આપની અનુમતિથી દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક:૧૩-સન ૨૦૦૯નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું આ જે બિલ છે તે રાજયની અર્થ વ્યવસ્થા માટેનું બિલ છે. ડાયરેકટલી પબ્લીક ડીલીંગ હોય તેવું આ બિલ નથી. આ એક ફાઈનાન્સીયલ બિલ છે. ગુજરાત ફીસ્કલ રીસ્પોન્સીબીલીટી એકટ છે તેની કલમ-૫ ની અંદર કેન્દ્ર સરકારે આપણને જે પ્રમાણે સૂચના આપી છે તે પ્રમાણે સુધારો કરવા માટેની આમાં વાત છે. આ સેકશન-પની અંદર ચાર વસ્તુનો સમાવેશ થાય છે. તે આપણે ૩૧ માર્ચ ૨૦૦૮ સુધીની અંદર રેવન્યુ ડેફીશીએટ છે તે ઝીરો કરવા માટેની વાત છે. એ જ પ્રમાણે ફીસ્કલ ડૅફિસિટ એ પણ આપણા ગ્રૉસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડકટના ત્રણ ટકા કરવાની ૨૦૦૯, માર્ચ સુધીમાં એ વાત હતી અને ત્રીજી વાત એ છે કે આપણું કુલ દેવું છે એ આપણા ગ્રોથ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડકટ છે એના ત્રીસ ટકાથી વધવું ન જોઈએ, એટલું હોવું જોઈએ અને ચોથી વાત છે કે ગૅરન્ટી એકટ મુજબની જે મર્યાદા છે એ આપણે વીસ હજાર કરોડ હોવી જોઈએ આ ગૅરન્ટી એકટ મુજબ આપણે જે વીસ હજાર કરોડની મર્યાદા છે એને બદલે આપણે અત્યારે દશ હજાર કરોડની જ ગૅરન્ટી આપીએ છીએ એ સિવાય આપણું જે દેવું છે એ પણ આપણું ત્રીસ ટકાથી ઓછું છે અને માનનીય અધ્યક્ષશ્રી, જે આપણી ફીસ્કલ ડૅફિસિટ છે એ આપણે ગ્રૉસ સ્ટેટ ડોમેસ્ટીક પ્રોડકટના ૨૦૦૮-૦૯ સુધી આપણે ત્રણ ટકાથી એમાં વધ્યા નથી અને જે આપણું રેવન્યુ ડૅફિસિટ છે એ પણ ૨૦૦૮-૦૯ની અંદર એ ઝીરો રેવન્યુ ડૅફિસિટ છે કેન્દ્ર સરકારે જે કાગળની એ રીતે મોકલ્યા છે એમાં તમારું જે રેવન્યુ ડૅફિસિટ છે એ ઝીરોથી માઈનસ થાય તો પણ તમારે વાંધો નથી અને તમારું ફીસ્કલ ડૅફિસિટ છે એ ત્રણ ટકાને બદલે સાડા ત્રણ ટકા સુધીની એને છૂટ આપી છે આ જે છૂટ આપી છે એમાં હું આ સેકસન પાંચની એ સુધારો લઈને આવ્યો છું અને એ સુધારાની અંદર જે ફીસ્કલ ડૅફિસિટ અને આપણું રેવન્યુ ડૅફિસિટ છે એના માટે થઈને જે પ્રોવીસો છે એની અંદર બે કારણો આપણે એની અંદર પહેલાં ઉમેર્યા હતા કે ઈન્ટરનલ ડીસ્ટર્બન્સ અને નેચરલ કેલેમિટી હોય તો ત્યાં સુધી આપણે આપણું આ જે ફીસ્કલ ડૅફિસિટ અને રેવન્યુ ડૅફિસિટની અંદર કંઈ વધઘટ થાય તો એ માન્ય રાખવો એવી કાયદામાં જોગવાઈ હતી હવે એમાં આપણે ઉમેરો કરી અને આપણે વધુ ઉમેરીએ છીએ કે, 'due to any other exceptional ground as the State Government may specify' સ્ટેટ ગવનર્મેન્ટ સ્પેશિફાઈ કરે એવા કોઈ exceptional ground હોય તો પણ આપણું આ રેવન્યુ ડૅફિસિટ અને ફીસ્કલ

* વિધેયક તા.૨૯મી જૂન,૨૦૦૯ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ડૅફિસિટની અંદર ફેરફાર થાય તો આપણે એ માન્ય રાખવો આટલું જ મારું આ બિલ છે, આ બિલ છે એ કેન્દ્ર સરકારે આપણને જે રીતે સૂચના આપી છે અને આખાય હિન્દુસ્તાનની અંદર કેન્દ્ર સરકારે બધાય રાજયોને સૂચના આપી છે એના ભાગરૂપે મારું આ બિલ છે આ બિલની અંદર પ્રજાને લગતું કે ડાયરેકટલી ઈફૅક્ટ થાય એવું કોઈ નથી. રાજયની આર્થિક વ્યવસ્થા છે એ આપણે આપણા કાયદાથી બરાબર નિયમન અત્યાર સુધી કરતા આવ્યા છીએ, અને ભવિષ્યની અંદર પણ કાયદેસર આપણી આર્થિક વ્યવસ્થા છે એ આર્થિક વ્યવસ્થા આપણે ડીસીપ્લીનમાં રહી અને વ્યવસ્થિત આપણે કરી શકીએ એના માટેનું આ મારું બિલ છે એટલે તમામ માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે, મારું આ બિલ છે એ મંજૂર કરે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આર્થિક તંદુરસ્તીને માટે થઈને આ સન્માનનીય સભાગૃહે ૨૦૦૫માં જે ગુજરાત ફીસ્કલ રિસ્પોન્સીબિલીટી એકટ પસાર કર્યો હતો એને એમેન્ડમેન્ટ તરીકે આજે વિધેયક ક્રમાંક -૧૩ લઈને માનનીય નાણા મંત્રીશ્રી જ્યારે આવ્યા છે ત્યારે એક વાત તો સ્પષ્ટ છે કે ૨૦૦૫ના વિધેયકમાં જે જોગવાઈઓ હતી એને અનુરૂપ રાજય સરકારની નાણા વિભાગની કામગીરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, આ બિલમાં જે સુધારો લાવવાની જરૂરિયાત ઉભી થઈ છે એનું કારણ પણ એ છે કે આજે આપણા રાજયનું અર્થતંત્ર અને આપણા રાષ્ટ્રનું અર્થતંત્ર એ વૈશ્વિક અર્થતંત્ર સાથે સંકળાયેલું છે અને વૈશ્વિક અર્થતંત્રમાં જ્યારે ઉથલપાથલો આવે તે તાજેતરના સમયમાં લેહમન બ્રધર્સની વાત હોય કે જનરલ મોટર્સની નાદારીની વાત હોય અને વિદેશની અર્થતંત્રની અસરને કારણે ભારતના નિકાસ ઉપર અસર થાય અને ભારતની નિકાસ ઉપર અસર થાય એના કારણે ભારતના વેપાર ઉદ્યોગ ઉપર અને ગુજરાતના વેપાર ઉદ્યોગ ઉપર જ્યારે અસર થાય, બેરોજગારીમાં વધારો થાય, અને લોકોની ખરીદ શકિતમાં ઘટાડો થાય અને એના કારણે જે મહત્ત્વની બાબતો છે તે રાજ્યની જે આવક છે એ આવકમાં સડન્લી ઘટાડો થવાની શક્યતાઓ રહેલી છે. આ જે ફિસ્કલ રીસ્પોન્સીબીલીટી જે એક્ટ છે એમાં બે બાબતોને વિશેષ મહત્વ આપવામાં આવેલ છે. એક છે રેવન્યુ ડેફિસીટ, જે મહેસૂલી ખાદ્ય અને બીજુ છે દેવું. રાજ્યના માથે જે દેવું હોય જી.એસ.ડી.પી..ના ૩૦ ટકાથી વધારે ન થાય એનું ધ્યાન રાખવાની આ જોગવાઈ છે. હવે જ્યારે આ વૈશ્વિક અને આપણી શકિત બહારના કારણોને લઈને જ્યારે આવી સ્થિતિનું નિર્માણ થાય એમાં આ રીસ્પોન્સીબીલીટીની અંદર જે રીસ્ટ્રીકશન મૂકવામાં આવ્યા હતા એ રીસ્ટ્રીકશનની અંદર અપવાદ કરવા માટેની જરૂરિયાત ઉભી થઈ હોય એ માટે માનનીય નાણામંત્રીશ્રી આ જોગવાઈ લઈને આવ્યા છે એવી મારી સ્પષ્ટ સમજ છે. જ્યારે બહારના પરિબળોને કારણે રાજ્યે રોજગારીનું રક્ષણ કરવા માટે સ્ટીમ્યુલસ પેકેજ આપવા પડે અને એના કારણે આવકમાં એક બાજુ ઘટાડો થાય બીજી બાજુ ખર્ચમાં વધારો થાય એવું બનવા સંભવ છે કે જે રેવન્યુ ડેફિસીટ છે એ ડેફિસીટ જાળવી શકાય નહીં અને જરૂર પડે ત્યારે રાજ્ય સરકારે નાણાં ઉછીના લઈને પણ રાજ્યના અર્થતંત્રની અને રાજ્યના નાગરિકોની આર્થિક તંદુરસ્તીનું ધ્યાન રાખવું પડે એના માટે જ્યારે માનનીય મંત્રીશ્રી આ બિલ લઈને, આ એમેડમેન્ટ લઈને આવ્યા છે ત્યારે આ એમેન્ડમેન્ટમાં મેં મારા વિચારો રજૂ કર્યા છે. માનનીય સભાગૃહ સર્વાનુમતે આ વિધેયક પસાર કરે એવી આશા રાખુ છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય અનિલભાઈએ આ બાબતમાં વાત કરી છે અને મેં પણ કહ્યું છે અને મારી વાતને માનનીય અનિલભાઈએ સમર્થન આપ્યું છે અને આ અર્થિક વ્યવસ્થાનું ફાઈનાન્સીય ડિસિપ્લીન માટેનું બિલ હોય આ બિલ સભાગૃહ સર્વાનુમતે મંજૂર કરે એવી મારી વિનંતી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**સભાગૃહની બીજી બેઠક બપોરના ૩ વાગે શરૂ કરવા અંગે દરખાસ્ત**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોર બાદ બીજી બેઠક છે ત્યારે સભ્યશ્રીઓને સમયની અનુકૂળતા રહે એટલા માટે બીજી બેઠક બપોરના ૩-૦૦ વાગે શરૂ કરવામાં આવે એવી હું દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહની બીજી બેઠકના કામકાજનો સમય બપોરના ૩-૦૦ વાગ્યે રાખવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૦૯નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૦૯નું ગુજરાત રાજવિત્તીય જવાબદારી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૩નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૧૬**

# રક્ષાશક્તિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૦૯

**ગુજરાત રાજયમાં 'રક્ષાશક્તિ યુનિવર્સિટી' તરીકે ઓળખાતી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન કરવા બાબત અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટેનું વિધેયક**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* • અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૬ - સન ૨૦૦૯ના ગુજરાત રક્ષાશક્તિ યુનિવર્સિટી વિધેયક્ને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૬ - સન ૨૦૦૯ના ગુજરાત રક્ષાશક્તિ યુનિવર્સિટી વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

---

• વિધેયક તારીખ ૧૫મી જૂલાઈ, ૨૦૦૯ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ હું રક્ષાશક્તિ યુનિવર્સિટી વિધેયક લઈને ઉપસ્થિત થયો છું, આપણો દેશ આઝાદ થયો ત્યારથી અત્યાર સુધી ખાસ કરીને પોલીસ અને કાયદો અને વ્યવસ્થાનું રક્ષણ કરવાવાળા બળો, એ પરંપરાથી આઝાદી પહેલાં જે પ્રકારની માનસિકતાથી કામ કરતા હતા એ માનસિકતામાં પરિવર્તન થાય એના માટે બહુ ઓછા પ્રયોગો, બહુ ઓછા ઉપાયો અને બહુ ઓછી વ્યવસ્થાઓ આ દેશની અંદર કરવામાં આવી છે, હું સહેજ વિગતે એટલા માટે વાત કરવા માગું છું કે આ રક્ષાશક્તિ યુનિવર્સિટીની રચનાથી દેશની અંદર એક ના કેવળ નવા પ્રકારના પ્રશિક્ષણની શરૂઆત થવાની છે પરંતુ એની સાથે સાથે આઝાદ થયા પછી સમગ્ર દેશના સુરક્ષા બળો અને પોલીસ એની માનસિકતાના પરિવર્તનનો પાયો પણ નંખાવાનો છે, આઝાદી પહેલાં પોલીસ એ અંગ્રેજ રાજની અને અંગ્રેજ રાજની સંપત્તિની રક્ષા કરવાનું કામ એ એની પ્રાથમિકતા હતી અને બીજી પ્રાથમિકતા, પ્રજાની જાનમાલની રક્ષાની હતી, આપણે એમાં સહેજ ઊંડા ઊતરીએ તો આઈ.પી.સી.ની કલમો જે છે એની અંદર શરૂઆતની કલમો રાજયની રક્ષા માટેની, રાજયની તિજોરીના રક્ષણ માટેની, રાજયના સેવકોના રક્ષણ માટેની છે અને માનવવધની કલમ જેમાં મનુષ્યની હત્યા થાય છે એ છેક ૩૦૨ એ પહોંચે છે. એટલે પહેલાં પ્રાયોરિટિ જે હતી એ રાજયની રક્ષાની હતી, રાજયની તિજોરીની રક્ષાની હતી, રાજયની સંપત્તિની રક્ષાની હતી, આઝાદ થયા પછી પણ આ કલમોમાં પણ ફેરફાર ન થયો અને કલમો લાગુ કરવાની માનસિકતામાં ફેરફાર કરવાના પ્રયત્નો પણ સરકારો દ્વારા બહુ ઓછા થયા છે એના પરિણામ સ્વરૂપ સૌથી પ્રાથમિકતા પહેલી ડૅમોક્રૅટિક સ્ટેટની વ્યકિતની, નાગરિકની રક્ષણની હોવી જોઈએ એને સગવડોની હોવી જોઈએ એની સંપત્તિના રક્ષણની હોવી જોઈએ અને આ માનસિકતાથી અર્ધ લશ્કરી બળો, પોલીસ બળોએ કામ કરવું જોઈએ. હવે આ માનસિકતા બદલવી હોય તો પરાપૂર્વથી ચાલતી બધી જ પદ્ધતિની અંદર મૂલતઃ ફેરફાર કરવાની શરૂઆત હવે આપણે વિચારવી પડે. આઝાદ થયાં ત્યારથી કોઈ રાજયની અંદર આ પ્રકારના મૂળના પ્રશ્નનો વિચાર નથી થયો, નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આ સરકાર પહેલીવાર એના મૂળની અંદર વિચાર કરી પરિવર્તન લાવવા જઈ રહી છે પોલીસ મિત્રોની માનસિકતા બદલવાની જે વાત છે અને એમની ટ્રેનિંગના કોર્સ બદલવાની વાત છે એની ઉપર હું પછી આવું છું. આ રાજય સરકારે કાયદો અને વ્યવસ્થા અને ગુનાખોરી ડામવા માટે એક દીર્ઘદ્રષ્ટિથી, લાંબાગાળાના આયોજન તરીકે સ્વીકાર્યુ છે. ઉપરટપકે થાગડથીગડ ઉપાયોથી સમસ્યા, સાંપ્રત સમસ્યાઓનું નિવારણ નથી આવવાનું, એટલે આ રાજય સરકારે દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજન કરીને એક લાંબા ગાળાનું આયોજન કર્યુ છે.

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એને કન્ટ્રોલમાં લેવી હોય તો આ સરકારે સૌથી પહેલાં પોલીસને આધુનિક બનાવવા માટે કામ કર્યુ, બધાજ પોલીસ સ્ટેશનોનું આધુનિકરણ કર્યુ, મકાનો સારાં બનાવ્યાં, કમ્પ્યુટર્સ આપ્યાં, ફેકસ આપ્યા, ઝેરોક્ષ મશીન આપ્યા, કનેક્ટીવીટી આપી, ઈ-મેઈલની સગવડો આપી અને એમની ત્વરા ગુનેગારોથી વધારીને રાજય સરકારે એમને ગુનેગારો કરતાં વધુ ઝડપી બનાવ્યા છે. કડક કાયદાઓની રચના પણ રાજય સરકારે કરી. હમણાં જ આપણે ગુજકોકના કાયદા ઉપર લંબાણથી ચર્ચા કરી છે. મારે તેમાં વિગતે નથી જવું પરંતુ કાયદાઓની રચના કરી આ રાજય સરકારે પોલીસને કાયદાકીય પીઠબળ આપવાનું કામ પણ સુપેરે કર્યુ

છે. ત્રીજું કામ રાજય સરકારે લીધું પોલીસનું મોરલ ઉંચુ લાવવું હોય તો વેલ્ફેર એકટીવીટીની અંદર તેની ચિંતા કરવી પડે. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ વાત હોય ત્યારે પોલીસ મિત્રોની ટીકા એ બહુ સાહજિક વાત છે. પરંતુ આ વિભાગના મંત્રી તરીકે હું કહેવા માંગુ છું કે, રાજયના સેવકોમાં સૌથી વધારે કોઈની કપરી કામગીરી હોય તો પોલીસના જવાનની છે, પોલીસના કર્મચારીની છે. રાજયનો નાગરિક ગમે તે તહેવાર ઉજવતો હોય રક્ષાબંધન હોય કે જન્માષ્ટમી હોય કે દિવાળી હોય કે હોળી હોય પોલીસનો જવાન ચાર રસ્તા ઉપર ઉભો રહી રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું રક્ષણ કરે છે. તેના કુટુંબ સાથે તે તહેવાર નથી ઉજવી શકતો. દિવસ હોય કે રાત હોય ઠંડી હોય કે ગરમી હોય વરસાદવાળો દિવસ હોય કે વરસાદ વગરનો દિવસ હોય તે પોતાની જગ્યા નથી છોડી શકતો. ધરતીકંપ હોય તો પણ સૌથી પહેલાં તેને દોડવાનું છે. પૂર આવે તો પણ સૌથી પહેલાં તેને દોડવાનું છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બગડે એટલે તેનું જ કામ હોય છે. ૩૬૫ દિવસ ૨૪ કલાક આ પ્રકારની કામગીરીની અંદરથી એક પ્રકારની માનસિક તાણ ઉભી થતી હોય છે. જીવનની અનિયમિતતા તેના કૌટુંબિક જીવનને ડિસ્ટપ કરે છે. જીવનની અનિયમિતતા તેના શરીર સ્વાસ્થ્યને અસર કરે છે અને આનું આ રાજય સરકારે ૨૦૦૩થી વિચાર કરવાનું ચાલુ કર્યુ હતું પોલીસ હાઉસીંગની અંદર ૮૦ ટકા સેટીસ્ફેકશન રેશિયો ધરાવતું એક માત્ર રાજય આખા દેશની અંદર હોય તો એ ગુજરાત રાજય છે. ૮૦ ટકા પોલીસ કર્મચારીઓને પાકા રહેવાના મકાનો આ સરકારે પૂરાં પાડ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કર્મચારીઓની બધી જ આરોગ્યની ચિંતા અને તેમના આરોગ્યની ચિંતા પીરિયોડિકલી આરોગ્ય ચકાસણી કરી રાજય સરકારે ઉપાડી છે. તેના માતા-પિતા અને નાના બાળકોની ચિંતા પણ આ રાજય સરકાર કરે છે. આવું કરી અમે તેનો ઉચાટ, તેની માનસિક તાણ ઓછું કરવાનો પ્રયત્ન કર્યો છે. તેને સુવિધાઓ આપી છે અને તેના કારણે તેની ક્ષમતામાં વધારો થાય અને વધુ સારી રીતે રાજયની પ્રજાની સેવા કરી શકે તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરવાનો અમે પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ મિલાવીને કાયદો અને વ્યવસ્થાના જો ત્રણ ભાગ પાડવા હોય તો ત્રણ ભાગની અંદર સમગ્ર કાયદો અને વ્યવસ્થાની સમગ્ર પ્રક્રિયા વહેંચાયેલી છે.

(૧) પોલીસ દ્વારા કાયદાને લાગુ કરવો. કડકાઈથી લાગુ કરવો અને જે લોકો કાયદો તોડતાં હોય તેનાથી કાયદા પ્રમાણે ચાલવાવાળા નાગરિકોને રક્ષણ આપવું.

(૨) ગુન્હાઓ જે થયા હોય તે ગુન્હેગારોને પકડવા અને તેને કોર્ટની સમક્ષ ઉપસ્થિત કરી કાયદામાં જોગવાઈઓ કરેલી હોય તે પ્રમાણેની સજા કરાવવી. અને તેની અંદર હવે આ આધુનિક જમાનાની અંદર ફોરેન્સીક સાયન્સનો ઉપયોગ કરી એ ગુન્હાઓને વૈજ્ઞાનિક પદ્ધતિથી સાબિત કરવા જેથી કાયદાકીય છટકબારીઓ પૂરાય અને એ ગુન્હેગારોને તેના ગુન્હાની બરાબર સંપૂર્ણ સજા મળી શકે.

(૩) ન્યાયતંત્ર. આ બધું જ કર્યા પછી છેલ્લે મામલો કોર્ટની અંદર પહોંચતો હોય છે. ન્યાયતંત્રને વધુ સૂચારું બનાવવું, ન્યાયતંત્રની અંદર કોર્ટના ઓફિસર તરીકે કામ કરતાં વકીલોને દુનિયાનું અદ્યતનમાં અદ્યતન જ્ઞાન આપવું અને તેને અપડેટ કરતાં રહેવું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણે વિભાગોની અંદર આ ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદી સરકારે પ્ર શિક્ષિત માનવબળ મળે તે પ્રકારની વ્યવસ્થા કરી સંપૂર્ણ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સુધારવાની દિશામાં મોટું કામ કર્યુ છે. સૌથી પહેલાં આ રાજયની અંદર નેશનલ લો યુનિવર્સિટીની સ્થાપના કરી. અને તજજ્ઞો, વિશ્વકક્ષાના તજજ્ઞો આપણને મળી રહે, ગુજરાતના જુવાનિયાઓ કાયદો ભણે અને સમગ્ર દેશની અંદર બંધારણના ઈન્ટરપ્રિટેશન અને સજાઓ કરાવવાની અંદર જુદા જુદા કાયદાઓમાં કોર્ટની મદદ કરી ન્યાય અપાવવામાં મદદ કરે તેના માટે લો યુનિવર્સિટીની સ્થાપના કરી અને પ્ર શિક્ષિત માનવબળ કાયદાના ન્યાયતંત્રના ક્ષેત્રને મળી રહે તે રીતની વ્યવસ્થા કરી છે.

બીજું, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. અનેક પ્રકારના કોર્ષો આ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીની અંદર આપણે આવરી લીધા છે. અને અત્યાર સુધી વિજ્ઞાનના સામાન્ય કોષીમાંથી ઉભાં થયેલાં વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જ ફોરેન્સીક સાયન્સમાં ધીરે ધીરે એકસપર્ટી મેળવતા હતા. પરંતુ જેમને ફોરેન્સિક સાયન્ટીસ્ટ તરીકે કેરિયર ડેવલપ કરવી છે, એ લોકો માટે વિશિષ્ટ પ્રકારના કોર્સોનું રાજય સરકારે આયોજન કર્યુ અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી, જેનાથી ન કેવળ ગુજરાતને, પરંતુ સમગ્ર દેશને એક આ ક્ષેત્રની અંદર વિશિષ્ટ પ્રકારની તજજ્ઞતા ધરાવતું માનવબળ પૂરું પાડવાનું છે અને એને લીધે સજાઓનું પ્રમાણ વધવાનું છે. ગુનેગારોને દંડ આપવાની પ્રક્રિયા ઝડપી થવાની છે અને સ્પેસિફિક થવાની છે. સજાઓ થવા માંડે એટલે ગુનાઓ આપોઆપ ઘટે. હવે ત્રીજી યુનિવર્સિટી સ્થાપવાનું રાજય સરકારે નકકી કર્યુ છે એ રક્ષા યુનિવર્સિટી, જે પોલિસીના કોર કામને માટે પ્રશિક્ષિત માનવબળ ઉભું કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રક્ષા શકિત યુનિવર્સિટી એ એકલા એક ટુકડામાં ન જોવી જોઈએ. લો યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને પછી રક્ષાશકિત યુનિવર્સિટી આ કન્ટીન્યુએશનમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની સમગ્ર પ્રક્રિયાને પરિપૂર્ણ કરવાવાળું આ પ્રશિક્ષણનું કામ છે. એ રીતે એના કન્ટીન્યુએશનની અંદર આ આખી વાતને બધા સભ્યશ્રીઓ જુએ અને આપના માધ્યમથી સભ્યશ્રીઓને અને ગુજરાતની પ્રજાને પણ હું જણાવવા માગું છું કે આ ત્રણેય યુનિવર્સિટીઓની કામગીરી ચાલુ થયા પછી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની અંદર લાંબા ગાળાના સુધારાઓ થવાના છે. અત્યારે આપણી જે ભરતીની પ્રક્રિયા છે એની અંદર યુવાન નોકરી લેવા આવે છે. એને નકકી નથી કે મારે પોલીસ જ બનવું છે. પોલીસમાં રૂચિ છે એ આવતો નથી અને રૂચિ નથી એ નોકરી નથી એટલે પોલીસમાં આવે છે. એના કારણે જોઈએ એવું પરિણામ મળતું નથી. આ યુનિવર્સિટીના કોર્સોને લીધે એક સગવડ ઉપલબ્ધ થવાની છે કે જે લોકોને પોલીસની કાર્યવાહીની અંદર રસ છે, જે **'એઝ એ પ્રોફેશન'** આને અપનાવવા માગે છે એ વિદ્યાર્થીઓને ભણવાની સગવડ મળવાની છે અને એમાં એ તજજ્ઞતા મેળવી શકવાના છે. મનથી આવેલો કર્મચારી કામ કરે અને ખાલી રોજીરોટી માટે આવેલો કર્મચારી કામ કરે તે કામમાં બહુ મોટું અંતર આવી જતું હોય છે. અને આ રાજય સરકારનો એ પ્રયત્ન છે કે (અંતરાય) મારે પાંચ જ મિનિટ થશે. મારું પ્રવચન પૂરું થઈ જવા દો, તો પાંચ મિનિટ થશે.

**અધ્યક્ષશ્રી** : ત્રણ મિનિટમાં પૂરું થશે અને પછી તમારું ચાલું રહેશે.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ જ મિનિટમાં હું પૂરું કરી દંઉ, એટલે મારું પ્રવચન અધુરું ના રહે. પછી ચર્ચા ભલે ચાલુ રહે.

**અધ્યક્ષશ્રી** : સારું તો પછી બે મિનિટ લંબાવવી પડે.

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જેનું કામ કરવાનું મન છે, એવી વ્યકિતને તક મળે અને વ્યકિતને તક મળે એટલું જ નહીં, એ તક જયારે એને મળે ત્યારે એના માટે એ વ્યકિત પ્રશિક્ષિત થયેલ હોય અને મનથી કામ કરે તો એટલી જ વ્યવસ્થામાં ખૂબ સુંદર પરિણામો મળે. એના માટે આ રક્ષાશકિત યુનિવર્સિટીનો આપણે વિચાર કર્યો છે. આ રક્ષા શકિત યુનિવર્સિટી એવા પ્રકારની પહેલી યુનિવર્સિટી ભારતભરમાં થવાની છે. કદાચ દુનિયામાં એક દેશ સિવાય કોઈ જગ્યાએ આ પ્રકારની યુનિવર્સિટી નથી, જે પોલીસ દળોની ટ્રેનિંગ કરે છે. કોમ્યુનિસ્ટ દેશોની અંદર જે યુનિવર્સિટીઓ છે, એ તો એમની પ્રશિક્ષણની વ્યવસ્થા લશ્કર તરીકેની જ અલગથી હોતી હોય છે. આ પ્રકારની પહેલી યુનિવર્સિટી સ્થાપવાનું ગૌરવ દેશની અંદર ગુજરાતને મળવાનું છે. આ નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી સરકારને મળવાનું છે. આની અંદર જે કોર્સોનો વિચાર કરવામાં આવ્યો છે, એમાં દુનિયાભરના તજજ્ઞો લશ્કરની ટ્રેનિંગ સાથે જોડાયેલા લોકો, અર્ધલશ્કરી દળોની ટ્રેનિંગ સાથે જોડાયેલા લોકો, એસ.આર.પી.ની ટ્રેનિંગ સાથે જોડાયેલા લોકો અને પોલીસની ટ્રેનિંગ સાથે જોડાયેલા લોકો, બધાને ભેગા બેસાડીને એક કમિટી બનાવીને કોર્સોની રચના કરવામાં આવી છે. આમાંથી જુદા જુદા પ્રકારના અનેક કોર્સો ચાલવાના છે. એનાથી દેશભરના પોલીસ દળોને પ્રશિક્ષિત માનવબળ મળવાનું છે. લશ્કરી દળોને પણ પ્રશિક્ષિત માનવબળ મળવાનું છે. અર્ધલશ્કરી દળોને પણ મળવાનું છે. એસ.આર.પી. જે છે, સ્ટેટ રીઝર્વ પોલીસ અને સી.આર.પી. છે, સેન્ટ્રલ રીઝર્વ પોલીસ, એને પણ પ્રશિક્ષિત માનવબળ મળવાનું છે અને સાથે સાથે જે છોકરાઓને જોબ ઓપોર્ચ્યુનિટી ના મળે એમને પ્રાઈવેટ સિકયોરિટી પણ એમને એમના પ્રશિક્ષણના કારણે તાત્કાલિક નોકરી આપે એ પ્રકારની વ્યવસ્થા અને એ પ્રકારના કોર્સો આ રક્ષાશકિત યુનિવર્સિટીની અંદર આપણે વિચાર્યા છે. ગાંધીનગરની અંદર બહુ મોટી જગ્યામાં એક અદ્યતન બિલ્ડીંગની અંદર વિશ્વના અદ્યતનમાં અદ્યતન અભ્યાસક્રમોથી એફ.એસ.એલ., કાયદો અને પોલીસની સુરક્ષાની કામગીરી અને હથિયારોની ટ્રેનિંગ આ બધાની સાથે એક સંપુર્ણ વ્યકિત તૈયાર થાય એ પ્રકારના કોર્સોની અમે વિચારણા કરી છે. આની અંદર ડિપ્લોમા ઈન બેઝીક પોલી સાયન્સ, બેચલર ઈન પોલી સાયન્સ્, માસ્ટર ઈન પોલી સાયન્સ, માસ્ટર ઈન ફિલોસાફી ફોર પોલી સાયન્સ, ડોકટર ઓફ ફિલોસોફી અને ટ્રેનર્સ ટ્રેઈનિંગનો પહેલા તબકકે વિચાર કરેલ છે. એના પછી ફોરેન્સીક સાયન્સ, સાઈબર ક્રાઈમ, ઈકોનોમિક ઓફેન્સ આના માટેના પણ અભ્યાસક્રમો તૈયાર થઈ રહયા છે. આ

યુનિવર્સિટીમાંથી જે વિદ્યાર્થીઓ બહાર પડશે એ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સાચવવા માટે નવા નવા પડકારો આવવાના છે એ બધા જ પડકારોને પહોંચી વળી શકે એના માટે દૂર સંદેશાની આખી પ્રણાલિઓ ભણાવવામાં આવનાર છે. ફોરેન્સિક સાયન્સ, બેલેસ્ટીક મિસાઈલ્સ, સાયકોલોજી એનાલિસીસ, ફીંગર પ્રિન્ટથી માંડીને  એવા અનેક પ્રકારના અભ્યાસોનું પ્રશિક્ષણ  આપવાનું છે અને નવા નવા કાયદાઓ થાય એની જીસ્ટથી પણ આ કાયદો કેવી રીતે લાગુ કરવો એ બાબતોની જાણકારી આપવાની વિચારણા થયેલ છે. હું ચોકકસપણે માનું છું કે ૬૦ હજારનું સંખ્યાબળ ધરાવતા ગુજરાતના પોલીસ દળનો નાનકડો વર્ગ પણ જો  પ્રશિક્ષિત થયેલ મળે અને એ નાનકડો વર્ગ પણ પોતાના મનથી કામ કરવાની ઈચ્છા છે એવો ઈચ્છાશકિતવાળો  ફોર્સવાળો મળે તો ચોકકસ પરિવર્તન થાય અને આ રક્ષાશકિત યુનિવર્સિટી એ એની નવી શરૂઆત છે અને મને ખાતરી છે કે આ પ્રયોગ સફળ થવાનો છે અને એ પ્રયોગ સફળ થયા પછી એ દેશભરમાં સ્વીકૃત થવાનો છે અને સમગ્ર દેશના રક્ષાદળો, પોલીસ દળોને આનો ફાયદો મળવાનો છે. આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિથી લો યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા યુનિવર્સિટી આવા ત્રણ વિલ્શષ્ટ પ્રયોગોને લીધે ના કેવળ ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ફાયદો થશે, પરંતુ આની દૂરોગામી અસરો સમગ્ર દેશની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સુધારવા માટે પડવાની છે. એટલા માટે હું આપશ્રીના માધ્યમથી સર્વ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ બિલને સર્વાનુમત્તે મંજૂરી આપે અને એમના વિચારો વ્યકત કરે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૨ વાગ્યે પૂરું થતાં માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૩-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૮મી જુલાઈ, ૨૦૦૯**
**શ્રાવણ ૬, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ બપોરના ૩-૦૦ કલાકે મળ્યું**
**(બીજી બેઠક)**
**માનનીય અધ્યક્ષશ્રી, અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં આશ્રમશાળાઓ / છાત્રાલયોની સંખ્યા**

***૧૦૪૧૬ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં સામજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કેટલી આશ્રમશાળા/છાત્રાલય ચાલે છે,
(૨) જિલ્લામાં કન્યા કેળવણીનું પ્રમાણ વધે તે માટે ગઢડા અને ઉમરાળા ખાતે આશ્રમશાળા કે છાત્રાલય શરૂ કરવા માગો છો કે કેમ, અને
(૩) જો હા, તો કયારે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૭ આશ્રમશાળા, ૩૫ છાત્રાલયો.
(૨) ના, જી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકાના કયા કયા સ્થળોએ અને કઈ કઈ સંસ્થા દ્વારા આશ્રમશાળા તેમજ ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો ચલાવવામાં આવે છે અને તે સંસ્થાને કયારે માન્યતા મળેલ છે. આ સંસ્થાઓની માન્ય સંખ્યા કેટલી છે અને ૨૦૦૯-૧૦માં કેટલા કુમાર અને કેટલીક ન્યાઓને આ છાત્રાલયમાં પ્રવેશ મળેલ છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર :** માનનીય અધ્યક્ષશ્રી, ગઢડા અને ઉમરાળા તાલુકા માટે માનનીય સભ્યશ્રીએ જે પૂછયું એમાં ગ્રડા તાલુકામાં લીંબડીયા ખાતે એક આશ્રમશાળા સપ્તમુખી ચેરીટેબલ ટ્રસ્ટ દવારા ચાલે છે. તેને ૯૫-૯૬માં માન્યતા આપવામાં આવેલ છે તેની માન્ય સંખ્યા ૧૨૦ છે. ચાલુ વર્ષે ૮૧ કુમાર અને ૪૦ કન્યા મળીને ૧૨૧ છાત્રાલયોને પ્રવેશ આપવામાં આવેલ છે. જયારે બીજી જે વાત પુછી તો હરીપર ખાતે એક કુમાર છાત્રાલય ગઢડા તાલુકાના પછાત વર્ગ કેળવણી સમાજ ટ્રસ્ટ દ્વારા ચાલે છે. તેને ૧૯૮૩ -૮૪માં માન્યતા આપેલ છે જેની માન્ય સંખ્યા ૩૦ છે. ચાલુ વર્ષે ૩૦ છાત્રોને પ્રવેશ આપવામાં આવેલ છે. એમણે પૂછયું કે આ વર્ષે કેટલા બાળકો ભણે છે તો તેનો મેં જવાબ આપ્યો છે. કે ૧ માં ૧૨૧ અને બીજી છે તેમાં ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે :** માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં બંધ છાત્રાલય સામે કેટલા છાત્રાલયો કયા સ્થળે ફાળવવામાં આવેલ છે અને આશ્રમશાળા અથવા તો છાત્રાલયો પાછળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં બંધ સામે એક છાત્રાલય ભાવનગર ખાતે ફાળવવામાં આવેલ છે. સમાજ સમતા યુવક સંઘ ભાવનગરને ફાળવવામાં આવેલ છે. એમણે બીજો પ્રશ્ન એ પૂછયો કે છેલ્લા બે વર્ષ દરમિયાન આશ્રમશાળા અને છાત્રાલય પાછળ કુલ ભાવનગર જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે. તો ૨૦૦૭-૦૮માં આશ્રમશાળા પાછળ ૭૩,૫૯,૦૦૦ ખર્ચ કરવામાં આવેલ છે. અને છાત્રાલય પાછળ ૬૫,૪૫,૦૦૦ રૂપિયા ખર્ચ કરવામાં આવેલ છે. ૨૦૦૮-૦૯માં આશ્રમશાળા પાછળ ૮૪,૫૮,૦૦૦ અને છાત્રાલય પાછળ ૭૮,૪૫,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે રાજયમાં ચાલુ વર્ષે ૨૦૦૯-૧૦માં નવી ગ્રાન્ટ-ઈન-એઈડ કેટલી છાત્રાલયો શરૂ કરવાનું સરકારશ્રીનું આયોજન છે.

**અધ્યક્ષશ્રી** : આપણે જિલ્લામાંથી રાજયમાં જઈશું તો રાજયની માહિતી જયારે જયારે માગીએ ત્યારે અતિ વિસ્તૃત માહિતી હોવાના કારણે તેનો જવાબ ઘણો વિસ્તૃત થાય છે. તમારી પાસે માહિતી હોય તો આપો જવાબ.

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આ બક્ષી પંચના સમાજ માટે ઘણા વર્ષો પછી આ રાજયના લાડીલા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ નીચે આ વર્ષે ૨૦૦૮-૦૯માં નવી ૨૫ ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો શરૂ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

**ભાવનગર જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

***૧૧૨૩૭ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા** મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) સંત સુરદાસ યોજના અન્વયે ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, અને

(૨) લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧,૬૯૬ લાભાર્થીઓ.

(૨) રૂા. ૫૭,૪૧,૧૯૦ લાખ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના પાછળ આટલી મોટી રકમ ફાળવવા બદલ અને સંત સુરદાસ યોજનાની અંદર લાભાર્થીઓને લાભ આપવા બદલ અભિનંદન આપું છું અને સાથે સાથે આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ પણ જાણવા માગું છું કે આ યોજના પાછળ લાભાર્થીને કેટલી સહાય ચૂકવવામાં આવે છે, અગાઉ કેટલી ચૂકવવામાં આવતી હતી અને વધારો કયારથી કર્યો છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સંત સુરદાસ યોજનામાં બે પ્રકારે સહાય ચૂકવવામાં આવે છે, એક ૧૮ વર્ષથી નીચેની વ્યકિતઓ માટે અને બીજી ૧૮ થી ૪૫ વર્ષની વય મર્યાદા માટે, અગાઉ માસિક સો રૂપિયા પ્રમાણે ચુકવવામાં આવતું હતું એમાં વધારો કરીને, હવે ૧૮ વર્ષથી નીચેની વ્યકિત, લાભાર્થીને રૂપિયા ૨૦૦ ચૂકવવામાં આવે છે અને ૧૮ વર્ષથી ૪૫ વર્ષમાં જે ૨૦૦ ચૂકવવામાં આવતા હતા એમાં ડબલ વધારો કરીને ૪૦૦ રૂપિયા માસિક ચૂકવવામાં આવે છે. આ વધારો ૨૦૦૬થી એટલે કે આ સરકારમાં તા. ૨૦-૧૦-૨૦૦૬થી આ નવો વધારો અમલમાં મૂક્યો છે.

**શ્રીમતી ભાવનાબેન ૨ા. મકવાણા** : હું ભાવનગર જિલ્લા પૈકી ભાવનગર તાલુકાની ગયા વરસે કેટલી અરજી આવી, એમાંથી કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ એની પાછળ કેટલી રકમ ચૂકવવામાં આવી અને કોઈ અરજી પેન્ડિંગ છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય સભ્યશ્રીએ ભાવનગર તાલુકાની વિગતો માગી છે, તો ભાવનગર તાલુકામાં કુલ ૧૫૬ અરજીઓ આવી, એમાંથી ૧૫૩ અરજીઓ મંજૂર થઈ છે અને ત્રણ અરજીઓ નામંજૂર થઈ છે. એક પણ અરજી આજની તારીખે કે જે તે સમયે પેન્ડિંગ નહોતી. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન પૂછ્યો કે કેટલી રકમ ચૂકવાય છે. ભાવનગર તાલુકાની અંદર અગાઉ ૪૦૫ લાભાર્થીઓ હતા એમાં ૧૫૩ ચાલુ વર્ષના ઉમેરીએ તો ૫૫૮ લાભાર્થીઓ થયા અને એ પ્રમાણે કુલ ૧૯ લાખ ૫૭ હજાર ૨૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : સંત સુરદાસ યોજનામાં લાભાર્થીઓએ અરજી કયાં આપવાની હોય છે? એને સહાય કઈ રીતે ચૂકવાય છે? મારો બીજો પ્રશ્ન એ છે કે આ સહાય મેળવવા માટેના ધોરણો શું છે, કયાં સુધી સહાય ચૂકવાય છે અને ત્યારપછી શું?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ હોય છે એમણે જિલ્લા કક્ષાએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અરજી આપવાની હોય છે. સહાયની અરજી મંજૂર થઈ ગયા પછી પોસ્ટ ઑફિસ દ્વારા મનીઑર્ડરથી આ સહાય ચૂકવવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ સહાયના ધોરણો પૂછ્યા છે તો સહાયના ધોરણો નીચે પ્રમાણે છે. એક તો એમાં વિકલાંગતાની ટકાવારી ૭૫ ટકા કે તેથી વધારે વિકલાંગતા હોય. બીજું એમની આવક મર્યાદા છે એ ગરીબી રેખાની જે આવક મર્યાદા નક્કી થયેલ છે એ પ્રમાણેની હોય છે. એ પછી લાભાર્થી છે જેને લાભ લેવાનો છે એને ૨૧ વર્ષથી વધુ ઉંમરનો પુત્ર ન હોય અને જો પુત્ર હોય અને મૂક બધિર કે વિકલાંગ હોય તો આ યોજનાનો લાભ આપવામાં આવે છે. એ પછી દસ વર્ષથી ગુજરાતમાં કાયમી વસવાટ કરતો હોવો જોઈએ. એમણે કહ્યું કે કયાં સુધી સહાય ચૂકવાય છે અને એ પછી શું? આ સહાય ૪૫ વર્ષ સુધી ચૂકવવામાં આવે છે અને ૪૫ વર્ષ પછી જે સરકારની વયવંદના યોજના છે એનો લાભ આ લાભાર્થીને આપવામાં આવે છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : ભાવનગર જિલ્લામાં ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ અને નામંજૂર થવાના કારણો શાં છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : કુલ આખા વર્ષ દરમિયાન ૩૧-૩-૨૦૦૯ની પરિસ્થિતિએ ભાવનગર જિલ્લામાં એક વર્ષમાં કુલ ૫૮૨ અરજીઓ આવી એમાંથી ૫૬૭ અરજીઓ મંજૂર થઈ અને ૧૫ અરજીઓ નામંજૂર થઈ છે. નામંજૂરીના કારણો પૂછ્યા છે તો એમાં એક અરજી આવક મર્યાદામાં ન આવવાને કારણે થઈ છે. ઉંમરનો ગાળો છે એ ૪૫ થી વધારે હોવાને કારણે પાંચ અરજીઓ નામંજૂર થઈ છે અને વિકલાંગતા ૭૫

ટકા નક્કી કરી છે એના કરતાં ઓછી વિકલાંગતાના કારણે નવ અરજીઓ નામંજૂર થઈ છે એ રીતે ૧, ૫ અને ૯ એમ કુલ ૧૫ અરજીઓ નામંજૂર થઈ છે.

**ભરૂચ શહેરમાં વેટની બાકી રકમ વસૂલાત અંગે લીધેલ પગલાં**

*** ૧૧૨૨૭ શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ (ભરૂચ) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન ભરૂચ શહેરમાં સેલ્સ ટેક્સ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી,
૨. કેટલી રકમ વસૂલ કરવાની થાય છે અને
૩. આ બાકી રકમ વસૂલ કરવા સરકારે કયા પ્રકારનાં પગલાં તા.૩૦-૬-૨૦૦૯ સુધીમાં લીધાં?

**નાણામંત્રીશ્રી:**

૧. રૂા. ૬.૮૨ કરોડ
૨. ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઉભા થયેલ કેસો પૈકી રૂા. ૦.૩૪ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.
૩. શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન ભરૂચ શહેરની સેલ્સ ટેક્સ અને વેટની રકમ તો મળી છે પરંતુ ભરૂચ જિલ્લાની સેલ્સ ટેક્સ અને વેટની રકમ જાણવી છે અને વિગત હોય તો રાજય સરકારની સેલ્સ ટેક્સ અને વેટની જે આવક છે..

**અધ્યક્ષશ્રી** : દુષ્યંતભાઈ, મારી મુશ્કેલી એ છે કે મેં રાજયના પ્રશ્નો દાખલ નથી કર્યા, હવે તમે જિલ્લામાંથી રાજયમાં જતા રહો છો.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : મારે ખાલી ટકાવારી જોઈતી હતી.

**અધ્યક્ષશ્રી** : એમણે જિલ્લાની માગી, રાજયના જેટલા પ્રશ્નો દાખલ કરીએ છીએ ત્યાં મંત્રીશ્રીઓ તરફથી અને આપણા નિયમમાં અતિ વિસ્તૃત માહિતી હોવાને કારણે એવા અનેક સભ્યોના પ્રશ્નો દાખલ કર્યા નથી. હવે જિલ્લાનું પૂછીને પૂરક પ્રશ્નમાં રાજયમાં જાય તો મુશ્કેલી પડે છે. એટલે આપ જિલ્લા પૂરતા મર્યાદિત રહો. શહેરમાંથી જિલ્લામાં જશો તો વાંધો નથી.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : ભરૂચ જિલ્લામાં સેલ્સ ટેક્સ/વેટની કેટલી આવક છે એ જાણવું છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સેલ્સ ટેક્સની કોઈ જિલ્લાવાઈઝ ગણતરી થતી નથી. જિલ્લાવાઈઝ એકમ નથી હોતા. એના કુલ ધારો કે ૨૩૦ તાલુકાઓ હોય તો તેમાંથી ૧૦૩ કે ૧૦૫ જગ્યાએ તેનું કલેકશન હોય છે. એટલે અમારું જે સેન્ટરવાઈઝ હોય અથવા તો શહેરવાઈઝ હોય એટલું અમે કાઢી શકીએ છીએ. આખા રાજયનું હોઈ શકે પણ જિલ્લા વાઈઝ કે તાલુકાવાઈઝ હોતું નથી. અમારું કેન્દ્ર પ્રમાણે હોય છે. એટલે ભરૂચ શહેર માટેની મેં વાત કરી તેમાં મેં આ કેસીસ આપેલા છે.

**રાજકોટ જિલ્લામાં વેટની વસૂલ કરવાની બાકી રકમ**

***૧૧૨૦૮ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા (મોરબી) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં સેલ્સ ટેક્સ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી,
૨. કેટલી રકમ વસૂલ કરવાની થાય છે અને
૩. આ બાકી રકમ વસૂલ કરવા સરકારે કયા પ્રકારના પગલાં લીધાં?

**નાણામંત્રીશ્રી:**

૧. રૂા. ૫૯૫.૪૭ કરોડ.
૨. ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઉભા થયેલ કેસો પૈકી રૂા. ૭૧.૯૨ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.
૩. શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પહેલો જવાબ આપ્યો કે રાજકોટ જિલ્લામાં ૫૯૫.૪૭ કરોડ આવક થઈ, તેમાં રકમ જે બાકી છે, ૭૧ કરોડ ૯૨ લાખની રકમ નૉર્મલ બાકી છે. આ બાકી રકમ એવા ઉદ્યોગ હોય, કોઈ માંદા ઉદ્યોગ હોય, બંધ થયેલ ઉદ્યોગ હોય તેમાં સબસિડી આપીને માફ કરવા માગો છો અને મોરબી તાલુકાની કેટલી આવક છે આમાં?

**શ્રી વજુભાઈ વાળા** : મેં કહ્યું એ પ્રમાણે તાલુકાની ન હોય, આમાં પણ ડિપાર્ટમૅન્ટને ખૂબ મુશ્કેલી પડે છે. આ જિલ્લાની કરવા માટે થઈને, એમણે જે રીતે કહ્યું, ૨૦૦૮-૦૯માં ૫૯૫.૪૭ કરોડ રૂપિયા અમારી આવક હતી અને ૨૦૦૮-૦૯માં વસૂલાતની બાકી હતી તે ૭૧.૯૨ કરોડ હતી એ છે, ૩૫૫ કેસ છે તેની ૭૧.૯૨ કરોડની રકમ બાકી હતી. તેમાં મનાઈ હુકમ અને વિવાદ કક્ષાએ હોય એવા ૩૭ કેસ હતા, જેની રકમ ૪૧.૯૪ કરોડ રૂપિયા. ધંધો બંધ હોય એવા ૧૦ કેસ હતા. તેની ૮.૫૯ કરોડ અને વસૂલાતની કાર્યવાહી ચાલુ હોય એવા ૩૦૮ કેસ હતા તેમાં ૨૧.૩૯ કરોડ. આપે જે કહ્યું કે ધંધો બંધ થઈ ગયો હોય છે અને એની પાસે કંઈ નથી તો આપણે માફ કરવાની તો કાયદામાં કોઈ જોગવાઈ નથી. પરંતુ દર વર્ષે આપણે

હાઉસમાં ડેકલેરેશન કરીએ છીએ કે મૂળ રકમ ઘણીવાર ભરી જાવ, તમારું વ્યાજ અને પેનલ્ટીમાં તમને રાહત આપશે. આવી રીતે જે લોકો લાભ લે છે તેને તેનો લાભ મળતો હોય છે. આ જે આવક ઉભી થઈ, ખરેખર ૨૦૦૮-૦૯માં જે ૭૬૪ કેસની ૭૩.૮૭ આવક ઉભી થઈ હતી તેમાંથી વસૂલાત આવી, ૪૦૯ કેસમાંથી ૧ કરોડ ૯૫ લાખની વસૂલાત આવી. આજની તારીખે ૩૫૫ કેસના ૭૧.૯૨ કરોડ રૂપિયા બાકી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૭૧.૯૨ કરોડ જે બાકી છે તેમાંથી ૧ કરોડથી વધુ રકમ બાકી હોય એવા કેટલા એકમો? અને મોરબી તાલુકામાં કયા કયા એકમોની આ પૈકી રકમ બાકી છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ ૩૫૫ કેસીસ છે. તેની માનનીય સભ્યશ્રીને જોઈતી હોય તો માહિતી આપું. આમાં ૨૫ હજારથી વધુ કોના, ૫૦ લાખથી વધુ કોના, એક કરોડથી વધુ કોના એવી રીતે ન હોય. પણ મારી પાસે આખું લિસ્ટ છે ૩૫૫ કેસીસનું, જો આમાંથી ધીમે ધીમે જોતો જાઉં અને કહેતો જાઉં તો થાય.

**અધ્યક્ષશ્રી** : એવું ન થાય, આપ ટેબલ ઉપર મૂકજો.

**શ્રી વજુભાઈ વાળા** : ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વ્યાજ માફ અને પેનલ્ટી માફ કરવા માગો છો કે નહીં?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજ માફ કરવું એ નક્કી ન કરી શકાય. એટલા માટે કે એ કાયદામાં જોગવાઈ છે અને પેનલ્ટીની અંદર કેટલી લેવી એ કેસના મેરિટસના આધારે નક્કી થતું હોય છે. છતાં પણ હાઉસની અંદર ડિકલેર કરીને, હાઉસની સંમતિથી કરેલ કહેવાય. કાયદામાં એટલું રીલેક્સેશન આપતા હોઈએ છીએ.

## સુરત જિલ્લામાં વેટની વસૂલ લેવાની બાકી રકમ

*** ૧૧૨૦૩ શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન સુરત જિલ્લામાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજય સરકારને મળી,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની થાય છે, અને

(૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે શાં પગલાં લીધાં છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) રૂ.૨૧૧૪.૧૨ કરોડ

(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઊભા થયેલ કેસો પૈકી રૂ.૧૯૮.૫૨ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.

(૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સુરત જિલ્લાની જે આવક બતાવી છે એ રાજયની કુલ આવકના કેટલા ટકા થાય છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે જુદી રીતે આવક અને એ થતું હોય છે. પણ અંદાજે રૂ.૧૫૦૦૦ કરોડમાંથી કે રૂ.૧૬૦૦૦ કરોડમાંથી આ રૂ.૨૧૧૪.૧૨ કરોડ એમાં જે રીતે આવે એ એનો આઠમો ભાગ થાય. એપ્રોક્ષીમેટલી ૧૬ ટકા થાય.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં જે બાકી રકમ છે એ રૂ.૧૯૮.૫૨ કરોડ છે. આ રકમ કુલ કેટલા વેપારીઓ પાસેથી લેવાની બાકી છે, એની સંખ્યા કેટલી?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૮-૦૯માં ઊભી થયેલી વસૂલાત હતી એ ૩૧૭ કેસીસની હતી અને ૩૧૭ કેસીસમાંથી ૨૦૨ કેસો છે એના એ જ વર્ષમાં વસૂલાત આપી અને બાકી વસૂલાત છે એ ૧૧૫ કેસની છે. આ રૂ.૧૯૮.૫૨ કરોડને સ્પ્લીટ કરીએ તો વિવાદી કેસ અને મનાઈ હુકમવાળા ૨૩ કેસ, ધંધો બંધ હોય અને લાપત્તા હોય એવા ૫ કેસની વસૂલાત કરવાની બાકી છે, વસૂલાતની કાર્યવાહી ચાલુ છે એવા ૨૭ કેસ છે. એમ કુલ ૧૧૫ કેસના રૂ.૧૯૮.૫૨ કરોડની રકમ બાકી છે.

## આણંદ જિલ્લામાં સંકટ મોચન યોજનાની મળેલ અરજીઓ

***૧૧૨૪૦ શ્રી શિરિષકુમાર મ. શુક્લ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) આણંદ જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા.૩૧મી માર્ચ, ૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૭૦૭.

(૨) ૩૦૪.

(૩) રૂ.૩૦.૪૦ લાખ.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ માહિતી મેળવવા માગું છું કે, આણંદ જિલ્લામાં ખંભાત તાલુકામાં સંકટ મોચન યોજના હેઠળ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? કેટલી અરજીઓ નામંજૂર થઈ? નામંજૂરીના કારણો કયાં અને પડતર અરજીઓ કેટલી છે? તે ઉપરાંત બીજો પશ્ન એ છે કે, લાભાર્થીઓના ક્યા ધોરણો છે? અને એમને કેટલી રકમ મળે છે? નામંજૂરીના કેસમાં કોને અપીલ કરી શકાય અને અપીલ કરવાની સમય મર્યાદા કેટલી છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ૩ પ્રશ્નો પૂછ્યા છે. એમાં પહેલો પ્રશ્ન એ હતો કે, સંકટ મોચન યોજના અંતર્ગત આણંદ જિલ્લાના ખંભાત તાલુકાની કેટલી અરજીઓ આવી? તો એમાં ૧૯૬ અરજીઓ આવી હતી. તે પૈકી ૧૦૪ મંજૂર કરવામાં આવી અને ૯૨ નામંજૂર થયેલ છે. જે નામંજૂર થવાના કારણો છે એમાં બી.પી.એલ.નો લાભાર્થી ન હોય તો લાભ મળતો નથી, સમય મર્યાદા બાદ અરજી કરી હોય તો લાભ મળતો નથી અને મરનાર છે એની મુખ્ય વ્યકિત હોય એની ઉંમર પણ વય મર્યાદા બહાર ૧૮ થી ૬૫ સિવાયની હોય તો પણ એને લાભ મળતો નથી. માનનીય ધારાસભ્યશ્રીએ આ યોજનાના પાત્રતાના ધોરણો પૂછ્યા છે. તો આપના દ્વારા હું માહિતી આપીશ કે, આ યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબની મુખ્ય વ્યકિતનું અવસાન થાય તો સહાય મળવાપાત્ર થાય છે. અવસાન પામેલ વ્યકિતની ઉંમર ૧૮ થી ૬૫ વર્ષની હોવી જોઈએ અને એને રૂ.૧૦૦૦૦/- સહાય આ માટે ચૂકવવામાં આવે છે.અને એની સમયમર્યાદા અરજી કરવા માટે મૃત્યુ થયા પછી ૨ વર્ષની અંદર આ માટેની એમણે અરજી કરવાની હોય છે. એમનો ત્રીજો પ્રશ્ન એવો પૂછયો કે નામંજૂરીના કેસમાં કોને અપીલ કરવાની હોય, તો નામંજૂરીના કેસમાં એપેલેટ ઓથોરીટ તરીકે જિલ્લા કલેકટરશ્રી છે અને જિલ્લા કલેકટરશ્રીને ૬૦ દિવસની અંદર અપીલ કરવાની હોય છે.

**શ્રીમતી જયોત્સનાબેન રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આણંદ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં આ યોજના હેઠળ કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ, કેટલી પડતર છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કુલે અરજીઓ મળી છે એમાં આણંદ તાલુકામાં કુલ ૧૧૩ અરજીઓ મળી જેમાંથી ૪૭ જે તે સમયે મંજૂર કરી અને ૩૨ નામંજૂર હતી અને ૩૪ પડતર હતી. આજની તારીખે જે ૩૪ પડતર હતી એ પૈકી ૧૮ અરજી મંજૂર કરવામાં આવી છે અને ૧૬ નામંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને એક અગત્યનો પ્રશ્ન પૂછવા માગુ છું કે બી.પી.એલ. નંબર ના હોય પરંતુ જે માણસ ગઈકાલે મેં પૂછયું તે પ્રમાણે ફુટપાથ પર રહેતો હોય અને અકિંચન હોય એવા કિસ્સામાં ધારાસભ્યની ભલામણને માન્ય રાખવામાં આવશે કે નહીં?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના કેન્દ્ર પુરસ્કૃત છે અને એના ધોરણો એ કેન્દ્ર સરકારે નકકી કર્યા છે અને કેન્દ્ર સરકારે જે નકકી કરેલા ધોરણો છે એ મુજબ બી.પી.એલ. લાભાર્થી હોય તો જ આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

**જૂનાગઢ જિલ્લામાં વેટ ચોરીના પાડેલ દરોડા**

*** ૧૧૨૧૩ શ્રી કનુભાઈ મે. ભાલાળા(વિસાવદર)** : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં સેલ્સટેક્ષ/ ચોરી અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૨) આ દરોડા દરમ્યાન કેટલા રુપિયાની સેલ્સટેક્ષ/વેટની ચોરી પકડાઈ?

**નાણામંત્રીશ્રી** :

(૧) ૩૨

(૨) રૂા. ૨.૧૨ લાખ

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લામાં કુલ ૩૨ જગ્યાએ રેડ કરવામાં આવી તો આમાં કયા તાલુકામાં કેટલી રેડ કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે આ વેટની ચોરી ડામવા માટે સરકાર કોઈ વધારે કડક અને અસરકારક પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ આ તાલુકાની અંદર બધા કેન્દ્રો ઉપર વારંવાર આ બધા કેસીસના દરોડા પાડવામાં આવતા હોય છે. એમાં ૩૨ જગ્યાએ આ પ્રકારના દરોડાને એ રીતે પાડવામાં આવ્યા હતા અને એમાં ૩૨ કેસોની અંદરથી એમાં ૨.૧૨ લાખ છે. એનો દંડ એટલો વસૂલ કર્યો ખરેખર જે ચોરી હતી સેલટેકસની એ ૨ લાખ અને ૧૨હજારની હતી પણ એની પાસેથી વસૂલ કર્યો ૨ લાખ અને ૧૨ હજાર

એ વેટની ટેકસની રકમ વસૂલ કરી, દંડની રકમ ૧.૯૨ લાખ વસૂલ કરી. વ્યાજની રકમ છે એ ૧ લાખ વસૂલ કરી એ પ્રમાણે કુલ ૪.૦૫ લાખ એટલે ૪ લાખ અને ૫ હજારની રકમ વસૂલ કરી. આમાં ૨૭ કેસો છે એને બીનજપ્ત એટલે એનું એસેસમેન્ટ કરી એની પાસેથી પૈસા વસૂલ કરી લીધા છે અને ૫ કેસ એવા છે કે એને આપણે હજી એના એસેસમેન્ટ કરવાના બાકી છે. આ ૫ કેસોની અંદર એક છે જૈન એન્ટરપ્રાઈઝ છે. બીજું શ્રીનાથજી એન્ટરપ્રાઈઝ છે, ત્રીજું લાલજી મુલજી ટ્રાન્સપોર્ટ કંપની છે. ચોથું રાધેશ્યામ માર્કેટીંગ છે અને પાંચમું સરસ્વતી કોર્પોરેશન છે. એટલે આ પ્રમાણે આ જપ્ત અને બીનજપ્ત કેસ છે એ આખા જિલ્લામાંથી આ ગણતરી છે.

## જૂનાગઢ જિલ્લામાં નિરીક્ષકની ખાલી જગ્યાઓ ભરવા અંગે

*** ૧૧૧૪૫ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે?

(૨) તે પૈકી આ સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ રહેવાના કારણો શાં છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૩

(૨) ૨ ભરાયેલ
૧ ખાલી

(૩) કર્મચારીની બદલીના કારણે

(૪) જેમ બને તેમ જલદી.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જુનાગઢ જિલ્લામાં જે ૩ જગ્યાઓ મંજૂર થયેલ છે તે કઈ કઈ છે? તે પૈકી કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે અને આ જગ્યાની કામગીરી માટે વૈકલ્પિક વ્યવસ્થા કરેલ છે કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં જે ત્રણ જગ્યાઓ મંજૂર થયેલ છે એમાં વેરાવળ, કોડીનાર અને વાળીયા હઠીના છે એમાં એક જગ્યા ખાલી છે જે વાળીયા હઠીનાની જગ્યા ૨૬-૫-૨૦૦૮થી ખાલી છે. એમણે ત્રીજો પ્રશ્ન પૂછયો કે આ જગ્યાની કામગીરી માટે વૈકલ્પિક વ્યવસ્થા શું કરી છે? આ બાબતે મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, સરકારી કુમાર છાત્રાલય, વેરાવળને ચાર્જ આપી કામગીરી કરવાની વ્યવસ્થા કરેલ છે.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લો એ ૧૨ તાલુકાનો મોટો વિસ્તાર છે. ભૌગોલિક દૃષ્ટિએ પણ ખૂબ મોટો જિલ્લો છે. માત્ર ત્રણ જ નિરીક્ષકોની જગ્યાઓ છે તો બીજી જગ્યાઓ ઊભી કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : હાલમાં જિલ્લામાં કુલ ૯ જગ્યાઓ મંજૂર થયેલ છે. એમાં ઉના, માંગરોળ, કેશોદ, સુત્રાપાડા, વંથલી, વિસાવદર, ભેંસાણ, માણાવદર, અને તલાલા. એમણે વાત કરી કે મોટો જિલ્લો હોવાના કારણે બાકીની જગ્યા ક્યારે ભરવામાં આવશે તો વિભાગ દ્વારા તા. ૨૬-૬-૦૬ તથા તા. ૩-૪-૦૭ના ઠરાવથી અનુક્રમે ૪૨ અને ૪૪ એમ કુલ ૮૬ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે અને તા. ૨૦-૨-૦૭ના પત્રથી તથા તા. ૨૨-૫-૦૭ના પત્રથી કુલ ૮૬ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માગણીપત્રક મોકલવામાં આવેલ છે. તા.૨૪-૩-૦૮ના ઠરાવથી સહાયક સમાજ કલ્યાણ નિરીક્ષક તરીકે આ જગ્યાનું નામાભિધાન કરવામાં આવ્યું છે. તા. ૧૬-૬-૦૮ના પત્રથી જરૂરી પૂર્તતા સાથે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને ૮૬ સહાયક સમાજ કલ્યાણ નિરીક્ષકની જગ્યાઓ ભરવા વિગતે પૂર્તતા કરેલ છે અને તા. ૧૨-૯-૦૮ના રોજ સમાજ કલ્યાણ નિરીક્ષકના ભરતી નિયમો બાબતે નિયામકશ્રી પાસેથી રૂબરૂ સ્પષ્ટતા માગેલ છે અને નિયામક કચેરીએ તા. ૧૨-૮-૦૯ના પત્રથી ભરતીના નિયમો બાબતે લેખિતમાં સ્પષ્ટતા કરેલ છે. તા. ૧૭-૧-૨૦૦૯ તથા તા. ૨૫-૬-૨૦૦૯ના પત્રથી ગુજરાત ગૌણ સેવા આયોગને સ્મૃતિપત્રો પણ પાઠવેલ છે. તે દરમિયાન તા. ૨૪-૭-૨૦૦૯ના રોજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાં ઉચ્ચ કક્ષાએ આ જગ્યાઓ ભરવા જાહેરાત તથા પસંદગી પ્રક્રિયા ઝડપથી પૂરી થાય એના માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લાના ત્રણ તાલુકા સિવાય અન્ય તાલુકાઓ ખાલી છે એ તાલુકાઓની કામગીરીની વ્યવસ્થા જે કરવાની થાય છે એ કઈ રીતે કરવાની થાય એ મંત્રીશ્રી જણાવશે.

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : બાકીના તાલુકા છે એમાં જુનાગઢ હેડ ક્લાર્ક, જિલ્લા નાયબ નિયામકને તા. ૧૦-૭-૦૮થી ચાર્જ સોંપવામાં આવ્યો છે. કેશોદમાં હેડ ક્લાર્ક, જિલ્લા નાયબ નિયામકને તા. ૨૦-૧૨-૦૭થી ચાર્જ સોંપવામાં આવ્યો છે. વંથલીમાં સમાજ કલ્યાણ નિરીક્ષકને તા. ૨૦-૮-૦૮થી ચાર્જ સોંપવામાં આવ્યો છે. સુત્રાપાડામાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, સરકારી કુમાર છાત્રાલયને ચાર્જ સોંપવામાં આવ્યો છે. તલાલામાં સમાજ કલ્યાણ નિરીક્ષકને ચાર્જ સોંપવામાં આવ્યો છે. વિસાવદરમાં સમાજ કલ્યાણ નિરીક્ષકને ચાર્જ સોંપવામાં આવ્યો છે. ઉનામાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીને તા. ૧૫-૧-૦૯થી ચાર્જ સોંપવામાં આવ્યો છે. મેંદરડામાં સિનિયર ક્લાર્ક, જિલ્લા નાયબ નિયામક, જુનાગઢને તા. ૧૦-૭-૦૮થી ચાર્જ સોંપવામાં આવ્યો છે. ભેંસાણમાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીને તા. ૧૦-૭-૦૮થી ચાર્જ સોંપવામાં આવ્યો છે. માણાવદરમાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, સરકારી કુમાર છાત્રાલયને તા. ૧૦-૭-૦૮થી ચાર્જ સોંપવામાં આવ્યો છે. માંગરોળમાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, સરકારી કુમાર છાત્રાલયને તા. ૧૦-૭-૦૮થી ચાર્જ સોંપવામાં આવ્યો છે.

### વડોદરા જિલ્લામાં વેચાણવેરા/વેટ ચોરીના પાડેલ દરોડા

*૧૧૨૦૨ **શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સન ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન વડોદરા જિલ્લામાં સેલ્સટેક્ષ/વેટ ચોરી અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૨) આ દરોડા દરમિયાન કેટલા રૂપિયાની સેલ્સટેક્ષ/વેટની ચોરી પકડાઈ?

**નાણા મંત્રીશ્રી :**

(૧) ૪૨.

(૨) રૂા. ૪૦.૯૪ લાખ.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૨૦૦૮-૦૯ના વર્ષ દરમિયાન શહેર જિલ્લાની વેટની આવક કેટલી થઈ અને તેમાં પાંચ કરોડ ઉપરાંત વેટ ભરનાર કેટલા એકમો છે?

**શ્રી વજુભાઈ વાળા** : આ જે સવાલ છે એ સેલ્સટેક્ષની ચોરી અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા છે એ અંગેનો છે, આવક અંગેનો નથી. છતાં પણ કહ્યું છે કે ૪૨ જગ્યાએ દરોડા પાડ્યા છે અને દરોડા દરમિયાન કુલ રૂપિયા ૪૦.૯૪ લાખની ચોરી પકડાઈ. આનું જો સ્પ્લીટ આપું તો....(અંતરાય)આનું જો સ્પીલ્ટ હું આપું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સ્પીલ્ટ આપશો તો ઘણું લાંબું થાય છે અને એમનો પ્રશ્ન પણ નથી. એમને જે જોઈએ છે એ તમે અત્યારે આપી દીધું.

**શ્રી વજુભાઈ વાળા** : પ્રશ્ન દરોડા માટેનો છે.

**અધ્યક્ષશ્રી** : બાકી એ પૂછે છે આ પૂરક પ્રશ્ન એમનો એ છે કે એક કરોડથી વધારે કેટલાના બાકી છે? હવે એમાંથી નીકળતું નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં દરોડાની અંદર કોઈ એક કરોડવાળું નથી આવતું. ટોટલ ૪૦.૯૪ લાખની આ દરોડાની અંદર આવક થઈ છે પણ છતાં જેની અંદર એસેસમેન્ટ બાકી છે એમાંથી કોઈ કરોડ રૂપિયા નીકળે તો વાત જુદી છે. આમાં જપ્ત કેસ જે ૧૧ કર્યા એ ૧૧ કેસમાંથી બીનજપ્ત ૩૧ કેસ કર્યા એમાંથી ૭૨ લાખ રૂપિયાની આવક થઈ ટોટલ અને જપ્ત કેસ ૧૧ બાકી છે એમાંથી એક કેસની અંદર ૧,૩૮,૦૦૦/- ની આવક થઈ છે. બાકી આ ૧૦ દેસ બાકી છે એનું હવે જ્યારે એસસમેન્ટ થાય અને ચોરી પકડાય તો ખબર પડે પણ હજુ ૧૦ કેસનું એસસમેન્ટ બાકી છે એટલે કેટલા કયા કેસમાં એક કરોડ રૂપિયાવાળા આવશે એ અત્યારે કહી શકાય નહિ.

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આ ૪૨ દરોડા પડ્યા એમાંથી વડોદરા શહેરમાં કેટલા અને એમાંથી કેટલી આવક થઈ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં મારી પાસે લિસ્ટ છે. તાલુકાવાઈઝ એ રીતે નથી. આખા જિલ્લાનું ટોટલ લિસ્ટ છે. આ લિસ્ટ છે એ હું અહીંયા રજૂ કરી દઈશ અને કહેતા હોય તો ૧૧ કેસ બાકી છે એમાં વાંચીને બતાવી દઉં. એમાં દેવાનંદ રામાણદાસ ઈન્ડસ્ટ્રીઝ છે એ જેતલપૂર રોડ વડોદરા, બીજો બી.જે. સર્વિસીસ, ત્રીજો, કરજણનો છે, ચોથો એરવા ટી.એન.ડી. ઈન્ડિયા એ રેસકોર્સ વડોદરાનો કેસ છે પછી પાંચમો આશીર્વાદ દેવલજી મહેશભાઈ છે એ જકાત નાકા, વડોદરાનો કેસ છે. સેઈફી ટ્રેડર્સ એ પાણીગેટ વડોદરા, પછી શકિત સેલ્સ વડોદરાનો કેસ છે એ પણ વડોદરાનો કેસ છે, દિપક નાઈટ્રેટ એ પણ વડોદરાનો છે અને ક્રિસન્ટ જે છે એ આર.સી.દત રોડ એ વડોદરાનો છે આટલા કેસ વડોદરાના છે.

### પાટણ જિલ્લામાં નિરીક્ષકની ખાલી જગ્યાઓ ભરવા અંગે

***૧૧૧૪૦ શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લામાં બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી આ સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,
(૩) ખાલી જગ્યાઓ રહેવાના કારણો શાં છે, અને
(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૩.
(૨) ૧ ભરાયેલ.
૨ ખાલી.
(૩) કર્મચારીની બદલી/બઢતીને કારણે.
(૪) જેમ બને તેમ જલ્દી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે પાટણ જિલ્લો એ બક્ષીપંચ સમાજની બહુ મોટી સંખ્યામાં વસ્તી ધરાવનારો જિલ્લો છે અને બક્ષીપંચ સમાજના ગરીબ પરિવારોને સરકારી યોજનાનો લાભ નીચે સુધી પહોંચાડવા માટે તાલુકા નિરીક્ષક એ ખૂબ મહત્ત્વની જગ્યા છે તો અગાઉ પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ભરતીની પ્રક્રિયા ચાલુ છે તો જ્યારે ભરતીની પ્રક્રિયા ચાલુ હોય અને જ્યારે ભરતી કરો ત્યારે પાટણ જિલ્લાને પ્રાયોરિટી આપીને એની જે જગ્યા ખાલી છે એ ભરવા માગો છો કે કેમ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં જુનાગઢ જિલ્લાના પ્રશ્નમાં જણાવ્યું તેમ કુલ ટોટલી જે જગ્યા ૮૬ ખાલી છે એ સમાજકલ્યાણ નિરીક્ષકની જગ્યા ખાલી છે અને એ જગ્યા તાત્કાલિક ભરાય એના માટે વિભાગ દ્વારા અને અમારા સૌ દ્વારા ગૌણ સેવા પસંદગી સમિતિને વારંવાર વિનંતી કરવામાં આવેલ છે. આ પ્રક્રિયા.ખૂબ ઝડપથી પૂરી થાય એવા અમારા પ્રયત્નો રહેશે.

**અધ્યક્ષશ્રી** : એમનો પૂરક પ્રશ્ન એ છે કે, જ્યારે જગ્યા ભરાય ત્યારે પાટણ જિલ્લાને તમે અગ્રતા આપશો કે નહિ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી. આપીશું.

## રાજકોટ શહેરમાં વેટની બાકી રકમ વસૂલ લેવા લીધેલ પગલાં

***૧૧૨૨૬ શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) સન ૨૦૦૮-૦૯ માં રાજકોટ શહેરમાં સેલ્સટેક્ષ/વેટની કેટલી આવક રાજ્ય સરકારને મળી,
(૨) કેટલી રકમ વસૂલ કરવાની થાય છે, અને
(૩) આ બાકી રકમ વસૂલ કરવા સરકારે શાં પગલાં તા. ૩૦-૬-૦૯ સુધીમાં લીધાં છે?

**નાણા મંત્રીશ્રી :**

(૧) રૂા.૨૮૮.૧૨ કરોડ
(૨) ૨૦૦૮-૦૯ના વર્ષમાં નવા ઊભા થયેલ કેસો પૈકી રૂા.૬.૨૭ કરોડની રકમ વસૂલ કરવાની બાકી છે.
(૩) શકય વસૂલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અને ગુજરાત જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સને ૨૦૦૮-૦૯ ની સાલમાં રાજકોટ વિભાગમાં વેટ અને વેચાણવેરાની આવકમાં ટોટલ કેટલી આવક થઈ? આ આવકના હિસ્સામાંથી રાજકોટ શહેરનો હિસ્સો કેટલો અને એની આગલા વર્ષની સરખામણીએ રાજકોટ શહેરમાં વધારો કે ઘટાડો થયો છે અને થયો હોય તો કેટલો?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ વિભાગમાં તો જુદા બીજા પણ ચાર જિલ્લા આવે છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે રાજકોટ શહેરમાં સેલ્સ ટેકસ કે વેટની કેટલી આવક છે એના માટેની વાત કરીએ તો સને ૨૦૦૮-૦૯ની અંદર આવક થઈ ૨૮૮.૧૨ કરોડ. અને આપે જે રીતે પૂછયું ગઈ વખતની સરખામણીમાં એમાં શું સ્થિતિ છે ? તો ૨૦૦૮-૦૯માં ૨૮૮.૧૨ કરોડ થઈ , ૨૦૦૭-૦૮માં આવક હતી ૨૫૧.૯૪ કરોડ એટલે ૨૦૦૭-૦૮ કરતાં ૨૦૦૮-૦૯માં ૩૬.૩૮ કરોડનો વધારો થયો એટલે ૧૪.૩૬ કરોડનો વધારો થયો અને ૨૦૦૮.૦૯માં જે વસૂલ કરવાની બાકી રકમ હતી એ ૬.૨૭ કરોડ રહી. હવે ખરેખર આ જે ૬.૨૭ કરોડની રકમ આવી એ ૨૦૦૮-૦૯માં ઊભી થયેલી વસૂલાત એટલે જેનું માંગણું ઊભું થયું હોય એવા ૩૯૯ કેસોમાંથી ૮.૧૦ કરોડ રૂપિયાનું માગણું ઊભું થયું અને ૨૦૦૮-૦૯માં એ પૈકી વસૂલાત આવી ૧૯૯ કેસોમાંથી ૧.૮૩ કરોડ રૂપિયાની વસૂલાત આવી અને આ રીતે ૩૧-૩-૦૯ના રોજ બાકી વસૂલાત હતી એ ૨૦૦ કેસોમાં ૬.૨૭ કરોડ રૂપિયાની વસૂલાત હતી. આ જે બાકી વસૂલાત રહી એમાં મનાઈહુકમ કે વિવાદ કક્ષાએ જે ૨૨ કેસો હતા, એમાં ૦.૯૨ કરોડ રૂપિયા બાકી હતા અને વસૂલાતની કાર્યવાહી જેમાં ચાલુ

છે એવા ૧૭૮ કેસો છે, ૫.૩૫ કરોડ બાકી છે, આ પ્રમાણે જે બાકી કેસો છે ૨૦૦ એમાં ૬.૨૭ કરોડ રૂપિયા બાકી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ રાજકોટ શહેરમાં ૬.૨૭ કરોડ બાકી છે આ રીતે ખરેખર રાજયમાં ઘણા ઉદ્યોગો એવા હોય છે કે, નાણા વિભાગની રકમ બાકી હોય અને બૅન્કોની રકમ પણ બાકી હોય અને ઉદ્યોગ બંધ થઈ ગયો હોય, બૅન્ક અને નાણા વિભાગે એના ઉપર બાન મૂકેલો હોય છે એના કારણે આ મિલકત વેચી ન શકે અને ન બૅન્કના રૂપિયા આવે કે નાણા વિભાગના રૂપિયા આવે, તો આવા પૈસા હોય એના માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના કોઈ આપણે નક્કી કરવા માગીએ છીએ કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રમાણે કહ્યું દર વખતે સેટલમેન્ટ યોજના આપણે જાહેર કરતા હોઈએ છીએ પરંતુ જ્યારે એક કરતાં વધુ સંસ્થાના પૈસા બાકી હોય તો આવી પેઢીઓ લગભગ ફડચામાં જતી હોય છે અને એ ફડચામાં જતી હોય ત્યારે કોર્ટ મારફતે એના લીકવીડેટરની નિમણૂંક થાય છે અને જ્યારે લીકવીડેટરની નિમણૂંક થાય ત્યારે લીકવીડેટર જેટલી વસૂલાત કરે એ કોર્ટના હુકમ પ્રમાણે પ્રો-રેટા મુજબ એ જે તેને એ રકમ પરત કરતા હોય છે પરંતું આપણે દર વર્ષે લગભગ સેલ્સ ટેક્સ માટે થઈને કંઈકને કંઈક ગ્રાહકોને આવા જે જૂના ગ્રાહકો છે, માંદા ગ્રાહકો છે, જે માંદો ઉદ્યોગ છે એવાને આપણે દર વખતે રાહતો આપતા જ હોઈએ છીએ.

## સુરેન્દ્રનગર જિલ્લામાં નિરીક્ષકની ખાલી જગ્યાઓ ભરવા અંગે

*** ૧૧૧૪૮ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી આ સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ રહેવાના કારણો શાં છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૩.

(૨) ૩ અને શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી..

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લાના કેટલા તાલુકાઓમાં મદદનીશ સમાજ કલ્યાણ નિરીક્ષકની જગ્યાઓ ખાલી છે આ જગ્યાઓ ભરાય નહીં ત્યાં સુધી કામગીરી માટે વૈકલ્પિક વ્યવસ્થા શું કરેલી છે ?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં જે ત્રણ જગ્યાઓ મંજૂર કરેલ છે એ ત્રણેય ભરાયેલી છે. સાયલા, ચોટીલા અને દસાડા-પાટડી તે પૈકી એક પણ જગ્યા ખાલી નથી અને અન્ય વૈકલ્પિક વ્યવસ્થા શું કરેલ છે એવું માનનીય સભ્યશ્રીએ પૂછયું છે, તો બાકીની જે જિલ્લાની અને તાલુકાની જગ્યાઓ જે ખાલી છે એમાં હળવદ સમાજ કલ્યાણ નિરીક્ષક વિ.જાતિને ચાર્જ સોંપવામાં આવ્યો છે ૨૦૦૩થી, લીંબડીને સમાજ કલ્યાણ નિરીક્ષકનો સાયલાને ચાર્જ સોંપવામાં આવ્યો છે, લખતરનો સમાજ કલ્યાણ નિરીક્ષક દસાડા પાટડીને ચાર્જ સોંપવામાં આવ્યો છે, ચુડાનો સિનિયર ક્લાર્ક સમાજ કલ્યાણ અધિકારી સુરેન્દ્રનગરને ચાર્જ સોંપવામાં આવ્યો છે, વઢવાણને સમાજ કલ્યાણ નિરીક્ષક સુરેન્દ્રનગરનો ચાર્જ સોંપવામાં આવ્યો છે, મૂડીને સમાજ કલ્યાણ અધિકારી મદદનીશ સુરેન્દ્રનગર જિલ્લાને ચાર્જ સોંપવામાં આવ્યો છે, અને ધાંગધ્રાનો મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી આદર્શ નિવાસી શાળાને તા. ૫-૫-૨૦૦૮ના રોજ ચાર્જ સોંપવામાં આવ્યો છે.

## મહેસાણા જિલ્લામાં નિરીક્ષકોની ખાલી જગ્યાઓ ભરવા અંગે

*** ૧૧૧૩૯ અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી આ સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ખાલી જગ્યાઓ રહેવાના કારણો શાં છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧.

(૨) ૧ અને શૂન્ય.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી..

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વંચિતોના વિકાસ માટેની યોજનાઓ નીચલા સ્તર સુધી પહોંચી શકે એના માટે આ જે જિલ્લા નિરીક્ષકો દ્વારા, તાલુકા નિરીક્ષકો દ્વારા કયા કયા પ્રકારની સેવાઓ આપવામાં આવે છે અને એના માટે કોઈ લક્ષ્યાંક નક્કી કરવામાં આવે છે કે કેમ?અને મહેસાણા જિલ્લાના તાલુકામાં જો લક્ષ્યાંક નકકી ર્ક્યો હોય તો એમાં કેટલી સિદ્ધિ પ્રાપ્ત થઈ છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, અનિલભાઈએ કેટલી જગ્યાઓ ખાલી છે એ પ્રશ્ન પૂછયો છે. નિરીક્ષકની કામગીરી શું છે એના માટે આ છાત્રાલય ઉપર એનું સતત મોનીટરીંગ હોય છે. દર મહિને છાત્રાલયની વિઝિટ કરે છે અને છાત્રાલય વ્યવસ્થિત ચાલે છે કે કેમ એ જોવાની જવાબદારી નિરિક્ષકની છે. બીજો પ્રશ્ન પૂછયો કે લક્ષ્યાંક શું છે? જેટલા છાત્રાલયો સરકારશ્રી દ્વારા આશ્રમશાળા ચલાવવામાં આવે છે એ બધી આશ્રમશાળાની જવાબદારી જે તે તાલુકાના સહાયક નિરિક્ષકને સોંપવામાં આવે છે.

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાના અન્ય તાલુકામાં તાલુકાની કામગીરી માટે અન્ય જગ્યાઓ મંજૂર કરેલ છે? મહેસાણા જિલ્લામાં કેટલી જગ્યા મંજૂર કરેલ છે?

**શ્રી વાસણભાઈ ગો. આહિર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે મહેસાણા જિલ્લામાં કઈ કઈ જગ્યાએ મંજૂર થઈ છે? તો પાંચ જગ્યાઓ ખેરાલુ, વિસનગર, વડનગર, સતલાસણા, બેચરાજીની જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

## સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે મળેલ અરજીઓ

*** ૧૧૨૨૪ શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે સુરત જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી
(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી
(૪) કેટલી અરજીઓ પડતર છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧,૪૨૧
(૨) ૧,૪૧૧
(૩) ૧૦
(૪) કોઈ અરજી પડતર નથી.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ તા.૩૧-૩-૨૦૦૯ની પરિસ્થિતિએ એક વર્ષમાં જે ૧૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એનું કારણ શું છે? અને સુરત જિલ્લા પૈકી માંગરોળ તાલુકામાં કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઈ. બીજો પ્રશ્ન છે વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે? ધોરણ-૧ થી કોલેજ સુધી અને ત્રીજો પ્રશ્ન છે વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ બધા જ વિકલાંગ વિદ્યાર્થીઓને મળે છે કે કેમ? તેનું કોઈ માપદંડ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના ત્રણ પ્રશ્નો છે. એમનો પહેલો પ્રશ્ન હતો કે તા. ૩૧-૩-૨૦૦૯ની પરિસ્થિતિએ ૧૦ અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે? તો ૧૦ પૈકી ૬ અરજીઓ ઓછી અપંગતાને કારણે કારણકે એમાં અપંગતાનું ધોરણ નકકી કરેલ છે. બીજો પ્રશ્ન, બે અરજીઓ ૪૦ટકા કરતા ઓછા ગુણ હતા એટલે નામંજૂર થઈ અને બે અરજીઓ આવક મર્યાદામાં ન હોવાને કારણે નામંજૂર થઈ. એમનો ત્રીજો પ્રશ્ન હતો કે શિષ્યવૃત્તિ કેટલી ચૂકવવામાં આવે છે તો ધોરણ-૧ થી ૭ માં હોસ્ટેલમાં રહેતા હોય અને હોસ્ટેલમાં ન રહેતા હોય એવા બે ભાગમાં વહેંચેલા છે. ધોરણ-૧ થી ૭ને ૧૦૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ ચૂકવાય છે અને ધોરણ-૮ થી ૧૨ અને એની સમકક્ષ આઈ.ટી.આઈ.નો કોર્સ કરે તો એમને હોસ્ટેલમાં રહે તો ૨૦૦૦ રૂપિયા અને હોસ્ટેલમાં ન રહેતા હોય તો ૧૫૦૦ રૂપિયા એ જ રીતે બી.એ., બી.એસ.સી., બી.કોમ.અને એની સમકક્ષ ડિગ્રી અભ્યાસક્રમ છે એમાં હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને ૩૨૫૦ અને હોસ્ટેલમાં ન રહેતા હોય એમને શિષ્યવૃત્તિનો દર ૨૫૦૦ રૂપિયા છે. બીઈ., બી.ટેક. બીએમ.સી. એમ.બી.બી.એસ., એલ.એલ.બી., બી.એડ ડિપ્લોમા ઈન પ્રોફેશનલ એન્ડ એન્જીનીયરીંગ સ્ટડી આ બધા જ કોર્સો છે. એની અંદર હોસ્ટેલમાં જે લોકો રહેતા હોય એવા વિદ્યાર્થીઓને વાર્ષિક ૪,૦૦૦/- અને હોસ્ટેલમાં ન રહેતા વિદ્યાર્થીઓને ૩,૦૦૦/- ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવે છે. જે પોસ્ટ ગ્રેજ્યુએટ એમ.એ., એમ.એસ.સી., એમ.કો.મ., એલ.એલ.બી., એમ.એડ આ બધામાં જો હોસ્ટેલમાં રહેતા હોય તો ૪,૦૦૦/- અને જો હોસ્ટેલમાં ન રહેતા હોય

તો ૩,૦૦૦/- ચુકવવામાં આવે છે. જો કોઈ સુરદાસ, અંધ વ્યક્તિ હોય તો સ્કૉલરશિપ ઉપરાંત ૧,૦૦૦/- રૂપિયા વાર્ષિક એમને રીડર માટેનું એલાઉન્સ આપવામાં આવે છે. એમણે ત્રીજો જે પ્રશ્ન પૂછ્યો છે એ એ હતો કે આ લાભ બધા જ વિકલાંગોને મળે છે કે કેમ? બધા વિકલાંગોને આ લાભ નથી મળતો, પણ જેમની વિકલાંગતા ૪૦ ટકા કે તેથી વધુ હોય એમને આ લાભ મળે છે અને વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ૪૦ ટકા ઓછામાં ઓછા ગુણ પ્રાપ્ત થયા હોય એમને આ લાભ મળે છે. આવક મર્યાદા ૫૦,૦૦૦/- ની વાર્ષિક આવક મર્યાદા છે અને ગુજરાતના છેલ્લા ૧૦ વર્ષથી કાયમી વતની હોય એમને આ લાભ આપવામાં આવે છે.

**શ્રી ગણપતભાઈ વે. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પૈકી માંગરોળ તાલુકાના ઉંમરપાડા તાલુકામાં કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર થઈ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માંગરોળ તાલુકામાં ૪૪ અરજીઓ આવેલી અને એ ચુમાળીસે ચુમાળીસ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિકલાંગ શિષ્યવૃત્તિના દરમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ? જો વધારો કરવામાં આવેલ હોય તો પહેલા કેટલી શિષ્યવૃત્તિ મળતી હતી અને હવે કેટલી મળે છે? અને વધારો કયારથી કરવામાં આવેલ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : વિકલાંગ શિષ્યવૃત્તિમાં વધારો આ સરકારના કાર્યકાળ દરમ્યાન કરવામાં આવેલ છે. પહેલા ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને રૂપિયા ૫૦૦/- મળતા હતા, એમાં ડબલ વધારો કરીને ધોરણ ૧ થી ૭ ના વિદ્યાર્થીઓને ૧,૦૦૦/- નો વધારો આ સરકારે કર્યો છે. બીજું પહેલા ધોરણ ૯ થી ઉચ્ચ અભ્યાસક્રમ માટે રૂપિયા ૮૫૦ થી લઈને ૩૪૦૦ સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી. એમાં પણ લગભગ ડબલ વધારો કરીને આ સરકારે ધોરણ ૮ થી ઉચ્ચ અભ્યાસક્રમ માટે રૂપિયા ૧૫૦૦ થી લઈને ૫,૦૦૦ સુધીની શિષ્યવૃત્તિમાં વધારો કર્યો છે.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : મારે મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવું છે કે વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે સુરત જિલ્લામાં જે ૧૪૨૧ ને શિષ્યવૃત્તિ આપવામાં આવી, એમાંથી સુરત શહેરમાંથી કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરવામાં આવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરત તાલુકાની જે વિગતો મારી પાસે છે, એમાં ૯૬૭ અરજીઓ આવી અને ૯૬૪ મંજૂર થઈ અને ૩ નામંજૂર થઈ અને તા. ૩૧-૩-૨૦૦૯ ની પરિસ્થિતિએ કુલ ૧૨,૬૧,૦૦૦ શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી છે.

**અમદાવાદ જિલ્લામાં નિરીક્ષકની ખાલી જગ્યાઓ ભરવા અંગે**

***૧૧૧૫૦ શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં બક્ષીપંચ તાલુકા નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને
(૨) તે પૈકી આ સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલી છે, કેટલી જગ્યાઓ ખાલી છે,
(૩) ખાલી જગ્યાઓ રહેવાનાં કારણો શાં છે અને
(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૪.
(૨) ૩ ભરાયેલી, ૧ ખાલી.
(૩) કર્મચારીની બઢતીને કારણે
(૪) જેમ બને તેમ જલ્દી.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની કુલ ૧૧ તાલુકા એમાંથી સિટી તાલુકાના ગામડા શહેરમાં ભળતા કુલ ૧૦ તાલુકા રહે છે. આ ૧૦ તાલુકાની અંદર ૪ જગ્યાઓ મંજૂર થયેલી છે. એમાં ૧ ખાલી અને ૩ ભરાયેલી છે. તો આ ૪ જગ્યાઓ મંજૂર થઈ છે તે કયા કયા તાલુકાની અને ખાલી છે એ કયા તાલુકાની? બાકીના જે ૭ તાલુકા રહે છે, એમાં આપણે કેવી વ્યવસ્થા ગોઠવવાના છીએ કે ૭ તાલુકાની કામગીરી આ નિરીક્ષકો કરી શકે? મારી પ્રશ્ન એ છે કે આ નિરીક્ષકો જે તાલુકા કક્ષા સુધી જાય, એટલે બે તાલુકાની કામગીરી સોંપવામાં આવે ત્યારે બંને તાલુકામાંથી એક પણ જગ્યાએ ન હોય અને એમ કહે કે સાણંદમાં છે. સાણંદમાં જઈએ તો કહે છે કે વીરમગામમાં છે. તો આનું કોઈ નિયમન કરવા માગીએ છીએ કે જે દિવસ નક્કી કરે એટલે ત્યાં હાજર રહે અને લોકોને ધક્કા ખાવા ન પડે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની ખાલી જગ્યાઓ માટેની વાત કરી છે તેમાં જે મંજૂર થયેલ છે તે ચાર છે તેમાં ધોળકા, સાણંદ, વિરમગામ અને ધંધુકા. આ જગ્યાઓ કયારથી ખાલી છે તો ૧૨-૧-૨૦૦૮થી ખાલી છે. આ જગ્યાની કામગીરી કરવા માટે સમાજ કલ્યાણ અધિકારી કુમાર છાત્રાલય ધંધુકાને ચાર્જ સોંપવામાં આવેલ છે. એ રીતે અમદાવાદ જિલ્લાના બાકીના માંડલ, દેત્રોજ, રાણપુર,

બરવાળા, બાવળા, દસક્રોઈ અને સીટી તાલુકાના અલગ અલગ વિભાગના અધિકારીઓને ચાર્જ સોંપીને કામગીરી કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે એક નિરીક્ષકને બે તાલુકા સોંપવાને કારણે તે ઘણી વખત એવી વાત ધ્યાને આવતી હોય છે કે બેમાંથી એકપણ જગ્યાએ તે હોય નહીં. સરકાર દ્વારા એવી સ્પષ્ટ સૂચના આપવામાં આવેલ છે કે આ દિવસે તમારે પરફેકટ ફલાણા તાલુકામાં રહેવું અને આ દિવસે જયાં રેગ્યુલર ચાર્જ હોય ત્યાં ફરજ બજાવવી. તેમ છતાં કયાંય પણ એવી બાબત ધ્યાને મૂકશે તો ચોકકસ તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, સમાજ કલ્યાણ વિભાગ દ્વારા પંડિત દીનદયાળ આવાસ યોજના, સરસ્વતી સાધના સહાય યોજના, સાતફેરા સમૂહ લગ્ન યોજના, વિદેશમાં અભ્યાસ માટેની લોન હોય કે ઉચ્ચ અભ્યાસ અર્થેની લોન હોય તેમાં રાજય સરકારે પછાત વર્ગના લોકો માટે ઘણી બધી મદદ કરી છે તે માટે રાજય સરકારના મુખ્યમંત્રી અને સમાજ કલ્યાણ મંત્રીને અભિનંદન આપું છું અને તેના કારણે અતિ પછાત એવા દેવી પૂજક સમાજની કવિતાબેન ચુનારા આઈ.એ.એસ. ઓફીસર બની છે તે બદલ લાખ લાખ અભિનંદન. જિલ્લા અને તાલુકાઓમાં તાલુકાની કામગીરી માટે અન્ય કોઈ જગ્યા મંજૂર થયેલ હોય તો અમદાવાદ જિલ્લામાં આવી કેટલી જગ્યાઓ મંજૂર થઈ છે અને તે કઈ કઈ છે?

**શ્રી વાસણભાઈ ગો. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે કઈ કઈ જગ્યાઓ અમદાવાદ જિલ્લામાં મંજૂર થયેલ છે તો એમાં પાંચ જગ્યાઓ મંજૂર થયેલ છે. માંડલ, દેત્રોજ, રાણપુર, બરવાળા અને બાવળા આ પાંચ તાલુકામાં નિરીક્ષકની જગ્યાઓ મંજૂર થયેલ છે અને મેં અગાઉના પ્રશ્નમાં જવાબ આપ્યો કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને આના માંગણાપત્રકો મોકલી આપવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ વસાહતો**

***૧૧૧૫૯ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.,

(૧) પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલસ્ટર સહિત કેટલી વસાહત મંજૂર કરવામાં આવી,

(૨) આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૫.

(૨) રૂા.૧૪.૦૦ લાખ

(૩) ૬૩

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મારા પ્રશ્નના જવાબમાં પાંચ કલસ્ટર વસાહત મંજૂર થયા છે અને ૧૪ લાખનો ખર્ચ થયો છે અને ૬૩ લાભાર્થીઓને લાભ મળેલ છે. પરંતુ મંત્રી પાસે જાણવું છે કે આ આવાસ યોજના હેઠળ કઈ કઈ જાતિઓને લાભ મળે છે. તેમાં કોઈ જાતિઓને અગ્રતા અપાઈ છે કે કેમ, અને કઈ કઈ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ સામાજિક શૈક્ષણિક પછાત વર્ગની જાતિઓ જે ૧૪૫ છે તેમને પણ લાભ મળે છે. આર્થિક પછાત વર્ગ તેમને પણ લાભ મળે છે. વિચરતી જાતિ કે જેમાં ૨૮ જાતિઓનો સમાવેશ થાય છે તેમને પણ લાભ મળે છે. વિમુકત જાતિ જેમાં ૧૨ જાતિઓનો સમાવેશ થાય છે તેમને પણ લાભ મળે છે. બીજો પ્રશ્ન હતો કે એમાં કોઈને અગ્રતા અપાય છે કે કેમ? તો આ પછાત જાતિઓમાં પણ જે વધુ પછાત છે, અતિ પછાત છે અને વિચરતી અને વિમુકત જાતિઓ છે તેમને અગ્રતાક્રમ અપાય છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું છે કે નવસારી જિલ્લામાં પાંચ વસાહતો મંજૂર કરવામાં આવી છે. મારે મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં પંડિત દીનદયાળ આવાસ યોજના હેઠળ કેટલી વસાહતો માટે કેટલા લાભાર્થીઓની અરજી મળી તે પૈકી કેટલી મંજૂર થઈ અને આજની તારીખે કેટલી પૂર્ણ થઈ અને જો અપૂર્ણ હોય તો તે કયારે પૂર્ણ થવાની સંભાવના છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ નવસારી જિલ્લામાં ગણદેવી તાલુકા માટેનો જે પ્રશ્ન પૂછ્યો છે, તો જે આ પાંચ વસાહતો છે એ ગણદેવી તાલુકામાં પાંચ વસાહત અને ૬૩ લાભાર્થીઓની કુલ અરજીઓ મળી હતી અને આ બધી પાંચ પાંચ વસાહતોને ૬૩ લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, તે પૈકી એક વસાહત જેમાં ૧૫ લાભાર્થીઓ હતા એ પૂર્ણ થઈ છે અને ચાર વસાહતોનું કામકાજ ચાલુ છે જે લગભગ ડિસેમ્બરના અંતમાં પૂરું થશે.

## સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજનાના લાભાર્થીઓ

***૧૧૧૪૨ શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત જિલ્લાના બક્ષીપંચની જ્ઞાતિની કેટલી બહેનોને તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂં યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) કેટલી રકમની સહાય આપવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૫૯.

(૨) રૂા.૨.૯૫ લાખ.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સુરત જિલ્લાના કામરેજ તાલુકાઓની કેટલી અરજીઓ પડતર હતી, કેટલી એક વર્ષ દરમિયાન આવી, કેટલી મંજૂર થઈ, અને કેટલી નામંજૂર થઈ અને એના કારણો શાં છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સરત જિલ્લામાં જે અરજીઓ આવી તે પૈકી માનનીય સભ્યશ્રીએ કામરેજ તાલુકાની અરજીઓની પરિસ્થિતિ જાણવા અંગેનો પ્રશ્ન છે તો કામરેજ તાલુકાની બે અરજી પડતર હતી, એક નવી આ વર્ષે આવી કુલ ત્રણ થઈ, તે પૈકી બે મંજૂર કરવામાં આવી અને એક નામંજૂર કરવામાં આવી છે અને જે નામંજૂર કરવામાં આવી છે એમાં એક આવક મર્યાદાના કારણે અને લગ્નની નોંધણી ન કરવાના કારણે આ બે અરજીઓ નામંજૂર થઈ છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના મારફતે જાણવા માગું છું કે, કુંવરબાઈના મામેરા યોજનામાં કેટલી સહાય ચૂકવાય છે, કઈ રીતે સહાય ચૂકવાઈ છે, પુનઃલગ્ન કરનારને આ યોજનાનો લાભ મળે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાના લાભમાં એમણે રૂપિયા ૫૦૦૦ની સહાય ચૂકવવામાં આવે છે, અને ચેકથી સહાય ચૂકવવામાં આવે છે અને પુનઃલગ્નમાં આ યોજનાતહ લાભ મળતો નથી.

**શ્રી નાનુભાઈ ભ. વાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે,કુંવરબાઈ મામેરું યોજનામાં જે લાભ લેવા માટેના ધોરણો કયાં છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઈ મામેરું યોજનાના જે ધોરણો છે એ પ્રમાણે એક તો બીપીએલની આવક મર્યાદા એટલે કે ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૯૭૬ અને શહેરી વિસ્તારમાં ૨૧૨૦૬ એની આવક મર્યાદા છે, પુખ્ત વયની એક કુટુંબમાં એક કન્યાને આ લાભ આપવામાં આવે છે અને લગ્ન થયાના એક વર્ષમાં આ અંગેની અરજી કરવાની હોય છે.

## બનાસકાંઠા જિલ્લામાં બાળમજૂરોના શોષણ અંગે

*** ૧૧૨૯૩ શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં બાળ મજૂરોનું શોષણ અટકાવવા છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) આ કાર્યવાહી દ્વારા કેટલા બાળ મજૂરો શોધી કાઢ્યા?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :**

(૧)

(અ) બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કારખાનાઓ / સંસ્થાઓમાં કુલ- ૨૨૩૦ નિરીક્ષણો / મુલાકાતો કરવામાં આવેલ છે.

(બ) બાળ શ્રમિક નાબૂદી અભિયાન અંતર્ગત અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે રાજય
તથા જિલ્લા કક્ષાએ સમિતિઓની રચના કરેલ છે.

(ક) બાળ શ્રમયોગી પ્રથા નાબૂદીને વેગ મળે તે હેતુથી પ્રચાર અને પ્રસાર માધ્યમ મારફતે જાગૃતિ
અભિયાન કરેલ છે.

(૨) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ - ૧૪ બાળ શ્રમયોગીઓને શોધેલ છે.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાળશ્રમિક નાબૂદી માટે જિલ્લા કક્ષાની જે સમિતિ રચવામાં આવી છે એ સમિતિ ક્યારે રચવામાં આવી છે અને એમાં સભ્યો કોણ છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે સમિતિની રચના, એ તો બહુ વહેલાની રીતે થઈ હતી એમાં ચાર સમિતિ રચી છે, જુદી જુદી જગ્યાએ, એક કોર કમિટી રચી છે એ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપણા નીચે કરી

છે, બીજી જે રાજય કક્ષાની કમિટી છે એ અગ્ર સચિવશ્રી શ્રમ અને રોજગારના અગ્રપણા નીચે કરી છે અને ત્રીજી મોનટરિંગ કમિટી એ શ્રમ આયુક્તના નીચે કરી છે અને ચોથી જે જિલ્લા કલેક્ટર હોય છે એ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે કરી છે, આ રીતે ત્યાં એની રચના કરેલી હોય છે અને જો આ રીતે કહીએ તો આની બાળ પ્રતિબંધ ધારો છે એની કુલ આઠ જુદા જુદા કાયદા નીચે એ પ્રતિબંધિત છે, બાળકોને મજૂરીએ રાખવા, એમાં કોર કમિટીની મીટિંગ એ...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અધ્યક્ષશ્રી** : ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું તે પહેલા મેં પહેલા પણ સૂચના આપી હતી કે મોટા ભાગના પ્રશ્નોના પૂરક પ્રશ્નો છે એ વિભાગોની પ્રસિદ્ધ માહિતીમાં અવેલેબલ છે તો વિભાગો પોતાની જુદી જુદી યોજનાની પ્રસિદ્ધ માહિતી ધારાસભ્યશ્રીઓને મોકલી આપે અથવા તો અહીંયા વિધાનસભા ગૃહ દ્વારા મોકલી આપશે તો એ પ્રશ્ન પછી પૂરક પ્રશ્નો આવશે નહીં. હું ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)

### નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસોના નિકાલ અંગે

૧૧૨૨૮ **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા)માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ નિયામકશ્રી,પેન્શનઅનેપ્રોવિડન્ટફંડકચેરીમાં પેન્શનના કેટલા કેસો પડતર છે, | (૧) ૭૦ કેસો. |
| (૨) કેસો પડતર રહેવાના કારણો શાં છે, અને | (૨) ચકાસણીની પ્રક્રીયામાં હતા. |
| (૩) આ પડતર પેન્શન કેસોના નિકાલ લાવવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે ? | (૩) આજની તારીખે આ પેકીનો એક પણ કેસ પડતર નથી. |

------------

### વડોદરા શહેરમાં આંબેડકર ભવનના બાંધકામ અંગે

૧૦૪૦૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| ૩ | ઉકાઈ કાક્રાપાર સિંચાઈ યોજના | ૮૫.૩૦ |

------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં નહેર મારફ્તે સિંચાઈની સુવિધા

અતારાંક્તિ : ૧૪૫૪ (૨૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં ક્યા ક્યા ગામોને નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી અને તેના કારણો શા છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

ભરૂચ અને નર્મદા જિલ્લામાં જળસંપત્તિ વિભાગ હસ્તકની સિંચાઈ યોજનાના કમાન્ડ વિસ્તારમાં આવેલ ગામોને જે તે નહેર મારફતે સિંચાઈની સુવિધા મળતી નથી તેવા ગામોની તાલુકાવાર યાદી પત્રક મુજબ છે. આ ગામો નહેરના છેવાડાના ગામો છે. તેમજ અમુક ગામો નર્મદા ફ્લડ ઝોન વિસ્તારના ગામો છે. જ્યાં ભુગર્ભ પાઈપલાઈન અવારનવાર ચોકઅપ થવાથી પાણી પહોંચાડી શકાતું નથી.

**પત્રક**

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સિંચાઇ યોજનાના કમાંક વિસ્તારના ગામોને નહેરો મારફતે સિંચાઇની સુવિધા મળતી નથી તેવા ગામોની તાલુકાવાર યાદી**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામનું નામ | ક્રમ | જિલ્લો | તાલુકો | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | નાંદોદ | ધાનપોર | | ભરૂચ | ઝઘડીયા | ગોવાલીગામ |
| | | | તોરાણા | | | | ગોવાલી બેટ |
| | | | અણીજરા | | | | નાના સાંજ |
| | | | પોઈચા | | | | મોટા સોરવા |
| | | | નરખડી | | | | આંબાવાડી |
| | | | રૂંઢગોરા | | | | ચોકી |
| | | | વસંતપુરા | | | અંકલેશ્વર | અંદાડા |
| | | | નાની પીપરીયા | | | | છાપરા |
| | | | મોટા પીપરીયા | | | | કાછીયા |
| | | | ભાણદ્રા | | | | સામોર |
| | | | ભીલવશી | | | | માંડવા |
| | નર્મદા | સાગબારા | સીસોદરા | | | | બોરભાડા |
| | | | ૧ પાંચ પીપરી | | | | બોરભાડાબેટ |
| | | | ૨ ખોરજપાડા | | | | દીવી |
| | | | ૩ પાટ | | | | સકરપોર |
| | ભરૂચ | ઝઘડીયા | સંજાલી | | | | કરારવેલ |
| | | | સારસા | | | | પારડી મોળા |
| | | | સરવાડ | | | | અવાદર |
| | | | ભાલોદ | | ભરૂચ | વાલીયા | ચમારીયા |
| | | | કુલવાડી | | | | ઓરગામ |
| | | | કપલસાડી | | | | હિરાપોર |
| | | | વીરવાડી | | | | પણસોલી |
| | | | જાંબોલી | | | | કરસાડ |
| | | | ભીમપોર | | | | લુણા |
| | | | પડોલી | | | | કેલ્વીકુવા |
| | | | વણાકપોર | | | | નેત્રંગ |
| | | | જરસાડ | | | | મોરતાણી |
| | | | કરાડ | | | | વાંઘરીયા |
| | | | લીબોદરા | | | | તુણા |
| | | | સીમોદરા | | | | શિનાડા |
| | | | પોર | | | | કોસમાડી |
| | | | કૃષ્ણપુરી | | | | રાજગઢ |
| | | | પીપોદરા | | | | ભરાડીયા |
| | | | રૂંઢ | | | | આંબોસ |
| | | | અવિધા પ્રાંકડ | | | | ધારોલી |
| | | | રાજપારડી | | | | નવાગામ |
| | | | નોગામા | | | | |
| | | | મુલદ | | | | |

------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં સિંચાઈ સુવિધા વધારવાનું આયોજન

અતારાંક્તિ : ૧૪૫૬ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે સિંચાઈ સુવિધા વધારવા તેમજ પિયતમાં વધારો કરવા સરકારે શું આયોજન કરેલ છે,

(૨) ક્યા ક્યા કામોનો સર્વે થયેલ છે, અને ક્યું કામ હાથ ધરવામાં આવનાર છે, અને

(૩) કામવાર કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં ખેતી માટે સિંચાઈ સુવિધા વધારવા તેમજ પિયતમાં વધારો કરવા હયાત યોજનાની નહેરોના વિસ્તરણ સુધારણા, આધુનિકરણ મરામતના તેમજ ચેકડેમ અને તળાવો ઉંડા કરવાના કામો હાથ ધરવાનું આયોજન કરાયેલ છે.

(૨) કામનું સર્વેક્ષણ કરી કામોની અગત્યતા તેમજ નાણાની ઉપલબ્ધી ધ્યાને લઈ તબક્કાવાર કામો હાથ ધરવાનું આયોજન છે.

(૩) નહેર સુધારણાના કામો માટે રૂા. ૮૬૩ લાખ, ચેકડેમો માટે રૂા. ૫૨૯.૨૦ લાખ અને તળાવો માટે રૂા. ૧૧૦.૮૧ લાખ.

------------

## દાહોદ જિલ્લામાં કાર્યાન્વિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ

અતારાંક્તિ : ૧૬૪૭ (૦૦) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા) માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ કાર્યાન્વિત છે,

(૨) તેના દ્વારા કેટલા ગામોને પાણી આપવામાં આવે છે, અને

(૩) જે ગામોને આ યોજનામાંથી પાણી પહોંચાડી શકાતું નથી તેવા ગામોને પાણી પહોંચાડવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**પાણીપુરવઠા મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

(૧) નીચેની વિગતે

| અ.નં. | તાલુકો | તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ તાલુકાવાર કાર્યાન્વિત જૂથ યોજનાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ફતેપુરા | ૧ |
| ૨ | ગરબાડા | શૂન્ય |
| ૩ | ધાનપુર | શૂન્ય |
| ૪ | ઝાલોદ | શૂન્ય |
| ૫ | લીમખેડા | શૂન્ય |
| ૬ | દેવગઢ બારીયા | શૂન્ય |
| ૭ | દાહોદ | શૂન્ય |
| | **કુલ..** | **૧** |

,

(૨) ૪૯ ગામોને

(૩) યોજનામાં સમાવિષ્ટ તમામ ગામોને પાણી અપાતું હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## સુરત શહેરના સીટી તાલુકામાં મહેસૂલી દબાણો

અતારાંક્તિ : ૧૩૬૧ (૯-૩-૨૦૦૯) **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૧૦-૧-૦૮ની સ્થિતિએ સુરત જિલ્લાના સુરત શહેરના સીટી તાલુકાના (વાલ્મી કેમ્પસ, પનાસ) હેઠળ હાલમાં કેટલા મહેસૂલી દબાણો થયેલા છે,

(૨) આ દબાણો દૂર કરવા સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા છે, અને

(૩) દબાણો દૂર ન કરનાર અધિકારી ઉપર શા પગલાં લેવામાં આવ્યા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** (૨૩-૬-૦૯) :

(૧) ૨૫૧ દબાણો થયેલા છે.

(૨) જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ અન્વયે દબાણદારોને નોટિલ આપી કુલ : ૨ દબાણ દૂર કરવામાં આવેલ છે. જ્યારે બાકીના દબાણદારોને જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ અન્વયે નોટીસ આપવામાં આવેલ છે. આમ દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## રાજ્યમાં પ્રગતિપથ યોજના હેઠળ કોરીડોર તેયાર કરવા ફાળવેલ ગ્રાન્ટ

અતારાંક્તિ : ૧૪૭૯ (૭-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા)** : : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ રાજ્યમાં ક્યા જિલ્લાઓમાં પ્રગતિપથ યોજના હેઠળ કેટલા ખર્ચે હાઈસ્પીડ કોરીડોર તેયાર કરવાના થતા હતા,

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા તેયાર થયા અને કેટલા થવાના બાકી છે, બાકી રહેવાના કારણો શાં છે,

(૩) આ કામગીરીમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવેલ હતી, અને

(૪) તે કામ ક્યાં સુધીમાં પૂર્ણ થશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

(૧), (૨), (૩) અને (૪) પ્રગતિપથ યોજના હેઠળ ૯ હાઈસ્પીડ કોરીડોર અમદાવાદ, ખેડા, આણંદ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, વડોદરા, રાજપીપળા, ભરૂચ, સુરત, નવસારી, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, ગાંધીનગર, જિલ્લામાંથી પસાર થતા બનાવવાના હતા જેનો અંદાજી ખર્ચ રૂા. ૫૩૩.૫૧ કરોડ હતો, તે પેકી છેલ્લા બે વર્ષમાં ૧૮૮ કી.મી. પૂર્ણ થયા તથા ૨૮૩.૨ કી.મી. પ્રગતિમાં છે. પ્રગતિ હેઠળના કામો તા. ૨૬-૨-૧૧ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. રાજ્ય સરકાર હસ્તકના અનુભાગોમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રૂા. ૧૧૫.૧૯ કરોડ ખર્ચ કરેલ છે.

## અમદાવાદ જિલ્લામાં નવા બનાવેલ માર્ગો

અતારાંક્તિ : ૧૫૨૫ (૭-૫-૦૯) **શ્રી રણછોડભાઈ ક.મેર(ધંધૂકા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા જિલ્લા માર્ગો, ગ્રામ્ય માર્ગો નવા બન્યા અને મંજૂર કરવામાં આવ્યા,

(૨) રસ્તાવાર કેટલા કિ.મી.ના રસ્તાઓ કઈ કઈ યોજના હેઠળ સમાવવામાં આવ્યા,

(૩) રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને

(૪) રસ્તાવાઈઝ રાજ્ય અને કેન્દ્રનો કેટ કેટલો હિસ્સો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫ ગ્રામ્ય માર્ગો નવા બન્યા, કુલ ૪ ગ્રામ્ય માર્ગો મંજૂર કરવામાં આવ્યા, (પરિશિષ્ટ--૧, ૨ મુજબ)

(૨) પરિશિષ્ટ ૧,૨ મુજબ

(૩) પરિશિષ્ટ ૧,૨ મુજબ

## પરિશિષ્ટ ૧

| ક્રમ | યોજના | રસ્તાનું નામ | ક્ક્ષા | લંબાઈ કિ.મી.માં | અંદાજી રકમ રૂ. લાખમાં | કેન્દ્રનો હિસ્સો | રાજ્યનો હિસ્સો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પી.એમ.જી. એસ.વાય. | ધરોડા ધોદાળીયાપુરા રોડ | ગ્રા.મા. | ૨.૯૦ | ૫૯.૩૪ | ૫૯.૩૪ | ૦.૦૦ |
| ૨ | પી.એમ.જી. એસ.વાય. | મોતીપુરા એપ્રોચ રોડ | ગ્રા.મા. | ૧.૦૦ | ૧૭.૧૦ | ૧૭.૧૦ | ૦.૦૦ |
| ૩ | પી.એમ.જી. એસ.વાય. | રણછોડપુરા એપ્રોચ રોડ | ગ્રા.મા. | ૧.૧૦ | ૩૦.૮૦ | ૩૦.૮૦ | ૦.૦૦ |
| ૪ | ઓ.ડબલ્યુ.આર. | અસ્લાલી ઓડ રોડ | ગ્રા.મા. | ૨.૦૦ | ૩૮.૧૩ | ૦.૦૦ | ૩૮.૧૩ |
| ૫ | ઓ.ડબલ્યુ.આર. | મોટા છાપરા સરોડા રોડ | ગ્રા.મા. | ૨.૪૦ | ૪૫.૯૯ | ૦.૦૦ | ૪૫.૯૯ |

## પરિશિષ્ટ ૨

| ક્રમ | યોજના | રસ્તાનું નામ | ક્ક્ષા | લંબાઈ કિ.મી.માં | અંદાજી રકમ રૂ. લાખમાં | કેન્દ્રનો હિસ્સો | રાજ્યનો હિસ્સો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પી.એમ.જી.એસ.વાય. | રણછોડપુરા એપ્રોચ રોડ | ગ્રામ.મા. | ૧.૧૦ | ૩૦.૮૦ | ૩૦.૮૦ | ૦.૦૦ |
| ૨ | ઓ.ડબલ્યુ.આર. | અસ્લાલી ઓડ રોડ | ગ્રા.મા. | ૨.૦૦ | ૩૮.૧૩ | ૦.૦૦ | ૩૮.૧૩ |
| ૩ | ઓ.ડબલ્યુ.આર. | મોટા છાપરા સરોડા રોડ | ગ્રા.મા. | ૨.૪૦ | ૪૫.૯૯ | ૦.૦૦ | ૪૫.૯૯ |
| ૪ | ઓ.ડબલ્યુ.આર. | કરક્થલ ઓગણ રોડ | ગ્રા.મા. | ૭.૦૦ | ૧૧૫.૦૦ | ૦.૦૦ | ૧૧૫.૦૦ |

(૪) રાજ્ય સરકારનો હિસ્સો રૂા. ૧૯૯.૧૨ લાખ તથા કેન્દ્ર સરકારનો હિસ્સો રૂા. ૧૦૭.૨૪ લાખ છે.

## ભરૂચ જિલ્લાના ૧૨ મા નાણાપંચના રસ્તાઓ માટે રકમની ફાળવણી

અતારાંક્તિ : ૧૫૮૯ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા)** : : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૯માં તા. ૩૧-૩-૦૯ સુધીમાં ૧૨ માં નાણા પંચના રસ્તાઓના ક્યા ક્યા કામ ભરૂચ જિલ્લામાં હાથ ધરવામાં આવ્યા છે, અને

(૨) તેમા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૯માં તા. ૩૧-૩-૦૯ સુધીમાં નીચે મુજબના ૧૪ રસ્તાઓના કામો હાથ ધરવામાં આવેલ છે.

| ક્રમ | રસ્તાનું નામ | અંદાજી રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧. | રાજપારડી-નેત્રંગ રોડ | ૧૫૫.૦૦ |
| ૨. | ફુલવાડી-ગાલીબા રોડ | ૨૯૦.૦૦ |
| ૩. | કુડાદરા અપ્રોચ રોડ તા. હાંસોટ | ૨૦.૦૦ |
| ૪. | રોહિદ કઠોદરા રોડ તા. હાંસોટ | ૮૮.૦૦ |
| ૫. | સલાદરા અપ્રોચ રોડ તા. વાગરા | ૩૫.૦૦ |
| ૬. | કલમ અપ્રોચ રોડ તા. વાગરા | ૫૦.૦૦ |
| ૭. | વાગરા અપ્રોચ રોડ તા. વાગરા | ૬૦.૦૦ |
| ૮. | આમોદ પુરસા રોડ તા. આમોદ | ૪૬.૦૦ |
| ૯. | ભીમપોર અપ્રોચ રોડ તા. ઝઘડીયા | ૩૦.૦૦ |
| ૧૦. | ખારીયા અપ્રોચ રોડ તા. ઝઘડીયા | ૨૪.૦૦ |
| ૧૧. | ડેબાર અપ્રોચ રોડ તા. ઝઘડીયા | ૪૮.૦૦ |
| ૧૨. | ઠાકોર તલાવડી સિંધવ રોડ તા. જંબુસર | ૭૦.૦૦ |
| ૧૩. | કંબોડીયા આંટખોલ રોડ તા. વાલીયા | ૫૧.૦૦ |
| ૧૪. | મોતીયા આંટખોલ રોડ તા. વાલીયા | ૮૫.૦૦ |
| | **કુલ :-** | **૧૦૫૨.૦૦** |

(૨) કુલઃ--૧૦૫૨.૦૦ લાખની મંજુરી આપવામાં આવેલ છે.

------------

## ભરૂચ જિલ્લામાં પેવર કામ કર્યા વગરના રસ્તાઓ

અતારાંક્તિ : ૧૬૨૯ (૭-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પેવર કામ કર્યા વગરનાં કેટલા કી.મી.ના રસ્તાઓ છે, અને

(૨) આ રસ્તાઓનું સરકાર ક્યારે પેવર કામ કરવા માંગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૮-૬-૦૯) :

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પેવર કામ કર્યા વગરના રસ્તાઓ નીચે મુજબના છે.

| તાલુકો | લંબાઈ કિ.મી.માં | |
|---|---|---|
| | પંચાયત | રાજ્ય |
| જંબુસર | ૧૨૬ | ૫૫.૨૪ |
| આમોદ | ૧૦૪ | ૮૦.૩૫ |
| વાગરા | ૧૦૫ | ૪૫.૦૨ |
| ભરૂચ | ૧૫૨ | ૬૩.૧૦ |
| અંક્લેશ્વર | ૧૪૯ | ૨૩.૨૯ |
| હાંસોટ | ૧૧૩ | ૩૦.૨૦ |
| વાલિયા | ૧૧૯ | ૮૬.૨૦ |
| ઝઘડીયા | ૧૪૬ | ૫૦.૬૦ |
| **કુલ :** | **૧૦૧૪** | **૪૩૪.૦૦** |

(૨) દર બે વર્ષે પેવરકામ કરવાની સરકારમાં જોગવાઈ નથી.

------------

## રાજકોટ જિલ્લામાં શહેરી ગૃહનિર્માણની કામગીરી

અતારાંક્તિ : ૧૫૭૬ (૬-૫-૦૯) **શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ તથા ૨૦૦૮-૦૯ માં તા. ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં શહેરી ગૃહનિર્માણની શી કામગીરી કરવામાં આવી અને,

(૨) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શહેરી વિકાસ મંત્રીશ્રી** (૨૫-૬-૦૯) :

(૧) રાજકોટ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં તથા ૨૦૦૮-૦૯માં તા. ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરી ગૃહનિર્માણની કામગીરી અન્વયે શહેરી ગરીબો માટે વામ્બે આવાસ યોજના (વૃદાવન સોસાયટી કાલાવડ રોડ અને આજી વસાહત) હેઠળ ૧૫૬૦ આવસો, બેજીક સર્વિસ ટુ અર્બન પુઅર-૧ (BSUP-2) ૩૪૦૦ આવાસોની કામગીરી હાથ ધરવામાં આવી છે અને

(૨) તેમાં કુલ રૂા. ૩૯૭૯.૦૭ લાખનો ખર્ચ થનાર છે.

------------

## રાજ્યમાં મહિલા સંમેલનો પાછળ થયેલ ખર્ચ

અતારાંક્તિ : ૧૪૨૭ (૭-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં જિલ્લા/તાલુકાવાર કેટલા મહિલા સંમેલનો યોજવામાં આવ્યા,

(૨) તે પેકી દરેક સંમેલનમાં એસ.ટી. મંડપ, ડેકોરેશન લાઈટ, સાંસ્કૃતિક, ચા-પાણી, જમણવાર સહિતની બાબતો પાછળ જુદો જુદો કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) આ ખર્ચ ક્યા સદરે કરવામાં આવ્યો અને સંમેલનમાં થયેલ ખર્ચ પેકી એસ.ટી. સહીત કેટલાના ઉક્ત સ્થિતિએ રકમ ચુકવવાની બાકી છે,

(૪) સંમેલનમાં ખર્ચ અંગે બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ હતી કે કેમ અને

(૫) જો ના તો આ ખર્ચ ક્યા સદરે ઉધારેલ હતુ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

(૧) તા. ૩૧-૩-૦૯ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર કુલ ૪૬ મહિલા સંમેલનો યોજાયા છે. જે પત્રક-૧-૨અને ૩ મુજબ છે.

**પત્રક--૧**

| વર્ષ ૨૦૦૬-૨૦૦૭ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંમેલનની તારીખ | સંમેલનનું સ્થળ (પુરૂ સરનામું) | થયેલ ખર્ચની વિગત | | | સમગ્ર કાર્યક્રમ પાછળ થયેલું ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | રીમાર્કસ |
| | | | બસ અને અન્ય ટ્રાન્સપોર્ટ | ભોજન/ નાસ્તા | અન્ય ખર્ચ | | | |
| | | **જામનગર** | | | | | | |
| ૧ | ૧૭-૩-૦૭ | જીઈબી કચેરી પાસે, કાલાવડ શીતલા, તા. કાલાવડ, જી. જામનગર | ૯૯૭૭૮૫ | ૪૧૧૭૪૭ | ૭૫૬૨૪૮ | ૨૧૬૫૭૮૦ | ૨૦૦૦૦૦૦ | |
| | | **સાબરકાંઠા** | | | | | | |
| ૨ | ૧૦-૦૩-૦૭ | વાત્રક તા. બાયડ | ૯૬૬૯૪૫ | ૩૬૮૨૨૫ | ૧૫૦૮૫૩૬ | ૨૮૪૩૭૦૬ | ૩૦૦૦૦૦૦ | |
| | | **પંચમહાલ** | | | | | | |
| ૩ | ૨૫-૩-૦૭ | સાયન્સ કોલેજ ગ્રાઉન્ડ ગોધરા | ૩૧૩૭૬૮૧ | ૩૧૧૩૨૭ | ૧૩૧૯૯૯૨ | ૪૭૬૯૦૦૦ | ૪૭૬૯૦૦૦ | |
| | | **ભરૂચ** | | | | | | |
| ૪ | ૨૫-૦૧-૦૭ | દહેજ. મુ.પો. દહેજ તા. વાગરા જી. ભરૂચ | ૪૫૪૮૦ | ૦ | ૦ | ૪૫૪૮૦ | ૦ | |
| | | **કચ્છ** | | | | | | |
| ૫ | ૨૬-૩-૦૭ | જ્યુબીલી ગ્રાઉન્ડ ભુજ-કચ્છ. | ૯૪૭૩૯૪ | ૩૬૫૪૯૮ | ૮૬૭૧૫૬ | ૨૧૮૦૦૪૮ | ૨૩૭૨૦૦૦ | |
| | | **કુલ :-** | **૬૦૯૫૨૮૫** | **૧૪૫૬૭૯૭** | **૪૪૫૧૯૩૨** | **૧૨૦૦૪૦૧૪** | **૧૨૧૪૧૦૦૦** | |

**પત્રક--૨**

**વર્ષ ૨૦૦૭-૨૦૦૮**

| ક્રમ | સંમેલનનું સ્થળ (પુરૂ સરનામું) | થયેલ ખર્ચની વિગત | | | સમગ્ર કાર્યક્રમ પાછળ થયેલું ખર્ચ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | બસ અને અન્ય ટ્રાન્સપોર્ટ | ભોજન/ નાસ્તા | અન્ય ખર્ચ | | |
| | **વલસાડ** | | | | | |
| ૧ | ઉંમરગામ, તા. જી. વલસાડ | ૫૬૭૬૫૩ | ૩૩૦૦૦૦ | ૧૨૯૯૩૪૭ | ૨૧૯૭૦૦૦ | |
| | **અમરેલી** | | | | | |
| ૨ | ફોરવર્ડ સ્કુલનું ગ્રાઉન્ડ, અમરેલી | ૧૫૨૪૪૮૦ | ૪૩૨૪૫૫ | ૭૬૭૭૫૧ | ૨૭૨૪૬૮૬ | |
| | **આણંદ** | | | | | |
| ૩ | ચિત્રકુટધામ, કોલેજ ગ્રાઉન્ડ, દંતાલી રોડ, પેટલાદ, જી. આણંદ | | | | | |
| ૪ | શ્રીકુંજ કુટીર, જલારામ મંદિર પાસે, તારાપુર-બોરસદ રોડ, તારાપુર. તા. તારાપુર, જી. આણંદ | ૪૮૬૮૫૮૫ | | ૫૭૧૮૦૯૨ | ૧૦૫૮૬૬૭૭ | |
| ૫ | કેળવણી મંડળ સંચાલીત, સરદાર પટેલ, વિનય મંદિર, શાળાના મેદાનમાં, ઓડ. તા.જી. આણંદ | | | | | |
| | **અમદાવાદ** | | | | | |
| ૬ | એમ.જે. હાઈસ્કુલ ગ્રાઉન્ડ, વિરમગામ | ૩૪૮૨૫૯૨ | - | ૧૬૯૩૩૨૪ | ૫૧૭૫૯૧૬ | |

| ક્રમ | સંમેલનનું સ્થળ (પુરૂ સરનામું) | થયેલ ખર્ચની વિગત | | | સમગ્ર કાર્યક્રમ પાછળ થયેલું ખર્ચ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | બસ અને અન્ય ટ્રાન્સપોર્ટ | ભોજન/ નાસ્તા | અન્ય ખર્ચ | | |
| ૭ | જી.એમ.ડી.એસ. ગ્રાઉન્ડ, અમદાવાદ | - | - | ૩૮૪૩૯૩ | ૩૮૪૩૯૩ | |
| | **ભરૂચ** | | | | | |
| ૮ | મુ.પો. નાહિયેર તા. આમોદ, જી. ભરૂચ | ૬૮૮૪૩૩ | ૬૨૮૧૫ | ૧૨૦૩૮૯૯ | ૧૯૫૫૧૪૭ | |
| | **ભાવનગર** | | | | | |
| ૯ | ગાયત્રી નગર પાછળ મું. મહુવા જિ. ભાવનગર | ૮૨૧૨૪૨૯ | ૫૦૦૦૦૦ | ૩૦૨૧૪૮૨ | ૧૧૭૩૩૯૧૧ | |
| | **ડાંગ-આહવા** | | | | | |
| ૧૦ | પોલીસ પરેડ ગ્રાઉન્ડ, આહવા-જિ. ડાંગ | ૫૦૮૨૪૩ | ૩૮૫૨૭૧ | ૧૮૭૫૯૯૧ | ૨૭૬૯૫૦૫ | |
| | **ખેડા** | | | | | |
| ૧૧ | ઇન્દ્રપ્રસ્થાન સોસાયટી મુ. કઠલાલ તા. કઠલાલ જિ. ખેડા | ૧૦૧૭૩૭૫ | ૧૬૨૪૦૧ | ૧૬૬૪૫૭૦ | ૨૮૪૪૩૪૬ | |
| | **નવસારી** | | | | | |
| ૧૨ | એસ.ટી. સ્ટેન્ડની સામે ચીખલી જિ. નવસારી | ૨૩૬૧૮૧૩ | ૨૭૨૬૪૨ | ૨૨૯૫૩૬૭ | ૪૯૨૯૮૨૨ | |
| | **પોરબંદર** | | | | | |
| ૧૩ | ચોપાટી ગ્રાઉન્ડ, પોરબંદર | ૨૭૨૦૨૮૫ | ૯૫૫ | ૧૮૧૭૧૫૨ | ૪૫૩૮૩૯૨ | |
| | **પાટણ** | | | | | |
| ૧૪ | મુ. ચાણસ્મા, જિ. પાટણ | ૨૨૯૭૩૦૦ | ૩૩૨૨૦૦ | ૧૦૧૮૫૦૦ | ૩૬૪૮૦૦૦ | |
| | **રાજકોટ** | | | | | |
| ૧૫ | જસદણ એન.સી.સી. ગ્રાઉન્ડ જસદણ બાયપાસ તા. જસદણ જી. રાજકોટ. | ૭૭૪૨૭૮૪ | ૧૧૮૩૧૫૮ | ૨૦૨૭૨૦૧ | ૧૦૯૫૩૧૪૩ | |
| | **ગાંધીનગર** | | | | | |
| ૧૬ | નહેરૂ ચોકડી ચાર રસ્તા, મુ. દહેગામ તા. દહેગામ જી. ગાંધીનગર | ૭૭૩૭૮૩ | ૨૨૦૦૩૦ | ૧૩૩૬૪૫૩ | ૨૩૩૦૨૬૬ | |
| | **સુરત** | | | | | |
| ૧૭ | ગુણસદા, તા. , તા. સોનગઢ, જી. સુરત | ૨૩૭૨૭૬૯ | -- | ૧૮૨૪૭૬૦ | ૪૧૯૭૫૨૯ | |
| | **બનાસકાંઠા** | | | | | |
| ૧૮ | ડીસા, જી. બનાસકાંઠા | ૨૯૯૫૧૪૪ | -- | ૮૩૪૨૭૭ | ૩૮૨૯૪૨૧ | |
| | **દાહોદ** | | | | | |
| ૧૯ | સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, દેવગઢ બારીયા, જી. દાહોદ | ૪૮૫૬૫૩ | ૩૨૪૦૦૦ | ૧૩૦૧૩૨૦ | ૨૧૧૧૯૭૩ | |
| | **જુનાગઢ** | | | | | |
| ૨૦ | મું. ચિરોડા, તા. મેંદરડા, જી. જુનાગઢ | ૧૬૨૩૬૪૧ | -- | ૨૬૮૫૫૭૬ | ૪૩૦૯૨૧૭ | |
| | **વડોદરા** | | | | | |
| ૨૧ | સેગવા, તા. સિનોર | ૩૪૩૬૩૯૦ | -- | ૧૬૬૦૧૮૪ | ૫૦૯૬૫૭૪ | |
| | **સુરેન્દ્રનગર** | | | | | |
| ૨૨ | પાણી પુરવઠા કચેરીની બાજુમાં લીંબડી, વઢવાણ હાઈવે રોડ, લીંબડી | ૪૬૬૮૩૨૫ | ૨૫૬૫૦૦ | ૧૭૫૦૪૪૦ | ૬૬૭૫૨૬૫ | |
| | **મહેસાણા** | | | | | |
| ૨૩ | સરદાર પટેલ માર્કેટ કડી | ૧૬૭૯૦૦૦ | -- | ૮૦૦૪૨૫ | ૨૪૭૯૪૨૫ | |
| | **નર્મદા** | | | | | |
| ૨૪ | કેવડીયા કોલોની, મુ.પો. કેવડીયા તા. નાંદોદ, જી. નર્મદા | ૮૧૮૮૬૭ | ૨૨૧૧૨૪ | ૫૯૧૪૦૩ | ૧૬૩૧૩૯૪ | |
| | **કુલ :-** | **૫૪૮૪૫૫૪૪** | **૪૬૮૩૫૫૧** | **૩૭૫૭૨૯૦૭** | **૯૭૧૦૨૦૦૨** | |

## પત્રક--૩
## ૨૦૦૮-૦૯

| ક્રમ | સંમેલનની તારીખ | સંમેલનનું સ્થળ (પુરૂ સરનામું) | થયેલ ખર્ચની વિગત | | | | સમગ્ર કાર્યક્રમ પાછળ થયેલું ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બસ અને અન્ય ટ્રાન્સપોર્ટ | મંડપ અને ડેકોરેશન ખર્ચ | ભોજન/નાસ્તા | અન્યખર્ચ | | | |
| | | **પંચમહાલ** | | | | | | | |
| ૧ | ૧૭-૧-૦૯ | હાઈવે પાસે,, કાલોલ | ૩૦૮૭૩૩૦ | ૨૫૯૬૫ | ૩૯૬૭૯૨ | ૧૮૦૬૫૬ | ૩૬૯૦૭૪૩ | ૨૦૦૦૦૦૦ | |
| | | **ખેડા** | | | | | | | |
| ૨ | ૨૮-૧-૦૯ | બત્રિસગામ પાટીદાર સેવા સમાજ ટ્રસ્ટ, મહુધા, ડાકોર રોડ | ૮૬૧૮૨૭ | ૬૫૮૬૮૬ | ૩૦૩૫૦૪ | ૮૯૯૩૨ | ૧૯૧૩૯૪૯ | ૨૦૦૦૦૦૦ | |

| ક્રમ | સંમેલનની તારીખ | સંમેલનનું સ્થળ (પુરૂ સરનામું) | થયેલ ખર્ચની વિગત | | | | સમગ્ર કાર્યક્રમ પાછળ થયેલું ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બસ અને અન્ય ટ્રાન્સપોર્ટ | મંડપ અને ડેકોરેશન ખર્ચ | ભોજન/નાસ્તા | અન્યખર્ચ | | | |
| | | **વડોદરા** | | | | | | | |
| ૩ | ૩૦-૧-૦૯ | પેટ્રોલ પંપ સામે, મુ. જુવાવી, તા. ડભોઈ | ૧૬૨૨૭૦૩ | ૬૯૭૪૦૯ | ૨૩૯૭૨૧ | ૪૭૨૪૪૨ | ૩૦૩૨૨૭૫ | ૨૦૦૦૦૦૦ | |
| | | **વલસાડ અને નવસારી** | | | | | | | |
| ૪ | ૨-૨-૦૯ | વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કમ્પાઉન્ડ, ધરમપુર, જિ. વલસાડ નવસારી | ૯૭૭૫૯૫ | ૫૦૦૦૦૦ | ૪૭૦૬૫૫ | ૧૬૮૦૯૪ | ૨૧૧૬૩૪૪ | | |
| | | નવસારી | ૧૭૨૮૬૭૪ | | | | ૧૭૨૮૬૭૪ | | |
| | | **નર્મદા અને ભરૂચ** | | | | | | | |
| ૫ | ૩૧-૧-૦૯ | રૂરલ પોલીસ સ્ટેશન પાસે, અંકલેશ્વર, ભરૂચ | ૪૧૩૭૨૭૯ | ૨૦૦૦૦૦ | ૨૧૬૫૦૧ | ૫૨૩૬૫ | ૪૬૦૬૧૪૫ | ૩૦૦૦૦૦૦ | |
| | | **જામનગર** | | | | | | | |
| ૬ | ૧૦-૨-૦૯ | લાલપુર, જામનગર | ૧૦૮૬૭૪૫ | ૪૦૦૮૭૯ | ૩૩૧૮૨૦ | | ૧૮૧૯૪૪૪ | ૨૦૦૦૦૦૦ | |
| | | **અમદાવાદ** | | | | | | | |
| ૭ | ૧૧-૨-૦૯ | સાયન્સ સીટીનું મેદાન, અમદાવાદ | ૩૦૧૪૦૬૨ | ૧૯૭૨૦૭૩ | ૦ | ૩૪૫૬૪૮ | ૫૩૩૧૭૮૩ | ૨૦૦૦૦૦૦ | |
| | | **અણંદ** | | | | | | | |
| ૮ | ૨૯-૧-૦૯ | કોલેજ ગ્રાઉન્ડ, પેટલાદ-દંતાણા રોડ, | ૧૧૯૦૬૬૫ | ૬૪૯૩૧૪ | ૩૩૮૪૦૦ | ૬૬૬૨૯ | ૨૨૪૫૦૦૮ | ૨૦૦૦૦૦૦ | |
| | | **રાજકોટ** | | | | | | | |
| ૯ | ૧૯-૨-૦૯ | ભગતસિંહજી હાઈસ્કુલ મેદાન, ધોરાજી | ૭૦૫૯૩૯ | ૦ | ૩૭૧૦૭ | ૪૬૩૮૦૨ | ૧૨૦૬૮૪૮ | ૨૦૦૦૦૦૦ | |
| | | **બનાસકાંઠા** | | | | | | | |
| ૧૦ | ૨૦-૨-૦૯ | સીડ ફાર્મ, મુ. ગિહોરી, તા. કાંકરેજ | ૨૯૫૫૩૦૩ | ૬૩૮૮૪૫ | ૧૬૨૦૦૦ | ૨૫૯૪૯૧ | ૪૦૧૫૬૩૯ | ૨૦૦૦૦૦૦ | |
| | | **સુરેન્દ્રનગર** | | | | | | | |
| ૧૧ | ૧૨-૨-૦૯ | બોયઝ હાઈસ્કુલ, હાઈવે પાસે, મુ.પો.જી. સુરેન્દ્રનગર | ૨૦૫૦૩૨૪ | | ૪૦૦૦૦૦ | ૪૮૧૦૦૦ | ૨૯૩૧૩૨૪ | ૨૦૦૦૦૦૦ | |
| | | **મહેસાણા** | | | | | | | |
| ૧૨ | ૨-૨-૦૯ | કડી., જિ :-મહેસાણા | ૩૪૭૧૦૩૮ | | | ૧૦૦૦૦૦ | ૩૫૭૧૦૩૮ | | |
| | ૬-૨-૦૯ | **સુરત/તાપી** | | | | | | ૩૦૦૦૦૦૦ | |
| ૧૩ | | વ્યારા/તાવ કુવા | ૨૫૧૮૪૭૦ | ૧૪૪૩૧૦૧ | ૩૧૮૯૬૭ | ૧૯૮૨૫૪ | ૪૪૭૮૭૯૨ | | |
| | | **ભાવનગર** | | | | | | ૨૦૦૦૦૦૦ | |
| ૧૪ | ૧૮-૨-૦૯ | ભાવનગર | ૧૫૯૨૦૦૦ | ૧૫૯૩૦૦૦ | ૨૮૭૦૦૦ | ૬૨૦૦૦ | ૩૫૩૪૦૦૦ | | |
| | | **ડાંગ** | | | | | | ૨૦૦૦૦૦૦ | |
| ૧૫ | ૫-૨-૦૯ | આહવા | ૭૨૪૧૬૬ | ૮૫૪૩૮૪ | ૨૭૦૪૭૫ | ૬૯૪૮૧૧ | ૨૫૪૩૮૩૬ | | |
| | | **સાબરકાંઠા** | | | | | | | |
| ૧૬ | ૨-૨-૦૯ | મેઘરજ | ૮૯૫૭૭૧ | ૬૪૧૨૫૦ | ૧૪૮૪૨૧ | ૩૧૪૫૫૮ | ૨૦૦૦૦૦૦ | ૨૦૦૦૦૦૦ | |
| | | **અમરેલી** | | | | | | | |
| ૧૭ | ૨૧-૨-૦૯ | કુકાવાવ | ૬૯૦૦૦ | | ૧૩૫૬ | ૩૩૫૨૯ | ૧૦૩૮૮૫ | ૨૦૦૦૦૦૦ | |
| | | | ૩૨૬૮૮૮૯૧ | ૧૦૨૭૪૯૦૬ | ૩૯૨૨૭૧૯ | ૩૯૮૩૨૧૧ | ૫૦૮૬૯૭૨૭ | ૩૮૦૦૦૦૦૦ | |

(૨) ત્રણ વર્ષમાં એસ.ટી., મંડપ ડેકોરેશન, ચા-પાણી, જમણવાર, અને અન્ય કુલ ખર્ચ રૂા. ૧૫,૯૯,૭૫,૭૪૩/-થયેલ છે. જે અંગેનો વિગતવાર ખર્ચ આ સાથેના પત્રક-૧, ૨ અને ૩ મુજબ છે.

(૩) બજેટ સદર મુખ્ય સદર-૨૨૩૫ સામાજીક સુરક્ષા અને કલ્યાણ, ૧૦૩-સામાજીક કલ્યાણ, ૦૨-મહિલા કલ્યાણ (૧૭) **WCD** (૧૧) મહિલા આર્થિક વિકાસ નિગમનો વિકાસ કાર્યક્રમ (પ્લાન) છે. તેમજ મહિલા નિગમ કક્ષાએથી એસ.ટી. સહિત કુલ રૂા. ૧૫૯.૮૦ લાખ ચુકવવાના બાકી છે.

## પત્રક--૪

## વધુ રકમની માંગણી દર્શાવતું પત્રક વર્ષ ૨૦૦૮-૦૯

| અ.નં. | સંમેલનની તારીખ | જિલ્લો | સંમેલનનું સ્થળ | ફાળવેલ રકમ રૂ. (લાખમાં) | ખર્ચની વિગતો | વધુ રકમની માંગ | પરત રકમ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૧૭-૧-૦૯ | પંચમહાલ | હાલોલ | ૨૦.૦૦ | ૩૬.૯૧ | ૧૬.૯૧ | | |
| ૨ | ૨૮-૧-૦૯ | ખેડા | મહુધા | ૨૦.૦૦ | ૧૯.૧૪ | ૦ | | |
| ૩ | ૨૯-૧-૦૯ | આણંદ | પેટલાદ | ૨૦.૦૦ | ૨૨.૪૫ | ૨.૪૫ | | |
| ૪ | ૩૦-૧-૦૯ | વડોદરા | ડભોઈ | ૨૦.૦૦ | ૩૦.૩૨ | ૧૦.૩૨ | | |
| ૫ | ૩૧-૧-૦૯ | ભરૂચ અને નર્મદા | અંકલેશ્વર (સંયુક્ત) | ૨૦.૦૦<br>૧૦.૦૦ | ૩૨.૦૬<br>૧૪.૦૦ | ૧૨.૦૬<br>૪.૦૦ | | |
| ૬ | ૨-૨-૦૯ | વલસાડ અને નવસારી | ધરમપુર (સંયુક્ત) | ૨૦.૦૦<br>૨૦.૦૦ | ૨૧.૧૬<br>૧૭.૨૯ | ૧.૧૬<br>૦.૦૦ | | |
| ૭ | ૨-૨-૦૯ | સાબરકાંઠા | મેઘરજ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૦.૦૦ | | |
| ૮ | ૨-૨-૦૯ | મહેસાણા | કડી | ૨૦.૦૦ | ૩૫.૭૧ | ૧૫.૭૧ | | |
| ૯ | ૫-૨-૦૯ | ડાંગ | આહવા | ૨૦.૦૦ | ૨૫.૪૪ | ૫.૪૪ | | |
| ૧૦ | ૬-૨-૦૯ | સુરત<br>તાપી | વ્યારા (સંયુક્ત) | ૨૦.૦૦<br>૧૦.૦૦ | ૪૪.૭૯ | ૧૪.૭૯ | | |
| ૧૧ | ૧૦-૨-૦૯ | જામનગર | લાલપુર | ૨૦.૦૦ | ૧૮.૧૯ | ૦.૦૦ | | |
| ૧૨ | ૧૧-૨-૦૯ | અમદાવાદ | સાયન્સ સીટી (અમદાવાદ) | ૨૦.૦૦ | ૫૩.૩૨ | ૩૩.૩૨ | | |
| ૧૩ | ૧૨-૨-૦૯ | સુરેન્દ્રનગર | મુળી | ૨૦.૦૦ | ૨૯.૩૧ | ૯.૩૧ | | |
| ૧૪ | ૧૮-૨-૦૯ | ભાવનગર | ભાવનગર | ૨૦.૦૦ | ૩૫.૩૪ | ૧૫.૩૪ | | |
| ૧૫ | ૧૯-૨-૦૯ | રાજકોટ | ધોરાજી | ૨૦.૦૦ | ૧૨.૦૭ | ૦.૦૦ | | |
| ૧૬ | ૨૦-૨-૦૯ | બનાસકાંઠા | સિહોઈ | ૨૦.૦૦ | ૪૦.૧૬ | ૨૦.૧૬ | | |
| ૧૭ | ૨૧-૨-૦૯ | અમરેલી | કુકાવાવ | ૨૦.૦૦ | ૧.૦૪ | ૦.૦૦ | | |
| | | **કુલ :-** | | **૩૮૦.૦૦** | **૫૦૮.૭૦** | **૧૫૯.૮૦** | | |

(૪) હા.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૨૫૯, ૧૨૬૧, ૧૪૨૧, ૧૪૨૩, ૧૫૧૯, ૧૫૨૦, ૧૫૨૧, ૧૫૬૨, ૧૫૭૦ | ૦૯ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૧૨૪૧, ૧૨૪૨, ૧૩૪૨, ૧૩૭૦, ૧૫૩૧, ૧૫૩૩, ૧૫૩૪, ૧૫૩૫, ૧૫૩૬, ૧૫૪૩, ૧૫૫૦, ૧૫૫૨, ૧૫૫૫, ૧૫૯૧, ૧૫૯૨, ૧૫૯૩, ૧૫૯૪, ૧૫૯૬, ૧૫૯૭, ૧૫૯૮, ૧૬૦૧ | ૨૧ |
| ૩ | નાણા વિભાગ | ૧૪૩૧, ૧૪૩૩ | ૦૨ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૬૦૭ | ૦૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૪૬૨, ૧૬૨૦ | ૦૨ |
| ૬ | ગૃહ વિભાગ | ૧૪૯૮, ૧૫૦૧ | ૦૨ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૪૫૧, ૧૪૫૨, ૧૪૫૩, ૧૪૫૪, ૧૪૫૬, ૧૬૪૭ | ૦૬ |
| ૮ | મહેસૂલ વિભાગ | ૧૩૬૧ | ૦૧ |
| ૯ | માર્ગ અને મકાન વિભાગ | ૧૪૭૯, ૧૫૨૫, ૧૫૮૯, ૧૬૨૯ | ૦૪ |
| ૧૦ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૧૫૭૬ | ૦૧ |
| ૧૧ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૪૨૭ | ૦૧ |
| | | **કુલ :-** | **૫૦** |

**ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ

(૧) (અ) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનો ઑડિટ અહેવાલ (વાણિજિયક)(અંગ્રેજી તથા ગુજરાતી)

(બ) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનો ઑડિટ અહેવાલ ( મહેસૂલ પ્રાપ્તિ) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**બાંહેધરી પત્રકો**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસની કામકાજની યાદી બાબત ક્રમાંક ૨ની પેટા બાબત ૨માં દર્શાવેલ નાણા વિભાગના સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયે-

(ક) રાજય સરકારે સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક

(ખ) રાજય સરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક.

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ દરમ્યાન જે તે સંસ્થાઓ/વ્યકિતઓએ ભરપાઈ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક. વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

બાંહેધરી પત્રકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૭-૨૦૦૮નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડનો અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઑડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો અહેવાલ**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક વહિવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૦૬-૨૦૦૭ના વાર્ષિક હિસાબો અને ઑડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો અને ઑડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**તપાસ આયોગનો અહેવાલ**

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાવાગઢ મંદિર ખાતે તારીખ ૧૪મી ઓક્ટોબર, ૨૦૦૭ના રોજ માણસોની અચાનક નાસભાગની દુર્ઘટના બાબતે ગુજરાત હાઈકોર્ટના ભૂતપૂર્વ માનનીય ન્યાયાધીશ શ્રી એસ.એમ. સોનીની તપાસ આયોગનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની અધિસૂચના**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન અધિનિયમ અન્વયેની તારીખ ૧૮-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક- કેવી-૮૯-૨૦૦૯-એએમએન-૮૦૯૪-૨૬૮૮-પી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડીરોકાણ અધિનિયમ અન્વયેની તારીખ ૧૭-૬-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૦૯/૧૮/એસઆઈઆર/૧૧૨૦૦૯/૧૦૧૯૭૭/આઈ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૦૦૫ (અગ્રતાક્રમ-૭) ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૩૦-૬-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી પુનાભાઈ ગામીતના 'તાપી જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૦૦૫ (અગ્રતાક્રમ-૭) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૮૯૬૪ (અગ્રતાક્રમ-૧૫)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૮-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી રમણલાલ પાટકરના 'વલસાડ જિલ્લામાં વનીકરણ કરવા બાબત' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૮૯૬૪ (અગ્રતાક્રમ-૧૫) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૯૮૬ (અગ્રતાક્રમ-૨૫)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૧૫-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી શિરીષકુમાર શુક્લના 'ખંભાત તાલુકામાં સરપંચો સામે ફરિયાદો' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૯૮૬ (અગ્રતાક્રમ-૨૫) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૦૦૩૫ (અગ્રતાક્રમ-૧)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી દિલીપ સંઘાણી (સહકારમંત્રીશ્રી)** : : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૧૬-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી જીતેન્દ્રભાઈ સુખડીયાનાના 'વૈદ્યનાથન સમિતિના આધારે સહકારી ધારામાં સુધારા' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૦૦૩૫ (અગ્રતાક્રમ-૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ અનુમતિ મળેલ વિધેયક

**સચિવ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમિત મળી છે તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અનુમતિ મળેલ વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી રમણલાલ ના. પાટકર : (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિનો બીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** હવે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૨૦૦૯નું રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયકના પહેલા વાચન પરની આજની પહેલી બેઠકમાં અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે. શ્રી ભુપેન્દ્રભાઈ લાખાવાલા

**સરકારી વિધેયકો**

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧૬**

## રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયક,૨૦૦૯ (ક્રમશ:)

**ગુજરાત રાજયમાં ' રક્ષાશકિત યુનિવર્સિટી ' તરીકે ઓળખાતી યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપના કરવા બાબત અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક**

**સભાપતિશ્રી શ્રી દોલતરાય ના. દેસાઈ અધ્યક્ષસ્થાને**

**ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહ રક્ષાશક્તિ યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. રાજયમાં આ એક નવી યુનિવર્સિટી સ્થપાનાર છે અને આ યુનિવર્સિટીમાં એવું યુવાધન તૈયાર થશે જે યુવાધન સમાજમાં કાયદો અને વ્યવસ્થાને મદદ કરશે, સાથે સાથે સુરક્ષાદળોને મદદ કરશે, પોલીસને મદદ કરશે અને એને કારણે રાજયમાં શાંતિ અને સમૃદ્ધિનો આપણે જે વિચાર કરીએ છીએ એનો અમલ થઈ શકશે, રાજયના લાખ્ખો યુવાનો એવા છે જે લશ્કરમાં જવા માગે છે એમાં ગ્રેજ્યુએટ છે, ડબલ ગ્રેજ્યુએટ છે સારા કવોલિફાઈડ છોકરાઓ પણ લશ્કરમાં જવા માગે છે આવા યુવાનોને જો આપણે રક્ષાશક્તિ યુનિવર્સિટીમાં લાભ આપીએ તો હું માનું છું કે આ યુવાધન આ રાજયને સારામાં સારું મદદરૂપ થઈ શકશે રક્ષાશકિત યુનિવર્સિટીની પહેલ આ રાજય સરકારે દેશમાં કરી છે, આ યુનિવર્સિટી માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઈચ્છાશકિતનું આ પરિણામ છે, આ યુનિવર્સિટી દ્વારા ત્રાસવાદ છે આર્થિક ગુનાઓ છે, સંગઠિત ગુનાઓ છે સાયબર ક્રાઈમ છે એવા અનેક ગુનાઓ જે એકવીસમી સદીમાં બની રહ્યા છે એ ગુનાઓને ડિટેક્ટ કરવા માટેનો પણ અભ્યાસ ચલાવવામાં આવશે, આપણે જાણીએ છીએ કે વીસમી સદી એક એવી સદી હતી એમાં યુદ્ધો વધારે થયાં, એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે અને આ જ્ઞાનની સદીમાં જે ક્રાઈમ થાય છે એ ક્રાઈમમાં ઈકોનોમીક ક્રાઈમ જોઈએ તો એમાં સાયબર ક્રાઈમ આવે છે બેન્ક અને નાણાંકીય સંસ્થાઓ સાથેની છેતરપીંડી આવે છે.

સામાન્ય નાગરિકો સાથે છેતરપિંડી આવે છે, ધર્મના નામે છેતરપિંડી થતી હોય છે, વેપારમાં થતી હોય છે, વિદેશમાં મોકલવા માટેની પણ છેતરપિંડી થતી હોય છે. પેટન્ટનો એકટ પણ છે પણ તેમાં પણ ગુન્હાખોરીનું પ્રમાણ વધી ગયું છે. આવા અનેક ગુન્હાઓ આપણે એકવીસમી સદીમાં આપણે જોઈ શકીએ છીએ. સાઈબર ક્રાઈમમાં આપણે વિચાર કરીએ તો હેકીંગ દ્વારા ડેટાની ચોરી થાય છે, બીજી માહિતીની ચોરી થાય છે, વાયરસ નાખવાને કારણે ઓન લાઈનમાં પણ છેતરપિંડી થતી હોય છે. આ સાઈબર ક્રાઈમને પહોંચી વળવા માટેની જોગવાઈઓ ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટરનેટમાં વણાયેલા નવી જાતના ગુન્હાઓ છે. અને તેને પહોંચી વળવા એકટમાં પ્રયત્ન કરાયા છે. આ કાયદો ઘડવાનો મુખ્ય હેતુ ઈલેકટ્રોનિક રેકર્ડને કાયદાની અદાલતમાં પુરાવા તરીકે પ્રસ્થાપિત કરવાનો છે. મિડિયા લો પણ હવે આપણે સંભવિત છે. અને તેમાં ખાસ કરીને ભારતના બંધારણમાં વાણી સ્વાતંત્ર્ય અને તેની અભિવ્યકિતનું મૂળભૂત અધિકાર તરીકે બાંહેધરી આપવામાં આવે છે. દરરોજ ચોવીસ કલાક ચાલતી ન્યૂઝ સર્વિસીઝ ચેનલો દ્વારા થઈ રહેલા sting ઓપરેશન પણ એક ચિંતાનો વિષય છે. આના ઉપર યોગ્ય નિર્ણય આવશ્યક છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રક્ષા શકિત યુનિવર્સિટી દ્વારા રાજયમાં જે યુવાનોને આપણે ટ્રેનિંગ આપીશું તેનો જે અભ્યાસક્રમ છે તેમાં પણ ઘણાં અભ્યાસક્રમો છે. ખાસ કરીને ડિપ્લોમા ઈન બેઝીક પોલી સાયન્સ, બેચલર ઈન પોલી સાયન્સ, માસ્ટર ઈન પોલી સાયન્સ, માસ્ટર ઈન ફિલોસોફી ફોર પોલી સાયન્સ, ડોકટર ઓફ ફિલોસોફી, ટ્રેનર્સ અને તાલીમ. આ તાલીમ દ્વારા જે યુવા ધન આપણે તૈયાર કરીશું તે રાજયને તો ફાયદાકારક થવાનું જ છે પણ દેશના સલામતી દળોને પણ એટલો જ ફાયદો થશે. જે રીતે સલામતી દળો પાસે જે weapons નો ઉપયોગ થાય છે. તેમાં પણ લેટેસ્ટ ટેકનોલોજીના ઉપયોગની માહિતી આ રક્ષા શકિત યુનિવર્સિટીમાં આપવામાં આવશે. આમ તો દેશમાં અને દુનિયામાં ગુન્હાઓ શોધવા અનેક પોલીસ કાર્યવાહી ચાલતી હોય છે. ખાસ કરીને ઈંગ્લેન્ડમાં સ્કોટલેન્ડ હોય બીજા ગુન્હા શોધક પોલીસ વિભાગો હોય આ બધા જ વિભાગો દ્વારા ગુન્હાહિત પ્રવૃત્તિ શોધવાની કાર્યવાહી ચાલતી હોય છે.

ખાસ કરીને રાજયમાં આંતરિક સુરક્ષા અને ત્રાસવાદ. હમણાં જ ત્રાસવાદની વાત કરી જે ત્રાસવાદ દ્વારા રાજયની શાંતિ જોખમાય છે હમણાં જ આ ૨૬-૮એ અમદાવાદમાં જે સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા, ૧૮ જેટલાં બોમ્બ બ્લાસ્ટ થયા અને તેમાં ૫૭ જેટલાં નાગરિકોએ જાન ગુમાવ્યાં. આવી આંતરિક સલામતી માટે પણ આપણે રક્ષા શકિત યુનિવર્સિટીની જરૂર છે. ખાસ કરીને ત્રાસવાદની પણ હમણાં જ વાત કરી અને એ ત્રાસવાદ દ્વારા પણ આપણે ૨૬-૧૧ની વાત કરીએ કે ૯-૧૧ની વાત કરીએ. ૨૬-૧૧ એટલે મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટ થયા અને ૯-૧૧ એટલે વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર જે રીતે આતંકવાદી હુમલાઓ થયા તેની જે કાર્યવાહી છે તે કાર્યવાહીની માહિતી પણ આ રક્ષા શકિત યુનિવર્સિટીમાં આવે અને જે વિદ્યાર્થીઓ ટ્રેનિંગ માટે આવવાના છે તે વિદ્યાર્થીઓને આવી માહિતી પૂરી પાડવામાં આવે. જેનાથી આપણે કાર્યક્ષમ

**સભાપતિશ્રી :** તમને ફાળવેલો સમય પૂરો થાય છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : બે મિનિટ આપો સર.

**સભાપતિશ્રી :** બે મિનિટ નહીં, એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : જી. સૂચિત રક્ષા શકિત યુનિવર્સિટી આપણાં દેશમાં આ પ્રકારની બેનમૂન યુનિવર્સિટી હશે. દુનિયામાં હમણાં જ કહ્યું તે પ્રમાણે રક્ષા શકિત યુનિવર્સિટી ભાગ્યે જ એક બે દેશોમાં હશે પણ જ્યારે ગુજરાત તેની પહેલ કરી રહ્યું છે તો આપણને સૌને વિશ્વાસ છે કે આ યુનિવર્સિટી દ્વારા આ રાજયની અને દેશની આપણે સારી સેવા કરી શકીશું. તો માનનીય મંત્રીશ્રી દ્વારા આ યુનિવર્સિટીનું વિધેયક આવ્યું છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા(ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી રક્ષાશકિત વિધેયક લઈને આવ્યા છે, ત્યારે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજની અંદર સમાજનો સુચારુરૂપે વિકાસ કરવાનો હોય ત્યારે રાજયની અંદર કે દેશની અંદર સંપુર્ણ શાંતિ હોય અને પ્રજા પોતાના કાર્યો, પોતાના કામકાજ વ્યવસ્થિત રીતે કરી શકે એવી પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ. એ પરિસ્થિતિ નિર્માણ કરવાની જવાબદારી રાજય કક્ષાએ પોલીસ અને સુરક્ષા દળોને સોંપવામાં આવતી હોય છે. આપણા કેટલાયે ઉદ્યોગગૃહો હોય છે અને પ્રાઈવેટ આયોજનો એવા હોય છે કે એમને માટે પણ સિકયોરિટીની વ્યવસ્થા કરવી પડે છે. આ તમામની વ્યવસ્થાને કારણે રાજયમાં શાંતિ જળવાઈ રહે અને શાંતિ જળવાઈ રહે તો વિકાસનો માર્ગ મોકળો બને. આપણા રાજયમાં આપણે જોયું છે કે ગુજરાતમાં આપણું જે કામકાજ છે, આપણા ગૃહ વિભાગનું જે કામ છે, એમાં આપણે જોઈએ તો ચારે બાજુ એવી વ્યવસ્થા છે કે જેને કારણે રાજયમાં શાંતિ છે અને એને લીધે આપણે ત્યાં ઉદ્યોગો આવે છે. કેટલાયે ઉદ્યોગપતિઓ રાજયની શાંતિ જોઈ અને આપણા રાજયમાં અઢળક નાણા ખર્ચીને પણ ઉદ્યોગો ઉભા કરે છે. એનું કારણે માત્ર ને માત્ર આપણે ત્યાં સુરક્ષા અને શાંતિ છે તે છે. જો આ પરિસ્થિતિ નિર્માણ કરવી હોય તો જેને માથે જવાબદારી છે એવા પોલીસ તંત્ર, લશ્કરી દળો અને અર્ધ લશ્કરી દળો કે પ્રાઈવેટ સિકયોરિટી એ તમામને સમયને અનુરૂપ યોગ્ય તાલીમ આપવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં આજે જેમ આપણે વ્યવસ્થા કરીએ છીએ તેમ સમાજમાં જે નેગેટિવ પરિબળો છે, જેમને માત્ર ને માત્ર આ સમાજને અનુરૂપ ન હોય તેવા કૃત્યો જ કરવા માટે પંકાયેલા હોય એવા લોકો સમાજની શાંતિને ડહોળવા અને સમાજને પરેશાન કરવા પ્રયત્નો કરે છે ત્યારે આપણી પાસે પણ એનો જે આંતરિક અને સરહદી એ તમામ જગ્યાએ શાંતિ જળવાઈ રહે એના માટેની સંપુર્ણ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. એને માટે આપણા સમાજના નવયુવાનોને એ દિશાએ લાવવા માટેના પ્રયાસો કરવા જોઈએ. યુવાનોમાં પડેલી તાકાત અને શકિતને આ માર્ગે વાળીને એમને પણ એમ થાય કે હું પણ સમાજમાં પોલીસ તંત્ર અને સુરક્ષા દળોમાં કાર્ય કરું. આવી પરિસ્થિતિનું નિર્માણ કરી આવા તાલીમબદ્ધ યુવાનો આમાં આવશે તો પોલીસ દળ અને સુરક્ષાના ક્ષેત્રે સુંદર કામ થઈ શકશે. આજે તો સમાજમાં જેમ વિજ્ઞાન અને ટેકનોલોજી વધે છે એવી રીતે એવા પરિબળો પણ આપણી સામે આવે છે કે જેને લીધે આર્થિક ગુના પણ વધે છે. કોઈકને કોઈક જાતજાતના ગુના બને છે. એની સામે સમાજનું રક્ષણ કરવું હશે તો આપણે પણ તાલીમબદ્ધ યુવાનોને રક્ષણ કરવા માટે મોકલવા પડશે. એના માટેની તકો રાજયના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીએ આ રક્ષાશકિત યુનિવર્સિટીની સ્થાપના કરવાનો નિર્ધાર કર્યો એ સુવર્ણયુગ છે. મને લાગે છે કે હિન્દુસ્તાનભરમાં આ પહેલી યુનિવર્સિટી છે કે જેને રક્ષા શકિત યુનિવર્સિટી તરીકે આપણે સ્થાપના કરીએ છીએ. આ યુનિવર્સિટી ગુજરાતમાં સ્થાપવામાં આવી રહી છે. આ પહેલાના સત્રમાં આપણેજોયું હતું કે. ગુજકોકના કાયદાની આપણી મથામણ ચાલતી હતી. કોઈકે આપણે ત્યાં તોફાનના કારણે અસામાજીક તત્વોના ત્રાસના કારણે પોતાની જગ્યાઓના વેચાણ કરીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લોકોને જવાની ફરજ પડતી હતી. એવા તત્વોની સામે તાલીમબધ્ધ આપણા યુવાનો, અર્ધ લશ્કરી દળો, પોલીસ ખાતું, આ તમામને આ તાલીમ આપીને શિક્ષિત બનાવીને મોકલીશું તો જ એનું રક્ષણ થઈ શકે અને એના માટે આ રક્ષા યુનિવર્સિટી એ આપણા માટે ખૂબ જ સુંદર પાસું છે અને એ રક્ષા યુનિવર્સિટીની સ્થાપના એ ગુજરાત માટે આવકારદાયક છે અને માનનીય ગૃહ મંત્રીશ્રી જે આ રક્ષા શકિત યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું અને એને પસાર કરવા માટે સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી આ જે રક્ષા શકિત યુનિવર્સિટી વિધેયક લઈને આવ્યા છે તેને સમર્થન કરવા માટે અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત અને દેશ એ ખૂબ જ પ્રગતિના પંથે આગળ ચાલી રહયાં છે અને જયારે આ દેશની અને ગુજરાતની પ્રગતિ થઈ રહી છે ત્યારે સ્વાભાવિક રીતે જ એનું રક્ષણ કરવા માટેની એટલી જ જરૂરિયાત ઉભી થાય છે. આજે આપણા દેશમાં અને એમાંય ખાસ કરીને ગુજરાતે એમાં પહલ કરી છે. લો યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સ્થાપના કરી છે, પરંતુ આજે મને કહેતાં આનંદ થાય છે કે આજે યુવા ધન અને આ રક્ષા શકિત યુનિવર્સિટીમાં એને જોડવા માટેનું જે કદમ માનનીય ગૃહમંત્રીશ્રીએ ઉપાડયું છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. આજે આપણે જોઈએ કે આ દેશમાં નાગરિકોનું રક્ષણ કરવા માટે, આ દેશની સીમાઓનું રક્ષણ કરવા માટે અને દેશની અંદર મિલકતોનું રક્ષણ કરવા માટે ખરેખર લશ્કરી, અર્ધ લશ્કરી, સી.આર.પી. અને પોલીસની જરૂરિયાત રહેતી હોય છે, પરંતુ નવી વ્યવસ્થાની દ્રંષ્ટિએ આપણે ભૂતકાળ જોઈએ છીએ કે જયારે બ્રિટીશરો આપણા દેશ ઉપર રાજ કરતા હતા ત્યારે અ બ્રિટીશરોએ ગામની અંદર એક પોલીસ પટેલની નિમણૂક કરી હતી અને એ પોલીસ પટેલની નિમણૂક એટલી મહત્વની હતી કે જયારે પણ કોઈ ગામમાં સરકારી અધિકારી જાય ત્યારે પોલીસ પટેલને લઈને જવું પડતું હતું અને આ રીતે ગામની રક્ષા થતી હતી. આજે આ દેશમાં અને આપણા ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્ર વધ્યું છે અને જયારે આ શૈક્ષણિક ક્ષેત્ર વધ્યું હોય ત્યારે એમાં યુવાનોને દેશની રક્ષા કરવા માટે આપણે જોડીએ એ ખૂબ અવશ્યકતા છે અને એટલા માટે મારે એક બે સૂચન કરવાં છે કે આજે જયારે ગ્રેજયુએટ થવા માટે યુવાનો એ કોઈપણ ડીગ્રીમાં જાય તો એ પહેલાં એને એક માસની તાલીમ આ રક્ષા શકિત યુનિવર્સિટીમાં તાલીમ લઈને જવું અને ત્યારપછી જ એને પ્રવેશ આપવો જોઈએ અને આ રીતે એક પ્રથા થશે દા.ત. આપણે સરકારી નોકરી આપીએ છીએ તો કોમ્પ્યુટરની પરીક્ષા એણે પાસ કરેલ છે કે કેમ એ પહેલાં આપણે ફરજીયાત કરેલ છે અને પહેલાં એ જોવામાં આવે છે. તો આ રીતની પ્રથા અપનાવવામાં આવે તો ઘણો બધો ફાયદો થશે અને યુવાનોમાં પણ એક શિસ્તબધ્ધતા આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતાં આનંદ થાય છે કે આપણા ગુજરાતમાં જયારે પણ લશ્કરનો ભરતી મેળો યોજવામાં આવે છે તો ઘણા બધા યુવાનો એમાં જોડાવા માટે આગળ આવે છે. એક ભૂતકાળ એવો હતો અને માનસિકતા એવી હતી કે લશ્કરમાં જોડાઈ ના શકાય, એસ.આર.પી.માં જોડાઈ ના શકાય, પરંતુ આજે જયારે પણ સરકારી લશ્કરી ભરતી મેળા ચાલુ કર્યા છે એમાં આપણે જોઈએ છીએ કે પહાડી વિસ્તારમાં રહેતા અનેક આદિવાસી યુવાનો દેશની સીમાઓનું રક્ષણ કરવા માટે આગળ વધી રહ્યા છે. માત્ર એને તાલીમ આપવાની જરૂર છે અને એ તાલીમ આપવા માટે આ રક્ષાશકિત યુનિવર્સિટીની સ્થાપનાનો વિચાર કરેલ છે એ ખરેખર સારું પગલું છે અને એનાથી અનેક યુવાનોમાં કેળવણી આવશે, શિસ્તબધ્ધતા આવશે. આજે આ દેશની સીમાઓનું રક્ષણ કરવા માટે આપણે સાથે જોડાશે. જયારે જયારે દેશની અંદર આપણે જોઈએ છીએ કે ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે ત્યારે આ ઉદ્યોગોમાં શાંતિ સ્થાપવા માટે કોણ કામ કરે છે. આજે આપણે જોઈએ છીએ કે અશાંત વાતાવરણ હોય ત્યારે પહેલી હરોળમાં એક સૈનિક, એક સિપાહી, એક પોલીસ પહેલી વખતે જ પહોંચી જાય છે અને આ રીતે દેશનું અને શહેરનું અને ગામનું રક્ષણ કરે છે ત્યારે આ રક્ષા શકિત યુનિવર્સિટી એ આપણા માટે ખૂબ જ આર્શીવાદરૂપ બનશે. હું એટલું જ કહેવા માગું છું કે એમને નિભાવવા માટેના ઉદ્દેશો છે અને એ ઉદ્દેશોમાં ખાસ કરીને..એમાં ઉદેશ છે કે દેશનું પોલીસ દળ, લશ્કરી દળ, અર્ધ લશ્કરી દળ અને પ્રાઈવેટ સીકયુરીટી, ખાસ વિશિષ્ટ લાયકાત મેળવીને આ દેશની સીમાનું રક્ષણ કરશે તે મુખ્ય ઉદેશ છે.

**સભાપતિશ્રી :** માનનીય રમણભાઈ, તમારો સમય પૂરો થાય છે.

**શ્રી રમણલાલ ના. પાટકર** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક વિષય ખરેખર અભિનંદનને પાત્ર છે કે રક્ષા યુનિવર્સિટી સ્થાપીને યુવાનોને એક સારા રસ્તે દેશની સીમા રક્ષા કરવા માટે આગળ વધી રહયા છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું અભિનંદ આપી મારું પ્રવચન પુરું કરું છું.

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે રક્ષા શકિત વિધેયકને હું ગૃહ સમક્ષ લઈને ઉપસ્થિત થયો છું એની પર આ ગૃહના સભ્યશ્રીઓએ પોત પોતાના વિચારો વ્યકત કર્યા છે. બધાએ જ તેનું સમર્થન કર્યુ છે તેની જરૂરિયાત છે એવી વાતમાં અનુમોદન કર્યુ છે. મેં બિલ રજૂ કરતી વખતે વિગતે વાત કરી છે. એટલે હું કોઈ લાંબી વાત કરવા નથી માગતો. પરંતુ એટલું ગૃહના સભ્યશ્રીઓને ચોકકસ કહેવા માગું છું કે અત્યારે આ બિલના આમુખની અંદર અથવા તો ઈન્ટ્રોડકસન વખતે મેં જે વાત કરી તેની અંદર જે કોર્સ અને જે પ્રકારના ડીગ્રીઓની વાત કરી છે, આ રક્ષા યુનિવર્સિટીની દાયરો એટલા પૂરતો સિમિત નથી રહેવાનો. આ ક્ષેત્રની અંદર જેમ જેમ નવા આયામો ઉમેરાતા જશે, નવી જરૂરિયાતો ઉમેરાતી જશે એમ આ યુનિવર્સિટીના સંચાલન માટે તજજ્ઞોની કમિટી બનવાની છે. એ કોર્સને અપડેટ કરવાની, એની અંદર નવા નવા કોર્સ ઉમેરવાની અને ઉમેરેલા કોર્સનો શેપ નકકી કરવાની, આકાર નકકી કરવાની કામગીરી સતત ચાલવાની છે. અને જે પ્રકારની વ્યકિતઓનું આ કમિટીની અંદર સિલેકશન થયું છે, હું આ ગૃહને ખાતરી આપવા માગું છું કે ભારતની અંદર અવેલેબલ હોય એવા આ ક્ષેત્રના ઉચ્ચમાં ઉચ્ચ

કક્ષાના નિષ્ણાતોને આપણે આ કમિટીની અંદર રાખ્યા છે. એટલે વધારે કોઈ વાત ન કરતા આ રક્ષા શકિત યુનિવર્સિટી વિધેયક લઈને હું ઉપસ્થિત થયો છું તેને ગૃહના સર્વે સભ્યો સમર્થન આપે અને સમગ્ર ભાતની અંદર એક નવી શરૂઆત થવા જઈ રહી છે તેમાં આપણે સૌ ભાગીદાર બનીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૯નું રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાંા આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪૦, કલમ ૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી અમિત શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૯નું રક્ષાશકિત યુનિવર્સિટી વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાંા આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી :** સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક-૧૬નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**સન ૨૦૦૯નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૧**

## બાળ વિશ્વવિદ્યાલય વિધેયક, ૨૦૦૯

**સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શોના સામંજસ્યપૂર્ણ નૂતન વિશ્વના નિર્માણની સમકાલીન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આવશ્યકતાઓને ધ્યાનમાં લઈને બાળ શિક્ષણના ઉત્તેજન માટે અને બાળ શિક્ષણ સબંધી વિકાસશીલ સંશોધન અને શૈક્ષણિક કેન્દ્રોની સ્થાપના, સંચાલન અને ઉત્તેજનના હેતુથી અને આજના અને આવતી કાલના બાળકોની ઉચ્ચ કક્ષાની કાળજી, શિક્ષણ અને આરોગ્યનું જતન કરે તેવી તાલીમ અને વિસ્તરણ સેવાઓની સ્થાપના, સંચાલન અને ઉત્તેજન માટે પણ બાળ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૯નું બાળ વિશ્વવિદ્યાલય વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૯નું બાળ વિશ્વ વિદ્યાલય વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : પાંચ વાગ્યે વિરામ પડશે. ત્યારપછી બિનસરકારી પ્રસ્તાવો લેવાના છે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી)** : આ બિલ વિરામ પહેલા પૂરું નહિ થાય એટલે વિરામ બાદ આ બિલની ચર્ચા હાથ ઉપર લઈને બિલ પૂરું થાય એ પછી બિનસરકારી કામકાજ હાથ ઉપર લઈએ.

**શ્રી અમિત શાહ** : આપણે વિરામ ૧૫ મિનિટ પાછો ખેંચીએ, કન્ટિન્યુટી રહે તો સારું, એ પછી આપણે બિન સરકારી પ્રસ્તાવો લઈશું.

**અધ્યક્ષશ્રી** : તો પછી આપણે સમય લંબાવવો પડે. બિલ પૂરું થાય ત્યાં સુધી ચર્ચા લંબાવીએ અને ત્યારપછી અડધો કલાકનો વિરામ રાખીએ એ પછી બિન સરકારી પ્રસ્તાવ લઈશું. સૌ સંમત છે? (થોડીવાર બાદ) સમય લંબાવવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં પ્રથમ કહી શકાય તેવી ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. પ્રત્યેક બાળકનું એના માતાના ગર્ભમાંથી સંસ્કારનું સિંચન થતું હોય છે. એના માટેની સ્વીકૃતિ આપણી સંસ્કૃતિમાં અને વિજ્ઞાને પણ આ વાતને સ્વીકારી છે. ભારતની સંસ્કૃતિ અને પ્રસ્ચ્યાત સંસ્કૃતિના સુભગ સમન્વયથી જે સારું છે એ બધું જ આ ભારત વર્ષને ઘડનાર તમામ વ્યકિત એવી રીતે તૈયાર થાય એ આ યુનિવર્સિટી પાછળનો મુખ્ય હાર્દ છે. માતાના ગર્ભમાં રહેલ બાળકની વ્યવસ્થા એમાં સંસ્કારનું સિંચન થાય અને એ બાળક પૃથ્વી ઉપર આવે અને એના માટેની કાળજી લેવાના ઉદ્દેશો આ બિલમાં લેવામાં આવ્યો છે.

આ યુનિવર્સિટીના માધ્યમથી બાળકની સાથે શિક્ષણ અને શિક્ષણની સાથે સંકળાયેલા તમામ શિક્ષણવિદો, સામાજિક આગેવાનોના યોગદાનથી આ અગાઉ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક બેઠકનું આયોજન કરેલું હતું. દેશ અને

* વિધેયક ૨૦ મી જુલાઈ, ૨૦૦૯ના રોજ ગુજરાત ગવર્નમેંન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

દુનિયાભરના તજજ્ઞો અને શિક્ષણવિદોએ આ બેઠકમાં હાજરી આપીને માર્ગદર્શન કરેલું અને એના નિચોડ સ્વરૂપે આ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવા માટે રાજય સરકાર જઈ રહી છે ત્યારે આ તમામનો આ પ્રસંગે બધાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ચિલ્ડ્રન યુનિવર્સિટીની વિશેષતા આ ખરડામાં ત્રણ વિશિષ્ટ અંગો છે. કલ્પના, વિચારધારા અને સંકલ્પો. ભારતમાં કે આખા સંસારમાં કયાંક ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના થઈ હોય તેવું કયાંય નથી. કયાંક નામનો અહીં તહી વપરાશ થયો છે. પરંતુ આવી યુનિવર્સિટી જ્યારે પહેલી વખત થઈ રહી છે ત્યારે યુનિવર્સિટી અંગેના ચાર મુખ્ય અંગો છે. અનુસધાન, શિક્ષણ, પ્રશિક્ષણ અને દૂરોગામી સેવાઓ આ ચારે ચારને એકીકરણ કરીને ચારેય સાથેનો સુભગ સમન્વય કરીને આ યુનિવર્સિટી બનાવવાનો વિચાર કરેલો છે. આ યુનિવર્સિટીની બીજી વિશિષ્ટતા એ છે કે આ યુનિવર્સિટીમાં માત્ર રાષ્ટ્રીય સ્તરે નહિ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચતમ કલ્પનાઓ કરવામાં આવી છે એના પરિષદો અને અનુસંધાનોની શૈક્ષણિક વિભાગોનું વિશિષ્ટ રૂપે નિર્દેશન કરવામાં આવેલું છે. શિક્ષણ અને પ્રશિક્ષણ તો થશે જ. પરંતુ દુરોગામી સેવાઓનો વિશેષ લાભ આ ખરડામાં મૂકવામાં આવ્યો છે. આપણાં રાજયમાં દરેક બાળક એ સૌથી પ્રથમ છે. એવરી ચાઈલ્ડ મેટર્સ અને આ માટે બાલ ભવન, બાળ નાટ્યમંચ, ઠેરઠેર સ્થાપિત વૈજ્ઞાનિક પદ્ધતિથી આ સંસ્થાઓનું ઘટન કરીને આ ખરડાની અંતર્ગત તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ યુનિવર્સિટીમાં માત્ર શિક્ષણ વિભાગ એકલો નહીં, અન્ય વિભાગોનું સમર્થન અને મહેનત પણ આ ખરડામાં દેખાય છે. હાલમાં યુનિવર્સિટી કેવી હોવી જોઈએ, તેનું સંચાલન કઈ રીતે થઈ શકે આવી અનેક બાબતો આ બિલમાં રજૂ કરવામાં આવી છે. ચીલ્ડ્રન યુનિવર્સિટીનું જે બંધારણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે તે ઉપરથી જોઈ શકાશે કે આ યુનિવર્સિટી એ સ્વાયત્ત જ નહીં, પરંતુ સ્વપ્રચારિત, સ્વમાર્ગદર્શક અને સ્વપ્રમાણિક સતત રીતે રહી શકશે. છેલ્લી ૨૦મી સદીમાં બાલ કેન્દ્રિત શિક્ષણ હોવું જોઈએ એવી ઘોષણાઓ અનેક વખત કરવામાં આવી છે પરંતુ માત્ર શિક્ષણ જ બાલ કેન્દ્રિત નહીં, આખો સમાજ બાલ કેન્દ્રિત થાય તે પાછળ આ યુનિવર્સિટીનો આશય છે. આ અગાઉ મુ. શ્રી ગીજુભાઈ અથવા નાના ભાઈ ભટ્ટના કાર્યોમાં આ અંગેની સ્પષ્ટ સમજ દેખાઈ આવે છે. આપણાં સુંદરમ્‌જીના રંગ રંગ વાદળીયા, ઝવેરચંદ મેઘાણીનું હાલરડું, ચંદ્રકાંત મહેતાના કાવ્યો આ બધી જ બાબતો ચીલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપનાને વિશાળ રૂપ આપીને આખા ગુજરાત અને તે દ્વારા ભારત વર્ષના વિશ્વજનોને આપણે આમંત્રણ આપીશું, દરેક બાળકને પ્રભુપદ આપીને આપણે એવા એક સમાજની રચના કરવા માગીએ છીએ કે બધાનો એક માત્ર સંદેશ કે, સૌથી પ્રથમ બાળક, આ વિષય લઈને ચીલ્ડ્રન યુનિવર્સિટીની વાત લઈને આવ્યો છું ત્યારે આ સંક્ષિપ્ત વિગતો સાથે આ ખરડો રજૂ કરું છું અને આ ગૃહના તમામ સભ્યો તેને સમર્થન આપે એવી વિંનંતી કરું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક ક્રમાંક-૨૧, સન ૨૦૦૯નું લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારો સૂર પુરાવું છું. આ વિશ્વ વિદ્યાલય ૧૦૦ કરોડના ખર્ચે નિર્માણ થવાનું છે અને દર વર્ષે તેની પાછળ ૧૦ કરોડનો રાજય સરકાર ખર્ચ કરવાની છે. આ યુનિવર્સિટી શા માટે? નૂતન વિશ્વના નિર્માણની સમકાલીન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જરૂરિયાતને ધ્યાનમાં લઈ વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં બાળકના સર્વાંગી વિકાસની દિશામાં ઘણાં ઓછા વિચારો થયેલા છે તે સંજોગોમાં બાળકોને પૂરતું મહત્ત્વ આપીને રાજય સરકાર સંપૂર્ણપણે બાળકો માટે કાર્યરત એવી ચીલ્ડ્રન યુનિવર્સિટીની રચના કરવાનો ઈરાદો ધરાવે છે કે જ્યાં ગર્ભસ્થ શિશુથી માંડીને યુવાવસ્થા સુધીના વિકાસની તકોની યોગ્ય ઉપલબ્ધિ, જાળવણી થાય તેટલા માટે. ચીલ્ડ્રન યુનિવર્સિટી માત્ર શિક્ષણ, સંશોધન અને તાલીમ કેન્દ્રની પ્રવૃત્તિઓ જ નહીં પણ સામુહિક વિનિમય દ્વારા બાળકના સર્વાંગી વિકાસની તકોનું નિર્માણ કરવાની દિશામાં આગળ જઈ રહી છે ત્યારે યુનિવર્સિટીના ઉદ્દેશો ગુજરાત ભરમાં તેમજ વિશ્વના અન્ય ભાગોમાંથી શિક્ષણવિદો કે જેમણે બાળકોને સર્વ શિક્ષણ અન્વયે માર્ગદર્શન મેળવી શકાય તેવી કૃતિઓ રચવી હોય તો તેનો અભ્યાસ કરવો અને સંશોધન હાથ ધરવું. ભારતના સંવિધાનના અનુચ્છેદ ૫૧ (ક)થી જણાવેલ મૂળભૂત ફરજોને ઉત્તેજન આપવું. શરીર, જીવન, મન અને માનવ આત્માના ઉચ્ચ ઉદ્દેશો શું છે તે અંગેનું સંકલિત શિક્ષણ આપવા માટેનો વિચાર આ રાજય સરકારે કર્યો. પૌરાણિક અને પાઠમાંથી આધુનિક વિકાસના પરિપ્રેક્ષ્યમાં ભારતના આધ્યાત્મિક જ્ઞાન, શૂર, બુદ્ધિમાન અને શિક્ષણના પ્રાથમિક અને માધ્યમિક સહિતના તમામ ક્ષેત્રે બાળકના વિકાસને ઉત્તેજન આપવા તેવા સંશોધન, શિક્ષણ અને તાલીમ અને વિસ્તરણ સેવાઓની સુવિધાઓની સ્થાપના તેમજ તેના આનુષાંગિક કાર્યક્રમોની પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે.ગુજરાતમાં તેમજ તેની બહાર શિક્ષણમાં થઈ રહેલા પ્રયોગોનો અભ્યાસ કરવો અને તેમાંથી બોધ લેવો અને મહત્ત્વની તમામ સુધારાત્મક કામગીરીનું જતન કરીને અને તેના વ્યાપક વિસ્તરણ અને ઉપયોગને ઉત્તેજન આપવું. તે માટે સરકાર આ બિલ લાવી છે. સંશોધન કેન્દ્રો કરવા, શિક્ષણ કેન્દ્રો કરવા, તાલીમ કેન્દ્રો કરવા જરૂર હોય તેવા અન્ય કેન્દ્રો કરવા અને સંચાલન કરવું અને ઉત્તેજન આપવું. વિશ્વ વિદ્યાલયની જરૂરિયાત અને ધોરણો પરિપૂર્ણ કરી શકાય તેવી શિશુ-વાટિકા, બાળ મંદિરો અને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સાથે શૈક્ષણિક સંબંધો વિકસાવવા અને વિશ્વ વિદ્યાલયની કામગીરીના પરિણામોનો લાભ મેળવવા તેમને સત્તા આપવી અને ધીમે ધીમે આ લાભો રાજયના સમગ્ર શિક્ષણ તંત્ર સુધી પહોંચે તે માટેની સરકારની નેમ છે. આપણે એમ કહીએ કે લાંબા ગાળાનું વાવેતર કરવા માટે શું કરવું જોઈએ? તો લાંબા ગાળાનું વાવેતર કરવા માટે માનવ વાવવા જોઈએ. એટલા

માટે કહું કે, અભિમન્યુએ માતાના ઉદરની અંદર સાત કોઠાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. કોઈપણ બાળક માના ઉદરમાં હોય ત્યારે માતાએ કેવી વર્તન કરવું જોઈએ? બાળક માના ઉદરમાં હોય ત્યારે માતાએ રામાયણ કે સારા સંસ્કારની ચોપડીઓ વાંચવી જોઈએ, સારી એવી કૅસૅટો જોવી જોઈએ..

**અધ્યક્ષશ્રી** : આપ બિલની પૂર્વ ભૂમિકા ઉપર ન જાઓ.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, શા માટે આ બિલ લાવવામાં આવ્યું? એનો મુખ્ય ઉદ્દેશ એટલો છે કે, બાળક માના ઉદરમાં હોય ત્યારથી પુખ્તવયનો થાય ત્યાં સુધી એનું ઘડતર કરવાનો આ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ છે. આ બાળ વિશ્વ વિદ્યાલયની રચના કેવી રીતે થશે? ગુજરાતના રાજ્યપાલ વિશ્વ વિદ્યાલયના કુલાધિપતિ રહેશે, એક કુલપતિ હશે, એક મહાનિયામક હશે, એક રજિસ્ટ્રાર હશે, એક નાણા અને હિસાબી અધિકારી હશે અને વિશ્વ વિદ્યાલયના અધિકારી તરીકે અધ્યાદેશોથી જાહેર કરવામાં આવે તેવા બીજા અધિકારીઓ હશે. એમાં એક શોધ સમિતિની રચના થશે. કુલાધિપતિ, રાજય સરકાર સાથે વિચાર વિનિમય કરીને, કુલપતિની નિમણૂક કરશે. કુલપતિની નિમણૂક માટે યોગ્ય નામોની ભલામણો કરવા રાજય સરકારે રચેલી શોધ સમિતિ રહેશે. એમાં એક નામાંકિત શિક્ષણવિદ્ હશે, ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ હશે, ગુજરાત સરકારના નિવૃત્ત મુખ્ય સચિવ અથવા નિવૃત્ત અધિક મુખ્ય સચિવ હશે. ગુજરાત રાજયમાંથી કોઈપણ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિ હશે, રાજય સરકાર આ સમિતિમાંથી કોઈપણને અધ્યક્ષ બનાવશે. આ સમિતિ વાઇસ ચાન્સેલર તરીકે વિચારણા કરી ભલામણ કરે તેની શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં રાખીને બાળ શિક્ષણના ક્ષેત્રમાં અગ્રેસર રહીને કોઈ યુનિવર્સિટી અથવા બાળકોની સંસ્થામાં દસ વર્ષ સુધી કામગીરી કરી હોવી જોઈએ. જે અંતર્ગત રાષ્ટ્રીય ક્ષેત્રમાં દસ વર્ષનો અનુભવ અથવા કૉલેજના પ્રિન્સિપાલ અથવા સંશોધન સંસ્થા કે રાજય સરકાર કે કેન્દ્ર સરકાર હેઠળની કોઈપણ સંસ્થાનો અનુભવ હોવો જોઈએ. રાજય સરકારે કુલાધિપતિ સાથે વિચાર વિનિમય કર્યા પછી સાચા અર્થમાં પૅનલમાંથી એક વ્યકિતની વિશ્વ વિદ્યાલયના કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવશે. ખરા અર્થમાં આ જે બાળ વિશ્વ વિદ્યાલયની સ્થાપના થવાની છે એમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીના જનરલ કાઉન્સીલર તરીકે માનનીય રાજ્યપાલ શ્રી ઉપરાંત રાજ્યપાલશ્રી, શિક્ષણ મંત્રીશ્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી, યુનિવર્સિટીના અધ્યક્ષ અથવા તેમના પ્રતિનિધિ, ગુજરાતના મુખ્ય સચિવ, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવો તેમજ યુનિસેફના ગુજરાત ખાતેના નિયામક, ગુજરાત સરકારના વરિષ્ઠ પદાધિકારીઓ આ કમિટીના સભ્યો હશે. ખરા અર્થમાં જે આપણા ગામડાની અંદર જે બાળકોનું નાનપણ કેવું હોવું જોઈએ? (અંતરાય) એક મિનિટ. અગાઉના જમાનામાં આપણા બાળકોને દાદા-દાદી હોય તો તેનો બાળ વાર્તા કરતા, દાદા-દાદી બાળક સાથે બાળક બની જતા અને ખરા અર્થમાં એ બાળકને અનુરૂપ થઈ બાળકોનો ઉછેર થતો. બાળકો માટે ખરા અર્થમાં બાળક જેવા બની બાળક સાથે કામગીરી કરીએ તો જ બાળકને મજા આવતી હોય છે. ખરા અર્થમાં આજે મને પોતાનું નાનપણ યાદ આવે છે. ગામડામાં હોડકા રમતા, ગેડી દડે રમતા, આંબલી-પીપળી રમતા. એ આ જમાનામાં બંધ થઈ ગયું છે. આજે આ બાળકોને પૂછીએ કે ગેડી દડો એટલે શું? આંબલી-પીપળી એટલે શું તો એમને ખબર નહીં હોય. એ જમાનો વહી ગયો.

અત્યારના બાળકોને તમે કૉમ્પ્યુટર આપો, અત્યારના બાળકોને મોબાઈલ આપો, એને ક્રિકેટની સ્કીમ આપો આમાં રસ છે. બાકી ખરા અર્થમાં આ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ જે માંના ઉદરમાં બાળક હોય ત્યાંથી એને કઈ રીતનું શિક્ષણ મળે અને યુવા થાય ત્યાં સુધી એ શિક્ષણ એને કેટલું મહત્ત્વ અને ઉપયોગી થઈ શકે એના માટેના પ્રયત્નો રાજય સરકારના છે. ખરા અર્થમાં ભારતમાં એક પણ જગ્યાએ આ યુનિવર્સિટી નથી. વિશ્વમાં ત્રણથી ચાર જગ્યાએ આવા પ્રયત્નો કરવામાં આવ્યા ત્યારે ગુજરાત રાજયે આવી યુનિવર્સિટી લાવી એટલે ખરા અર્થમાં એને લાખ લાખ અભિનંદન આપુ છું અને આ બિલમાં હું એને સમર્થન આપુ છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી આ જે વિશ્વ વિદ્યાલય, બાળ વિશ્વવિદ્યાલયનું જે વિધેયક લઈને આવ્યા છે એના વિશે હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતની અંદર છેલ્લા સાત થી આઠ વર્ષની અંદર જે વિવિધ ક્ષેત્રમાં કામગીરી થઈ છે, જે નવીનતા દરેક ક્ષેત્રમાં લાવવામાં આવી છે એમાં આ જે બાળ યુનિવર્સિટી, બાળ વિશ્વ વિદ્યાલયનું જે વિધેયક આવ્યું છે, જે બાળ વિશ્વવિદ્યાલયની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે એ ખરેખર આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી જે તમામ વસ્તુમાં નંબર-વન છે. અને દરેક વસ્તુમાં એમને એવી ઈચ્છા છે, દરેક ક્ષેત્રમાં કે બધું જ આપણા ગુજરાતનું વર્લ્ડકલાસ હોવું જોઈએ, અને એમ કહીશ કે આપણા મુખ્યમંત્રી વર્લ્ડ કલાસ મુખ્યમંત્રી છે અને આ વર્લ્ડ કલાસ એવી આ બાળ વિશ્વ વિદ્યાલયની આજે આપણે સ્થાપના કરી રહ્યા છીએ. વિશ્વની અંદર કદાચ ત્રણ કે ચાર જ આવી ચિલ્ડ્રન યુનિવર્સિટી આવેલી છે અને એમાં આપણા ગુજરાતની અંદર આ બાળ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી રહી છે. આપણા સર્વને માટે એ એક આનંદનો વિષય છે જ પણ એક ગૌરવનો વિષય છે કે આપણે એક ઇતિહાસના સ્વર્ણિમ અક્ષરોમાં આ બાળ યુનિવર્સિટીના જે કાર્યો છે એ લખી રહ્યા છીએ. કારણ કે હું તો એમ કહીશ આગળ વધીને કે કવિએ ખૂબ સરસ કહ્યું છે.

તું અપને ઘર પે દીપ જલાકર મત રુક જાના, કુછ દીપ ચોરાયે પે ભી રખ આના,

જો લોગ ભટકતે હે અંધેરી રાહો પર ઉનકે પથ પર પે ભી ઉજાલા કર આના.

એવી આ ક્રાંતિની જયોત, જ્ઞાનની જયોત એ માત્ર ગુજરાતમાં નહીં પણ આખા દેશની અંદર આ જયોતનો પ્રકાશ ફેલાશે એવી જાતની વ્યવસ્થા આ બાળ વિશ્વ વિદ્યાલયની અંદર કરવામાં આવી છે. એના જે ઉદ્દેશો છે એમાં ખાસ કરીને એને ચાર વિભાગની અંદર એ વહેચવામાં આવ્યું છે. એક રીસર્ચ અને સંશોધન વિભાગ છે, બીજું શિક્ષણ વિભાગ છે, ત્રીજું તાલીમ છે અને ચોથું એક્ષટેન્શન છે. આ જે રીસર્ચ અને સંશોધનનો જે વિભાગ છે એ મારી દૃષ્ટિએ સૌથી અગત્યનો વિભાગ છે કારણ કે જનરલી આપણી જે યુનિવર્સિટી હોય છે એમાં સ્ટીરીયોટાઈપ જે નકકી થયું છે એ પ્રમાણે શિક્ષણની પદ્ધતિ અને નિયમન થતું હોય છે. જ્યારે કંઈ શિક્ષણની ગુણવત્તા સુધારવી હોય કે કંઈ ફેરફાર કરવા હોય ત્યારે એમાં થઈ શકતા નથી હોતા. ખૂબ મુશ્કેલ હોય છે ત્યારે આ બાળ યુનિવર્સિટીની અંદર જે રીસર્ચ અને સંશોધનનો વિભાગ રાખવામાં આવ્યો છે જેને પરિણામે જે કંઈ રીસર્ચ થશે, જે કંઈ સંશોધન થશે એનું અમલીકરણ આની અંદર કરવામાં આવશે. આમાં વિશેષ મહત્ત્વ રીસર્ચ અને સંશોધનમાં આપવામાં આવ્યું છે. બાળકોનો સર્વાંગી વિકાસ થાય, દરેકે બાળકના સર્વાંગી વ્યકિતત્વનો વિકાસ થાય એના માટેની આમાં વ્યવસ્થા કરવામાં આવી છે. રીસર્ચ અને સંશોધનના જે વિવિધ વિષયો નક્કી કરવામાં આવ્યા છે, ટૂંકમાં હું કહી દઉ તો પ્રિનેટલ એજ્યુકેશન ઑફ ધ પેરેન્ટસ, સગર્ભા સ્થિતિની અંદર એ મા-બાપને શિક્ષણ આપવામાં આવે ત્યાર બાદ પ્રિનેટલ એજ્યુકેશન ઑફ ધ મધર, માતાને એજ્યુકેશન આપવામાં આવે એ બાબતનું રીસર્ચ કરવામાં આવે, પ્રોબ્લેમ્સ ધ બર્થ એટ ધ ટાઈમ ઓફ ચાઈલ્ડ બર્થ એનો પણ પૂરેપૂરો રીસર્ચ કરવામાં આવે, કારણ કે સૌથી અગત્યનું બર્થ ટાઈમે જે ટ્રોમા થતો હોય છે બાળકને અને એ સમયના જે પ્રશ્નો હોય છે એની જે કેર લેવાની હોય છે.

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વસુબેન.. ..

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હજી તો મારી શરૂઆત જ થઈ છે. ખૂબ બધા મુદ્દાઓ બાકી છે આમાં. હું આ બીલને સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વસુબેન, કારણ કે મારે આના પછી ત્રણ પ્રસ્તાવો પણ લેવાના છે.

**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંકઃ ૨૧, બાળ વિશ્વ વિદ્યાલય લઈને શિક્ષણ મંત્રીશ્રી આવ્યા છે એના સંદર્ભમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું એટલા માટે કે, આ સત્રની અંદર શિક્ષણ અંગેના પાંચથી છ વિધેયકો લાવીને એક ઐતિહાસિક કામ આ સત્રમાં થયું છે. પહેલા તો ચિલ્ડ્રન યુનિવર્સિટી એટલે આ યુનિવર્સિટીનું હાર્દ શું હશે એ સૌને પ્રશ્ન કરાવે એવો વિષય છે. ભવિષ્યની પેઢી અને ભવિષ્યનું ભારત એના માટે આજથી પૂર્વ તૈયારી કઈ રીતે કરી શકાય એ માટે ખૂબ ચિંતન, મનનના આધારે વિદ્વાનોને એકઠા કરીને એના વિચારોના નિચોડમાંથી આ બિલ તૈયાર થયું છે. કર્તવ્યની ધરોહર પર ઊભા રહેવાની માનસિકતાના બદલે અધિકારના આધાર પર આખું વિશ્વ દોડી રહ્યું છે ત્યારે આ ચિલ્ડ્રન યુનિવર્સિટી બાળકોના વ્યક્તિત્વનો વિકાસ, સર્વાંગી વિકાસ ભારતીય સંસ્કૃતિના આધાર પર થાય એવું વાતાવરણ ઊભું કરવાનું આ બિલ હોય એવું લાગે છે. ચાઈલ્ડ ડૅવલપમેન્ટ અને ચાઈલ્ડ સાયકોલોજી આ બન્ને વાતને ધ્યાનમાં લઈને આ બિલના પ્રકરણ-૨ ના ચોથા ભાગમાં જે જોગવાઈ કરવામાં આવી છે એ જોગવાઈમાં બાળ ચિકિત્સા કેન્દ્રો, વૈજ્ઞાનિક શોધો, લલિત કલા, હસ્તકલા, એન.સી.સી. અને એન.એસ.એસ., સ્કાઉટ એન્ડ ગાઈડને પ્રોત્સાહન અનેક વિષયો અને એમાંય વિશેષ ગુજરાતી, સંસ્કૃત, ફ્રૅંચ, અંગ્રેજી, હિન્દી, તમિલ, અરેબિક્સ, સ્પૅનિશ આ ભાષાઓની ક્ષમતાનો વિકાસ બાળકોમાં થાય એના માટે પણ વિચાર કરવામાં આવ્યો છે. અભ્યાસ ઈતર શોખમાં દા.ત. પપેટ બનાવવા, પ્રદર્શન કરવા, ફિલ્મો બનાવવી આ બધી વાતોનો પણ આમાં ઉલ્લેખ થયો છે. આજનું બાળક છે એમાં એકબીજાનું અનુકરણ કરવાની ક્ષમતા વધી છે ત્યારે આવી વાર્તાઓ અને આવા પીકચરો બને તો મને લાગે છે કે રાષ્ટ્ર ભાવ આ બાળકોમાં વધારે આવી શકે. આ બિલના પાંચમાં ભાગમાં શિક્ષણ પદ્ધતિમાં પૌરાણિક પાઠમાં આધ્યાત્મિક જ્ઞાન, શુદ્ધ બુદ્ધિમત્તા અને સર્જનાત્મકતા પ્રતિબિંબિત થાય તેવી નવતર પ્રણાલીઓ પણ આ બિલમાં સામેલ કરી છે એટલે એવું લાગે છે કે આપણા વિદ્યાર્થીઓ આ વિશ્વના કોઈપણ દેશના વિદ્યાર્થીઓ સમકક્ષ ઊભા રહી શકવામાં એ શરમ કે સંકોચ નહીં અનુભવે. વિદ્યાર્થી એ કોઈપણ શિક્ષકના જીવનની મૂડી હોય છે. સાચા અર્થમાં ભારતના ભવિષ્યના ઘડવૈયા બનવાનું સદ્ભાગ્ય શિક્ષકોને પણ આ બિલના કારણે પ્રાપ્ત થવાનું છે એમાં કોઈ શંકા નથી. પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાને નવી ઊંચાઈ પર લઈ જવા માટે શાળાના બાળકોનું બાળપણ ફૂલની જેમ મહેકે એની પ્રેરણા પણ આ બિલમાંથી મળે છે. બનાર્ડ રસેલે ખૂબ સરસ કહ્યું છે. તેણે કહ્યું છે કે આપણે એવા જગતને રચવાની ઈચ્છા રાખવી જોઈએ કે જેમાં સર્જનશક્તિ જીવંત હોય, જીવન આશા અને આનંદથી ભરેલ સાહસ સમુ હોય. જ્યાં આપણને નવું રચવાની ઈચ્છા જાગે, નહીં કે જે છે એને વળગી રહેવાની કે બીજાનું હોય એને છીનવી લેવાની. આવું જગત બેશક રચી શકાય. કેવળ એવું રચવાવાળા માણસોની ખોટ છે અને ગુજરાતમાં એ ખોટ નથી. મને લાગે છે કે એટલા માટે ખૂબ ચિંતનાત્મક બિલ ગુજરાતમાં પ્રથમ વખત આવી રહ્યું છે. સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત, કનિષ્ઠ, આ સમ્રાટોના સમયમાં આપણું ભારત સુખ, સમૃદ્ધિ અને શૌર્યથી કેવું મહાન હતું? એને સાચી રીતે મૂલવવાનો પ્રયાસ આ બિલમાં થયો છે. વેદકાળ અને બુદ્ધના યુગમાં દેખીતી રીતે જે આપણા આદર્શ

બન્યા હતા અને તેથી જ ભારત મહાન, વિશ્વ ગુરૂ ભારત કહેવાતું હતું. ભાવી ભારતનું પુન:નિર્માણ કરવા માટે જે આર્દશોએ આપણને મહાન બનાવ્યાં છે એ આદર્શોને ફરીથી જાગૃત કરવા માટે એ આદર્શોનું પાલન ફરીથી પેઢી કરે તેવો બિલમાં ઉદ્દેશ છે. જે બિલ લઈને શિક્ષણ મંત્રીશ્રી આવ્યાં છે તેમને અને હું રાજ્યના મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. ગુજરાતની અંદર આ બિલની પહેલ થાય અને ખૂબ સરસ રીતે કામ કરે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક દેશનું મોડેલ સ્ટેટ બન્યું છે અને દેશની નંબર વન સરકાર બની છે તે બદલ હું મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક ક્ષેત્રે મારા મત મુજબ ગુજરાત સરકાર એક સર્વગુણ સંપન્ન પુરવાર થઈ છે ત્યારે આવા સંજોગોમાં બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક ૨૦૦૯ ગુજરાત સરકારના મુગટમાં શોભાનું એક ઓર છોગું ઉમેરાયું હોય તેવું મને લાગે છે. માનનીય મોદી સાહેબે બાળકોની ચિંતા કરી આગોતરું આયોજન કર્યુ છે. આ વિધેયક એક વિચક્ષણ અને વિરલ બુદ્ધિની પ્રતીતિ કરાવે છે. બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક માનનીય શિક્ષણ મંત્રીશ્રી લઈને આવ્યાં છે તેમને હું આવકારું છું અને એને અનુમોદન આપું છું. આ યુનિવર્સિટીનું વડુમથક ગાંધીનગર અથવા રાજ્ય સરકાર જ્યાં નક્કી કરશે ત્યાં થશે. આ યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી તરીકે નામદાર રાજ્યપાલશ્રી રહેશે અને કુલપતિની નિમણૂક રાજ્ય સરકાર કુલાધિપતિશ્રીના પરામર્શમાં કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જિલ્લાધિકારીઓ માટે હોદ્દેદારો નિમાશે. મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી અને મહિલા અને બાળ વિકાસના સચિવશ્રી પણ હશે તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવશ્રી હશે. UGC ના અધ્યક્ષ પણ હશે. ગુજરાત રાજ્યના મુખ્ય સચિવશ્રી પણ હશે. શિક્ષણ વિભાગના સચિવ પણ હશે. યુનીસેફના નિયામકશ્રી જેવા વિશિષ્ટ અધિકારીઓ સભ્ય તરીકે રહેશે અને વિવિધ પ્રકારની કક્ષાના ૩૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહેશે. ઉપરોકત મંડળમાં એક એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પણ હશે અને તેમાં પણ કુલપતિ અધ્યક્ષ હોદ્દાની રૂએ રહેશે. ગુજરાત સરકારના સચિવ અને નાણા સચિવના નામની નિયુકિત થશે. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી પણ હશે. મહાનિયામકશ્રી હશે. એકેડેમિક કાઉન્સિલના બે સભ્ય હશે. જનરલ કાઉન્સિલના સભ્યોમાંથી ૪ સભ્યો નિમાશે. નાણા અને હિસાબી અધિકારીઓ રહેશે અને રજિસ્ટાર સભ્ય સચિવ તરીકે રહેશે. આમ બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક ૨૦૦૯માં આ પ્રમાણે અધિકારીઓની નિમણૂક કરશે.

બીજું કે દરેક કાઉન્સિલના વિધાયકને પગાર કે મહત્ત્વ આપવામાં આવશે નહિ. પરંતુ જે દિવસે બેઠક હોય તે દિવસે બેઠકમાં હાજરી આપવા તેમજ પોતાની કામગીરી બજાવવા બદલ તેમને T.A.D.A. જેવી સુવિધા આપવામાં આવશે. યુનિવર્સિટીના આ હિસાબોનું સરવૈયું એક્ઝિક્યુટિવ કાઉન્સિલના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ઓડિટ કરવામાં આવશે. આ યુનિવર્સિટીમાં રાજ્ય સરકારને આદેશ આપવાની સત્તા રહેશે. આ યુનિવર્સિટીમાં કાંઈ પણ નુકસાનકર્તા લાગશે તો રાજ્ય સરકાર તેની પૂરતી તપાસ કરી યોગ્ય પગલા લેશે. રાજ્ય સરકારના આદેશોનું પાલન કરવામાં નહિ આવે તો રાજ્ય સરકાર આ સંસ્થાની ગ્રાન્ટ અટકાવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, સમરસતા, સમાનતા, ભ્રાતૃભાવ અને રાષ્ટ્ર ભાવનાના આદર્શોને લઈને આ વિધેયક લાવ્યા છે. નૂતન ભારતના નિર્માણ, આંતરરાષ્ટ્રીય આવશ્યકતાને ધ્યાનમાં લઈ, બાળ ઉત્તેજન માટે, બાળકના સર્વાંગી વિકાસ માટે અને સર્વાંગી ઘડતર માટે આ બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક ૨૦૦૯ ને હું આવકારું છું. આ વિધેયકમાં નાત-જાતના કે સ્ત્રી-પુરૂષ તેમજ જન્મ સ્થળ, ભાષાવાદ કે પ્રાંતવાદને કયાંય સ્થાન અપાશે નહિ. આ વિશ્વ વિદ્યાલય બધા જ માટે ખુલ્લું રહેશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી. (અંતરાય) મારી પાસે દંડકે જે નામો મોકલ્યા છે,સુધારેલા એમાં મેં મૂક્યા છે.

**શ્રી આર.સી. ફળદુ(મુખ્ય દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લું બીલ છે આજે, અને બધા જ સભ્યોની બહુ લાગણી હોય તો પાંચ પાંચ મિનિટ ભલે બોલે, આપણે સમય લંબાવીએ.

**અધ્યક્ષશ્રી** : મને વાંધો નથી. શ્રી મફતભાઈ પુરોહિત. પણ મંત્રીશ્રી કેટલો સમય લેવાના છે, મારે બાકીનાનો પણ વિચાર કરવાનો ને?

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી બાળ વિશ્વ વિદ્યાલય વિધેયક -૨૧ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુખ્ય મંત્રીશ્રી સંવેદનશીલ વિઝન ધરાવતા મુખ્ય મંત્રી છે અને એમણે જે આ બાળ યુનિવર્સિટી માટેનો જે વિચાર કર્યો છે એ વિચાર એ આવનારી આપણી પેઢી માટે ખૂબ જ ઉપયોગી નીવડવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીનો અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જેના દ્વારા તેનો સર્વાંગિક, ઉદોગામી વિકાસ થાય, વિદ્યાનો ઉદ્દેશ્ય ઈન્દ્રીઓને જીતીને બુદ્ધિનો વિકાસ કરવો, યર્થાથ જ્ઞાનની પ્રાપ્તિ સાથે વાક ચાતુર્ય, કાર્યમાં કુશળતા પ્રાપ્તિ કરવી, માનવીને વિનયી અને વ્યસન મુક્ત બનાવવો, આંતરિક પરમ તત્ત્વની પ્રતીતિ તરફ ખેંચીને, માણસને સાચા આંતર જગતને પામવામાં મદદરૂપ બનવાનો છે.ચાણક્યના આ વિચારો એ આજના શિક્ષણની અંદર આપણને જોવા મળતા નથી એટલે મને જ્યારે અમે ભણતા હતા ત્યારની કેટલીક વાતો

યાદ છે. તે વખતે અમને જે ભણાવવામાં આવતું હતું એમાં, કક્કા રે કરી કમાણી ભોગવીએ, ખખ્ખા રે ખોટું કદી ના બોલીએ, ગગ્ગા રે ગુરૂ-બ્રાહ્મણને પગે લાગીએ, ઘઘઘા રે ઘર વેચી ઘોડું ન લઈએ, ચચ્ચા રે ચાડી ચુગલી કરવી નહીં. આવું બધું જે જ્ઞાન વર્ધક અને સંસ્કાર યુક્ત જે શિક્ષણ હતું એમાં ઘણું બધું પરિવર્તન આવી ગયું. ગણપતિના ગમાં સાંપ્રદાયિક જોવા લાગ્યા અને ગણપતિના ગ ને ભણાવવાનું

**અધ્યક્ષશ્રી** : મફતભાઈ આપને વિનંતી કરું છું કે, બીલના હાર્દ ઉપર આપ બોલી ચૂક્યા છો, હવે કલમો ઉપર આવીને વાત કરશો તો સારું. ખૂબ વિસ્તૃત વાત કરવાના, બીલની જ્યારે ચર્ચા થતી હોય ત્યારે હું એને અંકુશિત કરવા નથી માગતો, નિયંત્રિત કરવા નથી માગતો પણ બીલના હાર્દમાં, બીલના ઉદેશો અને બીલની જુદી જુદી કલમો ઉપર પણ એની ચર્ચા થાય એ ખૂબ જરૂરી છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : સર્વાંગી વિકાસ ઉપર મારે વાત કરવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણના જાણકાર લોકો શિશુ શિક્ષણની આજની જે પદ્ધતિ છે તે બરાબર નથી એમ સર્વાનુમતે સ્વીકાર કરે છે. પરંતુ વિદ્યાલયો એ સ્વીકારતા નથી. વ્યવસાયિક ધોરણો અપનાવીને મનોવૈજ્ઞાનિક અને શિક્ષણ તજજ્ઞોના મતને એ લોકો અવગણે છે. વૈજ્ઞાનિક પરિણામો એનાથી ખૂબ વિપરીત આવે છે. બધી સ્થિતિમાં સહન તો અંતે શિશુઓએ જ કરવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, શિશુનો વિકાસ રાષ્ટ્રની સંસ્કૃતિ અને તેની ઓળખ મુજબ જ થવો જોઈએ. પોતાની ઓળખ ગુમાવીને બાહ્ય વાઘા પહેરીશું તો આપણે કાળના પ્રવાહમાં ટકી શકીશું નહીં. શિશુ વિકાસની કલ્પના એટલે બાળકનો સમગ્ર વિકાસ. શારીરિક વિકાસ, બૌદ્ધિક વિકાસ, માનસિક વિકાસ, પ્રાણિક વિકાસ અને આત્મિક વિકાસ, આ પાંચેય ક્રમેન્દ્રીયો અને પાંચેય જ્ઞાનેન્દ્રિયો, અગિયારમી ઇન્દ્રિય મનનો વિકાસ, આ તેની સાચી વિકાસની દિશા છે. જો બાળક શારીરિક રીતે સક્ષમ નહીં હોય તો રોગીષ્ટ રહેશે માટે શારીરિક વિકાસ જરૂરી છે. બૌદ્ધિક રીતે વિકસિત નહીં હોય તો જ્ઞાનમાં એ નબળું રહેશે, મનથી જો તે મજબૂત નહીં હોય તો માનસિક રીતે વિકાસ ઓછો થશે, જો તેની પ્રાણશક્તિનો વિકાસ સારો થયો હશે તો તે પ્રાણથી મજબૂત હશે અને આત્માના વિકાસથી આત્મશકિતનો વિકાસ થાય છે. કમેન્દ્રિયો અને જ્ઞાન ઇન્દ્રિયોના સમગ્ર વિકાસથી શિશુનો સારો જીવન વિકાસ થાય છે.પાંચેપાંચ તત્વો આપણા શરીરને ખૂબ પ્રભાવિત કરે છે. પવન, પાણી, અગ્નિ, પૃથ્વી, આકાશ. આની સાથે રહેવું સૌને ગમે છે. પવન, પાણી, પૃથ્વી, અગ્નિ, આકાશની આપણા જીવનમાં ઉણપ હોય તો શું વિકૃતિ આવે છે? (સમય સૂચક ઘંટડી)

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે બીલ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત રજૂ કરું છું. બાળ કેળવણીની દિશામાં સુધારણા કરવા માટે સમગ્ર વિશ્વમાં શિક્ષણવિદો વર્ષોથી ચર્ચા કરતા આવ્યા છે પરંતુ આ ચર્ચાને મૂર્તિમંત સ્વરૂપ આપી શકયા નથી ત્યારે આપણા ગુજરાતમાં પણ બે વર્ષ પહેલા ઓલ ઈન્ડીયાના શિક્ષણવિદો શિક્ષણમાં પરિવર્તન બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને એક બેઠક માટે મળેલા અને એ વખતે બાળ શિક્ષણની અંદર ક્રાંતિકારી નિર્ણય કરવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીને આ કાર્ય માટે ખૂબ મોડું ન કરતાં ઝડપથી આ કાર્ય કરવાની પણ તેઓશ્રીએ જયારે વિનંતી કરી હતી ત્યારે આજે મને ખૂબ આનંદ થાય છે કે એ વિચારને મૂર્તિમંત કરવા માટે ખૂબ ટૂંકાગાળાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી આ નિર્ણયને યોગ્ય સ્વરૂપ આપવામાં સફળ બન્યા છે. ગુજરાત દેશનું પ્રથમ રાજય છે જેણે બાળ વિકાસ અને બાળ કેળવણીની દિશામાં ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના માટે ઐતિહાસિક કદમ ઉપાડયું છે જે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારે તો આગળ વધીને કહેવું છે કે આ ચિલ્ડ્રન યુનિવર્સિટીના ઉદ્દેશો અન્ય રાજયો કે દેશો પણ સમજે અને તેનું અનુકરણ કરે કારણકે ભાષા ગમે તે હોય, દેશ ગમે તે હોય પરંતુ બાળ દુનિયા અને બાળ દુનિયાના પ્રશ્નો એક જ હોય છે. આપણે સૌ સુવિદિત છીએ કે તંદુરસ્ત બાળકથી જ તંદુરસ્ત સમાજનું નિર્માણ થઈ શકશે અને તંદુરસ્ત સમાજથી તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ થઈ શકશે એટલે જ બાળક જન્મે ત્યારથી વયસ્ક ઉંમરે પહોંચે ત્યાં સુધી બાળકના તમામ વિકાસના તબકકાને સમજીને એક સક્ષમ બાળકના નિર્માણ માટે અનેક સંશોધન સાથે જવાબદારી લેવાની જે પરિકલ્પના આ બીલમાં છે એ ખૂબ નોંધનીય છે. આજે શાળાઓમાં અપાતી કેળવણી આંખ અને કાનની કેળવણી છે જયાં સુધી હૃદયની કેળવણી કે માનવતાની કેળવણી નહીં મળે ત્યાં સુધી ભણતર ઉપસે નહીં તે મારા અનુભવથી કહું છું. છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષણમાં અને તેમાં પણ ખાસ કરીને ત્રણ વર્ષથી બાર વર્ષના બાળકો સાથે કામ કરવાની અને તેમના હૃદય સુધી પહોંચવાની મને તક મળી છે ત્યારે મારું માનવું છે કે આપણે બાળકને સમજવું પડશે. એ કઠીન જરૂર છે પરંતુ જરૂરી પણ એટલું જ છે અને એટલા જ માટે મને એમ થાય છે કે આ બાળકોને સમજે છે કોણ? આ નાના ભૂલકાંના ઘડતરની ચિંતા આજ સુધી કરી છે કોણે? ત્યારે સરળ ભાષામાં કહું તો ઘટાદાર વૃક્ષના સારા મીઠા ફળ લાવવા હોય તો મુળની માવજત તો કરવી જ પડે અને એટલા જ માટે આજે મને એક શિક્ષક તરીકે ગૌરવ થાય છે કે આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી બાળકોના હૃદય સમ્રાટ બન્યા છે અને બાળકોના સાચા અર્થમાં હૃદય સમ્રાટ બનવા માટે જે ઘડતરની અને માવજતની ચિંતા કરી છે તેનું ચિંતન આ યુનિવર્સિટીના બીલમાં જોવા મળે છે. કેળવણીનો અંતિમ ઉદ્દેશ તો બાળકમાં રહેલી સર્જનાત્મક શકિતઓનો આવિષ્કાર કરવાનો છે તેથી ઔપચારિક શિક્ષણ ઉપર અપાતા ભાર કરતાં કલા દ્વારા શિક્ષણ ઉપર ભાર મુકવાનું આ બીલમાં અગ્રતાક્રમે રાખેલું છે. આ દેશનો વિદ્યાર્થી આજે વિદ્યાર્થી નહીં પણ પરીક્ષાર્થી બની ગયો છે કારણકે

સફળતા મેળવવાનું ભારે દબાણ વિદ્યાર્થીઓના શીર ઉપર રાખવામાં આવે છે અને કયારેક તો વિદ્યાર્થી જીવવાની આશા પણ ગુમાવી બેસે છે. જે ખૂબ ચિંતાજનક છે પરંતુ આ યુનિવર્સિટીના બીલની અંદર પરીક્ષા પદ્ધતિમાં ધરમૂળથી ફેરફાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. પરંપરાગત સ્મૃતિ કસોટીઓની જગ્યાએ સર્વગ્રાહી સમજ કસોટી દાખલ કરવાનો આ પ્રયત્ન બાળકના માનસમાંથી પરીક્ષાનો ભય દુર કરી દેશે જે ખૂબ ખુશીની બાબત છે. આજે સમગ્ર દેશ એક ગંભીર સામાજિક કસોટીમાંથી પસાર થઈ રહયો છે. સમગ્ર માનવ વ્યવહાર વેપારી દ્રષ્ટિનો થતો જતો હોય તેમ સ્પષ્ટ જણાય છે. સામાન્ય વ્યવહારનું અવલોકન કરતાં એક તત્વ ભયંકર રીતે ખુટતું જણાય છે અને એ છે રાષ્ટ્રીય ચારિત્રનું. આજે આપણી સૌથી મોટી સમસ્યા રાષ્ટ્રીય ચારિત્ર ઘડતરની છે. બાળ વિશ્વ વિદ્યાલયની સ્થાપનાના મુળમાં રાષ્ટ્ર ભાવના અને દેશદાજની ભાવના પ્રબળ બનાવાવાનું સૂચન છે. જેથી ભવિષ્યનું બાળક રાષ્ટ્ર ભાવનાને ધ્યાનમાં રાખી આંતરરાષ્ટ્રીય જવાબદારી સ્વીકારી શકે.બાળ યુનિવર્સિટીની અંદર બાળકનો સર્વાંગી વિકાસ થાય, તે હેતુથી બાળકોને લગતા જુદા જુદા વિષયોનું સંશોધન થશે અને એનું સંચાલન પણ કરવામાં આવશે અને આ સૂચિત યુનિવર્સિટી માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાલુ વર્ષના બજેટમાં ૧૦૦ કરોડની જોગવાઈ કરી છે, જે ઉપરથી સાબિત થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી બાળકની કેળવણી માટે કેટલી ચિંતા કરી રહ્યા છે. આજનું બાળક એ આવતી કાલનું ઉજ્જવળ ભારત છે, ત્યારે મારે એમના માટે કહેવું છે કે- " હમ ઉબલતે હૈ તો ભૂચલ ઉબલ જાતા હૈ, હમ મચલતે હૈ તો તુફાન મચલ જાતે હૈ, હમસે ના કરો સીકવા કોઈ, હમ બદલતે હે તો ઈતિહાસ બદલ જાતા હૈ". માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દીર્ઘદ્રષ્ટીવાળા બાળકના પૂર્ણ વિકાસને પામતું, ભવ્ય સંકલ્પને ધરાવતું આ વિધેયક એક નવી પ્રેરણા, નવી શક્તિ, નવી શ્રદ્ધા, નવી દ્રષ્ટિ, નવી નિષ્ઠા સાથે આ સન્માનનીય ગૃહમાં રજૂ થયું છે તે માટે મારું અનુમોદન આપું છું.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા યુનિવર્સિટીના બિલ અંગે ૫ જેટલા સન્માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના મંતવ્યો આપ્યા છે. આ બિલને સમર્થન આપ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની દીર્ઘદ્રષ્ટિને કારણે અગાઉ કહેવાયું એ પ્રમાણે આ દેશમાં પહેલી ચિલ્ડ્રન યુનિવર્સિટી જે થઈ રહી છે. મેં પ્રિએમ્બલમાં કહ્યું તે પ્રમાણે માતાના ગર્ભથી શરૂઆત કરીને ૧૪ વર્ષ સુધીનું બાળક થાય ત્યાં સુધીની તમામ ચિંતા આ રાજ્ય સરકાર કરી રહી છે અને એ માટે શિક્ષણવિદો અને તજજ્ઞોના પરામર્શમાં રહીને આ માટેનું એક ટાસ્કફોર્સ બનાવવામાં આવી રહ્યું છે અને બાળ ગોકુલમની સોસાયટીની રચના કરી દેવામાં આવી છે. અગાઉ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે આ અંગે ૪ કાઉન્સિલની રચના કરવામાં આવેલ છે: કાઉન્સિલ ઑફ રીસર્ચ, એજ્યુકેશન, ટ્રેનિંગ એન્ડ એક્ષટેન્શન, એક્ટિવિટિસ. આ રીસર્ચ કાઉન્સિલની રચનાની સાથે એક રીસર્ચ ડિપાર્ટમૅન્ટ કામ કરતું કાર્યરત રહેશે. આ ટાસ્કફોર્સ દ્વારા જે સંશોધનો અત્યાર સુધીમાં થયાં છે અને આગામી દિવસોમાં યુનિવર્સિટી દ્વારા જે કરવામાં આવી રહ્યું છે, એમાં વાલીઓ માટે પ્રી-નેટલ એજ્યુકેશન માતાઓને એની રાખવાની સારસંભાળ, બાળકોના જન્મનો પ્રશ્ન, તબીબી સારવાર અને બાળ વિજ્ઞાન, શિશુ વિષેના સંશોધનો, ઈન્ડર ગાર્ડન અનેકવિધ આયામો આ યુનિવર્સિટીમાં સમાવવામાં આવ્યા છે. આ યુનિવર્સિટી દ્વારા વિશેષ કરીને જે રીસર્ચ પ્રોજેકટ ચલાવવાનો છે. માનનીય ધારાસભ્યશ્રી મોહનભાઈએ જે વાત કરી તે પ્રમાણે આ યુનિવર્સિટીનાં જે રીસર્ચ સૅન્ટર છે, તે રીસર્ચ સૅન્ટર દ્વારા વાલીઓને જન્મ પહેલા એનું શિક્ષણ આપવું, એના ગર્ભના વિકાસનું જ્ઞાન આપવું એ આ યુનિવર્સિટીનો એક ભાગ છે અને આ સગર્ભા માતાની સારસંભાળ અને એને એના ગર્ભના વિકાસની વાત કરવાની હોય ત્યારે આપણી સંસ્કૃતિ એવી છે કે આપણને વારસામાં મળી છે ભાઈ શ્રી મોહનભાઈએ કહ્યું તે પ્રમાણે વીર અભિમન્યુ એ માતાના ગર્ભમાં છ કોઠાનું યુદ્ધ શીખ્યો હતો. મહાભારતમાં જ્યારે અર્જુનજી પાતાળ લોકમાં ગયા ત્યારે ગુરૂ દ્રોણ અને કૌરવોએ જે સાત કોઠાના યુદ્ધની રચના કરી અને આ વખતે વીર અભિમન્યુ એ યુવાવસ્થામાં નહોતો, કિશોરવસ્થામાં હતો. પરંતુ કૃષ્ણ ભગવાન બહેન શુભદ્રાને જ્યારે સાત કોઠાના યુદ્ધની વાત કરતા હતા. છ કોઠાના યુદ્ધની વાત પૂરી થઈ કે કૃષ્ણ ભગવાનને જવાનું થયું અને સાતમો કોઠો બાકી રહી ગયો. આ અર્જુનજી જ્યારે પાતાળ લોકમાં ગયા અને આ સાત કોઠાના યુદ્ધની વ્યૂહરચના થઈ, ત્યારે અભિમન્યુએ બીડું ઝડપ્યું કે હું છ કોઠાનું યુદ્ધ જાણું છું ભીમસેને કહ્યું સાતમો કોઠો છાણ માટીનો છે. હું મારી દગાથી તોડી નાખીશ. માતાના ગર્ભમાં મળેલ અભિમન્યુના સંસ્કારો આ અમારી ચિલ્ડ્રન યુનિવર્સિટીના માધ્યમથી મેં અગાઉ કહ્યું તે પ્રમાણે સગર્ભા માતાને એને જેવા જોઈએ એવા સંસ્કારો આપી શકે એ આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર છે.માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અત્યાર સુધીમાં જે કામો કર્યા છે તેની એક પછી એક સિકવન્સ આજે આપણે જોઈએ છીએ તેમ સર્ગભા માતાઓ માટે સ્વર્ણિમ સંકલ્પ જયોત યાત્રા દરમ્યાન તેમને સુખડી વિતરણનો કાર્યક્રમ, દૂધ આપવાનો કાર્યક્રમ, ચિરંજીવી યોજના આજે સમગ્ર ગુજરાતમાં લોકપ્રિય બની રહી છે. ૨૦૦૭નું વર્ષ નિર્મળ ગુજરાત તરીકે આપણે ઉજવ્યું, ૨૦૦૮નું વર્ષ નિરોગી બાળ વર્ષ તરીકે ઉજવ્યું. રાજય સરકાર જે રીતે કામ કરી રહી છે તે પ્રમાણે આ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો પહેલેથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિચારી રાખેલા છે. પ્રશ્ન એ થાય કે આ ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં કોને શિક્ષણ આપવામાં આવશે? તેમાં કઈ બાબતોનો સમાવેશ થશે? આ સ્વાભાવિક બાબત છે. અત્યાર સુધીમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં જે વિદ્યાર્થીઓ આવવાના છે, આ યુનિવર્સિટીની અંદર એક શિશુ વાટીકા રહેશે, બાલમંદિર થશે, પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ સાથે શૈક્ષણિક સંબંધો વિકસાવવામાં આવશે. તેમાં થતી પ્રવૃત્તિઓ અને

તેના પ્રયોગોની સાથે સાથે યુનિવર્સિટીની રીસર્ચ વિંગ દ્વારા થતા સંશોધનના પરિણામોનો બાળકોને લાભ મળશે. આ તમામ બાબતો આ યુનિવર્સિટીમાં છે. તે યુનિવર્સિટી દ્વારા સમગ્ર રાજયમાં કેટલીક ચુનંદી શાળાઓ ઉપર પ્રયોગ કરવામાં આવશે અને તેના પરિણામો જોયા બાદ તે શાળાઓનું નામીનીકરણ આવવાનું અમલમાં મૂકવામાં આવશે. માત્ર બાળક નહીં, બાળકની સાથે સંકળાયેલો શિક્ષક અને શિક્ષકો પણ તે મન અને હ્દયથી જ્ઞાન અને કૌશલ્યનો સમન્વય કરીને શિક્ષણની નવી પદ્ધતિઓ અને નવી બાબતોથી માહિતગાર થાય તે આ યુનિવર્સિટીનો ઉદ્દેશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે શિક્ષકની વાત કરતા હોઈએ ત્યારે રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારે એમને ભણાવેલા હતા તે શિક્ષકોનું તેમણે સન્માન કરેલું. તે કાર્યક્રમમાં હું પણ હતો. તે કાર્યક્રમ વખતે મહામહિમ રાજયપાલશ્રીએ એવું કહયું હતું કે આખા દેશમાં કદાચ મેં પહેલી એવી ઘટના જોઈ છે કે કોઈ મુખ્યમંત્રી  પોતાના શિક્ષકોને યાદ કરે અને તે વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહયું હતું કે આ મુખ્યમંત્રીની વિશેષતા નથી. આનું કારણ એ છે કે પહેલાંના શિક્ષકોની તાકાત એવી હતી કે મુખ્યમંત્રી બનેલા નરેન્દ્રભાઈ મોદી હજુ સુધી પણ તેમના શિક્ષકોને ભૂલી શકતા નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમારા શિક્ષક મિત્રોને જયારે બાઈસેગના માધ્યમથી વાત કરી ત્યારે તેમણે એવું કહેલું કે સરકારી ચોપડે શિક્ષક હોવ અને વિદ્યાર્થીના હ્દયમાં શિક્ષક નહીં હોવ તો. ઉત્તમ શિક્ષણની પહેલી શરત એ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહયું તે પ્રમાણે પહેલી શરત એ છે કે જે ઓગળી શકે, જે પીગળી શકે. વિદ્યાર્થીના હ્દયમાં શિક્ષક બનવું હોય તો પીગળું પડે, ઓગળવું પડે. આપે નકકી કરવાનું છે કે તમારે ભૂલકાંઓના હ્દયમાં શિક્ષક બનવું છે કે સરકારી દફતરે શિક્ષક બનવું છે? રાજયના મુખ્યમંત્રી ઉત્તમ શિક્ષકની વાત કરતા હોય ત્યારે આવા ઉત્તમ શિક્ષકો તૈયાર કરવા માટે શિક્ષકો માટે પણ ટીચીંગ, લર્નિગ મટીરીયલને વધુ ઉપયોગી, સરળતાવાળું, સહેજ પણ બોજાયુકત ન હોય, પ્રેમપૂર્વક અને ઉત્સાહથી એનો ઉપયોગ થાય તે માટે આ કરવાની જરૂરિયાત છે. અગાઉ કહયું તે પ્રમાણે શિશુવાટીકા, બાલમંદિર, પ્રાથમિક અને માધ્યમિક અને આ બધાની સાથે વિદ્યા નિકેતન નામ જોડેલ છે. આ વિદ્યા નિકેતન માત્ર યુનિવર્સિટીમાં કામ કરશે અને તે તમામ શાળાઓમાં સંશોધન થયેલા  તથા  પ્રયોગો કર્યા પછી તમામ વિદ્યા નિકેતન દ્વારા આખા રાજયમાં પ્રચાર, પ્રસાર કરવામાં આવશે. આ વિદ્યા નિકેતનમાં જોડાનાર શિક્ષકો પોતે તાલીમ લીધેલી હશે તો પણ આ યુનિવર્સિટીમાં તેમણે અલગથી તાલીમ આપવામાં આવશે. એમનો અલગથી ઘનિષ્ઠ કાર્યક્રમ કરવામાં આવશે. આખી યુનિવર્સિટીની પાછળ આમાં રાજનીતિમત્તા, ભવ્ય બુદ્ધિમત્તા અને અખૂટ સંસ્કારિતાને લક્ષમાં રાખીને અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવશે. નવા સંશોધન ક્ષેત્રોમાં ન્યુટ્રીશન, ભૌતિક આરોગ્ય, બાળકો, તરુણ, આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો અને માધ્યમિક શાળાઓમાં બાળકોના શિક્ષણ માટે નવા ઉપાયો યોજવામાં આવશે. આ યુનિવર્સિટીની અંદર માત્ર બાળકો નહીં, બાળકો સાથે વાલીઓને પણ જોડવામાં આવશે, સોશ્યલ વર્કરોને જોડવામાં આવશે, શિક્ષણવિદોને જોડવામાં આવશે અને આ બધાની સાથે સંસ્કૃતિના ઉત્તમ ઈતિહાસના પાઠો, એનો અભ્યાસ આ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. આ યુનિવર્સિટીમાં જ્યારે વાલીઓને સંસ્કારીત કરવાની વાત, વાલીઓને પણ આ યુનિવર્સિટીમાં જ્યારે લાવવાની વાત થતી હોય ત્યારે રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીનું શિવાજીનું હાલરડું ભૂલી ન શકાય. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે માતા જીજાબાઈ જ્યારે હાલરડું ગાતા હતા  એ વખતે એના જે શબ્દો છે," પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ લક્ષ્મણની વાત. જીજાબાઈ જ્યારે શિવાજીનું હાલરડું ગાતાં હોય છે એ વખતે એ પહેલાં શિવાજી મહારાજ જ્યારે માતા જીજાબાઈના ઉદરમાં હતા, એમના પેટમાં હતા એ વખતે, " પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ લક્ષ્મણની વાત." માનનીય અધ્યક્ષશ્રી, આ જે વિષય એવો આવે છે કે આ દેશમાં રામચંદ્ર ભગવાન હતા કે નહીં, એના માટેની જ્યારે વાતો થતી હોય છે ત્યારે જીજાબાઈના કૂખે જ્યારે એમણે રામ લક્ષ્મણની વાત સાંભળી હતી, માતાજીની મુખ જે દિથી ઉડી એની ઊંઘ તે દિથી, શિવાજી મહારાજે માતાના ગર્ભમાં રામ લક્ષ્મણની વાત સાંભળી અને એ વખતે એમની ઊંઘ ઉડી ગઈ હતી., એક વાલી તરીકે જીજાબાઈએ શિવાજી મહારાજને તૈયાર કરવા માટે શું કહ્યું," કાલે કાળા યુદ્ધ ખેલાશે સુવા ટાણું કયાંય ન રહેશે, રહેશે નહીં રણ ઘેલૂડાં, ખાવા મુઠી ધાનની વેળા, કાયા તારી લોહીમાં ન્હાશે, ઢાંકણ તે દિ ઢાલનું થાશે, તે દિ તારે હાથ રહેવાની રાતી બંબોળ ભવાની, તે દિ તારે સિંદૂરિયા થાપા છાતી માથે જીલવા બાપા. તે દિ તારે મોઢડા માથે,  ધુઆધાર  ટોપ મંડાશે, તે દિ કાલી મેઘલી રાતે વાયુ ટાઢા  મેઘ ઘેરાશે." માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ વાતો કરીને જીજાબાઈ છેલ્લે શું કહે છે, " સૂઈ લેજે મારા કેસરી રે, તારી હિંદવાણું જુએ વાટ,"  માનનીય અધ્યક્ષશ્રી, શિવાજીની માતા જીજાબાઈ એના કૂખમાં જ્યારે શિવાજી હતા ત્યારે જ્યારે હાલરડું ગાતા હતા તે વખતે જીજાબાઈએ કહ્યું હતું કે, હિંદવાણું તારી વાટ જુએ છે. અને એના કારણે સમગ્ર હિંદું માટેનો વીર પ્રતાપી યોદ્ધો શિવાજી મહારાજ આ જે  પેદા થયો અને આ યુનિવર્સિટી મેં કહ્યું એ પ્રમાણે માતાના ગર્ભથી માંડીને ચૌદ વર્ષના બાળક સુધીની વાત કરવામાં આવી રહી છે.  ઘણા બાળકો વિશિષ્ટ બાળકો હોય છે, એને gifted ચિલ્ડ્રનની વાત કરીએ છીએ, ક્રિસ પીકચરની અંદર ઋત્વિક રોશનની ભૂમિકા આપણે જોઈ છે, જેને વિશિષ્ટ બાળક કહી શકાય. (અંતરાય) આ યુનિવર્સિટીનો ભાગ છે. આવા બાળકોનું પણ અમે સંશોધન કરવાના છીએ.  કે જેની પાસે અસાધારણ શકિતઓ છે, એ અસાધારણ શકિતઓનો સમન્વય કરીને એનો પણ યુનિવર્સિટીની અંદર કેવી રીતે લાભ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે આરોગ્ય વિભાગ, મહિલા અને બાળ કલ્યાણ વિભાગ તો આંગણવાડી કાર્યકર્તાઓ, તો આંગણવાડી કાર્યકર્તા બહેનો છે, એને પણ તાલીમ આપવાનું આ યુનિવર્સિટીમાં વિચાર કરવામાં આવ્યો છે અને એમાં જે જે પ્રશ્નો બાળકો માટેના ઉપસ્થિત થાય એ તમામ વાતો આ આંગણવાડી બહેનોને કરવામાં આવશે. આ ચીલ્ડ્રન યુનિવર્સિટીનું વીઝન એ ત્રિકોણિયું વીજન છે, બાળકોનું શિક્ષણ, સમકાલીન રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય જરૂરિયાત ઉપર આધારિત નૂતન વિશ્વ અંગે વિચારણા કરે અને પ્રોત્સાહન આપે.

માનનીય અધ્યક્ષશ્રી, આની પાછળ સ્વતંત્રતા, સમાનતા, ભાતૃભાવના અને ઉંચ્ચ આદર્શો કેળવાય એ આ યુનિવર્સિટીનું કામ છે. દરેક આવતી કાલનું બાળક એ ઉંચ્ચ કક્ષાની એની સંભાળ લેવાય (અંતરાય)

**રીસૅસનો સમય રદ કરી આજના દિવસના કામકાજની બાકીની બાબત હાથ ધરવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ** : (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન પૂર્ણ થાય પછી રીસૅસનો સમય આવે છે તો રીસૅસ રદ કરી અને આજના દિવસના કામકાજની યાદીમાં બાકીની બાબતો દર્શાવેલી છે એ કામકાજ હાથ ઉપર ધરવા માટે હું દરખાસ્ત કરુ છું.

**અધ્યક્ષશ્રી** : અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે ? (થોડીવાર બાદ) સભાગૃહનો રીસૅસનો સમય રદ કરી મંત્રીશ્રીનો જવાબ અને ત્યાર પછી મતદાન પૂર્ણ થાય તથા બિન સરકારી સભ્યોનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ચિલ્ડ્રન યુનિવર્સિટી માટે માત્ર એટલું જ કહેવાનું છે કે, જ્યારે સમગ્ર વિશ્વમાં આપણા દેશમાં પહેલીવાર આ બનવા જઈ રહ્યું છે ત્યારે આવતી કાલનો ભારતનો નાગરિક આ ગુજરાત એવો પેદા કરે કે એ સર્વાંગી રીતે સક્ષમ હોય અને દિશામાં કામ કરવા માટે આ યુનિવર્સિટીનું બિલ હું લઈને આવ્યો છું. તમામ સભ્યશ્રીઓ એને સમર્થન આપે એવી આશા સાથે મારી વાત હું પૂરી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૯નું બાળ વિશ્વ વિદ્યાલય વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ થી ૪૯, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફૉરમ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૧-સન ૨૦૦૯નું બાળ વિશ્વ વિદ્યાલય વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સન ૨૦૦૯ના વિધેયક ક્રમાંક ૨૧નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## વિરોધ પક્ષ દ્વારા મોક વિધાનસભા યોજવા અંગે

**આર.સી. ફળદુ(મુખ્યદંડકશ્રી) :** માનની અધ્યક્ષશ્રી, ભારતના બંધારણ પ્રમાણે ગુજરાત રાજયના નામદાર રાજ્યપાલશ્રીએ આહ્વાન કરી અને ૨૯ જૂન, ૨૦૦૯ના રોજ ગુજરાત વિધાનસભાનું વિધાનસભા સત્ર યોજવાનું આહ્વાન કર્યું હતું અને ૨૯ જૂનથી આ ગુજરાતની વિધાનસભામાં સત્ર દરમ્યાન જે કાંઈ સરકારે કામ હાથ ધરવા ધારેલું હતું એ બીઝનૅસ એડવાઈઝરી કમિટીએ જે પ્રમાણે કામ હાથ ધરવાનું કામના દિવસો નક્કી કરવાનું નક્કી કરેલું હતું એ પ્રમાણે વિધાનસભાની કામગીરી દિન-પ્રતિદિન ચાલતી હતી પરંતુ દુર્ભાગ્ય વશ રીતે વિરોધ પક્ષે જે રીતે વિધાનસભામાં ન કલ્પી શકાય એ પ્રકારના જે દૃશ્યો સર્જ્યા છે અને સ્વાભાવિક રીતે વિધાનસભાનું ગૃહ ચલાવવા માટે માનનીય અધ્યક્ષશ્રીને જે કંઈ નિયમો મળેલા છે એ નિયમોની પર્યુમાં રહીને, એના પરિઘમાં રહીને અધ્યક્ષશ્રી ગૃહનું સંચાલન કરતા હોય છે. વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ વેલમાં આવી જઈ અને જે પ્રકારે તોફાનો કર્યા અને એવા સંજોગોમાં સત્તા પક્ષ તરફથી એવા સભ્યશ્રીઓને નેઈમ કરવા માટેની દરખાસ્ત થઈ હોય, ત્યારે આપશ્રી દ્વારા એવા જે ન કલ્પી શકાય એવા તોફાનોનું સર્જન કરતા હોય તે પ્રકારના એક્સપ્રૅસનો બતાવતા હોય એવા સભ્યોને આપશ્રીએ સસ્પેન્ડ કર્યા હતા. અને ત્યાર પછી વિરોધ પક્ષ છે તે ગુજરાતના જુદા જુદા શહેરોની અંદર જે રીતે મોક વિધાનસભાઓ યોજી અને આ ગુજરાત વિધાનસભાની ગરિમાને જે રીતે નુકસાન કરી રહ્યાં છે

તે ખૂબ કમનસીબ ઘટના છે અને આવું તો કયારેય બનતું નથી હોતું. જ્યારે આ ગુજરાત વિધાનસભાની કામગીરી શરૂ હોય, વિધાનસભાનું સત્ર ચાલુ હોય અને એવા વખતે આવા પ્રકારની મોક વિધાનસભાઓ યોજી અને વિધાનસભા અને સંસદીય પ્રણાલિકાઓ જે છે તેની ગરિમાને અને ગુજરાતની સંસદીય પ્રણાલિકાની ગરિમાને જે રીતે આ વિરોધપક્ષે ગુજરાતના શહેરોની અંદર જે રીતના પ્રદર્શનો યોજી અને નુકસાન પહોંચાડયું છે તે ગુજરાતને કયારેય શોભે નહીં. તે અતિ દુઃખની બાબત છે આવી બાબત અંગે આપશ્રી અમોને માર્ગદર્શન કરશો તો આવનારા દિવસોમાં વિધાનસભાની કાર્યવાહી આગળ વધારવામાં આપણને અનુકૂળતા રહેશે. હું આપશ્રીનું માર્ગદર્શન ઇચ્છું છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દંડકશ્રી આર.સી.ભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તેના ઉપર હું કેટલાક સમર્થનમાં મુદ્દા કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ચાલુ થયા પછી જે કેટલાક બહાર બનાવો બન્યાં તેને વિધાનસભાની અંદર ચર્ચા કરવા દેવા માટેનો આપે પૂરતો સમય આપ્યો, પૂરતી તક આપી, કામકાજ સલાહકાર સમિતિમાં પણ અને તે પછી જે પ્રમાણે આપે અહીંયા રૂલિંગ આપ્યું હતું તે પ્રમાણે વિરોધ પક્ષના નેતા વિરોધપક્ષના સભ્યોની અને સરકાર પક્ષની આપની ઉપસ્થિતિમાં, આપની અધ્યક્ષતામાં યોજાયેલ મીટિંગમાં પણ જે ચર્ચા કરી અને સરકાર પક્ષે પણ અમે જે ઉદારતા બતાવી હતી કે ગૃહ વિભાગની માગણીઓ ઉપર બે કલાકનો સમય અમે વધારી આપીએ અને એ બે કલાકના વધારેલા સમય દરમિયાન તમારે રાજયની પરિસ્થિતિ અંગે જે વિષય મૂકવો હોય તે મૂકી શકો. આપશ્રીએ પણ તેમાં સંમતિ આપી હતી. છતાં પણ એક સમાધાન કારી ભૂમિકા નહીં ભજવી વિધાનસભાનું સત્ર ચાલુ છે, વિધાનસભાની કામગીરી ચાલુ છે અને તે દરમિયાન ગૃહની બહાર જુદા જુદા શહેરોમાં અશોભનીય રીતે મોક વિધાનસભા યોજી અને જે વિધાનસભાને લાંછન લગાવવાનો અને વિધાનસભાની ગરિમાને જે નીચી લાવવાનો જે પ્રયત્ન થયો છે તે વિશે માનનીય આર.સી.ભાઈએ વાત કરી છે

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક ગંભીર બાબત છે કે વિપક્ષના નેતાઓ અને ધારાસભ્યો તેણે ગુજરાતમાં તો આ પ્રકારની પ્રવૃત્તિ કરી પણ ગુજરાત બહાર દિલ્હીમાં જઈ અને માનનીય રાષ્ટ્રપતિજીને, માનનીય વડાપ્રધાનજીને અને બીજા હોદ્દેદારોને, મહાનુભાવોને મળી અને ગુજરાત વિધાનસભામાં કોઈ કાયદેસરની કાર્યવાહી ચાલતી નથી, અધ્યક્ષશ્રી નિયમ પ્રમાણે વિધાનસભા ચલાવતા નથી અને લોકશાહીના ગળે ટૂંપો આપ્યો છે એવા પ્રકારનું ખોટું વર્તન ત્યાં ઉભું કરી, ખોટું વાતાવરણ ઉભું કરી અને તેમણે એક પ્રયત્ન કર્યો. ખરેખર તો હકીકતમાં માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યશ્રીઓએ માઈક તોડી નાખેલા તે સભ્યશ્રીઓને આપે તોફાન કરવા બદલ, અશોભનીય અહીંયા પ્રદર્શન કરવા બદલ આપે સત્ર સમાપ્તિ સુધી દૂર કરેલા છે. તો આ છ સભ્યશ્રીઓ સિવાય તમામ સભ્યશ્રીઓને ગૃહમાં આવવાની પૂરેપૂરી તક હતી. તેમના ઉપર કોઈ પણ જાતનું પગલું આપણે લીધું નહોતું. અમે પણ તેમને કહ્યું, આપે પણ તેમને કહેવડાવ્યું અને મીટિંગમાં પણ અમે કહ્યું હતું કે તમે હાઉસમાં આવો તમારે જે વિચારો રજૂ કરવા હોય, જે ચર્ચા કરવી હોય તે તમે કરો. પણ તે બધાનો ઉપયોગ તેમણે લોકશાહીની રીતે તેમણે ના કર્યો અને બહાર જઈને એવું વાતાવરણ ઉભું કર્યુ કે જાણે આખા વિપક્ષને આપે હાઉસની બહાર મોકલી દીધા છે અને અહીંયા કોઈ ચર્ચા-વિચારણા થવા દેવામાં આવતી નથી એ પ્રકારે જે ખોટું વાતાવરણ ઉભું કરવાનો પ્રયત્ન કર્યો છે તેના અંગે આપ માર્ગદર્શન આપો એવી અમારી લાગણી છે.

**અધ્યક્ષશ્રી** : મુખ્ય દંડકશ્રી આર.સી.ફળદુએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે અને તેને શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈએ સમર્થન આપ્યું છે. આ ખૂબ દૂરોગામી અસર પામનારો આના ઉપરનો નિર્ણય આપી શકાય તેવો છે

અને આ માત્ર કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર જ નથી, પણ ગુજરાતની સંસદીય પ્રણાલિકાના સન્માનનો આ પ્રશ્ન છે. એટલા માટે હું આજે મારો નિર્ણય અનામત રાખું છું અને યોગ્ય સમયે આ નિર્ણય આપીશ. નેકસ્ટ.

# બિન સરકારી વિધેયકો

**સચિવશ્રી:** સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૭- સન-૨૦૦૮નું ગુજરાત અશ્લીલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક. માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી હાજર નથી. નેકસ્ટ.

**સચિવશ્રી:** સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૮- સન-૨૦૦૮નું ગુજરાત ભૂંડ સંરક્ષણ અને વસતિ નિયંત્રણ વિધેયક. માનનીય સભ્ય શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી હાજર નથી. નેકસ્ટ.

**સચિવશ્રી:** સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૬- સન-૨૦૦૯નું ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયક. માનનીય સભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી હાજર નથી. નેકસ્ટ.

**સચિવશ્રી:** સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૭- સન-૨૦૦૯નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક. માનનીય સભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી હાજર નથી.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૩૬ વાગ્યે પૂરું થતા સભાગૃહ બુધવાર, તા. ૨૯મી જુલાઈ, ૨૦૦૯ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૨૯મી જુલાઇ, ૨૦૦૯**
**શ્રાવણ ૭, ૧૯૩૧ શાકે**
**સભાગૃહ સવાર ના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી અશોક ભટ્ટ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## જામનગર જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત

***૧૦૯૮૨શ્રી મુળુભાઈ હ.આયરબેરા(ભાણવડ)(ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ પંચાયત ઘરો બનાવવાની કેટલી માગણીઓ પડતર છે, અને

(૩) ઉક્ત પડતર માગણીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં અગાઉના વર્ષોના સ્પીલ ઓવરના ૨૨ જર્જરિત પંચાયત ઘર કમ તલાટી-કમ-મંત્રી આવાસ બનાવવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ પંચાયત ઘરો બનાવવાની કોઈ માંગણીઓ પડતર નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં તાલુકાવાર ગ્રામપંચાયતોની સંખ્યા જે કુલ છે એમાં બેસવાલાયક પંચાયત ઘરોની સંખ્યા કેટલી? જર્જરિત હોય એવા પંચાયત ઘરોની સંખ્યા કેટલી? અને નવું વિભાજન થવાથી જે ગ્રામ પંચાયતો અસ્તિત્વમાં આવી છે તેની સંખ્યા કેટલી છે? નવા બનાવવાપાત્ર પંચાયત ઘરોની સંખ્યા કેટલી છે? નવા પંચાયત ઘરો બનાવવા માટે સરકારનું શું આયોજન છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં ૧૦ તાલુકા છે. ૧૦ તાલુકાના અલગ અલગ ગ્રામ પંચાયતોની અંદર જે જર્જરિત થયેલી છે, બેસવાલાયક છે એવી પંચાયતોની ડીટેઈલ માનનીય સભ્યશ્રીએ માગી છે. જામનગર તાલુકા પંચાયતમાં ૯૯ ગ્રામ પંચાયતો છે એમાંથી ૯૬ બેસવાલાયક છે અને ૩ જર્જરિત પંચાયતો છે. ધ્રોળ તાલુકામાં ૪૦ ગામ છે, બેસવાલાયક પંચાયતો ૩૩ છે અને જર્જરિત ૭ પંચાયતો છે અને એક વિભાજનથી થયેલ પંચાયત છે. જોડિયા તાલુકામાં ૫૨ ગ્રામ પંચાયતો છે એમાંથી ૪૯ બેસવાલાયક પંચાયત છે, ૩ જર્જરિત છે. કાલાવડમાં ૯૭ પંચાયતો છે, ૮૮ બેસવાલાયક છે, ૯ જર્જરિત થયેલ છે. લાલપુર-દાતલપુરમાં ૭૨ પંચાયતો છે. એમાંથી ૬૯ બેસવાલાયક છે અને ૩ જર્જરિત થયેલ છે. ભાણવડમાં ૫૩ પંચાયત છે એમાંથી ૫૧ બેસવાલાયક છે, ૨ જર્જરિત છે. જામજોધપુરમાં ૬૫ પંચાયતો છે એમાંથી ૫૫ બેસવાલાયક છે, ૧૦ જર્જરિત છે. ખંભાળીયામાં ૮૬ પંચાયત છે એમાં ૮૩ બેસવાલાયક છે અને ૩ જર્જરિત થયેલી છે. કલ્યાણપુરમાં ૬૨ પંચાયત છે એમાંથી ૪૮ બેસવાલાયક છે અને ૧૪ જર્જરિત છે. દ્વારકામાં ૪૦ પંચાયત છે અને એમાંથી ૩૯ બેસવાલાયક છે અને ૧ જર્જરિત છે. એમાં એક વિભાજિત થયેલી છે. કુલ ૬૬૬ પંચાયતોમાંથી ૬૧૧ને બેસવાલાયક મકાનો છે અને ૫૫ જર્જરિત છે, બે વિભાજિત થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજો પ્રશ્ન પૂછ્યો કે, કુલ ૮૦ જર્જરિત પંચાયતો છે એને તોડીને નવા પંચાયત ઘર બનાવવાની મંજૂરી આપી છે, ૨૫ તલાટી કમ મંત્રીના આવાસોનું બાંધકામ પૂરું કર્યું છે. ૮૦માંથી ૫૨ તલાટી કમ મંત્રી આવાસના કામ પ્રગતિ હેઠળ છે. બે તલાટી કમ મંત્રીના ડુપ્લીકેશન થયા છે એટલે રદ કર્યા છે. એક પંચાયત ઘર કમ તલાટી આવાસ બાંધવા માટે પૂરતી જમીન ન હતી એટલે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. ૨ પંચાયતોનું જામનગર જિલ્લામાં વિભાજન થયું છે ત્યાં પંચાયત ઘર કમ તલાટી કમ મંત્રી આવાસ બનાવવાના બાકી છે અને મંજૂરી આપવામાં આવી છે.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર પંચાયત ઘર બાંધકામ હેઠળ છે એની પ્રગતિ શું છે અને તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં ૧૦ તાલુકા છે એમાં અલગ અલગ સ્ટેજે પ્રગતિ ચાલુ છે. એમણે કહ્યું કે ૮૦ જર્જરિત પંચાયત છે એનું કામ હાથમાં લીધું છે.એમાંથી ૨૫ પૂર્ણ થઈ છે એમાં જામજોધપુરમાં ૩ પૂર્ણ કરી છે. ૭ પ્લીન્થ લેવલે છે. એક લીન્ટલ લેવલે છે. એક સ્લેબ લેવલે છે અને એક શરૂ કરી નથી. ૭ લાખ ૫૪ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે. દ્વારકામાં ૨ પંચાયત છે એમાંથી ૧ પૂરી

કરી છે અને ૧ પ્લીન્થ લેવલે છે. ર.૫૭ લાખનો ખર્ચ કર્યો છે. જામનગરમાં ૫ પંચાયત બાંધવાની છે. ર પૂરી કરી છે અને ૩ પ્લીન્થ લેવલે છે. ૩ લાખ રર હજારનો ખર્ચ કર્યો છે. ખંભાળીયામાં ૧૦ જર્જરીત છે એમાંથી ૭ પૂરી કરી છે. ૩ પ્લીન્થ લેવલે છે. ૧૬ લાખ ૭૪ હજારનો ખર્ચ કર્યો છે. કાલાવાડમાં ૯ જર્જરીત પંચાયતો જે છે એમાંથી ૯ પ્લન્થ લેવલે છે. ૧ લીન્ટલ લેવલે છે. ૧ સ્લેબ લેવલે છે. એક શરૂ કરી શકાઈ નથી. ૧૩ લાખ ૯૬ હજારનો ખર્ચ થયો છે. કલ્યાણપુરમાં ૧૪ જે બાંધવાની છે એમાંથી ૯ પ્લીન્થ લેવલે છે અને ૩ લીન્ટલ લેવલે છે, ર સ્લેબ લેવલે છે. ર લાખ ૯૧ હજારનો ખર્ચ થયો છે. ધ્રોળમાં ૭ બાંધવાની છે. ૭ પ્લીન્થ લેવલે છે. ભાણવડ એમાં ૧૦ બાંધવાની છે એમાંથી ૮ પૂરી કરી છે. ૧ સ્લેબ લેવલે છે ૧ શરૂ કરી શકાઈ નથી. ર૭ લાખ ૬૦હજાર રૂપિયાનો ખર્ચ થયેલ છે. કુલ ૮૦માંથી ર૫ પૂર્ણ કરી છે ૪ર પ્લીન્થ લેવલે છે. ૫ લીન્ટલ લેવલે છે. ૫ સ્લેબ લેવલે છે અને ટોટલ ખર્ચ ૭૪ લાખ ૫૪ હજારનો ખર્ચ કર્યો છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું જામનગર જિલ્લામાં તા:૩૧-૫-ર૦૦૯ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં ખંભાળીયા અને કલ્યાણપુર તાલુકાના કયા કયા ગામમાં પંચાયત ઘર બનાવવામાં આવ્યા અને એક યુનિટની કિંમત કેટલી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખંભાળીયા તાલુકામાં ૬ પંચાયતઘર બાંધવામાં આવેલ છે. નાના આંબોલી, સામોર, આંબરડી, કબર વિસોતરી, ભેડા, લાલપરડા, નાના આંબોલીમાં ૩ લાખ ૩રહજારનો ખર્ચ, સામોરમાં ર લાખ ૧હજારનો, આંબરડીમાં ર લાખ ૧ હજારનો, કબર વિસોતરીમાં ર લાખ ૫ હજાર , ભેડામાં ર લાખ ૩ હજાર, ૧૬ લાખ ૭૪ હજારનો ખર્ચ થયો છે. બાકી ભાણવડમાં સહી દેવડીયા, રોપામોરા, કબરકા, આંબરડી, મેવાસા અને કોટકોલા અને એક કલ્યાણપુર છે. એનો કુલ ખર્ચ ર૧ લાખ ૬૩ હજાર છે. વિગતવાર ખર્ચ છે.

**અધ્યક્ષશ્રી** : ના ટોટલ જ આપો, નેક્સ્ટ પ્રશ્ન ક્રમાકઃ ૩ ભાનુબેન.. ..

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયને સ્પર્શતો પ્રશ્ન છે. આ નીતિવિષયક, રાજયને સ્પર્શતો સવાલ હોય તો પૂછવા દેવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આ પંચાયત ઘરોનો પ્રશ્ન ..

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : નહીં સાહેબ જામનગર જિલ્લાનો છે પણ પંચાયતઘરમાં એવું છે સાહેબ કે પંચાયત ઘરની રકમ મંજૂર થયેલી હોય છે. અમારા તાલુકામાં કેટલાક વિવાદોને લઈને એ પંચાયત ઘર બાંધી શકાયા નથી અને વિવાદ ચાલુ છે તો એ રકમ લેપ્સ ન થવી જોઈએ એવી મારી વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતઘરો બાંધવાનો સરકારે નિર્ણય કર્યો છે. કોઈપણ વર્ષમાં મંજૂર થઈ હોય તો લેપ્સ નથી જતી.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : કોઈપણ સંજોગોમાં કદાચ એક વર્ષ થાય, બે વર્ષ થાય કે કદાચ ૩ વર્ષ થાય એટલે વિવાદ પતવાનો છે. તો એ રકમ લેપ્સ ન થવી જોઈએ એવી મારી વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ રકમને કયાં સુધી મૂકી રાખી શકીએ, દા.ત. ૩ વર્ષ થયા તો આપણે જે રકમ મૂકી છે એ મૂકી તો ન રાખી શકાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય દોલતભાઈ, આપ એમને રૂબરૂ મળીને આ પ્રશ્નની રજૂઆત કરશો તો વધારે સારી રીતે પતશે. આપ એમને રૂબરૂમાં મળી લેજો.

**રાજકોટ જિલ્લાની ગ્રામ પંચાયતોને ઈ-કનેકટીવીટીથી જોડવા બાબત**

***૧૦૯૦૪ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લામાં તા:૩૧-૫-ર૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે,

(ર) કેટલી ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેકટીવીટીથી જોડવાની બાકી છે, અને

(૩) તેને કયાં સુધીમાં બ્રોડ બેન્ડ કનેકટીવીટીથી જોડવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) રાજકોટ જિલ્લાની તમામ ૮૪૩ ગ્રામ પંચાયતોને બ્રોડ બેન્ડ ઈ-કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે,

(ર) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં તા:૩૧-૫-ર૦૦૯ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને ઈ-કનેકટીવીટી આપવામાં આવી છે અને મે ર૦૦૯ સુધીમાં ચાલુ વર્ષમાં જિલ્લામાં કયા કયા પ્રકારના પ્રમાણપત્ર કેટલી સંખ્યામાં લોકોને આપવામાં આવ્યા છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે રાજકોટ જિલ્લાની તમામ પંચાયતોને બ્રોડ બૅન્ડ કનેક્ટિવિટીથી જોડવામાં આવી છે. એમણે તાલુકાવાર વિગતો માગી છે. ધોરાજીમાં તા. ૩૧-૫-૦૯ સુધીમાં ઈ-કનેક્ટિવિટીથી જોડાયેલ ૩૦ ગામો છે. ગોંડલમાં ૭૯, જામકંડોરણામાં ૫૦, જસદણમાં ૧૦૧,

જેતપુરમાં ૪૮, કોટડા સાંગાણીમાં ૪૧, લોધીકામાં ૩૭, માળિયામાં ૪૦, મોરબીમાં ૮૩, પડધરીમાં ૫૮, રાજકોટમાં ૮૬, ટંકારામાં ૫૦, ઉપલેટામાં ૫૧, વાંકાનેરમાં ૮૯ ગામો એમ કુલ ૮૪૩ ગામોની કનેક્ટિવિટી આપણે કરી છે. આની અંદર જે કામગીરી જિલ્લામાં કરી છે એ પણ એમણે માગી છે. અમે જે પ્રમાણપત્રો આપ્યા છે એમાં રાજકોટ જિલ્લામાં જન્મ પ્રમાણપત્ર ૩૦૯૨ આપ્યા છે, ચારિત્ર્યના પ્રમાણપત્ર ૧૫૨૨ આપ્યા છે, ખેડૂત પ્રમાણપત્ર ૨૪૧૦ આપ્યા છે, વિવિધ ફોર્મ ૧૩૬૫, મરણ પ્રમાણપત્ર ૯૩૮, આવક પ્રમાણપત્ર ૧૪૮, ૭/૧૨ અને ૮-અના ઉતારા ૪૫૨૬ અને અન્ય પ્રમાણપત્રો ૪૦ એમ કુલ ૧૫૦૫૧ જેટલા દાખલાઓ રાજકોટમાં આપવામાં આવ્યા છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ટેલિફેક્સની સુવિધા ઈ-ગ્રામ વિશ્વગ્રામ દ્વારા કઈ રીતે પૂરી પાડવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામનો હેતુ એ છે કે ટેલિ મેડિસિનની યોજનાની સુવિધાનો પણ ગ્રામ્ય લોકોને લાભ મળી શકે. ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામ યોજના અંતર્ગત દરેક ગ્રામ પંચાયત ખાતે કમ્પ્યુટર, પ્રિન્ટર, વેબ કેમેરા સહિત વી.સેટ આધારિત ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. ટેલિ મેડિસિન એટલે ટૅક્નૉલૉજીના માધ્યમથી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાની છે. રાજ્ય સરકારનો આશય ટેલિ મેડિસિન ટૅક્નૉલૉજી દ્વારા દૂરોગમ્ય આદિવાસી વિસ્તારોમાં અથવા છેવાડાના વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે આરોગ્યલક્ષી સેવાઓની જરૂર હોય અને જરૂરિયાતના સમયે લોકોને આરોગ્યલક્ષી સેવા મેળવવા માટે દૂરના વિસ્તાર સુધી ચાલીને જવું પડતું હોય તેવા વિસ્તારોમાં ટૅક્નૉલૉજીના માધ્યમથી ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામની વ્યવસ્થાથી આરોગ્ય વિષયક સેવાઓ પૂરી પાડવાની હોય છે. ટેલિ મેડિસિન ટૅક્નૉલૉજી દ્વારા રાજ્ય સરકાર દ્વારા સુપર સ્પેશિયાલિસ્ટ અને સ્પેશિયાલિસ્ટ હૉસ્પિટલો નક્કી કરી જે તે વિષયના ચોક્કસ નિષ્ણાંત ડાૅકટરોની સેવાનો લાભ ટૅક્નૉલૉજી થકી છેવાડાના દૂરના ગ્રામ્ય તેમજ આદિવાસી વિસ્તારમાં ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામ પ્રોજૅકટના વી.સેટ કનેક્ટિવિટીના માધ્યમથી પ્રજાને મળી રહે તે પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. રાજ્યના છેવાડાના દૂરના ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ્ય કક્ષાએ સુપર સ્પેશિયાલિસ્ટ અને સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોના જે તે વિષયના નિષ્ણાંત ડાૅકટરોની સેવાનો લાભ લઈ શકાય છે. ટેલિ મેડિસિન પ્રોજૅકટ દ્વારા ગ્રામ્ય કક્ષાએથી જ દર્દી સ્પેશિયાલિસ્ટ અને સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોમાં જે તે વિષયના નિષ્ણાંત ડાૅકટર સાથે રોગના સચોટ નિદાન તથા નિવારણ માટે વોઈસ વિડિયો અને ડેટા ટ્રાન્સફરના માધ્યમ દ્વારા સીધો સંવાદ સાધી શકાય છે. ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામ દ્વારા ગ્રામ્ય કક્ષાએથી દર્દીના રિપોર્ટ વિગેરે ઈ-મેઈલ કરીને તજજ્ઞોને મોકલી શકાશે તેમજ વિડિયો કોન્ફરન્સ દ્વારા દર્દી વિશે તેમજ રોગ વિશે માહિતીનું આદાન-પ્રદાન કરીને તજજ્ઞ તબીબી દ્વારા સારવાર સૂચવી શકાશે. આમાં ગ્રામ કક્ષાએથી દર્દીને ખૂબ દૂર શહેરમાં ઉપલબ્ધ થતા તજજ્ઞ તબીબોની સેવાનો લાભ મળી શકશે. આવા તજજ્ઞ તબીબ દ્વારા રાજ્ય કક્ષાએથી વિવિધ રોગો વિશે લેવાના થતા સાવચેતીના પગલાં, નિદાન પદ્ધતિ તેમજ ઉપાયો વિશે પરિસંવાદો યોજીને ઈ-ગ્રામ વિશ્વ-ગ્રામ મારફતે તેનું પ્રસારણ છેવાડાની ગ્રામ પંચાયતો સુધી થઈ શકે તેવી વ્યવસ્થા કરી છે. જેથી ગ્રામ્ય નાગરિકોને તજજ્ઞ તબીબોના અનુભવ અને કાબેલિયતનો લાભ મળી શકે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મુરબ્બી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ભારતમાં પહેલી આ યોજના ગુજરાતમાં આવી એ બદલ હું અભિનંદન આપું છું. જે ૮૪૩ ગામોમાં આ યોજના ચાલુ થઈ એ યોજના બંધ પડી જાય તો રિપેર કરવા માટે સરકારે શું વ્યવસ્થા કરી છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનિકલ નિષ્ણાંતો રિપેરીંગ કરવા માટેની વ્યવસ્થા છે અને એના માટે આખું નેટવર્ક ચાલુ છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય પંચાયત મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ઈ-ગ્રામ, વિશ્વગ્રામ મારફત સાયબર એજ્યુકેશનનું જે આયોજન કરવામાં આવેલ છે તો તેની સ્થિતિ શું છે?

**અધ્યક્ષશ્રી** : સાયબર એજ્યુકેશનનું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : હા. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે આનો પ્રાયોગિક ધોરણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ થોડા દિવસ પહેલા ઈ-ગ્રામ, વિશ્વગ્રામના માધ્યમથી સાયબર એજ્યુકેશન કેવી રીતે આપવું એનું એક પ્રાયોગિક ધોરણે કામ શરૂ કર્યુ હતું અને આ કામ અમે આગળ વધારતા જઈએ છીએ. ઈ-ગ્રામ યોજના અંર્તગત દરેક ગ્રામ પંચાયત ખાતે મે કહ્યું તે પ્રમાણે કોમ્પ્યુટર, પ્રિન્ટર અને વેબ કેમેરા સહિતના વી-સેટ આધારિત ઈન્ટરનેટ સુવિધા આપણે ઉપલબ્ધ કરાવીએ છીએ. રાજ્ય કક્ષાએથી વિવિધ વિષયોના તજજ્ઞ શિક્ષકો દ્વારા અદ્યતન અને ભાવનાશીલ પદ્ધતિથી વિવિધ ધોરણના વિવિધ વિષયોનું એજ્યુકેશન ૨૦ થી ૨૫ની સંખ્યાના વર્ગને આપવામાં આવે અને આ સંપૂર્ણ ક્લાસનું સીધે સીધું પ્રસારણ ઈ-ગ્રામ મલ્ટીકાસ્ટીંગ સુવિધા મારફત દરેક ગ્રામ પંચાયત, કોમ્પ્યુનિટી રિસોર્ટ સેન્ટર, બ્લોક સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે કે જેથી રાજ્ય કક્ષાએ ઉપલબ્ધ તજજ્ઞ શિક્ષકોનો લાભ ગ્રામ કક્ષાના વિદ્યાર્થીઓને મળી શકે અને આ સુવિધાનો ઉપયોગ સારી રીતે થાય અને ગ્રામ વિદ્યાર્થીઓને આ લાભ મળી શકે જેથી ખુદ માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતે અંગત રસ લઈને આવા સાયબર

ક્લાસની ફાળવણી કરી અને બાળકોને સંબોધન પણ કર્યુ. સાથે સાથે હું અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી પણ આ સાયબર ક્લાસમાં હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને અને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રકારના સાયબર ક્લાસમાં માત્ર વિદ્યાર્થીઓ જ નહિ પરંતુ ગ્રામ કક્ષાના ફરજ બજાવતા શિક્ષકોની પણ કાબેલિયતમાં વધારો કરવામાં સાયબર એજ્યુકેશને ભાગ ભજવ્યો છે. ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન ફેબ્રુઆરી-માર્ચ ૨૦૦૯ માં સતત પાંચ અઠવાડિયા સુધી દરરોજ શુક્રવારે ધોરણ પાંચના વિવિધ વિષયોના તજજ્ઞ શિક્ષકો દ્વારા સાયબર ક્લાસનું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં રાજ્યભરના લગભગ અંદાજે પાંચ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ૪૦,૦૦૦ થી વધુ શિક્ષકોએ આ કાર્યક્રમોનો લાભ લીધો હતો.

**અધ્યક્ષશ્રી** : ખૂબ જ લાંબા જવાબો આવે છે. મારી મુશ્કેલી છે કે પાછળના પ્રશ્નો રહી જાય છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-કનેકટીવટી સાથે રાજકોટ જિલ્લાના જે ગામડાઓ જોડવામાં આવ્યાં છે અને રાજ્ય સરકારનો ઉદ્દેશ ખૂબ સારો છે. આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આ યોજના ચાલુ કરી છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. પરંતુ મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવું છે કે ઘણા ગામની અંદર આ ઈ-કનેકટીવીટી બંધ પડી જાય છે તો એના માટે જિલ્લાની અંદરથી કોઈ ગ્રામ પંચાયત દ્વારા ફરિયાદ મળી છે અને એના માટે શું પગલાં લીધાં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેરી ગો રાઉન્ડ સતત પ્રક્રિયા છે અને અમે વેરીફીકેશન કરતા રહીએ છીએ. મારો ખ્યાલ છે કે આ સમગ્ર દેશમાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ, રાજકોટ જિલ્લામાં ફરિયાદ મળી છે? પ્રશ્ન આટલો છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : નહિ અત્યારે મારી જોડે સ્પેસીફીક ફરિયાદ નથી પણ કોઈ સ્પેસીફિક ફરિયાદ જો આવશે અને મારા વિભાગમાં પણ હશે તો હું તપાસ કરીને રાજકોટમાં તમામ કનેકટીવીટી ઈન ઓર્ડર કરવામાં આવશે.

## નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જોબકાર્ડ

***૧૧૦૧૪ શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ નવસારી જિલ્લામાં તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યાં?

(૨) તે પૈકી કેટલા કુટુંબો કામ પર આવ્યાં, અને

(૨) તે પૈકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા.૧-૪-૦૮થી અમલ કરવામાં આવેલ છે. તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (તા.૧-૬-૦૮ થી તા.૩૧-૫-૦૯ સુધીમાં) ૧૩૬૩૮ કુટુંબોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ જોબકાર્ડ આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી ૭૫૩૮ કુટુંબો કામ પર આવ્યાં.

(૩) તે પૈકી ૪૬૮૩ પુરૂષો અને ૬૧૯૦ મહિલાઓને કામ આપવામાં આવેલ છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના પ્રશ્નના ઉત્તરમાં જણાવેલ છે કે નવસારી જિલ્લામાં ૧૩૬૩૮ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવેલ છે અને તે પૈકી ૭૫૩૮ કુટુંબોને કામ આપેલ છે. માનનીય મંત્રીશ્રીને પાસે આપના દ્વારા જાણવું છે કે નવસારી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ જૂન અંતિત શું શું કામગીરી કરવામાં આવી છે અને શક્ય હોય તો ખર્ચની વિગત પણ આપવા વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના જેને આપણે ``નારેગા`` ના નામથી ઓળખીએ છીએ, એ યોજના સમગ્ર ગુજરાતમાં ચાલુ થઈ છે. આ નવસારી ખાતે ૧-૪-૦૮થી આ યોજના શરૂ કરવામાં આવી છે. પાછળથી જે ૧૭ જિલ્લાઓને લેવામાં આવ્યા હતા એમાં નવસારી જિલ્લો પણ એમાં આમેજ થયો છે. એમાં જે કામગીરી કરવામાં આવી છે, એમાં જોબ કાર્ડ આપવાની પહેલી ક્રિયા છે. પહેલા કુટુંબોની સંખ્યા નોંધવામાં આવે છે. ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ની અલગ અલગ વિગતો છે, કુલ કુટુંબોની સંખ્યા ૭૪,૩૪૮, ૨૦૦૮-૦૯માં છે. અને ૭૪,૩૪૮ કુટુંબોને જોબ કાર્ડ આપ્યા છે, રોજગારી આપેલ કુટુંબોની સંખ્યા ૨૯,૮૯૧ છે, ઉત્પન્ન થયેલા માનવ દિન આનું ખાસ માપ આનું યુનિટ માનવ દિનમાં હોય છે એ ૭.૩૧ લાખ લોકોને રોજગારી આપી છે, સ્ત્રીઓ દ્વારા ઉત્પન્ન થયેલો જે માનવ દિન છે એ ૨.૨૫૨ લાખ છે, હાથ ધરવામાં આવેલ ૨૦૦૮-૦૯માં ૧૪૦૬ કામોને નવસારી જિલ્લામાં હાથ ઉપર લેવામાં આવ્યા છે.,૭૪૧ કામો અમે પૂર્ણ કર્યા છે, ચાલું કામો ૬૬૫ છે, કુલ ગ્રાન્ટ છે ૧૨ કરોડ ૧ લાખ રૂપિયાની છે અને કુલ ખર્ચ ૯ કરોડ ૬૯ લાખનો કર્યો છે. એમાં ખાતાઓ જે ખોલવામાં આવે છે આ દરેક લાભાર્થીઓના એના બૅન્કોમાં ખાતાઓ આપીએ છીએ. તાલુકા ક્ક્ષાએ કામોની તપાસણી કરવામાં આવે છે. આમાં એમણે ૨૦૦૯ની પણ વિગત માગી છે કે શું કામો કર્યા છે. તો ૨૦૦૯માં ૭૮,૯૮૮ જોબ કાર્ડો આપ્યા, આ નવા વર્ષમાં ૧૨,૩૯૬ કુટુંબોને

રોજગારી આપી, ૧.૪૨ લાખ માનવ દિન ઉત્પન્ન થયા, સ્ત્રીઓને ૩૧,૪૦૦ મહિલાઓના માનવ દિન ઉત્પન્ન થયા, હાથ ધરવામાં આવેલા કામો ૭૮૬ છે, ચાલું કામો ૭૮૦ છે અને ઉપલબ્ધ થયેલી ગ્રાન્ટ ૨ કરોડ ૩૨ લાખ આ વર્ષની છે, એમાં ૨ કરોડ ૩૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે એનો હિસાબ અને એની કરેલ કામગીરી છે. એમણે એવું કહ્યું કે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં ૬ કરોડ ૭૬ લાખ રકમ અમારી પાસે ઉપલબ્ધ હતી, કેન્દ્ર સરકારમાંથી ૪ કરોડ ૩૪ લાખ મળી, ૭૮ લાખ રાજય સરકારે ઉમેરી અને કુલ ૧૨ કરોડ રૂપિયા અમારી પાસે થયા, વેતન જે ચૂકવ્યું છે એ ૬ કરોડ ૭૪ લાખ, અર્ધ કુશળોને ૧ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે, માલ સામાનનો ખર્ચ ૨ કરોડ ૪૯ લાખ રૂપિયા છે, આવર્તક ખર્ચ ૨૦ લાખ રૂપિયા, એમ કુલ ૯૬૯ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે, એ પ્રમાણે ૨ કરોડ ૩૩ લાખ રૂપિયાનો ખર્ચ ૨૦૦૯ અંતિત થયો છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ કેવા પ્રકારના કામો લઈ શકાય છે અને મારા વાંસદા અને ચીખલી તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦માં જૂન અંતિત શું શું કામગીરી થઈ અને એ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે કામો ચાલે છે એમાં દક્ષિણ ગુજરાતમાં સામાન્ય રીતે લોકોને જે રોજગારીમાં કામ કરવું જોઈએ એના પ્રમાણમાં ``નારેગા`` યોજનામાં નવસારી જિલ્લાએ સારું એવું કામ શરૂ કર્યુ છે. એમણે કહ્યું કે કયા પ્રકારના કામો લઈ શકાય? એના માટે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અધિનિયમની ગાઈડ લાઈન પ્રમાણે જળ સંચય અને જળ સંગ્રહના કામો આપણે કરી શકીએ છીએ, દુષ્કાળ પ્રતિરોધક કામો જેવાં કે વનીકરણ અને વૃક્ષારોપણના કામો કરી શકીએ છે, માઈક્રો અને માયનોર સિંચાઇના કામો સહિત સિંચાઇ માટે નહેરના કામો કરી શકાય છે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યો અથવા જમીન સુધારણાના લાભાર્થીઓ અથવા બી.પી.એલ. કુટુંબો અથવા ભારત સરકારની ઈંદિરા આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા ધારણ કરેલ જમીન પર સિંચાઇની સવલતો, ફળઝાડની ખેતી, વનીકરણ અને જમીન વિકાસના કામો થઈ શકે.

પરંપરાગત જળસંચય અને સંગ્રહને લગતી સુવિધાઓ જેવી કે કાંસ, વાવ, તળાવ, વાંકડા, કુવા અને તળાવ સહિત પાણી સંગ્રહ માટેના સ્ત્રોતોનું નવીનીકરણ પણ થઈ શકે છે. જમીન વિકાસના કામો થઈ શકે છે. જો પાણી બેઈઝ હોય એવો પ્રશ્ન હોય તો આ વિસ્તારના ડ્રેનેજ સહિત પુર નિયંત્રણના કામો અને પુર સરક્ષણને લગતા કામો પણ થઈ શકે છે. બારેમાસ ઉપયોગમાં આવી શકે એવા ગામડાંઓને જોડતા રસ્તાઓના કામ પણ થઈ શકે છે. રાજય સરકારના પરામર્શમાં કેન્દ્ર સરકાર દ્વારા કોઈ નવી કામગીરી મોકલવામાં આવે તો એવી કામગીરી પણ હાથ ધરી શકાય છે. માનનીય સભ્યશ્રીએ નવસારી જિલ્લાના બે તાલુકાની વિગત માગી છે. વાંસદા અને ચીખલી. મને કહેતાં આનંદ થાય છે કે વાંસદામાં ૨૦૦૮-૦૯માં ૨૫૯૦૮ જોબ કાર્ડ ઈસ્યુ થયા છે. જે ટ્રાયબલ વિસ્તાર છે અને રોજગારી પૂરી પાડવાનું કામ કુટુંબની સંખ્યા ૧૨૩૪૦, માનવદિન જે ઉત્પન્ન થયા ૨.૮૨લાખ માનવદિન એકલા વાંસદામાં ઉત્પન્ન થયા છે. એ પ્રમાણે બેંકના ખાતા ખોલાવ્યા છે. પોસ્ટ ખાતા ખોલાવ્યા છે. ૨૩૧૨૭ ખાતા ખોલાવ્યા છે. ચીખલીમાં જોબ કાર્ડ ૨૨૯૭૫ ઈસ્યુ કર્યા છે. રોજગારી ૧૦૨૪૭ને પૂરી પાડી છે. ૨.૮૦લાખ માનવદિન ઉત્પન્ન થયા છે, ૧૬૭૫૮ના ખાતા ખોલ્યા છે. ૨૦૦૯-૧૦માં પણ એ પ્રમાણે ૨૮૯૫૬ જોબ કાર્ડની સામે ૭૯૮૨ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. એ પ્રમાણે ચીખલીમાં ૨૩૦૫૭ જોબ કાર્ડ છે. ૨૧૯૦ને આ સાલ રોજગારી પૂરી પાડી છે. એ જ પ્રમાણે વાંસદા-ચીખલીમાં ૨૦૦૯ની સાલમાં પણ વાંસદામાં ૪,૦૫,૦૦,૦૦૦નો ખર્ચ ૨૦૦૮ની સાલમાં થયો હતો નારેગામાં અને ચીખલીમાં ૩,૧૯,૦૦,૦૦૦નો ખર્ચ થયો. એમ વાંસદા અને ચીખલીમાં બે તાલુકામાં ૭,૨૪,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ ૨૦૦૮-૦૯ની સાલમાં થયો અને ૨૦૦૯-૧૦માં ૫૨.૮૮લાખ અને ચીખલી તાલુકામાં ૬૧.૭૬લાખ ૨૦૦૯-૧૦માં ખર્ચ થયો. ૧,૧૪,૬૪,૦૦૦ રૂપિયાનો ખર્ચ આ બંને તાલુકાઓમાં આ વર્ષે થયો છે.

**બાવળા તાલુકા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

***૧૦૮૯૮ શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની બાવળા તાલુકા પંચાયતમાં જુદાજુદા સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કયાં સુધીમાં ભરવા માગે છે?

**પંચાયત મંત્રીશ્રી:**

(૧) અને (૨)

| વર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧ | ૦ |
| વર્ગ-૨ | ૬ | ૨ |
| વર્ગ-૩ | ૧ | ૦ |
| **કુલ** | **૮** | **૨** |

(૩) બનતી ત્વરાએ.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, બાવળા તાલુકા પંચાયતનું મંજૂર મહેકમ ૮ છે અને એમાં બે જગ્યા ખાલી છે. જે તે વખતે આ તાલુકો જુદો પડયો એ વખતે તાલુકાની કામગીરી તો નવી હોય કે જુની, મોટો હોય કે નાનો સરખી જ હોય છે. બધા વિભાગોની કામગીરી થતી હોય છે ત્યારે નવા તાલુકાનું મહેકમ ફકત ૮ કર્યું છે અને જુના તાલુકાનું મહેકમ ૨૮-૩૦ છે અને એમાં બે જગ્યા ખાલી છે. અમદાવાદ જિલ્લામાં પાંચ તાલુકા નવા છે અને પાંચ જુના છે તો ભવિષ્યમાં આ મહેકમમાં વધારો કરવા માગો છો કે કેમ? બાવળા તાલુકા પંચાયતમાં મંજૂર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને ખાલી જગ્યાની કામગીરીની વ્યવસ્થા કેવી રીતે ગોઠવવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે નવા તાલુકાનું નિર્માણ થયું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :આપ મહેકમ કેવી રીતે ભરવા માગો છો અને ખાલી જગ્યા કેટલી છે? માનનીય મંત્રીશ્રી મારે ત્રણ પ્રશ્નોમાં અડધો કલાક જતો રહયો છે.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેકમની વાત કરું તો તાલુકા વિકાસ અધિકારીની એક જગ્યા મંજૂર થયેલ છે. એક ભરાયેલ છે. મદદનીશ નાયબ ચીટનીસ તાલુકા વિકાસ અધિકારીની બે જગ્યા મંજૂર થયેલ છે, બે જગ્યા ભરાયેલ છે. સિનિયર કલાર્કની એક જગ્યા મંજૂર થયેલ છે અને એક ભરાયેલ છે. જુનીયર કલાર્કની બે જગ્યા મંજૂર થયેલ છે, એક ભરેલી છે, એક જગ્યા ખાલી છે. પટાવાળાની એક જગ્યા ખાલી છે. જે જગ્યા ખાલી છે એ ભરવા માટે આખી પ્રક્રિયા છે એ વાત સાચી છે.તાલુકા નવા છે, એની અંદર મહેકમ ઓછું છે, પરંતુ બીજા મોટા તાલુકા અને સેટ થયેલ તાલુકામાંથી બીજા અધિકારીઓને બાજુના તાલુકામાં મદદ માટે મોકલવામાં આવે છે અને ડબલ ચાર્જ આપીને એની કાર્યવાહી પૂરી કરવામાં આવે છે.

**ગાંધીનગર જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત**

***૧૧૦૫૮ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પંચાયતો ઘરો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કેટલા પંચાયતો ઘરો બનાવવામાં આવ્યા અને

(૩) બાકી પંચાયત ઘરો કયાં સુધીમાં બનાવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ગાંધીનગર જિલ્લામાં વિભાજનથી નવીન અસ્તિત્વમાં આવેલ ત્રણ ગ્રામ પંચાયતો સિવાય તમામ ગ્રામ પંચાયતોને પંચાયત ઘર પૂરા પાડવામાં આવેલ છે, જેથી પંચાયત ઘરો મંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગ્રામ પંચાયતના વિભાજનથી અસ્તિત્વમાં આવેલ ત્રણ નવીન ગ્રામ પંચાયતો માટે ચાલુ નાણાકીય વર્ષમાં નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે, જેથી બનતી ત્વરાએ આ પંચાયતો ઘરો બનાવવામાં આવશે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ છે કે ૩ ગ્રામ પંચાયતો નવી અસ્તિત્વમાં આવી અને એ સિવાય તમામ પંચાયતોને ઘર પૂરા પાડવામાં આવેલ છે, પરંતુ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ગ્રામ પંચાયતો પૈકી બેસવા લાયક પંચાયત ઘર

કેટલા અને ન બેસવા લાયક પંચાયત ઘર એટલે કે જર્જરિત કેટલા અને નવા પંચાયત ઘર કેટલા બનાવવાના બાકી છે તથા રાજ્ય સરકારે આ બાબતે શું આયોજન કર્યુ છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : ગાંધીનગર જિલ્લામાં એક નાનો જિલ્લો છે. ૪ તાલુકા છે. ૪ તાલુકામાં ગાંધીનગર તાલુકામાં ૭૩ ગ્રામ પંચાયતોમાંથી ૭૨ બેસવા લાયક છે અને એક વિભાજનથી અસ્તિત્વમાં આવી છે. નવી ગ્રામ પંચાયત વજાપુર છે. દહેગામમાં ૯૧ એમાં ૯૧ માં બેસવા લાયક ગ્રામ પંચાયત છે. માણસામાં ૬૧ કુલ ગ્રામ પંચાયતમાં ૫૯ બેસવા લાયક છે અને બે નવી વિભાજનથી પંચાયત અસ્તિત્વમાં આવી છે. આનંદપુરા સાલૈયા અને બળિયાનગર, કલોલમાં ૭૦ ગ્રામ પંચાયતો છે એ સીત્તેરે સીત્તેર બેસવા લાયક છે. એમ કુલ ૨૯૫ માંથી ૨૯૨ બેસવા લાયક અને ૩ વિભાજનથી અસ્તિત્વમાં આવી છે. માંગણી થયેથી એની મંજૂરી માટેની કામગીરી કરીશું.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીયા લગભગ તમામ ગામોમાં પંચાયત છે એવો સ્પષ્ટ જવાબ છે. આમાંથી પ્રશ્ન ઊભો થાય છે કે હવે સરકાર માત્ર પંચાયત ઘર મંજૂર કરતી નથી. પંચાયત ઘરની સાથે તલાટી કમ મંત્રી એના નિવાસસ્થાન સાથે મંજૂર કરે છે. મારે જાણવું છે કે અહીયા તમામના પંચાયત ઘર આવેલા છે. એમાં અલગ પંચાયત ઘર કેટલા અને તલાટી કમ મંત્રીના નિવાસ સાથેના પંચાયત ઘર કેટલા છે તે જાણવું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : પહેલા મકાન બનાવવામાં આવતા એ એકલા પંચાયત ઘર બનાવવામાં આવતા. અત્યારે પંચાયત ઘર અને તલાટી કમ મંત્રી રહેઠાણ સાથેના બાંધવામાં આવે છે. એની અલગથી જુદી વિગત લાવ્યો નથી. આપ કહેશો તો અલગ રીતે પૂરી પાડીશ.

**પ્રો. મંગળભાઈ મા. પટેલ** : હવે સરકારે ખૂબ સુંદર અભિગમ કર્યો છે. પંચાયત ઘરની સાથે તલાટી કમ મંત્રીનું નિવાસ સ્થાન હોવું જોઈએ. સરકાર એ પ્રમાણે આયોજન કરે છે? મને તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો જે અનુભવ છે એ અનુભવ આ ગૃહને કહેવા માગું છું કે મોટા ભાગના આ નિવાસ સ્થાન બનાવવા છતાં પણ તલાટી કમ મંત્રી એ નિવાસ સ્થાન ઉપર રહેતા નથી, તો નિવાસ સ્થાન ઉપર રહે એના માટે આપનું કોઈ આયોજના છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય સભ્યશ્રીએ જે કહ્યું દરેક તલાટીએ પોતાના નિવાસ સ્થાન ઉપર રહેવું જોઈએ. આવો આગ્રહ સરકાર તરફથી કરવામાં આવશે. આપના સૂચનને અનુમોદન આપું છું.

### માંડલ તાલુકા પંચાયતનું મંજૂર મહેકમ

***૧૦૯૯૩ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય પં,ચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકા પંચાયતમાં કેટલું મહેકમ મંજૂર થયેલ છે?

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કયાં સુધીમાં ભરવા માગે છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૮

(૨) ૨

(૩) બનતી ત્વરાએ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં તાલુકા પંચાયતની ખાલી જગ્યા ભરવા માટે બનતી ત્વરાએ ભરવા માટેની લાગણી વ્યક્ત કરી છે, તે બદલ માનનીય મંત્રીશ્રી પંચાયતનો આભાર માનું છે, પરંતુ મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે તાલુકા પંચાયતનો વહીવટ આ ખાલી જગ્યાઓને કારણે અટકે નહિ એના માટેની વૈકલ્પિક શું વ્યવસ્થા કરેલ છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માંડલ પણ એક નવો તાલુકો છે. તેની અંદર મહેકમ નાનું છે અને તેના દ્વારા આ કામ લેવામાં આવે છે. પરંતુ અમારી જોડ આઈ.આર.ડી. ના કામો માટે ગ્રામ વિકાસ એજન્સીનો જે સ્ટાફ છે તેના દ્વારા પંચાયતોમાં રહીને કામ કરવામાં આવે છે. તેના સ્ટાફ દ્વારા સમકક્ષ અધિકારીને જવાબદારી સોંપીને કામગીરી કરાવવામાં આવે છે. આમ આ રીતે કામ કરીએ છીએ.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે માંડલ તાલુકા પંચાયતમાં નિયમિત જગ્યાઓ ઉપરાંત ગ્રામ વિકાસ એજન્સી હેઠળની શાખાઓમાં કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે અને કેટલી ભરાયેલ છે અને તેના દ્વારા પંચાયત વિભાગમાં કામગીરી લેવામાં આવે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું તેમ માંડલ તાલુકામાં બે વિભાગમાં સેટઅપ છે. એક પંચાયતનું સેટઅપ અને બીજું ગ્રામ વિકાસ એજન્સીનું સેટઅપ છે. તે પણ પંચાયતમાં જ બેસે છે. તેમણે

પૂછયું કે ગ્રામ વિકાસ એજન્સીમાં કેટલું મહેકમ છે તો ગ્રામ વિકાસ એજન્સી શાખામાં નાયબ હિસાબનીશ બેસે છે અને તે જગ્યા ભરાયેલ છે. સિનિયર કલાર્કની એક જગ્યા છે તે પણ ભરાયેલ છે અને તે ત્યાં બેસે છે. અધિક મદદનીશ ઈજનેર પણ એક છે અને તે પણ ભરાયેલ જગ્યા છે. તે પણ ત્યાં બેસે છે. બે વિસ્તરણ અધિકારીની જગ્યા છે તે ભરાયેલ છે અને તે પણ ત્યાં બેસે છે. ગ્રામ સેવકોની સંખ્યા ચાર છે તે મંજૂર થયેલ છે અને તે પણ ભરાયેલ છે અને તેઓ પણ ત્યાં બેસીને તેમની કામગીરી કરે છે. આમ કુલ નવ જગ્યાઓ મંજૂર થયેલ છે અને તે નવ જગ્યાઓ ભરાયેલ છે. મેં માનનીય પ્રાગજીભાઈને કહયું તે પ્રમાણે આઈ.આર.ડી.ના સ્ટાફ દ્વારા વધારાની કામગીરી સમક્ષક અધિકારીને જવાબદારી સોંપીને કરાવવામાં આવે છે.

**શ્રી રણછોડભાઈ ક. મેર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં કેટલા પંચાયત ઘર નવા બનાવવામાં આવ્યા છે અને તે માટે કેટલી અરજીઓ મળી છે અને ધંધુકા તાલુકામાં જે તાલુકા પંચાયત છે તે તાલુકા પંચાયત બેસવાલાયક બિલકુલ રહી નથી. આના માટે મેં બે વાર રજૂઆત કરી છે તો તે તાલુકા પંચાયત મંજૂર કરવામાં આવ્યું છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી આ પંચાયતના મહેકમનો સવાલ છે. તાલુકા પંચાયત ઘર માટે અલગથી પ્રશ્ન પૂછવામાં આવે.

### બાયડ તાલુકામાં નવી રેશનકાર્ડની અરજીઓ

***૧૧૦૩૦ શ્રી ઉદેસિંહ પું. ઝાલા (બાયડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે..,

(૧) બાયડ તાલુકામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી પ્રકારવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે.

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ૫૮૧ અરજીઓ.

(૨) મંજૂર કરેલ પ્રકારવાર અરજીઓ

| ક્રમ | પ્રકાર | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | એ.પી.એલ. | ૫૦૯ |
| ૨ | બી.પી.એલ. | ૦૦૨ |
| ૩ | અંત્યોદય | ૦૬૬ |
| | કુલ: | ૫૭૭ |

(૩) બનતી ત્વરાએ.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર દ્વારા અંત્યોદય અન્ન યોજના અને બી.પી.એલ. યોજના હેઠળ જે રેશનકાર્ડ આપવામાં આવે છે તેના ધોરણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અન્ન અને નાગરિક પુરવઠાનો પ્રશ્ન છે. રાજય સરકારની અંત્યોદય અન્ન યોજના અને બી.પી.એલ. યોજના હેઠળ રેશનકાર્ડ કાઢવામાં આવે છે. તેના ધોરણો જોઈએ તો અંત્યોદય અન્ન યોજનામાં સૌથી ગરીબ એટલે કે અતિશય ગરીબ હોય તેમના માટે વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત કુટુંબના વડા જે હોય તે વિધવા હોય તો તેમને અંત્યોદય કાર્ડ આપવામાં આવે છે. કાયમી અપંગ હોય તેવી વ્યકિતને અંત્યોદય કાર્ડ આપવામાં આવે છે. શારીરિક ખોડખાંપણવાળી વ્યકિતને અંત્યોદય કાર્ડ આપવામાં આવે છે. ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વૃદ્ધ વ્યકિત કે જેમના જીવન નિર્વાહ માટે કૌટુંબિક કોઈ આધાર ન હોય તેમને અંત્યોદય કાર્ડ આપવામાં આવે છે. આદિમ જૂથના તમામ કુટુંબોને અંત્યોદય કાર્ડ આપવામાં આવે છે. એચ.આઈ.વી. એઈડઝગ્રસ્ત લોકોને અંત્યોદય કાર્ડ આપવામાં આવે છે. બી.પી.એલ. કાર્ડ યોજનામાં જે અરજદાર અરજી કરે છે તેને પુરવઠા મામલતદાર અથવા ઝોનલ કચેરીમાં અરજી કરવાની હોય છે. તેમાં શહેરી વિસ્તારમાં ૫૦૦ રૂપિયા માસિક આવક અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૨૪ રૂપિયા માસિક આવક હોય તો બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે. અરજદારની પૂર્તતા કર્યા બાદ અગર પોતાના ગામમાં ગ્રામસભામાં નામોની યાદી મંજૂર થાય તો તેવા લોકોને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, બાયડ તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પ્રકારવાર રૅશનકાર્ડની સામે કેટલા ભૂતિયા રૅશનકાર્ડ રદ કર્યા, અને છેલ્લા બે વર્ષમાં નવી કેટલી અરજીઓ આવી છે અને એમાં શું નિર્ણય આવેલ છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ એપીએલ જે ભૂતિયાકાર્ડ દૂર કરવામાં આવ્યા, એમાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ એપીએલમાં ૨૦૦૮૪ ભૂતિયાકાર્ડ નાબૂદ કર્યા, બીપીએલમાં ૧૭૨૧૪, અંત્યોદયમાં ૩૯૪૬, કુલ રૅશનકાર્ડનો આ

હિસાબ છે, ૪૧૨૪૪ રેશનકાર્ડ એમાં કાર્યરત છે અને એમાંથી અંત્યોદયના ૨૮, બીપીએલના ૧૨૭૨ અને એપીએલના ૧૨૦૮ મળી ૨૫૦૮ રેશકકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા છે.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજય સરકારશ્રી દ્વારા એપીએલ, બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકોને સસ્તા અનાજની દુકાનો દ્વારા જે આવશ્યક ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે, એ કાર્ડધારકોને તેમના પ્રકારવાર રાજય સરકાર દ્વારા કેટલા પ્રમાણમાં અને કયા દરે વિતરણ કરવામાં આવે છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર અને સરકાર દ્વારા અંત્યોદય, બીપીએલ અને એપીએલને જથ્થો કેટલો આપવો અને કયા ભાવે આપવો એનો નિર્ણય નિશ્ચિત કરેલો છે. એમાં ઘઉં, ઘઉંનો લોટ એમાં અંત્યોદયમાં ઘઉંનો લોટ આપવામાં આવે છે ૧૯ કિલો ઘઉં આપવામાં આવે અગર તો ૧૬.૭ કિલો લોટ આપીએ છીએ. ચોખા ૧૬ કિલો આપીએ છીએ, બે રૂપિયા કિલો ઘઉં આપવામાં આવે છે અને ત્રણ રૂપિયે કિલો ચોખા આપવામાં આવે છે. ખાંડ ૫૦૦ ગ્રામ આપવામાં આવે છે કાર્ડદીઠ. માનનીય અધ્યક્ષશ્રી, બીપીએલ કાર્ડમાં ઘઉં ૯ કિલો કાર્ડ દીઠ આપીએ છીએ અને ચોખા ૩ા કિલો આપીએ છીએ. વધારાના ઘઉં જો જોઈતા હોય તો બીપીએલ કાર્ડને પાંચ કિલો આપી શકીએ છીએ. વધારાના ચોખા પણ ૨ા કિલોગ્રામ આપી શકાય છે. એપીએલકાર્ડમાં દશ કિલોગ્રામ ઘઉં આપી શકાય છે. અને બીજો જે કવોટા છે એ કેરોસીન એ એકથી ત્રણ સભ્ય સંખ્યા કોઈપણ કાર્ડમાં હોય તો પાંચ લિટર કેરોસીન આપીએ છીએ અને ચારથી વધારે મોટી સંખ્યામાં સભ્ય સંખ્યા હોય તો દશ લિટર કેરોસીન આપવામાં આવે છે.

**જામનગર જિલ્લામાં સેનીટેશન યોજના નીચે શૌચાલયો બનાવવા બાબત**

*** ૧૦૯૧૬ શ્રી મેઘજી ડા. કણઝારીયા(ખંભાળીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલા શૌચાલયો બાંધવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ તાલુકાવાર બાંધવામાં આવેલ શૌચાલયોની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **શૌચાલયોની સંખ્યા** |
|---|---|
| જામનગર | ૫૨૮૩ |
| લાલપુર | ૭૪૬ |
| ખંભાળીયા | ૬૩૭૫ |
| કલ્યાણપુર | ૧૨૨૭૦ |
| કાલાવાડ | ૯૪૨ |
| જોડીયા | ૨૫૭૭ |
| ભાણવડ | ૬૮૪૦ |
| ધ્રોલ | ૧૮૬૦ |
| જામજોધપુર | ૩૩૫૨ |
| દ્વારકા | ૨૯૨૮ |
| **કુલ-** | **૪૩૧૭૩** |

(૨) તેની પાછળ થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **(થયેલ ખર્ચ )** (રૂા. લાખમાં) |
|---|---|
| જામનગર | ૧૬.૦૬ |
| લાલપુર | ૪.૪૩ |
| ખંભાળીયા | ૮૦.૯૫ |
| કલ્યાણપુર | ૩૩.૪૫ |
| કાલાવાડ | ૮.૭૬ |
| જોડીયા | ૧.૦૬ |
| ભાણવડ | ૧૧.૪૬ |
| ધ્રોલ | ૨.૩૮ |
| જામજોધપુર | ૧.૨૪ |
| દ્વારકા | ૧૩.૨૦ |
| **કુલ-** | **૧૭૨.૯૯** |

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે જાણવા માગું છું કે, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેકટ અંતર્ગત શૌચાલયો બનાવવા માટે કેન્દ્ર અને રાજય સરકારના સહાયના ધોરણો શું છે? અને જામનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એપીએલ અને બીપીએલ શૌચાલયો કેટલા બનાવ્યા અને તેની સામે કેટલો ખર્ચ થયો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ શૌચાલયો બાંધવા માટેનું ધોરણો પૂછયું છે, એમાં બીપીએલ કુટુંબો માટે ૨૫૦૦ ટોટલ યુનિટ કોસ્ટ છે, એમાં ૧૫૦૦ રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે, ૭૦૦ રૂપિયા રાજય સરકાર નિયમ પ્રમાણે આપે છે અને લાભાર્થી ૩૦૦ રૂપિયા આપે છે. એપીએલ કુટુંબોમાં કેન્દ્ર સરકાર આપણને કોઈ ફાળો આપતી નથી. કોઈ મદદ કરતી નથી. ૭૫૦ રૂપિયા રાજય સરકાર સબસિડી આપે છે અને એપીએલના શૌચાલયો બને છે. શાળા શૌચાલયો છે એમાં ૨૦૦૦૦ રૂપિયાની યુનિટ કોસ્ટ છે એમાં કેન્દ્ર ૭૦ ટકા આપે છે અને રાજય સરકાર ૩૦ ટકા આપે છે. એટલે કે ૧૪૦૦૦ રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે અને ૬૦૦૦ રૂપિયા રાજય સરકાર આપે છે. આંગણવાડી શૌચાલયો છે એની યુનિટ કોસ્ટ ૫૦૦૦ રૂપિયા છે. ૭૦:૩૦નો રેશિયો છે ૩૫૦૦ રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે અને ૧૫૦૦ રૂપિયા રાજય સરકાર આપે છે. સામૂહિક શૌચાલયોમાં ૨ લાખ રૂપિયા ખર્ચ થાય છે એમાં ૬૦ ટકા કેન્દ્ર સરકાર આપે છે, ૨૦ ટકા રાજ્ય સરકાર આપે છે અને ૨૦ ટકા લોક ભાગીદારીથી કરવામાં આવે છે. એક વર્ષમાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ અંતર્ગત એમણે તાલુકા વાર એ.પી.એલ. બી.પી.એલ. શૌચાલયો માટે પૂછયું છે. જામનગરના કુલ ૧૦ તાલુકા છે એમાં જામનગર તાલુકામાં બી.પી.એલ. શૌચાલય કુલ ૧૯૯૯ બનાવ્યા અને એ.પી.એલ.ના કુલ ૩૨૮૪ એમાં બી.પી.એલ.માં રૂા.૯ લાખ અને એ.પી.એલ.માં રૂા.૭ લાખનો ખર્ચ થયો છે, લાલપુરમાં બી.પી.એલ. ૧૭૮ શૌચાલયો બન્યા છે અને એ.પી.એલ. ૫૬૮ બનાવ્યા છે એમાં બી.પી.એલ.નો ખર્ચ રૂા.૨.૨૮ લાખ અને એ.પી.એલ.નો ખર્ચ રૂા.૨.૧૫ લાખ થયો છે, ખંભાળિયામાં ૨૩૮૬ બી.પી.એલ.ના શૌચાલયો બન્યા છે અને એ.પી.એલ.ના ૩૯૮૪ બન્યા છે એમાં રૂા.૫૮.૫૪ લાખ ખર્ચ બી.પી.એલ.માં થયો છે અને રૂા. ૨૨.૪૧ લાખ એ.પી.એલ.માં ખર્ચ થયો છે, કલ્યાણપુરમાં બી.પી.એલ.ના ૫૯૬૩ શૌચાલયો બન્યા છે અને એ.પી.એલ.માં ૬૩૦૭ એમાં બી.પી.એલ.નો ખર્ચ રૂા.૨૬૩૫ લાખ અને એ.પી.એલ.નો ખર્ચ રૂા.૭.૧૦ લાખ થયો છે, કાલાવાડમાં બી.પી.એલ.માં ૨૬૧ શૌચાલયો બન્યા છે અને ૬૮૧ એ.પી.એલ.ના બન્યા છે એમાં બી.પી.એલ.માટે રૂા.૫.૧૦ લાખનો અને એ.પી.એલ.માં રૂા.૩.૬૬ લાખનો ખર્ચ થયો છે, જોડિયા તાલુકામાં બી.પી.એલ.૭૩૭ અને ૧૮૪૦ એ.પી.એલ.ના બન્યા છે એમાં બી.પી.એલ.માં રૂા. ૫૩ હજાર રૂપિયા ખર્ચ થયો છે અને એ.પી.એલ.માં પણ રૂા.૫૩ હજારનો ખર્ચ થયો છે, ભાણવડ તાલુકામાં બી.પી.એલ.માં ૩૭૭૬ શૌચાલયો બન્યા છે અને એ.પી.એલ.માં ૩૦૬૪ બન્યા છે એમાં બી.પી.એલ.માં ખર્ચ રૂા.૪.૭૧ લાખ અને એ.પી.એલ.માં ખર્ચ રૂા.૬.૭૫ લાખ થયો છે, ધ્રોળમાં બી.પી.એલ.માં ૨૫૮ બન્યા છે અને એ.પી.એલ.માં ૧૬૦૨ એમાં ખર્ચ બી.પી.એલ.માં ૯૫ હજાર રૂપિયા અને એ.પી.એલ.માં રૂા.૧.૪૩ લાખનો ખર્ચ થયો છે, જામજોધપુરમાં બી.પી.એલ.માં ૧૨૦૬ બનાવ્યા અને એ.પી.એલ..માં ૨૧૪૬ બનાવ્યા છે એમાં બી.પી.એલ.માં રૂા.૩૬ હજારનો ખર્ચ અને એ.પી.એલ.માં રૂા.૮૮ હજારનો ખર્ચ થયો છે, દ્વારકામાં બી.પી.એલ.માં ૪૨૪ બનાવ્યા અને એ.પી.એલ.માં ૨૫૦૪ બનાવ્યા એમાં બી.પી.એલ.માં રૂા.૨.૨૫ લાખ અને એ.પી.એલ.માં રૂા.૧૦.૯૫ લાખનો ખર્ચ થયો છે. આમ કુલ ૧૭,૧૮૮ બી.પી.એલ.ના શૌચાલયો બનાવ્યા અને ૨૫,૯૮૫ એ.પી.એલ.માં બનાવ્યા એમાં કુલ રૂા.૧ કરોડ ૧૦ લાખ બી.પી.એલ.માં ખર્ચ થયો અને રૂા.૬૨ લાખ ૪૧ હજાર એ.પી.એલ.માં ખર્ચ થયો છે.

## વિરમગામ તાલુકા પંચાયતનું મંજૂર મહેકમ

***૧૦૯૯૪ શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની વિરમગામ તાલુકા પંચાયતમાં કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર કયાં સુધીમાં ભરવા માગે છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૨૮

(૨) ૦૩

(૩) બનતી ત્વરાએ.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા સમરસ ગામ પછી નિર્મળ ગામ, તિર્થગામ, પાવન ગ્રામ અને હવે ૨૩મી જાન્યુઆરી, ૨૦૦૮ નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મ દિવસે ગુજરાતના ૧૩,૬૩૯ ગામોને ઈ-ગ્રામ વિશ્વગ્રામથી જોઈન્ટ કરવા બદલ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મારા વિરમગામ તાલુકા પંચાયતનું મહેકમ મંજૂર થયેલ ૧૮ હતું એ પૈકીની ૩ જગ્યાઓ ખાલી છે. તો વિરમગામ તાલુકામાં સંવર્ગવાર, પ્રકાર વાર મંજૂર થયેલ, ભરાયેલ અને ખાલી જગ્યાઓ કેટલી છે એ જણાવવા માનનીય મંત્રીશ્રી કૃપા કરશે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરમગામ તાલુકામાં સંવર્ગ વાર મંજૂર અને ભરાયેલી જગ્યાઓની માનનીય સભ્યશ્રીએ માગણી કરી છે. એક તો મંજૂર થયેલી કુલ જગ્યાઓ ૨૮ છે, ૧૮ નહીં. ભરેલી જગ્યાઓ જે છે એ ૨૫ ભરાયેલી છે અને ૩ ખાલી છે. તાલુકા વિકાસ અધિકારીની ૧ જગ્યા મંજૂર થયેલ છે અને ૧ ભરાયેલ છે, નાયબ તાલુકા વિકાસ અધિકારીની ૧ જગ્યા મંજૂર થયેલ છે અને ૧ ભરેલી છે, વિસ્તરણ અધિકારીની પંચાયતમાં ૧ જગ્યા મંજૂર થયેલ છે અને ૧ ભરેલી છે, સિનિયર ક્લાર્ક ૨ જગ્યા મંજૂર થયેલી છે એમાં ૧ ભરેલી છે અને ૧ ખાલી છે, સિનિયર એકાઉન્ટન્ટ કલાર્કની ૧ જગ્યા મંજૂર થયેલ છે અને ૧ ભરાયેલ છે, નાયબ હિસાબનીશ ૧ જગ્યા મંજૂર થયેલ છે અને ૧ ભરેલી છે,કેળવણી નિરીક્ષકની એક જગ્યા મંજૂર થયેલી છે અને એક ભરેલી છે, જુનિયર કારકુનની સાત જગ્યાઓ મંજૂર થયેલી છે અને સાત ભરેલી છે, ડ્રાયવરની એક જગ્યા મંજૂર થયેલી છે અને એક ભરેલી છે, વિસ્તરણ અધિકારી, સહકારની એક જગ્યા મંજૂર થયેલી છે અને એક ભરેલી છે, અધિક મદદનીશ ઈજનેરની એક જગ્યા મંજૂર થયેલી છે અને એક ભરેલી છે, આંકડા મદદનીશની એક જગ્યા મંજૂર થયેલી છે અને એક ભરેલી છે અને સર્કલ ઇન્સ્પેક્ટરની બે જગ્યા મંજૂર થયેલી છે અને એક ભરેલી છે, એક ખાલી છે એ જ પ્રમાણે પટાવાળાની સાત જગ્યામાંથી છ જગ્યા ભરેલી છે અને એક જગ્યા ખાલી છે એમ કુલ ત્રણ જગ્યાઓ ખાલી છે.

## મહેસાણા જિલ્લા પંચાયતમાં સંવર્ગ વાર મંજૂર મહેકમ

***૧૦૯૮૮ શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લા પંચાયતમાં સંવર્ગ વાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવા માગે છે?

**પંચાયત મંત્રીશ્રી**

(૧) અને (૨)

| | મંજૂર જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૪ | ૦૪ |
| વર્ગ-૨ | ૨૨ | ૦૬ |
| વર્ગ-૩ | ૪૯૭ | ૧૭૪ |
| વર્ગ-૪ | ૧૧૭ | ૬૨ |

(૩) બનતી ત્વરાએ

**શ્રી ભરતસિંહજી શં. ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યા સામે કેટલી જગ્યાઓ ભરેલી છે અને ખાલી જગ્યાઓની કામગીરી કઈ રીતે કરવામાં આવે છે અને વર્ગ-૩ ની જે ૧૭૪ જગ્યાઓ ખાલી છે તે ભરવા સરકારે શું આયોજન કરેલ છે અને મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ બનતી ત્વરાએ એમ જવાબ આપેલ છે તો આ બનતી ત્વરાએ કોઈપણ પ્રકારની આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મહેસાણા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલી જે જગ્યાઓ છે એમાં વર્ગ -૧ ની મંજૂર થયેલી ૧૪ જગ્યાઓ છે એમાંથી ભરાયેલી જગ્યા ૧૦ છે, વર્ગ-૨ માં ૨૨ મંજૂર થયેલી જગ્યાઓ છે એમાંથી ૧૬ ભરાયેલી છે, વર્ગ-૩ માં ૪૯૭ જગ્યાઓ છે એમાંથી ૩૨૩ ભરાયેલી છે, વર્ગ-૪માં ૧૧૭ મંજૂર થયેલી જગ્યાઓ છે એમાંથી ૫૫ ભરાયેલી છે, મેં કહ્યું એ પ્રમાણે બનતી ત્વરાએ જલ્દીમાં જલ્દી આપણે આ જગ્યાઓ ભરીશું, મારે સન્માનનીય ગૃહના ધ્યાન પર એક વાત મૂકવી છે કે પંચાયત વિભાગમાં ભરતી પ્રક્રિયા છેલ્લાં ૧૦ વર્ષથી મુશ્કેલી અનુભવાય છે, એટલા માટે મુશ્કેલી અનુભવવામાં આવે છે કે એક મુખ્ય સેવિકા ૧૯૯૯માં નામદાર હાઈકોર્ટમાં ગયેલ છે અને હાઈકોર્ટે એવો સ્ટે આપ્યો છે કે પંચાયત વિભાગમાં આ ભરતી કરવી નહિ.

**અધ્યક્ષશ્રી :** આપ કોર્ટની બાબત નહિ કહી શકો, નેકસ્ટ શ્રીમતી જશોદાબેન.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લા પંચાયતમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની કઈ કઈ જગ્યાઓ ખાલી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મહેસાણા જિલ્લા પંચાયતનું જે મહેકમ છે એમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની એક જગ્યા ખાલી છે, કાર્યપાલક ઈજનેરની એક જગ્યા ખાલી છે, જિલ્લા આયુર્વેદિક અધિકારીની એક જગ્યા ખાલી છે અને જિલ્લા ખેતીવાડી અધિકારી વર્ગ-૧ની જગ્યા ખાલી છે અને વર્ગ-૨માં ચીટનીશની એક જગ્યા ખાલી છે, મદદનીશ ખેતી નિયામકની એક જગ્યા ખાલી છે, મદદનીશ ઈજનેર, જિલ્લા પંચાયતની એક જગ્યા

ખાલી છે, આંતરિક અન્વેષણ અધિકારીની એક જગ્યા ખાલી છે, હિસાબી અધિકારીની એક જગ્યા ખાલી છે અને ડી.ઈ. એજ્યુકેશનની એક જગ્યા ખાલી છે,

**શ્રી કાંતિભાઈ રા. પટેલ** : મહેસાણા જિલ્લા પંચાયતમાં કયા કારણોસર અને કેટલા સમયથી જગ્યાઓ ખાલી પડેલી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મહેસાણા જિલ્લામાં ૨૪૬ જગ્યાઓ ખાલી છે, એના અલગ અલગ કારણો છે એક તો વયનિવૃત્તિના કારણે ખાલી પડેલી જગ્યાઓ ૧૭૯ છે, સ્વૈચ્છિક નિવૃત્તિના કારણે ૭ જગ્યાઓ ખાલી છે, અવસાન થવાથી ૫ જગ્યાઓ ખાલી પડેલી છે, બઢતી અને પ્રમોશન આપવાથી ૪૦ જગ્યાઓ ખાલી પડી છે અને બદલી થવાથી ૧૫ જગ્યાઓ ખાલી પડેલી છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે આ મહેકમની જે સંખ્યા છે તેનું પિરિયોડીકલીનું ફરીથી રિવ્યુ કરવામાં આવે છે કે કેમ? અને બીજું મુખ્યમંત્રીશ્રીના ઈનિશ્યેટીવથી ટેકનોલોજી, કોમ્પ્યુટરાઈઝેશન અને અન્ય ટેકનોલોજીના ઉપયોગથી જ્યારે કામગીરીને વધારે એફિશ્યન્ટ અને પ્રોડકટીવ બનાવવાની દિશામાં સરકાર કામગીરી કરી રહી છે ત્યારે વર્ગવાર આ જે કામગીરી છે તેનો સૂચક આંક બનાવી અને કામગીરીના આઉટપૂટ સાથે તેને સરખાવવા માટેનું કોઈ આયોજન માનનીય મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વખત જે મહેકમ મંજૂર કર્યુ હતું ભૂતકાળમાં તે જ મહેકમને વળગી રહેવાનું કોઈ સરકાર એવું ઇચ્છતી નથી અને અમે વિચારતા પણ નથી કારણ કે હવે જે એડવાન્સ સિસ્ટમો આવી છે આપણી પાસે જે કોમ્પ્યુટરાઈઝેશન થયું છે અને આખી વ્યવસ્થા નવી રીતે હાથમાં લીધી છે ત્યારે ચોક્કસપણે માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમાં વર્તમાન સમયના કોમ્પ્યુટરના વધેલા વપરાશ અને ઈલેકટ્રોનિક સાધનોની પત્ર-વ્યવહારમાં થયેલી સવલતો એ બધું ધ્યાનમાં લેતાં આની અંદર ફેર-વિચારણા કરવાનો અવકાશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે તેના માટે એક કમિટી પણ બનાવી છે ઈ-વન સિનિયર અધિકારીશ્રીઓ સાથે બેઠક કરીને હવે નવી રીતે એક તો પંચાયતોની અંદર કામ ચાલતું હોય છે તેમાં મહેસૂલ વિભાગનું અને અમારું કામ ઘણું કોમન હોય છે. દા.ત. તલાટીઓનું કામ. તે તલાટીઓને પણ ભૂતકાળમાં કામો સોંપવામાં આવતા હતા તેનું વિભાજન થાય છે તેના કારણે ખ્યાલમાં રાખવામાં આવે છે. એડવાન્સ સમયમાં આપણે આ બધી વ્યવસ્થાને ગોઠવવાની હોય છે. એક કમિટી બનાવી છે તે કમિટીને આ કામ સોંપ્યું છે ૧૩૭ કેડરો છે અમારી સાથે. તેમાં ઘ ણી કેડરોની જરૂરિયાતો નથી એવી કેડરોને ડિસ્કાર્ડ કરવી છે અને જ્યાં જરૂરિયાત છે ત્યાં સ્ટ્રેન્ધનીંગ કરવા માટે ત્રણ અધિકારીઓની એક કમિટી બનાવી છે અને તેની ચર્ચા ચાલે છે.

**ભાવનગર શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

*** ૧૧૦૨૫ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભાવનગર શહેરમાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી સરકારને શું નાણાકીય ફાયદો થયો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧)

| **અ.નં.** | **પ્રકાર** | **રદ કરેલ કાર્ડ** |
|---|---|---|
| ૧ | એ.પી.એલ | ૧૪,૨૩૯ |
| ૨ | બી.પી.એલ | ૮૨૯ |
| ૩ | અંત્યોદય | --- |
| | કુલ... | ૧૫,૦૬૮ |

(૨) તેનાથી સરકારને અન્ન પુરવઠામાં બચત થતાં સબસીડીની દ્રષ્ટિએ વાર્ષિક રૂપિયા ૨,૧૨,૬૨,૩૦૩નો ફાયદો થયો.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ભાવનગર શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ રદ થયા તે પછી ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહિને જે આવકશ્યક ચીજ-વસ્તુઓનો જથ્થો થાય છે તેમાં કેટલી બચત થવા પામી છે? અને કેરોસીનના વિતરણના પ્રમાણમાં શો ફાયદો થયો છે ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે અમે ભૂતિયા કાર્ડ નાબૂદ કરવાનું અને કાઢી નાંખવાનું અમે એક આયોજન કર્યુ હતુ અને તેને નાબૂદ કરવાની ઝુંબેશ હતી. ભાવનગર શહેરમાં એક વર્ષથી જે એ.પી.એલ., બી.પી.એલ. અને અંત્યોદય ભૂતિયા કાર્ડ રદ કરવામાં આવ્યા તેના કારણે અનાજમાં ખાંડ, કેરોસીનમાં માસિક બચત જે થઈ છે અને તેમણે જે વિગત માગી છે તેમાં બી.પી.એલ.ઘઉં બી.પી.એલ.કાર્ડ ૮૨૯ ડિસ્કાર્ડ થયા તેના કારણે ૬૬૩૨ કિલો ઘઉંનો જથ્થો બચ્યો. ૧૯૯૬૨ રૂપિયાની માસિક બચત થાય. બી.પી.એલ. જે બાજરી અગર તો ચોખા ૮૨૯ કાર્ડ જે રદ થયા તેમાં ૨૯૦૧ કિલો

બચત થઈ છે. ૫૫૪૧ રૂપિયાની બચત છે. બી.પી.એલ.ખાંડ ૫૦૦ ગ્રામ ૮૨૯ માં ૪૧૪ કિલો ખાંડ બચે છે ૫૫૯ રૂપિયાની સબસીડી બચે છે. બી.પી.એલ.ચોખા ૮૨૯ કાર્ડ રદ થયા તેના લીધે ૨૯૦૧ કિલો બચત થાય છે. ૮૮૭૮ રૂપિયાની બચત થાય છે. કુલ અનાજ ૩૪,૯૪૨ રૂપિયાની સબસીડી અમોને બચે છે. કેરોસીનમાં બચત દેખાય છે. ૬૨૬ કિલો લિટર કેરોસીન બચે છે. અમારા ૧૫ હજાર રેશન કાર્ડ જે નાબૂદ થયા તેના કારણે કેરોસીનમાં ખૂબ મોટો ફરક પડે છે. ૬૨૬ કિલો લિટર કેરોસીન જે બચે છે તેના કારણે માર્કેટ રેઈટ ૩૩ રૂપિયા જેટલો હોય છે એટલે આને બચત આપણે ગણીએ તો રાષ્ટ્રીય બચત ૧૭ લાખ ૩૬ હજાર ૯૧૬ રૂપિયાની માસિક બચત થાય છે. વાર્ષિક ૬૨ લાખ ૬૦ હજાર રૂપિયાની ભાવનગરમાં કેરોસીનની કિંમત પ્રતિ ૧૦ લિટર લેખે ગણીએ, ભાવ ૧૦ રૂપિયા લેખે ગણીએ તો ૬૨ લાખ ૬૦ હજાર રૂપિયાની બચત થાય છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ભાવનગર જિલ્લામાં અને આખા રાજયમાં કેટલા પ્રકારના રેશન કાર્ડો કઈ કઈ કેટેગરીમાં અપાય છે અને ભાવનગર જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં કેટલાં રેશન કાર્ડ અપાયાં?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર શહેરમાં પણ...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાંઆવેલ)**

### ભરૂચ જિલ્લામાં ગામતળ નીમ કરેલ જમીન ઉપરના રહેણાંકો દૂર કરવા અંગે

૯૮૭૦**શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકાના પાલેજ ગામમાં ગામતળમાં નીમ કરેલ જમીન ઉપર બાંધકામ કરવામાં આવેલા રહેણાંક દૂર ન કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી કોઈ ડાયરેક્શન/રહેમરાહે નિયમીત કરવા કોઈ ચૂકાદો સરકારને મળેલ છે કે કેમ, | (૧) નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પે. સી.એ.નં. ૧૫૭૮૭/૨૦૦૮ ના કેસમાં તા. ૨૬-૧૨-૨૦૦૮ ના ઓરલ ઓર્ડર મુજબ પીટીશન ડીસમીસ કરેલ છે, પરંતુ પીટીશનરોના એડવોકેટની વિનંતી ધ્યાનમાં રાખીને પીટીશનરો દ્વારા કેસની સહાનુભૂતિપુર્વક વિચારણા માટે સક્ષમ સત્તાધિકારીને અરજી કરવામાં આવે તેવા સંજોગોમાં પ્રવર્તમાન નીતિ નિયમોને ધ્યાનમાં રાખી નિર્ણય કરવા જણાવવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેમ છતાં આ રહેણાંકના અંદાજે ૫૮ જેટલા મકાનો દૂર કરવા તાજેતરમાં નોટીસો અપાઈ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૨) હા, ૪૯ દબાણદારોને ગ્રામ પંચાયત, પાલેજ દ્વારા દબાણો દૂર કરવા બાબત નોટિસ આપવામાં આવેલ છે. |
| (૩) નામદાર ગુજરાત હાઈકોર્ટના ડાયરેક્શન/રહેમરાહે મુજબનો અમલ કરવા માંગે છે કે કેમ ? | (૩) વહીવટી કાર્યવાહી પૂર્ણ થયેથી પ્રવર્તમાન નીતિ-નિયમોને ધ્યાનમાં રાખી સક્ષમ કક્ષાએ યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે. |

### વનબંધુ કાર્યક્રમ હેઠળ ડી સેગ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણની તાલીમ

૧૦૮૧૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વનબંધુ કલ્યાણ કાર્યક્રમ હેઠળ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કોમ્પ્યુટર શિક્ષણની તાલીમ માટે કેટલી સંસ્થાઓને કામગીરી સોંપવામાં આવી, | (૧) એક. |
| (૨) તે માટે કેટલા કોમ્પ્યુટરની ખરીદી કરવામાં આવી છે, | (૨) કોમ્પ્યુટરની ખરીદી કરવામાં આવેલ નથી. |
| (૩) તાલીમ પાછળ તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) શૂન્ય. |
| (૪) ઉક્ત કાર્યક્રમ હેઠળ કેટલા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે ? | (૪) ૧૦૦ તાલીમાર્થીને તાલીમ આપવામાં આવી રહી છે. |

------------

**ાબરકાંઠા જિલ્લામાં ૧૦૦ ચોરસવારના પ્લોટ આપવા બાબત**

૧૧૫૪૯**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચોરસવાર જમીનના ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તેના અનુસંધાને ઉક્ત સ્થિતિએ તાલુકાવાર લેન્ડ કમિટિની કેટલી બેઠકો મળી,

(૩) તેમાં ૧૦૦ ચોરસવાર પ્લોટની કેટલી અરજીઓ મંજૂર કરી પ્લોટ આપવામાં આવ્યા, અને

(૪) બાકીની અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચો. વાર જમીનના ઘરથાળના પ્લોટ મેળવવાની ૧૩૮૯ નીચે મુજબ અરજીઓ આવી.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૪૪ | ૫૮૧ |
| ૨ | પ્રાંતિજ | ૦ | ૦ |
| ૩ | માલપુર | ૧૯ | ૧૭ |
| ૪ | ઇડર | ૧૪૩ | ૨૭૮ |
| ૫ | વડાલી | ૭૨ | ૪૭ |
| ૬ | મોડાસા | ૧૩ | ૧૩ |
| ૭ | તલોદ | ૦ | ૫ |
| ૮ | બાયડ | ૯ | ૩૪ |
| ૯ | ખેડબ્રહમા | ૧૩ | ૮૫ |
| ૧૦ | ધનસુરા | ૬ | ૦ |
| ૧૧ | વિજયનગર | ૫ | ૦ |
| ૧૨ | ભિલોડા | ૫ | ૦ |
| ૧૩ | મેઘરજ | ૦ | ૦ |
| | **કુલ :** | ૩૨૯ | ૧૦૬૦ |

(૨) તાલુકાવાર લેન્ડ કમિટિની બેઠકોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૭-૦૮ | વર્ષ ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧ | ૧ |
| ૨ | પ્રાંતિજ | ૦ | ૦ |
| ૩ | માલપુર | ૧ | ૧ |
| ૪ | ઇડર | ૨ | ૨ |
| ૫ | વડાલી | ૨ | ૧ |
| ૬ | મોડાસા | ૧ | ૧ |
| ૭ | તલોદ | ૦ | ૧ |
| ૮ | બાયડ | ૧ | ૧ |
| ૯ | ખેડબ્રહમા | ૧ | ૧ |
| ૧૦ | ધનસુરા | ૧ | ૦ |
| ૧૧ | વિજયનગર | ૧ | ૦ |
| ૧૨ | ભિલોડા | ૧ | ૦ |
| ૧૩ | મેઘરજ | ૦ | ૦ |
| | **કુલ :** | ૧૨ | ૯ |

(૩) ૧૦૯૬ અરજીઓ મંજૂર કરવામાં આવી.
૨૯૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**નર્મદા જિલ્લાના મોઝા અને પીંગોટને જોડતા રસ્તાનું કામ**

૧૦૦૬૨ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લાના મોજે મોઝા વાયા હાથાકુંડી પીંગોટને જોડતો રસ્તો સરકારે ક્યારે મંજૂર કરેલ છે, અને

(૨) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આ રસ્તાની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ગુજરાત પેટર્ન સદરે ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં મંજૂર થયેલ છે.

(૨) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ રસ્તાના કિ.મી. ૦/૦ થી ૦/૭૫૦ ની લંબાઇમાં મેટલીંગ કામ પૂર્ણ થયેલ છે.

------------

**સાવલી તાલુકામાં સસ્તા અનાજની દુકાન ખોલવાની અરજીઓ**

૧૧૫૨૯ **શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં

**જવાબ**

(૧) ૩૨.

| | |
|---|---|
| સસ્તા અનાજની દુકાન ખોલવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને | |
| (૨) તે અન્વયે કેટલા અરજદારોને સસ્તા અનાજની દુકાનના પરવાના આપવામાં આવ્યા ? | (૨) ૫. |

------------

### રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં ખેતી માટે યાંત્રિક સાધનો

૧૧૫૬૪**શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં ખેતી માટે યાંત્રિક સાધનો માટે આપવામાં આવતી સાધન કે રોકડ સહાય માટેની યોજનાનો વિદેશી કંપની જોહન ડાયર મારફતે અમલ કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જોહન ડાયર કંપનીએ આદિવાસી વિસ્તારોમાં જિલ્લાવાર કેટલી રકમની મશીનરી આપી, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમની સબસીડી વસ્તુ કે રોકડ સ્વરૂપે કેટલા લાભાર્થીઓને મળી ? | |

------------

### રાજકોટ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની જ્ગ્યાઓ

૧૦૯૯૨**શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ(રાજકોટ-૧):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓની મંજૂર થયેલી જ્ગ્યાઓ પૈકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૬૨. |
| (૨) સરકાર આ ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે ? | (૨) બનતી ત્વરાએ. |

------------

### જૂનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડારો ખોલવા બાબત

૧૧૦૦૧ **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો આવેલાં છે, | (૧) ૭૪૦. |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૫. |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

------------

### સતલાસણા તાલુકાના ગોઠડા ગામની ગોચરની જમીન પર દબાણ

૧૧૫૫૭**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સતલાસણા તાલુકાના ગોઠડા ગામની ગોચરની જમીન ઉપરનું દબાણ દૂર કરવા તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં શા શા પ્રયત્નો કરવામાં આવેલ છે, | (૧) દબાણ થયેલ ન હોવાથી દબાણ દૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ ગોઠડા ગામની ગોચર જમીનનું દબાણ દૂર કરેલ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો કેટલા સમયમાં દૂર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ હેઠળ મહિલા જુથો**

૧૦૮૨૫**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા મહિલા જુથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોએ આંતરિક ધિરાણ શરૂ કરેલ છે, અને

(૩) કેટલા જૂથો આર્થિક પ્રવૃત્તિ કરે છે ?

**જવાબ**

(૧) મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૪૪૫૧ મહિલા જુથની રચના કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી આંતરિક ધિરાણ કરતાં કુલ ૨૮૯૨ મહિલા જુથો છે.

(૩) આર્થિક પ્રવૃત્તિ કરતાં કુલ ૪૩૫ જુથો છે.

------------

**કચ્છ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને વિભાજન માટેની અરજીઓ**

૧૧૦૨૩**ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવા રેશનકાર્ડ તેમજ રેશનકાર્ડ વિભાજન માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| | **અરજીઓ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | નવા રેશનકાર્ડ માટે | ૬૭૬૦ |
| ૨ | કાર્ડ વિભાજન માટે | ૧૮૫૫૦ |
| | **કુલ :** | **૨૫૩૧૦** |

(૨)

| | **નિકાલ** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | નવા રેશનકાર્ડ | ૬૬૦૯ |
| ૨ | કાર્ડ વિભાજન | ૧૭૨૮૫ |
| | **કુલ :** | **૨૩૮૯૪** |

(૩) બનતી ત્વરાએ.

------------

**અમરેલી જિલ્લામાં રોઝ, ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુક્ત કરવા બાબત**

૧૦૮૬૩ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ખેડૂતોના ખેતીના પાકને રોઝ અને ભૂંડ નુકસાન કરે છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ રોઝ તથા ભૂંડના ત્રાસમાંથી ખેડૂતોને મુક્ત કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રોઝ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમની અધિસૂચિમાં આવરી લેવામાં આવેલ છે. જ્યારે ડોમેસ્ટીક ભૂંડ આ અધિનિયમમાં આવતું નથી.

રોઝના ત્રાસમાંથી ખેડૂતોને મુક્તિ આપવાના આશયથી સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧. વન અને પર્યાવરણ વિભાગના તા. ૬-૭-૨૦૦૬ તથા તા. ૨૭-૧-૨૦૦૯ના જાહેરનામાથી અમરેલી જિલ્લાના અનુક્રમે ૧૪૭ તથા ૨૭ મળી ૧૭૪ ગામના સરપંચશ્રીઓને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે જાહેર કરી ખેતીના ઉભા પાકને નુકશાન કરતા

હોય તેવા રોઝનો નિકાલ કરવા અધિકૃત કરેલ છે.
૨. વન અને પર્યાવરણ વિભાગના તા. ૨૦-૫-૨૦૦૫ના ઠરાવથી ખેતર ફરતે નિયત ડીઝાઇનની કાંટાળા તારની વાડ બનાવવા સારુ બજેટ ઉપલબ્ધીની મર્યાદામાં એસ્ટીમેટના ૫૦ ટકા રકમની નાણાકીય સહાય આપવામાં આવે છે.
૩. ઉપદ્રવવાળા વિસ્તારમાં ફટાકડા ફોડીને હલનચલનવાળા ચાડિયા રાખીને તથા રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે છે.
૪. ખેતીના પાકને થતા નુકશાન સામે પાકને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

------------

**સુરત જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો**

૧૧૦૩૬**શ્રીમતી ભારતીબેન રાઠોડ(કામરેજ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી, | (૧) શૂન્ય. |
| (૨) રાજ્ય સરકાર ધ્વારા આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવા માંગે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કેટલી રકમનો વધારો કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૧૦૯૧૦**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા(છોટાઉદેપુર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા. ૧-૪-૦૮ થી અમલ કરવામાં આવેલ છે.<br>તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં) ૨૩૫૨૦૧ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) તેમને કેટલા માનવદિનની રોજગારી આપવામાં આવી ? | (૨) તેમને ૫.૦૧ લાખ માનવદિન રોજગારી આપવામાં આવી. |

------------

**અમદાવાદ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત**

**૨૪૧/page>૧૧૦૦૦ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો આવેલા છે, | (૧) ૪૯૮. |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૧૫. |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૧૧૦૧૭ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યાં,

(૨) તે પેકી કેટલા કુટુંબો કામ પર આવ્યાં, અને

(૩) તે પેકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં) ૨૭૦૭૧ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા.

(૨) તે પેકી ૨૪૩૬૨ કુટુંબો કામ પર આવ્યાં.

(૩) તે પેકી ૫૬૮૮૫ પુરૂષો અને ૪૭૯૯૭ મહિલાઓને કામ આપવામાં આવ્યું.

------------

**બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત**

૧૦૯૯૯ **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ(પાલનપુર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો આવેલા છે,

(૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯૨૦.

(૨) ૭૭.

(૩) બનતી ત્વરાએ.

------------

**અમદાવાદ જિલ્લામાં અંત્યોદય યોજનામાં અનાજ આપવા બાબત**

૧૧૦૪૦**શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા(રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા પ્રકારનું કેટલું અનાજ ફાળવવામાં આવ્યું,

(૨) તે પેકી ફોર્ટીફાઈડ આટો કેટલો આપવામાં આવ્યો, અને

(૩) બી.પી.એલ. લાભાર્થીઓને ફોર્ટીફાઈડ આટો આપવા માંગો છો કે કેમ ?

**જવાબ**

(૧)

| **પ્રકાર** | **ફાળવેલ જથ્થો** |
|---|---|
| ઘઉં | ૬૭૦૪ મે.ટન |
| ચોખા | ૫૬૫૪ મે.ટન |

(૨) ૪૯૭૮ મે.ટન.

(૩) વિચારણા હેઠળ છે.

**પંચમહાલ જિલ્લામાં સહભાગી વન મંડળીઓ ધ્વારા રોપા રોપવા બાબત**

૧૧૪૮૯**શ્રી જેઠાભાઈ ભરવાડ(શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦મી જૂન, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સહભાગી વન મંડળીઓ ધ્વારા વન મહોત્સવ દરમ્યાન કેટલા રોપા રોપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦મી જૂન, ૨૦૦૮ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સહભાગી વન મંડળીઓ દ્વારા વન મહોત્સવ દરમ્યાન રોપેલ રોપાની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | વન મહોત્સવ (રોપાની સંખ્યા લાખમાં) | ખાતાકીય (રોપાની સંખ્યા લાખમાં) | કુલ (રોપાની સંખ્યા લાખમાં) |
|---|---|---|---|
| ગોધરા | ૦.૨૮ | ૧.૫૨ | ૧.૮૦ |
| શહેરા | ૦.૧૦ | ૧.૯૩ | ૨.૦૩ |
| મોરવા (હ) | ૦.૩૫ | ૦.૮૧ | ૧.૧૬ |
| ખાનપુર | ૦.૦૧ | ૦.૯૦ | ૦.૯૧ |
| લુણાવાડા | ૦.૦૦ | ૦.૬૧ | ૦.૬૧ |
| કાલોલ | ૦.૦૦ | ૦.૩૮ | ૦.૩૮ |
| હાલોલ | ૦.૦૦ | ૦.૪૦ | ૦.૪૦ |
| કડાણા | ૦.૦૦ | ૧.૦૩ | ૧.૦૩ |
| ઘોઘંબા | ૦.૦૦ | ૦.૨૪ | ૦.૨૪ |
| સંતરામપુર | ૦૦૦ | ૨.૫૪ | ૨.૫૪ |
| **કુલ :** | **૦.૭૪** | **૧૦.૩૬** | **૧૧.૧૦** |

(૨) તે અંગે કુલ કેટલો ખર્ચ થયો ? (૨) તે અંગે કુલ રૂ. ૧૨૫.૫૭ લાખનો ખર્ચ થયેલ છે.

------------

**અમદાવાદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૦૯૮૯**શ્રી ભરત બારોટ(દરિયાપુર-કાઝીપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨) :

| | મંજૂર જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૬ | ૦૩ |
| વર્ગ-૨ | ૧૮ | ૦૮ |
| વર્ગ-૩ | ૨૩૧ | ૪૪ |
| વર્ગ-૪ | ૫૫ | ૦૫ |

(૩) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જ્ગ્યાઓ ભરવા માંગે છે ? (૩) બનતી ત્વરાએ.

------------

**આમોદ તાલુકામાં સસ્તા અનાજની દુકાનો ધ્વારા અનાજ કાળા બજારમાં વેચવાની ફરિયાદો**

૧૦૫૫૩ **શ્રી કિરણકુમાર લ.મકવાણા(જંબુસર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં સસ્તા અનાજની દુકાનો તરફથી રેશનકાર્ડ જે કાર્ડ ધારકોને અપાયેલા છે તે પોતાની પાસે રાખી અનાજ બારોબાર કાળાબજારમાં વેચે છે તેવી કેટલી ફરિયાદો મળી, અને (૧) કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) ઉક્ત ફરિયાદો સામે સરકારે શાં પગલાં લીધા ? (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**સુરત જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત**

૧૧૦૦૨**શ્રી ગણપતભાઈ વસાવા(માંગરોળ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પેકી કેટલા ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને (૧) ૩૩૩.

(૨) એફ.પી.એસ થવાથી પરવાનેદારોની આવકમાં વધારો થાય છે કે કેમ ? (૨) હા, જી.

**પાટણ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર જ્ગ્યાઓ**

૧૦૯૮૭ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ પાટણ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨) :

| | મંજૂર જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૫ | ૯ |
| વર્ગ-૨ | ૧૨ | ૨ |
| વર્ગ-૩ | ૧૪૮ | ૬૧ |
| વર્ગ-૪ | ૨૪ | ૫ |
| **કુલ :** | **૧૯૯** | **૭૭** |

(૩) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જ્ગ્યાઓ ભરવા માંગે છે ? (૩) બનતી ત્વરાએ.

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં કેરોસીનનો જથ્થો ફાળવવા અંગે**

૧૦૫૭૦ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તાલુકાદીઠ રેશનીંગ કાર્ડની સંખ્યાના પ્રમાણમાં કેટલો કેરોસીનનો જથ્થો ક્યારે ક્યારે ફાળવવામાં આવ્યો,

(૨) કાર્ડ ધારકોને કાર્ડદીઠ નિયત કરેલ પ્રમાણ મુજબ કેરોસીન એકી સાથે ફાળવવામાં આવતું નથી તે બાબત સરકારના ધ્યાન ઉપર છે, અને

(૩) તે અંગે દુકાનદારો સામે શાં પગલાં સરકારે લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તાલુકાદીઠ રેશનકાર્ડની સંખ્યાના પ્રમાણમાં નીચે જણાવ્યા મુજબનો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો.

| અ.નં. | માસનુંનામ | લુણાવાડા તાલુકો | | ખાનપુર તાલુકો | |
|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત કિ.લી. | ફાળવણી કિ.લી. | જરૂરીયાત કિ.લી. | ફાળવણી કિ.લી. |
| ૧ | ફેબ્રુ.-૦૮ | ૩૪૩ | ૩૨૮ | ૧૪૫ | ૧૩૯ |
| ૨ | માર્ચ-૦૮ | ૩૪૩ | ૩૨૮ | ૧૪૪ | ૧૩૯ |
| ૩ | એપ્રિલ-૦૮ | ૩૪૩ | ૩૨૫ | ૧૪૫ | ૧૩૮ |
| ૪ | મે-૦૮ | ૩૪૪ | ૩૨૫ | ૧૪૭ | ૧૩૭ |
| ૫ | જુન-૦૮ | ૩૪૩ | ૩૨૮ | ૧૪૯ | ૧૩૯ |
| ૬ | જુલાઇ-૦૮ | ૩૪૧ | ૩૩૪ | ૧૪૪ | ૧૪૩ |
| ૭ | ઓગ.-૦૮ | ૩૩૯ | ૩૨૯ | ૧૪૫ | ૧૪૧ |
| ૮ | સપ્ટે.-૦૮ | ૩૩૩ | ૩૩૧ | ૧૪૨ | ૧૪૧ |
| ૯ | ઓક્ટો.-૦૮ | ૩૩૩ | ૩૩૨ | ૧૪૧ | ૧૪૧ |
| ૧૦ | નવે.-૦૮ | ૩૩૩ | ૩૩૩ | ૧૪૧ | ૧૪૧ |
| ૧૧ | ડિસે.-૦૮ | ૩૩૨ | ૩૩૨ | ૧૪૧ | ૧૪૧ |
| ૧૨ | જાન્યુ.-૦૯ | ૩૩૦ | ૩૩૦ | ૧૪૨ | ૧૪૨ |

(૨) માહે જુલાઇ-૦૮ થી ગ્રામ્ય-તાલુકા કક્ષાના તમામ કાર્ડધારકોને મળવાપાત્ર ૫ લીટર કે ૧૦ લીટર કેરોસીનનો જથ્થો એકી સાથે આપવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ખેડા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવા બાબત**

૧૧૦૦૪**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને

(૨) એફ.પી.એસ. થવાથી પરવાનેદારોની આવકમાં વધારો થયો છે કે કેમ ?

**જવાબ**

(૧) ૫૯૫.

(૨) હા, જી.

**વડોદરા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં આવાસો**

૧૧૦૪૨ **શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને વર્ષ ૨૦૦૮-૦૯ માં કેટલા ઈન્દિરા આવાસ મંજુર કરવામાં આવ્યા,

(૨) મંજૂર થયેલ આવાસો પૈકી તા. ૩૧-૫-૦૯ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૪) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં ૭૮૧૨ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં ૧૫૪૨૯ ઇન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા.

(૨) મંજૂર થયેલ પૈકી તા. ૩૧-૫-૦૯ સુધીમાં ૧૪૨૬૬ આવાસો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) તેની પાછળ કુલ રૂ. ૫૭૫૯.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) આવાસનું બાંધકામ લાભાર્થી જાતે કરે છે તેથી બાકી રહેલા આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસો કરવામાં આવશે.

------------

## આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં રોજગારી

૧૦૯૧૨**શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

આણંદ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કેટલી મહિલા અને કેટલા પુરૂષોને રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા. ૧-૪-૦૮ થી અમલ કરવામાં આવેલ છે.

તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં) ૧૭૨૩૦ મહિલા અને ૩૧૯૨૩ પુરૂષોને રોજગારી આપવામાં આવી.

------------

## મોરબી તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મકાનો

૧૧૦૫૬**શ્રી કાન્તીલાલ અમૃતિયા(મોરબી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવામાં આવ્યાં,

(૨) કેટલા મકાનો બાંધવાના બાકી રહ્યા છે,

(૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરદાર આવાસ યોજના હેઠળ **૫૬** મકાનો બાંધવામાં આવ્યાં.

(૨) **૫** બાકી મકાનોનું બાંધકામ પ્રગતિમાં છે.

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

(૪) **રૂા. ૧૭.૨૫** લાખ.

------------

## જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ અંગેની ફરિયાદો

૧૧૫૬૦**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ધારક કુટુંબમાંથી પુખ્ત પુત્ર છુટા પડે (જુદા થાય) તો તેને બી.પી.એલ. કાર્ડ ઈસ્યુ થતા નથી તેવી કેટલી ફરિયાદો સને ૨૦૦૮-૦૯ માં મળી છે,

(૨) આવા છુટા પડનાર સભ્યોમાંથી કેટલાને તા.૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ બી.પી.એલ. કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, અને

(૩) બાકીની અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## વડોદરા જિલ્લામાં ચેકડેમો અને વન તલાવડીઓ

૧૦૫૫૫ **શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વન વિભાગ દ્વારા તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા તાલુકામાં ચેકડેમો અને વન તલાવડીઓ બનાવવામાં આવી,

(૨) આ કામો પાછળ કેટલી રકમ ખર્ચ થઈ, અને

(૩) કેટલી રકમ તે અન્વયે વણવપરાયેલી છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર, ક્વાંટ, નસવાડી, જેતપુર-પાવી અને સંખેડા તાલુકાઓમાં ચેકડેમો બનાવવામાં આવેલ છે, જ્યારે કોઈ વન તલાવડી બનાવવામાં આવેલ નથી.

(૨) આ કામો પાછળ કુલ રૂ. ૨૭૨.૬૮ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

(૩) રૂ. ૨૨.૮૯ લાખ વણવપરાયેલ છે.

------------

## આણંદ જિલ્લામાં ગોકુળ ગ્રામ યોજના

૧૧૫૪૫**શ્રી લાલસિંહ વડોદિયા(ઉમરેઠ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ આપવામાં આવતી સુવિધાઓ પૂર્ણ કરવાની બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુલ ૭૫ ગામોમાં ગોકુળ ગ્રામ યોજના હેઠળ આપવામાં આવતી સુવિધાઓ પૂર્ણ કરવાની બાકી છે, જેની માહિતી નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૮ |
| ૨ | ઉમરેઠ | ૯ |
| ૩ | બોરસદ | ૧૨ |
| ૪ | આંકલાવ | ૭ |
| ૫ | પેટલાદ | ૧૬ |
| ૬ | સોજીત્રા | ૩ |
| ૭ | ખંભાત | ૧૫ |
| ૮ | તારાપુર | ૫ |
| | કુલ : | ૭૫ |

(૨) આણંદ ખાતે ઉમરેઠ તાલુકાના ક્યા ક્યા ગામો ગોકુળ ગ્રામ યોજનાથી વંચિત છે, અને

(૩) વંચીત ગામોને ક્યાં સુધીમાં ગોકુળ ગ્રામ યોજનાનો લાભ આપવામાં આવશે ?

(૨) આણંદ ખાતે ઉમરેઠ તાલુકાના કોઈ ગામો ગોકુળ ગ્રામ યોજનાથી વંચિત નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બનાસકાંઠા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં મકાનો

૧૧૦૧૨**શ્રી અનિલભાઈ માળી(દિયોદર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસ તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં બાંધવામાં આવ્યા,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ૬૯૦૫ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ૧૧૫૨૮ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી તા. ૩૧-૫-૦૯ સુધીમાં ૧૪૮૭૨ આવાસ બાંધવામાં આવ્યા.

(૩) તેની પાછળ કુલ રૂ. ૫૯૬૪.૯૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) આવાસનું બાંધકામ લાભાર્થી જાતે કરે છે તેથી બાકી રહેલા આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસો કરવામાં આવશે.

------------

## રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં રોજગારી

**૨૪૬/page>૧૦૯૧૩ શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

(૨) તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા. ૧-૪-૦૮થી અમલ કરવામાં આવેલ છે.

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં) ૪૦૦૭૫ કુટુંબોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ રોજગારી આપવામાં આવી.

(૨) તે અંગે કુલ રૂ. ૪૬૦.૪૩ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

### અંત્યોદય યોજનામાં કેન્દ્ર સરકારે ફાળવેલ અનાજનો જથ્થો

૧૦૫૬૦**શ્રી શૈલેષભાઈ મ.પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અંત્યોદય યોજના હેઠળ ફાળવવામાં આવતા અનાજના જથ્થા પેટે સને ૨૦૦૭-૨૦૦૮ અને ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં કેટલો જથ્થો કેન્દ્ર સરકારે ફાળવ્યો, અને

**જવાબ**

(૧)

(આંકડા મે. ટનમાં)

| | અનાજનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૭૬૫૭૬ | ૧૮૪૪૭૬ |
| ૨ | ચોખા | ૧૫૫૬૦૪ | ૧૫૫૬૦૪ |
| ૩ | મકાઈ | ૪૮૦૦ | -- |
| ૪ | બાજરી | ૩૧૦૦ | -- |

(૨) ફાળવેલ અનાજના જથ્થામાંથી રાજ્ય સરકારે વર્ષવાર કેટલો જથ્થો ક્યારે ઉપાડયો ?

(૨)

(આંકડા મે. ટનમાં)

| | અનાજનું નામ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૧૫૪૭૪૪ | ૧૮૦૬૯૯ |
| ૨ | ચોખા | ૧૩૮૦૯૧ | ૧૪૩૫૯૨ |
| ૩ | મકાઈ | ૨૪૦૦ | -- |
| ૪ | બાજરી | ૧૫૫૦ | -- |

### ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના નીચે શ્રમિકોને ચૂકવેલ વેતન

૧૦૯૧૧**શ્રી આત્મારામભાઈ પરમાર(ગઢડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ કેટલા કુટુંબોને રોજગારી આપવામાં આવી, અને

(૨) શ્રમિકોને કુલ કેટલું વેતન ચૂકવવામાં આવ્યું?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા. ૧-૪-૦૮થી અમલ કરવામાં આવેલ છે.

તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં) ૨૧૭૯૪ કુટુંબોને રોજગારી આપવામાં આવી.

(૨) શ્રમિકોને કુલ રૂ. ૨૪૯.૨૧ લાખ વેતન ચૂકવવામાં આવેલ છે.

------------

### વડોદરા જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો

૧૦૯૯૮**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી,

(૨) રાજ્ય સરકાર દ્વારા આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવા માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી રકમનો વધારો કરવા માંગે છે ?

**જવાબ**

(૧) કુલ : ૫ (પાંચ)
વડોદરા - ૩ (ત્રણ)
સંખેડા - ૧ (એક)
કરજણ - ૧ (એક)

(૨) અને (૩) : પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ધ્વારા તા. ૧૦-૧૦-૨૦૦૮ના ઠરાવથી મહિલા સમરસ ગ્રામ પંચાયતોના કિસ્સામાં પ્રોત્સાહક અનુદાનનું બમણું ધોરણ અમલમાં મુકેલ છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કાલોલ તાલુકામાં રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૧૦૨૯**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કાલોલ તાલુકામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૧૪૧૪ અરજીઓ આવી. |
| (૨) તે પૈકી પ્રકારવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તમામ અરજીઓ એ.પી.એલ.ની હતી જે મંજૂર કરવામાં આવી. |
| (૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસના મકાનો**

૧૧૦૧૩**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ૨૧૪૬ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં ૧૭૬૬ મળીને કુલ ૩૯૧૨ ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) તે પૈકી તા.૩૧-૫-૦૯ સુધીમાં કેટલા આવાસ બાંધવામાં આવ્યા, | (૨) તે પૈકી તા. ૩૧-૫-૦૯ સુધીમાં ઉક્ત તમામ (૩૯૧૨) આવાસ બાંધવામાં આવ્યા. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૩) તેની પાછળ ૧૪૭૭.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૪) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**કચ્છ જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત**

૧૦૯૮૪**શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી(મુંદ્રા) માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, | (૧) ૧૧ (અગિયાર)-પૂર્ણ,<br>૨૧ (એક્વીસ)-પ્રગતિમાં. |
| (૨) ઉક્ત સ્થિતિએ પંચાયત ઘરો બનાવવાની કેટલી માંગણીઓ પડતર છે, અને | (૨) ૨૯ (ઓગણત્રીસ). |
| (૩) ઉક્ત પડતર માંગણીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

**આણંદ જિલ્લામાં તાલુકાદીઠ બી.પી.એલ. કુટુંબો**

૧૧૫૪૩ **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાદીઠ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ સ્કોર મુજબ બી.પી.એલ. કુટુંબોની સંખ્યા કેટલી છે, અને | (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાદીઠ ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ સ્કોર ધરાવતાં કુટુંબોની સંખ્યા નીચે મુજબ છે. |

(૨)

| તાલુકાનું નામ | ૦ થી ૧૬ સ્કોર | ૧૭ થી ૨૦ સ્કોર |
|---|---|---|
| આણંદ | ૧૨૧૪૪ | ૧૩૦૪૧ |
| આંકલાવ | ૧૦૧૦૦ | ૬૪૪૪ |
| બોરસદ | ૧૯૬૭૧ | ૧૭૯૫૬ |
| ખંભાત | ૯૦૧૪ | ૮૮૯૪ |
| પેટલાદ | ૧૧૩૦૧ | ૧૧૧૨૪ |
| સોજીત્રા | ૩૬૪૨ | ૬૦૦૧ |
| તારાપુર | ૪૪૭૮ | ૩૬૧૨ |
| ઉમરેઠ | ૭૭૫૦ | ૮૫૦૫ |
| કુલ.. | ૭૮૧૦૦ | ૭૫૫૭૭ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ જે ગરીબ કુટુંબોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ નથી તેનો સમાવેશ ક્રવાનું કોઇ આયોજન છે? | (૨) બીપીએલ યાદી ડાયનેમિક હોવાથી બીપીએલ યાદીમાં સમાવેશ થયેલ નથી તેવા કુટુંબોની અરજી મળ્યેથી ચકાસણી કરી સામાજીક આર્થિક માપદંડોને આધારે પાત્રતા ધરાવતાં કુટુંબોનો સમાવેશ ક્રવામાં આવે છે. |

------------

**અમરેલી જિલ્લામાં સમરસ થયેલ ગ્રામ પંચાયતો**

૧૦૮૯૯**શ્રી કાળુભાઇ વી. વીરાણી(કુંડલા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ, | (૧) ૧ (એક). |
| (૨) તેમાં સતત બીજીવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ, અને | (૨) શૂન્ય. |
| (૩) સમરસ થયેલી ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ ક્યાં સુધીમાં આપવામાં આવશે? | (૩) ગ્રાન્ટ ચુક્વણા સબંધેના આદેશો થઈ ગયેલ છે. |

------------

**સુરત જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજનામાં આવાસો**

૧૧૦૪૩ **શ્રી કિરીટભાઈ ગં.પટેલ(ઓલપાડ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં કેટલા ઇન્દિરા આવાસ મંજૂર ક્રવામાં આવ્યા, | (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮માં ૯૭૨૮ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં ૯૭૯૪ ઇન્દિરા આવાસ મંજૂર ક્રવામાં આવ્યા. |
| (૨) તે પૈકી તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ ક્રેલ છે, | (૨) તે પૈકી તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ ઉક્ત તમામ આવાસો પૂર્ણ ક્રેલ છે. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ ક્રવામાં આવેલ છે, અને | (૩) તેની પાછળ કુલ રૂ. ૫૮૭૩.૬૨ લાખનો ખર્ચ ક્રવામાં આવેલ છે. |
| (૪) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ ક્રવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**ભરૂચ જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો**

૧૦૯૯૭**શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ(ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તાલુક્રાવાર છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર ક્રવામાં આવી, | (૧) ફક્ત ઝગડિયા તાલુક્રાની ચાર ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર ક્રવામાં આવી. |
| (૨) રાજ્ય સરકાર ધ્વારા આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો ક્રવા માંગે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કેટલી રકમનો વધારો ક્રવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સુરત જિલ્લામાં અંત્યોદય યોજનામાં ફાળવેલ અનાજ**

૧૧૦૦૭**શ્રી નાનુભાઈ ભ.વાનાણી(સુરત શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** | |
|---|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા | (૧) પ્રકાર | ફાળવેલ જથ્થો |
| | ઘંઉ | ૧૪૬૯૨ મે. ટન |

પ્રકારનું કેટલું અનાજ ફાળવવામાં આવ્યું,

ચોખા ૧૨૩૮૮ મે. ટન

(૨) તે પૈકી ફોર્ટીફાઇડ આટો કેટલો આપવામાં આવ્યો, અને

(૨) ૧૪૦૨૯ મે. ટન

(૩) બી.પી.એલ. લાભાર્થીઓને ફોર્ટીફાઇડ આટો આપવા માંગો છો કે કેમ?

(૩) વિચારણા હેઠળ છે.

------------

## ભાવનગર જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજનામાં મકાનો

૧૦૯૧૪**શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા(પાલીતાણા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલા આવાસો મંજૂર થયા,

(૨) તે પૈકી કેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ આવાસોનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ તાલુકાવાર ૨૨૨૪ આવાસો મંજૂર થયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આવાસો |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૭૨ |
| ૨ | બોટાદ | ૨૬૪ |
| ૩ | ગઢડા | ૩૩૬ |
| ૪ | ગારીયાધાર | ૬ |
| ૫ | ઘોઘા | ૫૯ |
| ૬ | મહુવા | ૧૯૮ |
| ૭ | પાલીતાણા | ૩૬૬ |
| ૮ | સિહોર | ૨૧૭ |
| ૯ | તળાજા | ૩૧૩ |
| ૧૦ | ઉમરાળા | ૧૦૬ |
| ૧૧ | વલભીપુર | ૮૭ |
| | કુલ | ૨૨૨૪ |

(૨) તે પૈકી ૧૦૨૦ આવાસો પૂર્ણ કરવામાં આવ્યા જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ આવાસો |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૧૩ |
| ૨ | બોટાદ | ૯૪ |
| ૩ | ગઢડા | ૧૨૦ |
| ૪ | ગારીયાધાર | ૪ |
| ૫ | ઘોઘા | ૯ |
| ૬ | મહુવા | ૬૧ |
| ૭ | પાલીતાણા | ૧૮૮ |
| ૮ | સિહોર | ૧૭૫ |
| ૯ | તળાજા | ૧૩૪ |
| ૧૦ | ઉમરાળા | ૫૧ |
| ૧૧ | વલભીપુર | ૭૧ |
| | કુલ | ૧૦૨૦ |

(૩) ઈન્દિરા આવાસ યોજનામાં લાભાર્થી જાતે આવાસનું બાંધકામ કરે છે. બાકી રહેલા આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસો કરવામાં આવશે.

------------

## પાટણ જિલ્લામાં તીર્થગામ જાહેર કરવા બાબત

૧૦૯૦૩ **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા,

(૧) ૫ (પાંચ)

(૨) તીર્થગામ તરીકે જાહેર કરેલ કેટલા ગામોને

(૨) ૫ (પાંચ)

અનુદાનની રકમ આપવામાં આવી, અને

(૩) કેટલા ગામોને આપવાની બાકી છે? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**વડોદરા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર જગ્યાઓ**

૧૦૯૮૫**શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા(સયાજીગંજ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨)

| | મંજૂર જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૬ | ૦૪ |
| વર્ગ-૨ | ૧૩ | ૦૫ |
| વર્ગ-૩ | ૨૧૯ | ૫૮ |
| વર્ગ-૪ | ૪૯ | ૦૧ |
| કુલ | ૨૯૭ | ૬૮ |

(૩) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવા માગે છે? (૩) બનતી ત્વરાએ

------------

**ધારી તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મકાનો**

૧૧૦૫૪**શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, (૧) અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ ૧૧૭ મકાનો બાંધવામાં આવ્યા.

(૨) કેટલા મકાનો બાંધવાના બાકી રહયા છે, (૨) ૧૪ મકાનો અધુરા છે.

(૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

(૪) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયો? (૪) રૂા. ૩૬.૫૮ લાખ.

------------

**સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર જગ્યાઓ**

૧૦૯૮૬**શ્રી પ્રફૂલભાઈ ખો.પટેલ(હિંમતનગર):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી ખાલી જગ્યાઓ છે, અને

(૧) અને (૨)

| | મંજૂર જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૫ | ૫ |
| વર્ગ-૨ | ૩૨૧ | ૮૧ |
| વર્ગ-૩ | ૩૧૩૩ | ૮૭૭ |
| વર્ગ-૪ | ૩૪૨ | ૧૧૩ |

(૩) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવા માગે છે? (૩) બનતી ત્વરાએ

------------

**જિલ્લા ગ્રાહક કોર્ટો અંગે**

૧૧૫૨૫ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા(પોરબંદર):માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ રાજ્યમાં (૧) ૨૬.

કેટલી જિલ્લા ગ્રાહક કોર્ટ કાર્યરત છે, અને

(૨) આ પેકી કેટલી કોર્ટના વડાની જગ્યાઓ ભરાયેલ છે?

(૨) ૧૮.

------------

**કાંકરેજ તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મકાન**

૧૧૦૫૩**શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવામાં આવ્યા, | (૧) બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં સરદાર આવાસ યોજના હેઠળ ૮૮ મકાનો બાંધવામાં આવ્યા. |
| (૨) કેટલા મકાનો બાંધવાના બાકી છે, | (૨) ૨૮ મકાનો બાંધવાના બાકી છે. જે પ્રગતિમાં છે. |
| (૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |
| (૪) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયો ? | (૪) રૂા. ૩૧.૬૮ લાખ. |

------------

**વડોદરા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવા બાબત**

૧૧૦૦૩**શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા(વડોદરા શહેર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને | (૧) ૭૪૬. |
| (૨) એફ.પી.એસ. થવાથી પરવાનેદારોની આવકમાં વધારો થયો છે કે કેમ ? | (૨) હા, જી. |

------------

**જામનગર શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

૧૧૦૨૭**પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર શહેરમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૧)

| પ્રકાર | રદ કરેલ કાર્ડ |
|---|---|
| એ.પી.એલ. | ૩૬૫૮ |
| બી.પી.એલ. | ૫૨૧ |
| અંત્યોદય | ૧૧૫ |
| કુલઃ- | ૪૨૯૪ |

(૨) તેનાથી સરકારને શું નાણાકીય ફાયદો થયો ?

(૨) સબસીડીમાં વાર્ષિક રૂા. ૩,૦૧,૩૮૨/-નો નાણાકીય ફાયદો થયો.

------------

**જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલ જગ્યાઓ**

૧૦૯૦૨**શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યા ખાલી છે, અને | (૧) ૧૪૨. |
| (૨) સરકાર ક્યાં સુધીમાં ખાલી જગ્યાઓ ભરવા માંગે છે ? | (૨) બનતી ત્વરાએ. |

------------

**નવસારી જિલ્લામાં મહિલા સમરસ ગ્રામ પંચાયતો**

૧૧૦૩૫ **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને મહિલા સમરસ ગ્રામ પંચાયત જાહેર કરવામાં આવી, | (૧) શૂન્ય. |
| (૨) સરકાર ધ્વારા આવી મહિલા સમરસ ગ્રામ પંચાયતોને આપવામાં આવતી અનુદાનની રકમમાં વધારો કરવા માંગે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કેટલી રકમનો વધારો કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જામનગર અને કચ્છ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ ન આપવાની ફરિયાદો**

૧૧૫૫૩**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને કચ્છ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડમાંથી પુખ્ત પુત્ર છુટા પડે તો તેને બી.પી.એલ. કાર્ડ ઈસ્યુ થતાં નથી તેવી કેટલી ફરિયાદો સને ૨૦૦૮-૦૯માં મળી, અને | (૧) કોઈ ફરિયાદો મળેલ નથી. |
| (૨) આવા છુટા પડનાર સભ્યને બી.પી.એલ. કાર્ડ ઈસ્યુ કરવા સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર જગ્યાઓ**

૧૦૯૦૧**શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા(દસાડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની મંજૂર થયેલી જગ્યાઓ પેકી કેટલી જગ્યા ખાલી છે, અને | (૧) ૧૩૪. |
| (૨) સરકાર ક્યાં સુધીમાં આ ખાલી જગ્યાઓ ભરવા માંગે છે ? | (૨) બનતી ત્વરાએ. |

------------

**મહેસાણા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૦૯૯૦**શ્રી અનિલભાઈ પટેલ(મહેસાણા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તલાટી-કમ-મંત્રીઓની મંજૂર થયેલ જગ્યાઓ પેકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૦૮. |
| (૨) સરકાર આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે ? | (૨) બનતી ત્વરાએ. |

------------

**મહેસાણા જિલ્લામાં અંત્યોદય યોજનામાં અનાજ આપવા બાબત**

૧૧૦૩૯ **શ્રીમતી જશોદાબેન પરમાર(જોટાણા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા પ્રકારનું કેટલું અનાજ ફાળવવામાં આવ્યું, | (૧) <u>પ્રકાર</u> — <u>ફાળવેલ જથ્થો</u><br>ઘંઉ — ૩૩૪૦૦ ક્વિન્ટલ<br>ચોખા — ૨૮૧૪૦ ક્વિન્ટલ |
| (૨) તે પેકી ફોર્ટીફાઈડ આટો કેટલો આપવામાં આવ્યો, અને | (૨) ૨૭,૮૮૯ ક્વિન્ટલ |
| (૩) બી.પી.એલ. લાભાર્થીઓને ફોર્ટીફાઈડ આટો આપવા માંગો છો કે કેમ ? | (૩) વિચારાધીન બાબત છે. |

------------

**પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના પડતર કેસ**

૧૦૫૯૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીઓની વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તેમાંથી કેટલાને રહેમરાહે નોકરી આપવામાં આવી, કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) અને (૨)

| વર્ષ | મળેલ અરજીઓ | સ્વીકાર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|
| (૧) ૧-૬-૨૦૦૬ થી ૩૧-૫-૨૦૦૭ | ૨૨૯ | ૨૭ | ૬૬ |
| (૨) ૧-૬-૨૦૦૭ થી ૩૧-૫-૨૦૦૮ | ૨૬૧ | ૦૦ | ૯૯ |
| (૩) ૧-૬-૨૦૦૮ થી ૩૧-૫-૨૦૦૯ | ૨૫૩ | ૦૦ | ૫૮ |

(૩) ઉક્ત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૩) નિયમાનુસાર ચકાસણી કરી કેસોના નિકાલની કાર્યવાહી ચાલુ છે.

------------

**કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં થયેલ કામો**

૧૦૮૯૬**શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) :: માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના અંતર્ગત કુલ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કામો પૂર્ણ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કામો બાકી છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા.૧-૪-૦૮થી અમલ કરવામાં આવેલ છે.

તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (તા.૧-૬-૦૮થી તા.૩૧-૫-૦૯ સુધીમાં) ૬૯૦ કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પેકી ૨૧૧ કામો પૂર્ણ થયા.

(૩) ઉક્ત સ્થિતિએ ૪૭૯ કામો બાકી છે જે પ્રગતિ હેઠળ છે.

------------

**વડોદરા જિલ્લામાં તાલુકા પંચાયતોનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૧૪૫૨**શ્રી મોહનસિંહ છો.રાઠવા(પાવી-જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં દરેક તાલુકા દીઠ તાલુકા પંચાયતનું સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) અને (૨)

| | તાલુકા | વર્ગ-૨ જ્યાઓ | વર્ગ-૩ જ્યાઓ | વર્ગ-૪ જ્યાઓ |
|---|---|---|---|---|

(૨) ઉક્ત સ્થિતિએ તે પેકી સંવર્ગવાર કેટલી જ્યાઓ ખાલી છે, અને

| | | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૦૨ | ૦ | ૧૨૮૦ | ૪૨ | ૧૩ | ૩ |
| ૨ | પાદરા | ૦૩ | ૦ | ૧૦૩૧ | ૫૬ | ૧૦ | ૨ |
| ૩ | કરજણ | ૦૨ | ૦ | ૬૭૮ | ૨પે | ૧૩ | ૨ |
| ૪ | શિનોર | ૦૨ | ૦ | ૨૫૨ | ૨૮ | ૦૯ | ૪ |
| ૫ | ડભોઇ | ૦૩ | ૦ | ૭૬૪ | ૨૪ | ૧૦ | ૧ |
| ૬ | વાઘોડીયા | ૦૩ | ૧ | ૭૮૯ | ૪૨ | ૧૨ | ૨ |
| ૭ | સાવલી | ૦૩ | ૧ | ૧૨૬૬ | ૫૬ | ૧૨ | ૧ |
| ૮ | સંખેડા | ૦૩ | ૧ | ૧૧૭૮ | ૪૦ | ૧૪ | ૦ |
| ૯ | નસવાડી | ૦૩ | ૧ | ૮૧૪ | ૨૮ | ૧૨ | ૪ |
| ૧૦ | જેતપુર-પાવી | ૦૨ | ૦ | ૧૨૨૪ | ૫૦ | ૧૩ | ૬ |
| ૧૧ | છોટા ઉદેપુર | ૦૩ | ૧ | ૯૫૬ | ૩૦ | ૧૨ | ૩ |
| ૧૨ | ક્વાંટ | ૦૨ | ૧ | ૮૮૧ | ૨૫ | ૦૨ | ૦ |

(૩) આ ખાલી જ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વારાએ.

------------

**કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

૧૦૯૦૦**શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઇ, | (૧) ૨૬ (છવીસ). |
| (૨) આ પેકી કેટલી ગ્રામ પંચાયતોને તા.૩૧-૫-૨૦૦૯ સુધીમાં અનુદાનની રકમ મળેલ છે, અને | (૨) ૨૨ (બાવીસ). |
| (૩) બાકી સમરસ ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં અનુદાનની રકમ આપવામાં આવશે? | (૩) બાકી ૪ (ચાર) સમરસ ગ્રામ પંચાયતોને અનુદાનની રકમ બનતી ત્વરાએ ચૂકવવામાં આવશે. |

------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવા બાબત**

૧૧૦૦૬ **શ્રીમતી વર્ષાબેન ન.દોશી(વઢવાણ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પેકી કેટલા ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને | (૧) ૩૭૨. |
| (૨) એફ.પી.એસ. થવાથી પરવાનેદારોની આવકમાં વધારો થાય છે કે કેમ ? | (૨) હા જી. |

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૧૧૦૧૫**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત):માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ આણંદ જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, | (૧) આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા.૧-૪-૦૮થી અમલ કરવામાં આવેલ છે. તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (તા.૧-૬-૦૮થી તા.૩૧-૫-૦૯ સુધીમાં) ૧૪૦૧૪૫ કુટુંબોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ જોબકાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) તે પેકી કેટલા કુટુંબો કામ પર આવ્યા, અને | (૨) તે પેકી ૧૭૯૦૪ કુટુંબો કામ પર આવ્યા. |
| (૩) તે પેકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું ? | (૩) તે પેકી ૩૧૯૨૩ પુરૂષો અને ૧૭૨૩૦ મહિલાઓને કામ આપવામાં આવેલ છે. |

------------

## ભાણવડ તાલુકામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ

૧૧૦૩૨**શ્રી મુળુભાઈ હ. બેરા(ભાણવડ)** : : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાણવડ તાલુકામાં નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫૧૮ અરજીઓ. |
| (૨) તે પૈકી પ્રકારવાર કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) તમામ અરજીઓ એ.પી.એલ.ની હતી, જે મંજૂર કરવામાં આવી. |
| (૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી યોજનામાં રોજગારી

**૨૫૬/page>૧૦૫૫૯શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે

કે.-

**પ્રશ્ન**

(૧) નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ હેઠળ તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા ઈસમોને કેટલી રકમની રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ હેઠળ તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ રોજગારીની રકમ અને ઇસમોને લગતી માહિતી નીચે મુજબ છે.

**ભરૂચ જિલ્લો**

| તાલુકાનું નામ | ઇસમોની સંખ્યા | રોજગારીની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| જંબુસર | ૬૮૧૪ | ૭૯.૯૧ |
| આમોદ | ૧૫૮૧ | ૨૦.૭૨ |
| વાગરા | ૨૮૮૯ | ૧૦.૮૨ |
| ભરૂચ | ૧૦૭૬ | ૪.૧૦ |
| અંકલેશ્વર | ૨૫૧૫ | ૮.૧૦ |
| હાંસોદ | ૫૬૨ | ૨.૭૫ |
| વાલીયા | ૨૨૩૭૬ | ૭૩.૨૬ |
| ઝઘડીયા | ૨૬૬૯૮ | ૧૧૬.૯૫ |
| કુલ... | ૬૪૫૧૧ | ૩૧૬.૬૧ |

**નર્મદા જિલ્લો**

| તાલુકાનું નામ | ઇસમોની સંખ્યા | રોજગારીની રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| નાંદોદ | ૫૪૨૨૦ | ૧૬૨.૭૭ |
| દેડીયાપાડા | ૭૬૨૨૮ | ૨૨૬.૭૧ |
| સાગબારા | ૧૮૧૭૩ | ૫૫.૬૪ |
| તિલકવાડા | ૧૯૩૮૭ | ૧૯.૨૦ |
| કુલ... | ૧૬૮૦૦૮ | ૪૬૪.૩૨ |

(૨) તે અન્વયે કેટલા કામો હાથ ધરવામાં આવ્યા ?

(૨) તે અન્વયે ભરૂચ અને નર્મદા જિલ્લામાં હાથ ધરવામાં આવેલ કામોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

**ભરૂચ જિલ્લો**

| તાલુકાનું નામ | હાથ ધરવામાં આવેલ કામોની સંખ્યા |
|---|---|
| જંબુસર | ૧૪૯ |
| આમોદ | ૮૩ |
| વાગરા | ૮૪ |
| ભરૂચ | ૧૦૬ |
| અંકલેશ્વર | ૧૦૪ |
| હાંસોદ | ૬૫ |
| વાલીયા | ૬૩૨ |
| ઝઘડીયા | ૫૫૮ |
| કુલ... | ૧૭૮૧ |

**નર્મદા જિલ્લો**

| તાલુકાનું નામ | હાથ ધરવામાં આવેલ કામોની સંખ્યા |
|---|---|
| નાંદોદ | ૭૧૨ |
| દેડીયાપાડા | ૧૨૨૦ |
| સાગબારા | ૨૪૯ |
| તિલકવાડા | ૩૫૨ |
| કુલ... | ૨૫૩૩ |

## નવસારી જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ

૧૧૦૧૯**શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ તેમજ રેશનકાર્ડ વિભાજન માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નવા રેશનકાર્ડ તથા વિભાજન માટે મળેલ અરજીઓ.

| | | મળેલ અરજી |
|---|---|---|
| ૧. | નવા રેશન કાર્ડ માટે | ૫૯૬૧ |
| ૨. | રેશનકાર્ડ વિભાજન માટે | ૩૦૯૩ |
| | **કુલ :-** | **૯૦૫૪** |

(૨) નિકાલ કરેલ અરજીઓ

| | | |
|---|---|---|
| ૧. | નવા રેશન કાર્ડ માટે | ૫૯૬૧ |
| ૨. | રેશનકાર્ડ વિભાજન માટે | ૩૦૯૩ |
| | **કુલ :-** | **૯૦૫૪** |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## અમદાવાદ જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત

૧૦૯૮૧ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ પંચાયત ઘરો બનાવવાની કેટલી માગણીઓ પડતર છે, અને

(૩) ઉક્ત પડતર માગણીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) ૫૮ (અઠ્ઠાવન).

(૩) બનતી ત્વરાએ.

------------

## સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કાર્યક્રમ હેઠળ બિયારણ પ્રોજેક્ટ માટે દરખાસ્તો

૧૦૧૫૭**શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ કાર્યક્રમ હેઠળ વાડી તથા બિયારણ પ્રોજેક્ટ માટે તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાંથી તાલુકાવાર કેટલી દરખાસ્તો સરકારને મળી હતી,

**જવાબ**

(૧) વાડી પ્રોજેક્ટ માટે તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાંથી નીચે મુજબ દરખાસ્તો મળી.

| | |
|---|---|
| ખેડબ્રહ્મા | ત્રણ |
| ભીલોડા | શૂન્ય |
| વિજ્યનગર | શૂન્ય |
| મેઘરજ | શૂન્ય |

આ ઉપરાંત પ્રોજેક્ટ સનશાઇન માટે સાબરકાંઠા

જિલ્લામાંથી કુલ ચાર દરખાસ્ત મળેલ.

(૨) કેટલા લાભાર્થીઓને કેટલો લાભ તાલુકાવાર આપવામાં આવ્યો, અને

(૨) તાલુકાવાર નીચે મુજબના લાભાર્થીઓને પ્રોજેક્ટ સનશાઇન હેઠળ લાભ આપવામાં આવ્યો.

| તાલુકો | લાભાર્થીની સંખ્યા | લાભાર્થીદીઠ આપવામાં આવેલ લાભ |
|---|---|---|
| ખેડબ્રહમા | ૧૨૪૨૦ | ૧૦ કિ.ગ્રા. મકાઇનું બિયારણ ૧૫૦ કિ.ગ્રા. ખાતર. |
| વિજયનગર | ૩૧૦૦ | |
| ભીલોડા | ૬૨૯૧ | |
| મેઘરજ | ૨૦૦૦ | |

(૩) આ કામગીરી એન.જી.ઓ.ની આપવા ક્યારે-ક્યારે જાહેરાતો આપીને ટેન્ડર અથવા અરજીઓ માંગવામાં આવી હતી?

(૩) પ્રોજેક્ટ સનશાઇન પ્રોજેક્ટની કામગીરી આપવા તા. ૮-૨-૦૯ના ગુજરાત સમાચાર અને તા. ૯-૨-૦૯ના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવી હતી.

------------

**અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને વિભાજન માટેની અરજીઓ**

૧૧૦૨૨ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા રેશનકાર્ડ અને રેશનકાર્ડના વિભાજન માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| | અરજીઓ | સંખ્યા |
|---|---|---|
| ૧ | નવા રેશનકાર્ડ માટે | ૪,૫૯૦ |
| ૨ | કાર્ડ વિભાજન માટે | ૧૫,૮૩૧ |
| | **કુલ :** | **૨૦,૪૨૧** |

(૨)

| | નિકાલ | સંખ્યા |
|---|---|---|
| ૧ | નવા રેશનકાર્ડ | ૪,૫૭૬ |
| ૨ | કાર્ડ વિભાજન | ૧૫,૬૦૫ |
| | **કુલ :** | **૨૦,૧૮૧** |

(૩) બનતી ત્વરાએ.

------------

**ડી.સેગની રચના પછી પ્રોજેક્ટના અમલીકરણ માટે અધિકારી/કર્મચારીની નિમણૂક**

૧૧૫૫૦**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિકાસ વિભાગમાં આદિજાતિઓના ઉત્કર્ષ અને કલ્યાણ માટે ડી.સેગની રચના થયા પછી જુદા જુદા પ્રોજેકટોના અમલ અને મોનીટરીંગ માટે તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા અધિકારી/કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા હંગામી અને કેટલા કાયમી કર્મચારીઓની નિમણૂક થઇ, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કર્મચારીઓ પાછળ પગાર તથા ભથ્થાં અંગે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અધિકારીઓ ૦૨
કર્મચારીઓ ૩૬

(૨) કાયમી ૦૨
હંગામી ૩૬

(૩) રૂા. ૬૮.૯૪ લાખ.

------------

### સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત

૧૧૦૩૪**શ્રી ઉદેસિંહ પું.ઝાલા (બાયડ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો આવેલા છે,

(૨) સરકારની નીતિ પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે?

**જવાબ**

(૧) ૮૭૪.

(૨) ૫૯.

(૩) બનતી ત્વરાએ.

### નર્મદા અને ભરૂચ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ

૧૦૫૬૪ **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં એક અને ભરૂચ જિલ્લામાં બે જગ્યા ખાલી છે.

(૨) વહીવટી અનુકૂળતાએ.

------------

### વડોદરા જિલ્લામાં કેરોસીન ડીલરો સામે નોંધાયેલ ગુન્હાઓ

૧૧૫૩૦**શ્રી ખુમાનસિંહ કો.ચૌહાણ (સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા કેરોસીનના ડીલરો આવેલા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કુલ ૨૯ કેરોસીન ડીલર આવેલ છે.

| અ.નં. | તાલુકો | ડીલરની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૧૩ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨ |
| ૩ | પાદરા | ૧ |
| ૪ | સાવલી | ૨ |
| ૫ | કરજણ | ૨ |
| ૬ | ડભોઇ | ૨ |
| ૭ | શિનોર | ૧ |
| ૮ | નસવાડી | ૧ |
| ૯ | વાઘોડીયા | ૧ |
| ૧૦ | સંખેડા | ૧ |
| ૧૧ | જેતપુર પાવી | ૧ |
| ૧૨ | છોટા ઉદેપુર | ૨ |
| ૧૩ | ક્વાંટ | ૦ |
| | **કુલ :** | ૨૯ |

**પ્રશ્ન**

(૨) આ ડીલરો પૈકી કેટલા ડીલરો સામે કેવા પ્રકારના ગુન્હા તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોંધાયા છે, અને

**જવાબ**

(૨) સાત કેરોસીન ડીલરો સામે આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ની કલમ ૬(એ) હેઠળ ૬(છ) તથા ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ હેઠળ બે કેસમાં ગુન્હા નોંધાયેલ છે.

**પ્રશ્ન**

(૩) તે અન્વયે સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૩) ૧. આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ હેઠળ રૂા. ૨,૧૧,૭૨૦/- ની કિંમતનો જથ્થો જપ્ત કર્યો.

૨. આવશ્યક ચીજવસ્તુ ધારા ૧૯૫૫ હેઠળ રૂા. ૧૬,૧૦૮/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કર્યો.

૩. ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-

૧૯૮૧ હેઠળ રૂા. ૯,૦૦૦/-ની પરવાના અનામત રાજયસાત કરી.

૪. ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧ હેઠળ એક પરવાનો રદ કર્યો.

------------

**જામનગર જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત**

૧૧૦૬૦**શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા, | (૧) એક પણ નહીં. |
| (૨) તે પેકી કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી પંચાયત ઘરો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ જિલ્લામાં પંચાયત ઘરો મંજૂર કરવા બાબત**

૧૧૦૧૧**શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૯ (નવ). |
| (૨) તે પેકી કેટલા પંચાયત ઘરો બનાવવામાં આવ્યા, | (૨) એકપણ નહિ. |
| (૩) કેટલા પંચાયત ઘરો બનાવવાના બાકી છે, અને | (૩) ૯ (નવ). |
| (૪) બાકી પંચાયત ઘરો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૪) બનતી ત્વરાએ. |

------------

**ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૧૧૦૪૧**શ્રીમતી વિભાવરીબેન વિ.દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ કેટલા કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા, | (૧) ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજનાનો તા. ૧-૪-૦૮ થી અમલ કરવામાં આવેલ છે. તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં (તા. ૧-૬-૦૮ થી તા. ૩૧-૫-૦૯ સુધીમાં) ૮૧૪૯૦ કુટુંબોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ જોબકાર્ડ આપવામાં આવ્યા. |
| (૨) તે પેકી કેટલા કુટુંબો કામ પર આવ્યા, અને | (૨) તે પેકી ૨૧૭૯૪ કુટુંબો કામ પર આવ્યા. |
| (૩) તે પેકી કેટલા પુરૂષો અને કેટલી મહિલાઓને કામ આપવામાં આવ્યું? | (૩) તે પેકી ૧૯૨૨૩ પુરૂષો અને ૨૮૯૦૧ મહિલાઓને કામ આપવામાં આવેલ છે. |

------------

**વાંસ ફોડિયા પરિવારોને તાલીમ આપવા બાબત**

૧૧૫૬૫**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ વાંસ ફોડીયા | (૧) ના જી, આવી વ્યવસ્થા અમલમાં નથી. |

પરિવારોને વાંસ ઉગાડવાની અને વાંસ કાપવાની તાલીમ આપવા માટેની કોઇ વ્યવસ્થા અમલમાં છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ વાંસ ઉગાડવા અને કાપવાની તાલીમ અર્થે તા.૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટ કેટલું ખર્ચ કોના મારફતે કરવામાં આવ્યું?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### રાજકોટ શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત

૧૧૦૨૬ **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેરમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી સરકારને શું નાણાકીય ફાયદો થયો ?

**જવાબ**

(૧) નીચે મુજબ કાર્ડ રદ કરવામાં આવ્યા.

| ક્રમ | કાર્ડનો પ્રકાર | રદ કરેલ કાર્ડ |
|---|---|---|
| ૧ | એ.પી.એલ. | ૧૨,૭૨૮ |
| ૨ | બી.પી.એલ. | ૩૩૬ |
| ૩ | અંત્યોદય | ૮૧ |
| | **કુલ :** | **૧૩,૧૪૫** |

(૨) તેનાથી સરકારને રૂા. ૧,૬૪,૨૦૫ સબસીડીનો વાર્ષિક નાણાકીય ફાયદો થયો.

### જૂનાગઢ જિલ્લામાં ઈકો ટુરીઝમ હેઠળ સુવિધા ઊભી કરવા બાબત

૧૧૦૬૮**શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ઈકો ટુરીઝમ યોજના હેઠળ તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ સુવિધા ઉભી કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં કેટલો નાણાકીય ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈકો ટુરીઝમ યોજના હેઠળ સાસણ મુકામે પ્રવાસીઓને રહેવાની વ્યવસ્થા તેમજ વાહન વ્યવહાર વ્યવસ્થામાં સુધારા, ઓરીએન્ટેશન સેન્ટર, કેન્ટીન, રીસેપ્શન સેન્ટર, પ્રવાસી માહિતી કેન્દ્રનો વિકાસ અને સાઈનેજીસની કામગીરી કરવામાં આવી છે. ગીરનાર પરિક્મા રૂટ સુધારણા અંતર્ગત પ્રોટેક્શન વોલ બાંધકામ, સી.સી. પેવીંગ કોઝવે બાંધકામ તેમજ કોઝવે રીપેરીંગની કામગીરી કરવામાં આવી છે. સોમનાથ મુકામે ત્રિવેણી ઘાટ ખાતે હરીહર વન વગેરે સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) તેમાં કુલ રૂ. ૧૧૮.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

### પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના કેસ

૧૧૫૫૮**શ્રી પ્રભુભાઈ વસાવા(સોનગઢ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૨૦૦૯ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતર છે,

(૨) આ કેસો કેટલા સમયથી પડતર છે,

(૩) પડતર રહેવાના કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં રહેમરાહે અરજદારોને નોકરી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૭૮.

(૨) જુદા જુદા સમયથી.

(૩) વહીવટી કારણોસર.

(૪) બનતી ત્વરાએ નિયમોનુસાર નિકાલ કરવામાં આવશે.

------------

## અમદાવાદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ

૧૦૯૦૮ **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ધ્વારા ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| | મંજૂર જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૬ | ૦૩ |
| વર્ગ-૨ | ૧૮ | ૦૮ |
| વર્ગ-૩ | ૨૩૧ | ૪૪ |
| વર્ગ-૪ | ૫૫ | ૦૫ |
| **કુલ :** | **૩૨૦** | **૬૦** |

(૩) બનતી ત્વરાએ.

------------

## ગીરના જંગલમાં રસ્તા રીપેરીંગના કામ

૧૦૮૬૪ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમગ્ર ગીર વિભાગમાં આવેલ જંગલમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રસ્તા રીપેરીંગના કેટલા કામો મંજૂર થયા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા,

(૩) તેમાં કુલ કેટલો ખર્ચ થયો,

(૪) કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૫) કેટલા કામો શરૂ થયા નથી ?

**જવાબ**

(૧) સમગ્ર ગીર વિભાગમાં આવેલ જંગલમાં ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં રસ્તા રીપેરીંગના નીચે પ્રમાણેના કામો મંજૂર થયા.

| અ. નં. | વર્ષ | મંજૂર થયેલ કામો |
|---|---|---|
| ૧. | ૨૦૦૭-૦૮ | ૧૪૬ |
| ૨. | ૨૦૦૮-૦૯ | ૧૨૮ |

(૨) તમામ કામો પૂર્ણ થયા છે.

(૩) વર્ષવાર નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

| અ. નં. | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૦૭-૦૮ | ૫૪.૦૭ |
| ૨. | ૨૦૦૮-૦૯ | ૧૯.૧૨ |
| | **કુલ :** | **૭૩.૧૯** |

(૪) ખંડ-૨માં જણાવ્યા મુજબ તમામ કામો પૂર્ણ થયેલ છે.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## છોટાઉદેપુર તાલુકામાં સરદાર આવાસ યોજનામાં મકાનો બાંધવા બાબત

૧૧૦૫૨**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો બાંધવામાં આવ્યા,

(૨) કેટલા મકાનો બાંધવાના બાકી રહ્યા છે,

(૩) બાકી મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં સરદાર આવાસ યોજના હેઠળ ૧૩૫ મકાનો બાંધવામાં આવ્યા.

(૨) શૂન્ય.

(૩) પ્રશ્ન નથી.

(૪) રૂા. ૪૮.૬૦ લાખ.

**બનાસકાંઠા જિલ્લામાં નવા રેશનકાર્ડ અને વિભાજન માટેની અરજીઓ**

૧૧૦૨૧ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ નવા રેશન કાર્ડ તેમજ રેશનકાર્ડ વિભાજન માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, અને

(૩) બાકી અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નીચે મુજબ અરજીઓ મળી.

| ક્રમ | અરજીઓ | સંખ્યા |
|---|---|---|
| ૧ | નવા રેશનકાર્ડ માટેની | ૧૬,૧૯૬ |
| ૨ | વિભાજન માટેની | ૧૬,૪૫૧ |
| | કુલ :- | ૩૨,૬૪૭ |

(૨) તમામ અરજીઓ નિકાલ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

૧૧૦૪૬ **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી સરકારને શું નાણાંકીય ફાયદો થયો ?

**જવાબ**

(૧)

| કાર્ડનો પ્રકાર | રદ કરેલ કાર્ડ સંખ્યા |
|---|---|
| અંત્યોદય | ૧૭૮૩ |
| બીપીએલ | ૯૫૯૨ |
| એપીએલ | ૮૧૦૨૬ |
| કુલ : | ૯૨૪૦૧ |

(૨) સરકારને સબસીડીમાં માસિક રૂા. ૪,૪૩,૨૬૪.૨૪ પેસાનો નાણાકીય ફાયદો થયો.

------------

**પંચમહાલ જિલ્લામાં વિકેન્દ્રિત નર્સરીઓ**

૧૧૪૯૦ **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા) **: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલી જ્યાએ વન વિભાગે વિકેન્દ્રિત નર્સરી કેન્દ્રો આપેલ છે,

(૨) તેમાં ક્યા પ્રકારના રોપાનો ઉછેર કરવામાં આવેલ અને તેમાં કેટલા લાભાર્થીઓ હતા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં એટલે કે ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯ના વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ વિકેન્દ્રિત નર્સરી કેન્દ્રો આપેલ છે.

| ક્રમ | તાલુકો | ત્રણ વર્ષમાં ફાળવેલ વિકેન્દ્રિત નર્સરીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૭૬ |
| ૨ | શહેરા | ૧૨૭ |
| ૩ | લુણાવાડા | ૮૨ |
| ૪ | ખાનપુર | ૫૮ |
| ૫ | કડાણા | ૭૮ |
| ૬ | સંતરામપુર | ૭૫ |
| ૭ | કાલોલ | ૬૨ |
| ૮ | હાલોલ | ૫૬ |
| ૯ | ઘોઘંબા | ૭૭ |
| ૧૦ | જાંબુઘોડા | ૩૮ |
| ૧૧ | મોરવા (હ) | ૫૭ |
| | કુલ | ૭૮૬ |

(૨) આ વિકેન્દ્રિત નર્સરીઓમાં નીલગીરી, વાંસ, ગુલમહોર, પેલ્ટોફોર્મ, આંબા, આમલી, કણજ, લીમડા વિગેરે રોપાઓનો ઉછેર કરવામાં આવેલ અને તેમાં ૭૮૬ લાભાર્થીઓ હતા.

(૩) તેની પાછળ રૂ. ૬૬.૫૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**પાટણ જિલ્લામાં વન તલાવડીઓ**

૧૧૦૭૨ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર): માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કેટલી વન તલાવડીઓ બનાવવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯માં કુલ ૨ (બે) વન તલાવડીઓ બનાવવામાં આવેલ છે.

(૨) તેની પાછળ રૂ. ૬.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં થયેલ કામ**

૧૦૫૭૧ **શ્રી હીરાભાઈ હ.પટેલ(લુણાવાડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ક્યા ક્યા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વ્યક્તિગત શોચાલયો, શાળા શોચાલય સંકુલો, આંગણવાડી શોચાલય સંકુલો, સામૂહિક શોચાલય સંકુલો તથા માહિતી, શિક્ષણ અને સંચારની પ્રવૃત્તિઓના કામો હાથ ધરવામાં આવ્યા હતા.

(૨) આ કામો પાછળ કરેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કામોની વિગત | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | વ્યક્તિગત શોચાલયો | ૨૪૯.૪૭ |
| ૨ | શાળા શોચાલય સંકુલો | ૬૨.૧૦ |
| ૩ | આંગણવાડી શોચાલય સંકુલો | ૮.૩૫ |
| ૪ | સામૂહિક શોચાલય સંકુલો | ૬.૭૨ |
| ૫ | માહિતી, શિક્ષણ અને સંચારની પ્રવૃત્તિઓ | ૪.૫૦ |
| | **કુલ :** | **૩૩૧.૧૪** |

------------

**ખેડા જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજનામાં આવાસો**

૧૧૦૪૪**શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં કેટલા ઇન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરેલ છે,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) બાકી રહેલ મકાનો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં ૨૯૮૩ અને વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં ૬૨૯૭ ઇન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી તા. ૩૧-૫-૨૦૦૯ સુધીમાં કુલ ૫૯૯૬ આવાસો પૂર્ણ કરેલ છે.

(૩) તેની પાછળ કુલ રૂ. ૨૪૦૯.૫૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) લાભાર્થી આવાસનું બાંધકામ જાતે કરે છે. તેથી બાકી રહેલા આવાસો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસો કરવામાં આવશે.

**વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ**

૧૧૦૭૮**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૮-૨૦૦૯ ના દરમિયાન કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને | વર્ષ-૨૦૦૮-૨૦૦૯ દરમિયાન કુલ ૯૭.૨૪ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ઉક્ત વનીકરણ પાછળ કુલ રૂ. ૧૬૫.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

------------

**આણંદ જિલ્લામાં અંત્યોદય યોજનામાં અનાજ આપવા બાબત.**

૧૧૦૩૭ **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ(આણંદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા પ્રકારનું કેટલું અનાજ ફાળવવામાં આવ્યું, | (૧) **<u>પ્રકાર</u>** — **<u>ફાળવેલ જથ્થો</u>**<br>ઘઉં — ૭૭૭૦ મે.ટન<br>ચોખા — ૬૫૫૦ મે.ટન |
| (૨) તે પૈકી ફોર્ટીફાઇડ આટો કેટલો આપવામાં આવ્યો, અને | (૨) ૬૦૫૨ મે.ટન |
| (૩) બી.પી.એલ. લાભાર્થીઓને ફોર્ટીફાઇડ આટો આપવા માંગો છો કે કેમ? | (૩) વિચારણા હેઠળ છે. |

**જૂનાગઢ જિલ્લામાં ચેરના વૃક્ષોની સંખ્યા**

૧૧૫૬૩**શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં મે-૨૦૦૯ની સ્થિતિએ ચેરના કેટલા વૃક્ષો છે, | (૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં દિવ ધોધવાની દરિયાઇ ખાડીના કાદવવાળા અંદાજીત **૨૦૦-હેક્ટર** વિસ્તારમાં ચેરના વૃક્ષો આવેલા છે. પરંતુ ચેરના વૃક્ષોની ગણતરી કરવામાં આવેલ નથી. |
| (૨) ૨૦૦૮-૦૯ ની સાલમાં કેટલા ચેરના વૃક્ષો કાપી નાંખવાની ફરિયાદો મળી, અને | (૨) ચેરના વૃક્ષો કાપી નાંખવાની કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૩) તે અંગે જવાબદારો સામે શાં પગલાં લેવાયાં? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાં વૉટર શેડ યોજનાના કામ**

૧૦૫૫૬**શ્રી ચંદુભાઈ મો.ડાભી(કરજણ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાં વૉટર શેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાં વૉટરશેડ યોજના હેઠળ પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ નથી. |
| (૨) તે માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પૈકી કેટલા પ્રોજેક્ટો પૂર્ણ થયા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**આણંદ જિલ્લામાં ગ્રામ મિત્રોની સેવાઓ**

૧૧૫૪૬**શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગ્રામ મિત્રો સેવા બજાવે છે, | (૧) પુનઃ નિમણૂક બાકી છે. |
| (૨) ગ્રામ મિત્રોની નિમણૂક હંગામી હોય છે કે | (૨) કરાર આધારિત અગિયાર માસ માટેની |

| | |
|---|---|
| કાયમી, | નિમણૂક. |
| (૩) ગ્રામ મિત્રોને શું વેતન આપવામાં આવે છે અને તે ઉપરાંત બીજી શું સગવડ અને લાભ આપવામાં આવે છે. | (૩) રૂ. ૧૦૦૦/- માસિક માનદ્દ વેતન. |
| (૪) ગુજરાત સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે ગ્રામ મિત્રોને સરકાર ખાસ લાભ આપવા માંગે છે કે કેમ, અને | (૪) ના, જી. |
| (૫) જો હા, તો ક્યા ક્યા? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**બનાસકાંઠા જિલ્લામાં અંત્યોદય યોજનામાં અનાજ આપવા બાબત**

૧૧૦૩૮ **શ્રી અનિલભાઇ માળી** (દિયોદર) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૫-૦૯ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા પ્રકારનું કેટલું અનાજ ફાળવવામાં આવ્યું, | (૧) **પ્રકાર** / **ફાળવેલ જથ્થો**<br>ઘઉં — ૯૫૩૦ મે.ટન<br>ચોખા — <u>૮૦૪૬ મે.ટન</u><br>**કુલ : — ૧૭૫૭૬ મે. ટન** |
| (૨) તે પૈકી ફોર્ટીફાઇડ આટો કેટલો આપવામાં આવ્યો, અને | (૨) ૭૭૩૫.૬ મે. ટન. |
| (૩) બી.પી.એલ. લાભાર્થીઓને ફોર્ટીફાઇડ આટો આપવા માંગો છો કે કેમ? | (૩) વિચારણા હેઠળ છે. |

------------

**ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવા**

૧૧૦૦૫**શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ એફ.પી.એસ. તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને | (૧) ૩૫૫. |
| (૨) એફ.પી.એસ. થવાથી પરવાનેદારોની આવકમાં વધારો થાય છે કે કેમ? | (૨) હા, જી. |

**વડોદરા જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો ખોલવા બાબત**

૧૧૦૩૩**શ્રી ઉપેન્દ્રસિંહજી પ્ર. ગોહિલ(સાવલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૦૯ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો આવેલા છે, | (૧) ૧૧૦૯. |
| (૨) સરકારની નીતિ પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૨૬. |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

------------

**પંચમહાલ જિલ્લામાં ઇકો ટુરિઝમ યોજના**

૧૧૦૮૧**શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) :માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં ઇકો ટુરિઝમ યોજના હેઠળ તા. ૩૧-૩-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ કઇ સુવિધાઓ ઊભી કરવામાં આવેલ છે, અને

(૨) તેમાં કેટલો નાણાંકીય ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં ઈકો ટુરિઝમ યોજના હેઠળ નવી ભાટ મુકામે સિમેન્ટના બાંકડા, રોડનું નાળું, ટોયલેટ, સાનેજીસ, ધનપુરી મુકામે કોટેજીસનું બાંધકામ ડબલ્યુ. બી. એમ. રોડ, લેન્ડ સ્કેપીંગ બાંકડા, ઈન્ટર પ્રીટેશન સેન્ટરનો સુધાર, રીસેપ્શન સેન્ટર કમ સોવેનિયર શોપનું બાંધકામ, નેચર ટ્રેઈલ સાઈનેજીસ, ટોઈલેટ તેમજ સામલી મુકામે ટુરીસ્ટ હટ કીચન, ડાયનીંગ હોલ, તળાવ ડીસ્ટીલ્ટીંગની કામગીરી, કમિટિ હોલ રીપેર, નેચર ટ્રેઈલ, બર્ડ વોચીંગ પ્લેટ ફોર્મ, વોચ ટાવર, ચેકવોલ તેમજ ઈકો ટુરિઝમને લગતી સાધન સામગ્રી જેવી સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) કુલ રૂપિયા ૪૭.૨૨ લાખનો નાણાકીય ખર્ચ કરવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ રદ કરવા બાબત**

૧૧૦૫૦**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તારીખ ૩૧-૫-૨૦૦૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રકારના કેટલા ભૂતિયા રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, અને

(૨) તેનાથી સરકારને નાણાકીય શું ફાયદો થયો ?

**જવાબ**

(૧)

| યોજના | રદ કરેલ કાર્ડ |
|---|---|
| એ.પી.એલ. | ૧૩૯૨૫ |
| બી.પી.એલ. | ૧૬૮૪ |
| અંત્યોદય | ૨૫૫ |
| કુલઃ- | ૧૫,૮૬૪ |

(૨) સરકારને સબસીડીમાં વાર્ષિક રૂા. ૯,૧૦,૯૪૭/૦૦ નો નાણાંકીય ફાયદો થયેલ છે.

------------

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં જોબકાર્ડ**

૧૧૫૪૪**શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાદીઠ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા ઇસમોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તેની સામે તાલુકાદીઠ કેટલા કામની માંગણી આવી, અને

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં રાષ્ટ્રિય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનાનો અમલ તા. ૧-૪-૦૮થી કરવામાં આવેલ છે.

તા. ૩૧-૫-૦૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૧૪૦૧૪૫ કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા જેની તાલુકા દીઠ માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઈસ્યુ કરેલ જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧. | આણંદ | ૨૩૯૫૨ |
| ૨. | ઉમરેઠ | ૧૪૩૭૯ |
| ૩. | બોરસદ | ૩૫૯૩૬ |
| ૪. | આંકલાવ | ૧૫૦૦૦ |
| ૨૩ | આગરવા એ. રોડ |
| ૨૪ | ઠાસરા ગોળજ વજેવાલ હરીપુરા રોડ |
| ૨૫ | અજુપુરા વજ્રૂ ્ રોડ |
| ૨૬ | મીઠાના મુવાડા ટુ ડભાલી રોડ |
| ૨૭ | ઉપલેટ એપ્રોચ રોડ |
| ૨૮ | વમાલી ગુમડીયા એ. રોડ |
| ૨૯ | એકલવેલુ એપ્રોચ રોડ |
| ૩૦ | વાસણા મારગીયા ભગુપુરા રોડ |
| ૩૧ | વેથલી મંદીરીયા રોડ |
| ૩૨ | ખરોડ રણજીતપુરા વઘાસ રોડ |
| ૩૩ | વિરપુર સરાડીયા રોડ |
| ૩૪ | રઢુ વારસંગ રોડ |
| ૩૫ | મઘરોલ ભલાડા સાયલા રોડ |
| ૩૬ | રતનકુવા (સરાડીયા) એપ્રોચ રોડ જો. વિરપુર બાલાસિનોર એસએચ |
| ૩૭ | નાનસલાઈ ચીખલી જોઝા રોડ |
| ૩૮ | ધોરાવાડા રાજેણા રોડ |
| ૩૯ | નાની ટીબલી એપ્રોચ રોડ |
| ૪૦ | જાલમપુરા સુરજપુરા રોડ |
| ૪૧ | પીંગલજ એપ્રોચ રોડ |
| ૪૨ | ઘરોડા વહેળા રોડ |
| ૪૩ | શેખુપુર ચાનોર ઈન્દ્રવર્ણા રોડ |
| ૪૪ | વસ્તાણા રામપુરા રોડ |
| ૪૫ | વસ્તાણા ક્લોદરા રોડ |
| ૪૬ | ઈન્દ્રવર્ણા હાંડેવા રોડ |
| ૪૭ | રઘવાણજ એપ્રોચ રોડ |
| ૪૮ | અઘાટના મુવાડા એપ્રોચ રોડ |
| ૪૯ | લીન્ક રોડ જો. વિરપુર ડેભારી અને વિરપુર ભાટપુર રોડ |
| ૫૦ | વિરોલ એ રોડ જો. ટુ ખેડા મહેમદાવાદ રોડ |
| ૫૧ | કેવડીયા ભઈલાકુઈ જલોયા સિંધાલી આંત્રોલી તોરણા રોડ |
| ૫૨ | સાંઢેલી ડભાલી સનાદરા વાંઘરોલી રોડ |
| ૫૩ | રાણીયા કોટ જેસાપુરા મીઠાપુરા રોડ |
| ૫૪ | મહોળેલ અલીન્દ્રા રોડ |
| ૫૫ | નાયકા ક્લોલી રોડ |
| ૫૬ | કપડવંજ કાલાજીના મુવાડા વાયા વ્યાસ વાસણા મોટી ઝેર રોડ |
| ૫૭ | કંથરાઈ કોટલીડોરા રોડ |
| ૫૮ | અંઘાડી નેતરીયા રોડ |
| ૫૯ | થર્મલ સાંગોલ રોડ |

| અ.નં. | રસ્તાનું નામ |
|---|---|
| ૬૦ | નાની અડબોલી એપ્રોચ રોડ |
| ૬૧ | ચલીન્દ્રા એપ્રોચ રોડ |
| ૬૨ | રઢુ એપ્રોચ રોડ |
| ૬૩ | વાસણા એપ્રોચ રોડ |
| ૬૪ | રસીકપુરા એપ્રોચ રોડ |
| ૬૫ | વાવડી એપ્રોચ રોડ |
| ૬૬ | ડામરી એપ્રોચ રોડ |
| ૬૭ | હરીયાળા એપ્રોચ રોડ |
| ૬૮ | વસઈ એપ્રોચ રોડ |
| ૬૯ | નાંદોલી એપ્રોચ રોડ |
| ૭૦ | દેથલી એપ્રોચ રોડ |
| ૭૧ | સિંજીવાડા બાલીન્ટા ગાડા રોડ |
| ૭૨ | પાલ્લા એપ્રોચ રોડ |
| ૭૩ | શીહોલડી એપ્રોચ રોડ |
| ૭૪ | વણસર એપ્રોચ રોડ |
| ૭૫ | ખાંધલી હરેંજ રોડ |
| ૭૬ | દેથલી અદીરા રોડ |
| ૭૭ | લાલી સાંખેજ ક્નીજ રોડ |
| ૭૮ | ભલાડા બાલીન્ટા રોડ |
| ૭૯ | પહાડ એપ્રોચ રોડ |
| ૮૦ | મહોળેલ નાનાવગા રોડ |
| ૮૧ | ઉમીયાપુરા જેતલપુર રોડ |
| ૮૨ | અંતીસર અમીનપુરા ખડોલ રોડ |
| ૮૩ | ફાગવેલ એ. રોડ |
| ૮૪ | અપ્રુજી કાકરખાડ સરખેજ અપ ટુ એસ એચ |
| ૮૫ | સિંહુજ સુંઢા વણસોલ ખુમરવાડ ખેડા કેમ્પ રોડ |
| ૮૬ | ઠાસરા ચંદાસર રસુલપુર એકલવેલુ રોડ |
| ૮૭ | અલીન્દ્રા એપ્રોચ રોડ |
| ૮૮ | શીલોડ હાથનોલી રોડ |
| ૮૯ | નરસંડા કણજરી રોડ |
| ૯૦ | વસો રામપુર રોડ |

------------

## વીરપુર તાલુકામાં મામલતદાર ક્ચેરીનું મકાન

અતારાંક્તિ : ૧૩૩૦ (૨૮-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા  કરશે કે-

(૧) વીરપુર તાલુકામાં મામલતદાર ક્ચેરીનું મકાન છેલ્લે ક્યારે બાંધવામાં આવ્યુ,

(૨) ક્યા કારણોસર નવું મકાન મંજૂર કરવામાં આવ્યું, અને

(૩) મામલતદાર ક્ચેરીનું નવું મકાન ક્યારે પુરું કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૫-૬-૦૯) :

(૧) માહે જુલાઈ ૨૦૦૨માં.

(૨) વર્ષ ૨૦૦૬માં અતિભારે વરસાદ થતાં ઝરમર અને લાવરી નદીના પાણી એક્ત્ર થઈ મકાનમાં ભરાઈ ગયેલ. ઝરમર નદીએ વહેણ બદલતાં મામલતદાર ક્ચેરીના આગળના ભાગમાંથી આ નદીના પાણી વહે છે. જેથી વધુ વરસાદ થાય, પૂર આવે ત્યારે નદીઓના પાણી એક્ત્ર થતાં મામલતદાર ક્ચેરીના મકાનમાં ૭ થી ૮ ફૂટ પાણી ભરાઈ જતા રેકર્ડ તથા ફર્નીચરનો નાશ થતાં તથા સ્ટાફની સલામતી રહેતી ન હોઈ નવું મકાન મંજૂર કરવામાં આવ્યું.

(૩) મકાન બાંધકામની કામગીરી પ્રગતિમાં છે, જે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

------------

## બાલાસિનોરમાં મામલતદાર ક્ચેરીનું મકાન

અતારાંક્તિ : ૧૩૩૧ (૨૦-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા  કરશે કે-

(૧) બાલાસિનોર મામલતદાર ક્ચેરીનું મકાન કઈ સાલમાં બાંધવામાં આવ્યુ,

(૨) આ મકાન જર્જરીત હાલતમાં છે તે હકીક્ત સાચી,

(૩) મામલતદાર કચેરી બાલાસિનોર નવું મકાન બાંધવા માટે કઈ જમીન નક્કી કરવામાં આવી છે, અને

(૪) નવી ડીઝાઈન પ્રમાણે નવું મકાન ક્યારે બાંધવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨૫-૬-૦૯) :

(૧) ઈ.સ. ૧૮૯૫-૯૬માં

(૨) ના, જી.

(૩) બાલાસિનોર ખાતેના સર્વે નં. ૭૩/૧ પૈકી હે. ૦-૮૦-૯૪ જમીન ફાળવવામાં આવેલ છે.

(૪) કામનો બજેટમાં સમાવેશ થયા બાદ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓ**

અતારાંકિત : ૧૪૮૦ (૭-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં વર્ષ સન ૨૦૦૮-૦૯ માં પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ મંજૂર થયેલ છે,

(૨) કેટલા રસ્તાઓના કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રસ્તાઓનું કામ પૂર્ણ ન થવાના કારણો શાં છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** (૨-૭-૦૯) :

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં પંચાયત હસ્તકના ભરૂચ જિલ્લામાં ૮૭ રસ્તા અને નર્મદા જિલ્લામાં ૧૦ રસ્તાઓના કામ મંજૂર થયેલ છે.

(૨) નર્મદા જિલ્લામાં એક રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) ૬૪ રસ્તાના કામોની સમય મર્યાદા ચાલુ હોઈ આ કામો પ્રગતિ હેઠળ છે અને ૩૨ રસ્તાના કામો ચૂંટણી આચાર સંહિતાના કારણે તથા ટેન્ડર મંજૂરીની વહીવટી પ્રક્રિયાના કારણે શરૂ થયેલ નથી.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું અને સાત ફેરા સમુહલગ્ન યોજનાની ચૂકવવાની બાકી સહાય**

અતારાંકિત : ૧૪૪૦ (૬-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમુહલગ્ન યોજનાની તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) આ સહાય સરકાર ક્યારે ચૂકવવા માંગે છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૨૬-૬-૦૯) :

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**કુંવરબાઈનું મામેરું અને સાતફેરાં સમૂહલગ્ન યોજનાના લાભાર્થીઓ**

અતારાંકિત : ૧૬૨૩ (૮-૫-૦૯) **શ્રી અમરસિંહ વસાવા(દેડિયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજ્યમાં કુંવરબાઈનું મામેરું અને સાતફેરાં સમુહલગ્ન યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૨) તે પૈકી ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧-૭-૦૯) :

(૧)

| ક્રમ | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લાભાર્થીઓ | | | અનુસૂચિત જાતિના લાભાર્થીઓ | | |
|---|---|---|---|---|---|---|
| (૧) | કુંવરબાઈનું મામેરું યોજનામાં સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના ૬૩૪૧ લાભાર્થીઓએ લાભ લીધો જ્યારે સાતફેરા સમુહલગ્ન યોજનામાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ૧૦૦૪ લાભાર્થીઓએ લાભ લીધો. | | | કુંવરબાઈનું મામેરું યોજનામાં અનુસૂચિત જાતિના ૭૨૧૭ લાભાર્થીઓએ લાભ લીધો જ્યારે સાતફેરા સમુહલગ્ન યોજનામાં અનુસૂચિત જાતિના ૫૭૬ લાભાર્થીઓએ લાભ લીધો. | | |
| (૨) | ક્રમ | તાલુકો | લાભાર્થી | ક્રમ | તાલુકો | લાભાર્થી |
| | ૧ | ભરૂચ | ૧૮ | ૧ | ભરૂચ | ૩૦ |
| | ૨ | જંબુસર | ૧૬ | ૨ | જંબુસર | ૨૫ |
| | ૩ | અંકલેશ્વર | ૨૧ | ૩ | અંકલેશ્વર | ૧૨ |
| | ૪ | હાંસોટ | ૦૭ | ૪ | હાંસોટ | ૦૮ |
| | ૫ | આમોદ | ૦૫ | ૫ | આમોદ | ૦૬ |
| | ૬ | વાગરા | ૦૨ | ૬ | વાગરા | ૦૪ |
| | ૭ | ઝગડીયા | ૦૩ | ૭ | ઝગડીયા | ૦૭ |
| | ૮ | વાલીયા | ૦૨ | ૮ | વાલીયા | ૦૦ |
| | | કુલ | ૭૪ | | કુલ | ૯૨ |

------------

## કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમુહલગ્ન યોજનાના લાભાર્થીઓ

**અતારાંક્તિ : ૧૬૬૩ (૮-૫-૦૯) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (લીમખેડા)માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-**

(૧) રાજ્યમાં કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમુહલગ્ન યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૦૮ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૨) જે જિલ્લાના ઈસમોને લાભ નથી મળ્યો તેના કારણો શા છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** (૧-૭-૦૯) :

(૧)

| ક્રમ | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લાભાર્થીઓ | અનુસૂચિત જાતિના લાભાર્થીઓ |
|---|---|---|
| (૧) | કુંવરબાઈનું મામેરું યોજનામાં સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના ૬૩૪૧ લાભાર્થીઓએ લાભ લીધો જ્યારે સાતફેરા સમુહલગ્ન યોજનામાં સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ૧૦૦૪ લાભાર્થીઓએ લાભ લીધો. | કુંવરબાઈનું મામેરું યોજનામાં અનુસૂચિત જાતિના ૭૨૧૭ લાભાર્થીઓએ લાભ લીધો જ્યારે સાતફેરા સમુહલગ્ન યોજનામાં અનુસૂચિત જાતિના ૫૭૬ લાભાર્થીઓએ લાભ લીધો. |

(૨) યોજનાની શરતો પરિપૂર્ણ નહીં થવાના કારણે.

------------

## બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ખાનગી જીપ, છકડા બંધ કરવા બાબત

અતારાંક્તિ : ૧૩૦૬ (૨૮-૧-૦૯) **શ્રી માનસિંહ ચૌહાણ(બાલાસિનોર ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) બાલાસિનોર અને વીરપુર તાલુકામાં ખાનગી જીપ, છકડા, બસ, એસ.ટી. બસની સમાંતર ચાલે છે તે વાત સાચી અને

(૨) આ ખાનગી વાહનો બંધ કરવા સરકાર શું પગલાં લેવા માગે છે?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)(૧૦-૬-૦૯) :

(૧) ચેકીંગ દરમ્યાન ખાનગી જીપ, છકડા, બસ દ્વારા પેસેન્જરોનું વહન કરતાં હોવાનું ધ્યાને આવેલ છે.

(૨) ખાનગી વાહનને બંધ કરવા માટે અવાર નવાર ચેકીંગ કરવામાં આવે છે. જિલ્લામાં દરેક મહિનાના નિયત કરેલ દિવસે સપ્તાહમાં એક દિવસ આરટીઓ, પોલીસ તથા એસ.ટીના અધિકારીઓને સાથે રાખીને જોઈન્ટ ચેકીંગ પોગ્રામ કરવામાં આવે છે. અને આવા ગેરકાયદેસર ફરતા વાહનો પકડાય તો ડીટેઈન કરી કાયદેસરની કાર્યવાહી કરી દંડ વસુલ કરવામાં આવે છે.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં બાલિકા સમૃધ્ધિ યોજનાના લાભથી વંચિત બાલિકાઓ**

**અતારાંકિત : ૧૪૨૮ (૬-૫-૦૯) શ્રી અમરસિંહ વસાવા (દેડિયાપાડા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કેટલી બાલિકાઓને લાભ આપવામાં આવ્યો,

(૨) કેટલી બાલિકાઓ લાભથી વંચિત છે, અને

(૩) બાકી રહેલ બાલિકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (૩૦-૬-૦૯) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૩-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ નીચે દર્શાવ્યા મુજબ તાલુકાવાર લાભ આપવામાં આવ્યો.

| અ.નં. | જિલ્લાનું નામ | ઘટકનું નામ | તા. ૧-૪-૦૭ થી તા. ૩૧-૩-૦૮ | તા. ૧-૪-૦૮ થી તા. ૩૧-૩-૦૯ | કુલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ભરૂચ | ઝઘડીયા | ૧૪૨ | ૯૬૮ | ૧૧૧૦ |
| | | વાલીયા | ૦ | ૧૭૪ | ૧૭૪ |
| | | અંકલેશ્વર | ૧૧૨ | ૧૩૪ | ૨૪૬ |
| | | હાંસોટ | ૪૨ | ૧૩૭ | ૧૭૯ |
| | | વાગરા | ૦ | ૬૫ | ૬૫ |
| | | આમોદ | ૨૯૨ | ૩૮૪ | ૬૭૬ |
| | | જંબુસર | ૧૫૬ | ૪૨૮ | ૫૮૪ |
| | | ભરૂચ | ૧૦૯ | ૧૮૦ | ૨૮૯ |
| ૨. | નર્મદા | નાંદોદ | ૯૩૯ | ૨૭૯૫ | ૩૭૩૪ |
| | | ડેડીયાપાડા | ૩૫૮૦ | ૩૩૩૪ | ૬૯૧૪ |
| | | સાગબારા | ૧૬૪૦ | ૧૭૦૫ | ૩૩૪૫ |
| | | તિલકવાડા | ૬૦૫ | ૬૪૩ | ૧૨૪૮ |
| | | **કુલ સરવાળો** | **૭૬૧૭** | **૧૦૯૪૭** | **૧૮૫૬૪** |

(૨) ભરૂચ - ૪૩૧૫
નર્મદા -<u>૧૩૫૦૦</u>
કુલ :- ૧૭૮૧૫ બાલિકાઓ લાભથી વંચિત છે.

(૩) ચાલુ વર્ષે આ યોજના હેઠળ રૂા. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી બાકી બાલિકાઓને આવરી લેવામાં આવશે.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૧૪૦૦ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૧૪૧૮, ૧૫૬૯ | ૦૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૧૨૮૪, ૧૫૩૭, ૧૫૩૮, ૧૫૩૯ ૧૫૪૦, ૧૫૪૬, ૧૫૫૪, ૧૬૩૬ | ૦૮ |
| ૪ | નાણા વિભાગ | ૧૪૦૧, ૧૪૩૨, ૧૫૬૫ | ૦૩ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૫૫૬, ૧૫૫૭, ૧૫૭૨, ૧૬૧૦ | ૦૪ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૧૪૪૪ | ૦૧ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૧૪૬૧, ૧૪૬૯, ૧૫૭૪, ૧૬૨૧, ૧૬૫૩, ૧૬૫૯, ૧૬૬૧ | ૦૭ |
| ૮ | ગૃહ વિભાગ | ૧૪૯૬, ૧૫૭૩ | ૦૨ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૪૮૪ | ૦૧ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૧૪૫૫, ૧૫૧૧, ૧૫૧૭, ૧૬૧૩ | ૦૪ |
| ૧૧ | પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૧૪૮, ૧૩૧૭, ૧૫૬૬, ૧૫૬૭ | ૦૪ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૧૪૭૨, ૧૪૭૩, ૧૫૨૯, ૧૫૩૦ | ૦૪ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૧૨૫૭, ૧૩૩૦, ૧૩૩૧, ૧૪૮૦ | ૦૪ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૧૪૪૦, ૧૬૨૩, ૧૬૬૩ | ૦૩ |
| ૧૫ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૩૦૬ | ૦૧ |
| ૧૬ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૧૪૨૮ | ૦૧ |
| | | કુલ :-- | ૫૦ |

--------------

# મુખ્યદંડકશ્રી દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલો અગત્યનો મુદ્દો

**અધ્યક્ષશ્રીના નિર્ણયની નકલ રાષ્ટ્રપતિશ્રી લોકસભા તેમજ અન્ય રાજયોમાં મોકલવા અંગે**

**શ્રી આર.સી. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે મેં એક પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે. એમાં આપશ્રી રૂલિંગ આપવાના છો. આપશ્રીના એ અધિકાર ક્ષેત્રની બાબત છે. પરંતુ મારે એ વિનંતી કરવી છે કે કોંગ્રેસના સભ્યોએ દિલ્હીમાં જઈને પણ ફરિયાદો કરેલી છે, તો આપશ્રી જે કાંઈ રૂલિંગ આપનાર છો, એ સંસદીય ધારાઓ, કાર્યપ્રણાલિને દ્રષ્ટિમાં રાખીને જ આપશો. પરંતુ મારી એ વિનંતી છે કે આપણી ગુજરાતની વિધાનસભામાં આપશ્રી જે રૂલિંગ આપનાર છો, તે દિલ્હીમાં વિરોધ પક્ષે એની રજૂઆત કરેલ છે, માટે એ રૂલિંગની એક નકલ હિન્દી, અંગ્રેજીમાં એની એક નકલ લોકસભાના સ્પીકરને અને રાષ્ટ્રપતિ મહોદયજીને પણ મોકલવી જોઈએ. અને માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારે દેશની વિધાનસભાઓમાં પણ નિયમો પ્રમાણે કામગીરી તો થતી જ હોય છે, પરંતુ બધી જ વિધાનસભાઓના અધ્યક્ષશ્રીઓને પણ એમની પ્રાદેશિક ભાષામાં, હિન્દી અને અંગ્રેજીમાં એની નકલો જાય, એવી મારી એક વિનંતી છે સાહેબ.

## અધ્યક્ષશ્રીનો નિર્ણય

**વિપક્ષ દ્વારા મોક વિધાનસભાના આયોજનો અંગે**

**અધ્યક્ષશ્રી** : ગઈકાલે મુખ્યદંડક શ્રી આર.સી. ફળદુએ વિપક્ષ દ્વારા સતત મોક વિધાનસભાઓ યોજીને આ સભાગૃહનું અવમાન કર્યુ છે તે વિષય પર પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો અને તેને શહેરી વિકાસ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે સમર્થિત કર્યો ત્યારે મેં આ વિષય ઉપર મારો નિર્ણય અનામત રાખ્યો હતો.

આજે બારમી વિધાનસભાના ચોથા સત્રના ઉત્તરાર્ધમાં સભાગૃહ અને સભાગૃહની બહાર વિપક્ષ દ્વારા ગુજરાતની સંસદીય લોકશાહીની ગરિમાને નીચી પાડવાના જે પ્રયાસો થયા છે તેનાથી દ્રવીત હૃદયે મારો આ નિર્ણય જાહેર કરું છું.

આ સભાગૃહના સભ્યો તરીકે લોકનજરે આપણને જે ગૌરવ અને સન્માન પ્રાપ્ત થયું છે તે ગૌરવને સાચવવાની લોકપ્રતિનિધિ તરીકે આપણી નૈતિક જવાબદારી બને છે. આપણે જ લોકશાહીના મંદિર સમી વિધાનસભાની મજાક, મશ્કરી અને ઠેકડી ઉડાવીએ તે વિધાનસભાનું અવમાન છે અને સંસદીય લોકશાહી પરનો આતંક છે. એક લોકસેવક/લોકપ્રતિનિધિ તરીકે ગૃહની બહાર કે ગૃહની અંદરના આપણા વ્યવહારો- આચરણોમાં અસહિષ્ણુતા, અવિવેક, ક્રુર કઠોરતા દાખવીએ તથા શિસ્ત અને શિષ્ટાચારની વિરુદ્ધ વર્તીએ તો તે લોકશાસનની ભાવનાઓની વિરુદ્ધ છે. એટલું જ નહીં, પણ લોકોમાં રહેલી લોકશાહી માટેની શ્રદ્ધા માટે ઘાતક છે તેમ હું દ્રઢપણે માનું છું. તેથી વિપક્ષ દ્વારા મોક વિધાનસભાનું આયોજન કરીને લોકશાહીની મજાક ઉડાવીને ગુજરાતની સંસદીય લોકશાહીની ગરિમાને ખંડીત કરી છે.

વિતેલા દિવસોની એ ઘટનાઓને યાદ કરું છું ત્યારે ગૃહમાં થયેલી ભાંગફોડો, અસંસદીય સૂત્રોચ્ચારો, માઈકને તોડવા, વેલમાં ધસી આવેલી ઘટનાના દ્રશ્યોને આપણે પરંપરા ન બનાવી શકીએ એમ મારું માનવું છે. તેથી તા. ૯ અને ૧૦ જુલાઈના રોજ વિપક્ષે ગૃહમાં સર્જેલા દેખાવો ગુજરાતની પ્રજા સમક્ષ માધ્યમો દ્વારા પ્રસારિત અને પ્રગટ થયા છે અને તેને રોકવા માટે અધ્યક્ષ તરીકે મારા માટે દંડનીય કાર્યવાહી અને સસ્પેન્શન સિવાય કોઈ બીજો રસ્તો ન હતો. આ ગૃહે આ બન્ને દિવસોએ સસ્પેન્શનના નિર્ણયો લીધા હતા. તા. ૯મીના રોજ ૭ સભ્યોને, તે પૈકીના ૩ સભ્યોને માઈકો તોડવા માટે દંડનીય કાર્યવાહી ગૃહે કરીને સત્ર દરમ્યાન સસ્પેન્ડ કર્યા તથા તા. ૧૦મીના રોજ ૧૧ સભ્યોને ૩ દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા. આવો વ્યવહાર જેનાથી થયો હોય તેમણે ગૃહની ગરિમાને જાળવવાની ભાવનાને વ્યકત કરીને દિલગીરી વ્યકત કરવી જોઈએ અને આત્મદર્શન કરવું જોઈએ.

મુખ્યદંડકશ્રીના ઉપસ્થિત કરેલા મુદ્દાનો વિચાર કરીને નિર્ણય પર આવતા પહેલાં લોકશાહીના અપમાનીત કરવાના ઘટનાક્રમ પર નજર નાંખવી જરૂરી બને છે. તારીખ ૧૦ મી જુલાઈ, ૨૦૦૯ થી વિધાનસભાના પરિસરમાંથી શરૂ થયેલી મોક વિધાનસભાઓનો ઘટનાક્રમ તા. ૨૮ મી જુલાઈ, ૨૦૦૯ સુધી ચાલ્યો. આમ સતત ગુજરાતમાં જૂનાગઢ, રાજકોટ, પાટણ, મહેસાણા, વડોદરા, સુરત, અમદાવાદ અને ગાંધીનગરમાં મોક વિધાનસભાઓ યોજાઈ. હકીકતમાં આને મોક વિધાનસભા કહેવી તે યોગ્ય નથી, પણ ગુજરાતમાં સંસદીય લોકશાહીની મજાક-મશ્કરી, ઠઠ્ઠા ઠેકડીઓનાં શેરી નાટકો કહેવાં જોઈએ અને તે પણ લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા, લોક પ્રતિનિધિઓ જ લોકશાહીની મજાક ઉડાવે એ ખૂબ જ દુ:ખદ છે અને તેથી આવી ઘ ટનાઓનો ભારતના લોકશાહીના ઈતિહાસમાં કે કોમન વેલ્થના દેશોની લોકશાહીના ઈતિહાસમાં કયાંય જોટો મળે છે  કે નહીં એ શોધવાનો મેં પ્રયત્ન કર્યો, પણ કયાંય મને આવી ઘટનાઓના ઉદાહરણો મળ્યા નહીં. એટલે મને ભારે દુ:ખ થયું છે કે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ અને સ્વ. દાદાસાહેબ માવળંકરના ગુજરાતમાં વિરોધપક્ષોએ આવી ઘ ટનાઓ દ્વારા લોકશાહીના ચીરહરણને સમર્થિત કરવા જે અસત્ય અને જૂઠાણાંઓનો આશરો આ મોક વિધાનસભાઓ, અખબારી નિવેદનો, માધ્યમો-મુલાકાતો ઉપરાંત દિલ્હીના રાજદરબારમાં જઈને લીધો એ ખરેખર દુ:ખદ છે. એટલે આ નિર્ણયમાં કેટલાંક સત્યોને આ ગૃહ દ્વારા ગુજરાતની પ્રજા સમક્ષ મૂકવાનું મને ઉચિત લાગે છે.

(૧) ભૂતકાળમાં તા. ૧૮-૨-૧૯૮૧ ના રોજ મોક વિધાનસભાનું આયોજન તત્કાલિન વિરોધપક્ષના નેતાશ્રી દલસુખભાઈ પટેલ તથા પૂર્વ મુખ્યમંત્રી સ્વ. શ્રી ચીમનભાઈ પટેલ, હાલના કેન્દ્રીય મંત્રીશ્રી દિનશા પટેલ, સ્વ. મકરંદભાઈ દેસાઈ અને શ્રી અશોક ભટ્ટ દ્વારા થયું હતું ત્યારે તે મોક વિધાનસભામાં તત્કાલીન અધ્યક્ષ, મુખ્યમંત્રીશ્રી કે મંત્રીમંડળના સભ્યશ્રીઓનાં મહોરાં પહેરવાના નાટકીય પ્રયોગો થયા ન હતા કે તે મોક વિધાનસભામાં જે પ્રવચનો થયાં હતાં તેમાં વિધાનસભા ગૃહની કાર્યવાહીની કયાંય ઠઠ્ઠા, મશ્કરી, ઠેકડી, મજાક કે અપશબ્દોનું ઉચ્ચારણ થયું ન હતું. આ મોક વિધાનસભામાં વર્તમાન ગૃહના સભ્યો શ્રી મોહનસિંહ રાઠવા અને શ્રી બાબુભાઈ શાહે પણ ભાગ લીધો હતો. ભૂતકાળની મોક વિધાનસભાનું આયોજન ગુજરાત વિધાનસભાને લોકોની નજરમાં નીચે દેખાડવાના આશયથી થયું નહોતું અને તેનું આયોજન પણ માત્ર એક જ દિવસ માટે લોક શિક્ષણના હેતુથી થયું હતું. જયારે આજે જે રીતે આગળ જણાવેલ નગરો અને મહાનગરોમાં મોક વિધાનસભાનું આયોજન કરીને જે પ્રકારે ગુજરાત વિધાનસભાના મોભા અને દરજજાને હાની પહોંચાડી છે તે માત્ર વિધાનસભા ગૃહનું અવમાન નથી, પરંતુ લોકશાહીની સર્વોચ્ચ સંસ્થાની પ્રતિષ્ઠા
ઘટાડવા માટેના નિમ્ન પ્રયાસો છે તેમ હું માનું છું અને આ પ્રકારની પ્રવૃત્તિને જો નહીં રોકીએ તો મને લાગે છે કે લોક નજરમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટેની અને લોકશાહી માટેની જે શ્રધ્ધા છે એને ગંભીર ફટકો પડશે.

**૨. લઠ્ઠાકાંડની ચર્ચા કરવા દેતા નથી:**

ગુજરાત વિધાનસભામાં મારી કાર્યશૈલીની લક્ષ્મણરેખા બંધારણ, બંધારણની કલમ ૨૦૮ નીચે ઘડાયેલ ગુજરાત વિધાનસભાના નિયમો છે. આ લક્ષ્મણરેખા હું ઓળંગી શકું નહીં. તારીખ ૭ મીના રોજ શ્રી સિધ્ધાર્થભાઈ પટેલે મારી સમક્ષ ગૃહમાં શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની માગણી કરી અને મેં તેમને તે દિવસે મુદ્દો ઉપસ્થિત કરવા દીધો. માનનીય ગૃહ રાજયમંત્રીશ્રી અમીતભાઈ શાહે બીજે દિવસે નિયમ-૪૪ નીચે નિવેદન કરીશ એવી તે દિવસે ગૃહમાં ખાતરી આપી.

તા. ૮-૭-૨૦૦૯ ના રોજ સવારે ૧૧-૫૫ મિનિટે મારી ચેમ્બરમાં શ્રી અર્જુનભાઈ મોઢવાઠીયાએ સભામોકુફીની દરખાસ્ત વિપક્ષના અન્ય સભ્યો સાથે આવીને રજૂ કરી ત્યારે મેં વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ મુજબ જે બેઠકમાં સભામોકૂફીનો પ્રસ્તાવ લાવવો હોય તે બેઠકના એક કલાક પહેલાં પ્રસ્તાવ આપવો જોઈએ. નિયમની આ જોગવાઈની હું ઉપેક્ષા કરી ન શકું અને મારા અગાઉના કોઈ પૂર્વ અધ્યક્ષોએ એક પણ દરખાસ્ત એક કલાકથી ઓછા સમયમાં આવી હોય તો દાખલ કર્યાનું ઉદાહરણ નથી. તેથી મેં આ પ્રસ્તાવ રજૂ કરવાની મંજૂરી ન આપી, પરંતુ તે દિવસે માનનીય ગૃહ રાજયમંત્રીશ્રીએ આપેલી ખાતરી મુજબ ગૃહમાં નિયમ-૪૪ નીચે નિવેદન કર્યુ જે ગૃહના રેકર્ડ પર છે. આ ઉપરાંત લઠ્ઠાકાંઠની ઘટના ખૂબ જ ગંભીર હતી તેથી નિયમ-૪૪ માં ચર્ચાને અવકાશ ન હોવા છતાં મેં ગૃહમાં વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી, શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને શ્રી સાબીરભાઈ ખેડાવાલાને ચર્ચા કરવા દીધી.તા. ૯/૭/૦૯ના રોજ શ્રી અનિલભાઈ જોષીયારાનો સભામોકૂફીનો પ્રસ્તાવ ફરીથી આવતા મેં પૂર્વ ઉદાહરણો અને નિયમોનો અભ્યાસ કરીને નિર્ણય કર્યો. સભામોકૂફીના પ્રસ્તાવની મંજૂરી, મુદ્દો સબજયુડીસ હોવાને કારણે આપી શકતો નથી તેમ જણાવ્યું.

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સભા મોકૂફીની જે દરખાસ્તો અગાઉ ના-મંજૂર થઈ હતી તેમાં અદાલતી તપાસપંચની નિમણૂકના કારણે નામંજૂર થયેલ, જે નીચે મુજબ ૫ દરખાસ્તો હતી.

૧. છોટા ઉદેપુર તાલુકાના સનાડા ગામે તા. ૧૨-૩-૬૨ના રોજ પોલીસે કરેલા ગોળીબારથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે સભામોકૂફીની દરખાસ્ત.
૨. તાપીમાં તા. ૧૪-૧-૬૩ના રોજ હોડી હોનારતની ઘટના સંબંધે સભામોકૂફીની દરખાસ્ત.
૩. તા. ૫-૮-૬૪ના રોજ અમદાવાદમાં થયેલ પોલીસ ગોળીબારથી ઉભી થયેલ પરિસ્થિતિ અંગે સભામોકૂફીની દરખાસ્ત.
૪. તા. ૨૮-૯-૯૯ના રોજ સુરતમાં ગણપતિ વિસર્જનની ઘટનામાં ૭ વ્યકિતઓના મૃત્યુ અંગેની સભામોકૂફીની દરખાસ્ત.
૫. તા. ૨૭-૨-૦૨ના રોજ ગોધરા ખાતે ટ્રેન સળગાવવાના બનેલ બનાવ અંગેની સભામોકૂફીની દરખાસ્ત.

આ પૂર્વ ઉદાહરણો હોવાના કારણે અને કમિશન ઓફ ઈન્કવાયરી એકટ હેઠળ ન્યાયિક તપાસપંચ નીમાયેલ હોવાથી નિયમ-૧૦૮ અને ૩૪ની જોગવાઈ મુજબ સભામોકૂફીની દરખાસ્ત દાખલ કરી શકાતી નથી. અને તેથી માનનીય સભ્યશ્રી અનિલભાઈ જોષીયારાની દરખાસ્ત પણ મેં સ્વીકારી ન હતી. પરંતુ ત્યારબાદ તા. ૯-૭-૦૯ અને તા. ૧૦-૭-૦૯ એમ બે દિવસોએ વિપક્ષ દ્વારા ગૃહમાં જે દેખાવોની ઘટના બની તે અંગે મેં મારા નિર્ણયો આપેલ છે, એની પુનરોકતી કરતો નથી. પરંતુ ૭ સભ્યોને અતિશય તોફાની વર્તણૂક બદલ સત્ર સમાપ્તિ સુધી ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા હતા અને ૧૧ સભ્યોને માત્ર ૩ દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા.

આપણે ત્યાં એક પ્રણાલિકા રહી છે કે, આવી ઘટનાઓ બન્યા પછી જે પક્ષે આક્રમકતા બતાવી હોય અને ગૃહમાં ગેરવતણૂક કરી હોય કે અધ્યક્ષ સામે અવિવેક કર્યો હોય તેવી કોઈ પણ ઘટના માટે તે પક્ષના નેતા ગૃહ સમક્ષ આવીને દિલગીરી વ્યકત કરે તો ગૃહે જે સભ્યોને સસ્પેન્ડ કર્યા હોય તે સભ્યોનું સસ્પેન્શન રદ કરવામાં આવે છે. તા. ૧૪-૭-૦૯ના રોજ વિપક્ષના નેતાશ્રી શકિતસિંહજી, શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, કોંગ્રેસ પક્ષના દંડક

શ્રી ઈકબાલભાઈ પટેલ અને કોંગ્રેસ પક્ષના પ્રમુખ શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ તથા સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહ, મુખ્ય દંડક શ્રી આર. સી. ફળદુ અને શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ એમ સત્તાધારી અને વિપક્ષના નેતાઓ સાથે મેં સમન્વય બેઠકનું આયોજન કર્યુ હતું. આ બેઠકમાં વિપક્ષના નેતાશ્રીએ સુચવેલ સમાધાનના માર્ગ પ્રમાણે ગૃહમાં લઠ્ઠાકાંડની ચર્ચા માટે ગૃહની બેઠક એક કલાક વધારી દેવાનું સૂચન તેમણે કર્યુ હતું. તેમનું આ સૂચન મેં બેઠકમાં મૂકયું હતું અને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ એક કલાકને બદલે બે કલાક આ વિષય ઉપર ચર્ચા માટે સંમતિ આપી હતી. સસ્પેન્ડ થયેલા સભ્યો માટે જે પ્રણાલિકા રહી છે તે મુજબ વિપક્ષના નેતા ગૃહમાં દિલગીરી વ્યકત કરે તે વાત સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મુકી હતી. આ બન્ને મુદ્દાઓનો વિપક્ષ દ્વારા અસ્વીકાર થતાં સમાધાનની ભૂમિકા તૂટી ગઈ હતી. અને હું સમન્વયનો સેતુ ન બની શકયો. તે જ દિવસે આ અંગે નિવેદન કરી ગૃહને મેં માહિતગાર કરેલ. ત્યારબાદ વિપક્ષે ગૃહની અધિકૃત કાર્યવાહીનો ત્યાગ કર્યો અને અમને લઠ્ઠાકાંડની ચર્ચા કરવા દેતા નથી અને ગૃહમાંથી સસ્પેન્ડ કર્યા છે તેવા હકીકત અને સત્યથી વેગળા આરોપોનો આશરો લીધો તે પણ લોકશાહીની કમનસીબી છે. વિપક્ષને ચર્ચામાં જો રસ હોત તો વિધાનસભાના નિયમો મુજબ તા. ૨૩-૭-૨૦૦૯ના રોજ ગુરુવારે તેમના પક્ષના સભ્યશ્રી ફારૂકભાઈ શેખના નામે પ્રસ્તાવ રજૂ કરી શકાશે તેમ પણ મેં જણાવ્યું હતું. મેં એ પણ જણાવ્યું હતું કે વિપક્ષ દ્વારા આ અંગે સમયસર દરખાસ્ત આવશે તો હું તેને દાખલ કરીશ.

આ ઉપરાંત અંદાજપત્રની વિભાગવાર માગણીઓ પરની આરોગ્ય વિભાગ અને ગૃહ વિભાગની ચર્ચામાં ભાગ લઈ લઠ્ઠાકાંડની ચર્ચા થઈ શકી હોત. તે પણ તેઓ જાણતા હોવા છતાં ગૃહની કાર્યવાહીનો સતત બહિષ્કાર કરીને વિપક્ષ દ્વારા મોક વિધાનસભાઓના જે આયોજનો થયાં છે તે દુ:ખદ છે. આ દિવસો દરમિયાન તેમના પક્ષના સભ્યોના નામે દાખલ થયેલ કુલ ૯૩ તારાંકિત પ્રશ્નો ચર્ચાયા વિના રહ્યાં, ૫ જેટલી નિયમ- ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબતોની ગૃહમાં ચર્ચા થઈ નહિ. એક બિન સરકારી સંકલ્પ અને બે બિન સરકારી વિધેયકોની ચર્ચા થઈ નહિ. સમગ્ર સત્ર દરમિયાન અંદાજપત્રની માગણીઓ પરની ચર્ચામાં ભાગ નહિ લઈને વિપક્ષના સભ્યોના મત વિસ્તારના પ્રશ્નો ગૃહમાં રજૂ થઈ શક્યા નહિ.

લઠ્ઠાકાંડ જેવી દુ:ખદ ઘટનાનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે લાવવામાં આવેલ ગુજરાત નશાબંધી સુધારા વિધેયક જેવા અત્યંત મહત્ત્વના વિધેયક પરની ચર્ચામાં ભાગ નહિ લઈને લોકમતને પ્રગટ કરવાની તક ગુમાવીને વિપક્ષે બિન લોકશાહી માર્ગને અપનાવીને ગુજરાતની લોકશાહીના કીર્તિમંદિર સમાન ગુજરાત વિધાનસભાની ગરિમાને ખંડિત કરી છે.

મુખ્ય દંડકશ્રી આર.સી. ફળદુએ ઉઠાવેલ પૉઈન્ટ ઑફ ઑર્ડરના મુદ્દા ઉપર મારા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ ભૂતકાળની સન ૧૯૮૧ અને સન ૨૦૦૫ની ઘટનાઓ વખતે જે નિર્ણયો કર્યા હતા તે નિર્ણયો મુજબ તા. ૧૦-૭-૦૯ થી તા. ૨૮-૭-૦૯ સુધીમાં યોજાયેલ મોક વિધાનસભાની ઘટનાઓને લોકશાહીની મજાક અને વિધાનસભાના અવમાન સમાન ગણીને વિધાનસભાના નિયમોના નિયમ-૨૬૩ અન્વયે તેની તપાસ વિશેષાધિકાર સમિતિને સોંપું છું.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૭-૦૮નો ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન મંડળનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

## સન ૨૦૦૭-૦૮નો ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી અમિત શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૦૭-૦૮નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## આરોગ્ય અને પરિવાર વિભાગની અધિસૂચનાઓ

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ અન્વયે

(૧) તા. ૨૬-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીપી/૨૦/એમસીજી/૨૦૦૯/૨૪૩૬/જ

(૨) તા. ૨૬-૭-૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક-જીપી/૨૧/એમસીજી/૨૦૦૯/૨૪૩૬/જ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૭૦૯૩ (અગ્રતાક્રમ-૭)ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧-૭-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાના "જુનાગઢ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૭૦૯૩ (અગ્રતાક્રમ-૭)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી**

**ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના Gendering Human Devp. indiaces રિપૉર્ટ**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, તા. ૭-૭-૨૦૦૯ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતા સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારના Gendering Human Devp. indiaces પરના ટૅક્નીકલ એડવાઈઝરી કમિટીના રિપૉર્ટનો ઉલ્લેખ કરીને ડ્રોપઆઉટરેટને લગતા આંકડા ગૃહ સમક્ષ રજૂ કર્યા હતા. તે સમયે માનનીય અધ્યક્ષશ્રીએ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવા સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલને આદેશ આપ્યો હતો. તદ્અનુસાર શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ તરફથી આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવા માટે મળેલ છે જે હું સભાગૃહના મેજ ઉપર મૂકું છું. માનનીય સભ્યશ્રીઓના ઉપયોગ અર્થે આ અહેવાલની નકલ વિધાનસભાના ગ્રંથાલયમાં રાખવામાં આવશે.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### નાણાકીય સમિતિઓના ચૂંટણીના પરિણામ અંગે

**અધ્યક્ષશ્રી** : વર્ષ ૨૦૦૯-૧૦ના માટે ચૂંટાયેલ નાણાકીય સમિતિઓ ઉપર વિધાનસભાના સભ્યશ્રીઓના રાજીનામાને કારણે ખાલી પડેલ સભ્યની બેઠક પૈકી અંદાજ સમિતિ ઉપર એક, જાહેર હિસાબ સમિતિ ઉપર બે, જાહેર સાહસો માટેની સમિતિ ઉપર બે, પંચાયતીરાજ સમિતિ ઉપર એક તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર એક અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક તથા રાજય સહકારી કાઉન્સિલ માટે યોજાયેલ ચૂંટણીમાં નીચેના સભ્યોને ચૂંટાયેલા જાહેર કરું છું.

| | | |
|---|---|---|
| અંદાજ સમિતિ | શ્રી કિશોર વાંકાવાલા | ૧૭૧-સુરત શહેર (પશ્ચિમ) |
| જાહેર હિસાબ સમિતિ | શ્રી મોહનસિંહ રાઠવા | ૧૪૨-જેતપુર-પાવી |
| " | શ્રી જવાહરભાઈ ચાવડા | ૩૫-માણાવદર |
| જાહેર સાહસો માટેની સમિતિ | ડૉ. માયાબેન કોડનાની | ૭૮-નરોડા |
| " | શ્રી હીરાભાઈ પટેલ | ૧૨૨-લુણાવાડા |
| પંચાયતી રાજ સમિતિ | શ્રી લક્ષ્મણભાઈ પટેલ | ૧૭૫-ગણદેવી |
| ગુજરાત રાજય સહકારી કાઉન્સિલ | શ્રી શંકરભાઈ વાઘેલા | ૧૩૨-ચકલાસી |
| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સેનેટ | શ્રી ભગવાનભાઈ બારડ | ૩૭-તલાળા |
| ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કોર્ટ | શ્રી અશ્વિન કોટવાલ | ૧૦૩-ખેડબ્રહ્મા |

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

### પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારાને રદ કરી અંકુશમાં રાખવા અંગે

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે-

" તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલમાં રૂા.૪/- અને ડિઝલની કિંમતમાં રૂા. ૨/-નો વધારો કરવામાં આવ્યો છે. ક્રુડ તેલના ભાવ ગત વર્ષની સરખામણીએ આ વર્ષે નીચા હોવા છતાં આ ભાવ વધારો થયો, જેનાથી ડિઝલ એન્જિન ચલાવીને ખેતી કરતા ખેડૂતો અને ટ્રૅક્ટર ધરાવતા ખેડૂતો ઉપર ભારે ભારણ આવ્યું છે. આ ભાવ વધારાને કારણે ગ્રામીણ નાગરિકોનું ટ્રાન્સપોર્ટેશન પણ મોંઘું થયું છે અને જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓના ભાવ પર તેની માઠી અસર થઈ છે. દૂધ, શાકભાજી, ખાંડ, કઠોળ જેવી જીવન જરૂરિયાતની ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે. આમ ડિઝલ-પેટ્રોલના ભાવ વધારાથી આમ આદમીની મુશ્કેલીઓમાં પણ અનેકગણો વધારો થયો છે. ગુજરાતમાં મહિને અંદાજે ૮ કરોડ લિટર પેટ્રોલ અને ૩૦ કરોડ લિટર ડિઝલનો વપરાશ થાય છે. તેથી પેટ્રોલ/ડિઝલના આ ભાવવધારાને કારણે ગુજરાતની પ્રજાને માથે માસિક રૂા. ૧૧૫/- કરોડ અને વાર્ષિક રૂા. ૧૩૮૦ કરોડનો ખર્ચ ભોગવવાનો આવ્યો છે ત્યારે ગુજરાતની પ્રજા પર પેટ્રોલ/ડિઝલના આ ભાવ વધારાનો બોજો ન પડે તે માટે કેન્દ્ર સરકાર પેટ્રોલ/ડિઝલના ભાવમાં થયેલ વધારો રદ કરે અને પેટ્રોલ/ડિઝલના ભાવને અંકુશમાં રાખે તે માટે કેન્દ્ર સરકારને જરૂરી પગલાં ભરવા જણાવવા સંબંધમાં આ સભાગૃહમાં ચર્ચા વિચારણા કરીએ."

**પ્રસ્તાવ રજૂ થાય છે.**

**અધ્યક્ષશ્રી** : શ્રી આત્મારામભાઈ બહેનોની માગણીઓ આવી છે એટલે આપને અવકાશ નહીં મળે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી લોકસભાની ચૂંટણી આવી ત્યારે કૉંગ્રેસે એક સૂત્ર આપ્યું હતું કે, " કોંગ્રેસકા હાથ આમ આદમી કે સાથ." ચૂંટણી પૂરી થઈ, કેન્દ્રમાં યુ.પી.એ.નું શાસન આવ્યું અને થોડાક જ સમયમાં ખબર પડી કે, કૉન્ગ્રેસના હાથ આમ આદમી કે ગાલ પર પડ્યા છે અને ૧૦૦ દિવસના શાસનમાં ભારતની પ્રજાને મોંઘવારીની એક મોટી ભેટ આપી છે. હજુ તો ચૂંટણી પૂરી થઈ અને તેની શાહી પણ સુકાઈ નથી ત્યાં તો કૉન્ગ્રેસનો પંજો વીફર્યો અને ધડાક દઈને પ્રજાના ગાલ પર પેટ્રોલ-ડિઝલના ભાવ વધારારૂપે એવો પડ્યો કે, એના કારણે જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવ આસમાનની બહાર નીકળી ગયા. પેટ્રોલ ડિઝલનો ઉપયોગ આજના આધુનિક યુગમાં મધ્યમવર્ગ અને ગરીબવર્ગના તમામ લોકોની જિંદગીમાં અસર થઈ રહી છે. છેક છેવાડાના ગામડાનો માનવી દૂર શહેર તરફ આવે કે તરત જ એને ખબર પડે કે જે તે વાહન એસ.ટી. બસ, છકડો કે જીપનો ઉપયોગ કરી રહ્યો છે તેના ભાડામાં વધારો થયો છે. રોજનું પેટિયું રળતા મજૂરો, શ્રમિકોના મુસાફરી ખર્ચમાં થયેલા વધારાની સામે વાસ્તવિક આવક ઘટી ગઈ છે. બીજી તરફ જીવન જરૂરી ચીજ વસ્તુઓ કે જે એક ગામથી બીજે ગામ, એક શહેરમાંથી બીજા શહેરમાં હેરફેર કરવા માટે ટ્રાન્સપોર્ટેશન કરવાના ખર્ચમાં પણ વધારો થયો છે. આના કારણે જીવન જરૂરી ચીજ વસ્તુઓમાં દૂધથી શરૂ કરીને કઠોળ, અનાજ, શાકભાજી, દવા આ તમામ ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે. કેન્દ્ર સરકારે આમ આદમીની કમર તોડી નાખી છે. યુ.પી.એ.ની સરકારે પેટ્રોલ અને ડિઝલમાં કમર તોડ વધારો કરીને દેશને બીજા દસ વર્ષ પાછળ ધકેલી દીધો છે. પેટ્રોલ અને ડિઝલ જ નહીં પરંતુ ગેસમાં સિલિન્ડર દીઠ રૂ.૧.૪૦ નો વિક્રેતાઓના કમિશનમાં વધારો કર્યો છે. બજેટ પછી આ વધારો પ્રજાના માથે ઠોકી બેસાડવામાં આવ્યો છે. આ માટે જરૂરી જાહેરનામું પણ બહાર પાડી દેવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકસભાની ચૂંટણીઓ પહેલાં આ જ યુ.પી.એ.ની સરકારે આ પેટ્રોલ અને ડિઝલમાં ભાવ ઘટાડો કર્યો હતો. પણ પ્રજાની વાહવાહ મેળવી લઈ અને મત અંકે કર્યા બાદ સત્તા પર આવતાની સાથે પ્રજાને કમર તોડ ભાવ વધારો આપીને પ્રજાની સાથે છેતરપિંડી કરી છે. આપણે સૌ જાણીએ છીએ કે, પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારાથી તેની સાથે સંલગ્ન દરેક ચીજોના ભાવ વધશે. મને એક એવી વસ્તુ બતાવો કે જેના ઉપર પેટ્રોલ- ડિઝલના ભાવ વધારાથી આ અસર ન થતી હોય. હું એક ગૃહિણી છું. ઘરનું બજેટ કેવી રીતે ચાલે તેની પૂરી સમજ છે. તે છતાં પણ બજેટ કેવી રીતે સેટ કરવું તેની પણ સમજ પડતી નથી. અત્યારે પેટ્રોલ ડિઝલના ભાવ વધારાના કારણે ઘરનું આર્થિક બજેટ ગોઠવવામાં તકલીફ પડી રહી છે. આમ આદમીને ઊંધા ચશ્મા પહેરાવવામાં કૉન્ગ્રેસના નેતૃત્વ હેઠળની

* (xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : એ ઉલ્લેખો ન રાખો, સીધે સીધા આગળ કહો. ગૃહમાં ન હોય એનો ઉલ્લેખ ન કરો.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હા, કાઢી નાખું છું. યુ.પી.એ.ની સરકારે આંકડાકીય માયાજાળથી લોકોમાં ધૂંધવાટ સજર્યો છે. મોંઘવારી નીચે આવે તેવા દાવામાં વાસ્તવિકતા એ છે કે, ઘઉં જેવું અનાજ કે, ગરીબોનો બાજરો કહીએ છીએ, આમ આદમીના ચોખા, દૂધ, દાળ જેવી ચીજો ઉપર પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાની અસર જોવા મળે છે. મધ્યમવર્ગને બે છેડા ભેગા કરી ઘર ચલાવવાનું ખૂબ જ મુશ્કેલ બન્યું છે ત્યારે દુનિયાની અજાયબીમાં એક અજાયબી ભારતનો ફુગાવાનો દર છે. ભારતમાં એક તરફ ફુગાવાનો દર સતત વધ્યા બાદ હવે સતત ઘટીને શૂન્ય એટલે કે, ડીફલેકશન તરફ જઈ રહ્યો છે ત્યારે જીવન જરૂરી ચીજ વસ્તુઓના ભાવો વધતા જાય છે. લોકોની સામાન્ય સમજ એવી છે કે, ફુગાવો ઘટે એટલે ભાવ ઘટે અને ફુગાવો વધે એટલે ભાવ વધે. પરંતુ હાલમાં તદ્દન વિપરીત થઈ રહ્યું છે. આ બધા પાછળ પેટ્રોલ ડિઝલનો ભાવ વધારો મોટું કારણ છે. સૌથી વધુ રસપ્રદ વાત એ છે કે, કેન્દ્રની સરકારે આમ આદમી કે સાથનું સૂત્રનું ચૂંટણીમાં વારંવાર ઉચ્ચારણ કરીને આમ આદમી માટે જ મોટામાં મોટી મુશ્કેલી ઉભી કરી છે. પેટ્રોલ ડિઝલના ભાવ વધારાની સાથે જ ખાંડ અને ચા ના ભાવમાં પણ તોતિંગ વધારો થયો છે. ગુજરાતીઓ અને ગુજરાત વાસીઓની સવાર, ચા પીધા પછી જ પડે છે. પરિવારજનોની સવાર તેમના ટેસ્ટ મુજબની ચા સાથે શરૂ થાય તેવી ચીવટ રાખતી ગૃહિણીઓને પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારાના કારણે ચા પણ કડવી લાગવા માંડી છે. લીલા ધાણાનો ભાવ..સમય સૂચક ઘ ંટડી..

**અધ્યક્ષશ્રી** : દસ બહેનો છે બહેન અને એક કલાકમાં ચર્ચા પૂરી કરવાની છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : એક જ મિનિટ સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, લીલા ધાણાનો ભાવ પણ આ ભાવવધારાની અસરને કારણે કિલોના ૧૦૦ રૂપિયાથી ૨૦૦ રૂપિયાએ જઈને અટક્યો છે. મીઠાઈઓમાં કાજુ-બદામની સજાવટ કરતા પણ રસોઇમાં ધાણાની સજાવટ મોંઘી પડે છે. કોંગ્રેસની સરકારે ચૂંટણી પહેલાનું સૂત્ર

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જય હો, અને પરિણામ બાદ આમ પ્રજાનો જય હો કરી દીધો છે. પેટ્રોલ ડિઝલના ભાવવધારાના કારણે કઠોળ અને દાળના ભાવ વધ્યા છે.

**અધ્યક્ષશ્રી** : તમે પેલી મૂંઝવણ પ્રગટ કરીને કે બજૅટ કેવી રીતે તૈયાર કરવું પડે ગૃહિણી તરીકેની, વજુભાઈને પૂછી લો, ૧૪ બજેટો તૈયાર કર્યા છે એટલે બજૅટ તૈયાર કરતી વખતે અહીંયા આવવું. શ્રીમતી જશુબેન, બહુ ઓછા સમયની અંદર, કારણ કે લગભગ દસ બહેનોને મારે તક આપવાની છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સન્માનનીય ગૃહની અંદર માનનીય સભ્ય શ્રીમતી ગીતાબેન પટેલ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. તાજેતરમાં હમણાં જ લોકસભાની ચૂંટણી ગઈ, અને એ લોકસભાની ચૂંટણી ગયા પછી કેન્દ્રની અંદર જે નવી યુ.પી.એ.ની સરકાર બની, અને સરકાર બન્યા પછી ૧૦૦ દિવસની અંદર પેટ્રોલ અને ડિઝલના ભાવ જે વધારીને સમગ્ર દેશની પ્રજાની આજે કમર તોડી નાખી છે. ચૂંટણીની અંદર જે ખોટાં વચનો આપ્યાં હતાં અને ત્યારે કોંગ્રેસે એક સૂત્ર આપેલું હતું, જય હોનું, અને આજે એ ભય બની ગયો છે. પેટ્રોલ અને ડિઝલની અંદર કમરતોડ વધારો કરવાને કારણે આની અસર છે એ સીધી લોકો ઉપર પડે છે. ખાસ કરીને મહિલાઓ ઉપર પડે છે. આજે ગરીબ વર્ગ હોય કે મધ્યમ વર્ગ હોય અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુ વગર આજે ચાલતું નથી. સવારથી ઉઠીને સુવે ત્યાં સુધી જીવન જરૂરિયાતની ચીજવસ્તુની આવશ્યકતા હોય છે. પેટ્રોલ અને ડિઝલના ભાવ વધવાના કારણે આજે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર, જે ભારત દેશ આજે ખેતીપ્રધાન દેશ હોવાને કારણે એનો મોટા ભાગનો વર્ગ છે એ આજે ખેતી કરે છે. અને એ ખેતી કરનાર ખેડૂતને આજે એ ખેતીની અંદર ટ્રેકટરથી લઈને ડિઝલ એન્જીનની જરૂર પડતી હોય છે. અને આ ડિઝલના ભાવ વધવાના કારણે એ ખેડૂત એ આર્થિક રીતે ભાંગી પડ્યો છે કારણ કે પાણી ખેંચવા માટે થઈને ઑઈલ ઍંજિનની જરૂર પડતી હોય છે. પોતાના ખેતરની અંદરથી જે પાક થયો હોય અને એ પાકને વેચવા માટે એમને માર્કેટ સુધી જવું પડતું હોય છે પરંતુ આ ડિઝલના ભાવ વધવાને કારણે એમનું જે ટ્રાન્સપોર્ટેશન છે એ વધારે આવે છે અને એ માર્કેટની અંદર જે ભાવ મળે છે એ પૂરતા મળતા નથી અને એના કારણે જે ખેડૂત ઉપર બોજો ઘણોબધો વધવાનો છે ત્યારે આ કેન્દ્રની અંદર રહેલી સરકારે જે ડિઝલ અને પેટ્રોલના જે ભાવ વધાર્યા છે એ ભાવ વધારો પાછો ખેંચવા જોઈએ અને સરકારને જો લોકોની ચિંતા હોય તો આની અંદર એમણે ઉંડો અભ્યાસ કરીને આ કાર્યવાહી કરવી જોઈએ જોઈએ. માનનીય ગીતાબેન જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમને હું મારું અનુમોદન આપું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી ગીતાબેન પટેલ તરફથી કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં પેટ્રોલ અને ડિઝલના ભાવમાં થયેલ વધારા સંબંધે કેન્દ્ર સરકારને જરૂરી પગલાં ભરવા દરખાસ્ત કરતાં પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારની યુ.પી.એ. સરકારે સત્તાનો દોર સંભાળ્યા પછી મોટા ભાગે એવું બનતું હોય છે કે જ્યારે સરકાર પોતે સત્તાનો દોર સંભાળે ત્યારે શરૂઆતના ૧૦૦ દિવસમાં પ્રજાનો વિશ્વાસ કેવો સંપાદિત કરે છે અને પ્રજાલક્ષી કેવા કાર્યો કરે છે તે જોવાની સૌને હૈયાધારણા હોય છે. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ પ્રજાને ૧૦૦ દિવસની ભેટ આપી એ એવી ભેટ આપી કે પેટમાં ખંજર ભોંકી દીધું. શરૂઆતમાં ચૂંટણી આવવાની હતી ત્યારે પેટ્રોલ અને ડિઝલના ભાવ ઘટાડ્યા અને એકાએક ભાવો વધારી દીધા અને એના કારણે મધ્યમવર્ગ અને ગૃહિણીઓને ખૂબ જ વેઠવું પડે છે. એક ગૃહિણીના નાતે એટલું ચોક્કસ કહીશ કે પેટ્રોલ અને ડિઝલના ભાવ વધવાના કારણે આપણે જાણીએ છીએ કે ગ્રામ્ય વિસ્તારમાં ખેત ઉત્પાદનમાં શાકભાજીનું ઉત્પાદન થતું હોય છે. આ શાકભાજીને માર્કેટ સુધી ટ્રાન્સપોર્ટ દ્વારા લાવવામાં આવતું હોય છે. પરંતુ આ ટ્રાન્સપોર્ટમાં આવા ભાવ વધારાના કારણે એના ભાવમાં સીધો ઉછાળો આવવાના કારણે શાકભાજીના ભાવમાં પણ વધારો દેખાયો અને એની અસરો ગૃહિણીઓના રસોડા સુધી સ્પર્શી ગઈ. આજે ટામેટાના ભાવ ૪૦ રૂપિયા, ગરીબોની કસ્તૂરી કહેવાતી ડુંગળીના ભાવ ૩૦ રૂપિયા, બટેકાના ભાવ ૨૫ રૂપિયા અને તુવેર અને અનાજના ભાવ આજે સીમા વટાવી ચૂક્યા છે ત્યારે એક ગૃહિણી તરીકે કેન્દ્ર સરકારે જે પેટ્રોલ અને ડિઝલનો ભાવ વધારો કર્યો છે એના માટે અનુરોધ કરું છું કે, રાજ્ય સરકાર ઉપરનો ભાવ વધારો કર્યો છે એ પાછો ખેંચી લેવો જોઈએ. આજે વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરની શાળાએ ભણવા આવતા હોય છે ત્યારે એ પોતાના વાહન ઉપર અથવા તો છકડો કે ટેમ્પોમાં આવતા હોય છે. એને ખબર નથી કે જે ૧૦ કે ૧૨ રૂપિયામાં જતા હતાં એણે રાતોરાત હવે ભાડાના ૨૦ રૂપિયા ચૂકવવા પડશે. એના ખિસ્સા ખર્ચમાં ખૂબ જ વધારો થયો છે. શ્રમિક વર્ગ પણ ગામડામાંથી શહેરોમાં કામ માટે અથવા હટાણું કરવા આવતો હોય છે. એના પોતાના ખિસ્સાના પૈસા તો ગયા છે પરંતુ આવકમાં કોઈ વધારો થતો હોતો નથી. આ રીતે આવા વધારાના કારણે મધ્યમવર્ગને સીધો સ્પર્શતો આ પ્રશ્ન છે. આ વધારો કેન્દ્ર સરકારે કર્યો છે એને પાછો ખેંચી લેવાનો હું અનુરોધ કરું છું.

**પ્રો. વસુબેન ત્રિવેદી(જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગીતાબેન જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ અને ડિઝલમાં જે ભાવ વધારો કર્યો છે એ પ્રજાને આપેલ કોલથી ઘણો વિરોધાભાસ સર્જે છે. ક્રૂડ તેલના ભાવ કઈ રીતે વધાર્યા છે એ કોઈને સમજાતું નથી

આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે. ગુજરાત રાજ્યમાં મોટા બંદરો આવેલા છે અને ઘણી મોટી રિફાઈનરીઓ પણ આવેલી છે. તેમ છતાં ગુજરાત રાજ્યમાં વેચાતા પેટ્રોલ અને ડિઝલના ભાવો ઉપર પૅટ્રોલિયમ કંપનીઓ દ્વારા વધારાનો ઉપકર આ રાજ્યને લગાડવામાં આવ્યો છે. ઑકટોબર ૨૦૦૮માં ક્રૂડ ઑઈલનો ભાવ ૧૪૭ ડોલર હતો ત્યારે ડોલરનો ભાવ ૫૨ રૂપિયા હતો અને ડિઝલનો ભાવ ૩૭ રૂપિયા હતો. આજે ક્રૂડનો ભાવ ૬૮ ડોલર છે અને ડોલરનો ભાવ ૪૮ રૂપિયા છે. ક્રૂડ ઑઈલના ભાવ ઘટ્યા, ૫૦ ટકાથી ઓછા ભાવ થયાં છતાં પણ ભાવ વધારો રૂપિયા ૨.૫૦નો થયો અને એ ત્રણ કે ચાર રૂપિયા સુધી પહોંચી ગયો. કોઈ લૉજિક કે મેથેમેટિક્સ આમાં જણાતું નથી. કેન્દ્ર સરકારની ૧૦૦ દિવસની સત્તાની અંદર જો આટલો કમરતોડ ભાવ વધારો થયો હોય તો ભવિષ્યમાં શું થશે એની ચિંતા સમગ્ર ગુજરાતની બહેનોને થઈ રહી છે. સત્તાની સમજણ આવી હોય, કે આયોજન આવું હોય એ સમજાતું નથી. ગરીબી હટી જશે, મકાનો મળશે, અનાજના ભાવો ઘટશે, ગ્રાહકને સસ્તુ મળશે એવી વાતો થતી હતી. પણ ચૂંટણી પતી અને અત્યારે શ્રાવણ મહિનો ચાલે છે ત્યારે આ મહિનામાં બહેનોને મળવાનું થાય છે ત્યારે બહેનો ગાતી હોય છે. પતિ સવારથી સાંજ સુધી મજૂરી કરે અને સાંજે ઘેર આવે તો એને શાંતિ હોતી નથી. પત્ની ગાતી હોય હોય છે, તેરી દો ટકિયા કી નોકરી મેં મેરા લાખો કા સાવન જાએ. આ પ્રકારની પરિસ્થિતિ મધ્યમવર્ગ અને ગરીબ વર્ગની બહેનોની થાય છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : આદરણીય અધ્યક્ષ મહોદય, મારા સાથી સભ્ય ગીતાબેન પટેલ આ ભાવ વધારાને પાછો ખેંચવાનો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેની તરફેણમાં મારી હું વાત મૂકું છું.

આદરણીય અધ્યક્ષ મહોદય, UPA સરકાર સત્તામાં આવ્યા પછી ૧૦૦ દિવસનો એજન્ડા નક્કી કર્યો એમાં કયાંય એવું લખ્યું નહોતું કે, ગરીબોને લોહીના આસુંએ રોવડાવીશું. ગરીબોને લોહીના આસુંએ રોવડાવવાનો એજન્ડા કદાચ હિડન એજન્ડા હશે એવું આ વાત ઉપરથી સાબિત થાય છે. આ હિડન એજન્ડાની અંદર ગરીબોને ભાવ વધારો કરી, ગરીબોને ત્રાસ આપવા માટે ગરીબોના લોહીના આસુંએ રોડવડાવવાનો ૧૦૦ દિવસનો એજન્ડા પૂરો કરી રહ્યાં છે. આ વધારો કર્યો ત્યારે મંત્રીશ્રી ટી.વી. ઉપર આવેલા, મિડિયાની અંદર ઈન્ટરવ્યુમાં એમણે એવું કહ્યું હતું કે ભલે અમે ચાર રૂપિયા પેટ્રોલમાં વધાર્યા, ભલે અમે બે રૂપિયા ડિઝલમાં વધાર્યા પણ કેરોસીનમાં વધાર્યા નથી ઝીરો વધાર્યા છે. આ *(xxxx) (xxxx) આ સભાગૃહના તમામ સભ્યો, આ સરકારની જે નીતિ છે એ નીતિને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપના જે શબ્દો છે એ અરૂચિકર છે અને આ જાતના ઉલ્લેખો સારા નહિ લાગે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : સાહેબ, મારા શબ્દો પાછા ખેંચું છું.

**અધ્યક્ષશ્રી** : આ જાતના ઉલ્લેખો સારા ના લાગે અને હવે પછી આપ આવા પ્રયોગો કરશો નહિ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : સાહેબ, મારા શબ્દો પાછા ખેંચું છું. આ જે ભાવ વધારો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : વિભાવરીબેન, એમ નહિ શબ્દો પાછા ખેંચવા એક વસ્તુ છે અને અરૂચિકર વાત કરવી એ આપણી પોતાની શોભાનો પ્રશ્ન છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : અચ્છા, સાહેબ એ બદલ માફી માગું છું. આ જે ભાવ વધારો કર્યો છે, જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં ઈનડાયરેકટ જે વધારો થયો છે એના કારણે ગરીબોની ગરીબીમાં વધારો કર્યો છે. માત્ર પેટ્રોલ, ડિઝલનો ભાવ વધારો નથી કર્યો. ગરીબોની ગરીબીમાં વધારો કર્યો છે. ગરીબોની આહની અંદર વધારો કર્યો છે. ગરીબોના દુ:ખની અંદર વધારો કર્યો છે. એટલું જ નહિ આ વધારો ગરીબોના રોટલા ઉપર, ગરીબોના ચૂલા ઉપર અને ગરીબોના કોળિયા ઉપરનો વધારો છે. આ ગરીબો કોઈપણ રીતે સાંખી શકે નહિ એવો આ ભાવ વધારો રોટલા અને શાક જે ખાતાં હતાં આજે એવી પરિસ્થિતિ ભાવ વધારાને કારણે ઊભી કરી છે કે ગરીબોને રોટલાને પાણી સાથે ઉતારવો પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. આદરણીય અધ્યક્ષ મહોદય, મારે • (xxxx) કહેવું છે કે અહીંયા આવે અને જોવે કે ગરીબોના ઝૂંપડાંની અંદર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી વિભાવરીબેન * (xxxx) શબ્દ કાઢી નાંખું છું. આ જાતના ઉલ્લેખો સારા નહિ લાગે. જે આ ગૃહની અંદર ના હોય એના વિષેના ઉલ્લેખો ના કરવા.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : ગરીબોના ઝૂંપડાની અંદર ટમટમતાં દીવાના અંધારામાં ગરીબની મા જેમાં વઘારેલું હોય એ લૂછીને ખાય છે એ જોવા માટે આમંત્રણ આપું છું.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મંદીનો માહોલ છે. વળી, વૈશ્વિક મંદીમાં પેટ્રોલ અને ડિઝલનો ભાવ વધારો આની અસર ગરીબ અને મધ્યમ વર્ગને વધારે થઈ છે. આ ભાવ વધારાનો અમે વિરોધ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્ર દ્વારા જે પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો કરવામાં આવ્યો તે આમ આદમીને પોષાય તેવો નથી. કારણ કે આમ આદમીને ગમે ત્યારે ગમે ત્યાં જવું પડે છે અને તરત જ વાહનની જરૂર પડે છે.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કારણ કે અત્યારે સમયની એટલી બધી કિંમત વધી ગઈ છે કે દરેકનું જીવન એક મશીન જેવું થઈ ગયું છે. જ્યાં જાય ત્યાં રીક્ષા કે જીપ જેવા સાધનો કરવા પડે, એને ખરીદી કરવા જવું પડે. વળી ગામડાના માણસોને શહેરમાં ખરીદી કરવા આવવું પડે તો શહેરમાં દોડતાં જવું પડે, દોડતાં આવવું પડે, જ્યાં જાય ત્યાં પાછા વેપારી પણ એમને ખરીદી કરવા માટે જાય તો વેપારીઓ પણ એમને દંડે અને કહેકે અમારે પણ મોટા શહેરોમાંથી આ વસ્તુ લાવવી પડે છે અને એના ભાવ વધી ગયા છે માટે હાલ એને ડબલ ભાવે લાવવું પડે છે તેથી અમે પણ મુશ્કેલીમાં મૂકાય ગયા છીએ તો આપને પણ તકલીફ પડે છે અમને પણ તકલીફ પડે છે. આ રીતે ગૃહીણીઓને પણ ઘર ચલાવવા પડે. કારણ કે પાંચ-સાત વર્ષ પહેલા જે દૂધ, શાકભાજી વેચાતાં હતાં તે અત્યારે ઘણાંજ મોઘાં થઈ ગયા છે. લગભગ ૨૫-૩૦ રૂપિયે દૂધ થઈ ગયું છે. જે બાળકોને પણ પીવડાવી શકીએ તેમ નથી અને બીજું એ કે આજની મોંઘવારી પ્રમાણે ગરીબોને મજૂરી પણ માંડ ૧૦૦ રૂપિયા મળતી હોય, ૧૦૦ રૂપિયામાં આખો દિવસ ચલાવવો અઘરો પડે છે માટે ગરીબ વર્ગને પણ આ પોષાય તેમ નથી. બીજું, કઠોળના ભાવ પણ વધી ગયા છે. ગરીબ માણસ દાળ-રોટલીથી ચલાવવાની વાત કરતા હોય. કઠોળના ભાવ આવા હોય તો એ દાળ-રોટલી કેવી રીતે ખઈ શકે? માટે કેન્દ્ર સરકારશ્રીને એ રીતનો અનુરોધ કરવો જોઈએ અને એમને આ ભાવ વધારા ઉપર પુન:વિચાર કરવાની પણ એમને અમારા તરફથી પણ કહેવું જોઈએ કે આ ભાવ વધારો તેઓ પાછો ખેંચે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી કેન્દ્ર સરકારની વાત કરીએ છીએ કે આ ભાવ વધારો કેન્દ્ર સરકારમાંથી થયો. પરંતુ અમે શહેર નહિ પણ ગ્રામ વિસ્તારમાંથી આવીએ છીએ. અમારે કયાંક જવું હોય તો રીક્ષામાં જવું પડે, કોઈના ઘેર જવું હોય તો રીક્ષામાં જવું પડે તો રીક્ષાઓવાળા પાછા આપણને એમ કહે કે તમારી સરકારે કેટલા ભાવ વધારી દીધો. છતાં અમારે એ લોકોને સમજાવવું પડે છે, આમ આદમીને આ વાતની ખબર નથી કે આ ભાવો ઉપરથી થયો છે. એ લોકો તો એમ જ સમજે છે કે, તમે સરકારમાં છો અને તમે જ ભાવો વધારો છો, તમે લોકોએ હેરાન હેરાન કરી નાખ્યા છે આવું બોલે પછી એમને શાંતિથી સમજાવવા પડે છે કે આ ભાવ વધારો અમે નથી કર્યો, આ ભાવ વધારો કેન્દ્રમાંથી થયો છે, એમને ખૂબ જ ઝીણવટથી સમજાવવા પડે છે. ભાવ વધારો કોઈ કરે અને સાંભળવું કોઈને પડે. ( સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી જશોદાબેન ખૂબ સરસ ચાલો. શ્રીમતી ભાનુબેન.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી ગીતાબેન પટેલ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરી રહી છું. માનનીય અધ્યક્ષશ્રી, સો દિવસમાં પ્રજાની સુખાકારીની વાતો કરવાવાળા લોકોએ સૌથી પહેલા પેટ્રોલ અને ડિઝલમાં ભાવ વધારો કરી મધ્યમવર્ગ, ગરીબો, ખેડૂતો અને પછાત વર્ગના લોકો માટે ખૂબ મોટી આફત ઊભી કરી છે. મોંઘ ્વારીની સૌથી વધુ અસર મધ્યમ વર્ગ, ખેડૂતો અને ગરીબો અને મહિલાઓ ઉપર સૌથી વધુ થાય છે. મોંઘવારીના કારણે મધ્યમ વર્ગના સામાન્ય માનવી ઉપર સીધી અસર થાય છે. સીમિત આવકમાં ગૃહિણીને ઘર ચલાવવાનું હોય છે, પુરુષો તો આખા મહિનાનો પગાર પોતાની પત્નીના હાથમાં આપી દેતા હોય છે ત્યારે મારી બહેનોને એવી ટેવ હોય છે કે, આખા મહિનાનું બજૅટ બનાવી લે અને આ મહિનામાં આટલા પૈસામાં આટ આટલી વસ્તુઓ લેવાની પરંતુ અચાનક આ ભાવ વધારાના કારણે મારી બહેનોનું બજૅટ તૂટી જાય છે. મારે ત્યારે કહેવું છે કે, યુ.પી.એ.ની સરકાર કોના ઇશારે ચાલે છે તે આપણે બધા જાણીએ છીએ. પોતે એક નારી થઈને નારીની સમસ્યા નથી સમજતા. માનનીય અધ્યક્ષશ્રી, સવારની શરૂઆત આપણે ચ્હાથી કરતા હોઈએ છીએ, ચ્હામાં દૂધ અને ખાંડની જરૂર પડતી હોય છે ત્યારે દૂધ અને ખાંડ અને જીવન જરૂરિયાતની અનેક ચીજ વસ્તુઓના ભાવો અત્યારે આસમાને પહોંચ્યા છે, આવી રીતે મારી બહેનોનું બજૅટ તૂટી જતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, સવારથી લઈ રાત્રે ગુડ નાઈટ સુધીની દરેક પ્રકારની ચીજ વસ્તુઓમાં અત્યારે બેફામ ભાવો વધી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ, નવજાત શિશુઓ માટે પોષક આહારની વાતો છેલ્લા ચાળીસ વર્ષોથી કરવામાં આવે છે (સમયસૂચક ઘ ંટડી) પરંતુ આ ભાવ વધારાના કારણે એનો વિચાર સુદ્ધાં પણ ન કરી શકાય તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ એ ખેતી પ્રધાન દેશ છે અને ખેડૂત એ જગતનો તાત કહેવાય ત્યારે આ ખેડૂતો માટે મોંઘવારીની સમસ્યા ખૂબ મોટી આફરૂપ બની ગઈ છે.(સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષ શ્રી, બે જ મિનિટમાં, ખેડૂતોને ખાતરમાં મોંઘવારી, ખેડૂતોના બિયારણમાં મોંઘવારી (સમયસૂચક ઘંટડી) ત્યારે માનનીય સભ્ય શ્રીમતી ગીતાબેન પટેલ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : નહીં, મારી પાસે બીજા બે નામો બાકી છે. આમાં આત્મારામ ભાઈ તમે કીધું ને કે લેડીઝ એક્સપ્રૅસ છે એટલે જ મેં તમને બોલવાની ના પાડી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : ગાર્ડનો ડબ્બો આવે છેલ્લે.

**અધ્યક્ષશ્રી** : એની ચિંતા ના કરતા, આ તો ટ્રેન જ એમની છે એટલે એમાં ગાર્ડના ડબ્બાની વાત ના કરો. શ્રીમતી ભારતીબેન રાઠોડ

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં શ્રીમતી ગીતાબેન પટેલ, કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારાથી રાજયની પ્રજા અને મધ્યમ, ગરીબ અને પછાત વર્ગ પર પડનારી અસરોને તથા લાગણીને વાચા આપવા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષ શ્રી, હું જે વિસ્તારમાં આવું છું તે વિસ્તારમાં સામાજિક રીતે અતિ પછાત એવા આદિજાતિ સમાજની મોટી વસ્તી છે અને હું જે સમાજમાંથી આવું તે હળપતિ સમાજનો આદિવાસી વસે છે. આ સમાજ રોજનું કમાય અને રોજનું ખાય છે. મારા સમાજનું બજૅટ રોજની કમાણી આવે છે પછી જ બનતું હોય છે. પેટ્રોલ અને ડિઝલનો ભાવ વધારો થવાથી અમારા ગરીબ પરિવારોને જીવવું મુશ્કેલ બની ગયું છે. આ મોંઘ ્વારીના કારણે અમારા શ્રમજીવીના બાળકોને ભૂખ્યા સુવાનો વારો આવ્યો છે, શિક્ષણથી પણ વંચિત રહેવાનો વારો આવ્યો છે. અમારા આદિવાસી વિસ્તારમાં બહેનો રોજનું લાવીને રોજનું ખાય છે અને એમની પરિસ્થિતિ ખૂબ જ કપરી બની છે અને આ જે સભ્ય શ્રીમતી ગીતાબેન જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય સભ્ય શ્રીમતી ગીતાબહેન જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઉભી થઈ છું. કોઈપણ વસ્તુની અંદર દરેક વસ્તુ ટ્રાન્સપોર્ટેશન હોય કે આવવા જવા માટે, કોઈપણ સામાન્ય માણસને જવું હોય કે કોઈપણ પેદાશની હેરફેર માટે તમામ જગ્યાએ આ ટ્રાન્સપોર્ટેશનની જરૂર પડે છે. ટુ વ્હીલરથી માંડીને ફૉર વ્હીલર સુધી પછી એ વિધાનસભાના સભ્યો પણ આવતા જતા હોય એમને પણ માર પડે છે. સામાન્ય ગરીબ માણસથી માંડીને તમામ લોકોને આ પેટ્રોલ ડિઝલના ભાવ વધારાથી માર પડ્યો છે. આવી ભયંકર મંદી, આ મંદીને પહોંચી વળવા માટે જ્યારે આટલા સુંદર આયોજન થયા હોય ત્યારે એની સામે એક જ જાટકે ફુગાવો વધે અને મંદીની અસર સામાન્યમાં સામાન્ય લોકો સુધી પહોંચી જાય એ જાતનું આયોજન કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવ્યું છે. સખત શબ્દોમાં આને અમે વખોડી કાઢીએ છીએ અને કોઈપણ હિસાબે મહિલા સભ્યોથી માંડીને તમામ લોકો સમય ઓછો છે. દરેક જણને આના વિશે બોલવું છે પરંતુ આખું સભાગૃહ આનો વિરોધ કરે છે, વખોડી કાઢે છે અને કોઈપણ સંજોગોમાં આ ભાવ વધારો પાછો ખેંચાવો જ જોઈએ કારણકે સામાન્ય ગરીબ માણસથી માંડીને તમામ વેપાર, ઉદ્યોગવાળા તમામ માણસોને આની અસર પહોંચી છે. આ ભાવ વધારો છે એ સો દિવસની અંદર કેન્દ્ર સરકારે પ્રજાને આપેલી એવી ભેટ છે, ખાસ કરીને ગુજરાતની પ્રજાને તો બધી બાજુથી પિસ્તા હોય કેન્દ્ર સરકાર એવું લાગે છે. એક બાજુ ક્રુડ ઑઈલની રૉયલ્ટીના આપણા ૧૮૦૦કરોડ રૂપિયા નથી આપતા ત્યારે બીજી બાજુ આ ૧૩૦૦ કરોડ રૂપિયાનો વાર્ષિક બોજો આ પેટ્રોલ ડિઝલમાં નાખવામાં આવે છે. આપણું ગુજરાત તો પૅટ્રોલિયમનું હબ છે અને એની અંદર પણ જો આવો માર આપણે સહન કરવો પડતો હોય તો મારી આપના મારફત ખાસ રજૂઆત છે કે જે રીતે તમામ સભ્યોએ આ વાત કરી છે વિગતવાર કે શાકભાજીથી માંડીને સવાર પડે અને દૂધવાળો આવે ત્યાંથી માંડીને ભાવ વધારો શરૂ થાય. છોકરાને સ્કૂલે મૂકવા જાય સ્કૂટર ઉપર મૂકવા જતા લોકોને પણ ભાવ વધારો થાય અને ટ્રાન્સપોર્ટેશનની જે આયાત કરવામાં આવતી હોય, ઈમ્પોર્ટ-એકસપોર્ટવાળા વેપારીઓને પણ આ ભાવ વધારાથી માર પડતો હોય છે. ખેડૂતને કઈ રીતે માર પડે છે એની પણ અહીંયા ચર્ચા થઈ છે. આપણે વિધાનસભામાં આવતા જતા હોઈએ, આપણા ધારાસભ્યોને પણ હું એમ કહી શકું કે આ ભાવ વધારાથી માર પડ્યો છે ત્યારે મારી આપને ખાસ વિનંતી છે અને ગીતાબહેનને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આ ઠરાવ લઈને આવ્યા છે અને અમે બધા એનું અનુમોદન કરીએ છીએ.

**રીસૅસનો સમય રદ કરવા અંગે.**

**શ્રી આર.સી. ફળદુ(મુખ્ય દંડક શ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રીસૅસનો સમયે રદ કરી અને આ પ્રસ્તાવ ઉપરની ચર્ચા પણ પૂરી થાય અને જે કામકાજની યાદીમાં જે કામ દર્શાવેલ હોય એ પૂરું કરી અને એ રીતે કામકાજ હાથ ધરીએ એવી મારી દરખાસ્ત છે.

**અધ્યક્ષ શ્રી** : માનનીય મંત્રી શ્રી, આપ કેટલો સમય લેશો? એક જ કલાક છે. નવ અને પંચાવને શરૂ થયો છે અને દસ અને પંચાવને પ્રસ્તાવ ઉપરની ચર્ચા પૂરી થશે. ૨૦ મિનિટ મળશે. મારી પાસે કલાક છે એટલે એ મિનિટોમાં એમણે જવાબ પૂરો કરવાનો છે. વિરામનો સમય રદ કરી બાકીનું કામકાજ હાથ ધરવામાં આવે છે.

**શ્રી નરોત્તમ ભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષ શ્રી, માનનીય ધારાસભ્ય શ્રીમતી ગીતા બહેન કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડિઝલમાં અસહ્ય ભાવ વધારો જે કર્યો છે એના માટેનો જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એને સરકાર તરફથી હું સમર્થન જાહેર કરું છું અને એમને અભિનંદન આપું છું. ખૂબ ચિંતા કરીને ગીતા બહેન આ પ્રસ્તાવ લાવ્યા છે. જ્યારે ગુજરાતમાં હમણા ટૂંક સમય પહેલા લોકસભાની ચૂંટણીઓ આવી હતી, ત્યારે આ જ મુદા ઉપર મોંઘવારી ઘટાડવાના મુદા ઉપર મતદાન મેળવ્યું હતું અને મને કહેતા જરા પણ સંકોચ થતો નથી. જેવી ચૂંટણીઓ પૂરી થઈ કે લોકોની હથેળીમાં ચાંદ બતાવ્યો અને આ પ્રમાણે કેન્દ્રમાં શાસન પ્રસ્થાપિત થયું. એ જે પ્રસ્થાપિત થયું અને તરત જ જેની કદીએ કોઈએ કલ્પના પણ ન કરી હોય કે જેના માટેની આપણે મોંઘવારીની ચિંતા કરતા હતા એવી મોંઘવારી ઉપર વધારે મોંઘવારી વધે એવો ઘા કર્યો અને પેટ્રોલ અને ડિઝલના અને ગેસના ભાવ વધારી દીધી. એક લિટરે ૪ રૂપિયા ભાવ પેટ્રોલ ઉપર વધાર્યો અને એક લિટરે ૨.૧૦ રૂપિયા ભાવ ડિઝલ ઉપર વધાર્યો. જ્યાં ઘટાડવાની વાત હતી. મારે આપના દ્વારા માનનીય સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવું છે કે પેટ્રોલ, ડિઝલની વપરાશ હોય એમાં ભાવ વધારો એ નાગરિકોના જીવનની

